અમીરઅલી ઠગના

પીળા રૂમાલની ગાંઠ

હરકિસન મહેતા



કથાની પૃષ્ઠભૂમિ

અઢારમી સદી આથમી ચૂકી હતી.

અર્ધા હિન્દુસ્તાન પર અંગ્રેજોની ઈસ્ટ ઇન્ડિયા કંપનીની હકૂમત સ્થપાઈ ગઈ હતી. બાકીના પ્રદેશોના રાજાઓ, નવાબો, જાગીરદારો અને ગરાસદારો અંદરઅંદરના કુસંપો અને પરસ્પરની ઈર્ષાથી ભાંગી રહ્યા હતા. કંપની સરકારના વાવટાનો ઓછાયો વધુ ને વધુ વિસ્તરતો જતો હતો. કોઈ કોઈ સ્વદેશાભિમાની રાજવીઓ અંગ્રેજ સત્તા સામે બળ અજમાવી લેતા હતા. છતાં અઢારસો સત્તાવનનો બળવો હજુ પચાસ વરસ છેટે હતો.

દોઢસો પોણાબસો વર્ષ પહેલાંના હિન્દુસ્તાનમાં ત્યારે રેલગાડીનું નામ હજુ કોઈએ સાંભળ્યું નહીં હોય, મુસાફરી માટેનાં હાથવગાં વાહનોમાં ઘોડા, ઊંટ કે બળદ ગાડાં જ હતાં. ધોરીમાર્ગ તો શું, ગાડાં-રસ્તા સુદ્ધાં નહોતા. ઝાડી, જંગલો, નદીનાળાંઓ કે પર્વત-ટેકરીઓ વટાવીને મુસાફરી કરવી પડતી અને તે પણ ડગલે ને પગલે જાન-માલનું જોખમ વેઠીને.

વેપાર ખેડવા માટે કે જાત્રા કરવા અર્થે મુસાફરી કર્યા વિના ચાલતું નહીં. ચોમાસું પૂરું થયા બાદ મુસાફરીની મોસમ શરૂ થતી. ચોર, લૂટારૂ અને ઠગોનો ત્રાસ એવો હતો કે એકલા સફર ખેડવાની કોઈ હિંમત કરતું નહિ. વેપારીઓ વણજારમાં અને જાત્રાળુઓ સંઘમાં નીકળતા. શ્રીમંતો હથિયારબંધ માણસોને સાથે લેતા. એમની સ્ત્રીઓ માટે રથ, પાલખી કે ડોલીની સગવડ થતી. સવારથી સાંજ લગી સફર થતી. રાત પડે એટલે કોઈ સલામત સ્થળે રોકાઈ જવું પડતું.

બાર ગાઉએ બોલી બદલાય કે બાવીસ ગાઉએ સરહદ બદલાય, ઠેરઠેર જકાતની નાકાબંધી. જકાત ચૂકવવા માટે નાનો મોટો સામાન ખોલી બતાવવો પડે. મુસાફર પાસે કેટલી માલમત્તા છે તે છાનું ન રહે. કેટલાક રાજાઓ એવા હતા કે બીજા રાજ્યની હદમાં લૂંટ થાય તેમાં રાજી રહે. ક્યારેક તો લૂંટમાં પોતાનો ભાગ પણ હોય. એટલે ઠગ લૂંટારાને પોતે આશરો આપે ખરા.

આવા સંજોગોમાં મુસાફરો પોતાની મંઝિલે સલામત પહોંચે શેના? એટલે જ વેપાર કે જાત્રા કરવા માટે તલગાર રાખવી પડતી. છતાં ય લૂંટાયા વિના પહોંચનારા નસીબદારો બહુ ઓછા નીકળતાં. લૂંટારા તો જાણે માલ પડાવીને જીવતા છોડી દેતા, પણ ઠગની જાળમાં ફસાનારા જાન અને માલ બંને

ખોઈ બેસતા. આખેઆખો સંઘ કે વણજારનો પૂરેપૂરો કાફલો ઠગની જાળમાં એવી રીતે સંકેલાઈ જતો કે એમની હસ્તીનું નામનિશાન ન મળે! ચોર-લૂંટારા તો અચાનક છાપો મારનારા, પણ ઠગલોકો મુસાફરોમાં હળીભળી જઈને એમની સાથે માયા બાંધી લઈ, નક્કી કરેલા ઠેકાણે બધાંને 'ઠેકાણે' પાડી દેતા. એ ઠગલીલા જોવા માટે કોઈ જીવતું ન રહેતું. સ્ત્રીઓ અને બાળકો સુદ્ધાં એમનાં ભોગ બની જતાં.

દેશના જુદા જુદા ભાગમાંથી વેપારીઓ અને યાત્રાળુઓ પ્રસ્થાન કરતા હોય ત્યારે ઠગોની સંખ્યાબંધ ટોળીઓ પણ માતા ભવાનીની પૂજા કરી, પ્રસાદ લઈ, શુકનો જોઈ નીકળી પડતી. એક ટોળીમાં ચાલીસ-પચાસથી સો દોઢસો સુધીની સંખ્યામાં ઠગો હોય. હિન્દુ-મુસ્લિમનો ધર્મભેદ નડતો નહીં. બધા જ ભવાની માતાની આજ્ઞાથી 'ધરતીનો ભાર ઓછો કરવા'નું વંશપરંપરાગત કાર્ય કરતા. ન તો એને પાપ માનતા, ન એનો પસ્તાવો અનુભવતા.

શિકારને ફસાવવાના અને ખતમ કરવાના એમના ઘડાયેલા નિયમોનું દરેક ઠગે ચુસ્તપણે પાલન કરવું જ પડે. એમની સાંકેતિક ભાષામાં શિકારને ક્યાં અને ક્યારે ખતમ કરવા એ નક્કી થઈ જાય. ઠરાવેલા સ્થળે અને સમયે ટોળીનો સરદાર સંકેત આપે એટલે બધા જ 'શિકાર'ના ગળામાં વીજળીની ઝડપે એકી સાથે રૂમાલનો ફાંસો નંખાઈ જાય. રૂમાલની ભીંસ વધવા લાગે. એકાદી ચીસ કે થોડા તરફડાટ પછી કામ પતી જ ગયું હોય. ન લોહીનું એક ટીપું પડે, ન હથિયારનો ઘા થાય....

અંગ્રેજો દેશ પર પોતાનું વર્ચસ્વ વધારવામાં પડ્યા હતા અને રાજાઓ એમનાં રાજ્ય સાચવવાની ખટપટમાં ડૂબેલા હતા એવા નધણિયાતા અમલના અરસામાં તો ઠગ લોકોએ કાળો કેર વર્તાવ્યો. ઈસવીસન ૧૮૦૦ થી ૧૮૨૫ વચ્ચેના ગાળામાં દર વરસે હજારોના હિસાબે જે ઠંડી કતલો થઈ હતી તેનો અંદાજ કાઢવાનું પણ અશક્ય બન્યું.

૧૮૧૨ લગી તો અંગ્રેજ વહીવટકર્તાઓએ ઠગો તરફ આંખમીચામણા કરેલા. પણ એમના સૈન્યનો એક ઉપરી લેફ્ટનન્ટ માનસેલ જ્યારે ઠગનો શિકાર બની ગયો ત્યારે કંપની સરકારની આંખ પહોળી થઈ. અંગ્રેજ લશ્કરના સેનાપતિ પર પ્રહાર થાય અને આવડી મોટી સત્તા ચૂપ બેસી રહે તો હિન્દુસ્તાની પ્રજા પર પોતાની ધાક કેમ બેસાડી શકાય? બસ, ત્યારથી ઠગ સંપ્રદાસનું પગેરું શોધવાની શરૂઆત થઈ. જ્યાં ત્યાંથી ઠગને નાબૂદ કરવાના વ્યવસ્થિત પગલાં લેવાયાં.

પણ હિન્દુસ્તાનના લોકોને આ જાલીમ ત્રાસમાંથી ઉગારવાનું ખરું માન

તો કર્નલ વિલીયમ સ્લીમનને ફાળે જાય છે. ઠગનાં પાશવી કૃત્યોની કથની સાંભળીને એમનો આત્મા કકળી ઊઠ્યો. એમની તેજસ્વી આંખોમાં ઉદાસી ઘર કરી ગઈ. અજંપાએ ઊંઘ ઉડાડી દીધી. હિન્દુસ્તાનને ગુલામીની જંજીરમાં જકડી લેનાર અંગ્રેજો સામે આપણને ગમે તેવો રોષ કે અણગમો હોય તો પણ કેટલાક ઉમદા અંગ્રેજો આ દેશનું ભલું કરવા માટે જે ભગીરથ પુરુષાર્થ કરી ગયા છે તેમનું ઋણ આપણે ભૂલી શકીએ નહીં. એવા થોડાક અંગ્રેજોમાં કર્નલ વિલીયમ સ્લીમન માનભર્યું સ્થાન મેળવી ગયા છે.

છતાં જે કથા શરૂ થાય છે તેનો નાયક કર્નલ સ્લીમન નહીં પણ અમીરઅલી ઠગ છે. સેંકડો હત્યા કરનાર આ ઠગ સરદારની જીવનકથા કાળજાં થીજાવી દે એવી ભયાનક, આંખો ભીંજવી દે એવી કરુણ અને દિલ-દિમાગને જકડી રાખે એવી રોમાંચક છે.

આજથી એકસો ને છત્રીસ વરસ પહેલાં, પાપનો બોજ વેંઢારી, પશ્ચાત્તાપની આગમાં જલી રહેલા અમીરઅલી ઠગે જો પોતાના અપરાધોનો ખેલદિલ એકરાર કર્નલ મેડોઝ ટેલર સમક્ષ ન કર્યો હોત તો ઠગ સંપ્રદાયની સાથે ઠગનો ઇતિહાસ પણ કાળના અંધકારમાં ડૂબી ગયો હોત અને આજે આપણે એ માનવા ય તૈયાર ન થાત કે આપણા જ દેશમાં એક જમાનામાં આ બધું બની ગયું છે.

કર્નલ મેડોઝ ટેલર રચિત 'કન્ફેશન્સ ઑફ ઠગ' વાંચીને અમીરઅલી ઠગના જીવન પર આ કથા લખવા પ્રેરાયો છું. એ ઋણસ્વીકારની સાથેસાથે એટલું પણ સ્પષ્ટ કરી કઉં કે, એ માત્ર જીવનકથા કે ઇતિહાસકથા નહીં હોય. સત્યઘટનાને આધારે કલ્પનાના રંગે રંગાયેલી નવલકથા લખવાનો આ પ્રયાસ છે. વજુભાઈના આશીર્વાદ અને વાચકોના સથવારાની અપેક્ષા સાથે 'પીળા રૂમાલની ગાંઠ' બાંધું છું.

– હરકિસન મહેતા

(તા. ૨-૧૨-'૬૮ના ચિત્રલેખામાં નવલકથા શરૂ કરતાં પહેલાની પ્રસ્તાવના)

૧

'અમીર બેટા, થોડીવાર હું અંદર આરામ કરી લઉં છું, તું ક્યાંય આઘોપાછો નહીં થાતો, ઘરમાં જ રહેજે.'

'ભલે અમ્મા !' સાડાચાર વરસના છોકરાએ જવાબ આપતી વખતે સહેજ આંખો ઊંચી કરી, પણ માની નજર સાથે નજર મળી ન જાય એ રીતે આંખો ને ઝડપથી તારવી લીધી. શેરીમાં રમતા છોકરાઓના કોલાહલ પર એના કાન મંડાયા હતા. અધીરાઈને દબાવી રાખવા અમીરે ગળામાં લટકતી મોતીની માળાનો પારો બે હોઠ વચ્ચે દબાવી રાખ્યો હતો.

'ચંપા ! હું ઊંઘી જાઉં એટલીવાર ઘરનું ધ્યાન રાખજે. અમીરના વાલિદ (પિતા)ને આવતાં હજુ વાર થશે.'

'ભલે બીબીજી !' કહીને ચંપાએ તેના કરચલીવાળા ચહેરા ઉપર ઉડેલી ચૂલાની રાખ સાડલાના છેડાથી લૂછી નાખી. પછી આંખો મીંચેલી રાખી ચૂલાને ફૂંક મારવામાં ગૂંથાઈ ગઈ.

અમ્મા પરદા પાછળ ચાલી ગઈ એટલે અમીરના મુખ પર ખીલાવટ આવી. બહારથી ધસી આવતા 'કબ્બડી-કબ્બડી-કબ્બડી' ના અવાજે તેના શરીરમાં ઝણઝણાટી પેદા કરી દીધી. એ વધુ વખત બેસી રહી શક્યો નહીં.

ચંપા ચૂલો પેટાવવામાં પડી છે એની ખાતરી કરીને અમીર દરવાજે આવ્યો. ઢળતી બપોરના તડકાને ઝીલવા માટે તેણે એક બેવાર આંખો પટપટાવી લીધી, પછી શેરીના છોકરાઓની હતૂતૂ જોવામાં મશગૂલ બની ગયો.

એકીશ્વાસે કબ્બડી-કબ્બડી કરતો બારેક વરસનો છોકરો સામેવાળા

પટમાંથી પાછો ફરતો હતો ત્યાં એક છોકરાએ તેનો ટાંટિયો પકડીને પછાડ્યો. પડ્યા છતાં પણ પેલો 'કબ્બડી-કબ્બડી' બોલવાનું ચાલુ રાખી વચ્ચે દોરેલા પટ્ટાને અડકવા ધૂળમાં હાથ લંબાવવા મથતો હતો. પણ બીજીજ ઘડીએ બીજા ત્રણચાર છોકરાઓ તેના પર ચડી બેઠા અને એ 'મીણ' બોલી ગયો.

આ જોતો જોતો તે ક્યારે ઘરનાં પગથિયાં ઊતરી ગયો તેનો ખ્યાલ અમીરને રહ્યો નહીં. એક છોકરાનું પહેરણ ઉતરડાઈ ગયું ત્યારે એનાથી ખિલખિલાટ હસી જવાયું અને રમનારાઓ ચોંકીને તેના તરફ ટાંપી રહ્યા-પહેલાં કતરાઈને, પછી તેના ઠઠેરાથી અંજાઈને જોવા લાગ્યા.

રમત બંધ પડી ત્યારે જ અમીરને છોકરાઓનાં મેલાં ઘેલાં કપડાં દેખાયાં. પોતે બધાથી જુદો દેખાય છે એનું ભાન થયું. છોકરાઓ તેને એટલે જ ટાંપી રહ્યા છે એ સમજાઈ ગયું. થોડીવાર આ ત્રાટક ચાલ્યું. ધીમે ધીમે એક મોટો છોકરો નજદીક આવ્યો. અમીરને એ કુતૂહલથી જોતો હતો, અમીર તેને આશંકાથી નિહાળતો રહ્યો.

'એલા તું હસ્યો કેમ ?'દમદાટીથી પેલાએ પૂછયું. જવાબમાં અમીર ફરી હસ્યો.

'માલદારનો દીકરો છે એનો ફાંકો રાખે છે ?' બે ડગલાં આગળ વધીને તેણે આંખો ફાડી.

છતાં અમીર ડગ્યો નહીં, પાછો હઠ્યો નહીં કે ગભરાઈ જવાના હાવભાવ દેખાડ્યા નહીં. હવે બીજા છોકરાઓ પણ નજદીક આવી ગયા હતા. અમીરનો રેશમી કુરતો, મલમલનો પાયજામો, પઠાણી મોજડી અને ડોક તથા હાથમાં પહેરેલાં સોના-મોતીનાં ઘરેણાંએ બધાની આંખોમાં ઈર્ષા જગાડી.

'એય તારે કબ્બડી રમવું છે ?'

અમીરની તેજીલી આંખો વધારે ચમકી ઊઠી. તેણે બેત્રણ વાર હકારમાં ડોકું હલાવી ઉત્સાહ દેખાડ્યો.

પણ તેને ખબર નહોતી કે એની મજાક કરવા આમ પૂછાયું હતું.

'તો તારા કપડાં-ઘરેણાં ઉતારી નાખ.' ટીખળી છોકરાએ કહ્યું અને બાજુમાં એકલા પહેરણભર ઉભેલા છોકરાના ખમીસની છાળ ઊંચી કરીને ઉમેર્યું : 'આની જેમ નાગો-પુંગો થઈ જા.'

અમીર ટટ્ટાર થઈ ગયો. તેની આંખોમાં ઝનૂન ઊભરાઈ આવ્યું. ટીખળ કરનાર છોકરા તરફ દાંત ભીસીને મુઠ્ઠી વાળેલો હાથ ઉગામવાનો વિચાર કરે છે ત્યાં-

'એ ય શું ઘેરી વળ્યા છો આ છોકરાને ?'

પડકાર કરતો એક આધેડ વયનો આદમી વચ્ચે પડ્યો : 'જાવ ચાલ્યા જાવ, અહીંથી.'

તેની કમર પર લટકતી તલવાર જોઈને છોકરાવ રફુચક્કર થઈ ગયા. અમીર ડોક ઊંચી રાખી તેને મનથી નીરખવા લાગ્યો. ચમકતી આંખો વચ્ચે ઊંચું નાક, પાતળા હોઠ પર ઝીણી મૂછો, ઈસ્લામી દાઢી અને છટાદાર પોષાક પર તેની નજર ફરી વળી.

'છોકરાઓ તને પજવતા હતા કે ?'

'ના મારી મજાક ઉડાવતા હતા.' અમીરે જરાય ખચકાયા વિના કહ્યું : 'તમે વચ્ચે ન પડ્યા હોત તો હું એમને પઠાણી સ્વાદ ચખાડત.'

'શાબાશ ! પઠાણનો બેટો લાગે છે.' પેલાએ તેના ખભા પર હેતાળપણે હાથ મૂક્યો : 'મુસાફર લાગો છો ?'

'હા. મારા વાલિદ મોટા રહીશ છે.' અમીરે બાલીશપણે પોરસ કર્યો : 'એમનું નામ યુસુફખાન છે. અમે બધાં ઈન્દોર જઈએ છીએ.'

'એમ !' અજાણ્યા આદમીની આંખો ચમકી ઊઠી : 'ત્યારે તો પરમ દિવસે કેટલાક મુસાફરોને ગામમાં દાખલ થતા જોયેલા એ તમે જ હશો. ટટ્ટુ પર તારી અમ્મા બેઠેલાં ને ?'

'તમે કેવું બોલો છો ?' અમીરે આવેશમાં કહ્યું : 'ટટ્ટુ ઉપર તો અમારી આયા ચંપા બેઠેલી, અમે ખાનદાન કુટુંબના છીએ. મારી અમ્મા ઉઘાડે છોગે ટટ્ટુ પર સવારી કેમ કરે ? એ તો પાલખીમાં બેઠેલી.'

છોકરાની ચબરાકી અને હાજરજવાબી જોઈને પેલો તાજ્જુબ થયો. ઝડપથી તેણે પોતાની ભૂલ સુધારી લીધી : 'ઓહ, તો તો મારી આંખોને ધોખો થયો હશે. તું સાચે જ બહાદુર દેખાય છે. તારું નામ તો તેં કહ્યું નહીં !'

'અમીર... અમીરઅલી !' ગૌરવભેર છાતી ફુલાવી ગળામાં લટકતી મોતીની

માળાને રમાડતો એ બોલ્યો. પછી પૂછી બેઠો : 'પણ તમારું નામ શું ? તમે મારી ઓળખ શું કામ પૂછો છો ?'

પેલો મીઠું હસ્યો : 'મારું નામ ઈસ્માઈલ . . . અમે પણ તમારી જેમ સફરે નીકળ્યા છીએ. પણ બચ્ચા, તારે એક વાત માનવી પડશે. અજાણ્યા ગામમાં આ રીતે કિંમતી દાગીના પહેરીને રમવા ન નીકળાય. મારે તારા વાલિદને ચેતવવા પડશે.'

એની મીઠી જબાન અને માયાળું વર્તનથી અમીર પીગળી ગયો : 'અમ્માએ તો મને બહાર નીકળવાની મના કરેલી-છતાં હું છટકી આવ્યો.' પછી પોતાના રહેઠાણ તરફ આંગળી ચીંધીને ઉમેર્યું : 'પેલી ખાલી દુકાનમાં અમારો ઉતારો છે. મારા વાલિદ અત્યારે ઘરમાં નથી.'

'વાલિદ ઘેર નથી ?' ઈસ્માઈલનો અવાજ બોદો થઈ ગયો પણ તે એણે કળાવા ન દીધું. એની નજર ફરતી ફરતી નાકા પરની એક દુકાન પર અટકી ગઈ. ઉત્સાહભેર તેણે કહ્યું : 'ચાલ અમીર તને મીઠાઈ અપાવી દઉં-આપણી પિછાણની ખુશાલીમાં.

અમીરને વિચારમાં પડી ગયેલો જોઈને ઈસ્માઈલ સાવધ બન્યો. તેણે કુનેહપૂર્વક કહ્યું : 'હલવાઈની દુકાન સામે જ છે. તું અહીં ઊભો રહે. હું જ લઈ આવી આપું.'

પણ હવે અમીરની જીભ હોઠ પર ફરવા લાગી હતી : 'નહીં, ચાલો હું આપની સાથે આવું છું.' કહીને તેણે ઈસ્માઈલની આંગળી પકડી લીધી.

સાડાચાર વરસનો અમીર છ સાત વરસનો દેખાતો હતો. પરાણે પ્યારા લાગે એવા આ છોકરાના તરવરાટ અને થનગનાટ જોઈને ઈસ્માઈલ થોડીવાર માટે વીસરી ગયો કે પોતે શિકારની શોધમાં નીકળેલો ઠગ છે !

હલવાઈના ત્રાજવામાં ચોર દોકડા ફેંકીને ઈસ્માઈલે 'જલેબી જોખી આપજે' નો હુકમ કર્યો. તાવડામાંથી ઉતરતી ગરમાગરમ જલેબીની ખુશ્બો અમીરના નાકમાં સળવળવા લાગી. ઈસ્માઈલ સામે તે મીઠું મલક્યો. એની મુગ્ધતા પર ઈસ્માઈલ મોહી પડ્યો.

'લ્યો, કપડું પાથરો.' હલવાઈએ જોખેલી જલેબીનું પડીકું લંબાવ્યું ત્યારે તેનું ધ્યાન એ તરફ ગયું.

'અમીર તારી પાસે રૂમાલ છે ?' રૂમાલ શબ્દ પર અજાણતાં જ તેનાથી ભાર દેવાઈ ગયો. પણ અમીરનું એ તરફ લક્ષ્ય નહોતું. તેણે ઝટપટ કુરતો ઊંચો કરી કમરે લટકાવેલો રેશમી કપડાનો ટુકડો કાઢ્યો : 'હા . . . આ રહ્યો.'

ઈસ્માઈલે રૂમાલ લઈને તેમાં ગરમ જલેબી ઠાલવી દીધી : 'જા હવે ઘેર જઈને જ ખાજે. રસ્તા પર ખાઈએ તો કોઈની નજરે પડે.'

'શુક્રિયા' કહીને અમીરે દોટ મૂકી. જતાં એકવાર તેણે ફરી આભારવશ નજરે એ ઉદાર આદમી તરફ જોઈ લીધું. ઈસ્માઈલ તેને વાત્સલ્યથી જોઈ રહ્યો હતો.

પણ અમીર ઘર લગી પહોંચે એ પહેલાં જ શેરીના પેલા છોકરાઓએ તેને આંતર્યો. એક મોટા છોકરાએ તેને પીઠ પર ઢીંકો માર્યો. બીજાએ તેના હાથમાંથી જલેબી ઝૂંટવા જોર અજમાવ્યું. અમીરે જલેબી પર કબજો જાળવી રાખી સામે ઊભેલા છોકરાને એક પાટું ઝીંકી દીધું. પણ પાછળથી બેત્રણ છોકરા તૂટી પડ્યા. ત્યારે તેનાથી ચીસ નંખાઈ ગઈ : 'અમ્મા ! ચંપા !'

પણ અમ્મા કે ચંપા મદદે આવે તે પહેલાં દૂરથી એક હાક સંભળાઈ : 'બદમાશો છોડો એને . . . ભાગો કમબખ્તો !'

હાંફતો હાંફતો ઈસ્માઈલ ધસી આવ્યો. જલેબી ઝૂંટવવા મરણિયો પ્રયાસ કરતાં એક છોકરાની બોચી પકડીને તેને દૂર હડસેલી દીધો : 'ભિખારી કુત્તાઓ !'

'બેટા તને લાગ્યું તો નથી ને ?' ઈસ્માઈલે એની પીઠ પર હાથ ફેરવવા માંડ્યો. અમીરનો કુરતો પાછળથી ઉતરડાઈ ગયો હતો. વાળ વીખરાઈ ગયેલા અને કુરતાની છાળ જલેબીના ઘીથી ખરડાઈ ગઈ હતી.

'શું થયું ? શું થયું ?' કરતી નોકરાણી ચંપા દોડી આવી. તેની પાછળ અમીરની અમ્મા અધ્ધર શ્વાસે ઊંઘભરી આંખે આવતી હતી પણ પરાયા મરદને જોઈને બારણા પાસે ઊભી રહી ગઈ, ઈસ્માઈલ અમીરનો હાથ પકડી દરવાજા સુધી લઈ આવ્યો : 'ગભરાવા જેવું કાંઈ નથી. ગલીના છોકરાઓ તેની મીઠાઈ પડાવી લેવા માગતા હતા. મે વચ્ચે પડીને છોકરાઓને તગેડી મૂક્યા.'

બારણા પાછળથી અમ્માનો સાદ સંભળાયો : 'અમીર તું મીઠાઈ કેમ લાવ્યો ?'

'અમીર જવાબ ન આપી શક્યો. તેણે ઓશિયાળી નજરે ઈસ્માઈલ સામે જોયું. ઈસ્માઈલ ફરી તેની મદદે આવ્યો : 'બાનું, એને ઠપકો ન આપશો. મેં જ એને

જલેબી અપાવી દીધી. એ તો ના પાડતો હતો. બહુ બહાદુર છોકરો છે. ખાનદાની તહેજીબ (સભ્યતા) છાની ન રહે.'

હવે અમીર હિંમતભેર પગથિયાં ચડી ગયો. ઈસ્માઈલ આગળ વધવું કે પાછા ફરવું તે નક્કી ન કરી શક્યો.

'ચંપા આ ભલા આદમી ને કહે કે અત્યારે અમીરના પિતા ઘરમાં હાજર નથી, નહીંતર જરૂર એની ખાતર બરદાસ્ત કરત.'

'બાનુ, આપની ઉદારતા માટે શુક્રિયા ગુજારું છું, પણ ખાતર બરદાસ્તની કોઈ જરૂરત નથી...' ઈસ્માઈલે મધઝરતી જબાને કહ્યું : 'મે તો મારી ફરજ બજાવી છે.'

'છતાં પણ એના પિતા તમને મળીને જરૂર ખુશ થશે. અમીર અમારો લાડકો બેટો છે. તેને બચાવનારને આમ દરવાજેથી પાછા વાળી દેવાની ગુસ્તાખીથી એ નારાજ થશે. માટે આપને હરકત ન હોય તો કલાકેક બાદ જરૂર પધારજો. દીવાબત્તી પહેલાં એ પાછા આવી જવાના છે.'

ઈસ્માઈલની આંખો ઉત્તેજનાથી ચમકી ઊઠી. ભીતરમાં ઉછાળા મારતી ખુશીને કાબુમાં રાખીને તેણે વિવેક ઠાલવ્યો : 'ભલે આપની મરજી છે તો હું જરૂર આવીશ. તમારી જેમ અમે પણ અહીં પરદેશી છીએ. અમીરના પિતાને મળવાથી ખુશી થશે.'

અમીર તરફ મોહક સ્મિત ફેંકીને ઈસ્માઈલ ત્યાંથી ચાલતો પાછો ફરી ગયો. કિસ્મતની યારી પર ઝૂમી ઉઠવાનું મન થયું છતાં સૈનિકની અદાથી ટટ્ટાર ચાલે એ જતો હતો. શંકાનો એક તિખારો કામિયાબીમાં આગ ચાપી દે છે તેનો એને અનુભવ હતો. હજી અમીરના બાપને મળવાનું બાકી હતું. ગમે તેમ તો એક પઠાણ સાથે કામ પાર પાડવાનું હતું.

*

'ગણેશા, વાતચીતનો દોર મારા હાથમાં જ રહેવા દેજે.' ઈસ્માઈલે તેના સાથીને બીજીવાર ચેતવ્યો. ત્યારે ગણેશાના કદરૂપા મુખ પર ખંધું સ્મિત ફરકી ગયું 'સરદાર, ખુદાએ તમને ખુબસુરત શકલની સાથે મીઠી જબાન બક્ષી છે એ હું ક્યાં નથી જાણતો ? જુઓને, તમારા કહેવાથી મેં આ રૂઆબદાર કપડાં પહેર્યાં તોય મારો બેડોળ ચહેરો બદમાશીની ચાડી ખાય છે.' તેણે એક નિ:સાસો નાંખીને ઉમેર્યું :

તેમાં વળી ગાલ પરના બે કાપા જોનારાની આંખમાં વધુ ખટકે છે.'

'એનો અફસોસ કરવો રહેવા દે ગણેશા ! એ ઘાવને તો હું મારી જબાનથી બહાદુરીના નિશાન બનાવી દઈશ. આપણે સૈનિકો તરીકે પઠાણને મળવા જઈએ છીએ અને લડાઈમાં સામી છાતીએ લડનારાના ચહેરા પર જ ઘાવ પડે એ કેમ ભૂલી જાય છે.'

ઈસ્માઈલના આ પોરસથી રાજી થવાને બદલે ગણેશા ઝંખવાણો પડી ગયો. ગાલ પરના એ કાપા ભૂંસી નાખવા માગતો હોય તેમ તેણે જોરથી ત્યાં અંગૂઠો મસળ્યો. એકલો પોતે જ જાણતો હતો કે એ નિશાન બહાદુરીનાં નહીં, બેઈજ્જતીનાં હતાં. પડોશમાં રહેતી અગિયાર વરસની બચુડી પર બળાત્કાર કરતી વખતે એ બેવકૂફે ચીસ પાડી ન હોત તો ?

'શું વિચારમાં પડી ગયો ગણેશા ?'

સાંભળીને એ ચોંકી ગયો. ગાલ પરથી અંગુઠો ખસેડી લઈ જવાબ ઉપજાવી કાઢ્યો : 'એ તો સરદાર, હું એમ વિચારતો હતો કે પઠાણ પાસેથી કેટલોક માલ મળશે આપણને.

ઈસ્માઈલના હોઠ મરકયા : 'તને મેં કહ્યું ને કે એના છોકરાએ સોના-મોતીનાં ઘરેણાં પહેર્યાં હતાં.' આટલું કહીને તે વિચારે ચડી ગયો, કેવો દેખાવડો છોકરો છે ! પોતાને પણ આવો એક દીકરો હોત તો ?

હવે ગણેશાએ તેના વિચારમાં ખલેલ પાડી : 'સરદાર, મહોલ્લો આવી ગયો. પઠાણનો ઉતારો ક્યાં ?'

ઈસ્માઈલે મનના વિચારોની સાથે કપડાં પરની ધૂળ પણ ખંખેરી નાખી. કમરે લટકતી તલવાર ઠીક કરી લીધી : 'મારી પાછળ પાછળ ચાલ્યો આવ.'

દરવાજે જઈને ઈસ્માઈલ ઊભો ત્યાં અમીરનો સાદ સંભળાયો 'આવી ગયા મહેમાન !' કહેતો એ દોડતો આવી એને વળગી પડ્યો. ઈસ્માઈલે તેના કપાળે બચી કરી : 'કેમ છે મારા નાનકડા દોસ્ત ! તારા વાલિદ આવી ગયા ?'

અમીર હર્ષભેર હા ભણવા ગયો પણ ત્યાં તેની નજર ઈસ્માઈલની લગોલગ ઊભેલા ગણેશા પર પડી. તેનો બેડોળ ચહેરો નજરને ખટકતો હોય તેમ છોકરાએ ઝડપથી મોં ફેરવી લીધું

'આવો-પધારો.' પઠાણી અવાજ સંભળાયો. અમીરના પિતા હાથમાં હુક્કાની નળી પકડીને ઊભેલા દેખાયા. ધારીધારીને તેમને નિરખતો ઈસ્માઈલ ઘરમાં દાખલ થયો. અમીરે હજુ તેની આંગળી છોડી નહોતી. ગણેશા જાણી જોઈને બે ડગલાં પાછળ રહ્યો.

'બેસો.' નીચે બિછાવેલી ગાદી પર બેઠક લેવા યુસુફખાંએ કહ્યું. ઈસ્માઈલ જાણી ગયો કે પઠાણ પણ તેને બારીકાઈથી જોઈ રહ્યો છે. ગણેશા પર નજર નાખ્યા પછી યુસુફખાંના ચહેરા પર આછેરા અણગમાની રેખા ઊપસી આવેલી. તે ઈસ્માઈલના ધ્યાન બહાર નહોતી.

'અમે સિપાહી છીએ. રાજના કામે ગયા હતા ત્યાથી પાછા ઈન્દોર જઈ રહ્યા છીએ.' ઈસ્માઈલે સાવધાની છતાં બાહોશીથી વાત ચલાવી.

'વાહ, ત્યારે તો આપણી મંઝિલ એક જ છે.' યુસુફખાંએ હુક્કો તેના તરફ ધરીને ઉમેર્યું :' મને ત્યાંની સારી નોકરી મળી છે એટલે બાળબચ્ચાંને લઈને નીકળ્યો છું' પછી પરદા તરફ હાથ કરીને ઉમેર્યું : 'મારી બીબીએ બપોરનો કિસ્સો મને કહ્યો. અમીરને તમે છોકરાઓની પજવણી માંથી બચાવી લીધો.

'ઈસ્માઈલે હુક્કાની ઘુંટ લઈ મોંમાંથી ધુમાડા છોડયા. એટલી વારમાં તેણે બાજી વિચારી લીધી. સિફતથી આગળ વધવાનું હતું.

'હું વચ્ચે ન પડ્યો હોત તોય આ છોકરો બધાને પુગી વળત. ગમે તેમ તો પઠાણનો બચ્ચોને.'

ખુશામત સાંભળીને યુસુફખાંનું મોં મલકાયું.

'છતાં એક ભલામણ કર્યા વિના રહી નથી શકતો. અજાણ્યા દેશમાં નીકળો ત્યારે જરા સાવચેત રહેવું સારું. છોકરાને કિંમતી ઘરેણાં નહીં પહેરાવવા જોઈએ. ઘણીવાર એટલા ખાતર બચ્ચું ગુમાવી બેસીએ.'

ઈસ્માઈલે હુક્કો પઠાણ તરફ સરકાવ્યો.

'તમારી વાત સાચી છે.' અમીરના પિતા કહેવા લાગ્યા : 'મારી બીબીને મેં એ માટે ઠપકો આપ્યો અને અમીરને પણ દબડાવ્યો. આજકાલ ચોર-લૂંટારાનો ભારે ત્રાસ છે.' હુક્કાની ગડગડાટી બેલાવીને તેમણે ઉમેર્યું : 'અને ઠગલોકોને તો ઓળખવા જ મુશ્કેલ છે.'

ઠગલોકો !

એ સાંભળવા છતાં ઈસ્માઈલ ચમક્યો નહીં. ગણેશા મોં આડું કરી ગયો, પણ અમીર બોલી ઊઠયો : 'પેદર, ઠગલોકો કેવા હોય એ શું કરે ?'

બાળકની હાજરીમાં બોલાઈ ગયું તેનો ખ્યાલ આવતાં યુસુફખાં સંકોચ પામ્યા : 'છોકરા, મોટા વાત કરતાં હોય ત્યારે વચ્ચે પૂછતાછ નહીં કરવાની' કહીને તેણે હાક મારી : 'ચંપા, અમીરને અંદર લઈ જા તો.'

અમીર કોચવાતા મને અંદર ગયો ત્યારે ગણેશા દાંત ભીંસીને મનમાં બબડયો : બચ્ચા, ઠગલોકો કેવા હોય અને શું કરે એની જાણ તને થોડા વખતમાં જ થઈ જશે . . .

'ખાંસા'બ, અમારે સૈનિકોને ઠગથી ડરવાનું નથી હોતું. અમારી પાસેથી એમને શું મળવાનું હતું ? એકવાર અમારા આ ગણેશાએ ચાર ઠગના માથાં તલવારથી વાઢી નાખ્યાં હતાં.'

યુસુફખાંની નજર ગણેશા પર પડી. એ હવે ટટ્ટાર થઈને બેઠો હતો. તેણે જોયું કે પઠાણની આંખોમાં અણગમાની જગ્યાએ તારીફ ડોકાવા લાગી છે.

'તમે કેટલા જણા છો ?' નજર ગણેશા તરફ રાખીને યુસુફખાંએ પૂછયું ત્યારે ઈસ્માઈલનો ઉત્સાહ વધી ગયો : 'એકવીસ સૈનિકો છીએ. આંબાવાડી પાસે અમારા તંબૂ નાખ્યા છે. કાલે ઊપડવાનો વિચાર છે.'

'એમ !' અમીરના પિતા ખુશી વ્યક્ત કરવા સાથળ પર હાથ પછાડી બોલી ઊઠ્યા : 'ત્યારે તો આપણે સાથે થઈ જશું. અમેય કાલે નીકળવાનું વિચારતા હતા.'

ગણેશાની આંખો રાક્ષસી આનંદથી ચમકી ઊઠી પણ ઈસ્માઈલે ચહેરા પરના ભાવ બદલાવા ન દીધા : 'તમારા સંગાથથી સફરમાં મોજ પડશે.'

'અને અમને ધરપત રહેશે. આમ તો અમારા ગામના દસ-બાર જવાનોને સાથે લીધા જ છે. ઠગ-લૂંટારાનો સામનો કરવા માટે . . . પણ જેટલા વધારે એટલી સલામતી વધુ.'

'તમારી હિફાજત ખાતર જાન પણ આપી દેશું ખાંસાહેબ !' ઈસ્માઈલે જાળ બિછાવી દીધી. તેની નજર પડદા તરફ ખેંચાઈ : 'આપણી પિછાણનો જશ તમારા બેટાને ફાળે જાય છે. ક્યાં ગયો એ . . . જરા બોલાવોને એને. આપણા

સંગાથની વાત જાણીને એ પણ રાજી થશે.

ગણેશાને આ ન ગમ્યું. જેને થોડા વખતમાં ખતમ કરવા છે એની સાથે માયા શું કામ બાંધવી ! તેણે ઊઠવા માટે અધીરાઈ દર્શાવી : 'સરદાર હવે આપણે જવું જોઈએ. સૈનિકો આપણી રાહ જોતા બેઠા હશે.'

છતાં ઈસ્માઈલ અમીરને રમાડ્યા વિના ત્યાંથી ખસ્યો નહીં. 'બચ્ચા તને મારા ઘોડા પર સવારી કરવાની ઓર મજા આવશે.'

અમીર ખુશ થતો તેની તલવારની મૂઠ પર આંગળી ફેરવવા લાગ્યો ત્યારે ઈસ્માઈલે કહ્યું : 'તલવાર માટેની તારી દિલચશ્પી બતાવે છે કે મોટો થઈને તું બહાદુર સિપાહી થવાનો, મોટો સેનાપતિ બનવાનો.'

'એ શું બનશે એની તો ખુદાને ખબર . . . તમારી દુઆ માટે શુક્રિયા' ખાનસાહેબ ગળગળા થઈને બોલી ગયા. ઈસ્માઈલે જતાં જતાં પાકું કરી નાખ્યું : 'તો કાલ સવારે સૂરજ ઊગતા અમે આવી પહોંચીએ છીએ. તમે માણસોને તૈયાર રહેવાનું કહેજો.'

'જરૂર-જરૂર !'

બે વખત બોલાયેલો એ શબ્દ બંને ઠગને ત્યારે કેટલો બધો વહાલો લાગ્યો હતો !

*

સફરના બીજા દિવસની સાંજ આથમતી હતી. રાતવાસા માટે તંબૂ તણાઈ રહ્યા હતા. ખાનસાહેબ ખૂબ ખુશ હતા. 'સૈનિકો' ના સંગાથને કારણે એક પછી એક મજલો સલામતપણે પાર પડતી હતી. અમીર ઈસ્માઈલ સાથે એટલો બધો હળી ગયો હતો કે રાતે તેને અમ્મા સાથે અલગ સૂવાનુંય આકરું લાગતું. ઈસ્માઈલચાચાના પાણીદાર ઘોડા પર સવારી કરવાનો મોકો એ જતો ન કરતો. ક્યારેક ઈસ્માઈલ તેને આગળ બેસાડી ઘોડાને એવો પુરપાટ દોડાવી મૂકતો કે અમીર જુસ્સામાં આવી જઈ આનંદની ચિચિયારી પાડી ઊઠતો. ગણેશા માટેનો છોકરાનો અણગમો જો કે ઘટવાને બદલે વધી ગયો હતો. એકાદ બે વાર તે બોલી ગયેલો : 'ચાચા આ તમારો સાથી કેવો ભયાનક દેખાય છે ! રાતના જોયા હોય તો છાતી જ બેસી જાય.'

ઈસ્માઈલ ત્યારે બનાવટી હસતો હતો : 'પઠાણનો બચ્ચો થઈને આવી પોચી

છાતી રાખે છે ?' પછી તેને બીજી વાતે ચડાવી દેતો.

તંબૂમાં એકલા પડ્યા પછી ગણેશાએ ઈસ્માઈલને અધીરાઈ પૂર્વક કહ્યું : 'હવે મુસાફરોને ક્યારે ખતમ કરવા છે ? આમ ને આમ તો ઈન્દોર આવી જશે.'

'બસ ગણેશા, હવે આજની રાત અને કાલનો દિવસ ખમી જા. ખાનસાહેબને આપણા પર પાકો ભરોસો પડી ગયો છે. તેમની સાથે પેલા હથિયારધારી જવાનો છે એને હઠાવવા પડશે.'

'અને એ ન હક્યા તો ?'

'તો એમને ખતમ કરવાની અને દફનાવવાની આપણે વધારે મહેનત લેવી પડશે. બીજુ શું ...' ઈસ્માઈલે થૂંક ગળે ઊતારીને ઉમેર્યું : 'પણ મને લાગે છે કે ખાનસાહેબને હું ફોસલાવી શકીશ.'

'ક્યારે ?'

'આજે રાતે ખાણા વખતે.'

અને સાચે જ ખાનસાહેબ ફસાઈ ગયા. ઈસ્માઈલે બહુ સિફતથી વાત મૂકી.

'ખાંસા'બ ! આપણી મંઝિલ હવે બહુ છેટે નથી. વધુમાં વધુ બેથી ત્રણ મજલ બાકી રહી છે. તમને નથી લાગતું કે તમારા આ જુવાનોને હવે પાછા વળાવી દેવા જોઈએ. બિચારાઓને પગપાળા સફર કરવાનું કઠણ પડે છે અને તેને કારણે આપણે પુરઝડપે આગળ વધી શકતા નથી.'

'હું પણ એ જ વિચારતો હતો.' ખાનસાહેબ દાઢી પર હાથ ફેરવતા કહેતા હતા : 'આમે તે ધાર્યા કરતાં સફરમાં ત્રણ દા'ડા વધુ લાગી ગયા. અહીંથી પાછા મોકલી દઉં તો એ બિચારા વખતસર ઘર ભેગા થઈ શકે.'

'અને તમારે એટલી મઝદુરી પણ ઓછી આપવી પડશે.' ઈસ્માઈલે આ ખોટો ઘા કર્યો. ખાનસાહેબને એ ખૂચ્યું હોય તેમ બોલી ઊઠ્યા : 'નહીં જનાબ, તમારો એ ખ્યાલ ખોટો છે. પૈસા તો હું એમને પૂરા આપવાનો. હું એટલો બધો કંજૂસ નથી અને ખુદાની દુઆથી પૈસા પણ પૂરતા છે. હજાર રૂપિયા તો નગદ છે !

'હજાર રૂપિયા !'

ઈસ્માઈલે ઝણઝણાટી અનુભવી ત્રાંસી આંખે તેણે ગણેશા તરફ જોયું.

હજાર રૂપિયાની રોકડ રકમ અને ઘરેણાં-દાગીના તથા કિંમતી વસ્ત્રો . . . પણ ખાનસાહેબને જરાય વહેમ નહોતો પડવા દેવાનો. નાનકડા અમીરે ઈસ્માઈલના ચહેરા પરનો તરવરાટ પકડી પાડ્યો હતો એટલે ચાલાક ઠગે ઝડપથી કહી દીધું :

'ખાનસાહેબ, આટલી મોટી રકમ સાથે રાખી છે તે સૌને કહેતાં ન ફરો તો સારું.'

'તમારી પાસે ઉઘાડું પાડવામાં શું હરકત છે ? તમને અમારા જોખમનો ખ્યાલ હોય તો વધારે સજાગ રહેશો.' ખાનસાહેબે ભોળાભાવે કહ્યું : 'હું મારા માણસોને કાલ સવારે જ વળાવી દઉં ને ?'

'હોવે . . . હવે તમારી ફિકર અમારે કરવાની છે, કેમ ગણેશા ?'

'હા સરદાર, ફરજ બજાવવામાં આપણે જરાય પાછા નહીં પડીએ.' આમ



બોલતી વખતે ગણેશા આવેશને માંડ માંડ કાબૂમાં રાખી શક્યો.

*

મોં સૂઝણું થયું ત્યારે ખાનસાહેબે અગિયાર જવાનોને વળાવી દીધા : 'ઘેર પહોંચીને બધાને ખુશખબર આપજો. કહેજો કે કેટલાક સૈનિકોનો સથવારો મળી ગયો છે. હવે ચોવીસ કલાકમાં અમે મંઝિલે પહોંચી જશું.'

પોતાને ગામ વાપસ જતા જુવાનોને જોઈને અમીરને મહોલ્લો યાદ આવ્યો. લંગોટિયા દોસ્તો સાંભર્યા અને નાની બહેનનું મુખ નજર સામે તરવરી ઊઠ્યું. કોણ જાણે એને શું સૂઝ્યું કે ખિસ્સામાંથી ઢબ્બુનો સિક્કો કાઢીને એક જુવાનના હાથમાં મૂક્યો : 'છોટીને આ આપી દેજો. એ હજુ સમજણી થઈ નથી, પણ ચાચાને કહેજો કે એના ગળામાં તાવીજ સાથે એ બાંધી રાખે.'

અમીરની આંખે ઝળઝળિયાં આવી ગયાં. ઈસ્માઈલને એ બાળકના માસુમ દિલની દયા જાગી ગઈ. ખાનસાહેબે ખુલાસો કર્યો : 'અમીર એની નાની બહેનને બેહદ ચાહે છે. બિચારી જનમથી જ માંદી રહી એટલે સાથે નથી લીધી ...'

ગણેશા આ સાંભળીને મનમાં છંછેડાયો : 'એ છોકરીના નસીબ એટલા સારા નહીંતર એ પણ તમારી સાથે જમીનમાં દટાઈ ગઈ હોત ...'

અને ખાનસાહેબનો કાફલો આગળ વધ્યો-મોતની મંઝિલ તરફ !

*

૨

ગણેશાનો ઘોડો સૌથી મોખરે હતો.

ઘોડાની રેવાળ ચાલને તાલ આપવા એ તેની પડછંદ કાયાને હલાવતો જતો હતો પણ તેનું મન તો વિકારના ખ્યાલને પંપાળવામાં ખોવાયું હતું : પઠાણની બીબી કેવીક ખુબસૂરત હશે ? આ સવાલ ત્રણ દિવસથી તેને સતાવતો હતો. સફર દરમિયાન એકેય વાર પઠાણી ઓરતના દીદાર તેને દેખાયા નહોતા. ચહેરા આડેથી ભૂલેચૂકેય ઓઝલનો પડદો હટ્યો નહોતો. પણ ગણેશાને ખાતરી હતી કે બેહદ ખુબસૂરત હોવી જોઈએ. અમીરને પાલખીમાં લેવા એ બંને હાથ બહાર કાઢતી ત્યારે એનાં ગોરા કાંડાં નજરે ચડી જતાં. આરસ જેવા લીસા મુલાયમ હાથોને ગણેશા તરસી નજરે જોઈ લેવાનું ચૂકતો નહીં, એટલી અમથી ઝલક તેના રોમેરોમને જલાવી દેતી.

વાસનાના આ વલોપાત વખતે તેને પેલી બચુડી યાદ આવી જતી. દસ વરસ થઈ ગયાં છતાં એ કેમ ભુલાતી નથી ? પોતે એને પામી શક્યો નહોતો એટલે કે પછી તેને કારણે થયેલી બેઈજ્જતીનો બદલો લેવાનો બાકી હતો એટલે ? ઠગ બન્યા પછી સફરમાં મળતી દરેક જુવાન ઓરતમાં તે બચુડીને જોવાની કોશિશ કરતો. હવે બચુડી પણ આટલી જુવાન થઈ ગઈ હશે ? એનો ચહેરો અને અંગઉપાંગો પણ ભરાવદાર બની ગયાં હશેને ?

વાસનાના આ વળગાડે ગણેશાને હદબહાર વકરાવી દીધો હતો. એ ઝંખતો હતો જુવાન સ્ત્રીઓની જીવતી કાયાને . . . પણ ઠગ તરીકે તેને મોકો મળતો ઓરતોના મડદાં પંપાળવાનો ! બચુડીની જેમ આ લાશો ક્યાં ચીસ પાડવાની છે ?

પણ તેના ઠગ સાથી કે સરદાર એને આવું ‘ બેશરમ કામ’ કરતાં જોઈ જતાં ત્યારે જરૂર રાડ પાડતા : ‘ગણેશા આ શું કરે છે ? શિકારના મડદા સાથે આવો હલકટ વર્તાવ કરનાર પર ભવાની માતાનો કોપ ઊતરે છે બેવકૂફ !

એટલે જ દરેક ટોળીમાંથી તેને જાકારો મળી જતો. વરસે વરસે એને નવી ટોળીમાં સામેલ થવું પડતું. હવે પોતાની રાક્ષસી તરસ છિપાવવા માટે તે સાવધ રહેતો. કોઈની નજરે ન ચડી જવાય એની સાવચેતી રાખતો. ભવાની માતાના કોપથી તો એ પણ ડરતો હતો, સરદારના પ્રકોપથી ગભરાતો હતો છતાં ય મનમાં ઘર કરી ગએલી વિકારી વૃત્તિ એ છોડી શકતો નહોતો. ક્યારેક દલીલ કરતો : ઓરતોને ખતમ કરવામાં બાધ નથી આવતો પછી તેનાં મડદાંને દફનાવી દેતાં પહેલાં બે ઘડી ‘રમત’ કરી લેવામાં હરકત શેની ?

ઈસ્માઈલ સાથેની તેની આ બીજી સફર હતી. પહેલી સફરમાં એક જુવાન ઓરતનો ભેટો થયેલો અને રાતના વખતે એ કાફલાને ખતમ કરેલો એટલે અંધારામાં કોઈએ તેને જોયો નહોતો, જો આવી બે ત્રણ સફર હેમખેમ પાર ઊતરી જાય તો પોતે જ ટોળીનો જમાદાર થઈ જાય. આ એક ‘બૂરી આદત’ બાદ કરતાં ગણેશા પાવરધો ઠગ હતો. એના બાવડામાં એટલી તાકાત હતી કે જે શિકારના ગળામાં એનો રૂમાલ પડે તે એક ઉંહકારો સુધ્ધાં ઉચ્ચારી ન શકતો. એટલે જ તો ઈસ્માઈલ તેને પોતાનો માનીતો સાથી બનાવ્યો હતો.

ટેકરી પર પહોંચીને ગણેશાએ ઘોડાને રોક્યો. ટેકરીની પેલી બાજુ એક નજર નાંખી લીધા પછી એણે પાછળ જોયું. ઈસ્માઈલના ઘોડા પરથી અમીરને ઊંચકીને ખાનસાહેબ પાલખીમાં બેઠેલી બીબીને સોંપી રહ્યા હતા. આટલે દૂરથી પણ ગણેશાને પઠાણી ઓરતના હાથ બરાબર કળાતા હતા. હવે ઈસ્માઈલ શા માટે એમને ખતમ કરવામાં ઢીલ રાખે છે ? ટેકરીની પેલે પાર દેખાતી નદી પાસે પડાવ નાખવાનો છે. ત્યાં જ ખાનસાહેબના કાફલાને ખતમ કરી દેવો જોઈએ.

ગણેશાની સાથે થઈ જવા માટે ઈસ્માઈલે ઘોડાને પૂરપાટ દોડાવ્યો. પાલખીનો પરદો હટાવી નાનકડો અમીર ધૂળ ઉડાડતા ઘોડાને અને ખભા ઉછાળતા ઘોડેસવારને જોઈ રહ્યો હતો : ‘અમ્મા, ચાચાનો ઘોડો કેવો પાણીદાર છે! મા, પેદરને કહીને એ ઘોડો મને અપાવી દો ને.’

‘બેટા, ઘોડેસવારી કરવા માટે તું હજું નાનો છે.’ પાલખીનો પરદો ઢાળી

દઈને માએ અમીરને પોતાના પડખામાં લીધો. પછી તેના માથે હાથ ફેરવતાં ઉમેર્યું : 'અને બેટા, સિપાહી પોતાના ઘોડાને બહુ પ્યાર કરતા હોય છે, કોઈપણ કિંમતે વેચવા રાજી નથી હોતા.'

'હેં મા, આપણે ઈસ્માઈલચાચાને પણ આપણી સાથે રાખી લઈએ તો ?' ભોળાભાવે અમીરે વિચિત્ર વિચાર ઝબકાવ્યો. માની આંખો સહેજ પહોળી થઈ. તેણે દીકરાના ગાલ પર ટપલી મારીને સમજાવ્યું : 'બેટા, પરાયા માણસ સાથે એટલી બધી માયા બાંધવી સારી નહીં. સફરનો સંગાથ મંઝિલ આવતાં છૂટી જાય છે.'

અમીર કાંઈક કહેવા જતો હતો પણ ત્યાં પાલખી હાલકડોલક થઈ અને મા-બેટો એક તરફ ઢળી પડ્યાં. પાલખી ઉપાડનાર એક ભોઈનો અવાજ સંભળાયો: 'જરા સંભાળજો, ટેકરી ચડતાં પહેલાં થોડો પોરો ખાવા પાલખી હેઠી મૂકીએ છીએ.'

ઈસ્માઈલ ત્યારે ટેકરીની ટોચે પહોંચી ગયો હતો, હાંફતા ઘોડા પરથી એ નીચે ઊતરીને કપડાં ખંખેરતો હતો. ત્યાં ગણેશા બોલી ઊઠ્યો : 'સરદાર ! સામે મોકાની જગ્યા છે. નદીકાંઠે બપોરનો વિસામો ખાવા પડાવ તો નાખવાનો જ છે. ત્યાં જ કામ આટોપી લઈએ.'

'ગણેશા, તારી જલ્દબાજીનું કારણ સમજાતું નથી !' ઈસ્માઈલે સહેજ અણગમા સાથે કહ્યું : 'જે કામ રાતે થઈ શકે તેમ છે એ ધોળા દિવસે શા માટે કરવું ?'

ગણેશાને આ જવાબ ખટક્યો. તે કહેવા જતો હતો કે આપણે ઠગલોકોને દિવસ કે રાતનો શું તફાવત ? આવા ઉજ્જડ વિસ્તારમાં કોણ જોવાનું છે ? પણ તેને બદલે તેણે કટાક્ષમાં જુદું જ કહ્યું : 'સરદાર, આમ તો ઈન્દોર આવી પહોંચશે અને શિકાર છટકી જશે. આપણા બીજા સાથીઓય અધીરા થયા છે.'

ઈસ્માઈલે તેની સામે આંખો કાઢીને જોયું, એ નજરમાં વિસ્મયતાની સાથે થોડી કરડાકી પણ હતી. ગણેશા જેમ તેની અધીરાઈનો ભેદ છૂપાવતો હતો તેમ ઈસ્માઈલ પણ તેની ધીરજનું રહસ્ય છાનું રાખવા માગતો હતો. તેણે વાત વાળી લીધી : 'ગણેશા ધોળે દિવસે અહીં એક જોખમ છે, ઈન્દોર તરફથી મુસાફરોનો કાફલો આવી ચડે તો ઉપાધિ થઈ જાય.'

ગણેશાએ ખાનસાહેબના કાફલા પર નજર રાખી ગણવા માંડ્યું : 'એક

..બે...ત્રણ અને બીજા ચાર પાલખી ઉઠાવનારા ભોઈઓ...બધા મળીને સાત થયા. તેની સામે એક્વીસ છીએ, ચૌદ જણા ખતમ કરવાનાં રહેશે અને સાત લુધાઓ (ખોદનારાઓ) કબર તૈયાર કરી નાખશે. આમ ચપટીમાં તો બધું પતી જવાનું, પછી ઉપાધિ શેની સરદાર ?'

ઈસ્માઈલ વિચારમાં પડી ગયો . . . ગણેશાએ અમીરને ગણતરીમાં કેમ નહીં લીધો હોય ? શું તે પોતાના મનની વાત જાણી ગયો હશે ?

એ જ વખતે ટેકરીની તળેટીમાં નીચે મુકેલી પાલખીમાંથી અમીર બહાર નીકળતો દેખાયો એટલે ગણેશા બોલી ઊઠ્યો : 'હું આ બચ્ચાને ગણવાનું જ ભૂલી ગયો સરદાર !' આટલું કહી તે વેધક નજરે ઈસ્માઈલને જોવા લાગ્યો. સરદારના ચહેરાનો રંગ પલટાતો દેખાયો એટલે ખંધું હસીને ઉમેર્યું : 'પણ એ છોકરાને ગણવાની જરૂર નથી... એને ખતમ કરવામાં શું બળ પડવાનું ?'

ઈસ્માઈલનો ચહેરો ફિક્કો પડી ગયો. તેણે મોં ફેરવી લીધું. ઘોડાની પીઠ અને મોં પંપાળી લઈ તેની લગામ પકડી ટેકરી ઊતરવા લાગ્યો : 'ગણેશા હું નીચે જાઉં છું, આપણને આમ વાતો કરતા જોઈને ખાનસાહેબ વહેમાશે.'

એ થોડા ડગલાં આગળ વધ્યો હશે ત્યાં ગણેશાએ ફરી પૂછ્યું : 'તો આ મુકામે મામલો ખતમ કરવાનું નક્કી ને ?'

ઝાટકા સાથે ઈસ્માઈલે ડોક ફેરવી, તેની આંખમાંથી રોષ ઉછળ્યો : 'ગણેશા, બહુ જીદ સારી નહીં. હું કહું છું કે રાતે જ કામ થશે. હવે ફરીવાર પૂછતો નહીં.'

ગણેશા કતરાતી આંખે તેની પીઠ પર જોતો રહ્યો. તેને એ વખતે મગજમાં ઝબકારો થયો : રાતના અંધારામાં પોતાની તરસ છીપાવવાનું વધું સુગમ પડશે, કોઈની નજરે ચડી નહીં જવાય... પછી શું કામ ઈસ્માઈલની ખફગી વહોરી લેવી: તરત જ ગણેશાએ હાંક મારી : 'સરદાર, તમારો ફેંસલો વાજબી છે. રાતે જ કામ પતાવવાનું ફાવશે.' કહી ને તેણે આંખ મારી.

ઈસ્માઈલ રાજી થયો : 'આખરે તારી સાન ઠેકાણે આવી એવા ભાવ સાથે તે હસ્યો. ગણેશા પણ સામું હસવા લાગ્યો. જાણે કહેતો હોય : 'એમાં મારા મતલબની વાત છે !'

*

આથમતી સાંજે નમાઝ પઢવા માટે ડોક ઊંચી કરી, ત્યાં આકાશમાં ઘેરાતાં

વાદળો પર ખાનસાહેબની નજર ગઈ : યા ખુદા ! કમોસમની બારીશ થશે કે શું ?

ઈસ્માઈલને પણ ઊચાટ થવા લાગ્યો : વરસાદ બાજી બગાડી નાખશે. ખાનસાહેબ કદાચ નજીકના ગામમાં જઈ કોઈ સરાઈમાં પડાવ નાખવાનું કહેશે તો શિકાર છટકી જશે. આસપાસના ગામના મુસાફરો સાથે થઈ જાય અને કામ મુશ્કેલ બને.

નમાઝ પૂરી કરીને ઈસ્માઈલ ગણેશની બાજુમાં જઈને બેસી ગયો. ગણેશા તેની રાહ જોતો હતો :' સરદાર, મૌસમ બદલાતી દેખાય છે. શું ઈરાદો છે તમારો ?'

'આગળ વધવાનો.' ઈસ્માઈલે મક્કમપણે કહ્યું : 'હું ખાનસાહેબને મનાવી લઈશ કે અહીં રાતવાસો કરવામાં જોખમ છે.'

એવામાં અમીર દોડતો આવતો દેખાયો એટલે બંને રામસી (ગુપ્ત) જબાનમાં વાત કરવા માંડ્યા. ગણેશા અમીર તરફ નજર રાખીને કહેતો હતો : 'આ છોકરો મને કાળ જેવો લાગે છે. વાતવાતમાં વચ્ચે ટપકી પડે છે.'

ઈસ્માઈલે કતરાતી આંખે ગણેશાને રામસીમાં કહ્યું : 'ચૂપ રહે ! તું પણ એને કાળ જેવો લાગે છે ...'

અમીરના પગ થોડે છેટે થંભી ગયા. અંધારામાં તે ગણેશાની નજદીક જતાં ડરતો હોય તેમ ત્યાં જ ઊભાં ઊભાં બોલ્યો : 'ઈસ્માઈલચાચા, તમને મારા પેદર યાદ કરે છે.'

'ચાલ આવું છું' કહીને ઈસ્માઈલ ઊઠ્યો. જતાં જતાં તેણે ગણેશા તરફ આંખ મારી : બધું પાકું કરી નાખું છું-તું અથરો ન થાતો.

ઈસ્માઈલની આંગળી પકડીને જતા અમીરની કુમળી ડોક મરડી નાખવાની ગણેશાના આંગળામાં ચટપટી જાગી ગઈ... એ જ વખતે ગાલ પર ડંખ મારતાં મચ્છર તરફ ધ્યાન ગયું અને અને ગણેશાએ ડાબા હાથની ઝાપટ લગાવી મચ્છરને મસળી નાખ્યો.

ઈસ્માઈલ તંબૂમાં પહોંચ્યો ત્યારે ખાનસાહેબ હુક્કો પીતા બેઠા હતા. સૈનિકો (ઠગો) જાણી કરીને પોતાનો તંબૂ દસ પંદર ગજ છેટે રાખતા. બહાનું તો ખાનસાહેબના જનાનાની મર્યાદા જાળવવાનું હતું, પણ ખરો હેતું ખાનગીમાં મસલત કરવાની સગવડ સાચવવાનો હતો.

'આવો જનાબ ! મેં તમને તકલીફ આપી.' ખાનસાહેબે હુક્કાની નળી ઈસ્માઈલ તરફ ધરીને કહ્યું : 'બારીશ થશે તો કેમ કરશું ?

'ઓહ ! એટલી અમથી વાતમાં તમે મૂંઝાઇ ગયા...' ઈસ્માઈલે અવાજમાં બનાવટી હમદર્દી દાખવીને કહ્યું : 'શિયાળાનો વરસાદ જોરદાર થોડો હોય છે. એકાદ બે ઝાપટાં વરસાવીને વાદળાં વીખરાઇ જશે.

'તો તો સારું.' ખાનસાહેબે ધરપત અનુભવી.

થોડી ખામોશી બાદ ઈસ્માઈલે વાત છેડી : 'તમે ન બોલાવ્યો હોત તો પણ હું આવવાનો હતો. અમારો ઈરાદો આજે રાતે સફર આગળ વધારવાનો છે.'

'ખાનસાહેબ ચોંક્યા : 'રાતે !'

'કેમ એમાં તમને તાજ્જુબી થાય છે !' ઈસ્માઈલે વાત આગળ વધારી: 'ઊજળી આઠમ-નોમનો દિવસ છે. ચંદ્રનું અજવાળું આપણા માર્ગમાં રોશની પાથરતું રહેશે પછી હરકત શેની ?'

'પણ રાત અહીં ઠહેરી જવામાં શું હરકત છે ?' ખાનસાહેબે દલીલ કરી: 'સવારે તાજામાજા થઈને આગળ વધીશું.'

'ખાનસાહેબ, હું બહુ વિચારીને આ કહું છું.' ઈસ્માઈલ સાવધ બની ગયો. હવેના બોલ પર બધો આધાર હતો : 'આ વિસ્તાર જંગલોનો છે. રાની પશુઓ ઊંઘતા માણસ પર આસાનીથી હુમલો કરી શકે છે.'

હવે ખાનસાહેબના ચહેરા પર ફિકર ફરકવા માંડી : 'તમે મને પહેલાં એ કેમ ન કહ્યું.'

'તમારા બીબી-બચ્ચાને નકામો ગભરાટ થાય એટલે હું કહેતો નહોતો. તમારી હિફાજતની જવાબદારી લીધી છે એટલે બધો વિચાર કરવો પડે અમારે.'

ખાનસાહેબ વિચારમાં પડી ગયા એટલે ઈસ્માઈલે રાતની સફરનો એક ફાયદો પણ રજૂ કરી દીધો :'અને ખાનસા'બ બીજી એક વાત, આજની રાત પોરો ખાવા રોકાશું તો ઈન્દોર પહોંચતાં કાલની રાત પડી જશે. એ વખતે કોટવાળ આપણને ગામમાં દાખલ થવા દેશે કે ?'

ખાનસાહેબે કરવા ખાતર દલીલ કરી : 'મધરાત સુધી તો દરવાજા ખુલ્લા હોય છે ને ...' પણ ઈસ્માઈલે એક જ ઝાટકે એ દલીલને કાપી નાખી : 'ધારો કે

પહોંચતાં મોડું થયું તો તમારા જેવા આબરૂદાર માટે ગામ બહાર પડ્યા રહેવાનું જચે ખરું ? અમે રાજના સિપાહી છીએ એટલે અંદર જઈ શકશું, પછી તમે એકલા પડી જશો.'

'ના, ના ! એમ જુદા નથી પડવું.' ખાનસાહેબ લાગણીવશ બોલી ગયા : 'આપણો સંગાથ તો છેવટ લગીનો રહેશે.'

'તો ભલે, બે કલાક પછી ઉપડવાનું રાખીએ. ત્યાં સુધીમાં તમે ખાણીપીણી આટોપી લેજો.' કહીને ઈસ્માઈલ ઊઠ્યો.

'ભાઈજાન, તમે પણ આજે અમારી સાથે ખાણું લેવાનું રાખોને.' ખાનસાહેબે તેનો હાથ પકડી લીધો. ઈસ્માઈલ વિચારમાં પડી ગયો એટલે તેણે ઉમેર્યું: 'તમે સૈયદ છો એટલે અમારા સાથે ખાણું લેવામાં કોઈ બાધ તો નથી ને?'

'અરે ખાનસા'બ એ શું બોલ્યા ?' ઈસ્માઈલ એમની મહેમાનગતિથી અકળાઈ જતાં બોલી ઉઠ્યો :' અમે તો સિપાહી છીએ. એવો બાધ રાખવો કેમ પાલવે ... પણ આજે રહેવા દો. ઈન્દોર પહોંચ્યા પછી વાત.'

'ભલે જેવી તમારી મરજી.' ખાનસાહેબે નમતું જોખ્યું છતાં વિવેક ન ચૂક્યા: 'પણ તમારે એકલા નહીં આવવાનું. બીબી-બચ્ચાને સાથે લઈ આવવાં પડશે.'

ઈસ્માઈલ જરા ઝંખવાણો પડી ગયો : 'બીબી તો વતનમાં છે અને ખાનસા'બ ...' આગળ કહેવું કે નહીં એની ઉલઝનમાં તે થોડીવાર અટક્યો પછી ભીના અવાજે કહેતો ગયો : 'હું હજુ બચ્ચાનો બાપ થયો નથી.'

'ઓહ !' ખાનસાહેબનો નિઃસાસો તેની પીઠ પર અફળાયો છતાં ઈસ્માઈલે પાછું વળીને જોયું નહીં-કારણ કે તેની પાંપણો ભીંજાઈ જવાની અણી પર હતી.

*

ધરતીને ભીંજવીને નીચોવાઈ ગયેલાં વાદળો અપરાધીની જેમ આકાશમાંથી નાસી છૂટ્યાં હતાં. ચંદ્રમા પોતાના કલંકની પરવા રાખ્યા વિના ખિલખિલાટ હસતો હતો. તેના અધૂરાં-અધૂરાં અજવાળાંમાં સાડા અઠ્ઠાવીસ મુસાફરોનો કાફલો આગળ વધતો હતો. પાલખી ઊંચકનારા ભોઈઓ રસ્તાના કીચડ અંગે વચ્ચે વચ્ચે ફરિયાદરૂપે બબડી લેતા હતા, પણ ઈસ્માઈલે એમના કાનમાં ફૂંક મારી દીધેલી કે આ વધારાની તકલીફ બદલ ખાનસાહેબ તેમને બક્ષિસ આપીને

રાજી કરવાના છે, એનાથી એમનો જુસ્સો ટકી રહ્યો હતો. બધું ગણતરી મુજબ થતું હતું, પણ અમીર હજુ જંપી ગયો નહોતો. એ પાલખીમાં તેની માના ખોળામાં ઊંઘી જશે એવી ધારણા બર આવી નહીં. પરદો હઠાવીને વચ્ચે વચ્ચે બહાર નજર નાખી લેતો અને ઈસ્માઈલચાચાને ક્યારેક વિનવતો : 'મને તમારી સાથે ઘોડા પર લઈ લોને. પાલખીમાં મજા નથી આવતી.'

પણ ખાનસાહેબ તેને વારતા : 'નહીં બેટા, બહાર ઠંડો પવન છે. રાતવરતના ઘોડેસવારી સારી નહીં. ઝોકું આવી જાય તો પડી જવાય.'

છતાં અમીરે ન ઊંઘવાની જીદ લીધી હોય તેમ વચ્ચે વચ્ચે ટહુકા કરવાનું ચાલુ રાખ્યું ત્યારે ઈસ્માઈલનો ઉચાટ વધી ગયો. ગણેશા હવે ઉતાવળ કરતો હતો. ઠેકાણું પણ નક્કી કરી નાખ્યું હતું. લુધાઓને ત્યાં રવાનાય કરી દીધેલા-છતાં અમીર ઊંઘવાનું નામ લેતો નથી. શું પોતાની મુરાદ પર પાણી ફરી વળશે. નહીં ... નહીં ...

ઘોડાને પાલખીની લગોલગ લઈ જઈને તેણે હાંક મારી : 'અમીર તને ઊંઘ ન આવતી હોય તો આવીજા મારા ઘોડા પર ... બે કોસ પછી આપણે આરામ કરવા રોકાવાનું છે ત્યારે ઊંઘ કરી લેજે.

અમીર ખુશીનો માર્યો ઉછળ્યો અને ' ાનસાહેબ રોકે તે પહેલાં તો પાલખી બહાર હાથ લંબાવી ઈસ્માઈલના ઘોડા પર આવી ગયો.

'જરા ઠહેરજો.' પાલખીમાંથી મીઠો રણકો સંભળાયો. પછી ગોરા હાથ બહાર કાઢી કાળી જાકીટ ધરીને ઉમેર્યું : 'બેટા, આ પહેરી લેજે, ઠંડી ન લાગે.'

ઈસ્માઈલે જ જાકીટ લઈ લીધી : 'બાનુ, તમે એની ફિકર ન કરશો. એને હું કોઈ જાતની આંચ નહીં આવવા દઉં' આમ કહેતી વખતે ઈસ્માઈલનો અવાજ ધ્રૂજી ઊઠ્યો હતો. પણ ઠંડીની ધ્રૂજારીમાં એ કોઈના ધ્યાનમાં આવ્યું નહીં.

તોય અમીરની ચકોર નજરે એક વાત ચડી ગઈ : 'ચાચા, આપણે ઓછા કેમ દેખાઈએ છીએ ?' ઈસ્માઈલની છાતી ધડકી ઊઠી, ખાનસાહેબના કાન ચમકી ગયા. પોરસ કરવાનું મન થાય એવી અમીરની ચાતુરી અત્યારે ઈસ્માઈલને ખટકી. કોઈ શક પેદા થાય તે પહેલાં તેણે ખામોશી તોડી : 'કેટલાક સિપાહીઓ આપણી આગળ નીકળી ગયા છે.' પછી અવાજમાં રણકો લાવવાનો પ્રયાસ કરીને ઉમેર્યું: 'જુવાન સૈનિકોને ધીમે ચાલવાનો કંટાળો હોય છે. મેં એમને આગલી મજલ પાસે

આપણી રાહ જોવાનું કહયું છે. ત્યાં ભેગા થઈ જશું.'

વધુ સવાલ-જવાબ ન થાય એટલા ખાતર તેણે ઘોડાની પીઠ પર એડી મારી અને ખાનસાહેબથી આગળ નીકળી ગયો.

*

ચંદ્રનાં અજવાળામાં ચળકતાં પાણી જોઈને ગણેશાની કીકીઓ ચમકી ઊઠી. નદીના પટ પર આવતાં જ ઈસ્માઈલે કહ્યું : 'રોકો !' ઝોકાં ખાતાં અમીરે આંખો ચોળી એટલીવારમાં ઈસ્માઈલ ઘોડા પરથી નીચે કૂદી આવ્યો. અમીર પૂછી બેસે એ પહેલાં જ તેણે કહી દીધું : આપણા બીજા માણસો દેખાતા નથી, કદાચ પટની પેલી બાજુ આરામ કરતા હશે.' આમ કહેતી વખતે તે અમીર સાથે આંખ મિલાવી શક્યો નહીં. બહુ ઉતાવળમાં હોય તેમ તેને કહેવું પડ્યું : 'અમીર, તું ઘોડાને પાણી પીવડાવ, ત્યાં હું આવી પહોંચું છું.'

વેકરામાં ઘોડો કૂદાવવાની મજા પડશે એવા ખ્યાલથી ગેલમાં આવી જઈ અમીરે લગામ પકડીને ઘોડાને એડી મારી. નજદીક આવતા કાફલા પર નજર રાખી ગણેશા અને ઈસ્માઈલ રામસી જબાનમાં ગૂસપૂસ કરવા માંડ્યા.

'થોડી જ વારમાં હું ઝીરણી (સંકેત) આપીશ. ગણેશા, સિફતથી કામ લેજે.'

'સરદાર, એમાં કહેવું ન પડે.'

મુકામ દેખીને આરામની અધીરાઈમાં ભોઈએ પાલખીનો બોજ વીસરી જઈ, ઝડપભેર છેલ્લો એક ફર્લાંગ કાપી નાખ્યો. ખાનસાહેબ ધીમા અવાજે એમની બીબી સાથે વાતો કરતા પાલખીની બાજુમાં ઘોડો ચલાવતા આવતા હતા, નોકરાણી ચંપા ટટ્ટુ પર ઝોકાં ખાતી લગામ પકડીને બેઠી હતી.

ઈસ્માઈલ અને ગણેશા ઊભા હતા ત્યાં કાફલો થંભ્યો. પાલખી નીચે મુકાઈ. ભોઈઓ કમરેથી તમાકુની ડાબલી કાઢી એક તરફ બેસી ગયા. બીબીને પાલખીની બહાર લાવવા માટે ખાનસાહેબે સાથ આપ્યો. ગણેશાની ઈશારતથી બારે સાથીઓ બબ્બેના હિસાબે મુસાફરોની આસપાસ ગોઠવાઈ ગયા.

ઈસ્માઈલે નદી તરફ નજર નાખીને જોઈ લીધું. પ્રવાહ વચ્ચે ઊભો રહી ઘોડો પાણી પીતો હતો અને પીઠ પર બેઠેલો અમીર વહેતાં પાણીને જોવામાં મશગૂલ હતો. બસ, બધું જ બરાબર ગોઠવાઈ ગયું છે . . .

'જલદી તમાકુ ખા લો...'

ખામોશીને થથરાવી દેતો ઈસ્માઈલનો અવાજ બહાર પડ્યો ન પડ્યો ત્યાં બીજી જ ઘડીએ ઠગોની કમરોથી રૂમાલો બહાર નીકળી ચૂક્યા અને મુસાફરોના ગળામાં એકીસાથે પરોવાઈ ગયા. એક જોરદાર ઝાટકો, એક ઝનૂની ભીંસ એક દબાયેલી ચી..સ !

પાણી વચ્ચે ઘોડાની પીઠ પર બેઠેલો નાનકડો અમીર ધ્રૂજી ઊઠ્યો. ગરદન ફેરવીને પાછળ જોયું ત્યારે આંખો ફાટી રહી, છાતી ભીંસાવા લાગી. રાડ પડાઈ ગઈ તેનાથી.

ઘોડો ભડકીને આગળ ધસી ગયો પણ અમીરના શરીરમાંથી હવે તાકાત ઓસરી ચૂકી હતી. એ લગામ પકડી ન શક્યો. ગડથોલિયું ખાઈને પાણીમાં જઈ પડ્યો. એક પથ્થર પર પટકાયો. ગરદનમાં ચોટ લાગી. ચીસ પાડવા માટે ફાડેલા મોંમાં પાણી ધસી આવ્યું.

પાંચ સાત મિનિટ એ વહેતાં પાણીમાં પડ્યો રહ્યો. મગજમાં અંધકાર છવાઈ રહ્યો હતો. નજરે દેખાયેલું દ્રશ્ય કુમળી છાતીને કોરી રહ્યું હતું. કોણ જાણે ક્યાંથી ઝનૂન પેદા થયું ! તે બેઠો થયો. હિંમત કરીને કાંઠા સુધી ઘસડાતો ગયો. અસહ્ય થાક લાગ્યો હોય તેમ હાંફતો હાંફતો ગરદનની ચોટને પંપાળતો હતો. દૂર થઈ રહેલી કારમી હિલચાલને જોવા ન માગતો હોય તેમ આંખોને દાબીને બેસી રહ્યો... પણ ત્યાં પાણીમાં પડતાં કોઈના ઝડપી પગલાંનો અવાજ કાને અફળાયો. મોતના પગલાં પાસે આવતાં હોય એવો ભયાનક અવાજ લાગ્યો. આંખો ઉઘાડવાની હિંમત નહોતી - તાકાત પણ નહોતી.

'બેવકૂફ ! તું તો અમારી નજર બહાર રહી ગયો.'

નફરત ઘૂંટ્યા એ બોલ છાતી સોંસરવા ઊતરી ગયા. અમીરની આંખો ઊઘડી ગઈ અને સામે સાક્ષાત કાળ ઊભેલો દેખાયો. કદરૂપો ગણેશા વધુ ભયાનક અને વધુ વિકરાળ દેખાતો હતો. તેની ફાટેલી આંખોમાં રાક્ષસીવૃત્તિ લબકારા મારતી હતી. તેના ભીડાયેલા હોઠમાં ઘાતકી પણું ઝબકારા કરતું હતું.

એનું વિકરાળ સ્વરૂપ જોઈને અમીરની કીકીઓ ઝાંખી પડવા લાગી, હોઠ કાંપવા માંડ્યા, કાળજે કમકમાં આવી ગયાં.

'ચાલ ગળામાંથી હાથ હઠાવ.' મુઠ્ઠીમાં રૂમાલના બંને છેડા પકડી, ભીંસાયેલા

દાંત વચ્ચેથી તેણે ત્રાડ નાખી : 'તારું મોત મારા રૂમાલમાં લખાયું છે.'

સાડાચાર વરસનો છોકરો સમસમી ગયો. મોત ! ખળખળ વહેતાં પાણી, જોરથી ફૂંકાતો પવન, અંધકારમાં ગુંજતાં તમરાં... બધાય અવાજો એક જ શોર મચાવતા હતા : મોત... મોત...

અમીરની આંખો મીંચાઈ ગઈ. ગળામાં રૂમાલ પડવાની ધાસ્તીથી ડોકની નસો ફૂલવા લાગી . . ગણેશાના પોલાદી કાંડાં ઊંચકાયાં અને એક પોકાર વાતાવરણને ધ્રૂજાવી ગયો.

'થોભી જા... ગણેશા... થોભી જા !'



ગણેશાના હાથ ઝાટકા સાથે ખેંચાયા. અમીરની આંખો ઊઘડી ગઈ. પાંચ - દસ પળ સુધી બંનેની નજર ટકરાઈ. બેમાંથી કોઈએ પાછળ દોડ્યા આવતા ઈસ્માઈલ તરફ જોયું નહિ. ગણેશાની આંખોમાં ઘાતકીપણું ઓસરતું નહોતું, અમીરની કીકીઓમાં થીજી ગયેલો ભય ઓગળી શકતો નહોતો.

વાવાઝોડાની જેમ ધસી આવી ઈસ્માઈલે ગણેશાના પહોળા થયેલા હાથ પર ઝાપટ મારી : 'ખબરદાર એના પર હાથ ઉગામ્યો છે તો . . .'

હવે ગણેશા વિફર્યો. જરાપણ ડગ્યા વિના દાંત ભીંસીને તેણે કહ્યું : 'સરદાર, તમે પોચા દિલના આદમી છો - હઠી જાવ અહીંથી.'

'ગણેશા !' વાતાવરણ કંપી ઊઠ્યું. ઈસ્માઈલની આંખોમાં ક્રોધ ભભુક્વા લાગ્યો : 'કહું છું ચાલ્યો જા; નહીંતર. . .'

'નહીંતર ?' ગણેશાએ સામી ત્રાડ નાંખી.

બંનેના ચહેરા પરનું ઝનુન જોઈને અમીર ધ્રૂજવા લાગ્યો. ઈસ્માઈલે તલવારની મૂઠ પર હાથ નાંખ્યો ત્યારે ગણેશાએ ચાર ડગલા પાછળ હઠી જઈ આંખના પલકારામાં કમર પરથી જમૈયો ખેંચી કાઢ્યો. ઈસ્માઈલને આંચકો લાગ્યો. ગણેશાના વિકરાળ મુખ પરથી તંગ રેખાઓ સૂચવતી હતી કે એ સામનો કરવા મક્કમ છે. ખણ. . .ણ કરતી ઈસ્માઈલની તલવાર ઝળકી ઊઠી. ગણેશાના જમૈયાની તીક્ષ્ણ અણી ગરદન તરફ તંકાયેલી હતી. એનો ઘા ભાગ્યેજ ખાલી જતો એની ઈસ્માઈલને જાણ હતી. ઝનૂનમાં જો જમૈયો તેના હાથમાં છૂટ્યો તો છોકરાના પ્રાણ ઝૂંટવી લેશે. . .

'ગણેશા, જોર અજમાવતાં પહેલાં મારી એક વાત સાંભળી લે.' ઈસ્માઈલના અવાજમાં સખ્તાઈ કરતાં દર્દનો રણકો વધારે હતો. ગણેશાને તાજ્જુબી થઈ છતાં ચહેરા પરના ભાવ તેણે બદલાવા દીધા નહીં અમીરની ગરદનનું નિશાન પણ જાળવી રાખ્યું :

'સરદાર, એ બચ્ચું છે એટલે એના પર રહેમ કરવાની વાત હોય તો મારે સાંભળવી નથી. આપણા કાનૂનમાં શિકારની દયા ખાવાની મનાઈ છે.'

'મને કાનૂન નહીં સમજાવ ગણેશા' ઈસ્માઈલે અકળાઈને કહ્યું : 'એને મેં જોયો ત્યારથી મારો બેટો માની લીધો છે.'

'હા . . . હા . . . હા . . .' ગણેશાએ ભયાનક અટ્ટહાસ્ય કર્યું. અમીરનું કાળજું

કંપી ઊઠ્યું. ગણેશાના હોઠ ભીંસાયા.

'સરદાર... એને દીકરો માનીને તમે મૂર્ખાઈ કરી રહ્યા છો.' ગણેશા અમીર તરફ નફરતભરી નજરે જોઈને કહેતો હતો : 'એનાં મા - બાપ આપણા હાથે ખતમ થઈ ગયા એ એણે નજરોનજર જોયું છે.'

'ગણેશા !' ઈસ્માઈલે ત્રાડ પાડી : 'જે કહેવું હોય રામસી જબાનમાં કહે. .. છોકરો સાંભળી જશે.'

ગણેશાએ ફરી અટ્ટહાસ્યકર્યું પણ તે કાંઈ કહે તે પહેલાં અમીર છાતી પર મુક્કો મારી ચિત્કાર કરી ઊઠ્યો: 'મને પણ મારી નાખો. . .મને પણ. . .અમ્મા. . . પેદર ! તમે ક્યાં ગયાં ?'

અમીરના શરીરમાં તાણ આવી અને એ બેહોશ થઈને ઢળી પડ્યો, ઈસ્માઈલ તલવાર ફગાવી તેની પાસે દોડી ગયો : 'અમીર, બેટા અમીર,' કહેતો તેની છાતી પંપાળવા લાગ્યો. બોલતાં બોલતાં તેના ગળે ડૂમો ભરાઈ આવ્યો ત્યારે ગણેશાએ જમૈયો મ્યાનમાં ખોસી દીધો : 'સરદાર તમારો ઇરાદો બદલી નાખો. . . એનાં મા-બાપના મોતનો ગમ આ છોકરો ક્યારેય ભૂલી નહિ શકે. તમે દીકરો માનીને ઉછેરશો તો યાદ રાખજો, એક દિવસ દુશ્મન બનીને તમારી સામે આવશે.'

પણ ઈસ્માઈલ ખામોશ રહી વાત્સલ્યભેર અમીરના ચહેરાને પંપાળતો રહ્યો ત્યારે ગણેશાએ પઠાણની બીબીની લાશ યાદ આવી ગઈ. ઝનૂનભેર તેણે કિનારા તરફ દોટ મૂકી.

*

૩

લાશો ખાડામાં ખડકાતી જતી હતી. પાલખી ઊંચકનારા માટે અલગ ખાડો ખોદી રાખેલો. તેમાં ચારે લાશો ગોઠવાઈ ગઈ. દરેક લાશ પર ચાકુથી બે-ત્રણ કાપા કરવામાં આવતા જેથી મુડદાં ફૂલી ન જાય અને જમીન ઊપસી ન આવે. ક્યારેય કોઈને શંકા સુધ્ધાં ન આવવી જોઈએ કે અહીં મુસાફરોને દાટી દેવામાં આવ્યાં છે !

ચારે ભોઈની લાશો દટાઈ ગઈ એટલે બીજા ખાડામાં નોકરાણી ચંપા અને ખાનસાહેબની લાશો ગોઠવાઈ, પઠાણની બીબી ક્યાં ?

'ગણેશા ક્યાં રોકાઈ ગયો ?' બધા ચારે બાજુ નજર દોડાવવા લાગ્યા.

દૂર એક ઝાડની નીચે ઈસ્માઈલ બેહોશ અમીરની બાજુમાં બેઠો હતો. છોકરો ગમે ત્યારે હોશમાં આવી જાય એવી વકી હતી. હજુય એના હીબકાં શમ્યાં નહોતાં, કણસવાનું ચાલું હતું. વચ્ચે વચ્ચે બબડી પણ લેતો : અ . . .મ્મા. એટલે જ ઈસ્માઈલ ત્યાંથી ખસતો નહોતો. છોકરો શુદ્ધિમાં આવે તે પહેલાં તે પહેલાં લાશો દટાઈ જવી જોઈએ, આ ભયાનક દ્રશ્ય એની નજરે ન ચડવું જોઈએ. નહીંતર એના કુમળા મગજ પર ચોટ લાગશે અને જિંદગીભર તેને ભૂલી નહિ શકે.

'સરદાર !'

એક સાથીની હાક સંભળાઈ ત્યારે તેને અમીર પાસેથી ખસવું પડ્યું. આ બેવકૂફો આટલી બધી વાર શેની લગાડે છે ? રોષથી અકળાતો એ ઝડપભેર ત્યાં દોડી ગયો : 'શું છે ?'

'ગણેશા દેખાતો નથી, હજુ એક લાશ બાકી રહી ગઈ.'

ઈસ્માઈલે માન્યું કે આ લોકો છોકરાની લાશની વાત કરતા લાગે છે.

સાથીઓને ધમકાવવાની ઈચ્છા થઈ આવી, પણ સબૂરીથી કામ લેવાનું હતું. આ લોકોને ગણેશા સાથેની એની તકરારની જાણ નથી લાગતી, અમીરને જીવતો રાખ્યો છે એ પણ ખબર નહીં હોય.

'એ છોકરાને મેં બેટો માન્યો છે. એની રાહ જોવાની નથી' નીચું જોઈને જ બોલી શક્યો.

'અમે છોકરાની વાત નથી કરતા સરદાર !' એક જણે ઉતાવળે કહી દીધું: 'છોકરાની માની લાશ ગણેશા અહીં લાવવાનો હતો. ઊંચકવા માટે મેં હાથ આપવા કહ્યું ત્યારે એ ચિલ્લાયો હતો. ઓરતને ઊંચકવામાં એક મરદ કાફી છે એમ કહીને મને અહીં મોકલી દીધો.'

ઈસ્માઈલને ઝાટકો લાગ્યો. તેનો હાથ તલવાર પર ગયો, આંખોમાં ખુન્નસ ઊભરાઈ આવ્યું : એ બદમાશ માના મડદા સામે જીવતા દીકરાની સોદાબાજી કરવા માગે છે ! તો એની લાશ પણ આ ખાડામાં ધરબાઈ જશે ...

વાતાવરણ તંગ બની ગયું. સાથીઓ અકળાઈ ઊઠ્યા. એક જણે આકાશ તરફ નજર નાખીને કહ્યું પણ ખરું: 'આમ કરતાં તો સવાર પડી જશે અને આપણે કોઈની નજરે ચડી જશું.'

પણ ઈસ્માઈલનું ધ્યાન તેના શબ્દો પર નહોતું. એ ચકોર નજરે કાંઈક શોધી રહ્યો હતો. ગણેશા લાશ ઊંચકી દૂર જવાનો નહોતો. આટલામાં જ ક્યાંક છુપાયો હશે ... ફરતી ફરતી નજર એક જગ્યા એ રોકાઈ ગઈ. ઝાડી પાછળ કાંઈક હિલચાલ થતી દેખાઈ. દાંત ભીંસીને તેણે પગ ઊપાડ્યા : 'તમે સૌ અહીં જ રહેજો. હું હમણાં લાશ ઊંચકી લાવું છું.'

ઝડપભેર છતાં જરાય અવાજ ન થાય તેવી સાવધાની સાથે તે આગળ વધતો હતો. ગણેશા આટલી બધી જિદ કેમ લઈ બેઠો એ જ તેને સમજાતું નહોતું. પણ ઝાડીમાં દાખલ થઈને એણે જે જોયું તે આંખો માનવા તૈયાર નહોતી. પગ જમીન સાથે જડાઈ ગયા. શરીરમાંથી કંપારી વછૂટી ગઈ.

ગણેશા પઠાણની બીબીની પડખે આડો પડ્યો હતો. લાશ પરથી કપડાં હઠી ગયાં હતાં, ગણેશાના એક હાથમાં ખુલ્લો જમૈયો હતો. બીજો હાથ નિર્જીવ ઓરતનો ચહેરો પંપાળવામાં રોકાયો હતો : 'પ્યારી ... તારી આંખો બંધ છે. હવે તું કંઈ જોઈ નહીં શકે, તારાથી ચીસ પાડી નહીં શકાય. તારી ખૂબસુરતીને ધરાઈ

ધરાઈને હું પી શકીશ ...'

'ગણેશા ?' ઈસ્માઈલથી હળવી ચીસ પડાઈ ગઈ.

એ ચોંક્યો ઝાટકા સાથે બેઠો થઈ ગયો. બંનેની નજર ટકરાઈ. પહેલાં તણખા ઝર્યા. પણ ઈસ્માઈલે ઉગામેલી નાગી તલવાર જોઈને એ સહેજ ધ્રૂજી ગયો. તેને પસીનો વળવા માંડ્યો. પોતે બહુ વાર ન લગાડી હોત તો કોઈને ખબર ન પડત.

ઈસ્માઈલે ફરી ત્રાડ નાખી : 'ઢાંકી દે એને બેવકૂફ !'

ગણેશા પાગલની જેમ ખડખડાટ હસવા માંડ્યો. એના અટ્ટહાસ્યથી વાતાવરણની ખામોશી ખળભળી ઊઠી.

ઈસ્માઈલનો ચહેરો લાલઘૂમ બની ગયો. હવે તેના શ્વાસ પણ ફૂંફાડા મારતા હતા : 'કહું છું કે ...' અને તેણે તલવાર હવામાં ઉગામી. ગણેશા ત્યારે છલાંગ મારીને દૂર હઠી ગયો.

'એક મડદા સાથે આવી રમત !'

પણ ગણેશા હવે ગિન્નાયો. તેની ખંધાઈ ખીલી ઊઠી. વિકૃતપણે હસીને તેણે જવાબ આપ્યો : 'સરદાર, તમે કોઈના દીકરાને પોતાનો બેટો માનીને પંપાળો તો મારાથી કોઈની બીબીના મડદાને શું કામ પંપાળાય નહીં ?'

'ચૂપ રહે ગણેશા ?' ઈસ્માઈલનો ગુસ્સો કાબૂમાં ન રહ્યો : 'હવે એક હરફ ઉચ્ચારીશ તો તારી જિંદગી કપાઈ જશે.'

ગણેશાએ ઈસ્માઈલને આવા ઝનૂનમાં પહેલી જ વાર જોયો. વધુ જીભાજોડી કરશે તો બીજા સાથીઓને પણ પોતાની 'બૂરી આદત'ની જાણ થઈ જશે. હુકમની અદબ રાખતો હોય તેમ તેણે જમૈયો મ્યાનમાં ખોસી દીધો. પઠાણની ઓરતની લાશ ઢાંકી દીધી અને ખભેથી તેને ઊંચકવા માટે નીચો નમ્યો.

પળવાર માટે તો ઈસ્માઈલને તેની ડોક પર તલવાર ઝાટકી દેવાની ઈચ્છા થઈ આવી. પણ તેણે દિમાગ પર કાબૂ મેળવી લીધો. ઉદાર દિલના હમદર્દ સરદાર તરીકેની પોતાની છાપને આંચ ન આવવી જોઈએ. હજુ તો તેણે ઘણું ખેડવાનું હતું. તલવાર યંત્રવત્ મ્યાનમાં સંતાઈ ગઈ.

'સરદાર, તમે પગેથી ઊંચકો.' ગણેશાએ નરમાશથી કહ્યું : 'મારી ગુસ્તાખી બદલ માફી ચાહું છું.' ગળગળો થઈ ગયો : 'પણ આ વાત તમે આપણા સાથીઓને

કહી દેતા નહીં.'

ઈસ્માઈલે ખામોશ રહીને લાશને ઊંચકવામાં સાથ આપ્યો. તેને ગણેશાની લાચારી પર દયા આવતી હતી, નફરત પણ થતી હતી. ઈન્સાન આટલી હદે હલકટ થઈ શકે ખરો ?

લાશ ઊંચકીને બંનેને આવતાં જોઈ સાથીઓના શ્વાસ હેઠા બેઠા. મામલો ઉગ્ર બનવાની શંકા શમી ગઈ. બધા કબર ફરતા કુંડાળું કરીને ઊભા રહી ગયા. ગણેશા શરમનો માર્યો નીચું માથું રાખી આગળ વધતો હતો. નજીક પહોંચી ગયા એટલે ઈસ્માઈલે લાશના પગ પડતા મૂકી દીધા. ગણેશા પઠાણની બીબીના બંને બાવડા પકડી તેને જમીન પર ઘસડવા લાગ્યો.

'જલદી કરો' ઈસ્માઈલે હાંફતાં હાંફતાં કહ્યું : 'બધા ભેગા મળીને ઝડપથી માટી પાથરી દો.'

પણ એ બોલી રહે તે પહેલાં અમીરની રાડ સંભાળાઈ : 'અમ્મા . . . અમ્મા . .'



બધા ચોંકી ઊઠ્યા તે ક્યારે હોશમાં આવી અહીં પહોંચી ગયો તેનું કોઈને ધ્યાન રહ્યું નહોતું. ઈસ્માઈલ ઊભો થઈને તેને રોકી પાડે તે પહેલાં અમીર ગણેશા તરફ ધસી ગયો. કાળજા કંપાવી દે તેવા આક્રંદ સાથે તે માના શબને વળગી પડ્યો : 'નહીં, નહીં ! મારી અમ્માને નહીં લઈ જવા દઉં' તેના આક્રંદ અને આંસુએ ઘાતકી ઠગોનાં દિલ હચમચાવી દીધા પણ ગણેશામાં દયા ન જાગી. જડબા ભીંસીને તેણે છોકરાનો કાંઠલો પકડ્યો : 'હઠી જા કુત્તા ! નહીંતર તને પણ દફનાવી દઈશ'

સાડા ચાર વરસના છોકરાનાં દિમાગમાં એકાએક ખુન્નસ ઊભરાઈ આવ્યું, ચિત્તાની માફક તરાપ મારીને તેણે ગણેશાની બોચી પકડી લીધી. તેને ગણેશાથી વિખૂટો પાડવા ઈસ્માઈલ ધસી આવ્યો. તે એના પગ પકડવા ગયો પણ અમીરે જોરથી લાત લગાવી દીધી. ઈસ્માઈલની જમણી આંખમાં એના પગના અંગૂઠાનો ઝોકો વાગ્યો અને તે આંખ ચોળવા રોકાયો એટલીવારમાં અમીરે મા-બાપનું વેર વાળવા માંગતો હોય એવા ઝનૂન સાથે ગણેશાની ગળચીમાં દાંત ખૂંતાડી દીધા.

'ઓય મા !' ગણેશા જેવા કદાવર આદમીથી પણ રાડ નંખાઈ ગઈ. અમીરના દાંત એટલા ઊંડા ઊતરી ગયા હતા કે તેને આઘો હડસેલવા માટે ગણેશાને જોર અજમાવવું પડ્યું. મજબૂત પંજામાં તેણે અમીરની બોચી પકડી, દબાવી અને પછી જોરદાર ઝાટકા સાથે છોકરાને હવામાં ફંગોળી દીધો : 'સાલા કુત્તા !'

ધડાંગ કરતા અવાજ સાથે અમીરનું માથું પથ્થર પર પટકાયું. ઈસ્માઈલની છાતીમાં ચીરાડો પડયો. ગણેશાની ડોકમાંથી લોહી ફૂટી નીકળ્યું. બીજા બધા સાથીઓ ફાટી આંખે, ' આ શું બની ગયું' એવા ભાવથી જોતા રહ્યા. પાંચ-સાત પળ સુધી ગજબનાક સન્નાટો છવાઈ ગયો.

ઈસ્માઈલ ઊઠ્યો. અમીર પટકાયો હતો ત્યાં દોડી ગયો. તેની નબળાઈ પર રોષ ઠાલવતો હોય તેમ ગણેશા થૂંક્યો. પછી અમીરની ખીજ તેની મા પર ઉતારવા માટે કમરમાંથી જમૈયો ખેંચ્યો. ચીરા પાડવાને બદલે તેણે લાશની છાતી પર બે ત્રણ ઊંડા ઘા કરી દીધા. જડ શરીરમાંથી લોહીની શેર અધ્ધર ઊછળી. એ જોઈને ગણેશાની લોહી તરસી આંખો ઝબકી ઊઠી.

'ચાલો, માટી ધરબી દો એના પર.' લોહીથી ખરડાયેલા હાથ જોતો ગણેશા કહેતો હતો : 'અને સરદારને પૂછી જુઓ ... પઠાણનો બચ્ચો મરી ચૂક્યો હોય તો એનેય ધરબી દઈએ.'

પણ એનો જવાબ આપવા માટે ઈસ્માઈલ ત્યાં નહોતો. નદી કાંઠે બેહોશ અમીરના લમણાનો જખમ ધોતો બેઠો હતો. શ્વાસે-શ્વાસે એનું દિલ ખુદાની દુઆ માંગતું હતું : 'આટલા વરસે બેટો આપ્યો છે તો હવે એને છીનવી ન લેતા પરવરદિગાર !' તેણે મનમાં એક ફેંસલો કરી રાખ્યો હતો-જો અમીરની આંખો ફરી નહીં ઉઘડે તો ગણેશાનું માથું ધડથી અલગ કરી નાખીશ . . .

*

હોશમાં આવીને અમીરે આંખો ઉઘાડી ત્યારે તેના માથા પાસે ઝંળુબીને બેઠેલા ઈસ્માઈલના હોઠ પર આછી ખુશી ફરકી ગઈ : 'અમીર . . . બેટા અમીર !' ક્હેતાં તેના ગળે ડૂમો ભરાઈ આવ્યો.

પણ અમીરની કીકીઓમાં કોઈ જ ભાવ ફરક્યા નહીં. વરસોની ઊંઘ પછી ઊઠ્યો હોય તેમ તે ઈસ્માઈલને જોતો હતો. ઓળખવા મથતો હતો. ઈસ્માઈલની બાજુમાં બેઠેલા તેના સાથીઓ તરફ જોવા અમીર ડોક ફેરવવા ગયો ત્યારે લમણામાં પીડા લબકી ઊઠી. ધીમે ધીમે હાથ ઊંચો કરીને કપાળ સુધી લઈ ગયો. પાટા પર હાથ ફેરવતાં જખમ પર આંગળીનાં ટેરવાં દબાયાં અને ઝાટકા સાથે હાથ પાછો ખેંચી લીધો. આંખોના ખૂણામાં આંસુ બાઝી ગયાં.

ઈસ્માઈલે હેતાળ હાથે તેના આંસુ લૂછી નાખ્યાં : 'બેટા જલદી મટી જશે હો . . .' ક્હેતો અમીરની છાતી પર હાથ ફેરવવા લાગ્યો.

અમીરે અણગમા સાથે તેનો હાથ તરછોડી દીધો : 'તમે કોણ છો ?'

'મને ન ઓળખ્યો બેટા !' ઈસ્માઈલને અચરજ થયું. છોકરાના દિલ પર ગહેરી ચોટ લાગી તેના આઘાતમાં એ પોતાનેય ભૂલી ગયો ! તે ક્હેવા જતો હતો: હું . . . હું તારો ઈસ્માઈલ ચાચા- પણ તેને બદલે આપોઆપ બોલાઈ ગયું : 'બેટા હું તારો બાપ છું.'

'બા . . .પુ !' અમીરના હોઠ ફફડ્યા પણ, તેમાં લાગણીનો રણકો નહોતો. કીકીઓ ચકળવકળ કરતો તે ધારી ધારીને એને જોવા લાગ્યો. કાંઈક યાદ કરવાની મથામણમાં હોય તેમ લમણા પર હથેળી ટેક્વી રાખી, મનમા મૂંઝારો થવા લાગ્યો, ભીતરમાં કાંઈક ચૂંથાતું હતું, ડહોળાતું હતું પણ બહાર આવતું નહોતું. કુમળા ચહેરા પર યાતના ફેલાવા લાગી અને પછી સહેવાતું ન હોય તેમ તે ધ્રૂજી ઊઠ્યો - ચોધાર આંસુએ રડી પડ્યો.

ઈસ્માઈલને આશા જાગી. આંસુ વાટે આઘાત બહાર વહી જશે તો દિલ હળવું થશે, જે કાંઈ તેણે જોયું છે તે ભુલાઈ જશે અને અમીર પોતાનો બની જશે... તેણે એને રોવા દીધો.

એકાએક અમીરની આંખનાં આસુ થંભી ગયાં. ઊંચી નજર કરીને તે કોની સામે તાકી રહ્યો હતો ? ઈસ્માઈલે ડોક મરડીને જોયું તો પાછળ ગણેશા ઊભો હતો. ગણેશાને જોઈને અમીર ચિલ્લાશે, આવેશમાં બેઠો થઈ જશે એવું ઈસ્માઈલે ત્યારે માન્યું. પણ નાનકડી કીકીઓમાં એવી કોઈ ઉથલપાથલ ન દેખાઈ ત્યારે ઈસ્માઈલને અને તેના કરતાં ય ગણેશાને વધારે તાજ્જુબી થઈ. અમીરને યાદ દેવડાવવા માટે ગણેશાએ ડોક પર હાથ ફેરવીને કરડાકી દેખાડી ત્યારે છોકરો ઊંડા વિચારમાં પડી ગયો, ફરી પાછો કાંઈક યાદ કરવાની મથામણમાં ગૂંચવાયો.

ઈસ્માઈલને ડર લાગતો. ગણેશાને જોઈને છોકરાના મનમાં એ દ્રશ્ય તાજું થશે, તેને બધું યાદ આવી જશે ...

'ગણેશા, તું કેમ આવ્યો ?' ઊભા થઈને ઈસ્માઈલે રામસી જબાનમાં તેનો અણગમો દેખાડ્યો.

'સાથીઓ તારી સાથે મસલત કરવા માગે છે.' નજર અમીર પર તાકેલી રાખીને ગણેશા કહેતો હતો : 'એ લોકો આગળ વધવા ઊંચાનીચા થાય છે.'

'તું જા, હું આવું છું.' ઈસ્માઈલે સખ્તાઈથી કહ્યું ત્યારે ગણેશા ચાલ્યો તો ગયો પણ પાછળ ફરીને બેત્રણ વખત ખંધાઈપૂર્વક જોતો ગયો. જાણે કહેતો હોય : પારકા બેટાના બાપ બની બેસવું એટલું આસાન નથી મિયાં ...

મસલતમાં ગણેશાએ ધાર્યું હતું એવી ટપાટપી થઈ નહીં.

'સરદાર, તમે આ છોકરાની લપ સાથે વળગાડીને સફર આગળ ધપાવવાની ખ્વાહીશ ધરાવો છો ?'

ઈસ્માઈલ વિચારમાં ખામોશ જ રહ્યો.

'છોકરાએ ઘણું બધું નજરો નજર જોયું છે. ઈન્દોર પહોંચતા સુધીમાં એ બેવકૂફ આપણી પોલ બહાર પાડી દેશે.'

'ગણેશાની વાત વિચારવા જેવી છે,' બેત્રણ જણાએ ટાપશી પૂરી ત્યારે ઈસ્માઈલ ચોંક્યો. હવે તેને ખ્યાલ આવ્યો કે સામનો એકલા ગણેશાનો જ નહોતો

કરવાનો.

'તો શું કરવું જોઈએ !'

'મેં પહેલા કીધું હતું એમ ...' ગણેશાએ અધીરાઈ દેખાડી પણ ઈસ્માઈલે તેને આગળ બોલવા ન દીધો : 'એ સિવાયની બીજી વાત કર ગણેશા ... અમીરને ખાતર જરૂર પડશે તો હું મારો જાન આપી દેતા કે બીજાનો જાન ઝૂંટવી લેતા ખચકાઈશ નહીં.'

વાતાવરણ તંગ બની ગયું.

'તો આપણી સફર આગળ કેમ વધશે ?' એક વૃદ્ધ સાથીએ નિઃસાસો નાખ્યો : 'નીકળ્યા ત્યારે શુકન બહુ સારા થયેલા, શિકાર પણ માલદાર મળી ગયો અને હવે એક છોકરા ખાતર બધું વેડફાઈ જવાનું.'

'તમારા કોઈનું કાંઈ નહીં બગડે.' ઈસ્માઈલે પોતાનો ઈરાદો જાહેર કર્યો : 'આગળની સફરમાં હું તમારી સાથે નહીં હોઉં'

ગણેશા સિવાય બધાએ આંચકો અનુભવ્યો.

'અમીરને લઈને હું ઘેર પાછો ફરું છું.' ઈસ્માઈલ મક્કમ અવાજે કહેવા લાગ્યો : 'મારે લૂંટમાં ભાગ પણ નથી લેવો. ખુદાએ મને બેટો આપીને લખલૂંટ દૌલત બક્ષી દીધી છે.'

'પણ સરદાર, આ છોકરાને ઘેર લઈ જશો તો ત્યાં તમારો ભાંડો ફોડી નાખશે. ઘરમાં અને ગામમાં આપણો ધંધો ઉઘાડો પાડી દેશે.' ગણેશા ઈસ્માઈલને પજવવા માગતો હોય એ રીતે કહી ગયો 'પછી તમને પસ્તાવાનોય વખત નહીં રહે.'

'મારી ફિકર તું શું કામ કરે છે ગણેશા ! તેં એને અધ્ધર ઉછાળીને - પછાડીને જખમી કર્યો ત્યારે મને તારા ઉપર કાળ ચડ્યો હતો ...' ઈસ્માઈલ અટક્યો. થૂંક ગળે ઉતારીને ઉમેર્યું : 'પણ માથાના એ ફટકાએ એને બધું ભુલવાડી દીધું છે - હવે એ તને કે મનેય ઓળખતો નથી'

'એ તો થોડા વખત માટે' ગણેશાએ દલીલ ચાલુ રાખી : 'જે દિવસે તેને બધું યાદ આવશે અને એને જાણ થશે કે એના મા-બાપની હત્યા તમારા હાથે થઈ છે ત્યારે તમને બેરહેમપણે રહેંશી નાખશે.'

'ચૂપ રહે ગણેશા ! જેને મેં બેટો માન્યો છે તેના હાથે મારું મોત થાય તોય

હું અફસોસ નહીં કરું.'

કોઈ કાંઈ બોલ્યું નહીં. ઈસ્માઈલ ઊભો થઈ ગયો. હજુ તેને કાંઈક કહેવું હતું. મનમાં રહી ગયેલી કડવાશ જબાને લાવવી હતી : 'અને ગણેશા, આજ પછી આપણા રસ્તા જુદા પડે છે. મારી ટોળીમાં સામેલ થવાની ક્યારેય કોશિશ કરીશ નહીં-ખુદા હાફીઝ.'

'ખુદા હાફીઝ !' ગણેશા સિવાય બધાએ વળતો જવાબ આપ્યો.

બસ, ગણેશા અને ઈસ્માઈલની સફર ફંટાઈ ગઈ - સાથે સાથે અમીરની જિંદગી પણ . . .

*

'મરિયમ, જો તો ખરી તારા માટે હું શું લઈ આવ્યો.'

ઊંઘી ગયેલા અમીરને બંને હાથમાં ઊંચકી ઘરમાં દાખલ થતાં જ ઈસ્માઈલે ખુશાલી ઉછાળી. ખાવિંદને અણધાર્યા પાછા ફરેલ જોઈ મરિયમ પહેલાં તો હેબતાઈ ગઈ. કાંઈક અજુગતું બન્યું હોવાનો વહેમ જાગ્યો પણ ખુશાલીના પડઘાએ તેને ધરપત બક્ષી. હેત નીતરતી નજરે તે ઈસ્માઈલને જોવા લાગી.

'મારી સામે નહી આને જો.' બંને હાથ લંબાવી તેની નજદીક ગયો : 'તારા માટે ખૂબસુરત બેટો લાવ્યો છું.'

'બેટો' શબ્દ કાને પડતાં જ મરિયમનું માતૃત્વ છલકાવા લાગ્યું. ઊંઘતા અમીરનો માસુમ ચહેરો કીકીમાં સમાવી લેવા એ તલપાપડ બની ગઈ ! બીડાયેલી કળી જેવા પાતળા હોઠ, આંખો પર ઢાળી દીધેલી મુલાયમ પાંપણ, સુંવાળા વાળના ઝુલ્ફા અને લીસ્સું કપાળ . . . પણ અરે લમણામાં આ જખમ શેનો છે ! તાજો જ જખમ દેખાય છે.'

'કેમ . . . છેને ખૂબસુરત ?'

'બેહદ ખૂબસુરત છે પણ . . .' મરિયમ સહેજ થોથવાઈ ગઈ. ઈસ્માઈલના હાથ થોડા ધ્રૂજ્યા. એ હમણાં પૂછશે કે આને તમે ક્યાંથી લઈ આવ્યા ? પણ મરિયમે જુદું જ પૂછ્યું :

'તેના કપાળે આ ઘા શેનો છે ?'

ઈસ્માઈલે આ સવાલનો જવાબ તૈયાર રાખ્યો નહોતો. અમીરને

બિછાનામાં સુવડાવવાના બહાને તે પીઠ ફેરવીને દૂર હટી ગયો : 'એ તો ઘોડા પરથી પડી ગયો'તો એની જરા ચોટ લાગી.'

'જરાક ચોટ લાગી !' મરિયમનો સાદ અનાયસ ઊંચો થયો : કેટલો મોટો જખમ છે ! બેટો માનીને લઈ આવ્યા અને આટલું ય જતન નથી કરી શકતા ?'

હજુ છોકરાને પૂરો જોયો ન જોયો ત્યાં આ ઓરતની મમતા માનો હક્ક કરી બેઠી ! મરિયમે ઝટપટ પટારામાંથી રેશમી રજાઈ કાઢી અમીરને ઓઢાડી દીધી. વહાલભેર નિરખતી માથાના વાળમાં આંગળી ફેરવવા લાગી. દસ વરસના ઘરવાસમાં ધણીને પોતે જ આપી શકી નહીં તે આજે ધણીએ તેને લાવી આપ્યું. ઈસ્માઈલ પોતાને કેટલો બધો પ્યાર કરે છે ! નહીંતર 'બીજી' કરવા માટે બધાએ તેને કેટલું બધું સમજાવ્યું હતું -ખુદ પોતે પણ તેને કહ્યા કરતી : 'ઓલાદ વિનાનું ઘર જહન્નમ જેવું લાગે છે. ઘણા મરદો છતી ઓલાદે બીજી-ત્રીજી બીબી ઘરમાં બેસાડે છે. ત્યારે તમે તો-'

પણ ઈસ્માઈલ તેને આગળ બોલવા ન દેતો : 'મરિયમ, ઓલાદ તો ખુદાની દેન છે. તકદીરમાં નહીં હોય તો ચાર બીબી લાવ્યા પછી એ સુખ હાંસલ નહીં થાય. આપણા પડોશી નુરઅલીને જોને. બેટા માટે કેવો તલસે છે-અને બેટીઓ જ પેદા થતી રહે છે !'

'તો શું ઓલાદ વિના જ જિંદગી ગુજારી નાખશો ?'

'એવું કોણે કહ્યું ?' ઈસ્માઈલ ધરપત આપતો : 'આપણે કોઈના બેટાને ખોળે લેશું. મેં એક છોકરાને જોઈ રાખ્યો છે. જરા મોટો થાય એટલે લઈ આવીશ.'

અને ઈસ્માઈલે આજે ખોળાના ખૂંદનારની એ ખોટ પૂરી દીધી. છોકરો ક્યારે આંખો ઉઘાડે અને પોતાને જોઈને 'મા' કહી પોકારે એવી ઝંખના જાગી ઊઠી.

'હવે મારા ખાણાનો બંદોબસ્ત કરીશ કે છોકરાને જ જોયા કરવાની ?'

ખાવિંદના બોલથી મરિયમની તંદ્રા તૂટી ગઈ. લાગણીવશ થઈને તે ઈસ્માઈલને પ્યારથી ભેટી પડી : 'અત્યારથી જ તમને અદેખાઈ થવા માંડીને ?'

થોડીવાર મદહોશ ખામોશી છવાઈ ગઈ. પછી ઈસ્માઈલથી અલગ થતાં મરિયમ કહી બેઠી : 'આ વખતે તમે સફરે ઊપડી ગયા પછી કોણ જાણે બહુ જીવ બળ્યા કરતો હતો. હમણાં હમણાં ઠગ લોકોનો ત્રાસ વધી ગયો હોવાનું સાંભળ્યું છે. કહે છે કે મુસાફરોને જીવતાં છોડતા જ નથી.'

ઠગનું નામ પડતાં જ ઈસ્માઈલ આંચકા સાથે દૂર હઠી ગયો. એના ચહેરાની રેખાઓ તંગ બની ગઈ. તેના આ ભાવપલટાથી મરિયમ પણ હેબતાઈ ગઈ : 'તમે આમ ડરી કેમ ગયા ?'

ઈસ્માઈલે લૂખ્ખું હસવાનો પ્રયાસ કર્યો બીબીને એ શું જવાબ આપે ? પોતે જ ઠગ હતો એનો મરિયમને ક્યારેય જરા સરખો અંદાજ આવવા દીધો નહોતો. અરે, એવું કોઈ કહે તો પણ મરિયમને મન પોતાનો ખાવિંદ ફિરશ્તા જેવો પાક લાગતો ! એ જ બીબીની જબાનેથી ઉચ્ચારાએલો ઠગ શબ્દ તેનું કાળજું ઉતરડી ગયો. વાત વાળી લેવા માટે તેને કહેવું પડ્યું :

'મરિયમ ! હવે તારે બોલતાં જરા સાવધ રહેવું જોઈએ-ઘરમાં નાનું બચ્ચું છે, આવી વાતો સાંભળે તો એના દિલમાં બહીક ઘૂસી જાય.'

ત્યારે તો એ વાત પડતી મુકાઈ પણ ધણીનું ભાણું પીરસાઈ ગયા બાદ મરિયમ પૂછ્યા વિના રહી ન શકી : 'હવે એ તો કહો આ છોકરો કોનો છે ? એનાં મા-બાપ કોણ હતાં, કેવા હતાં ?'

કોળિયો મોંમાં મુક્વા ઊંચો થયેલો ઈસ્માઈલનો હાથ અધવચ્ચે જ રોકાઈ ગયો, રસ્તામાં અનેક્વાર વાગોળી રાખેલો જવાબ આપવામાં પણ ઈસ્માઈલને વાર લાગી.

જો મરિયમ, પરાયા બેટાને પોતાનો કરવો જ હોય તો એનાં મા-બાપની વાત જાણવાનું રહેવા દે. નહીંતર તને હંમેશા ખટક્યા કરશે કે આ તારો ખુદનો દીકરો નથી. અમીરને પણ એ વાત આપણે ભૂલવાડી દેવાની છે.'

'અમીર !' મરિયમને નામ બહુ ગમી ગયું. પાંચસાત વાર એકનું એક નામ જીભ પર ફેરવ્યા કર્યું. આવું નામ તો મોટા ઘરના છોકરાનું જ હોય . . . અમીરનું ખાનદાન જાણવાની જિજ્ઞાશા તીવ્ર બની છતાંય તેણે દાબી રાખી. પોતાનો જવાબ બીબીના ગળે ઊતરી ગયો એથી ઈસ્માઈલે ટાઢક અનુભવી, પણ એ ધરપત વધુ વાર ટકી નહિ . . .

ઊંઘતા અમીરે રાડ પાડી : 'અ . . .મ્મા !'

મરિયમ સડાક કરતી ઊભી થઈ ગઈ. ઈસ્માઈલ પણ ધ્રૂજી ઊઠ્યો. અમીર બિછાનામાં હાથપગ પછાડતો જોરજોરથી ચિલ્લાતો હતો : 'નહિ . . . નહિ . . . મારી અમ્માને હું નહીં લઈ જવા દઉં.'

બંધ આંખોમાંથી વહી જતાં આંસુના રેલાએ મરિયમની મમતાને તરફડાવી મૂકી. તેણે અમીરને ગોદમાં ખેંચી લીધો : 'બેટા શું થયું ?'

ઈસ્માઈલનો ચહેરો લેવાઈ ગયો. તેને ફફડાટ જાગ્યો : છોકરો હમણાં કાંઈક કહી દેશે. મરિયમ બધું જ જાણી જશે. બેટો મેળવવા જતાં પોતે બીબીનો પ્યાર પણ ગુમાવી બેસશે . . . તેને ગણેશાના બોલ યાદ આવ્યા, એની આગાહી સાચી પડતી લાગી.

પણ તકદીરની ચાલબાજી કોણ કળી શક્યું છે ? મરિયમની ગોદમાં અમીરને માની હૂંફ સાંપડી હોય તેમ એ રડતો અટકી ગયો. મરિયમ તેને વહાલથી થપથપાવવા લાગી : 'બેટા, તારી અમ્માને કોઈ નહિ લઈ જાય, ઊંઘી જા.'

અમીરે આંખ ઉઘાડી જ નહીં. એ ફરી ઊંઘમાં ઊંડો ઊતરી ગયો. છતાં તેના હિબકાં અટકતાં નહોતાં. માસૂમ બાળકનાં એ મૂંગાં રુદને નિ:સંતાન મરિયમને બેચેન કરી મૂકી. આ અનાથ છોકરાના દુ:ખમાં એ ભાગીદાર બનવા માગતી હતી. એની વેદના સમજવા માગતી હતી.

'જરૂર આ છોકરાને કોઈએ ચોટ પહોંચાડી છે.' ઊંચું જોયા વિના તેણે પૂછી લીધું : 'એની અમ્માને કોણ ઉઠાવી ગયું ?'

અપરાધીની જેમ ઈસ્માઈલ ખામોશ રહ્યો.

'તમારે મને એટલું તો કહેવું જ પડશે.' મરિયમે ધારદાર નજરે તેની સામે જોયું : 'અમીરના કસમ ખાઈને કહું છું કે એ વાત ક્યારેય કોઈની પાસે નહીં ઉચ્ચારું. . .'

બીબીની વેધક આંખોનો તે સામનો ન કરી શક્યો. કાંઈક જવાબ તો આપવો પડશે, નહીંતર એ વધુ વહેમાશે. એક ઊંડો નિ:સાસો નખાઈ ગયો તેનાથી.

'એના મા-બાપ ઠગના શિકાર બની ગયાં.' સચનો પરદો ધરીને તેણે જુઠું કહેવાનું પસંદ કર્યું. 'એની નજર સામે એ બધું બન્યું હશે એટલે ઊંઘમાં એને યાદ આવી જાય છે.'

'ઘાતકી !' મરિયમ ઘૃણાભર્યા અવાજે બોલી ત્યારે ઈસ્માઈલ ભોંઠો પડી ગયો. ચમકીને પૂછી બેઠો 'કોણ ઘાતકી ?'

'એ નરાધમ ઠગ-જેણે આ માસૂમનો મા-બાપનો આધાર ઝૂંટવી લીધો.'

મરિયમના બોલ દયા અને વ્યથાથી ઘૂંટાતા જતા હતા : 'ઇન્સાનના લેબાશમાં એવા શેતાનને ખુદા શા માટે જીવવા દેતો હશે? નખ્ખોદ જાય એ નરાધમોનં. . .'

ધ્રૂજી ઊઠ્યો ઈસ્માઈલ ! એક એક બોલ ઝેરીલા સાપની જેમ તેના કાળજે ડંખ ચાંપી ગયાં. પોતાની જ બીબી અજાણપણે તેને શાપ આપી રહી છે. તેને નરાધમ કહી રહી છે !

'સફરનો થાક લાગ્યો છે-મને ઊંઘ આવે છે.' કહીને ઈસ્માઈલ આઘો ખસી ગયો. ફાનસના અજવાળામાં ઉપસતા પોતાના પડછાયાનો પણ તેને ડર લાગવા માંડ્યો.

'હું આને મારા પડખામાં લઈને સૂઈ જાઉં છું.' મરિયમ હજુય દુભાયેલા અવાજે કહેતી હતી : 'રાતે ઊઠી જશે તો એને કાંઈક ખવડાવીશ-બિચારો ભૂખ્યો હશે.'

છત તરફ તાકીને બિછાનામાં પડેલા ઈસ્માઈલે ક્યાંય સુધી વિચારીને કહ્યું : 'મરિયમ, અમીરને ક્યારેય તું એના ભૂતકાળની પૂછતાછ કરતી નહીં. બીજા કોઈ એની પાસેથી વાત કઢાવવા કોશિશ ન કરે એ માટે સાવધ રહેજે . . . નહીંતર તારો બેટો તને કદી મા નહીં માની શકે.'

ધણી પોતાના સુખનો કેટલો ખ્યાલ રાખે છે એ વિચારે મરિયમનું દિલ ભીંજાઇ ગયું. ઈસ્માઈલ પર પ્યાર ન્યોછાવર કરવાનો તલસાટ જાગ્યો, પણ અમીરના હિબકાંએ તેને ઊઠવા ન દીધી. તેને જ છાતી સરસો ચાંપીને એ ઊંઘી ગઈ.

*

અમીરને માનો પ્યાર મળ્યો, બાપનો આધાર સાંપડ્યો. છતાં બની ગયેલી ઘટનાનો ભાર તેના કુમળા મન પરથી હઠતો નહોતો. જે માગતો એ ખાવા-પીવા અને પહેરવા મળતું. તેની ખુશી ખાતર મરિયમ અને ઈસ્માઈલ બધું કરી છૂટતાં, છતાં ક્યારેક તે એકાએક ઉદાસ બની જતો, બેચેન બેસી રહેતો, ગુમસુમ નજરે બારી બહાર જોયા કરતો. કાંઈક ખટકતું હતું, પણ ખબર પડતી નહોતી. કાંઈક બહાર આવવા વલખાં મારતું હતું, પણ ભીતરમાં જ વલોવાઈ જતું. ઈસ્માઈલની મનાઈ હોવા છતાં અમીર જિદ કરતો ત્યારે મરિયમ તેને શેરીના છોકરા સાથે રમવા મોકલી દેતી. અમીરની બોલીમાં પઠાણી છાંટ રહેતી એટલે બધા પૂછપરછ કરતા : તું કોનો

દીકરો છો ? ઈસ્માઈલ ચાચા તને ક્યાંથી લઈ આવ્યા ?

અમીર જવાબ ન આપી શકતો. પોતે પણ આ કોયડો ઉકેલવા માગતો હતો. પાલક મા-બાપને કોઈવાર પૂછી બેસતો પણ મરિયમ તેને ફોસલાવીને જુદી જ વાત કરતી : 'તું અમારો જ બેટો છે. તારે કોઈની વાત સાંભળવી નહીં અને કોઈ પૂછે તો કાંઈ કહેવું નહીં.'

પણ ગામલોકોનું કુતૂહલ કૂદાકૂદ કરવા લાગ્યું ત્યારે ઈસ્માઈલ તંગ આવી ગયો. અમીરને લઈ આવ્યા પછી વેપારમાં ધ્યાન આપી શકાતું નહીં દુકાને પણ એની એ જ વાત ડહોળાતી. ગુન્હેગારની જેમ અંજપો તેનો પીછો છોડતો નહોતો. વાત હદ બહાર વધવા લાગી ત્યારે તેણે એકાએક ફેંસલો કરી લીધો :

'મરિયમ, આવતી કાલે આપણે ઘર છોડી જવું છે, બીજે ગામ રહેવા ચાલ્યા જવાનું મેં નક્કી કરી નાખ્યું છે.'

મરિયમે વિરોધ ન કર્યો. અમીરના સુખને ખાતર પોતે ગમે તે કરવા તૈયાર હતી. તેણે એટલું જ પૂછ્યું : 'ક્યે ગામ જવાનું છે ?

'મુરનાઈ-અહીંથી છેટે છે. ત્યાં આપણને કોઈ પજવવા આવશે નહીં. અમીરનેય નિરાંત થઈ જશે.'

મરિયમે રાજી થઈને સંમતિ આપી તો દીધી, પણ તેને ક્યાં ખબર હતી કે જિંદગીનો સૌથી મોટો આઘાત ત્યાં જઈને જીરવવાનો હતો ?

*

૪

અમીરના પગલે ઈસ્માઈલના ધંધામાં બરકત થવા લાગી. ઘરમા અમીરી આળોટવા માંડી. પાંચ વરસમાં ઈસ્માઈલ મુરનાંઇ ગામનો જાણીતો શાહ સોદાગર બની ગયો. દિવસમાં પાંચ વખત નમાઝ પઢનારો, ગરીબોને સખાવત કરનારો, નાચ-ગાન કે શરાબની બૂરી આદતથી આઘો રહેનારો આ ઈન્સાન એક પાવરધો ઠગ છે એવી કોઈને ગંધ પણ ક્યાંથી આવે ?

ઈસ્માઈલ જેવો 'નેક' શૌહર હતો, અમીર જેવો ખૂબસુરત બેટો મળ્યો અને વધારામાં ખુદાની રહેમ વરસવા લાગી પછી મરિયમને જિંદગીમાં ઊણપ શેની વરતાય ? હવે ઈસ્માઈલ વરસમાં ચાર મહિના 'માલ ખરીદવા' સફરે જતો રહેતો ત્યારે મરિયમને એકલવાયું ન લાગતું. અમીરના ઉછેરમાં તેનું મન પરોવાયેલું રહેતું. મુલ્લાની નિશાળમાં એ શું ભણી આવ્યો તેની પૂછતાછ કરતી, રોજ રાતે અમીર પાસે કુરાનેશરીફ વંચાવતી અને એકના એક બેટાની તરક્કી જોઈને દિલમાં હરખાતી.

છતાં પણ ઈસ્માઈલ સફરેથી પાછો ન ફરે ત્યાં લગી એક છાનો ઉચાટ મનને ચીંટિયો ભર્યા કરતો. ખાસ કરીને ઘરકામ કરવા આવતી શિરીનને જોઈને તેનો જીવ ખટક્યા કરતો. બે વરસ પહેલાં તેનો ખાવિંદ કાસમ ખલાસી વહાણ લઈને ગયો તે ગયો, એ તો ન આવ્યો પણ એના કોઈ વાવડે ન મળ્યા. ઘરમાં વરસની ખાધા ખોરાકી નાખીને વહાણે ચડ્યો હતો. શિરીને સવા વરસ તાણીતૂણીને પોતાનો અને બેટા-બેટીનો પેટ ગુજારો કર્યો અને આખરે પારકાં કામની ગુલામી માથે લેવી પડી. અફ્લો અને ગુલ માનો જીવ ખાધા કરે છે : 'કહેને, બાપુ ક્યારે આવશે ? મા,

શેરીના છોકરાઓ અમને કેવું બોલે છે ! કહે છે કે તમારા બાપુનું વહાણ ડૂબી ગયું હવે એ ક્યારેય પાછા નહીં આવે.' બિચારી શિરીન છોકરાઓને જવાબ ન આપી શકતી. બંનેને પડખામાં ચાંપી દઇ ચોધાર આંસુએ રડી લેતી અને પોકળ દિલાસો આપતી : 'નહીં બેટા, લોકો જૂઠું કહે છે એ જરૂર પાછા આવશે. દરિયો તોફાની હોય ત્યારે કોઈક્વાર બે વરસ પણ લાગી જાય . . .'

ધણી પાછો ન આવે તો છૈયા-છોકરાં કેવાં નોધારાં થઈ જાય છે એનો દાખલો મરિયમની નજર સામે રહેતો એટલે જ ઈસ્માઈલની સફર તેને અકળાવી મૂકતી હતી. વહાણે ચડનારાઓને દરિયાના ચાંચિયાનો ભય રહેતો તેમ સફરે જનારાને રસ્તાના ઠગ-લૂંટારાનું જોખમ વહોરવું પડતું. તેમાં વળી ઈસ્માઈલ તો વેપારી હતો, મોટી રકમનો માલ ખરીદવા જતો . . . કોને ખબર ક્યારેક -

મરિયમ આગળ વિચારી ન શકતી.

'આ વખતે હું તમને સફરમાં નહીં જવા દઉં'

સાંભળીને ઈસ્માઈલ ચમક્યો. મરિયમને એના પેશાની ગંધ તો નહીં આવી ગઈ હોય ને ?'

'કેમ મારા પર ભરોસો નથી ?' ઈસ્માઈલે મજાકનો ઝોક આપવા હળવાશથી કહ્યું : 'પાંચ વરસ પહેલાં સફરમાંથી કોઈનો બેટો લઈ આવ્યો હતો તેમ કોઈની બીબીને ઉઠાવી લાવીશ એવો વહેમ તો નથી ને તને ?'

'હું જ્યારે આવી વાત કરું છું ત્યારે તમે હસી કાઢો છો.' મરીયમે છેડાઈ પડવાના ભાવ સાથે કહ્યું : 'તમે કોઈની બીબીને ઉઠાવી લાવો એવા નાપાક નથી એ હું જાણું છું એટલે જ તમે આવું બોલો છો . . . છતાં કહી દઉં કે એવી કોઈને લઈ આવશો તો અમીરની જેમ જ તેને પ્યારથી ઘરમાં રાખીશ.'

બીબીની નિખાલસતા પર ઈસ્માઈલ મલકી ઊઠ્યો. પણ મરિયમે જાણી કરીને ચહેરો તંગ રાખ્યો : 'મને વહેમ તો તકદીરની ટેડી ચાલનો છે. આવી જોખમી સફર ખેડવાની હવે આપણે ક્યાં જરૂર છે ? ખુદાએ છૂટ્ટા હાથે દોલત બક્ષી છે. ખાવાવાળાં ઝાઝાં તો છીએ નહીં. પછી આ ઉપાધિ શું કામ !

ઈસ્માઈલ તેને મનાવતો-સમજાવતો :

'જો મરિયમ, આ બધું હું અમીરને ખાતર કરું છું. એકના એક બેટાની શાદી થાય ત્યારે જાણે શાહજાદાની બારાત નીકળી હોય એવો દોરદમામ મારે કરવો છે.

વેપાર તો વધાર્યો વધે. આવતી દોલતને ઠુકરાવીએ તો એ રિસાઈ જાય અને હોય તે પણ ચાલી જાય છે.'

'હું વેપાર કરવાની ક્યાં ના કહું છું ?' મરિયમ પોતાના દિલની હાલત બરાબર સમજાવી ન શકતી : 'મારે તો એટલું જ કહેવું છે કે સફરે ગયા વિના થાય તેટલું કરો.'

ઈસ્માઈલને હસવું આવતું : 'અરે ગાંડી, વેપારની ખરખબર નથી એટલે તું આમ કહે છે. માલ ખરીદવા ગયા વિના શેનો ધંધો કરું ? દેશમાંથી સારામાં સારી ચીજ લઈ આવું છું એટલે તો રાજાના મહેલમાં પણ મારા પગલાં થાય છે.'

'બીજા કોઈને માલ લેવા મોકલો . . .'

'પારકે ભરોસે વેપાર ન થાય સમજી ?'

'હું એ કાંઈ ન સમજું. મને તો ઠગ-લૂંટારાનો ડર છે.'

'ઠગ . . . ઠગ !' ઈસ્માઈલ ત્યારે બરાડી ઊઠતો : 'તને તારો ધણી એટલો બૂઝદીલ લાગે છે કે વારંવાર એકનો એક ડર દેખાડ્યા કરે છે ?' આવેશમાં કદાચ એ બોલી જાત કે મને મારા કાંડાની તાકાત પર ભરોસો છે. કમરે બાંધેલા પીળા રૂમાલથી અનેકના શ્વાસ ગૂંગળાવી નાખ્યા છે . . . પણ જાત પર કાબૂ મેળવી લીધો અને એ જ વાત શબ્દો બદલાવીને કહીં : 'મરિયમ, મારી કમરે લટકતી તલવાર પર અને મારા કાંડાની તાકાત પર મને પૂરો ભરોસો છે.' પછી પોતાનો ફેંસલો પણ જણાવી દીધો : 'અમીર મોટો ન થાય ત્યાં લગી મારી સફર ચાલું રહેશે. બાપનો પેશો બેટા સિવાય પારકાના હાથમાં હું નહીં સોંપું.'

ઈસ્માઈલ ક્યા પેશાની વાત કરતો હતો એ બિચારી ભોળી મરિયમને શું ખબર ? ધણીના નેક ઇરાદામાં દખલ કરવા માટે એ અફસોસ દાખવતી : 'હવે ફરી કોઈવાર તમને સફરે જતાં રોકીશ નહીં. ખુદાની રહેમ નજર બધાની હિફાજત કરે.'

છતાં દશેરા પહેલાં ઈસ્માઈલ સફરે જવા ઘેરથી ઊપડ્યો ત્યારે મરિયમ તરફડતી નજરે તેને એ રીતે જોઈ રહી કે જાણે ફરી વાર મળવાના જ ન હોય. ઈસ્માઈલના ગયા પછી એ તરફડાટ આંસુ બનીને વધારે સતાવતો રહ્યો.

*

ભાઈ-બહેનનાં નામ તો હતાં અફલાતુન અને ગુલબદન, પણ અફલો અને

ગુલુ થઈ ગયાં. બેઠી દડીનો અને ઘાટઘૂટ વિનાનો અફલો તેનાથી સવાદોઢ વરસે નાની રૂપકડી ગુલુનો સગોભાઈ છે એમ દેખાવ પરથી કોઈ માને નહીં. આમે ય બંને એક માના હોવા છતાં બાપ જુદાંજુદાં હતાં. શિરીન ઈરાનથી વહાણમાં હિન્દુસ્તાન આવી ત્યારે અફલો પેટમાં હતો અને વહાણની એ સફરમાં એના પર શું-શું વીતી ગયું તેની કથની હજુય શિરીનના પેટમાં જ રહી હતી. મરિયમનું ઘરકામ કરતાં તેની સાથે થોડો જીવ મળી ગયેલો એટલે દિલનો ઊભરો ઠાલવવા શિરીન ક્યારેક તેને ત્રુટક-છૂટક વાત કહેતી.

અફલો અને ગુલ મોટા ભાગે અમીરને ત્યાં જ રહેતાં. અમીર-અફલા વચ્ચે જિગરી દોસ્તી બંધાઈ ગઈ અને ગુલ એ બંનેનુ રમકડું બની ગઈ. મુરનાઈ આવીને પહેલીવહેલી વાર ગુલુને જોઈ ત્યારે અમીરના બાળક દિલમાં લાગણીની ન સમજાય એવી ઉથલપાથલ મચી ગઈ હતી. ઢીંગલી જેવી એ છોકરીના રતુમડા ગાલે તેનો ભાઈ અફલો હેતથી બકી ભરતો ત્યારે અમીર કાંઈક ઊંડા વિચારમાં ગૂંચવાઈ જતો. તેને આછું આછું યાદ આવી જતું કે મેં ક્યારેક કોઈક છોકરીને રમાડી છે, તેને વહાલ કર્યું છે ... શું એ બધું સપનામાં થયું હશે ?

ભુલાઈ ગયેલા ભૂતકાળથી ધૂંધળી અસરનું ધુમ્મસ અમીરના દિમાગ પર આ રીતે ચકરાવો લીધા કરતું. ખાસ કરીને ગુલુને જોતો ત્યારે કોઈક માસુમ ચહેરાને યાદ કરવાનો તરફડાટ જાગી જતો. એને ખબર નહોતી કે એ ચહેરો એની એક વખતની બહેન છોટીનો છે. ઘણીવાર ઢબ્બુનો સિક્કો હાથમાં રમાડતો હોય ત્યારે કોઈ રહસ્યમય ઝણઝણાટી મનમાં થઈ આવતી.

મરિયમને આ પાંચ વરસમાં તેણે કેટકેટલી વાર પૂછી લીધું હશે : 'હેં મા, અફલાની જેમ મારે કોઈ બહેન કેમ નથી ?'

મરિયમને જવાબ આપવો મુશ્કેલ થઈ પડતો : 'ખુદાના હાથની વાત છે.' એવા જવાબમાં અમીરને સંતોષ ન થતો. તેની દલીલ ક્યારેક મરિયમને સમસમાવી દેતી : 'ખુદાએ મને બહેન ન આપી તો ય એનાં સપનાં શા માટે આવે છે ? સપનામાં એ મને બકી પણ ભરવા દે છે.'

મરિયમ હસી પડતી. તેને એવું અનુમાન ક્યાંથી સૂઝે કે અમીરના બોલમાં બાલીશતા નહીં પણ સચ્ચાઈ હતી. મા જવાબ ટાળતી ગઈ અને અમીર સમજણો થતો ગયો તેમ સવાલ પૂછવાનું માંડી વાળતો ગયો.

હવે તે ક્યારેક અફલાને પૂછી બેસતો : 'અફલા, તારી ગુલુને હું એક બકી ભરું ?'

હોં . . . હોં . . . હોં કરીને અફલો હસી પડતો. તેને વાતવાતમાં મોટેથી હસવાની આદત પડી ગયેલી : 'અમીર, તું એનો ભાઈ ક્યાં છો ? તારાથી બકી ન ભરાય.'

અમીર ઝંખવાણો પડીને પૂછતો : 'ભાઈ સિવાય કોઈથી બકી ન ભરાય ?'

'નહીં !' ગરીબ અફલો પોરસથી કહેતો. આ એક જ બાબતમાં પોતે તેનાથી શ્રીમંત છે એવું ગુમાન તેના અવાજમાં ઉછળી પડતું : 'ભાઈ સિવાય એક જણથી ભરાય.'

'કોનાથી ?' ઉત્સુકપણે અમીર પૂછી લેતો.

'તને ખબર નથી !' અફલાની આંખો ચમકી જતી. શેરીના છોકરાઓ સાથે રમવાને કારણે પોતે ઘણું બધું જાણે છે એવો ભાવ ચહેરા પર તરવરી ઊઠતો : 'એક ભાઈ અને બીજો શૌહર બેને એની છૂટ છે.'

'શૌહર !' અમીર ઝંખવાણો પડી જતો. હવે નવ વરસનો થયો હતો એટલે એનો આછો આછો મતલબ સમજતો થયેલો. શૌહર બનવા માટે તો શાદી કરવી પડે, માથે સહેરો બાંધવો પડે. છોકરી સાથે નિકાહ પઢવા પડે . . .

'અમીર, આપણે એક કીમિયો કરીએ.' અફલો યુક્તિ સૂઝાડતો. આમ તો પોતે નોકરાણીનો બેટો હતો એટલે શરૂશરૂમાં અમીરમિયાં કહેવું પડતું પણ દોસ્તી જામી ગયા પછી ભેદભાવ ભૂંસાઈ ગયા અને તું-તાંની બોલાચાલ થવા માંડી.

'શું કીમિયો છે ?' અમીરને અફલાના તુક્કાબાજ ભેજા માટે માન હતું.

'મા અને ગુલુ નદીએ કપડાં ધોવા જાય ત્યારે આપણે બેય સાથે જઈએ. ત્યાં શાદી-શાદીની રમત રમીએ. તું દુલ્હા બનજે, ગુલુ દુલ્હન બને અને હું . . .'

વિચારમાં પડી ગયો અફલો.

'અરે હાં, હું કાજી બનીશ.' અફલો ખુશ થઈને કહેતો : 'તમારા નિકાહ પઢાવીશ . . . કેવો છે આ નુસખો ?'

'સરસ !' ચાલાક અમીર એની તરકીબને દાદ આપતો પણ ફરી મૂંઝવણમાં પડી જવાતું : 'ગુલુ માનશે ?'

'હા, હા, શું કામ નહીં માને ?' અફ્લો જુસ્સો ચડાવતો : 'એ અનાડી મારા કરતાં તારું કહ્યું વધારે માને છે.'

અફ્લાની તરકીબ અજમાવવાની બધી તૈયારી થયેલી. અમીરને માટે ફૂલને બદલે આંબાના પાંદડાનો સહેરો બનાવ્યો. ધોઈને વેકરામાં સૂકવેલા એક કપડાનો પરદો કરવાનું પણ વિચારી રાખ્યું હતું. અરે, બારાત માટે અફ્લો એક ગધેડાને પણ કાન પકડીને લઈ આવેલો છતાં છેલ્લી ઘડીએ ભંગાણ પડી ગયું, નદી કાંઠે કપડાં ધોતી અફ્લાની મા જોઈ ગઈ અને છોકરાઓને તેણે આવી બેહૂદી રમત રમવા માટે તતડાવીને તગડી મૂક્યા.

અમીરે ત્યારથી મનમાં ગાંઠ વાળી દીધી : મોટા થઈને ગુલુના શૌહર બનવું જ ...

*

'અફ્લા ! મોટો થઈને તું શું કરવાનો ?'

નદી કિનારે બોરડી પર પથરો ફેંકતાં અમીરે પૂછ્યું : અફ્લો નીચે ખરેલાં બોર વીણવા દોડ્યો. મોટા થઈને કાંઈ કરવાનો વિચાર સુધ્ધાં તેણે કર્યો નહોતો. અમીરે ફરીને પૂછ્યું ત્યારે તેણે કહેવું પડ્યું : 'યાર મોટા થઈને શું ન કરવું એની મને ખબર છે.' તે ગળગળો ન થઈ ગયો હોત તો અમીર એની વાતને મજાક માની લેત : 'હું કદી વહાણનો ખલાસી નહીં બનું.'

અમીર સમજી ગયો. અફ્લાનો બાપ વહાણે ચડ્યા પછી પાછો ઘેર આવ્યો નહોતો એનો વસવસો અફ્લાને સતાવતો હતો. છતાં અફ્લો વધુ વાર ગંભીર ન રહી શકતો : 'અમીર, તું કહે મોટો થઈને શું કરવાનો ?'

બોરનો ઠળિયો ચગળતાં અમીરે નદી તરફ નજર કરી. શિરીનની બાજુમાં છીપરા પર કપડાં ધોકાવતી ગુલુ એની કીકીઓમાં સમાઈ ગઈ.

'હા ... હા ... હા ...' અફ્લાના બેહૂદા હાસ્યે તેને સજાગ કર્યો. 'તને ય ખબર નથી ને તું શું કરવાનો ?' ધબ્બો મારીને તેણે કહ્યું ત્યારે અમીરે જીભ પરથી ઠળિયો બહાર ફંગોળી દીધો : 'મોટો થઈને હું બહુ મોટો સેનાપતિ બનવાનો.'

'એમ !' અફ્લાની આંખો ચકળવકળ થવા માંડી.

'સાચું કહું છું અફ્લા, બાપુ આ વખતે સફરમાંથી પાછા આવે એટલે

બેનીસિંહ પાસે તલવારબાજી શીખવાનો.'

'તો આપણે તારા સિપાહી બનશું અમીર !' અફલાએ કાયમનો સાથ નિભાવવાનો કોલ આપી દીધો અને બંને ફરી બોર પાડવામાં ગુંથાઈ ગયા.

રાજાનો સાઈસ ઉસમાન નદી કિનારે ઘોડીને ધમારતો શિરીનને સંભળાવતો હતો: 'ઈરાનના બુલબુલ ! પછી મારી વાતનો વિચાર કર્યો કે નહીં?'

શિરીન હોઠ દાબીને કપડાં છબછબાવતી રહી.

'શિરીન, જે મરદ બે વરસથી પાછો આવ્યો નથી એની રાહ જોવામાં જુવાની શું કામ વેડફી નાખે છે ?'

'ઉસમાન !' શિરીન આંખો ફાડીને કહેતી : 'મને સતાવવામાં તને શું મળે છે ? શું કામ મારી પાછળ પડ્યો છે ?' તેના અવાજમાં લાચારી પ્રગટી જતી.

'મહોબ્બતને તું સતામણી કહે છે બુલબુલ ?'

'ખબરદાર, મને બુલબુલ કહી છે તો.'

'અરે વાહ. હું તો મારી ઘોડીને બુલબુલ કહું છું. એ પણ ઈરાનની જ છે ને !'

નફ્ફટ માણસનું મોં કોણ વતાવે, એમ માનીને શિરીન ચૂપ રહી. પણ સાઈસ એ દિવસે તેને પૂરી રીતે પજવવાની જિદ લઈને આવ્યો હતો. બે છોકરાની મા હોવા છતાં, નાની જિંદગીમાં ઝેરના ઘણા ઘૂંટડા પી ગયેલી શિરીનનું રૂપ હજુય મરદની આંખે ચડી જાય એટલું માદક તો હતું જ. તેમાં વળી પાછી ધણીની ઓથ વિનાની, એટલે દાનત બગાડવાનું આદમીને બહાનું મળે.


'બુલબુલ, તારે ઈરાનથી અહીં છેક હિન્દુસ્તાન લગી કેમ આવવું પડ્યું તેની પોલ હું જાણું છું.' ઘોડીની પીઠ પલાણીને તેના પર બંને હાથ ઘસતો ઉસમાન બબડ્યો ત્યારે શિરીન ભડકી. કપડાં નીચોવતા તેના હાથ થંભ્યા. ધારદાર નજરે તેણે ઉસમાન સામે જોયું પણ એ તો ઊલટાનો ખુશ થયો. ધારી અસર ઊપજી છે એવા પોરસથી તેણે મમરો મૂક્યો, 'વહાણના એક ખલાસીએ મને બધી જ વાત કહી દીધી છે હોં.'

'શેની વાત ?' રોષની મારી શિરીન પૂછી બેઠી.

'કેમ ભૂલી ગઈ ?' નીચલા હોઠને ઉપલા દાંતમાં દબાવી રાખી થોડીવાર

ખંધાઈપૂર્વક તાકી રહી ઉસમાન બોલ્યો : 'તું કુંવારી હતી છતાં બે જીવવાળી થઈ. આપઘાત કરવા દરિયામાં કૂદી પડી. કાંઠે લાંગરેલા વહાણના ખલાસીએ તને ઉગારી લીધી. તને હિન્દુસ્તાન લઈ આવવા માટે ભંડકિયામાં પૂરી દીધી. પછી તો એક જુવાન હસીન લડકી અને વરુ જેવા બાર-પંદર ખલાસી. વહાણમાં લડાઈ ફાટી નીકળી.

'બસ ... બસ !' શિરીન રાડ પાડી ઊઠી. સમજણી છોકરી બાજુમાં હતી, બધું સાંભળતી હતી. તેનાથી એ ન સહેવાયું : 'તને હાથ જોડું છું. ઉસમાન. મારો ખેધો છોડ.' તેની આંખમાંથી આંસુ દડવા માંડ્યા : 'આ છોડીનો તો મલાજો રાખ.'



ગુલુ ખરેખર સમજણી પૂરવાર થઈ. માએ નીચોવી રાખેલાં કપડાં ઊંચકીને વેકરામાં સુક્વવાના બહાને દોડી ગઈ-અફ્લો અને અમીર બોર પાડતા હતા ત્યાં.

'તારી છોડી અહીંથી હઠી ગઈ બુલબુલ !' ઉસમાને ઘોડીને કાંઠે ધકેલી દઈ શિરીન તરફ પાણીની છાલક ઉછાળી. તેના ઉઘાડા ગોરા બદન પર છાંટા ઉડ્યા તેથી ઉસમાન ચગ્યો. વધુ નજદીક આવ્યો : 'શિરીન, માની જા !' મારું ઘર માંડ. પછી પારકાનો મેલ ધોવા ખરે તડકે અહીં નહીં આવવું પડે.'

'તારી મેલી નજરને સંભાળ એટલે બસ.' શિરીને છાતી ફરતાં બંને હાથ ઢાંકી રાખી, અંદરથી ફફડતી અને ઉપરથી ફૂંફાડા મારવાનો દેખાવ ટકાવી રાખતી હતી : 'અફ્લાનો બાપ પાછો ફરશે તે દિ' તારો ટોટો પીસી નાખશે.'

'અભિમાની ઓરત !' ઉસમાન દાંત પીસતો આગળ વધ્યો : 'આજ તો તારી ઇજ્જત લીધે જ છૂટકો કરીશ.'

શિરીન ચીસ પાડીને ચાર ડગલાં દૂર હઠી ગઈ. ઉસમાને છલાંગ મારીને તેનું કાંડું પકડી લીધું. હવસના નશામાં આંધળા બનેલા ઉસમાનને સામેથી દોડ્યા આવતા બે છોકરા દેખાયા નહીં. કાંડું મરડીને તેણે શિરીનને નીચે પછાડી દીધી અને વરુના બે પગ વચ્ચે પડેલી હિરણી કાંપે તેમ શિરીનના અંગે અંગમાં ધ્રુજારી થવા લાગી. હમણાં આભ તૂટી પડશે એવા ભયથી તેની આંખો મીંચાઈ ગઈ.

ધડાંગ !

ઉસમાનના કપાળ પર અણીદાર પથરો અફળાયો. અણધાર્યા ઘાથી તેને તમ્મર આવી ગયા. શિરીનની આંખો ઊઘડી ગઈ. ઉસમાનના કપાળમાંથી ઉડેલા લોહીના છાંટાએ તેને ચોંકાવી દીધી.

કપાળે અફળાઈને પડેલા પથ્થર તરફ અને પછી ઘા કરનારા તરફ ઉસમાન ક્રોધની આગ ઓકતો જોઈ રહ્યો. તેના જડબાં તંગ થયા. કપાળ પરથી વહી જતા લોહીની પરવાં કર્યા વિના તેણે પેલો પથ્થર હાથમાં લીધો.

એટલી વારમાં શિરીન તેનાથી દૂર થઈ ગઈ હતી. ઉસમાન અમીર તરફ પથરો ઉગામવા ગયો એ જ વખતે પાછળથી ધસી આવેલા અફ્લાએ બંને હાથે તેનું બાવડું પકડી લીધું.

નાદાન છોકરાની આવી હરકતથી વધુ ભુરાયા થયેલા ઉસમાને પાછલા પગની લાત મારી અફ્લાને દૂર ફંગોળી દીધો અને દસ પગલાં છેટે ઊભેલા અમીર

સામે ઘૂરક્યો : 'તારી આ મજાલ !'

પણ અમીર જરાય ડગ્યો નહીં. બીજો એવો જ અણીદાર પથરો લઈ નાખોરા ફૂલાવતો એ ઊભો હતો. નવ વરસના છોકરાની આંખોમાંથી ઝનૂનના તણખા ઝરવા લાગ્યા. ચહેરાની તણાયેલી રેખાઓ સામનો કરવાના મક્કમ ઈરાદાનો પડકાર ફેંકતી હતી.

ઉસમાન અને અમીરની તીખી નજરોનું આ ત્રાટક જોઈને શિરીન અને ગુલુ થથરી ગયાં. અફલો પણ બાઘો બની ગયો. સંજોગો તો બળિયા સામે બાથ ભીડનાર અમીરની ખોપરી ફૂટવાના હતા પણ તેને બદલે ન ધારેલું બની ગયું. અમીરની વેધક નજરે ઉસમાનના ઉગામેલા હાથની તાકાત ઓગાળી દીધી. તેના કાંડામાં કળતર થવા માંડી હોય તેમ હાથમાંથી પથ્થર વછકીને નીચો પડ્યો. કપાળના ઘામાંથી ગાલ સુધી દડી ગયેલા લોહીના રેલાને લૂછી નાંખી તેણે શિરીન સામે કતરાતી નજર ફેંકી : 'આજે તો તું ઊગરી ગઈ... પણ પછી જોઈ લઈશ.'

વેકરામાં આળોટતી ઘોડીને બુચકારી ઊભી કરી ઉસમાન તેના પર સવાર થઈ ગયો. જતાંજતાં અમીર સામે તેણે દાંત કચકચાવ્યા : 'છોકરો જાણીને જવા દઉં છું. એક દિવસ આનો બદલો તારા બાપ સામે વસૂલ કર્યા વિના નહીં રહું.'

ચારેય ખામોશ જ રહ્યાં. ઉસમાન દેખાતો બંધ થયો એટલે શિરીન દોડીને અમીરને વળગી પડી : 'મારે ખાતર તમે શું કામ જોખમ ખેડ્યું ... તમનેં કાંઈક થઈ ગયું હોત તો હું માલિક અને બીબીને શું મોં બતાવત ?'

ગુલબદન અમીરને અમીભરી નજરે ક્યાંય સુધી નિહાળતી રહી. આજ લગી અમીર તેને માટે માલિકનો બેટો હતો, અફલાનો દોસ્ત હતો પણ હવે ગુલુના મનનો મહેબૂબ બની ગયો. તેના રતૂમડા ગાલ પર ખંજન પડ્યાં. માની જેમ પોતે ય એને ભેટી શકતી હોત તો ?

'અમીર ! કહેવું પડે ...' અફલો ઘણી વારે કહી શક્યો : 'મોટો થઈને તું જરૂર સેનાપતિ બનવાનો દોસ્ત !'

પણ ગુલુ તો દિલથી દાદ આપવા માગતી હતી. એ માટે તેને સાંજ સુધી રાહ જોવી પડી. નમાઝ પઢીને અમીરે આંખો ઉઘાડી ત્યારે સામે ગુલુ હસતી ઊભી હતી. અમીરના હોઠ મરક્યા, ગુલુએ નજીક જઈને તેનો ગાલ ધર્યો. એક બુચકારો થયો. ઝણઝણાટી અનુભવતી ગુલુ દોડીને ચાલી ગઈ. સીડી ઊતરતાં પહેલાં એક

વાર તેનાથી પાછળ જોવાઈ ગયું. આ શું ? આથમતા અજવાળમાં અમીરની પાંપણ પર લટકતાં આંસુ ચમકતાં દેખાયાં.

બેમાંથી કોઈને સમજાયું નહીં કે ભૂતકાળની બહેનની ભટકતી યાદનાં એ આંસુ હતાં.

*

'ઈસ્માઈલ મિયાંનું ઘર આ કે ?'

આંગણામાં વાસણ ઊટકતી શિરીનને ઉંબરે ઊભેલાં ડોશીમાએ પૂછ્યું.

'હા માજી ! પણ માલિક ઘેર નથી'

'મરિયમ તો છે ને ?' કહેતાં ડોશી અંદર આવ્યાં : 'એને કહે કે તારાં માસી આવ્યાં છે.'

ઝટપટ હાથ ધોઈને શિરીન અંદર ગઈ.

'કોણ માસીબા ! આવો આવો. તમે ક્યાંથી ? આમ અજાણ્યાં ?' મરિયમ હરખભેર બહાર આવી ફાતિમા માસીને પગે લાગી.

કોણ મહેમાન આવ્યા છે એ જોવા માટે અમીર પણ મેડી ઊતરીને દોડી આવ્યો. ફાતિમા ડોશીને તે ધારી ધારીને જોતો હતો ત્યાં માનો અવાજ કાને અફળાયો.

'બેટા અમીર, માસીબાને તસલીમ કર.' ફાતીમા ડોશીની નિસ્તેજ આંખો છોકરા પર મંડાણી. અમીરે ઝૂકીને સલામ કરી છતાં પણ તેને દુઆ દેવાનો ખ્યાલ ન રહ્યો.

'માસીબા, એ અમારો બેટો છે.'

ડોશી ચમક્યાં. છ વરસ પહેલાં તો મરિયમની કૂખ ખાલી હતી. તો પછી નવ વરસનો બેટો ક્યાંથી ?

મરિયમને મૂંઝવણ થઈ. કદાચ માસીબા પૂછી બેસશે કે કોઈના છોકરાને ખોળે લીધો છે એમ કહેને ! અમીરની હાજરીમાં આવું કંઈ બોલાઈ ન જાય એટલે તેણે માસીબાનું ધ્યાન વાળી લેવા પૂછ્યું : 'એકલાં જ આવ્યાં છો !'

છતાં પણ ફાતિમા ડોશી અમીર પરથી નજર ખેસવવા માગતાં ન હોય તેમ એકીટશે જોતાં રહ્યાં. આ છોકરાને ક્યાંક જોયો હોવાનું યાદ આવવા લાગ્યું.

અમીર નામ પણ સાંભળેલું લાગે છે.

'માસીબા, તમે એકલાં જ આવ્યાં છો ?' મરિયમે તેમનો હાથ પકડી લઈ ફરીવાર વધારે જોરથી પૂછ્યું-

'હા બેટી, આમ તો એકલી જ આવી છું.' કહીને ફાતિમા ડોશીએ ધ્રૂજતો હાથ અમીરના માથા પર મૂક્યો.

પણ માસીબા એકલાં નહોતાં આવ્યાં. ફાનસના અજવાળાથી પડતા એમના પડછાયામાં મોતનો પેગામ પણ લેતાં આવેલાં !

*

૫

'મરિયમ ! મને કહેવામાં શું હરકત છે ? હું કોઈને નહીં કહું કે અમીરનાં મા-બાપ કોણ હતાં ?'

મહેમાન બનીને આવેલી ફાતિમાએ બે દિવસમાં બાર વાર ભાણજીને એકની એક વાત પૂછ્યા કરી ત્યારે મરિયમને થયું કે માસીબા હવે અહીંથી જલદી જાય તો સારું. એમની પૂછતાછ કરતાંય વધારે અકારું તો મરિયમને એ લાગતું કે માસીબા શું કામ અમીર સામે ઘૂરક્યા કરે છે ? સફરનું જોખમ ખેડીને ભાગ્યે જ કોઈ સગુંવહાલું દૂરથી મહેમાન બનીને આવતું. તેમાંય વળી મરિયમને સાસરીમાં નજીકનું કહી શકાય એવું સગું કોઈ નહોતું, પિયરમાં આ એક જ માસી હતાં તે છેક છ વરસ બાદ આંગણે આવ્યાં એટલે મરિયમનો હરખ સમાતો નહોતો. પણ માસીબાનું કુતૂહલ કૂદાકૂદ કરવા માંડ્યું ત્યારે એ હરખ બોજ બનવા લાગ્યો.

'ખુદાને ખાતર માસીબા, તમે એ સવાલ છેડો નહીં.' મરિયમે આવેશભર્યા અવાજે કહ્યું : 'આ છોકરો અમારો ખોળે લીધેલો છે એની અમારા બે સિવાય આખા ગામમાં કોઈને ખબર નથી. હવે તો અમે બંને સુધ્ધાં એ ભૂલી ગયાં છીએ કે અમીર પરાયો છે.'

'બેટી, પણ હવે તું મને પરાઈ માનવા માંડી' ફાતિમાડોશી વાતને વળગી રહ્યાં : 'તારો સુખી સંસાર જોઈને મારી તો આંખો ઠરે છે. ઈસ્માઈલ મિયાં ઓલાદને ખાતર બીજી બીબી કરશે એવા ખ્યાલથી હું બેચેન રહેતી હતી. આ છોકરાનાં પગલાં થયાં પછી એ ભય પણ ટળી ગયો. બેટી, તારી ખુશનસીબીની અલ્લામિયાં કાયમ હિફાજત કરે ...' માસી થોડીવાર રોકાયાં. મરિયમને પણ એમની લાગણી સ્પર્શી

ગઈ પોતે જો અમીરનાં મા-બાપ વિષે જાણતી હોત તો કહી પણ દીધું હોત. અમીરનાં પગલે ઘરમાં બરકત થઈ એ કહેવા માટે જબાન સળવળવા લાગી છતાં તેણે મનને વારી લીધું-માસીબા અમીરની વાત આગળ ન વધારે એવા આશયથી તે ચૂપ રહી.

'મરિયમ, હું તને છોકરા બાબત એટલા માટે પૂછતાછ કરતી હતી કે એ ખાનદાન ઘરનો તો છે ને ?' આમ તો નિર્દોષ ભાવે પૂછતાં હતાં પણ તેમને પોતાનોય ખ્યાલ ન આવે એવું કોઈ રહસ્ય એમના મનમાં ઘૂંટાતું જતું હતું : 'મોટો થઈને તમારી માલમિલ્કત પચાવી પાડે અને તમને બેયને બુઢાપામાં રખડતાં મૂકી દે એવા નપાવટ લોહીની પેદાશ તો નથી ને ?'

હવે મરિયમ અકળાઈ ઊઠી. માસીબા શા માટે આવી બદશુકન આગાહી કરીને મને પરેશાન કરે છે ? છતાં જવાબ આપવામાં તેણે મુરબ્બીનો મલાજો જાળવી લીધો : 'માસી, એ ખાનદાન ઘરનો છે એની મને ખાતરી છે. અમીર નામ જ એની ગવાહી આપે છે ને.'

'ઓહ, મને એમ કે એ નામ તમે પાડ્યું હશે.' ફાતિમાની આંખો આશ્ચર્યને બદલે ઉત્તેજનાથી ચમકી ઊઠી હતી. પોતાની શંકાને એક સબળ પુરાવો સાંપડી ગયાના પોરસમાં એ બોલી ઊઠ્યાં : અમીર નામનો એક છોકરો અમારા પાડોશમાં ય રહેતો હતો. એનું પઠાણી કુટુંબ પણ ભારે ખાનદાન હતું . . . ! આટલું કહીને માસીબા મરિયમનો ચહેરો વાંચવા રોકાયાં. પણ ભાણજી પર કોઈ ચોટદાર અસર થઈ નહીં ત્યારે તે થોડાં હતાશ પણ થયાં.

એ જ વખતે નોકરાણી શિરીન ખાણું લઈને આવી એટલે વાત આગળ ન વધી શકી. અમસ્તો પણ માસીબાને આ ઈરાની નોકરાણી સામે કારણ વિનાનો રોષ જાગ્યો હતો. તેમાં અત્યારે તેની હાજરી વધારે ખટકી : 'અલી બાઈ, ઘરના માણસો વાતચીત કરતા હોય ત્યારે આગળપાછળ આંટા મારવાની આદત સારી નહીં.' એમ કહીને તેનું મોઢું તોડી લીધું. મરિયમને એ ખૂંચ્યું : 'માસીબા, તમે એને વિનાકારણ તતડાવો નહીં, એ બિચારી સાફ દિલની ઓરત છે.'

'મરિયમ, તું બહુ ગાલાવેલી ન થા.' માસીબાએ મુરબ્બીપણું દાખવ્યું : 'નોકરાણીને એના દરજ્જા મુજબ રાખવાની હોય . . . તારા ભોળપણાનો લાભ ઊઠાવીને કોઈકવાર નોકરાણીમાંથી ઘરની માલિકણ બની જશે - એની

ખૂબસુરતીનો તેં ક્યારે ય ખ્યાલ કર્યો છે ?'

'માસીબા, તમે આટલી લાંબી સફર ખેડીને હજ કરવા નીકળ્યાં છો ત્યારે દિલમાં આવી બેહૂદી બાબતને જગા શું કામ આપો છો ? શિરીન અમારે મન નોકરાણી નથી રહી. એક નિરાધારના દિલને ચોટ આપીને ખુદાનો ખોફ શું કામ વહોરી લેવો ?'

'ખુદા ! ખુદા ! ખુદા !' માસીબા ઉશ્કેરાઈ ગયાં : 'કેમ જાણે ખુદાનો મને ડર નથી ? મેં તને દીકરી જેવી માની છે એટલે તારી ભલાઈ માટે બે બોલ પણ ન કહી શકું હું ? તું તો નોકરાણીને ચોટ ન પહોંચાડવા ખાતર મને ચોટ આપી રહી છે !'

મરિયમ કડવા વેણનો ઘૂંટડો ગળે ઉતારી ગઈ. તે કોઈનું બૂરું સાંભળી શકતી નહીં તેમ બૂરું કહી પણ શકતી નહીં. મહેમાન બનીને બે દિવસ આવેલાં માસીબાને તે કહી ન શકી કે હવે ચૂપ કરો ... અને ફાતિમાને તો એટલું જ જોઈતું હતું.

'મરદ વિનાની આ ઓરતનાં બેય છોકરાં પણ અમીરના પડછાયાની જેમ સાથે ને સાથે રહે છે એ વાત મારાથી જોવાતી નથી. મરિયમ ! તું જેને ગરીબ-નિરાધાર કહે છે એ બાઈના કાળજાનું કપટ હું કળી ગઈ છું.'

'શેનું કપટ માસી ?'

'એ હરામજાદી એની છોડી ગુલુના રૂપમાં તારા અમીરને લટ્ટુ બનાવી દેશે અને તું ઊંઘતી વેચાઈ જઈશ.'

'માસી ... બા !' મરિયમથી રાડ નંખાઈ ગઈ : 'તમે હદ વટાવી રહ્યાં છો.' ઉશ્કેરાટને કારણે આગળ બોલવાના શબ્દો વિખરાઈ ગયા હોય તેમ મરિયમના હોઠ ફફડ્યા : 'એ બેકસૂર બાળકોની વિરુદ્ધમાં તમે મારી કાનભંભેરણી કરવા માગતાં હો તો ...'

'તો શું ?' માસીબા એમ ગાંજ્યાં જાય એવાં નહોતાં. એમને ખાતરી હતી કે ભલી મરિયમ એના ઘરમાંથી ચાલ્યાં જવાનું વેણ જબાને લાવી નહીં શકે. અને એવી હિંમત કરે તો પણ પોતે નમતું નહીં જોખે. અમીર ખોળે લીધેલો બેટો છે એની ગામ-ગજામણી કર્યા વિના પોતે ઉંબરો નહીં ઓળંગે : 'કહે મરિયમ, તારી કાનભંભેરણી કરીશ તો તું મને શું કરી લેવાની ... કહે ?'

'માસીબા, હું હાથ જોડું. તમારા પગે પડું.' મરિયમ ગળગળી થઈ ગઈ :

'તમે મારી માને ઠેકાણે છો. હું દીકરી થઈને તમને શું કરી શકવાની ? મારી તો તમને એટલી જ વિનંતી છે કે અમીરના કાને આવી વાત પડે તો ગુલુ તરફ એની દાનત બગડે અને તમે કે અમે કોઈ ઈચ્છીએ નહીં એવું બની જાય.' હવે મરિયમની આંખોમાં આંસુ ઊભરાઈ આવ્યાં : 'માસી, અમીરને બહેન નથી એટલે તે ગુલુ સાથે વધારે હળી ગયો છે. કહો, હું એને બહેન ક્યાંથી લાવી આપવાની ?'

એ જ વખતે અમીર રમતો રમતો ઘરમાં દોડી આવ્યો. મરિયમે ઝટપટ આંસુ લુછી નાખ્યા પણ તે અમીરની નજર બહાર ન રહ્યું : 'મા, તું શું કામ રડતી હતી ?'

મા તો જવાબ ન આપી શકી, પણ માની માસી એ મોકો ઝડપી લીધો : 'બેટા, તારી માને હું એક વાર્તા કહેતી હતી. અમારા ગામના એક પઠાણની કથની સંભળાવતી હતી એટલે બિચારીનું દિલ ભરાઈ આવ્યું.'

'ઓહ માસીમા ! તો તો તમારે મનેય કહાની સંભળાવવી પડશે.' અમીર પહેલી વાર ફાતિમાને વળગી પડ્યો : 'પણ રડવું આવે એવી કહાની નહિ કહેવાની હો.'

ફાતિમાએ તેને હેતથી છાતી સરસો ચાંપ્યો : 'નહીં બેટા, નાના બચ્ચાઓને તો ગમ્મત પડે એવી કહાની કહેવાની હોય. પૂછ તારી માને, એ નાની હતી ત્યારે હું કેવી મજાની કહાની સંભળાવતી એને ?'

'હેં મા ?' અમીરે લાડથી મરિયમને પૂછ્યું.

'હા બેટા.' કહીને મરિયમ ઊભી થઈ ગઈ. રસોડામાં જઈને તેણે મોં ધોતી વખતે મનને ઠપકો આપ્યો : નકામી માસીબા પર હું શું કામ ચીડાઈ ગઈ ? એ બિચારાં અમારી ખુશીમાં રાજી રહે છે. કદાચ બે અણગમતી વાત કરી દીધી તેમાં આટલું બધું ઉશ્કેરાઈ જવાય ?

ત્યારે માસીબા મનમાં હરખાતાં હતાં કે હવે અમીરના ભેદનો તાગ હાથવેંતમાં જ છે !

*

માસીમા પાસેથી અલાદ્દીનના જાદુઈ ચિરાગની વાર્તા સાંભળીને અમીર વિચારમાં પડી ગયો-મારી પાસે પણ આવો જાદુઈ ચિરાગ હોય તો ?.... તો હું જીનને હુકમ કરું કે અમારા ઘરને મોટો મહેલ બનાવી દે. પછી હું શાહજાદો બની

જાઉં અને ગુલુને પણ શાહજાદી બનાવી દઉં બિચારા બાપુને દર વરસે ચાર-છ મહિના ખેપ કરવા જવું પડે છે તે બંધ થઈ જાય અને માને કોઈ જાતની ફિકર ન રહે.

પણ ફાતિમાએ અલીબાબા અને ચાલીસ ચોરની વાર્તા કહી ત્યારે જાદુઈ ચિરાગ ભૂલી જઈને અમીર લખલૂટ ખજાનાના ખ્યાલમાં આળોટવા લાગ્યો.

'છોકરા, શું વિચારમાં પડી ગયો ?' ફાતિમાએ છત તરફ તાકી રહેલા અમીરના માથા પર હાથ ફેરવતાં પૂછ્યું : 'ઊંઘ આવે છે બેટા ?'

'ના માસીમા !' અમીરે ખજાનાના વિચારો ખંખેરી નાખતાં કહ્યું : 'હેં માસીમા ! ચોર કેવા હોય ?'

'ખરાબ હોય બેટા ! જે બીજાની ચીજ પચાવી પાડે, એને ખુદા જહન્નમની સજા ફટકારે છે.

'અમારા મૌલા પણ એમ જ કહે છે.' અમીર ફરી છત પર તાકવા લાગ્યો. ફાનસના ઝાંખા અજવાળામાં તેની ચમકતી કીકીઓ ભુલાઈ ગયેલી કોઈ ઘટના તાદ્રશ્ય કરવા માટે તલસતી હતી. 'હેં માસીમા, ઠગ કેવા હોય ?'

અને ફાતિમા ડોશીનું દિલ જોરથી ધડકવા લાગ્યું : છોકરાએ કેવો સવાલ પૂછી નાખ્યો ? અમીર જો મરિયમનો સગો દીકરો હોત તો તેમણે ક્યારનું કહી દીધું હોત : જેવા ચોર હોય તેવા ઠગ હોય બેટા . . . પણ મનમાં શંકાનો જે કીડો સળવળતો હતો, તેણે ડોશીએ જંપવા ન દીધાં. ખાટલા પર બેઠાં થઈને તેમણે જોઈ લીધું કે મરિયમ ઘસઘસાટ ઊંઘે છે, પછી ફાનસની વાટ વધુ નીચી કરી, અમીરનું માથું પોતાના ખોળામાં લઈને કહેવા લાગ્યાં : 'બેટા, ઠગલોકો ચોર અને લૂંટારા કરતાં ય વધુ બેરહમ હોય છે. તું હજી નાનો છો, એવી વાત સાંભળીશ તો રાતે ઊંઘ નહિ આવે.'

'નહિ માસીમા, હું એવો ડરપોક નથી. તમને ખબર છે, મોટો થઈને હું સિપાહી થવાનો.'

'એમ !' ફાતિમાને ખાતરી થઈ ગઈ કે છોકરાની જિજ્ઞાસા તીવ્ર બની છે. હવે કહેવામાં વાંધો નથી : 'જો બેટા, હું તને ઠગની એક કહાની કહું, પણ તારે એ બીજા કોઈને કહેવાની નહીં.'

'મારા દોસ્ત અફલાને પણ નહિ ?'

'નહીં, તારી મા કે બાપુને સુધ્ધાં નહિ કહેવાની.'

અમીર વિચારમાં પડી ગયો : મા-બાપુનેય ન કહેવા જેવી કહાની કેવી હશે !

'આ કહાની સાચી બનેલી છે બેટા !' ફાતિમાએ શરૂઆત કરી : 'એક પઠાણ અને તેની બીબી પોતાના બેટાને લઈને સફરે નીકળ્યાં હતાં.'

'એમને એક જ બેટો હતો માસીમા !'

'નહીં, એક બેટીયે હતી. પણ એ બીમાર રહેતી એટલે ચાચાને સોંપીને સફરે નીકળેલાં.'

'હં, પછી ?'

'રસ્તામાં કેટલાક ઠગ લોકો સફરમાં સાથે થઈ ગયા. તેમણે પઠાણને ભોળવીને કહ્યું કે અમે સૈનિક છીએ. ઈન્દોર સુધીનો આપણો સંગાથ છે. રસ્તામાં અમે તમારી હિફાજત કરશું.'

'તો માસીમા, પઠાણને ખબર ન પડી કે એ ઠગ હતા ?'

'નહીં બેટા, ઠગ લોકોને કોઈ ઓળખી શકતું નથી.' ફાતિમાને પોતાના જ શબ્દો બિહામણા લાગવા માંડ્યા હોય તેમ તે થથરી ગયાં : 'ઠગ લોકોએ પઠાણનો ભરોસો જીતી લીધા પછી અર્ધી સફરે કહ્યું કે ખાનસાહેબ તમારા વળાવિયાઓને શું કામ છેક સુધી લઈ જવાની તકલીફ ઉઠાવો છો ?'

'વળાવિયા એટલે શું માસીમા !'

'બેટા, સફરમાં હિફાજત કરવા માટે હથિયારવાળા માણસોને સાથે લઈ જાય તેને વળાવિયા કહેવાય.'

'હં, પછી ?'

'બિચારા પઠાણે પેલા લોકોની વાત માની લીધી અને વળાવિયાને પાછા મોકલી દીધા.'

ફાતિમા ડોશીએ હવે અટકવું પડ્યું. આગળની વાત પોતે પણ જાણતાં નહોતાં. તેમણે જોયું કે અમીર પર કહાનીની અસર થવા લાગી છે. એના ચહેરા પર બેચેની ફરકવા માંડી છે. એટલે આગળ વધવા માટે કાંઈક ઉપજાવી કાઢવું પડશે, પણ એ પહેલાં તેમને પેલી ઘટના કહેવાની જરૂર લાગી :

'પઠાણનો છોકરો બહુ મઝાનો હતો. પોતાની નાની બહેનને બહુ પ્યાર કરતો. વળાવિયા જવા લાગ્યા ત્યારે છોકરાએ તેની નાની બહેનને આપવા ઢબ્બુનો એક સિક્કો સોંપ્યો. એ વખતે છોકરાની આંખોમાં આંસુ ઊભરાઈ આવ્યાં.'

આ શું ! ફાતિમા ડોશીને ધ્રાસકો પડ્યો. અમીરની આંખોમાંથી પણ દડદડ આંસુ વહ્યાં જાય છે ! મરિયમના શબ્દો તેમને યાદ આવ્યા : માસીબા, અમીરને બહેન નથી એટલે ગુલુ સાથે તે આટલો બધો હળી ગયો છે. મરિયમની એ વાત સાચી છે તો પોતાની શંકા પણ ખોટી નથી. ફાતિમાને એ વિચારે ધ્રુજાવી દીધાં. અમીરને તેમણે પોતાની છાતી સરસો ચાંપી લીધો. 'બેટા, હું નહોતી કહેતી કે આવી વાત સાંભળીને છોકરાઓ ડરી જાય . . . ચાલ સૂઈ જા જોઈએ.'

અમીર જોર જોરથી હિબકાં ભરવા માંડ્યો ત્યારે ફાતિમાને દહેશત જાગી: કદાચ મરિયમ જાગી જશે, અમીરને હવે ઊંઘાડી દેવો જોઈએ . . . બહુ પ્યારથી અમીરની પીઠ થપથપાવવા લાગ્યાં ત્યારે એમના આશ્ચર્ય વચ્ચે હિબકાં ભરતો અમીર ધીમે ધીમે નિદ્રામાં ઊંડો ઊતરવા માંડ્યો. ઊંઘતા અમીરના ગાલ પર થીજી ગયેલા આંસુના રેલાને લૂછતી વખતે ફાતિમાની આંખો ચૂવા માંડી. એક દર્દનાક નિસાસો કાળજામાં ભોંકાયો : 'બિચારો !'

ઊંઘવાની ઘણી કોશિશ કરી પણ ભીતરનો તરફડાટ શમતો નહોતો. પોતે જે જાણે છે એમાંથી મરિયમ કેટલું જાણતી હશે ? જાણવા છતાં શું તે પોતાથી છુપાવતી હશે ! ના, મરિયમ એવી કપટી નથી. તો પછી ઈસ્માઈલ . . . ફાતિમા ડોશીને કમકમાં આવી ગયાં. દિમાગમાંથી વિચારોને ભગાડી મૂક્વા તેમણે લમણાં પર હાથ પછાડ્યા : યા ખુદા ! કયામતની ઘડી નજદીક આવી રહી છે કે શું ?

કલાક બે કલાક તરફડિયાં માર્યાં ત્યારે પોપચા પર નીંદરનો થોડો બોજ વરતાવા લાગ્યો. કદાચ ઊંઘ આવી યે જાત પણ . . .

'અમ્મા . . . પેદર !' પડખે સુતેલા અમીરે રાડ નાખી અને એ સફાળાં બેઠાં થઈ ગયાં. જાણે આખા શરીરે ઝાળ લાગી હોય તેમ હાથ-પગ પછાડતા અને બિછાનામાં ઉછાળા મારતા અમીરને જોઈ ફાતિમા ડોશી ગભરાઈ ગયાં, છોકરાને હાથ લગાડવાની તેમની હિંમત ન ચાલી.

'શું થયું બેટા . . .' કરતી મરિયમ હાંફળીફાંફળી દોડી આવી. એની આંખોમાંથી ઊંઘ વેરાઈ ગઈ અને ફફડાટ ડોકાવા માંડ્યો. માસી સામે નજર ફેરવ્યા

વિના જ તેણે અમીરને ગોદમાં લઈ લીધો : 'નહીં બેટા . . . અમીર . . . ઊંઘી જા ભાઈલા.'

પસીનાથી રેબઝેબ થઈ ગયેલો ચહેરો લૂછી નાખી મરિયમ તેને થાબડવા માંડી. તેણે માન્યું કે હમણાં તાણ શમી જશે. અને એ ઊંઘી જશે, પણ તેને બદલે અમીર આંચકા સાથે બેઠો થઈ ગયો. આંખો ફાડીફાડીને તે મરિયમને જોવા લાગ્યો. માને ગભરાયેલી જોઈ પછી પોતાની હાંફતી છાતીનો ખ્યાલ આવ્યો અને છેલ્લે બાજુમાં બેઠેલાં માસીમા પર નજર ગઈ ત્યારે એ ટટ્ટાર થઈ ગયો. પોતે ઊંઘમાં ડરી ગયો હતો એ માસીમા જાણી ગયાં તેથી ભોંઠપ અનુભવી. મરિયમે ધરેલો પાણીનો પ્યાલો પીને મૂંગો મૂંગો જ તે સૂઈ ગયો. હમણાં ઊંઘમાં જે દેખાયું હતું તે ફરી નજર સામે ન આવે એટલા માટે માથા પર ઓઢી પણ ગયો.

ફાતિમા મરિયમ સામે તાકીને જ બેઠાં રહ્યાં. ઘણી વારે મરિયમે ડોક ઊંચી કરીને માસીબા સામે જોવાની હિંમત કરી, પણ નજરનાં ભાલાં કાળજે ભોંકાતાં હોય એવી પીડા થવા માંડી ત્યારે તેને આંખો ઢાળી દેવી પડી. માસી હમણાં કાંઈક પૂછી બેસશે એવી બ્હીક લાગી એટલે ઝટપટ ત્યાંથી ઊઠીને બિછાનામાં પડતું મૂક્યું.

*

પેટમાં ચૂંથાતું કડવું સત્ય ઓકી નાખવાનો માસીબાને સવારથી આફરો ચઢ્યો હતો, પણ મરિયમ એવો મોકો આપવા જ ન માગતી હોય તેમ સાચાં-ખોટાં બહાનાસર એમનાથી આઘીપાછી થઈ જતી. નોકરાણી શિરીનની હાજરીમાં તો આ બધું કહેવાય એવું નહોતું. ખુદ માસીબાને ય મૂંઝારો થઈ જતો : ક્હેવું કે ન ક્હેવું ? બેમાંથી શેમાં દીકરી જેવી ભાણેજનું હિત સમાયેલ છે તે નક્કી કરી શકતાં નહોતાં. છેવટે ફેંસલો કર્યો : અર્ધું ક્હેવું અને બાકીનું પેટમાં જ ધરબી રાખવું . . .

'દીકરી, કાલે રાતે અમીર ઊંઘમાં ચીસ પાડી ઊઠ્યો ત્યારે તો મારી છાતી બેસી ગયેલી'

મરિયમે સાંભળ્યું ન સાંભળ્યું કરવાનો ડોળ રાખ્યો પણ માસીબા અટક્યાં નહીં : 'એને આવું અવારનવાર થઈ જાય છે કે ? તમે કોઈ હકીમને બતાવ્યું કે નહીં ? છોકરાને કોઈ વળગાડ હોય તો એનો ઇલાજ કરવો જોઈએ.'

'માસીબા, એવું કાંઈ નથી' મરિયમે ક્હેવું જ પડ્યું : બચપણમાં તેને

વારંવાર થતું, હમણાં તો બે વરસ થયાં ક્યારેય રાતના તાણ આવી નહોતી.'

'પણ ઊંઘમાં એ અમ્મા-પેદર એવું કેમ બોલી ગયો ? ખરેખર તું એના મા-બાપ વિશે કંઈ જાણતી નથી ?'

'મેં તમને કેટલી વાર કહ્યું છતાં તમે શું કામ એકની એક વાત છેડ્યા કરો છો ?'

'કારણ કે હું એના માબાપના બારામાં કાંઈક જાણું છું' માસીએ આટલું કહ્યું અને મરિયમ ચોંકી. પણ માસીબા મજાક કરતાં હોય એવું દેખાયું નહીં.

'હા મરિયમ, હું તને એટલા માટે જ વારંવાર પૂછ-પૂછ કરતી હતી. મારા મનમાં એક વહેમ હતો કે આ છોકરાને મેં પહેલાં ક્યો કે આ છોકરાને મેં પહેલાં ક્યાંક જોયો છે. એ વહેમ હવે સાચો પુરવાર થયો.'

મરિયમના હોઠ કાંપવા લાગ્યા. અમીરની અસલિયત વિશે જાણવાની જિજ્ઞાશા તો એનેય હતી, ઊંઘમાં ભડકી જવાની એની બીમારીનો ઈલાજ કરવાનો ઉચાટ પણ થયા કરતો હતો. છતાં ઈસ્માઈલની મનાઈને તાબે થઈ તે આગળ વધી શકતી નહોતી. આજે માસીબાએ સામેથી વાતો ઉચ્ચારી છે, તો સાંભળી લેવામાં શું હરકત ? છતાં પણ એના કાંપતા હોઠમાંથી એક હરફ બહાર ન પડી શક્યો.

'અમીરનાં મા-બાપ ઠગનો શિકાર બની ગયાં.' માસીબાએ ધ્રૂજતા અવાજે કહ્યું ત્યારે મરિયમની આંખો પહોળી થઈ. ઈસ્માઈલે પણ આવી જ બાતમી આપેલી. માસીબાને આની જાણ કઈ રીતે થઈ હશે ?

'એ પઠાણનો બેટો છે.'

'પઠાણ !' મરિયમ બબડી.

'હા, ખાનદાન કુટુંબનો નબીરો હતો તારો અમીર.'

'તમને કોણે કહ્યું માસીબા !' મરિયમના સવાલમાં ઉત્તેજના ભળી.

'એ પઠાણ અમારા મહોલ્લામાં જ રહેતો હતો. બિચારાને ઈન્દોરમાં રાજની સારી નોકરી મળી એટલે ગામ છોડીને જવું પડ્યું અને રસ્તામાં ઠગલોકોના હાથે જાન-માલથી લૂંટાઈ ગયા.'

'ઓહ !' મરિયમના નિઃસાસામાં વ્યથા તરફડી ઊઠી.

'પણ આ છોકરો જીવતો રહી ગયો છે એની એના ઘરવાળાંને જાણ નથી.'

માસીબા આટલું બોલ્યાં અને મરિયમનો ચહેરો બદલાઈ ગયો-જાણે લોહી ઊડી ગયું : 'એના ઘરવાળા !'

'હા બેટી, આ છોકરાની એક નાની બહેન હજુ જીવે છે. એનાં ચાચા-ચાચી પણ હયાત છે. અમારા મહોલ્લામાં જ રહે છે.'

મરિયમનો શ્વાસ ઘૂંટાવા લાગ્યો. માસીબા વાતને કઈ તરફ લઈ જવા ધારે છે ? એ શું ક્હેવા માગે છે ?

'નહીં માસીબા, હું કાંઈ સાંભળવા માગતી નથી. તમે મારા અમીરને છિનવી લેવા માગો છો ?'

'તું મારા પર આળ નાખે છે છોકરી !' માસીબા હવે ઊંચા અવાજે ક્હેતાં હતાં : 'હું તારી ભલાઈમાં રાજી ન હોત તો આ વાત તને ક્હેવાને બદલે અમીરને જ કહી દેત ને ... એ હવે નાનો નથી રહ્યો, સમજણો થયો છે.'

એ ધમકી હતી કે હમદર્દી ? મરિયમનું કાળજું ખોતરાવા માંડ્યું : 'હું ... હું ...' તેના હોઠ પર શબ્દો ધ્રૂજવા લાગ્યા : 'તમારા પગે પડું માસીબા, તમે એ છોકરાને આમાંથી એક અક્ષર સુધ્ધાં ક્હેતાં નહીં.' પછી પોતાના મનને મનાવતી હોય તેમ ઉમેર્યું : 'કોને ખબર છે, તમે ક્હો છો તે છોકરો આપણો અમીર જ હશે.'

'મને ખબર અને ખાતરી બંને છે !' માસીબા મક્કમ રહ્યાં : 'તે ભલે બધું ભૂલી ગયો હોય છતાં બહેનની વાત આવે છે ત્યારે એની આંખો ભીની થઈ જાય છે.'

'એ તમને કોણે કહ્યું ?' મરિયમ ઉશ્કેરાઈને પૂછી બેઠી.

માસીબા હવે સાવધ બની ગયાં : 'કાલ રાતે હું એને ક્હાની ક્હેતી હતી તેમાં બહેનની વાત આવી ત્યારે એ રડવા જેવો થઈ ગયેલો.'

'તમે એને એવી ક્હાની શું કામ સંભળાવી !' મરિયમ ઠપકાના અવાજે બોલી : 'એટલે જ તો રાતે ઊંઘમાં ભડકી ગયો હતો. એ માસુમના દિલને પરેશાન કરવામાં તમને શું મળ્યું ?'

'ચૂપ રહે મરિયમ !' માસીબા પણ ઉશ્કેરાઈ ગયાં : 'કોઈના દીકરાને પચાવી પાડ્યો અને ઉપરથી મને ક્હે છે કે એ માસુમના દિલને પરેશાન કરવામાં તમને શું મળ્યું ?'

'પચાવી પાડવાની વાત ક્યાં આવી આમાં ?' મરિયમ રડવા જેવી થઈ ગઈ: 'એ નિરાધારને અમે સગા દીકરાની જેમ જતન કરીને ઉછેરીએ છીએ. અહીં એને કોઈ વાતની ખોટ પડવા દીધી નથી. એના સુખને ખાતર તો તમારા જમાઈ ચાર મહિના જાનના જોખમે સફર ખેડવા જાય છે.'

'એ જમાઈ નહીં, કસાઈ છે મરિયમ !'

'મા . . . સી !' મરિયમ રાડ પાડી ગઈ. એનો ચહેરો લાલઘૂમ બની ગયો. આંખોમાં રોષ ભભૂકી ઊઠયો અને કપાળ પર પસીનો વળવા લાગ્યો : 'મારા ખાવિંદનું બૂરું બોલવાની તમારી હિંમત ? જેનું ખાધું એનું જ ખોદવા બેઠાં ! એ રહેમદિલ ફરિશ્તાને તમે કસાઈ કહો છો.'

'રહેમદિલ !' માસીબાએ દાંત ભીંસીને મરિયમનો શબ્દ કચડી નાખ્યો : 'ફરિશ્તો . . . ' હા . . . હા . . . કરીને ક્રૂરપણે હસી પડ્યાં માસીબા. 'ફરિશ્તાના લેબાશમાં છુપાયેલો બેરહેમ શેતાન કહે એને મરિયમ.'

મરિયમને ઝાળ લાગી. તેના કપાળની નસો એટલી બધી ઉપસી ઊઠી કે જાણે હમણાં જ ફાટી જશે. આંખોમાંથી ધિક્કાર વછૂટ્યો : 'નીકળી જાવ મારા ઘરની બહાર . . . તમે મારી માસીબા નથી પણ દુશ્મન છો. જાવ હમણાં ને હમણાં જ.'

મરિયમનું એ ભયાનક સ્વરૂપ અને આકરાં વેણ માસીને હાડોહાડ લાગી ગયાં. મુઠ્ઠી વાળતાં એ ઊભાં થયાં. પોતાનો સામાન ઠીકઠાક કરતાં સામે ઘૃણા ભરી નજરે જોતાં હતાં. મરિયમ હજુય હાંફતી હતી.

'હું જાણું છું પણ જતાં પહેલાં ખુદાના કસમ પર એક વાત કહેતી જાઉં છું.'

'મારે તમારી કોઈ વાત સાંભળવી નથી. તમારા બોલમાં મને ઈર્ષાની બૂ આવે છે, તમારા ઝેરીલા મનના ડંખ લાગે છે.'

'તારે સાંભળવું જ પડશે મરિયમ !' માસી હવે પૂરેપૂરાં વિફર્યાં : 'તેં ખોળે લીધેલા અમીરની કસમ છે તને, જો ન સાંભળે તો.'

મરિયમના અંગેઅંગમાંથી ધ્રૂજારી વછૂટી ગઈ. અમીરના કસમ સામે તે પીગળી ગઈ : 'કહી દો જલદી . . . જે સાંભળીને હું તરત ભૂલી જવા માગું છું.'

'તું ક્યારેય નહીં ભૂલી શકે દીકરી !' ફાતિમાએ એક એક શબ્દને વજનદાર બનાવી કહી દીધું : 'તારો ધણી ઈસ્માઈલ એક ઠગ છે. એણે જ અમીરના પઠાણ મા-બાપની હત્યા કરી છે.'



જાણે વીજળી પડી હોય તેમ મરિયમ માસી તરફ ધસી ગઈ. ઝનૂનભેર તેણે બંને હાથના પંજા માસીના ગરદનમાં ભીડ્યા. 'જે જબાનેથી તેં મારા ધણીની બદનામી ઉચ્ચારી છે એને હું કાયમને માટે બંધ કરી દઈશ.'

મરણિયાં ઝનૂનભેર તેણે માસીની ગળચી પર ભીંસ આપવા માંડી

ફાતિમાને એની આંખોમાં મોત તાંડવ કરતું દેખાયું. જોશપૂર્વક તેમણે મરિયમના કાંડા પકડી લીધાં : 'છો . . . ડ છોડી દે બેવકૂફ' કહીને એક લાત મારી.

મરિયમ એ ધક્કો સહી ન શકી. તેની પકડ છૂટી ગઈ અને આંચકા સાથે તે ભીંત તરફ ફેંકાઈ ગઈ.

માસીએ ગળા પર હાથ ફેરવીને દાંત ભીંસ્યાં : 'દીકરી થઈને મારા પર હાથ ઉગામ્યો ! ઠગની ઓરત છે એ પુરવાર કરવા માગતી હતી તું ? અમીરના અસલી ચાચા જાણે છે કે એના ભાઈ-ભાભીને રસ્તામાં મળેલા સૈનિકોના સરદારનું નામ ઈસ્માઈલ હતું. યાદ કરી જોજે, જે વરસે તારો ધણી આ છોકરાને ઘરે લઈ આવ્યો એ શિયાળામાં વરસાદ પડેલો કે નહીં ? પૂછી જો જે અમીરને કે એણે એની નાનીબહેનને ઢબ્બુ મોકલ્યો તો કે નહીં ? પછી તને ખાતરી થઈ જશે કે તું કેવા આદમીની ઓરત છો.'

પાછું વાળીને જોયા વિના માસી એમનો સામાન માથે મૂકી ઘરનો ઉંબરો ઓળંગી ગયાં. જમીન પર પટકાયેલી મરિયમ ત્યારે તરફડતી હતી. તેનું ડાબું અંગ થોડીવાર કાંપતું રહ્યું. પછી જાણે પીડા સહન ન થતી હોય તેમ એક ચીસ નાખી: 'અમીર . . .'

સુકવેલાં કપડાં ભેગાં કરતી શિરીન દોડી આવી. મરિયમની હાલત જોઈને તેના પગ ભોંય પર જડાઈ ગયા. તેણે બૂમ પાડી : 'અમીર મિયાં . . . જલદી આવો.'

ધડ . . . ધડ . . . ધડ . . . કરતો અમીર મેડીનાં બબ્બે ચચ્ચાર પગથિયાં ઊતરતો ધસી આવ્યો : 'મા . . . મા . . . શું થયું ?'

પણ મરિયમના હોઠ ફફડ્યા નહીં. તેના ફાટેલા ડોળામાંથી આંસુ વહ્યે જતાં હતાં. આ જોઈને અમીર માની છાતીએ બાઝી પડ્યો.

શિરીન હાંફળી ફાંફળી બહાર દોડી ગઈ : 'અરે કોઈ હકીમને બોલાવી લાવો. મરિયમબીબીનું શરીર ખોટું પડવા માંડ્યું છે. જલદી કરો.' અને તે ત્યાં જ બેસી પડી.

૬

'એમને લક્વો લાગી ગયો.'

ગામના હકીમે મરિયમની બીમારીનું નિદાન કર્યું ત્યારે પહેલાં તો અમીરને કાંઈ સમજાયું નહીં. પણ શિરીનચાચીને હેબતાઈ ગયેલાં જોઈને તે કળી ગયો કે માની બીમારી ભારે ગંભીર હોવી જોઈએ.

'હકીમચાચા ! મારી માને કોઈ પણ હિસાબે બચાવી લેજો.' અમીરનો અવાજ ગળગળો થઈ ગયો. પોતે હવે મોટો થયો હતો એટલે પરાયા માણસો સામે આંસુ સારવામાં બાયલાપણું દેખાય એમ માની તેણે મનને મજબૂત રાખ્યું : 'મારા બાપુ તમને મોં માગ્યા પૈસા આપશે ચાચા ! તમે ઈલાજ કરવામાં કોઈ કમી ન રાખશો.'

બુઢ્ઢા હકીમે અમીરના માથે હાથ મૂક્યો : 'બેટા, કેટલીક બીમારી એવી હોય છે કે . . .' આટલું કહીને તે અટકી ગયા. શિરીને હકીમને સંકેતથી યાદ કરાવ્યું કે છોકરાના દિલને સદમો લાગે એવું કાંઈ કહી ન દેતા, એટલે તેમણે નિદાન બદલી નાખ્યું : 'કેટલીક બીમારીનો ઈલાજ સમયના હાથમાં હોય છે છતાં બેટા, તારી માનો ઈલાજ કરવામાં હું પાછું વાળીને નહિ જોઉં'

અમીરે ધરપત અનુભવી. તે હોંશભેર મરિયમના બિછાના તરફ દોડી ગયો: 'મા, હકીમચાચા કહે છે કે તને જલદી સારું થઈ જશે.'

મરિયમ તેની સામે ટગર ટગર જોવા લાગી. મોં મલકાવવાની કોશિશ કરી પણ હોઠ વંકાયા નહીં ત્યારે આંખોમાંથી દડદડ આંસુ વહેવા માડ્યાં.

અમીર ખાટલાની કિનારી પર બેસી ગયો : 'મા, તું આમ રડ્યા શું કામ કરે

છે, કહે તો ખરી ?'

પણ મરિયમ શું કહે ? કેવી રીતે કહે ? લકવાએ તેના ડાબા અંગની સાથે જીભને ય અબોલ કરી દીધી હતી. કદાચ બોલી શકતી હોત તો પણ તે અમીરને આ બધું કહી શકત ખરી ? એ માસુમ છોકરાને તે કેવી રીતે કહે કે જેને તું બાપુ-બાપુ કહેતાં થાકતો નથી એણે જ તારા મા-બાપનો જાન લીધો હતો . . . જેને તું મા કહીને પોકારે છે એ તારી સગી મા નથી . . . જે બહેનનાં તને સપના આવે છે એ હજુ હયાત છે, પણ તારી હયાતીની એમને કોઈને જાણ નથી . . .

'મા, તું મને કાંઈ કહેવા માગે છે ?' અમીર રોતલ અવાજે પૂછી બેઠો : 'મારા બાપુ પાછા આવશે એ પહેલાં તુ નક્કી સાજી થઈ જવાની . . . છતાં મારે એટલું જાણવું છે કે તારી આવી હાલત કોણે કરી ? અફલાએ કેટલીક ઓરતોને કહેતી સાંભળી'તી કે ફાતિમા માસીએ તારા પર કામણ-ટુમણ કર્યું એટલે તું બીમાર પડી ગઈ . . . શું મા એ સાચું છે ?'

મરિયમ હેબતાઈ ગઈ. તેની આંખોમાં ભય આળોટવા લાગ્યો. માથું હલાવીને તે ઈનકાર કરવા માગતી હતી પણ ડોક હાલી શકી નહિ ત્યારે જમણા હાથે ઈશારત કરી : 'નહીં બેટા. . .' અમીર વધુ કાંઈ ન પૂછે એટલા ખાતર મરિયમે છોકરાનું માથું પોતાની છાતી પર દાબી દીધું. માની એ મૂંગી વેદનાએ અમીરના માસુમ દિલને હચમચાવી મૂક્યું. તેના ઉનાં આંસુથી મરિયમની છાતી ભીંજાવા લાગી.

'બીબીજી દવા પી લો.' શિરીન આવી ચડી એટલે અમીરને માથી અળગા થવું પડ્યું. દવાની પ્યાલી હોઠ સુધી આવી છતાં મરિયમે મોં ખોલ્યું નહિ. નજર મારફત તે શિરીનને પૂછતી હતી : હકીમે શું કહ્યું ? ત્યારે શિરીનને નજર ઢાળી દેવી પડી : 'દવા પી લો બીબીજી, જલદી સારું થઈ જશે.'

મરિયમે નિ:સાસો નાખ્યો. એ તો ખુદાને ચાર દિવસથી એક જ અરજ ગુજારતી હતી : અલ્લામિયાં, વહેલી તકે તું મને અહીંથી ઉઠાવી લે. જીવતર હવે ઝેર જેવું લાગે છે. એ સફરેથી પાછા ફરે એ પહેલાં મારી જિંદગીની સફર પૂરી થઈ જાય અને હું અવલમંઝિલે પહોંચી જાઉં એવું કરજે . . . મારે એમને જાણ થવા દેવી નથી કે હું એમનો બધો જ ભેદ જાણી ચૂકી છું.

છતાંય મરિયમ દવા પીવાની આનાકાની ન કરી શકી શિરીનની

આજીજીભરી નજરને તે ઠુકરાવી ન શકી. ચાર દિવસની આ બીમારીમાં મરિયમને એક વાત સમજાઈ ગઈ કે શિરીન માત્ર નોકરાણી નહોતી રહી, ઘરના માણસ કરતાંય તે વધુ મમતાથી એની ચાકરી કરતી હતી. મળમૂત્રવાળું બિછાનું દિવસમાં ચાર છ વાર સાફ કરતી. ભીના કપડાથી એનું શરીર લૂછી આપતી, પરાણે ખવડાવતી અને પોતાના બિછાનાની પડખે જ અરધી જાગતી સૂઈ રહેતી.

દવા પીવાઈ ગયા પછી શિરીને તેનું મોં લૂછી નાખ્યું : 'આ ફેરા માલિક સફરેથી જલદી પાછા ફરે તો સારું. દોઢ મહિનો તો વીતી ગયો. બાકીના દિવસો પણ જલદી વીતી જશે.'

એમ બબડીને તે ઉઠવા ગઈ ત્યારે મરિયમે તેનું કાંડું પકડી લીધું.

'શું છે બીબીજી ?' શિરીનને જરા નવાઈ લાગી તેને ધ્રાસકો પણ પડ્યો કે મરિયમ તેની પાસેથી હકીમે કરેલા નિદાનનો ખુલાસો જાણી લેવા માગે છે : 'કાંઈ પૂછવું છે બીબીજી ?' ધ્રુજતા અવાજે તે માંડ એટલું બોલી શકી.

પણ મરિયમે જમણો હાથ હલાવી ઈન્કાર કર્યો ત્યારે શિરીનને તાજ્જુબી થઈ : 'તો કાંઈ કહેવું છે ?'

આ વખતે મરિયમે આંખોની પાંપણો વડે હા ભણી.

'જે કહેવું હોય તે બેધડક કહો બીબીજી,' તેનાથી બોલાઈ તો ગયું પણ પછી ભોંઠી પડી ગઈ : એમની જબાન ક્યાં ચાલે છે, એ કઈ રીતે કહી શકવાનાં ?

મરિયમ પણ એવી જ લાચારી સાથે એની સામે જોઈ રહી. ક્યાંય સુધી તે વિચારમાં ઊંડી ઊતરી ગઈ. પોતે શિરીનને શું કહેવા માગતી હતી ? ધણીનો ભેદ તો કોઈની પાસે ખોલવો નહોતો. સારું થયું ખુદાએ પોતાને બેજબાન કરી દીધી, નહીંતર ક્યારેક લાગણી કે ક્રોધના આવેશમાં કોઈકની પાસે દિલનો ઊભરો ઠલવાઈ જાત અને પોતે ગુન્હેગાર બની જાત. છતાં આંખો મીંચાઈ જાય એ પહેલાં અમીરની સોંપણી આ ભલી ઓરતને કરતા જવી હતી. કહેવું હતું કે આ છોકરાને માની ખોટ વરતાવા દેતી નહીં, એ કોઈ ખરાબ સોબતે ન ચડી જાય એનું ધ્યાન રાખજે અને મોટો થઈ જાય ત્યારે એને માટે દુલ્હનની પસંદગી પણ તું જ કરજે-બની શકે તો . . .

અને ત્યાં મરિયમની વિચારધારા અટકી ગઈ. પોતે બહુ આગળ વધી રહી હતી. શિરીનને એવી ભલામણ કરવાનું મન કેમ થઈ આવ્યું કે બની શકે તો અમીરની

શાદી તારી બેટી ગુલુ સાથે થાય એવું ગોઠવજે ?

મરતાં પહેલાં એકાદી વાત જાહેર કરવાની ઇચ્છા જાગેલી તેને બદલે લાલચુ મને કેટલું બધું વિચારી નાખ્યું ? દેહ છોડવાનો વિચાર કરતો ઇન્સાન પણ બીજાની માયામાંથી મનને છોડાવી શકતો નથી એ કેવી કરુણા !

આંખો મીંચીને મરિયમ ભીતરમાં બેઠેલાં માયાના મૃગલાને પંપાળતી હતી ત્યારે શિરીને માની લીધું કે બીબીજીને નીંદર આવી ગઈ છે. હકીમની દવાએ ઝડપી અસર કરી તેવા આશ્વાસન સાથે શિરીન ત્યાંથી ઊઠી. બીબીજી પોતાને શું કહેવા માગતાં હશે એના ઉચાટમાં તેનો જીવ જો કે થોડો અધ્ધર થઈ ગયો હતો. તેના કરતાંય વધારે ઉચાટ તો હકીમે જે કહ્યું તેનાથી થઈ ગયેલો : ઈસ્માઈલમિયાંને જો ખબર પહોંચાડી શકાય તો માણસને દોડાવજો, તારી માલકિન ઝાઝું નહિ ખેંચે.

માગશરની ટાઢીબોળ રાતમાં દુનિયાભરી જંપી ગઈ હતી. બધો જ કોલાહલ થીજી ગયો હતો. ચોતરફ છવાયેલાં સૂનકારમાં માત્ર ઊંઘતા માનવીઓના શ્વાસથી કાંઈક ચેતન વરતાતું હતું. અમીરને આ સૂનકાર કોરી ખાવા લાગ્યો. પવનના ધક્કાથી ખડખડાટ થતો કે શેરીનું કૂતરું ક્યારેક ભસી ઊઠતું અથવા પાડોશના બુઢ્ઢાને ખાંસીનું ઠસકું આવી જતું ત્યારે અમીરને ધ્રાસકો પડતો : મોતનો ફરિશ્તો કદાચ માની રૂહ લેવા આવી પહોંચ્યો હશે !

જલદી સારું થઈ જવાની ધરપત હવે પોકળ સાબિત થઈ ચૂકી હતી. હકીમની દવાથી કોઈ ફાયદો દેખાયો નહીં. હવે તો ખુદાની દુઆ જ મરિયમને બચાવી શકે એવું લોકો બોલવા માંડ્યા. મહોલ્લાની હિંદુ ડોશીના કહેવાથી વળગાડ ઉતારવા માટે ભૂવાને બોલાવીને અજમાયશ કરી જોઈ, પીરની મન્નત પણ રાખી, ફકીરનું તાવિજ સુધ્ધાં મરિયમના બાવડે બાંધ્યું છતાં બીમારી બિછાનું છોડવા જ માગતી ન હોય તેમ મરિયમને વધુને વધુ વળગતી જતી હતી.

રાત પડતી અને અમીરનો જીવ અધ્ધર થઈ જતો, બિછાનું એને ચટકાં ભરતું. અફલાને તે ઘણીવાર પૂછતો : 'મોત માણસને રાતે જ શું કામ આવતું હશે? બધું જ જાણતો હોવાનો દાવો કરનારો અફલો કહેતો : કારણકે રાતના અંધારામાં મોતના ફરિશ્તાને કોઈ જોઈ ન શકે.

અમીરને આ વાત ગળે ન ઊતરતી છતાં તેનો ફડકો એને ઊંઘવાય ન દેતો. વારે વારે બિછાનામાં બેઠો થઈ ખુદાને બંદગી કરવા માંડતો ! પરવરદિગાર, મારી

ઉંમરમાંથી થોડાં વરસ ઓછાં કરીને માને આપી દેજે પણ તેને ઉપાડી જઈને મારો આધાર છિનવી ન લેતો . . . બેત્રણવાર મેડીનાં પગથિયાં ઊતરી હળવા પગલે માના બિછાના પાસે જઈને ખાતરી કરી આવતો કે શ્વાસ હજુ ચાલે છે ને, મા જીવે છે ને.'

શિરીને તેને એક્વાર આ રીતે છાનોમાનો મેડી ઊતરતો પકડી પાડ્યો ત્યારે પોતે ભોંઠો પડી ગયેલો : 'ચાચી, હું એ જોવા આવ્યો હતો કે માને કોઈ ચીજની જરૂરત તો નથીને . . .' તેનો આ બચાવ સાવ પાંગળો છે એ પોતેય જાણતો હતો. કારણ કે બીમારીની રિબામણીની રાહત મળે એટલા ખાતર મરિયમને હકીમ દવા સાથે થોડું અફીણ પણ આપવા માંડ્યા હતા. મા હવે રાતે ભાગ્યે જ ઊઠતી.

'અમીર, હું બીબીજીનું ધ્યાન રાખું છું પછી શું કામ ઊંઘ હરામ કરે છે ? ક્યાંક તારી તબિયત બગડી જશે તો માલિકને હું શું જવાબ આપીશ ?'

અમીર મૂંગો મૂંગો મેડી ચડી જતો. ક્યારેક તેને બાપુ પર ગુસ્સો ચડતો. એ શું કામ જલદી પાછા ફરતા નથી ? માને તેણે બે ત્રણ વાર પૂછી જોયું હતું, 'મારા બાપુ કઈ તરફ સફરે ગયા છે એ કહો તો બેનીસિંહને સંદેશો લઈને મોકલીએ . . .' પણ આ સાંભળીને માના જમણા અંગની ધ્રૂજારી આવી જતી અને તેને ડર લાગતો કે બીજું અંગ પણ ખોટું પડી જશે. ત્યાર પછી તેણે એ પૂછવાનુંય માંડી વાળ્યું હતું.

બહુ અકળામણ થઈ અને અમીરથી રડી જવાયું. તેના ડૂસકાં સાંભળીને અફલાની પડખે સુતેલી ગુલુ જાગી ગઈ તેનોય તેને ખ્યાલ ન રહ્યો.

'અમીરમિયાં !' બાજુમાં આવીને તેણે અમીરના ખભે હાથ મૂક્યો : 'શું કામ રડો છો ?'

છતાં અમીર બોલ્યો નહિ, તેણે આંસુ પણ રોક્યા નહીં. અંધારામાં ચમકતી આંસુની એ ધાર ગુલુના કોમળ દિલમાં ઉઝરડો કરી ગઈ. તેનાથી સહેવાયું નહિ, રહેવાયું નહી. પોતાની નાજુક આંગળીઓથી અમીરનાં આંસુ પોછવાં માંડ્યાં. લાગણભર્યા એ સ્પર્શે અમીરના દિલને વધુ ઊભરાવી દીધું. દબાવી રાખેલું દર્દ જોર કરીને આંખો વાટે બહાર વહેવા માંડ્યું ત્યારે ગુલુ ખુદ રડી પડી.

ઘણા દિવસથી એ જોયા કરતી હતી કે અમીર વધુ ને વધુ ઉદાસ બનતો જાય છે. માની બીમારીએ તેને ગંભીર અને ગમગીન બનાવી દીધો છે. રમત

ગમતમાંથી તેનું મન હઠી ગયું છે અને માના બિછાના પાસે ચક્કર લગાવતો રહે છે. માની નજીક રહી શકાય એટલા ખાતર કુરાન સંભળાવવા બેસી જાય છે. ઘણીવાર તો મરિયમ ઊંઘતી હોય તો પણ કુરાનની આયાતો પઢયા કરે છે. તેની ઉદાસી ઓછી કરવા માટેનો ઉપાય ગુલુ વિચારતી પણ તેને કાંઈ સૂઝ પડતી નથી. પોતે નાની છોકરી મટી જઈને અમીરને ઠપકો આપી શકે એવડી મોટી થઈ શકતી હોત તો કેટલું સારું ! એવો વિચાર આવી જતો અને પછી આવો વિચાર કરવા માટે પોતાની જાતને જ ઠપકો આપતી.

અત્યારે ગુલુ સાચે જ નાની મટી ગઈ હતી. બહેન, પ્રેયસી કે માના ભાવથી તે અમીરના દુઃખમાં ભાગ પડાવવા મથી રહી હતી.

'અમીર, ખુદા પર ભરોસો રાખો. તમે તો મરદ છો, આમ હિંમત હારી જશો ?'

અમીર ચોંક્યો. ઓછા બોલી, શરમાળ અને પોચા દિલની ગુલુ તેને હિંમત આપી રહી છે ! લાગણી બેકાબૂ બની ગઈ અને તેણે ગુલુનું માથું પોતાની છાતી પર દાબી દીધું : 'ગુલુ તું શું કામ રડે છે, અફલો નિરાંતે ઊંઘે છે તો તું કેમ ઉજાગરો વેઠે છે ?'

'અફલો તમારો દોસ્ત છે,' ગુલુ અમીરની છાતી પર માથું અઢેલી રાખીને બોલતી હતી : 'છતાં એ સાવ અજ્જડ છે જુઓને, કેવો ઘોરે છે ?'

'સાચું કહે ગુલુ ?' અમીરે એના ગાલ પરના આંસુને હળવા હાથે લૂછતાં કહ્યું : 'મા મને છોડી જાય તો તું ...' અમીર એટલું બોલીને અટકી ગયો. આગળના શબ્દો તેને શોધવા પડે તેમ હતા, પણ એની જરૂર ન પડી. ગુલુએ ઝડપથી એના હોઠ પર આંગળી દાબી દીધી : 'એવું ન બોલો અમીરમિયાં.'

થોડીવાર ખામોશી છવાઈ ગઈ. ગુલુની આંગળી પોતાના હોઠ પરથી હઠાવવાની અમીરને ઇચ્છા થતી નહોતી. જયારે અફલાના નાખોરા બોલતાં બંધ થયા ત્યારે ગુલુ ચમકીને અમીરથી દૂર થઈ ગઈ બંનેની નજર અફલા તરફ દોડી ગઈ, પણ અફલો પડખું ફેરવીને નિરાંતે ઊંઘતો દેખાયો એટલે ગુલુ અને અમીરની નજર પાછી પરોવાઈ ગઈ. એ ખામોશ પળોમાં બંનેના નિર્દોષ હૈયાંએ બચપણની પ્રીતની લેતીદેતી કરી લીધી છે તેનું બેમાંથી કોઈને ત્યારે ભાન ન રહ્યું.

માને કુરાનેશરીફ વાંચી સંભળાવવામાં અમીર એટલો લીન થઈ ગયો હતો

કે શિરીનચાચીએ તેને રોકાઈ જવા કહ્યું તેનોય તેને ખ્યાલ ન આવ્યો.

'બીબીજી શું જોઈએ !' મરિયમનો જમણો હાથ ઊંચો થયો અને આંખોથી તેણે કાંઈક સૂચવ્યું ત્યારે શિરીને નજીક જઈને પૂછ્યું.

બીમારીએ મરિયમના ચહેરાનું નૂર હરી લીધું હતું, શરીરને કૃશ બનાવી દીધું હતું. હાથ ઊંચો કરવામાંય શ્રમ પડતો હોય તેમ તે હાંફવા માંડી. પોતાના ડાબે પડખે બેસીને કુરાન વાંચતા અમીર તરફ તેણે નજર ફેરવી ત્યારે શિરીનને કાંઈક સમજાયું.

'અમીરમિયાં, બીબીજી તમને નજદીક બોલાવે છે.'

'શું છે મા !' કહેતો અમીર ખાટલાની લગોલગ નાની ખાટલી ખેંચીને બેસી ગયો : 'કાંઈ જોઈએ છે ?'

મરિયમની દયાભરી દ્રષ્ટિ તેના મોં પર ફરકવા લાગી. હાથ લંબાવીને તે દીકરાનું કાંડું પંપાળવા લાગી. એમાં એક જાતનો કંપ હતો, લાગણીનો વલોપાત હતો. કાંઈક કહેવા માટે મરિયમે હોઠ ફફડાવ્યા પણ શબ્દો અવાજનો આકાર લઈ શક્યા નહીં. અમીરે બંને હાથે માના ખભા દબાવ્યા : 'તને શું થાય છે અમ્મા !'

અમ્મા !

એ સંબોધન મરિયમના ભીતરને વલોવી ગયું. ઈસ્માઈલે તેને કહી રાખ્યું હતું : આ છોકરાને આપણે મા અને બાપુની જ ટેવ પાડવી છે. અમ્મા શબ્દ સાથે સંકળાયેલી એની પુરાણી યાદદાસ્ત ક્યારેય તાજી થવી ન જોઈએ. આજે અમીર લાગણીના આવેશમાં અમ્મા બોલી ગયો ત્યારે મરિયમનું દિલ હચમચી ઉઠ્યું. ફાતિમા માસીએ કહેલાં આકરાં વેણ કાને અફળાવા લાગ્યાં : 'એ જમાઈ નહીં પણ કસાઈ છે, ઈસ્માઈલ ઠગ છે અને તું ઠગની ઓરત... અમીરની બહેન અને તેના ચાચા-ચાચી હજુ જીવે છે...'

આવું કહેનાર માસીબા તેને દુશ્મન જેવી ક્રૂર લાગી હતી, પણ તેણે કહ્યું એ બધું જો સાચું હોય તો અમીરને છીનવી લેવાનો અપરાધ ખુદા ક્યારેય માફ નહીં કરે. મરતાં પહેલાં જો પોતાનો મરદ પાછો ફરી જાય તો તેની સામે એક આખરી ઇચ્છા વ્યક્ત કરવી હતી : આ છોકરાને તેના ઘરનાઓને સોંપી આવો, નહીંતર મારી રૂહ ભટક્યા કરશે. પણ હવે એ બનવાનું નહોતું. મોતનો ફરિશ્તો માથા પર ઊભો હોય એવા ભણકારા સંભળાય છે, ત્યારે શું કરવું ? મન રિબાય છે,

દિલ ભીંસાય છે.

'મા તું બોલી નથી શકતી તો ઠહેર . . . હું હમણાં આવું.' અમીરને કાંઈક સૂઝી આવ્યું હોય તેમ એ ઊઠ્યો. ખૂણામાં પડેલા દફતરમાંથી પાટી-પેન લઈને આવ્યો.

'લે મા, આમાં મને લખી આપ.' ધ્રૂજતા હાથે તેણે મરિયમ સામે પાટી-પેન ધર્યા : 'તારી કોઈપણ ઈચ્છા હું પૂરી કર્યા વિના નહીં રહું મા-તારા કસમ ખાઉં છું.'

અને મરિયમના હોઠ કાંપવા લાગ્યા. મમતાએ તોફાન જગાવ્યું. આંખો



આંસુને રોકી ન શકી.

'એમને લખતાં ક્યાં આવડે મિયાં !' શિરીને યાદ કરાવવું પડ્યું. અમીરને આંચકો લાગ્યો. આવેશમાં પોતે એ ભૂલી ગયો કે કોઈ ઓરતને લખતાં નથી આવડતું હોતું ! પાટી પકડેલા કાંડામાંથી ચેતન ઓસરી ગયું. માની પીડા સહેવાતી ન હોય તેમ તેની આંખો ચૂવા લાગી : યા ખુદા ! થોડીવાર માટે એની જબાનને એટલી તાકાત આપ કે કાંઈક કહી શકે.

શિરીનને માલિકણના ચહેરા પર આવી રહેલા મોતની છાયા દેખાવા લાગી. એને ગભરામણ થવા માંડી. પોતે એક ઓરત અને અમીર બાળક... બીબીજીને કાંઈક થઈ જશે તો મનની મનમાં રહી જશે.

અફલા... ગુલુ...' તેણે હાંક મારી.

ગુલુ રસોડામાંથી હાથ લૂછતી દોડી આવી : 'શું છે અમ્મા !'

જા, તું જઈને મુલ્લાજીને બોલાવી લાવ.' શિરીને ધ્રૂજતા અવાજે કહ્યું : 'અને અફલાને કહે હકીમચાચાને લઈ આવે જલદી...'

એની અધીરાઈ અમીરને કળાઈ નહીં પણ મરિયમ પામી ગઈ કે શિરીનને અંજામનો અણસાર આવી ગયો છે, તેની સમજદારીને દાદ આપતી હોય તેમ તેણે શિરીન તરફ એક લંગડાતું સ્મિત ફરકાવ્યું, પણ શિરીન આંખો મીંચીને ખુદાની બંદગી કરવામાં પરોવાઈ હતી.

મરિયમે અમીરનો હાથ પકડી ધીમે ધીમે શિરીન તરફ લંબાવ્યો ત્યારે તેની આંખ ઊઘડી ગઈ. જોયું તો બીબીજી અમીરનો હાથ પોતાના હાથમાં સોંપવા મથી રહી છે. શિરીનનો હાથ થોડો ધ્રૂજ્યો. તેણે મન મક્કમ રાખીને અમીરનો હાથ પોતાની હથેળીમાં લઈ લીધો. સોંપણીનું કામ પૂરું થયું હોય એવી ધરપતનો ઊંડો શ્વાસ લઈને મરિયમે આંખો દ્વારા ખુશી વ્યક્ત કરવા પ્રયાસ કર્યો, પણ શિરીન સોંપાયેલી જવાબદારીના ભારથી હીબકાં ભરવા લાગી. અમીરને આમાં કાંઈ સમજાયું નહીં.

'બીબીજી, પરવરદિગારને યાદ રાખીને હું એમની હિફાજત કરીશ.'

શિરીન માંડ માંડ એટલું બોલી શકી, અમીર કાંઈક કહેવા જતો હતો ત્યાં મુલ્લાજી કમરામાં ઉતાવળા દાખલ થયા. પાછળ ગુલુ પણ દોડતી આવતી હતી.

'ઈન્શાલ્લા ! મરિયમ બેટીએ મને યાદ કર્યો.' પણ અમીરનો હાથ ઘરની નોકરાણીના હાથમાં સોંપાયેલો જોયો ત્યારે એમણે આંચકો અનુભવ્યો. બાપ ભલે હાજર નથી પણ અમીરને તાલીમ આપનાર પોતે ક્યાં આઘા છે !

'મારી કેમ જરૂર પડી ?' તે બબડ્યા. શિરીને ઊભા થઈને એમને બેસવા માટે ખાટલી લાવી આપી : 'એમનો જીવ મૂંઝાવા લાગ્યો છે. આપની હાજરીની જરૂર છે.'

અમીરના હાથમાં પાટી પેન જોઈને મુલ્લાજીને નવાઈ લાગી : 'અલ્યા અત્યારે ભણવાનું ન હોય, માની ચાકરી કર.'

'મુલ્લાજી, એ કાંઈક કહેવા માગે છે. બોલી તો શકતાં નથી. આપ સમજી શકો તો...'

મુલ્લાજી પોતાના મહત્ત્વની મગરૂરી સાથે ટટ્ટાર બેઠા. મરિયમ સામે પ્રશ્નસૂચક દ્રષ્ટિએ જોયું પણ મરિયમને હવે કાંઈ જ કહેવાનું નહોતું. છતાં એની ભાવશૂન્ય નજરમાંથી કાંઈક ઉકેલી કાઢ્યું હોય તેમ મુલ્લાજી બોલી ઊઠ્યા : 'ઓહ ! અમીર તારી અમ્માની આંખોમાં સાફ વંચાય છે.' એ થોડીવાર અટક્યા, પોતે શું વાંચ્યું એ વિચારવા લાગ્યા. અમીરની ઉત્સુકતા વધી.

'બેટા, હરેક મા ચાહતી હોય છે, પોતાનો બેટો તેના બાપની રાહે ચાલે. તને પણ મરિયમ બેટી એમ જ કહેવા માગે છે.'

મુલ્લાજી હજુ પૂરું બોલી રહે એ પહેલાં મરિયમના શરીરમાં એક ભયાનક તરફડાટ જાગ્યો. એનું રોમેરોમ પોકારી રહ્યું હતું : નહીં નહીં ... એને એ રસ્તે મારે નથી જવા દેવો ... પણ ખોટી પડી ગયેલી જબાને સાથ ન આપ્યો ત્યારે ઝાટકા સાથે ઈનકાર કરવા તેણે જમણો હાથ ઊંચક્યો. એ જ વખતે અમીર માની ખુશી માટે બોલી ગયો : 'મા હું તારા કસમ ખાઈને કહું છું ... મારા બાપુનો બોલ હું ક્યારેય ઉથાપીશ નહીં.'

મરિયમ આ જીરવી શકી નહીં. વીજળી પડી હોય તેમ શરીરના સ્નાયુઓ ખેંચાયા. જમણા પડખામાં તાણ આવી. આંખોની કીકીઓ ચકળવકળ થવા લાગી અને ઝાટકા સાથે ડોક જમણી તરફ ઢળી પડી ત્યારે ફાટેલા મોંમાંથી આખરી શ્વાસ નીકળી ગયો.

'બીબી ... જી !' શિરીન ચિત્કાર પાડી ઊઠી.

મુલ્લાએ ખુદાની બંદગી માટે બંને હાથ ઊંચા કર્યા.

અમીરને જ્યારે સમજાયું કે ખરેખર મા ચાલી ગઈ છે, કાયમને માટે તેનો સાથ છોડી ગઈ છે ત્યારે તેના હાથમાંથી પાટી ઊડી પડી. પાટીમાં તડ પડવાનો કટાક અવાજ થયો, સાથે બીજા હાથની મુઠ્ઠીમાં પેનના પણ ટુકડા થઈ ગયા.

ધબકતી બંધ થયેલી માની છાતી પર માથું દાબીને અમીરે જે આક્રંદ કર્યું તેમાં એક નહિ પણ બે માતાના મોતનો વસમો આઘાત ઠલવાતો જતો હતો.

જનાજા માટે મરિયમના મૃતદેહને જયારે બધા ઊંચકવા આવ્યા, ત્યારે પણ તે ચીસ પાડીને માને વળગી પડ્યો હતો : 'નહીં, હું મારી અમ્માને નહીં લઈ જવા દઉં'

સામે ઊભેલા બધા જ મરદો એ વખતે અમીરને ઘાતકી ગણેશા જેવા દેખાતા હતા.

*

મુરનાઈ ગામનું પાદર દેખાયું અને ઈસ્માઈલે ઘોડાને એડી મારી : 'ચાલ બહાદુર, જલદી ઘેર પહોંચવાની તાલાવેલી લાગી છે.'

દરેક સફર કરતાં આ વખતની સફરમાં ઈસ્માઈલને બહુ મોટી રકમનો માલ હાથ લાગ્યો હતો. મરિયમ માટે પાણીદાર મોતીની માળા અને અમીર માટે હીરાજડિત વીંટી લઈ આવેલો, તે ઘેર પહોંચતાં જ દેખાડવાનો થનગનાટ જાગી ઊઠયો : બંને કેટલાં ખુશ થશે !

પણ ઘોડો ગામમાં દાખલ થયો ત્યાં જ કોઈએ સલામાલેકુ કરીને મરિયમના મોતના ખબર આપ્યા : 'અમીરની મા અલ્લાહને પ્યારી થઈ ગઈ.'

લગામ પકડેલા હાથ અધ્ધર થઈ ગયા. છતાંય તેના માનવામાં આવતું નહોતું. પણ બીજા ચારપાંચ માણસોય દિલાસો આપવામાં સામેલ થયા ત્યારે છાતીમાં શૂળ ભોંકાયું : 'યા ખુદા, તેં આ શું કર્યું ? સુખના શિખર પર પહોંચાડીને અણધાર્યો તેં કેવો ધક્કો માર્યો . . .'

મરહુમ બીબીની અદબમાં તે ઘોડા પરથી ઊતરી ઘર સુધી ચાલતો આવ્યો. રસ્તામાં એક જ વિચાર તેના મગજમાં ઘૂમરી લેતો હતો : 'અમીર આ આઘાત સહી શક્યો હશે ?'

અફલાએ ખબર આપ્યા કે તારા અબ્બાજાન આવી ગયા છે ત્યારે અમીર પાગલની જેમ ઘરમાંથી બહાર ધસી આવ્યો.

'બાપુ !'

ઈસ્માઈલે અમીરને બાથમાં ખેંચી લીધો : 'બેટા !' બાપ-બેટાના એ કરુણ મેળાપને નિરખતા મહોલ્લાવાળાઓની આંખો પણ ભીની થઈ. શિરીન ઘરની બહાર નીકળી નહોતી. અફલાએ જ ઈસ્માઈલને જ પાણીનો લોટો આપ્યો. ગુલુ બારણા આડેથી બધું નિરખી રહી હતી.

અમીરનો ઊભરો ઠલવાઈ રહ્યો અને ગામલોકો દિલાસો આપીને ચાલ્યા ગયા બાદ ઈસ્માઈલ એકલો પડ્યો. ક્યાંય સુધી એ ગુમસુમ બેસી રહ્યો. નાહવા માટે ઊભા થતી વખતે તેણે પોતની જાતને દિલાસો આપ્યો : સારું થયું કે મરિયમને છેવટ સુધી મારી અસલિયતની જાણ ન થઈ, નહીંતર એનું જીવતર પીંખાઈ જાત . . .

એ કૂવા પર નહાતો હતો ત્યારે શિરીન વિચારતી હતી : પોતે જે જાણે છે તે હમણાં પેટમાં રાખવું કે કહી દેવું ? ફાતિમાડોશી મરિયમને જે કહી ગયાં હતાં એ બધું જ તેણે બરાબર સાંભળ્યું હતું. મરિયમબીબીના મોતનું રહસ્ય એ એકલી જ જાણતી હતી.

*

૭

ધડીંગ !

અફલાના ઘરમાં દાખલ થતી વખતે નીચા નમવાનું ચૂકી ગયેલા અમીરનું માથું બારણામાં અફળાયું : લમણા પર હાથ દાબી રાખીને તેને દરવાજે ઊભા રહી જવું પડ્યું.

'હાય અમ્મા !' ગુલુને ફાળ પડી : 'બહુ ચોટ લાગી ?' તેની ધડકતી છાતી પરથી ઓઢણીનો છેડો સરકી ગયો. કપાળમાં ઉપસી રહેલા ઢીમણા પર હાથ પંપાળતો અમીર એકીટશે જુવાન ગુલુને નીરખવા લાગ્યો. મૌલવી વારંવાર કહેતા કે નેકીથી જીવનાર ઇન્સાનને મોત પછી જિનતમાં જવા મળે છે. જ્યાં એકથી એક ખૂબસુરત હૂરો હોય છે ... પણ અમીરને તો અહીંયા જ નજર સામે હૂર ઊભેલી દેખાઈ. ચૌદવીના ચાંદ જેવું મુખ બીજના ચંદ્રની જેમ વંકાયેલા હોઠ, અંધારામાં ચમકતા તારા જેવી આંખો અને સાવનના બાદલ જેવી ઝુલ્ફ.

'અહીં આવું અને ચોટ ન લાગે એ કેમ બને ?'

અમીરની નજર પોતાના પરથી ખસતી નથી એવું ધ્યાનમાં આવ્યું ત્યારે ગુલુએ ઝટપટ ઓઢણી સરખી કરી લીધી. એની એ શરમીંદી પર અમીરના હોઠ મરક્યા :

'ગુલુ ! આ ચોટનો કોઈ ઈલાજ ખરો ?'

'એક જ ઈલાજ છે.' અફલાનો અવાજ સંભળાયો ત્યારે બંને ચોંક્યાં, અફલો ખાટલામાં આળસ મરડતો બેઠો થઈને કહેતો હતો : 'ગુસ્તાખી કરવાનું છોડી દે.'

ગુલુ ઝડપથી દૂર હઠી ગઈ. અફલો હમણાં કાંઈક એવું બોલી નાખશે કે

પોતે સાંભળી નહીં શકે.

'શેની ગુસ્તાખી અફલા ?' અમીરે તેનું ઓઢવાનું ખેંચી લઈ દૂર ફગાવી દીધું.

'અમીર, અમારા દરબારમાં દાખલ થતી વખતે દરેકે શિર ઝૂકાવવું પડે છે.' શહેનશાહની અદાથી અફલો ટટ્ટાર થઈને બોલતો હતો : 'અમારી અદબ રાખવાનું જે ભૂલે છે તેને ચોટ લાગ્યા વિના રહેતી નથી ?'

'અફલા ! ગામમાં નાટક કંપની આવી છે ત્યારથી તું આવા સંવાદ બોલતો અને શહેનશાહની જેમ મોડો ઊઠતાં શીખી ગયો.' અમીરને ટીખળ સૂઝી : 'શિરીનચાચી કહેતાં હતાં કે ઊંઘમાંય હવે તું પાઠ ભજવ્યા કરે છે.'

'યાર શું કરું !' અફલાએ બગાસું ખાઈ લીધું : 'કંપનીવાળા મારા બેટા આપણને કામ આપતા નથી, પછી ઊંઘમાં જ પાઠ ભજવવા પડે ને.'

ગુલુ પાણીનો પ્યાલો લઈ આવી. બીજા હાથમાં તેણે દાતણ સંતાડી રાખ્યું હતું. અફલાએ ફરી બગાસું ખાવા જેવું મોં ફાડ્યું કે તેણે દાતણ તેના મોંમાં મૂકી દીધું. અમીર તેની આ ચાલાકી પર ખુશ થઈ ગયો. પાણીનો પ્યાલો લેતી વખતે ગુલુની નાજુક આંગળી દબાવીને તેણે દાદ પણ આપી દીધી. ગુલુ ઝડપથી હાથ પાછો ખેંચી લેવા ગઈ તેમાં પ્યાલામાંથી થોડું પાણી બહાર ઊછળી પડ્યું.

'હરામજાદી !' અફલાએ દાતણ ગુલુના બાવડા પર ફટકારી નાટકીય ઢબે કહ્યું : 'શહેનશાહના મહેમાનની આવી તૌહીન !' પછી રૂઆબભેર તાળી બજાવી: 'અરે કોઈ છે ...'

ગુલુ અને અમીરને હસવું આવતું હતું.

'શહેનશાહ, આપના બધા ગુલામ ઊંઘતા લાગે છે.' અમીર નાટક આગળ વધારવાના હેતુથી ઊભો થયો. દરવાજા સુધી જઈને કુરનિશ બજાવતો પાછો આવ્યો : 'નામદાર, આપે ગુલામને યાદ ફરમાવ્યો.'

ગુલુને ગમ્મત પડી અફલાને પોરસ ચડ્યો. શહેનશાહની અદાથી તેણે હુકમ કર્યો : 'આ બેવકૂફ બાંદીને હમણાં ને હમણાં રૂખસદ આપી દે. અમારી બેઅદબીની સજા રૂપે તેને મહેલમાંથી બહાર ઢસરડી જા અને જે આદમી પહેલોવહેલો સામે મળે તેના સાથે એના નિકાહ પઢાવી દે.'

અમીરની આંખો ચમકી ઊઠી. તેણે ગુસ્સો દેખાડી ગુલુનું બાવડું પકડ્યું : 'નામદાર, આપને હરકત ન હોય તો આ ગુલામ જ તેની સાથે નિકાહ પઢી લેવા તૈયાર છે.'

ગુલુ શરમની મારી કાંપી ઊઠી. અમીરની પકડ મજબૂત ન હોત તો બાવડું છોડાવીને તે ક્યારની અંદર નાસી છૂટી હોત. શહેનશાહ અફલાના જવાબનો ઈન્તજાર કરતો અમીર ગુલુને પકડી રાખી એમ જ ઊભો હતો.

'શાબાશ !' અફલાએ તાળી પાડી દાદ આપી : 'વાહ વાહ અમીર ! તને તો નાટક ભજવતાં બેહદ સારું આવડે છે.'

'તમાશો પૂરો થયો, હવે તો મારો હાથ છોડો !' ગુલુ રડવા જેવી થઈ ગઈ. અમીરે એક ચીંટિયો ભરી લઈ તેને જવા દીધી : 'તમાશો હજુ તો શરૂ થયો છે ગુલુ.'

'સાચી વાત છે ગુલુ !' અફલો હજુ નાટકના જ નશામાં હતો : 'અમીર જો સાથ આપે તો આપણે એક કંપની ખોલવા તૈયાર છીએ. તારે શહેનશાહ બનવું હોય તો તને છૂટ છે અમીર.'

'નહીં અફલા, આપણને એવા બનાવટી શહેનશાહ બનવાનો શોખ નથી, તેને બદલે અસલી સેનાપતિ બનવાની મુરાદ છે.'

'યાર, થોડી તલવારબાજી આવડી ગઈ એટલે તેને હવે ફાંકો આવી ગયો.' અફલાએ અમીરની કમરે લટકતી તલવાર સાથે અડપલાં કરતાં કહ્યું : 'નાટકમાં તો તમે મન પડે એ બની શકો. ઘડીકમાં રાજા તો ઘડીકમાં ગુલામ, ક્યારેક મજનુ તો ક્યારેક ફરહાદ. આ એક જ ધંધો એવો છે જેમાં તમે બધું બનવાની મુરાદ પૂરી કરી શકો.'

'એમ !' અમીરે અફલાનો કાન પકડ્યો : 'એક મહિનાથી નાટક કંપનીવાળાની ખુશામત કરતો ઉજાગરા કરે છે છતાં તેણે તને શું બનાવ્યો ?'

'દરવાન બનાવ્યો !' અફલાએ કાન છોડાવી ભોળા ભાવે કહી દીધું : 'મારા બેટાઓ મને મોકો જ આપતા નથી. નાટકમાં મફતિયા ઘૂસી ન જાય એટલે ચોકી કરવા દરવાજે ઊભો રાખે છે, કહે છે કે તને મફતમાં નાટક જોવા મળે છે ને.'

'એને બદલે બાપુની દુકાને ગુમાસ્તો બની જા.'

'નહીં યાર, મેં એક નુસખો વિચારી લીધો છે. જોજેને એણે મને વેશ

પહેરાવવો પડે છે કે નહીં ?'

'કોનો વેશ ?'

'હણમાનનો.'

'હણમાન !' અમીરની આંખો ખેંચાઈ: 'બેવકૂફ, મુસલમાન થઈ કાફિરના દેવતાનો વેશ ભજવવો પડે છે તારે.'

'અમીર, નાટકમાં એવું ન જોવાય. એમાં તો લયલા મજનુનો ખેલ થાય અને રામવનવાસ પણ ભજવાય. હણમાન રામનો વફાદાર ગુલામ હતો. પેલો ગુલબો મારા જેવો જ ઠીંગણો છે. મોઢા પર વાંદરાનું મહોરું પહેરી, પાછળ મોટું પૂંછડું બાંધી હાઉક-હાઉક બોલતો કૂદાકૂદ કરે છે ત્યારે લોકો કેવા હસે છે !'

'તને કાંઈ ન સૂઝ્યું તે વાંદરાનો વેશ કરવાનું ઘેલું લાગ્યું અફલા !'

'યાર તું એને વાંદરો કહે છે પણ જેની તલવારબાજીના તું દાવ શીખે છે એ બેનીસિંહને પૂછી જોજે. એ લોકો એને દેવની જેમ પૂજે છે, પગે લાગે છે.'

'ત્યારે તો મારે તને બંદરના વેશમાં જોવા આવવો પડશે.' અમીરે તેને પોરસો ચડાવવા કહ્યું.

'બસ થોડા દિવસ ખમી જા.' અફલાને થયું અમીરને રસ પડવા માંડ્યો છે. તેણે આંખ મારીને ઉમેર્યું : 'એ ગુલબાની ટાંગ એક દિવસ તોડી નાખું પછી કંપનીવાળાએ મને હણમાન બનાવવો પડે છે કે નહીં જો જે ...'

'હઠ સાલા !' અમીરે ઠપકો આપ્યો : 'કાફિરના દેવતા બનવા માટે કોઈની ટાંગ તોડવાનું બૂરું કામ કરવા માગે છે.' અમીર વાત અફલા સાથે કરતો હતો પણ તેની નજર ગુલુની ખોજમાં અંદરના કમરા તરફ આંટાફેરા કરતી હતી : 'અરે ગુલુ, જે કામ માટે આવ્યો હતો એ તો દિમાગમાંથી નીકળી ગયું. શિરીનચાચીએ તને ઘેર બોલાવી છે. સાંજે કેટલાક મહેમાનને બાપુએ દાવત આપી છે. ખાણું પકાવવા તારે ચાચીને હાથ આપવો પડશે.'

'એ ભલે.' ગુલુએ અંદરથી જ જવાબ આપ્યો : 'તમે જાવ, હું આવી પહોંચું છું.'

પણ અમીર એમ જવા માગતો નહોતો, ગુલુને નિરાંતે નિરખવાનો મોકો

તેને ક્યારેક જ મળતો. જુવાનીએ ગુલુને પરદાનશીન બનાવી દીધી હતી. શિરીનચાચીની હાજરીમાં ગુલુ તેનાથી મોં છુપાવતી ફરતી એટલે જ અમીર અફલાને મળવાને બહાને ઘેર આવી ચડતો. આજે આવતાં વેંત તેણે જાણે કરીને ગુલુને કામનો સંદેશો આપ્યો નહીં, કદાચ ગુલુ તરત જ ઘેર જવા નીકળી પડે તો થોડી દિલ્લગી કરવાની તક સરી જાયને

થોડીવારે ગુલુ કાળો બુરખો ઓઢીને કમરામાંથી બહાર આવી : 'હજુ તમે ગયા નથી ?' આમ કહેવા પાછળ એક છાનો ભય હતો. પોતાના ઘરથી અમીરના ઘર સુધીના બે મિનિટનાં અંતરમાં પણ બંનેને જો સાથે કે આગળ પાછળ ચાલતાં જોઈ જાય તો પડોશીઓની નજર નિંદાભાવથી ચકળવકળ થવા માંડે. આમેય તે પોતે ચૌદ વરસની થઈ છતાં 'હાથ પીળા' ન થયા એ માટે માને ગામનાં મેણાં સાંભળવાં પડતાં. એટલે જ તેણે અમીરને ફરી પૂછ્યું : 'તમે હજુ ગયા નથી ?'

'ગુલુડી, એ મારી સાથે બેસે એમાં તારો શું ગરાસ જાય છે. તું તારે જાને જઈને કામે લાગી જા.' અફલાએ તેને વધુ ચીડવવા માટે ઉમેર્યું પણ ખરું : 'તું ગયા પછી અમે બંને દોસ્તો તાલી … વાતો કરવાના છીએ.'

અમીરને હતું કે અફલાને જવાબ આપવા ગુલુ ચહેરા આડેથી બુરખો હઠાવશે, તેને બદલે એ ચાલાક છોકરીએ એક હાથ બહાર કાઢી બંનેને અંગૂઠો બતાવ્યો : 'ઠિંગો ! મારી વાત કરવા જેવું છે શું ?'

ગુલુ પગ પછાડીને બહાર નીકળી ગઈ ત્યારે અમીરની નજર કાળા બુરખાની કિનારી નીચેથી ડોકાતી તેની ગુલાબી પાનીનો દૂર સુધી પીછો કરતી રહી.

*

'ઈસ્માઈલમિયાં, તમારો બેટો સત્તર સાલનો જ છે એ માનવામાં આવતું નથી.' એક વૃદ્ધ સોદાગરે તેના બોખા મોંમાં મરઘીની હડ્ડી ચૂસતાં કહ્યું : 'એક્વીસનો હોય એવો ભાયડો લાગે છે.'

'કેમ ન હોય,' એ જ ગામના સોદાગરે ટાપશી પૂરી : 'જનાબના ઘરની ખાણીપીણી તો તમે જુઓ છોને, મુરનાઈ ગામમાં ખાધે પીધે આવું સુખી ઘર ગોતવા જવું પડે.'

ગોળ કુંડાળામાં દસ બાર મહેમાનો સાથે ઈસ્માઈલ અને અમીર ખાણાં પર

બેઠા હતા. બિસ્મિલ્લા કરીને ખાવાની શરૂઆત થયા બાદ પોતે બધાની વાતનું કેન્દ્ર બની ગયો એથી અમીરને સંકોચ થવા માંડ્યો. વારેવારે મોટેરાઓની નજર તેના તરફ વળતી ત્યારે આંખો નીચી ઢાળી દઈને આંગળા ચાટવા માંડતો. તેનો ઈરાદો તો રાંધણિયામાં જમી લેવાનો હતો. એ બહાને ગુલુના હાથે પીરસેલું ખાવા મળે. તેને ચીડવતા જવાય તો થોડું વધારે ખવાય. પણ બાપુએ જ તાકીદ કરેલી : આજે તારે સૌની સાથે ભાણે બેસવાનું છે. તું હવે જવાન થઈ ગયો, મહેમાનવાજી કરતાં શીખવું જોઈએ . . .

'પણ ઈસ્માઈલમિયાં, એની પાણીદાર આંખો અને અણીદાર નાક જોતાં એ તમારા કરતાં જુદો દેખાય છે.' એક મહેમાને ઘણીવાર લગી અમીરને જોઈ લીધા પછી અભિપ્રાય ઉચ્ચાર્યો ત્યારે ઈસ્માઈલને આછો ઝાટકો લાગ્યો. કોળિયો ગળે ઉતારી લેવાને બહાને તે જવાબ શોધતો હતો પણ પેલા મહેમાને જ અનુમાન પેશ કર્યું : 'કદાચ અમીરઅલી એની મા પર પડ્યો હશે.'

'એ તમે સાચું કહ્યું,' ઈસ્માઈલે ધરપત અનુભવી : 'દેખાવમાં જ નહીં, દિલથી પણ એ એની મા પર ઊતર્યો છે. કોઈને ગેરઈન્સાફ થાય એ અમીર સહી શકતો નથી. હજુ મૂછનો દોરો ફૂટી રહ્યો છે છતાં ભલભલા મૂછાળા મરદ સામે બાથ ભીડવામાં પાછો ન પડે.'

અમીરે ત્રાંસી નજરે બાપ સામે જોયું : બહુ તારીફ કરશો તો હું ખાઈ નહીં શકું . . . એવો સંકેત નજર મારફત આપ્યો પણ ઈસ્માઈલનો કરચલીવાળો ચહેરો પોરસથી ઝગારા મારતો હતો. જુવાન બેટા સામે આછું મરકીને તેણે સંકેતમાં જણાવ્યું : બેટાની તારીફ કરવાનું ક્યા બાપને ન ગમે ?

'જનાબ, જુવાન બેટો પડખે હોય ત્યારે બાપને ઉંમરનો બોજ વરતાતો નથી.' એકે અનુભવવાણી ઉચ્ચારી : 'હવે એની શાદી કરી નાંખો એટલે ઘરમાં ઓરતની ખોટ પણ ન વરતાય.'

અમીર ચમક્યો. મહેમાનોમાંથી કોઈક પરણાવવા લાયક બેટીનો બાપ તો નહીં હોયને . . . એ ખામોશ ન રહી શક્યો : 'મુરબ્બી, પહેલાં હું બાપુનો ધંધો શીખી લેવા માગું છું, પછી શાદીની વાત.'

'શાબાશ બેટા !' વૃદ્ધ મહેમાને દાદ આપી, પણ બારણા પાછળ ઊભેલી શિરીનને અમીરના બોલ ખટક્યા હોય તેમ એના ચહેરા પર અણગમો ઉપસી

આવ્યો. પડખે ગુલુ ઊભી હતી એટલે તેણે મોં ફેરવી લઈ ભાવ સંતાડી દીધાં. ગુલુ તો અમીરની તારીફ સાંભળી મનમાં હરખાતી હતી. માથી છાની ખુદાને અરજ ગુજારતી હતી : મહેબૂબ આપે તો આવો આપજે, નહીંતર શાદીને બદલે મોત દેજે.

ખાણાની સાથે ઈસ્માઈલ દીકરાના બોલને વારેવારે વાગોળતો રહ્યો : 'પહેલા હું બાપુનો ધંધો શીખી લેવા માગું છું . . .' અમીરે શાદીની વાત ટાળવા માટે જ આવો જવાબ આપ્યો હતો કે પછી ખરા દિલથી તે એવું ઈચ્છતો હશે ? ઘોડેસવારી, તલવારબાજી અને મલ્લકુસ્તીમાં પાવરધો થયેલો દીકરો વારેવારે સેનાપતિ થવાની ખ્વાહિશ જબાન પર લાવતો હતો અને આજે એકાએક તેણે ધંધાની વાત શાથી ઉચ્ચારી ? મરિયમ ગુજરી ગયા પછી પોતે જેની અધીરાઈપૂર્વક રાહ જોઈ રહ્યો હતો એ દિવસો હવે નજીક આવી પહોંચ્યા છે એવો રોમાંચ તેણે અનુભવ્યો. સાથે સાથે છાનો ભય પણ સળવળી ઊઠ્યો : મારા અસલી ધંધાથી વાકેફ થયા પછી અમીર મને સાથ આપશે કે પછી . . .? 'બેટા, હવે અમે ઉપર ધંધાદારી મસલત કરવા બેસીએ છીએ.' જમી લીધા પછી ઈસ્માઈલે અમીરને કહ્યું : 'તું શિરીન અને ગુલુને ઘેર મૂકી આવીને ઊંઘી જજે. હુક્કાપાણીનો બંદોબસ્ત હુસેન કરી લેશે.'

'ભલે.' અમીરે છુટકારાનો દમ ખેંચ્યો. એક તો મોટેરાઓની નજરોથી ઊગરી જવાયું અને શિરીનચાચી સાથે ગુલુને મુકવા જવાનું મળ્યું.

બે બુરખાધારી ઓરતોને ફાનસના અજવાળામાં દોરતો અમીર જઈ રહ્યો હતો ત્યારે થતું હતું કે શિરીનચાચીનું ઘર ઘણું બધું દૂર હોત તો કેટલું સારું ! નાટકિયો અફલો અત્યારે ઘેર નહીં હોય, નહીંતર એની સાથે વાતો કરવાને બહાને થોડું વધારે રોકાઈ જવાત. ગુલુને ચીડવવાનો મોકો મળી જાય તો કહેવું હતું : બંદાની તારીફ સાંભળીને ? શાદીની વાત તારે ખાતર જ ઉડાવી દીધી, નહીંતર તું રખડી પડત. એ સોદાગરો દીકરીની સગાઈ કરવા નીકળ્યા હોય એવા ઠાવકા દેખાય છે-શું સમજી ?

'છોટે મિયાં ! જરા થોભજો.' ઘરનું બારણું ખોલીને શિરીને પાછા ફરતાં અમીરને રોક્યો. પછી ગુલુને આઘી પાછી કરવા માટે કામ ચીંધ્યું : 'જો અંદર જઈને દીવો પેટાવી લે.'

અમીર ફાનસ પકડીને ઉંબરા પાસે ઊભો રહ્યો. શિરીનચાચીના ચહેરા પર

કોઈ ઉલઝન ઉતરી આવી હોય એવું તેને કળાયું : 'ચાચી, મારું કાંઇ કામ હતું ?'

શિરીને આગળ પાછળ ઝડપી નજર ફેરવી લીધી : 'હા, અમીર ! એક વાત પૂછવી હતી.'

'પૂછોને.' અમીર નીચું જોઈ ગયો, તેણે અનુમાન કર્યું કે ચાચીની ગંભીરતા કોઈ નાજુક બાબત છોડવાનો અણસાર આપે છે. શું એ શાદી અંગે કોઈ પૂછતાછ કરવા માગતાં હશે ? કદાચ એટલે જ ગુલુને તેમણે અંદર મોકલી દીધી હશે.

'જમતી વખતે તેં મહેમાનોને કહ્યું એ મેં બરાબર સાંભળ્યું.' શિરીન અવાજ ધીમો રાખી ફફડતા જીવે બોલતી હતી : 'તું ખરેખર માલિકના ધંધામાં જોડાવાની ખ્વાહિશ. . .'

'અરે ચાચી !' અમીરને હસવું આવી ગયું : 'મને એમ કે તમે કાંઈક ઉલઝનમાં છો . . . ધંધામાં જોડાવાની વાત તો મેં ઉપજાવી કાઢેલી-બેઘડી ગમ્મત ખાતર.'

શિરીને નિરાંતનો શ્વાસ લીધો. તેના ચહેરા પરની મૂંઝવણ વિખરાઈ ગઈ. પણ હવે અમીરને કુતૂહલ જાગ્યું : 'હેં ચાચી, ધંધામાં જોડાવાની વાતથી તમે અકળાઈ કેમ ગયેલાં ?'

શિરીનને ટાઢ વાતી હોય એવી થથ તટી થઈ આવી. બનાવટી રીતે હોઠ મલકાવીને કહ્યું : 'નહીં અકળામણ શેની થાય . . . પણ મને તો એમ કે તું સેનાપતિ થવા માટે-લશ્કરમાં જોડાવા માટે વારંવાર કહ્યા કરે છે અને એકાએક ફેંસલો બદલી નાખ્યો કે શું ?'

'ઓહ !' અમીર મા જેવી મમતાળું ચાચીને સ્નેહ નીતરતી નજરે થોડીવાર જોતો રહ્યો : 'સાચું કહેજો, હું સેનાપતિ થઉં એ તમને વધુ ગમે કે . . .'

'તમે બહાદુર થાવ એ કોને ન ગમે છોટેમિયાં !' અધ્ધર જ જવાબ આપવો પડ્યો. હવે ગુલુ દીવો પેટાવીને આવી પહોંચી હતી. શમા જેવા એના રૂપ પર અમીરની નજર પરવાનાની જેમ ઘુમરાવા લાગી. અત્યારે જ ચાચીને પૂછી લેવાનું મન થયું : તમારી બેટીનો હાથ મને સોંપવા રાજી છો ને ? પણ હિંમત ન ચાલી.

'હવે તમે જાવ છોટેમિયાં-ઊંઘ આવતી હશે.' ચાચીએ કહ્યું ત્યારે અમીરને પાછા ફરવું પડ્યું. મનમાં એ બબડ્યો પણ ખરોઃ હવે જલદી ઊંઘ નહીં આવે. . .

*

બિછાનામાં એ પડખાં ફેરવતો હતો. આજે કાંઈક એવું જ બનતું રહ્યું કે બેચેની થાય, વિચાર કરવાની ફરજ પડે. સવારે ગુલુના ગયા પછી અફલાએ તેને ખાસ વાત કહેવા જ રોકી પાડેલો. હસમુખો અફલો વાત છેડતાં પહેલાં કેવો ભારેખમ બની ગયો : 'અમીર આપણી દોસ્તીને હરકત ન આવે તો એક વાત કહું.'

'યાર આપણા વચ્ચે ક્યારેય હરકત નહીં આવે.' એવી ખાતરી મળ્યા પછી અફલો તૂટક-છૂટક શબ્દોમાં કહી શક્યો હતો : 'ગુલુની શાદીની અમ્માને ફિકર લાગી છે. બાપ વિનાની ગરીબ ઘરની બેટીને જલદી દુલ્હો મળતો નથી. ગુલુનું મન તારામાં લાગ્યું છે. અમ્મા શાદીની વાત ઉચ્ચારે છે ત્યારે એ રડવા માંડે છે. અમે બધા જાણીએ છીએ કે એ છોકરી કોઈના પણ ઘરની રોનક બની શકે એવી લાયક છે. પણ અમીર, ગજા બહારનો વિચાર કરવાની હિંમત નથી ચાલતી. ક્યાં તમે અને ક્યાં અમે ? મારે તો તને એટલું જ કહેવું છે, જે શક્ય નથી એનો ભ્રમ શું કામ ઊભો કરવો ?'

આમ કહીને કઠણ કાળજાનો અફલો રડવા માંડેલો. નહીંતર પોતે માન્યું હોત કે તે નાટકના સંવાદ બોલી રહ્યો છે. ગુલુ સાથેની શાદીમાં આવી હરકત ઊભી થવાનું તેણે ક્યારેય વિચાર્યું નહોતું. બાપુ પોતાની કોઈ વાતને ટાળે એમ તેને લાગ્યું નહોતું. પણ હવે સમજાવા માંડ્યું કે બાબત ધારી હતી એટલી આસાન નથી. એક તરફ ગુલુ માટે જાગેલી પ્રીત, અફલાની દોસ્તી અને શિરીનચાચીની મમતા હતી તો બીજી બાજુ બાપુની ઇજ્જત, દોલત અને ખાનદાની ... શું આમાંથી કોઈ રસ્તો નહિ નીકળે ? પોતે બાપુને રાજી નહીં કરી શકે ?

અચાનક તે બિછાનામાં બેઠો થઈ ગયો : જઈને બાપુને કહું ... ઊંઘતા હોય તો ઉઠાડીને સમજાવું કે તમે કહેશો એ કરવા હું તૈયાર છું, પણ મારી શાદી બીજે ક્યાંય ન ગોઠવતા. અમારા પ્યારમાં તમારી અમીરીને વચ્ચે ન લાવતા.

પછી યાદ આવ્યું, ઘરમાં મહેમાનો છે, આવી વાત શી રીતે થાય ? છતાં ઊભો થયો. બારીમાંથી બહાર જોયું. ચાંદ તેની સામે હસતો લાગ્યો. શું કામ ? કદાચ તે મજાક કરી રહ્યો છે : થોડીવાર પહેલાં પોતે બધા વચ્ચે શાદીની વાત ઉડાવી દીધી અને હવે એનો જ તલસાટ જાગ્યો ?

બારીમાંથી નજર ખેંચી લઈ તે લટાર મારવા લાગ્યો. અચાનક તેના પગ થંભી ગયા, એક કમરો છોડીને પછીના કમરામાંથી ધીમા અવાજ આવતા હતા. શું

હજુ મહેમાનો સૂતા નહીં હોય ! ધંધાદારી વાતો પૂરી થઈ નહિ હોય ?

પગ આપો આપ એ તરફ વળ્યા. પગલામાં અનાયાસ જ સાવચેતી ભળી. ન સમજાય એવું કૂતુહલ મનને કબજે કરી બેઠું : જરા જોવા તો દે, મોટેરાઓ શું મસલત કરે છે ...

અમીરે એક કમરો વટાવ્યો. ત્યાર પછીના મોટા કમરામાં બધા બેઠા હતા. બારણાં અંદરથી વાસેલાં લાગ્યાં. આમે તે ઈસ્માઈલના એ કમરામાં જવાની બધાને મનાઈ હતી. એની સાફસૂફી પણ દુકાનના ગુમાસ્તા હુસેન સિવાય કોઈ ન કરી શકતું. કોઈ અંદર ન હોય ત્યારે બારણે મોટું તાળું મારી દેવાતું, ચાવી ઈસ્માઈલના કબજામાં જ રહેતી. અમીરે એક બે વાર જીજ્ઞાશા વ્યક્ત કરી ત્યારે ઈસ્માઈલે કહેલું: બેટા, એમાં ધંધાધાપાના ચોપડા અને કિંમતી માલસામાન હોય છે. એટલે કાળજી રાખવી સારી.

બારણાં પાસે એ ગૂપચૂપ ઊભો રહ્યો. ધીમેથી વાતચીત થતી સંભળાઈ. કાન સતેજ કરી દરવાજા પર દાબ્યા. અવાજ કાને પડતો હતો પણ શબ્દો સમજાતા નહોતા. વધુ ધ્યાનથી સાંભળ્યું. અરે આ લોકો તો જુદી જ બોલીમાં વાત કરી રહ્યા છે ! ઈસ્માઈલનો અવાજ તે બરાબર પારખી ગયો, શું બાપુ પણ આ બોલી જાણે છે ! આજ પહેલાં ક્યારેય તેમની આ જબાન સાંભળવા કેમ મળી નથી ? જિજ્ઞાસા સાથે હવે રહસ્ય વીંટળાયું.

અમીરને ચટપટી જાગી. જે બોલાય છે તે તો સમજાતું નથી પણ જે થઈ રહ્યું છે તે દેખાય તો કાંઈક ખબર પડે. બારણાંની તિરાડમાં તેણે આંખ ગોઠવી. અંદરનું અજવાળું કળાયું, માણસો બેઠેલા દેખાયા. છતાં કીકીમાં બરાબર બેસે એમ જોવાતું નહોતું.

વાતચીત ચાલુ જ હતી. અમીરને થયું, આમ ચોરીછૂપીથી જોવા-જાણવાની ઈચ્છા રાખવી એ અપરાધ ગણાય. કુરાનમાં એની મનાઈ ફરમાવી છે. બાપુ જાણી જાય તો એનેય દુઃખ થાય. આ બધા મહેમાનો સામે ઉઘાડા પડી જવાય તો તો વળી બેઈજ્જતી થાય.


બારણાથી દૂર હઠી ગયો, જિજ્ઞાસાને ટપારીને પગ પાછા વાળવા જાય છે ત્યાં અંદર પોતાનું નામ ઉચ્ચારાતું સંભળાયું. શું આ લોકો મારી વાત કરી રહ્યા છે ? અને તે પણ ખાનગી જબાનમાં ! કદાચ મારી શાદીનો પ્રસ્તાવ તો નહીં

મૂકાતો હોય ને ? એ સિવાય મહેમાનો મારી આટલી બધી તારીફ શા માટે કરે ?

તેણે દીવાલ તરફ નજર દોડાવીને અને આંખો ચમકી ઊઠી. હવાઉજાસ માટેની એક ગોખલી દેખાઈ. બહુ ઊંચી પણ નહોતી. અત્યાર લગી તેને ગોખલી યાદ કેમ ન આવી ?

ઝડપભેર છતાં અવાજ ન થાય તેવી સાવધાની રાખી તે દીવાલ સરસો સરકી ગયો. અંદર નજર કરવા માટે તેને પગની પાનીઓ ઊંચી કરવી પડી, શ્વાસ રોકી દેવો પડ્યો. અને જોયા પછી તો શ્વાસ પણ અધ્ધર થવા માંડ્યો.

વચોવચ દીવો બળતો હતો, તેની સામે એક સંદૂક ઉઘાડી પડી હતી. બધા ગોળફરતા બેઠેલા. દરેકના પગ પાસે કિંમતી ઘરેણાની ઢગલીઓ દેખાતી હતી. કોઈ મોતીની માળા હાથમાં લઈ હરખાતું હતું, કોઈ સોનાના કંગનને આંગળાથી રમાડતું હતું. તેના બાપુ પાસેય એવી એક ઢગલી પડી હતી. અમીરે ધારીને જોયું. બીજા કરતાં એ ઢગલી મોટી દેખાઈ. જાણે ભાગની વહેંચણી થઈ રહી હોય અને બાપુના ભાગે વધુ માલ આવ્યો હોય એમ દેખાતું હતું. દરેકના મુખ પર ખુશી તરવરતી હતી. આ શેના ભાગલાગ વહેંચાતા હતા ? બાપુનો ધંધો તો કાપડનો છે. મહેમાનોમાંથી તો ત્રણ ચાર જ એ ગામના હતા, બાકીના બહારગામના આવેલા. તો પછી આ ઝવેરાત શેનું છે ? અમીરે નજરને વધુ સતેજ કરી. પેલી સંદૂક આ વખતે બાપુ સફરેથી પાછા ફર્યા ત્યારે સાથે લાવેલા. બહુ સાચવીને તેમણે આ કમરામાં મુકાવી હતી. આમાં શું લઈ આવ્યા એવી પૃચ્છા પોતે કરી ત્યારે તેમણે વાત ઉડાવી દીધી હતી.



અમીર જેમ વિચારતો ગયો તેમ રહસ્ય ઉકલવાને બદલે વધુ ઘુંટાતું લાગ્યું. સાથે શ્વાસ પણ ઘુંટાવા લાગ્યો. ગોખલીમાં બાઝેલી ધૂળ નાકમાં પેસી ગઈ અને છીંક આવે એવી ઝણઝણાટી થવા માંડી. છીંક ખાય એટલી જ વાર હતી. રાતના સન્નાટામાં બધા સાંભળી જવાના-તેની ચોરી પકડાઈ જવાની... ...

સડાક કરતા તે નીચે બેસી ગયો. નાક દાબી દીધું. શરીરે પસીનો વળવા માંડ્યો. મનમાં અપરાધ કર્યાની લાગણી આળોટતી હતી, તેમ બાપે પોતાથી કંઈક છાનું રાખ્યું છે એનો ઉકળાટ પણ વલોવાતો હતો. જે કાંઈ જોયું તેનો તાગ પામવાનું ઝનૂન દિમાગ પર સવાર થઈ ગયું. બેઠાં બેઠાં પણ કાન તેણે દીવાલ પર જ માંડી રાખ્યા.



એ ચમક્યો. હવે એ લોકો રોજિંદા વ્યવહારની જબાનમાં બોલી રહ્યા છે. ખુદાએ તેની તરફદારી કરી એવો રોમાંચ જાગી ગયો. એક પણ શબ્દ હવામાં સરકી ન જાય એટલા સજાગપણે તે સાંભળતો હતો.

'જનાબ, ગયા વખતની જેમ આવતી સફર પણ એવી જ કામિયાબ નિવડે તો બેડો પાર થઈ જાય.' એ પેલા બુઢ્ઢાનો અવાજ હતો.

પણ આવતી સફરમાં તમારે અમીરને સાથે લેવો જોઈએ એમ નથી લાગતું ?' ગામના વેપારીના એ બોલ હતા : 'હવે એ કાફી ઉંમરલાયક અને બહાદુર દેખાય છે.'

'મારાથી હજુ ફેંસલો નથી કરી શકાતો.' ઈસ્માઈલ જરા ધીમેથી બોલ્યો. વચ્ચે આછી ગગડાટી સંભળાઈ એટલે અમીરે માન્યું કે હુક્કાની નળી બાપુના હાથમાં હશે. ઊભા થઈને જોતાં જોતાં બધું સાંભળવાની લાલચને તે રોકી શક્યો નહીં.

'તમે નકામી ઢીલ કરો છો. અમીર હવે બહુ સમજુ થઈ ગયો છે. તેનાથી છાનું રાખવામાં માલ નથી. એને આપણા ધંધાથી વાકેફ કરી દેવામાં જ ડહાપણ છે.'

ઈસ્માઈલની સામે જોઈને ગામનો એક સોદાગર આમ બોલતો હતો. અમીરને ઈસ્માઈલનો જવાબ સાંભળવાની તાલાવેલી લાગી. એમના ચહેરા પર ચિંતાના ભાવ ફરકતા દેખાયા : 'બીજી બધી રીતે એ બરાબર છે. બેનીસિંહે તેને પૂરી તાલીમ આપી દીધી છે. પણ પેલા બેવકૂફ મુલ્લાએ એના મગજમાં નેકી અને ઈન્સાનિયતનું એવું ભૂંસુ ભરી દીધું છે કે એને ગળે આપણા ધંધાની વાત ઉતારવાની ધાસ્તી લાગ્યા કરે છે.'

ઈસ્માઈલ બોલતો અટકી ગયો ત્યારે અમીરને મુલ્લાજી યાદ આવ્યા. બાપુને તેના માટે અણગમો હતો એ જાણતો હતો છતાં એમને બેવકૂફ કહેવાની શી જરૂર હતી ?

'મુલ્લાએ એને બહુ ભરમાવી દીધા છે.' હુસેન કહી રહ્યો હતો : 'નેકીના એવા સબક શીખવ્યા છે કે જે ઈન્સાન એ રસ્તે જાય તેને બહિસ્ત (સ્વર્ગ) માં હૂરો (પરીઓ) મળે છે, બધા જ સુખ સાંપડે છે.'

'એ તો ઓર ફાયદામંદ કહેવાય.' એક અનુભવી મહેમાને ઉત્સાહ

દાખવ્યો: 'એને પહેલાં આપણા મજહબનો હવાલો આપી સમજાવો કે જે ધંધો આપણે કરીએ છીએ તેમાં પણ ખુદા ઈન્સાનને ઉમદા બદલો આપે છે, જિન્નતમાં ખૂબસુરત હૂરો મળે છે. પછી આપણા બાપદાદાના રોજગાર પર યકીન કરવાની સલાહ આપો. કહો કે ઈન્દ્રદેવની અપ્સરાઓ આપણા કદમ ચૂમવા આવે એવો બદલો આ કામમાં રહેલો છે.'

અમીરના કાન ચમક્યા. કુરાન, બહિસ્ત અને હૂર પરથી આ આદમી ઈન્દ્રદેવ, સ્વર્ગ અને અપ્સરા તરફ કેમ વળવા માંડ્યો ! એના ઘરમાં હિન્દુના દેવતાને કેમ યાદ કરવામાં આવે છે, પેલો માણસ હિન્દુ જેવો તો દેખાતો નથી.

અમીરને મુંઝારો થવા માંડ્યો. પોતે કોઈ ખ્વાબ તો જોઈ રહ્યો નથી ને ? એની ખાતરી કરવા ગાલે ચીંટિયો પણ ભરી જોયો, ના, બધુ ઉઘાડી આંખે તે જોઈ રહ્યો છે, સજાગપણે સાંભળી રહ્યો છે.

'મને લાગે છે કે એ કીમિયો ઠીક રહેશે.' ઈસ્માઈલે હુક્કો હુસેનને સોંપીને કહ્યું : 'જ્યાં સુધી તે મારા ધંધામાં લાયક પુરવાર ન થાય ત્યાં સુધી તેની શાદી ન કરવાનો મેં મનસૂબો કર્યો છે હવે બંને કામ માટેનો સમય પાકી ગયો દેખાય છે. છતાં કામ બહુ સાવચેતીથી લેવું પડશે.'

થોડીવાર કોઈ કાંઈ બોલ્યું નહીં. હુસેન જ્યારે કાંઈ કહેવા ગયો ત્યારે ઈસ્માઈલે તેને ટપાર્યો : 'આપણે વચ્ચે રામસીમાં બોલવાનું કેમ બંધ કર્યું ? એ ઠીક ન કહેવાય. અમીર સાંભળીને સમજી શકે એવી જબાનમાં નહીં બોલવું જોઈતું હતું.'

'સાચી વાત છે.' બીજાએ રામસી જબાનમાં જ ટાપસી પૂરી કદાચ અત્યારેય એ સાંભળતો હોય તો ?'

બધા જ મૂંગા થઈ ગયા. અમીર તે પહેલાં જ ત્યાંથી સરકીને બિછાનામાં ગોઠવાઈ ગયો હતો. જે કાંઈ તેણે સાંભળ્યું અને જોયું તેનાથી દિમાગમાં આગ ભભૂકી ઊઠી હતી. જવાળામાં જલતો હોય, પીડાતો હોય તેમ તે તરફડવા લાગ્યો. મુલ્લાએ તેને જે નથી શીખવ્યું એવી કઈ વાત બાપુ જાણે છે-આ મહેમાનો પાસે શું ભેદ છે ? શું બાપુને પોતાની તાકાતમાં ભરોસો નથી ? શા માટે તેનાથી છાનું રાખવામાં આવે છે ? શું પોતે એમનો બેટો નથી ?

પહેલી જ વાર અમીરનું દિલ બળવો કરવા માટે તરફડી ઉઠયું.

*

૮

અમીરની આંખો ઊઘડી ત્યારે પોપચાં પર ઉજાગરો અધમણ ભાર વરતાયો. વિચારનાં વમળમાં ઘૂમરીઓ ખાઈને મન મૂર્છા પામ્યું ત્યારે છેક વહેલી સવારે આંખો બીડાઈ હતી. એ એક રાતમાં પોતાનું બચપણ છિનવાઈ ગયું હોય એવું મહેસૂસ થયું. ઉઘાડી કિતાબ જેવી લાગતી બાપુની જિંદગીમાં એવો તે શું ભેદભરમ છુપાયો છે કે પોતાને અંધારામાં રાખવો પડ્યો. ? શું શિરીનચાચી આ ભેદ જાણતાં હશે ? નહીંતર એ મને શું કામ પૂછે કે તમે સૈનિક બનવાને બદલે માલિકના ધંધામાં જોડાવાના છો ?

ઉજાગરાનો બોજ ખંખેરવા માટે અમીરે આંખો ચોળી. સવારનો તડકો બારીમાં ડોકાવા માંડ્યો હતો. શરીરમાં ગરમાવો કેમ લાગે છે ? કપાળે, ગાલે, ગળે હાથ મૂકી જોયો-મનના ઉકળાટે શરીરને પણ ધગાવી દીધું ? મરહુમ મા યાદ આવી ગઈ. એ હોત તો જઈને બધું પૂછી લેત. મારાથી તેણે ક્યારેય કશું છુપાવ્યું નહોતું, શિરીનચાચી ભલાં છે, પણ રાતે છાનામાના સાંભળેલી બાપુની વાતો તેમની પાસે ખુલ્લી કેમ પડાય ? તો હવે પૂછવું કોને ? મુલ્લાજી પાસે જાઉં...

ચહેરા પરનો ઉચાટ કોઈ પારખી ન જાય એટલે નીચે જઈને ઝટપટ તેણે મોં ધોઈ નાખ્યું. બાપુની નજરનો સામનો કરવો નહોતો. કબાટમાંથી કુરાને શરીફનું પુસ્તક કાઢી તે ઉંબરો ઓળંગવા જાય છે ત્યાં શિરીનચાચીના અવાજની ઠેસ વાગી:

'છોટેમિયાં, ઊઠતાવેંત ક્યાં ચાલ્યા ? દૂધ પીતા જાવ.'

શિરીન જાહેરમાં એને નાના માલિકના મરતબાથી બોલાવતી. અમીરે ઉંબરા

બહાર મૂકેલો પગ પાછો ખેંચી લીધો : 'ચાચી, આજે ઉઠવામાં મોડું થયું. મુલ્લાજી પાસે જવાનું છે, દૂધ પીવાની ઈચ્છા નથી.'

જો જરા વાર રોકાયો તો ચાચી કંઈક ખવડાવ્યા વિના નહીં જવા દે એવી દહેશતથી તે ઝપાટાબંધ બહાર નીકળી ગયો-જાણે ખરેખર બહુ ઉતાવળમાં હોય.

જૈફ મુલ્લાજીએ કુરાન ઉઘાડી આયાતોના અર્થ સમજાવવા માંડ્યા પણ અમીરનું ધ્યાન બીજે ભટકતું હતું. બુઢ્ઢી આંખોએ એ પકડી પાડ્યું :

'મિયાં, તમારા ચહેરા પર ચિંતા દેખાય છે. તબિયત તો સારી છે ને ?'

જવાબ આપે એ પહેલાં જ મુલ્લાજીએ તેના કાંડા પર હાથ મૂકી દીધો હતો: 'ઓહ, તમને તો બુખાર છે ... છતાં કુરાન માટેની દિલચશ્પીથી દોડ્યા !'

'મુલ્લાજી, સાચું કહેજો ... આ પાક કુરાનમાં એવી કોઈ ખાસ ચીજ છે જે તમે મને સમજાવી ન હોય ?'

ડઘાઈ ગયા હોય તેમ મુલ્લા ધોળી દાઢી પર હાથ ફેરવવા લાગ્યા, આંખો ઝીણી કરીને પૂછ્યું : 'કેમ એવી શંકા જાગી ?'

'કદા ... ચ.' અમીર થોડો ખચકાયો. પછી મન મક્કમ કર્યું : 'તમે મારી ઉંમરનો ખ્યાલ કરીને કોઈ ખાસ વાત ન સમજાવી હોય, પણ હવે હું કાચી છાતીનો નથી.'

મુલ્લાને હસવું આવી ગયું : 'તમે પહેલાં પણ પોચી છાતીના ક્યાં હતા ? સાચું કહું છું, કુરાનમાં એવી કોઈ વાત નથી જે મેં તમને શીખવી ન હોય. દરેક આયાતના મેં પૂરેપૂરા અર્થ તમને સમજાવ્યા છે.'

'તો હવે એ કહો કે સૌથી સારો ધંધો ક્યો ?'

અમીરે ગંભીર ભાવે પૂછ્યું અને મુલ્લાજી પાસે એનો જવાબ તૈયાર જ હોય તેમ સાંભળવા મળ્યું : 'સૌથી સારો ધંધો એક જ છે-મુલ્લાજીનો ! જે ઈન્સાન ખુદાના ફરમાનનો ફેલાવો કરે છે એના પર હમેંશા એમની રહેમનજર ઊતરે છે ... તમારા જેવા નેક માણસે મુલ્લાનો જ ધંધો પસંદ કરવો બહેતર છે.'

પણ એક રાતમાં અમીર બદલાઈ ચૂક્યો હતો. આ મુલ્લાની જિંદગી બાર વરસથી તેની સામે ગુજરતી રહી છે. માન-મરતબા સિવાય એમની પાસે કોઈ મૂડી નથી, ગરીબીએ એમનો કેડો છોડ્યો નથી. નહીં, એમના ધંધામાં આપણને રસ નહીં પડે.

'શું વિચારમાં પડી ગયા ?' મુલ્લાજી આતુરતાથી કહેવા લાગ્યા : 'તમે કહેતા હો તો તમારા અબ્બાને વાત કરું-એમની મંજૂરી મેળવી દઉં'

'નહીં નહીં.' અમીર ચોંક્યો-આ મુલ્લા કાંઈક બફાટ કરી આવશે : 'મારે શું થવું એ મેં નક્કી કરી નાખ્યું છે, એ તમને પછી કહીશ.' કહેતો અમીર સડસડાટ મેડી ઊતરી ગયો-કુરાન પણ ત્યાં જ મૂકતો ગયો. પોતાને જે જાણવું હતું તે બધું તેમાંથી શીખી લીધું છે, હવે એની જરૂરત રહી નથી.

'બેનીસિંહ ! આજે તલવારબાજી નથી કરવી.' અમીરે જતાંવેંત ખુલાસો કરી દીધો : 'કાંઈક પૂછવું છે.'

પૂછો બેલાશક.'

પણ સવાલ કરતાં પહેલાં એ થોડીવાર ખામોશ રહ્યો. વાત કઈ રીતે રજૂ કરવી. કદાચ સાંભળીને બેનીસિંહ હસી પડશે-પોતાને ડરપોક માની લેશે.

'માણસને ઊંઘમાં સપનાં આવતાં હોય એની પાછળ કોઈ ભેદ ખરો ?'

'હું સમજ્યો નહીં.' બેનીસિંહે હોઠ મરકાવી કહ્યું : 'કેવાં સપનાંની વાત કરો છો તમે ?'

'મને ક્યારેક ઊંઘમાં અજાણ્યા ચહેરા દેખાય છે.' અમીર નીચું જોઈ ગયો : 'એ માણસો ઘાતકી હોય, મોતના ફરિશ્તા હોય એવા દેખાય છે. કોઈકનાં મડદાં પણ નજરે તરવરે છે.'

આમ કહેતી વખતે અમીરનું દિલ ધડકતું હોય તેમ તેનાથી એક હાથ છાતી પર મુકાઈ ગયો. ફેરવી ફેરવીને બેત્રણ વાર મનની વાત સમજાવવાની કોશિશ તેણે કરી પણ બેનીસિંહ વધારે ગૂંચવાતો જતો હતો. ના અમીર ડરપોક નથી. તેના સપનાં પાછળ કોઈ ભેદ હોવો જોઈએ. કદાચ કોઈ સાધુ મહાત્મા આનો ખુલાસો આપી શકે.

'તમને મારી વાત માનવામાં નથી આવતી ને ?' અમીરે બેનીસિંહને સજાગ કરતાં પૂછ્યું : 'પણ કસમ ખાઈને જે સાચું છે એ જ કહું છું-તમારા સિવાય કોઈની પાસે મેં આ વાત ઉચ્ચારી નથી.'

'તમારે કસમ ખાવાની જરૂર નથી મિયાં.' બેનીસિંહને એક વાત સૂઝી આવી : 'કદાચ તમારી વાત સાચી હશે. અમે હિંદુલોકો પૂર્વજન્મમાં માનીએ છીએ.

કોઈકવાર માણસને પોતાના આગલા જનમની વાત યાદ રહી જાય છે.'

'એવું બને ખરું ?'

'હા, તમારી બાબતમાં કદાચ એવું જ બન્યુ લાગે છે. તમને જે ઘટના સપનામાં દેખાય છે તે તમારા આગલા જનમમાં બની હોવી જોઈએ.'

અમીરને તાજ્જુબી થઈ. બેનીસિંહ જેવો દિલેર આદમી તેને બનાવે નહીં. છતાં આ સાચું હોય તો . . .

'પણ મિયાં, એ વાત તમે ભૂલી જાવ એ જ બહેતર છે.' બેનીસિંહ તેના ખભા પર હાથ મૂકી બહુ સ્નેહથી કહેતો હતો : 'તમારા ઈસ્લામમાં આવો ખ્યાલ ધરાવવાને ગુન્હો ગણવામાં આવે છે.'

અમીર મૂંગો થઈ ગયો. આજે જે કાંઈ જાણવા મથતો તેમાં પાછો જ પડતો હતો. તેણે લમણા પર હાથ દાબ્યા : આમ વિચારોના વંટોળ ફૂંકાયા કરશે તો હું પાગલ થઈ જઈશ.

*

'હં . . . હં . . . હં માથું સંભાળજો.' અમીરને વિચારમાં ગૂમસૂમ ચાલ્યો આવતો જોઈને ગુલુએ સાવધ કર્યો : 'નહીંતર પાછા કહેશો કે અહીં આવું છું ત્યારે ચોટ લાગે જ છે.'

અમીર ઉંબરા પાસે થંભી ગયો. ભીના વાળ વેલણથી ઝૂંકોરતી ગુલુએ ડોકને હળવો ઝાટકો આપી વાળ પીઠ પાછળ ફંગોળી દીધા. પાણીના બેચાર બુંદ તેના ગુલાબી ગાલ પર એવી રીતે બાઝી ગયાં જાણે ઊઘડતા પુષ્પ પર ઝાકળનાં બિંદુ હસી રહ્યાં હોય.

'કેમ ઊભા રહી ગયા ?'

'બહીક લાગે છે.'

'શેની ?' ગુલુએ કીકીઓને આંખના ખૂણા તરફ સરકાવીને પૂછ્યું : 'આ વેલણની ?'

'નહીં, તારા સુંવાળા ગાલ પરથી પાણીનાં મોતી સરી જશે તો બિચારાને ચોટ લાગશે.'

અમીર આગળ વધ્યો. આજુબાજુ નજર કરી લઈ, ધીમે ધીમે ગુલુના મુખ

તરફ જમણો હાથ ઊંચક્યો. આછી કંપારી સાથે આંગળીઓ ગુલુની હડપચીને અડકી. શરમાઈને ગુલુએ આંખોની પાંપણ ઢાળી દીધી અને અમીરનું મુખ ધીરે ધીરે નીચે ઝૂકવા લાગ્યું. ચહેરા પર પુરુષના શ્વાસની ગરમી મહેસૂસ કરતી ગુલુ નક્કી ન કરી શકી કે શું કરવું . . . ત્યાં તો અમીરના કાંપતા હોઠ તેના ગાલ પર સુંવાળા પીંછાની જેમ ફરી વળ્યા.

થથરાટ અને ફફડાટ સાથે ગુલુ દૂર હઠી ગઈ. મોં ફેરવીને પૂછી બેઠી : 'આ શુ કર્યું તમે ?'

'કેમ, પેલા મોતીને વછકી જતાં બચાવી લીધા.'

'કોઈ જોઈ જાત તો . . .'

'સારું થાત.'

ગુલુને ઝાટકો લાગ્યો હોય તેમ અમીરના સામે વિસ્મયથી જોઈ રહી : 'સારું થાત ?'

'હાસ્તો, વાત બાપુના કાને પહોંચી જાત અને આપણી સગાઈ પાકી થઈ જાત.'

ખુશીની લહેર ફરકી ગઈ ગુલુનાં અંગેઅંગમાં.

'અફલો ઘેર નથી ?' અમીરે અંદરના કમરામાં નજર દોડાવી, ગુલુ સમજી ગઈ કે એ પોતાને કાંઈક કહેવા આવ્યા છે.

'વાડામાં નહાવા બેઠો છે. . . હજુ વાર લાગશે.' પછી મજાકમાં પૂછ્યું : 'કેમ, એને કહું કે તમે તશરીફ લાવ્યા છો ?'

'ના ના, ઉતાવળ નથી . . . ત્યાં સુધી તારી સાથે વાતો કરવાનો મોકો મળશે.' અમીરે આંખ મીચકારી.

'ઓહ, જનાબને આજે બાંદી સાથે વાત કરવાની ઈચ્છા થઈ આવી કાંઈ?'

અમીર ખામોશ રહ્યો. તેનેય ખબર નહોતી કે શું વાત કરવી હતી.

'મને તો એમ કે. . .' ગુલુ જાણે કરીને અટકી.

'એમ કે શું ?' અમીરની ઉત્કંઠા વધી.

'તમે મારાથી નારાજ છો. ચાર દિવસ થયા મોં દેખાડ્યું નથી. અમ્મા પણ કહેતી હતી કે તમે હમણાં પરેશાન દેખાયા કરો છો-પેલા મહેમાનો આવ્યા ત્યારથી.'

અમીરને ધ્રાસ્કો પડ્યો : શું પોતાની પરેશાની ઉઘાડી પડી ગઈ !

'બીજું શું કહેતાં હતાં શિરીનચાચી ?'

'કહેતાં હતાં કે પેલા મહેમાનની કોઈ શાહજાદી સાથે તમારી સગાઈ થવાની છે એટલે તમે પરેશાન રહો છો.'

'જૂઠ્ઠી !' અમીરે તેની પીઠ પર ગલીપચી કરી : 'ચાચીના નામે તું તારું હાંકે રાખે છે. શાહજાદી સાથે સગાઈ થાય એથી હું પરેશાન શું કામ રહું ?'

ગુલુ થોડી વાર અમીરને તાકી રહી. નજર મળશે તો ફરી અમીર કંઈક અડપલું કરી બેસશે એવી મીઠી મૂંઝવણ સાથે તેણે આંખો ફેરવી લીધી.

'તમારો ચહેરો કેટલો ફિક્કો પડી ગયો છે.' લાગણીનો રણકો સંભળાયો : 'તમારી પરેશાની મારાથી પણ છાની રાખશો ?'

અમીર શું જવાબ આપવો એવી ઉલઝનમાં પડ્યો હતો ત્યાં અફલો કમરે લૂંઘી વીંટાળતો આવી ચડ્યો : 'શું ખાનગી ચાલી રહ્યું છે ?'

ગુલુ શરમાઈને અંદર જતી રહી. અમીરે અફલાના ઉઘાડા વાંસા પર ધબ્બો માર્યો : 'એલા, આજે જુમ્મા નથી છતાં નાહ્યો ?'

'હવે રોજ નહાવાની આદત પાડવી છે.' અફલાએ વાંસો પંપાળવા હાથ પાછળ લઈ જઈને કહ્યું : 'નાટક કંપનીવાળા તો મારા બેટા રોજ બે વાર નહાય છે.'

અમીરને થયું મોકો આપીશ તો એ નાટકને રવાડે ચડાવી દેશે : 'અફલા, તું ઝટપટ પહેરણ પહેરી લે. આપણે બહાર જવું છે.'

બાજુના કમરાથી ગુલુએ જોયું કે અમીરના ચહેરા પર એકાએક ઉચાટ છવાઈ ગયો હતો. અફલાને એ ક્યાં લઈ જવાના હશે ? શું કામ હશે ? કદાચ સગાઈના બારામાં મસલત કરવા માગતા હશે ? આવા સુંવાળા તર્કમાં પોતે અમીરને પાણીનો પ્યાલો ધરવાનું પણ વિસરી ગઈ એનો ખ્યાલ બંને દોસ્તો ઘરની બહાર નીકળી ગયા પછી જ આવ્યો.

અમીર ક્યાંય સુધી અબોલ રહી આગળ વધતો ગયો ત્યારે અફલાને ચટપટી જાગી : 'કઈ બાજુ જવું છે ?'

'નદી તરફ...' અમીરે વધુ ન પૂછવાના ભાવ સાથે કહ્યું. અફલાનો સ્વભાવ

જ એવો હતો કે એ વધુ વાર મૂંગો રહી ન શકે. તેણે નાટકનું એક ગીત લલકારવા માંડ્યું-એ બહાને અમીર ખીજાઈને કાંઈક બોલશે. પણ તેનો એ કીમિયો બર ન આવ્યો.

'મૂંગા મૂંગા રસ્તો જ માપવો છે કે ક્યાંક બેસવું છે ?' ગીત પૂરું થવા સાથે અફલાની ધીરજ ખૂટી. ઊંચા અમીર સાથે પોતાનો બાંઠકો પડછાયો જોઈને મજાકમાં ઉમેર્યું : 'લાંબા સાથે ટૂંકો જાય, મરે નહિ તો માંદો થાય.'

ત્યારે અમીરથી હસી પડાયું. અફલાનો હાથ પકડી ત્યાં જ ઝાડના છાંયે એ બેસી ગયો : 'બેસ.'

શ્રાવણની મસ્તી ઓસરી ગઈ હોય તેમ નદી ભાદરવાના ભારેખમ મિજાજથી વહેતી હતી. ઘણીવાર સુધી અમીર ચૂપચાપ બેસી રહ્યો. ચાર દિવસથી મનમાં ડહોળાતું હતું તેને આછરવા દેવાની એ ખામોશી હતી.

'નાટકમાં બહુ વાર સુધી સંવાદ ન આવે તો લોકો સીટીઓ મારીને પૈસા પાછા માગે.' અફલાએ અકળામણ ઠાલવી.

'અફલા !' એક કાંકરો નદીમાં ફગાવીને અમીરે ખામોશી તોડી : 'તું નાટકનું લફરું છોડી શકીશ ?'

પેલો બાઘાની જેમ તેની સામે જોઈ રહ્યો.

'આપણે ગામ છોડી જવું છે.'

'ક્યાં ?' અફલાનું મોં ઉઘાડું રહી ગયું.

'ગમે ત્યાં . . .' અમીર નિઃસાસો નાખીને કહેતો હતો 'અહીંથી દૂર . . . દૂર . . .'

અફલો કહેવા જતો હતો, મજનુની જેમ સંવાદ કેમ બોલે છે ? પણ અમીરની ગમગીની જોતાં એની હિંમત ન ચાલી. વાત બહુ ગંભીર લાગી.

'તારા સિવાય મેં કોઈને મનનો ઇરાદો જણાવ્યો નથી.' અમીરની આંખોમાં હવે મક્કમતાની ચમક દેખાવા લાગી : 'હું ઘર છોડી જવા માગું છું.'

'પણ શું કામ ?' અફલો ઉશ્કેરાયો : 'તારા મગજમાં શું ભૂસું ભરાયું છે. મને માંડ કરીને નાટકમાં મોકો મળવાનો છે ત્યારે તું . . .'

'ફરીવાર મારી સામે નાટકનું નામ નહીં ઉચ્ચારતો અફલા !' અમીરે સખ્તાઈભેર કહ્યું : 'હવે જિંદગી મને તમાશા જેવી લાગવા માંડી છે. હા કે નાનો

જવાબ આપ. તું મને સાથ આપવા માગે છે, ઘર-બાર બધું છોડીને આવવા માગે છે ?'

'ક્યારે જવું છે.'

હવે અમીર મૂંઝાયો. પોતે શું કામ અફલાને ખેંચી જાય છે ? શિરીનચાચી અને ગુલુનું શું થશે ? અફલાને આ વાત ન કરી હોત તો સારું હતું-ચૂપચાપ એકલો ચાલ્યો જાત. બધું જ છોડવાનું છે ત્યારે અફલાની દોસ્તીની માયામાં ક્યાં અટવાઈ ગયો પોતે ?

'કહે ક્યારે જવું છે અમીર ?'

'અફલા તું કોઈને કહેતો નહીં-પણ મેં વિચાર બદલી નાખ્યો. હવે હું એકલો જ જવા માગું છું.'

'તો તું એકલો નહીં જઈ શકે એ પણ કહી દઉં તને અફલાએ રીસ દેખાડી: 'જિંદગીનો સાથ હવે ક્યારેય છૂટવાનો નથી.'

અમીર ગળગળો થઈ ગયો. અફલાનો હાથ પોતાના પંજામાં લઈને હેતથી દાબ્યો : 'રસ્તામાં હું તને બધી વાત કરીશ. અત્યારે તો આટલું જ કહું છું કે ઘરની બહાર પડીને હું મારી બહાદુરી દેખાડી દેવા માગું છું.'

'કોને ?'

'દુનિયાને, મારા બાપુને.'

અફલો સમજી ગયો. ઘરમાં કાંઈક રકઝક થઈ છે: 'ક્યાં જવાનો ઈરાદો રાખ્યો છે ?'

'સિંધિયાના લશ્કરમાં જોડાવાનો.'

'લશ્કરમાં !' અફલાનો જુસ્સો ઓસરી ગયો : 'મને તલવાર પકડતાંય નથી આવડતી.'

'એની તું ફિકર નહીં કર, લશ્કરમાં લડવા સિવાય બીજા પણ કામ કરવાના હોય છે.'

'ક્યારે ઊપડવું છે ?'

'આજે રાતે-કાલે વહેલી સવારે.'

અને બંને મૂંગા થઈ ગયા.

*

મધરાત પછી દરબારગઢમાંથી સંભળાતો દરેક ડંકો અમીરને અસ્વસ્થ કરી મૂકતો હતો. શું ખરેખર હું ઘર છોડીને ભાગી જઈશ ? લશ્કરવાળા મને ભરતી કરશે ? બાપુ મારી ખોજમાં પીછો નહીં કરે ? ગામલોકો કેવી વાતો કરશે અને ગુલુનું શું થશે ?

અફલાએ પણ એ જ સવાલ કરેલો : હું અને તું બંને ચાલ્યા જશું તો ગુલુ શેરીનો કૂવો પૂરશે એનો વિચાર કર્યો તેં ?

અમીરે કાગળ અને કલમ લીધા. ઘણીવાર સુધી ગૂમસૂમ બેસી રહ્યા બાદ અક્ષરો પાડ્યા :

'બાપુ.'

બચપણથી એક ખ્વાહિશ હતી, સેનાપતિ બનવાની-જંગમાં બહાદુરી દેખાડવાની.

તમારો મારા પર એટલો બધો પ્યાર છે કે મને લશ્કરમાં જોડાવાની ક્યારેય મંજૂરી નહિ આપી શકો. ઈજાજત વિના ઘર છોડી જવાની મારી બેઅદબીને માફ કરશો. ખાતરી રાખજો, તમારો બેટો કોઈ એવું હલકું કામ નહિ કરે કે જેથી તમારે નીચું જોવું પડે …

આજ સુધી જે કાંઈ માગ્યું છે એ તમે આપ્યું છે. જતાં જતાં એક માગણી કરું છું. મારી સગાઈ માટે ગુલુની જ પસંદગી કરજો. શિરીનચાચીની ગરીબી તરફ ન જોશો. એમણે મને માનો પ્યાર આપ્યો છે.

કોઈ પૂછે તો કહેજો લશ્કરમાં જોડાવા ગયો છે … ભરતી થઈને હું તમને સંદેશો મોકલાવીશ.

આપના નાદાન બેટા અમીરના સલામ.

બે ત્રણ વાર વાંચી ગયો. સગાઈવાળા લખાણના અક્ષરો ઝાંખા લાગ્યા એટલે ફરી ઘૂંટ્યા. પછી ખત ક્યાં રાખી જવો એની ગડમથલ ચાલી. ઘણીવારે નક્કી કરી શક્યો કે ઓશીકા નીચે દબાવીને જવું.

બિછાનામાં પડ્યા પડ્યા એ જ ઘરની છત નીચે વીતાવેલાં બાર વરસનાં સંભારણા વાગોળ્યાં. આંખો ભીની થવા માંડી. ઊભો થઈને ઈસ્માઈલના કમરા તરફ ગયો. ગોખલીમાંથી અંદર નજર નાખી. એ ઘસઘસાટ ઊંઘતા હતા. કપાળે હાથ

ટેકવીને તસલીમ બજાવી.

ચારના ડંકા પડ્યા અને એક ધ્રુજારી થઈ આવી. અફલા સાથે પાકું કર્યું હતું. ચારના ડંકે હું ઘર છોડી આવીશ. ઘોડાના ડાબલા સંભળાય એટલે તું વાડાનો દરવાજો ઉઘાડજે. કોટવાળને થોડી બક્ષિસ આપી સમજાવી લીધો હતો : શિરીનચાચીને પીરની દરગાહે લઈ જવાનાં છે. ચાર વાગતાં અમારે નીકળી જવું છે. અમારા માટે દરવાજો ખોલી આપજે. અફલાને ઠેરવી ઠેરવીને કહેલું, ચાચીનો બુરખો પહેરીને જ તું બહાર આવજે-કોઈને વહેમ નહીં પડે.

અમીરે મન મક્કમ કરીને કમરે પટ્ટો બાંધ્યો, તલવાર ભરાવી, રૂપિયાની થેલી ભુલાઈ જતી નથી ને એની ચકાસણી કરી કપડાનું પોટલું ખભે નાખીને મેડી ઊતરી ગયો.

બહાદુર ઘોડાની પીઠ પર ચોકડું તો રાતે જ ચડાવીને રાખેલું. લગામ પકડીને ઘોડાને ફળિયાની ડેલી બહાર દોરી જતી વખતે કાળજાએ થથરાટી અનુભવી, ઘર પર આખરી નજર નાખતી વખતે પાંપણો સહેજ ફરકી, બહાદુરી બતાવવા માટે આમ ચોરીછૂપીથી જવું પડે છે એનો અફસોસ જાગ્યો એવો જ ખંખેરી નાખીને એ ઘોડા પર સવાર થઈ ગયો.

પવનની મંદમંદ લહેરખીમાં મનનો ઉચાટ ઓસરી જવા લાગ્યો. અફલાના ઘરનું પછવાડું આવ્યું એટલી વારમાં અમીરે જુસ્સો મેળવી લીધો. આજુબાજુમાં નજર ફેરવી લઈ ઘોડા પર બેઠાં બેઠાં જ તેણે બારણે ટકોરા માર્યા.

થોડી પળો વીતી ગઈ. બેવકૂફ અફલો ઊંઘી રહ્યો હશે ? ફરી ટકોરા મારવા તેણે હાથ ઊંચક્યો ત્યાં ખડકીની સાંકળ ઉઘડવાનો અવાજ સંભળાયો. ધરપત અનુભવતો અમીર ટટ્ટાર થયો.

ધીમેથી બારણું ઊઘડયું. કાળો બુરખો દેખાયો. અમીરને હસવું આવ્યું : ખરો નાટકિયો છે, સાલાને બુરખો પહેરીને આવવાનું કહ્યું ત્યારે રાજી થયેલો !

'ઊભો છો શું અફલા !' ખૂબ જ ધીમેથી તેણે કહ્યું : 'જલદી કર ... કોઈક જોઈ જશે.'

છતાં ઉંબર બહાર તેણે પગ ન મૂક્યો ત્યારે એને ગુસ્સો ચડ્યો :

'ઘર છોડવાની હિંમત નથી તો હા શું કામ પાડી ?' પછી ઉતાવળ કરાવવા માટે ધમકી આપી : 'તારે ન આવવું હોય તો ...'

પણ ત્યાં તો એક પગ ઉંબરા બહાર આવ્યો.

અમીરે હાથ લંબાવ્યો : 'ચાલ બેસી જા મારી પાછળ.'

પણ સામેથી હાથ ન મળ્યો.

'બેવકૂફ, બુરખો પહેર્યો ત્યાં જ ઓરતની જેમ ગભરાવા લાગ્યો !'



જ્યારે અમીરની નજરમાં આવ્યું કે અફલાએ કપડાનું પોટલું પણ સાથે લીધું નથી ત્યારે એ સમજી ગયો કે અફલો ફસકી પડ્યો છે. દાંત ભીંસીને તેણે લગામ હાથમાં લીધી : 'તું શું સાથ આપવાનો હતો-હું એકલો જ જાઉં છું.' કહીને

તેણે ઘોડાને એડી મારી.

એ જ વખતે બુરખામાંથી બહાર આવેલા હાથે લગામ પર ઝાપટ મારીઃ 'નહીં અમીર . . . નહીં !'

અમીર ચકરી ખાઈ ગયો.

'કો . . . ણ ?' ઘોડાની લગામ હાથમાંથી છૂટી ગઈ, જબાન પર બોલ ધ્રૂજી ઊઠ્યો : 'શિરીન . . . ચા . . . ચી !'

શિરીને મોં પરથી પડદો હઠાવ્યો. એના હોઠ હમદર્દીથી કાંપતા હતા, ચહેરા પર દર્દ લીપાયું હતું, આંખમાં મમતા છલકતી હતી.

અમીરે નજર હઠાવી લીધી. અફલાએ ગદ્દારી કરી . . . તેનાં જડબાં સખ્ત થયાં. ફરી લગામ હાથમાં લઈને મક્કમ અવાજે કહ્યું : 'ચાચી, લગામ છોડી દો.'

શિરીને પણ એટલી જ મક્કમતાથી માથું હલાવી લગામ પર પક્કડ મજબૂત કરી. અમીરનું મગજ ધૂંધવાઈ ચૂક્યું હતું. અફલાએ તેનો આવો તમાશો કર્યો ! હવે પાછા નથી હઠવું.

'મારો રસ્તો રોકવાનો તમને હક્ક નથી ચાચી !'

શિરીનને કાળજે ઘા લાગ્યો. નીચલા હોઠને દાંત નીચે દાબીને તેણે આઘાતને કચડી નાખ્યો. આંખોના ખૂણામાં આંસુ ફુટુંફુટું થવા લાગ્યાં.

'હું હક્ક નથી બજાવતી છોટેમિયાં !' એના બોલમાં કરુણા ટપકવા લાગીઃ 'મારી ફરજ અદા કરું છું.'

અમીર મૂંઝાયો. જોવું નહોતું થતાં નજર શિરીનચાચીનાં આંસુ પર ખેંચાઈ ગઈ.

'યાદ છે . . .' આંસુ પોછવા રોકાયા વિના તે કહેતાં હતાં : 'સાત-આઠ સાલ પહેલાં, બીબીજીએ આખરી શ્વાસ લેતી વખતે તમારો હાથ મને સોંપ્યો હતો.'

અમીરનું માથું ધીરે ધીરે નીચે ઝૂકવા લાગ્યું. માની યાદ દિલમાં ઊભરાવા લાગી.

'ખુદાને ખાતર તમે આમ છાનામાના ઘર છોડીને ન જાવ છોટેમિયાં !'

'ચાચી, અહીં મારું મન લાગતું નથી' માંડમાંડ તે કહી શક્યો : 'બાપુના ધંધામાં મારે પડવું નથી.'

શિરીન ચોંકી : 'અમીર ક્યા ધંધાની વાત કરે છે ?'

'અમીર !' તેનો અવાજ બદલાયો : 'કોણ તમને પરાણે ધંધામાં નાખવા માગે છે'

અમીર સાચું કહી શક્યો નહીં.

'ચાચી, તમને યાદ છે, અમ્માએ તમને મારી સોંપણી કરી હતી ત્યારે આખરી ઘડીએ મેં કસમ ખાધા હતા કે હું બાપુની કોઈ વાત ઉથાપીશ નહીં ?'

શિરીનને આ બોલ કાળજે ભોંકાયા. કેવી વિસામણ ઊભી થઈ છે ! અમીરને રોકીને પોતે એની જિંદગીને આડે રસ્તે ચડાવી રહી છે કે એનું ભલું કરી રહી છે : ઘડીક તો થયું : એ ભલે જાય ઈસ્માઈલની છાયાથી દૂર થઈ જાય એમાં જ એની ભલાઈ છે. અફલાને પણ એની સાથે જવા દેવો.

પણ આ બે છોકરાઓ ક્યાં જશે ? સુખમાં ઉછરેલા અમીરને આમ નિરાધારપણે રઝળતો મૂકી દેવાનો અપરાધ પોતે કેમ કરી રહી શકે ? પરવરદિગારને નજર સામે રાખીને અમીરની હિફાજત કરવાના મરિયમ બીબીને આપેલા કોલનું શું થાય ? નહીં . . . નહીં . . .

શિરીને ઘોડાની લગામ ખેંચી : 'અમીર છાતી પર હાથ રાખી ગુલુના કસમ ખાઈને વાયદો કરું છું કે તારી મરજી વિરુદ્ધ કાંઈ જ નહીં થાય, કોઈ કાળે નહીં થવા દઉં'

શિરીનચાચીનો એ જુસ્સો અને ગુલુના કસમ પાસે અમીર ઝૂકી ગયો. ઘોડા પરથી ઉતરવા માટે તેણે ઊંચક્યો ત્યારે શિરીને એને રોક્યો : 'નહીં, વહેલી તકે ઘેર પાછો ફરી જા. કોઈને વાતની ખબર પાડવી નથી. ચૂપચાપ જેમ ઘેરથી નીકળ્યો હતો એમ ઘરમાં દાખલ થઈ જા. માલિકની ઇજ્જતને આંચ ન આવવી જોઈએ.'

અમીર ઉલઝનમાં પડી ગયો. શું કરવું હતું અને શું થઈ ગયું ! એ જ વખતે બારણાં પાછળથી હિબકાં સંભળાયાં. જોયું તો ગુલુ છાની છાની રડતી હતી.

લગામ ખેંચીને તેણે ઘોડાને વાળ્યો : 'ચાચી, અફલાએ તમને વાત કહી દીધી ?'

'નહીં બેટા, એમાં એનો કોઈ કસૂર નથી.' હૈયાનો ભાર હળવો થયો હોય એવી હાલત સાથે શિરીને કહ્યું : 'એણે મારો બુરખો લેવા કબાટ ઉઘાડ્યો અને મેં

એને પકડી પાડ્યો. મેં અને ગુલુએ તેને જબરદસ્તીથી રોકવા પ્રયાસ કર્યો ત્યારે તેણે ગુલુને તમાચો ઝીંકી દીધો. મારાથી એ સહેવાયું નહીં-મા છું છતાં આવેશમાં તેના માથા પર મેં દંડો ફટકારી દીધો ... કહેતાં કહેતાં એને ગળે ડૂમો ભરાઈ આવ્યો: 'પણ મને એનો અફસોસ નથી. બેહોશીમાં એ તારું નામ લઈને કહેતો હતો : મને માફ કરજે અમીર, હું સાથ ન આપી શક્યો ...'

'અફલાને કહેજો.' અમીરે નિસાસો નાખ્યો : 'તકદીરે આપણને સાથ ન આપ્યો.'

એડી મારીને તેણે ઘોડાને ઘર તરફ હંકાર્યો : પહેલી જ લડાઈમાં હાર પામીને ઘેર પાછા ફરતા સૈનિકની જેમ શિર ઝૂકાવીને એ જતો હતો. વળાંક વળ્યા પછી એ દેખાતો બંધ થયો છતાં શિરીનના પગ ત્યાં જ ખોડાઈ રહ્યા. હોઠ ભીડીને તેણે ફેંસલો કરી લીધો : વરસોથી જે વાત ભીતરમાં ધરબીને બેઠી છું તેને હવે જબાન પર લાવવાની ઘડી આવી પહોંચી છે. ખુદા ! તું સાથ આપજે.

*

૯

ઘર છોડીને ચાલી જવાનું પરાક્રમ કરવામાં પાછો પડેલો અમીર અંદર ને અંદર ધૂંધવાતો રહ્યો. અફ્લો પણ ત્રણ દિવસ મન અને માથાના બેવડ જખમથી પીડાતો ઘરમાં ભરાઈ રહ્યો. જુસ્સામાં અમીરને વાયદો આપી ચૂકેલી શિરીન રોજ ઘેરથી નીકળતી ત્યારે ફેંસલો કરતી કે મન મક્કમ કરીને માલિકને આજે તો વાત કહી જ દેવી છે, પણ ઈસ્માઈલ પાસેથી પસાર થતાં એને કમકમાં આવી જતાં. આવો ભયાનક ભેદ કઈ રીતે ખોલવો ? ઈસ્માઈલ એ જીરવી નહીં શકે. પોતે કોઈ બદલા માટે આ પોકળ ઉઘાડું પાડી રહી છે એવો એમને વહેમ જશે, છતાં શિરીનને એટલી ખાતરી હતી કે ઈસ્માઈલ તેને ઘરમાંથી-નોકરીમાંથી કાઢી મૂકવાની હિંમત તો નહીં જ કરે.

તો પણ શિરીનની જબાન ઊપડી નહીં. મનમાં ગોઠવી રાખેલા બોલ ગળા સુધી આવીને થીજી જતા હતા. ગમે તેવું કહી નાખીને પોતે આ ઘરની ખુશીને આગ તો નથી ચાંપી રહી ને ? એવો સવાલ ઊઠતો. બનવા જોગ છે કે ઈસ્માઈલમિયાં અમીરને પોતાને રસ્તે લઈ જવા ન માગતા હોય. આખરે તો એ બાપ છે, દીકરાને આવા ઘાતકી ધંધામાં શું કામ નાખે ? અમીરને કાપડનો ધંધો સોંપવા માગતા હોય એવું કેમ ન બને ? પોતે વધુ પડતું વિચારીને રસ્સીને સાપ માની બેઠી છે ...

બીજી બાજુ અમીર રોજ શિરીનચાચી સામે આતુરતાથી જોઈ લેતો : આજે બાપુને વાત કરશોને ? વિલંબ તેનાથી હવે બરદાસ્ત થઈ શકતો નહોતો. પેલા મહેમાનોની વાત છાનાછપના સાંભળી જવાનો અપરાધ, પછી બાપુને ઊંઘતા

છોડી જવાનો પ્રયાસ તેને હરઘડીએ ડંખી રહ્યા હતા. ત્યારે તેણે શિરીનને કહેવું પડ્યું : 'તમે જો બાપુને વાત કરવાના ન હો તો હું જ એમને પૂછી લઉં...'

'શું !' શિરીન ભડકી ઊઠી.

'કે તમે મારી પાસે શું કરાવવા માગો છો ? મને તમારા કાપડના ધંધામાં નાખવો છે કે...?

'કે સેનાપતિ બનવા દેવો છે : એમ જ પૂછીશ ને તું અમીર ?' ઉતાવળમાં શિરીને વાક્ય પૂરું કર્યું. તેને ક્યારેક શંકા જાગતી કે અમીર તેના અબ્બાના અસલી ધંધાથી વાકેફ તો નહીં હોય ?

'હા ચાચી' અમીર થોડીવાર રોકાઈને બોલ્યો : 'આખરે એક વાતનો ફેંસલો આવી જાયને.'

શિરીન વિચારમાં પડી ગઈ. એક રીતે એ જ ઠીક છે. અમીર તેના બાપ પાસે ભલે વાત મૂકે. એમાંથી જાણી લેવાશે કે માલિકની ઈચ્છા શું છે. જો ગૂંચ આસાનીથી ઉકલતી હોય તો પોતે બાપ બેટાની વચ્ચે શું કામ આવવું ?

'ભલે છોટેમિયાં ! તમે જ પૂછી જુઓ.' શિરીન ઊંચું જોઈ ન શકી : 'જરૂર લાગશે તો હું તમારી પડખે છું જ ને.'

શિરીને એ રીતે મનનો બોજ હળવો કરી નાખ્યો, પણ અમીરની મૂંઝવણ વધી પડી. બાપ-બેટા વચ્ચે ચાર દિવસથી એક પરદો આવી ગયો હતો. જાણે બંને અરસપરસનો સામનો કરવાનું ટાળતા હોય તેમ નજર ચોરી લેતા. કારણ કે ઈસ્માઈલે પણ ફેંસલો કરી લીધો હતો કે અમીરને હવે પોતાના ધંધામાં ભેળવવાનો સમય પાકી ગયો છે. આ વાત તેની પાસે રજૂ કરીને તેને મનાવી લેવા પૂરતી જ વાર હતી. મનમાં એક થડકો થયા કરતો : કદાચ અમીર તેનાથી આડો ફાટે તો ? પોતે કેટલી હદ સુધી જબરજસ્તી કરવી ? તેને ગણેશાના બોલ હમણાં હમણાં બહુ યાદ આવી જતા : જો જે એક દિવસ દીકરો તારો દુશ્મન બની જવાનો...

'બાપુ !' અમીરે તેને ચોંકાવ્યો 'મારે એક વાત પૂછવી છે.'

વિસ્મયભરી નજરે તે અમીરને નીરખવા લાગ્યો. તેના મોં પરથી કાંઈ કળી શકાય છે ? આંખોમાંથી કાંઈ વાંચી શકાય છે ! પણ અમીરે નજર નીચી ઢાળી દીધી. ઈસ્માઈલને એટલી તો ખબર પડી ગયેલી કે દીકરો હમણાં ઉદાસ રહ્યા કરે છે. બેનીસિંહ પાસે તલવાર શીખવા જતો નથી. પેલા મુલ્લાની પણ શિકાયત કાને

આવી કે છોટેમિયાંએ હમણાં કુરાને શરીફથી મોં ફેરવી લીધું છે ... આજે જુમ્માને દિવસે તે પોતાની સાથે મરિયમની કબરે ફૂલ ચડાવવા આવ્યો ત્યારે હર વખત કરતાં એ વધુ વાર લગી બેસી રહેલો અને તેની આંખો પણ ભીની થયેલી.

'શું પૂછવું છે બેટા અમીર !'

'પૂછતાં પહેલાં ગુન્હાની કબૂલાત કરવી છે બાપુ.'

'હેં !' ઈસ્માઈલના કાન ચમક્યા : 'ગુન્હાની કબૂલાત ?'

'હા બાપુ, એ રાતે મેં તમારી અને મહેમાનો વચ્ચેની વાતચીત ચોરીછૂપીથી સાંભળી હતી ...'

એકરારનો દરેક શબ્દ વજનદાર બનીને બહાર પડતો હતો અને ઈસ્માઈલની છાતીમાં ભોંકાતો હતો. અમીરે એ બધી વાતો સાંભળી લીધી ? આપોઆપ માથું નીચે ઝૂકી ગયું ... ઈસ્માઈલ યાદ કરવા લાગ્યો-શું શું વાત થઈ હતી ? તેને થોડો રોષ પણ જાગ્યો : સાલા બેવકૂફો રામસીમાં બોલવાનું ચૂકી ગયા તેનું આ પરિણામ આવ્યું. અમીર ગુન્હાનો એકરાર કરતો હતો કે પોતાને ગુન્હેગાર ઠરાવવા માગતો હતો ?

અમીરે માન્યું કે બાપુએ નારાજ થઈને તેની સામેથી નજર હઠાવી લીધી છે.

'મારે એવું નહોતું કરવું જોઈતું બાપુ ... મને માફી બક્ષી દો ...' તેનો અવાજ ગળગળો થતો લાગ્યો ત્યારે ઈસ્માઈલથી ઊંચે જોયા વિના રહેવાયું નહીં. આ શું, અમીરની આંખોમાં આંસું ?

ખુદાએ પોતાની મુરાદ પૂરી કરવા જ આ મોકો આપ્યો છે એમ માની ઈસ્માઈલે ઊંડો શ્વાસ લીધો-છાતી પરથી વજન ઓછું થયું હોય એવી નિખાલસતાથી કહ્યું : 'નહીં બેટા, એમાં તેં કોઈ ગુન્હો કર્યો નથી ... ઊલટાનો મારો વાંક છે કે મેં ...' તેને અટકી જવું પડ્યું.

'તમારો શું વાંક બાપુ ?' અમીરે આંચકા સાથે પૂછ્યું.

ઈસ્માઈલે જાતને સંભાળી લીધી. બહુ અધીરાઈ કરવાની જરૂર નથી. પહેલાં એ જાણી લેવું જોઈએ કે અમીર કેટલું ક જાણી ચૂક્યો છે ? અને એ શું પૂછવા માગે છે ?

તેણે અમીરનો હાથ પકડી પોતાની પડખે બેસાડ્યો : 'બેટા, તારા માટે હું મગરૂરી અનુભવું છું. તેં જે કાંઈ છાનું કર્યું તેને ગુન્હો માની તું આટલા દિવસથી પરેશાન રહ્યા કરતો હતો એ તારા દિલની સચ્ચાઈનો પુરાવો છે.' તેણે જોયું કે અમીર હવે સ્વસ્થ થયો છે એટલે વાત છેડી : 'હવે કહે, તું મને શું પૂછવા માગતો હતો ?'

અમીરે થોડો સમય લીધો ત્યારે ઈસ્માઈલનું દિલ ધક-ધક થવા લાગ્યું. કદાચ એવું તો નહિ પૂછે ને કે મારા અસલી મા-બાપ કોણ છે ?

'બાપુ, મારી મરહુમ માના કસમ પર કહેજો . . .'

અમીર આટલું બોલ્યો અને ઈસ્માઈલની છાતી ભીંસાવા માંડી. પણ આગળ શબ્દો ધાર્યા કરતાં જુદા જ નીકળ્યા :

'તમને મારી કાબેલિયત પર ભરોસો નથી બાપુ ?'

'હેં . . .હા . . .હેં . . .' આવું કાંઈક બબડીને ઈસ્માઈલે મનનો ઉચાટ એક ઝાટકે ખંખેરી નાખ્યો : 'તું આમ કેમ પૂછે છે અમીર ?'

'એટલા માટે કે . . કે મહેમાનોએ મને તમારા ધંધામાં સામેલ કરવાનું સૂચવ્યું ત્યારે તમે ખચકાતા હતા. સાચું કહો બાપુ એ કાપડના ધંધાની જ વાત હતી ?'

'નહીં અમીર . . .' ઈસ્માઈલે મન મક્કમ કરી લીધું : 'તારી શંકા સાચી છે. કાપડના ધંધાની એ વાત નહોતી.'

'તો પછી . . .' અમીર ધડકતા દિલે પૂછી બેઠો : 'ક્યા ધંધાની વાત હતી ?'

'હવે તારાથી મારે કાંઈ જ છુપાવવું નથી અમીર !' ઈસ્માઈલે તેની જુવાન પીઠ પર હેતથી હાથ પસવાર્યો : 'તું હવે ઉંમરલાયક થઈ ગયો છે. મને તારી કાબેલિયત માટે ક્યારેય શંકા જાગી નથી. તું ગમે તેવી મુસીબતોનો સામનો કરી શકે એવો બહાદુર છે . . . છતાં.'

'છતાં શું બાપુ ?'

'ગમે તેમ તો બાપનું દિલ છે. કહેતાં જીવ નહોતો ચાલતો. વાતને જબાનથી આઘી ઠેલ્યા કરતો હતો . . . કદાચ તું મારું વેણ ટાળી દે તો . . .'

'એ શું બોલ્યા તમે ?' અમીર ઉતાવળે કહી દેવા માગતો હતો કે દમ તોડતી માની સામે મેં કસમ ખાધા છે, તમારું કોઈ વેણ હું ઉથાપીશ નહિ . . .

પણ એ બોલ બહારના શોરબકોરે ગળામાં જ અટકાવી દીધા. બંને ટટ્ટાર થઈ કાન સરવા કરીને સાંભળવા લાગ્યા : 'આટલો બધો શોર શેનો છે ?' ઈસ્માઈલ બબડ્યો.

ત્યાં તો શિરીનની બૂમો સંભળાઈ : 'દોડો માલિક . . . છોટેમિયાં . . . દોડો પાગલ હાથી મારી બેટીને કચડી નાખશે.'

જાણે હમણાં આભ તૂટી પડશે એવી દર્દનાક એ બૂમો હતી. 'પાગલ હાથી' અને 'મારી બેટી . . .' એટલા શબ્દો એ અમીરનું લોહી સળગાવી દીધું. છલાંગ મારીને એ કૂદ્યો, ધડ . . . ધડ . . . મેડીનાં પગથિયાં શ્વાસભેર ઓળંગી ગયો. શોર વધતો જતો હતો : નાસો . . . ભાગો . . . બચાવો . . .' ની ચીસ પાડતા લોકો રઘવાયા-બહાવરા દોટ મૂકતા દેખાયા. ફટાફટ બારી બારણાં બંધ થતાં સંભળાયા.

ઘરનો ઉંબરો ઓળંગતી વખતે અમીરનું ધ્યાન દીવાલ પર ટીંગાતા ભાલા પર પડ્યું. તરાપ મારીને તેણે ભાલો ઉપાડ્યો અને ભાગ્યો.

દશેરાના થોડા દિવસ અગાઉ રાજાના હાથીને ગામમાં ફેરવવામાં આવતો જેથી દશેરાની સવારી વખતે લોકોથી એ ભડકે નહીં. મહાવત તેને નદીએ નવડાવીને પાછો લાવતો હતો ત્યારે કોણ જાણે શાથી એ તોફાને ચડ્યો. અંકુશ ઘોંકાવ્યા છતાં એ કાબૂમાં ન આવ્યો એટલું જ નહીં, મહાવતનેય પીઠ પરથી ફગાવી દીધો ત્યારે તેના ઝનૂની સ્વરૂપનો સાચો ખ્યાલ આવ્યો. રસ્તામાં જે કાંઈ હડફેટમાં આવે એને કચડતો, ફંગોળતો મદમસ્ત ગજરાજ ગાંડપણે ચડ્યો. બજારનો રસ્તો છોડીને શેરીમાં ઘૂસ્યો ત્યારે નાસો-ભાગોની બૂમાબૂમ વધી ગઈ. શેરીમાં રમતા છોકરાઓ જીવ બચાવવા જ્યાં ફાવ્યું ત્યાં ચડી ગયાં. ત્રાસ અને ભયથી વાતાવરણ ખળભળી ઊઠ્યું.

એક તો હાથી અને તે પાછો રાજાનો . . . હથિયાર ઉગામવાની કોઈની હિંમત ન ચાલી. કૂવે પાણી ભરવા ગયેલી ગુલબદન માથે બેડું મૂકીને પગથિયાં ઊતરી રહી હતી ત્યાં ધસી આવતો હાથી દેખાયો. 'ઓય મારે . . .' તેનાથી ચીસ પડાઈ ગઈ. માથા પરથી પાણીનું બેડું ઊથલી પડ્યું, પગના અંગૂઠા પર ભરેલો ઘડો ઝીંકલાયો અને તે બેસી પડી. કૂવે પાણી સિંચતી એક બાઈ તો એટલી બધી

ભયભીત થઈ ગઈ કે નાસી જવાનો કોઈ રસ્તો ન દેખાયો ત્યારે જીવ બચાવવા એ બિચારીએ કૂવાની અંદર જ ઝંપલાવ્યું. એક મરદ માણસ હિંમત કરી ઉઘાડી તલવારે હાથી સામે ધસી ગયો, પણ પડછંદ ગાંડો હાથી તલવારની શું પરવા કરે ? ઘા કરનાર માણસને સૂંઢમાં ઊંચકીને એવા જોશથી નીચે પછાડ્યો કે એના પ્રાણ ઊડી ગયા.

અરેરાટી ફેલાઈ ગઈ. ગુલુને ભાન થયું કે જાન બચાવવા માટે તેણે પગની પીડાની પરવા કર્યા વિના નાસી છૂટવાનું છે. હાથી હજુ દસ-પંદર ગજ છેટે હતો. કઈ તરફ જવું અને કોને હડફેટમાં લેવો તેવી ઉલઝનમાં હોય તેમ એ હવામાં સૂંઢ ઊંચી કરી ચિચિયારી પાડતો હતો.

ફળિયામાંથી બહાર નીકળતાં જ અમીરની નજર સૂંઢ ઊંચી કરીને ચિચિયારી નાખતા હાથી પર પડી. થોડે છેટે એક આદમીની લાશ પડેલી દેખાઈ. અમીરની આંખોમાં ખૂન્નસ ઊભરાઈ આવ્યું. જમણા હાથમાં ભાલો ઉગામીને તે ધીમા ડગલે આગળ વધવા લાગ્યો.

'અમીરમિયાં, ઉતાવળ ન કરશો.' બાજુના એક ઘરની બારીમાંથી કોઈએ તેનું ધ્યાન ખેંચ્યું : 'ગુલુ હાથીની પાછળ છે.'

અમીરને આંચકો લાગ્યો. અત્યાર સુધી એનું ધ્યાન કેમ ન ગયું ? બાજુએ ખસીને અમીરે જોયું તો બે ઘરની પછીતના ખૂણામાં ગુલુ આંખો પર બંને હાથ દાબીને હાંફતી-કાંપતી ઊભી હતી . . . પડછંદ હાથી તેનો રસ્તો રોકીને ખડકની જેમ ઊભો હતો. તો શું ગુલુ પર તેની નજર નહીં ગઈ હોય ? અમીર ઉલઝનમાં પડી ગયો : હવે શું કરવું ?

એ જ વખતે ઈસ્માઈલ પણ ત્યાં દોડી આવ્યો. હાથીનું ભયાનક સ્વરૂપ જોઈને એ પામી ગયો કે મામલો ધાર્યા કરતાંય વધારે ખતરનાક છે. હાંફતાં હાફતાં તેણે અમીરના ખભે હાથ મૂક્યો : 'બેટા એને છંછેડવો રહેવા દેજે. થોડીવાર કોઈ વતાવશો નહીં તો આપોઆપ શેરી છોડીને ચાલ્યો જશે.'

'પણ બાપુ, ગુલુ ત્યાં ફસાઈ ગઈ છે.' અમીરે આંગળી ચીંધીને ઉદ્વેગ સાથે કહ્યું : 'સિફતથી એને આ તરફ સરકાવી લેવી પડશે.'

'લાવ ભાલો મને આપ.' ઈસ્માઈલે તેનો હાથ પકડી લીધો.

'નહીં, બાપુ, આટલા બધાની વચ્ચે તમે મને રોકશો નહીં.' અમીરે ભાલા

પર પકડ વધારી : 'ભાલાના દાવમાં હું જરાય પાછો નહીં પડું. આજ તમને મારી આવડતનો પરચો મળી જશે.'

ઈસ્માઈલને બેટાની હિંમત પર વારી જવાનું મન થઈ આવ્યું. પણ બીજી જ ઘડીએ ભાન થયું કે પાગલ હાથી સામે બાથ ભીડવી એટલે મોતને લલકારવા જેવી બેવકૂફી હતી. પોતે શું ઊભો ઊભો જોયા કરશે ?

'અમીર થોભી જા, હું તલવાર લઈને આવું છું.'

પણ અમીરનું ધ્યાન એ તરફ નહોતું. હવે હાથીની સૂંઢ ગુલુ તરફ લંબાતી દેખાઈ. અજગરનાં ફૂંફાડા જેવા અવાજથી ગુલુ થથરી ગઈ. આંખો પર દાબેલા હાથ હઠાવીને સામે ઊભેલા કાળને એકવાર જોઈ લેવાની ઇચ્છા થઈ પણ હિંમત ન ચાલી. દીવાલમાં સમાઈ જવા માગતી હોય તેમ તેણે પીઠ પર ભીંસ આપીને શરીર સંકોરી લીધું. ફરીવાર હાથીએ સૂંઢનો ફૂંફાડો માર્યો ત્યારે તેની રહી સહી તાકાત પણ ઓસરી ગઈ અને દીવાલના ખૂણામાં જ ફસડાઈ પડી.

'ગુલુ ! જરાય હલ્યાચાલ્યા વિના ત્યાં જ બેસી રહેજે.' કહેતો અમીર દાંત ભીંસીને આગળ વધ્યો. કોઈપણ હિસાબે હાથીને ત્યાંથી પાછો વાળવો જોઈએ નહીંતર ઘડી બે ઘડીમાં એના તોતિંગ પગ નીચે ગુલુની નાજુક કાયા કચડાઈ જવાની . . . નાખોરા ફુલાવીને અમીરે હાથીના કાન પાસે ભાલો ભોંકાવ્યો.

'હું હા . . .હું 'ની ભયાનક ચિચિયારી નાખી હાથીએ સૂંઢ ફેરવી. બધાંનાં કાળજાં કંપી ઊઠ્યાં. અમીરે બીજો ઘા તેની સૂંઢ પર કર્યો. હાથી વધારે ઉશ્કેરાયો. અમીરે ફરી ભાલો તેના તરફ ઉગામ્યો ત્યારે એ ઝનૂનભેર તેના તરફ ચાર ડગલાં આગળ ધસી આવ્યો.

'ગુલુ, જલદી ત્યાંથી હઠી જા.' અમીરે ભાલો હાથી તરફ તાકી રાખી પાછળ હઠતાં રાડ પાડી. પણ ગુલુના ટાંટિયામાં ઊભા થવાનું જોર રહ્યું નહોતું. એટલી વારમાં હાથી એનું વજનદાર શરીર ઘૂમાવતો ફરી એની તરફ આવી ગયો. અમીરનો જીવ અધ્ધર થઈ ગયો. ઘડીક તો એને થયું કે હાથીના બે પગ વચ્ચેથી નીકળીને ગુલુ પાસે પહોંચી જઈ તેની આડે ઊભો રહી જાઉં . . . પણ એમ કરવાથી ગુલુને બચાવવાનું શક્ય ન લાગ્યું ત્યારે એ મૂંઝાયો.

'અમીર . . . હું આવું છું.' ફળિયામાંથી તેણે બાપુની બૂમ સાંભળી. બધા અધ્ધર શ્વાસે, ગુલુની લગોલગ જઈ પહોંચેલા હાથીની હિલચાલ જોતાં હતા.

અમીરથી એ ન જોવાયું. બેનીસિંહે કહેલી વાત યાદ આવી ગઈ, હાથીના લમણામાં જો ઘા કરવામાં આવે તો એની તાકાત તૂટી જાય છે.

ઈસ્માઈલ ઉઘાડી તલવારે આવી પહોંચ્યો ત્યારે અમીર ત્યાં ન દેખાયો એટલે ધ્રાસકો પડ્યો. હાથી સૂંઢ લાંબી કરીને હવે ગુલુના શરીર પર ફેરવતો હતો. ઈસ્માઈલની પાછળ દોડી આવેલી શિરીને એ જોઈને રાડ નાખી : 'ઓય મા . . .રે.'

ધચાક કરતી ઈસ્માઈલે તલવારની તીક્ષ્ણ અણી હાથીની પૂંઠમાં ઘોંચી દીધી. ફરી એક તીણી ચિચિયારીએ વાતાવરણને ખળભળાવી મૂક્યું. તલવારના ઘાએ હાથીનું ખૂન્નસ વધારી દીધું. અને ઝાટકા સાથે ગુલુની કમરે સૂંઢનો ભરડો દઈ તેણે એને ઊંચકી લીધી.

ઈસ્માઈલ ફરી ફરી તલવાર વીંઝવા જતો હતો ત્યાં અવાજ સંભળાયો : 'બાપુ રહેવા દો . . .'

બધાની નજર અવાજ તરફ દોડી ગઈ. અમીર બાજુના ઘરને ખોરડે ચડીને ઊભો હતો. ખોરડાની કિનારી પર ખસતો ખસતો તે બરાબર હાથીના માથા તરફ આવીને ઊભો રહ્યો. હાથીની સૂંઢમાં અધ્ધર ઊંચકાયેલી ગુલુ હાથ પહોળા કરી મરણચીસો નાખતી હતી. અમીરનો ચહેરો લાલઘૂમ થઈ ગયો. બંને હાથના કપાળનું નિશાન લઈ તેણે જોશભેર છલાંગ મારી : 'યા ખુદા !'

પાંપણ ફરકે એટલીવારમાં તો અમીરના ભાલાની અણી હાથીના કપાળમાં ઘોંચાઈ ગઈ. ત્યાર પછીની બે પાંચ મિનિટનું દ્રશ્ય બધાંનાં કાળજાં નીચોવી ગયું.

અમીરે ધારેલું કે કપાળમાં ભાલો ભોંકાતાં જ હાથી ગુલુને સૂંઢમાંથી છોડી દેશે. પણ ગમે તેમ તો માતેલો હાથી હતો. કાળા માથાના માનવી સામે ઝનૂને ચડેલા એ ગજરાજે ગુલુ પર સૂંઢની ભીંસ વધારી અને માથામાં ખૂંતેલા ભાલાનો બદલો લેવા માગતો હોય તેમ પીઠ પરથી અમીરને ફગાવી દેવા માટે તેણે પડછંદ કાયાને હચમચાવવા માંડી.

ધાર્યું પરિણામ ન આવ્યું ત્યારે અમીરનું દિમાગ ઝનૂનથી ફાટફાટ થવા લાગ્યું. જળોની જેમ તે હાથીની પીઠ પર ચીટકી ગયો. મરણિયા બનીને તેણે હાથીના લમણા પર ભાલાના ઘા કરવા માંડ્યા. કોશથી કોઈ જમીન ખોદે તેમ તે હાથીનું માથું ખોદવા લાગ્યો.



આવી કટોકટી વખતે ઈસ્માઈલ હાથ જોડીને ઊભો કેમ રહી શકે ? બહુ

જતનથી ઉછેરેલો બેટો મોતના મોંમાં દાખલ થઈ ચૂક્યો હતો. તેનું લોહી તપી ગયું. ગાડીવાન ઘોડાને ચાબુક મારે એવી રીતે ઉછળી ઉછળીને હાથીના પગ પર એ તલવાર વીંઝવા લાગ્યો. એક ... બે ... ત્રણ ... ચાર ...

હાથીએ આખરી ચિચિયારી નાખીને સૂંઢ ઊંચી કરી. એક બે વાર સૂંઢને હવામાં ઝુલાવી ગુલુને દૂર ફંગોળી દીધી... ગુલુની ચીસ કાને પડી ત્યારે અમીરના હાથમાંથી ભાલો છૂટી ગયો, શરીરમાંથી તાકાત ઓસરી ગઈ. એક ધુબાકો સંભળાયો. અમીરે આંખો મીંચી દીધી અને બીજી જ પળે હાથીએ જોરદાર ઝાટકો મારી તેને પીઠ પરથી ફગાવી દીધો. ઈસ્માઈલના હાથમાંથી તલવાર ઊડી પડી.

એક તરફ ગુલુ પડી હતી, બીજી બાજુ અમીર પટકાયો હતો ... હાથી જાણે પોતાની જીત થઈ હોય તેમ બેચાર વખત વજનદાર શરીરને ઘૂમાવી ગડથોલિયું ખાઈને તૂટી પડ્યો ત્યારે પર્વત પરથી કોઈ તોતિંગ શીલા ગબડી હોય એવો ધુબાકો થયો. ધરતી ધ્રૂજી ઊઠી. મકાનો હલબલી ઊઠ્યાં હોય એવું લાગ્યું અને લોકો પૂતળાંની જેમ જડવત્ બની જોતાં રહ્યાં.

ઘણીવારે અમીરે આંખો ઊઘાડી ત્યારે કાને શબ્દો અફળાયા : 'શાબાશ !' તેં ભારે બહાદુરી દેખાડી'

ઘણા બધા લોકો ઘેરી વળીને તેના પર ઝળૂંબી રહ્યા હતા. બધાની આંખોમાં ખુશાલી અને શાબાશી ચમકતી હતી. ઈસ્માઈલ તેના માથા પર હાથ ફેરવતો હતો. 'ખુદાએ તને જાન બક્ષ્યો.' ગળગળા અવાજે તેણે કહ્યું. ત્યારે અમીરને બધું તાજું થવા લાગ્યું. ઝાટકા સાથે એ બેઠો થયો : 'બાપુ, ગુલુને કેમ છે ?'

ઈસ્માઈલના ચહેરાનો રંગ બદલાઈ ગયો, ગરદન ઝૂકી ગઈ. અમીરે બાપના ખભા પકડી જોરથી હલાવ્યા : 'કહોને બાપુ, ગુલુનું શું થયું ?'

જવાબને બદલે બાપની આંખમાંથી આંસુ બહાર પડ્યાં ત્યારે શાબાશી અને ખુશાલી આપનાર લોકો તરફ તેણે ધારદાર નજરે જોયું, પછી હોઠ ભીડીને ઊભો થયો. થોડે દૂર જમીન પર તૂટી પડેલા હાથી તરફ એક નજર ઠેરવી, પછી આંખો અફલાના ઘર તરફ વાળી. ઓટલા પર બે ઓરતો શિરીનચાચીને પકડીને બેઠી હતી છતાંય ભીંત સાથે માથાં અફળાવતાં એ બૂમો પાડતાં હતાં. એના શબ્દો હિબકાંમાં દબાઈ જતા હતા. બીજી ઓરતો ઉદાસ ચહેરે પોતાના તરફ તાકવા લાગી ત્યારે અમીરના પગ ધ્રૂજી ઊઠ્યા.

ધીમે ધીમે તેણે પગ ઉપાડ્યા. જાણે અંગાર પર ચાલતો હોય તેવી પીડાથી પગના તળિયાં દાઝતાં હતાં અને દિલને દઝાડી જતા હતા. તેને રોકવાની ઈચ્છા ઈસ્માઈલે દાબી દીધી. બધા જ આંખો ફાડીને આગળ વધતા અમીરને ટાંપી રહ્યા હતા.

અમીર નજદીક આવ્યો, ઓરતો ખસી ગઈ. ઉંબરા પાસે જઈને એ ઊભો રહ્યો. અંદર નજર નાખી. કમરાની વચોવચ ગુલુનો બેજાન દેહ પડ્યો હતો. મોં અને આંખો ફાટેલાં હતાં. અમીરને થયું કે પોતે ઊભો નહીં રહી શકે, નીચે ગબડી પડશે ... એક હાથ તેણે બારણા પર ટેકવ્યો ત્યારે થયું કે હમણાં ગુલુ બોલી ઊઠશે 'સંભાળજો માથામાં ચોટ ન લાગે ...'

એ જ વખતે પાછળથી કોઈનો હાથ ખભા પર મુકાયો. ધીમે ધીમે એ હાથ ફરતો ફરતો માથા પર આવ્યો. અમીરે પાછળ નજર કરી. શિરીનચાચીની આંસુથી ઊભરાતી આંખોમાં વેદનાનાં મોંજાં ઊછળતાં દેખાયાં. એના કાંપતા હોઠ જાણે તેને ઠપકો આપતા હતા. 'બેટા, એનો જાન બચાવવા માટે શું કામ તું મોતના મોંમાં ખાબક્યો ...' દિલમાં ઘૂંટાતું દર્દ અમીરની આંખોમાં છલકાઈ ઊઠ્યું. શિરીનના ખભા પર માથું નાખી એ ધ્રૂસકે ધ્રૂસકે રડી પડ્યો. એના એ ગરમ આંસુમાં ગુલુ માટેનો પ્યાર વહી રહ્યો છે એ કોઈ જાણતું નહોતું.

'છોટેમિયાં.' શિરીન જાણે કાનમાં કહેતી હોય એટલું ધીમેથી અટકી અટકીને બોલતી હતી : 'ગુલુનું મોત મારા હાથે થયું ...' વચ્ચે એક ઊંડો શ્વાસ લઈને તે આગળ વધી : 'મેં ગુલુના કસમ ખાઈને કરેલો વાયદો પાળ્યો નહીં ... એનો બદલો ખુદાએ લઈ લીધો.'

અમીર ચોંક્યો. કદાચ શિરીનચાચી ગુલુના મોતના ગમમાં પાગલ તો નહીં થઈ જાયને !

*

૧૦

જિંદગીનું રહસ્ય પામવા થનગનતા અમીરને મોતના ખ્યાલોએ ઘેરી લીધો. મરિયમના મોતે તેને આંચકો આવ્યો હતો, પણ ગુલુના મોતે તો એને હચમચાવી દીધો, જિંદગી અને મોત ખુદાની દેન છે એમ મુલ્લાએ તેને અનેકવાર સમજાવ્યું હોવા છતાં ગુલુના મોતમાં એને ખુદાની ગેરઈન્સાફી લાગતી હતી. મોટો થઈને જે માને સુખી કરવાનાં સપનાં સજાવ્યાં હતાં એ ચાલી ગઈ તેનો આઘાત એણે બરદાસ્ત કરી લીધો કારણ કે એ અણધાર્યો ફટકો નહોતો. મહિનાઓ સુધી મા લકવામાં રિબાઈ હતી. આસમાનમાં વાદળોની કાળી ઘટા છવાઈ જાય અને ખૂબ ગર્જ્યા પછી બારિશ તૂટી પડે એ તો સમજાય, પણ જે વીજળીના ઝબકારાને માણસ મુગ્ધપણે જોયા કરતો હોય એ વીજળી ધરતી પર ત્રાટકીને કોઈની જિંદગી જલાવી દે. ત્યારે કેવું વસમું લાગે ? ગુલુ પર મોત વીજળીની જેમ અણધાર્યું જ ખાબક્યું-પણ શું કામ ?

જવાબ જડતો નહોતો અમીરને.

વધારે વસમું તો એને એ લાગતું હતું કે આ કિસ્સામાંથી લોકોએ પોતાની બહાદુરીને જ યાદ રાખી અને ગુલુના મોતને વિસારી દીધું ! બહાર નીકળતો ત્યારે તારીફ જ સાંભળવા મળતી : 'તેં તો કમાલ કરી અમીરઅલી ! પહાડ જેવા હાથીને ધૂળ ચાટતો કરી દીધો . . . ગામની તેં શાન વધારી' બેનીસિંહે પણ એની પીઠ થાબડી હતી : 'મારી તાલીમને તમે ઉજળી કરી દેખાડી. હવે તમે ગમે તેવા દુશ્મનનો સામનો કરી શકવા સમર્થ છો.' ખુદ રાજાએ સુધ્ધાં પોતાનો કિંમતી હાથી ગુમાવ્યાનો રોષ કરવાને બદલે પોરસે દેખાડ્યો હતો : 'મારા રાજમાં આવો બહાદુર

જુવાન છે એનું મને ગૌરવ છે.' અને બાપુ પણ પોતાના બેટાની બહાદુરીની એકની એક વાત ક્હેતાં ક્યાં થાકતા હતા ?

નવાઈની વાત એ હતી શિરીનચાચી પાસે ખરખરો કરવા જનારાઓને એ સામેથી દિલાસો આપતા : 'મારી ગુલુનો જાન ગયો, પણ છોટે માલિકને ખુદાએ બચાવી લીધા એ એની મોટી મહેરબાની.'

ખુદાના અન્યાયને એ ઉપકાર શું કામ ગણાવતી હતી ? એટલા માટે કે ગુલુ ગરીબ હતી ? અમીરને ઘણી વાર મન થઈ આવતું કે પોકારો પાડીને લોકોને સંભળાવી દઉં : એ ગરીબ ગુલુ જ મારા દિલની દૌલત હતી . . . બેવકૂફો, હાથીને પછાડવામાં જ બહાદુરી નહોતી, સાચી કુરબાની ગુલુને ઉગારી લેવામાં હતી.

એક અફલાએ જ સાચી રીતે અફસોસ દાખવ્યો હતો : 'અમીર હું ત્યારે હાજર નહોતો એ માટે મારી જાતને અપરાધી ગણું છું . . . છતાં એ પણ જાણું છું કે હાજર હોત તોય તારી જેમ ગુલુને બચાવવા જાનનું જોખમ ન ખેડી શક્યો હોત-કારણ કે મારા કરતાંય તું ગુલુને વધારે ચાહતો હતો. મારી તો એ બહેન હતી, પણ તારા માટે એથીય વધારે હતી ગુલુ . . .'

*

ઈસ્માઈલ હવે અધીરો બન્યો હતો. શેરીમાં થયેલી નવરાત્રિના દાંડિયારાસની રમઝટ તેને અકળાવી મૂકતી હતી. દશેરા આડે હવે આઠ જ દિવસ રહ્યા હતા. સફરે ઊપડવાની તૈયારી કરવાની હતી. અમીરને સાથે લઈ જવાનો ઈરાદો હતો અને હજુ તેને ક્હેવાયું નહોતું. પાગલ હાથીએ તે દિવસની બાપ-બેટા વચ્ચેની વાતચીત અધૂરી રાખી દીધી, ગુલુના મોતે એ તે ઘડીને આઘી ઠેલી દીધી. કદાચ આ વખતની સફરમાં અમીરને સાથે લઈ જવાનું મુલતવી રાખત પણ અમીરની બહાદુરી ચોરેચૌટે ચર્ચાતી હતી એ મોકો છોડવા જેવો ન લાગ્યો . . . હવે એના ધંધાભાઈઓ અમીરની હેસિયત અંગે શક નહીં કરી શકે. માનભેર તેને આવકારશે અને મોભાસર એને દીક્ષા મળશે. ગુલુના ગામમાંથી વાળવા માટેય તેને બહાર લઈ જવાની વધારે જરૂર હતી. ના, હવે મોડું નથી કરવું.

બીજી પણ એક દહેશત હતી. બેનીસિંહ બોલી ગયો હતો કે અમીરમિયાં પર રાજાની મીઠી નજર પડી છે. તેને લશ્કરમાં ભરતી કરાવવાનો આ સારો મોકો છે . . . ઈસ્માઈલ ચાહતો નહોતો કે અમીર સૈનિક બને. મુલ્લાની સંગત તો માંડ

છોડાવી, સેનાપતિ બનવાના ખ્યાલને પણ તેના દિમાગમાંથી વહેલી તકે હટાવી દેવો પડશે. નહીંતર બાજી પલટાઈ જશે. બાપ ઠગ અને બેટો સૈનિક-એ કેમ બને ?

અમીરે સામેથી જ વાત આગળ વધારવાની તક આપી.

'બાપુ, આજે રાતે અફલા સાથે નાટક કંપનીની ભવાઈ જોવા જાઉં?' પોતાને નાટક-તમાશામાં દિલચશ્પી નથી એનો ખુલાસો પણ કર્યો : 'અફલાનું દિલ બહેલાવવા જ જાઉં છું.'

'જરૂર જા અમીર. આજે જ શુ કામ દરરોજ જજેને' પછી યાદ આવ્યું એટલે ઉમેર્યું : 'બે ત્રણ દિવસ જઈ આવ, પછી તો આપણે બહારગામ જવાનું છે.'

'બહારગામ !' અમીરના અવાજમાં આશ્ચર્ય ચમક્યું : 'ક્યાં ?'

'સફરમાં !' એટલું જ કહીને ઈસ્માઈલ તેના હાવભાવ નીરખવા લાગ્યો. અમીર ચૂપચાપ ઊભો રહ્યો. તે દિવસે બાપુ સાથે શું-શું વાત થઈ તેની કડીઓ મેળવવામાં ગૂંથાઈ ગયો. ઈસ્માઈલે પણ ઉતાવળ ન દાખવી. થોડીવાર બાપ-બેટા વચ્ચે ખામોશી છવાઈ ગઈ. છતાં ઈસ્માઈલના દિલમાં ઘોંઘાટ મચી રહ્યો હતો, છાતી ધક-ધક થતી હતી.

'બાપુ, બહારગામ જવાની બહુ તાકીદ છે ?' નજર મિલાવ્યા વિના જ તે બોલ્યો : 'શિરીનચાચી અને અફલાને હમણાં એકલાં મૂકીને જવું . . .'

'અમીર ! એ બંને કરતાં ગુલુના મોતનો ગમ તને ઓછો નથી, હું જાણું છું.'

અમીર ચોંક્યો. બાપ બેટાની નજર ટકરાઈ.

'શરમાવાની કોઈ જરૂર નથી.' ઈસ્માઈલ લાગણીભેર કહેતો હતો : 'પ્યાર કોઈથી છુપાવી શકાતો નથી.'

'બાપુ !'

'હા બેટા, હું મૂંગે મોંઢે બધું જોયા કરતો હતો. પાગલ હાથી સામે તું જે રીતે ઝઝૂમ્યો એમાં તારા પ્યારની સચ્ચાઈ પરખાઈ ગઈ હતી. અગર ગુલુ ઝિન્દા હોત તો . . .'

'તો ?'

'શાબાશી તરીકે હું એની સાથે તારી સગાઈ કરાવી આપવાનો હતો.'

'બાપુ ...' અમીર બાપની ઉદારતા પર ગળગળો થઈ ગયો.

'તને થશે કે હું તારું મન રાખવા હવે આ બધું કહી રહ્યો છું, ગુલુના ગમમાં દિલાસો બક્ષી રહ્યો છું ... પણ એવું નથી,' ઈસ્માઈલે એક ઊંડો નિઃસાસો નાખ્યો 'બેટા, ગરીબી મેં પણ જોઈ છે, એનું દુઃખ હું ભોગવી ચૂકેલો છું. આજે મારે તને મારી જિંદગીની એ કથની સંભળાવવી છે. તારા બાપે જે ઈજ્જત અને શાન હાંસલ કરી છે તેની પાછળ એક દર્દનાક કહાની સમાયેલી છે.'

અમીરે જોયું કે ઈસ્માઈલના ચહેરા પર દર્દની રેખાઓ ઉપસી આવી હતી ભૂતકાળમાં ડૂબકી મારતાં પહેલાં તેણે ઊંડો શ્વાસ લીધો. પછી કહેવાયેલી બચપણથી જુવાની સુધીની કથાએ અમીરને હલાવી દીધો : 'બેટા, હવે તને સમજાશે કે મેં કેવા જુલ્મો સહ્યા છે, કેટલી ઠોકરો ખાધી છે. નેકીથી કામ કરવા ગયો તેના બદલામાં દુનિયાએ મને લાતો મારી. મરિયમનો સાથ ન હોત તો કદાચ ખુદકૂશી કરીને મેં જિંદગી ટૂંકાવી નાખી હોત ... પણ હું જીવતો-રહ્યો-દુનિયા પર બદલો લેવા અને મરીશ ત્યાં લગી બદલો લેતો રહીશ ...'

'બદલો !' અમીરને સમજાયું નહીં. જે ઈન્સાન મજહબની અદબ રાખે, દાન ખેરાત કરે, ઈમાનદારીથી જીવે તે દુનિયાનો બદલો લે છે એમ કહેવાય ?

'હા બેટા, એ બદલામાં જ મારી જિંદગીનું રહસ્ય રહેલું છે.' ઈસ્માઈલે અવાજમાં રણકો લાવવા ગળું ખંખેર્યું : 'તારી પાસેથી પણ હું એવી જ આશા રાખું છું. મારી જેમ જિંદગીભર ઝઝૂમતો રહે.'

'બાપુ, મનેય થાય છે કે ખુદા પણ ક્યારેક ગેરઈન્સાફ કરે છે, નહીંતર ગુલુનું મોત શા માટે !'

'અમીર, તારે જો મારે રસ્તે ચાલવું હોય તો દિલને પથ્થર બનાવતાં શીખવું પડશે. ગમે તેવા ગહેરા જખમને છૂપાવી રાખી મરદ માણસ આગેકૂચ કરતો રહે છે. તારાથી એ થઈ શકશે ?'

'પણ તમારે રસ્તે મારે શું કરવાનું છે ? હજુ તમને મારા પર ભરોસો નથી બાપુ ?' અજાણતા જ અવાજમાં આછો ઉશ્કેરાટ ભળી ગયો.

'તારી તાકાત પર ભરોસો હોવાનું પૂરતું નથી અમીર !' ઈસ્માઈલે તેની સામે ધારદાર નજરે જોઈ લીધું : 'તારા દિમાગમાં નેકી-બદીના જે ખયાલાતો છે

એનેય તારે બદલવા પડશે. એ માટે તને તારા બાપ પર પૂરો ભરોસો હોવો જોઈએ.'

'કોણે કહ્યું કે મને આપના પર ભરોસો નથી ?' અમીરે આવેશમાં કહ્યું : 'તમે કહો તો હું જાન આપી દેતાં પણ નહીં અચકાઉં'

'જાન આપવાનો નહીં પણ...' અને ઈસ્માઈલે જબાન પર લગામ ચડાવી દીધી. ના, એમ તને કહી દેવાય નહીં.'

'કેમ અટકી ગયા બાપું ?'

'તને હું આજે બધું કહી શકીશ નહીં. પહેલાં તારે ખાતરી આપવી પડશે ... એકવાર મારી સાથે બહાર પડયા પછી પાછું પગલું નહીં ભરાય.'

'ખુદાના કસમ, હું પાછો નહીં હઠું.' અમીરે ઝનૂનભેર કહી દીધું ત્યારે ઈસ્માઈલની આંખો ચમકી ઊઠી.

'હવે તો કહેશો ને કે મારે શું કરવાનું છે ?'

'ના, અત્યારે નહીં. આપણે બહારગામ જવા ઊપડીએ ત્યારે રસ્તામાં હું તને બધું કહીશ, એ પણ પૂરેપૂરું તો નહીં.'

'બાપુ, એ એટલું બધું ખાનગી છે ?'

'માત્ર ખાનગી જ નહીં, ભયાનક પણ છે.'

'ભયાનક !' અમીર ધ્રૂજી ઊઠયો.

'હા, પણ દુનિયાને માટે ભયાનક. આપણા માટે નહીં.'

'તો તો એ જાણવાની ઈન્તેજારી જોર કરે છે.'

'અને જાણ્યા પછી એને છુપાવી રાખવા માટે જોર કરવું પડશે.'

ઈસ્માઈલને થયું કે અમીર પર ધારી અસર થઈ ચૂકી છે. હવે એથી વધારે સમજાવવાની જરૂર નથી : 'તું હવે જઈ શકે છે.' પણ અમીર ઊભો થયો એટલે તેણે તાકીદ કરી : 'યાદ રાખજે, આ વાત તારા મનમાં રહેવી જોઈએ.'

'આપણે સફરે જવાના છીએ એ વાત પણ ?'

'ના, એ તો બધા જ જાણે છે, દશેરા પહેલાં હું કદાચ સફરે જાઉં છું. તફાવત એટલો જ છે કે આ વખતે હું મારા બેટાનેય સાથે લઈ જવાનો છું-ધંધામાં પલોટવા માટે.'

અમીર ત્યાંથી ગયો ત્યારે દિલનો એક સૌથી મોટો ભાર ઊતર્યાની રાહત ઈસ્માઈલે અનુભવી.

*

'અમ્મા, અમીર એના અબ્બા સાથે સફરે જવાનો છે.' અફલાએ ઘરમાં પગ મૂકતાં જ છેટેથી બૂમ મારીને કહ્યું ત્યારે શિરીન ચૂલા પર ગરમ કરવા મુકેલા દૂધની તપેલી નીચે ઉતારતી હતી. ધ્રાસકો પડ્યો હોય તેમ હાથમાંથી તપેલી છટકી ગઈ અને પગના આંગળા દાઝવાનો આછો સિસકારો મોંમાંથી નીકળી પડ્યો.

'શું થયું અમ્મા !' અફલો રસોડામાં દોડી આવ્યો. ઢોળાયેલું દૂધ અને માનો દાઝેલો પગ જોઈને તેનાથી કહેવાઈ ગયું : 'જે આપણને છોડીને ચાલી ગઈ છે તેના ખ્યાલોમાં ખોવાયેલી રહીશ તો દાઝવાનું જ થશે અમ્મા.'

'પગ દાઝી ગયો એની ફિકર નથી બેટા.' ભીના થયેલા આંખના ખૂણા લૂછતાં શિરીને કહ્યું : 'માલિકનું દૂધ ઢોળાઈ ગયું એનો જીવ બળે છે.'

ગુલુના શોકમાં તેનાથી ઘરબહાર નીકળાતું નહીં એટલે ઈસ્માઈલ-અમીરની રસોઈ પોતાને ઘેર રાંધીને તે અફલા સાથે પહોંચાડી દેતી. તેણે ફેંસલો કર્યો હતો. પોતે માલિકને ઘેર કામે ચડી જશે એ જ દિવસે બધી વાતનો ફોડ પાડ્યા વિના પાછી નહિ ફરે. તે દિવસો ગણતી હતી. અફલો માનતો હતો કે માને ગુલુના વિચારો સતાવે છે. પણ શિરીનને અમીરની ફિકર પરેશાન કરતી હતી. ફફડાટ સાથે એ પૂછી બેઠી : 'તને કોણે કહ્યું કે અમીર સફરે જવાનો છે ?'

'અમીરે સ્તો.' અફલાના મનમાં બીજી વાત રમતી હતી તે હવે જબાન પર આવી ગઈ : 'અમ્મા, તું મંજુરી આપે તો અમીર એના અબ્બાને સમજાવી મનેય સાથે લઈ જશે.'

'નહીં !' ત્રાડ પડાઈ ગઈ શિરીનથી. ચૂલામાં બળતા અંગારા જેવો માનો લાલચોળ ચહેરો જોઈને અફલાના દિલ પર ડામ ચંપાયો. તેને આટલી હદે ગુસ્સે થતાં ક્યારેય જોઈ નહોતી. પોતાની જાતને તેણે ઠપકો આપ્યો : માને એકલી મૂકીને જવાનો મને વિચાર જ કેમ આવ્યો ?

'અમ્મા, હું ભૂલી ગયો કે તું અહીં સાવ એકલી પડી જઈશ.' અફલાએ પસ્તાવો ઉચ્ચાર્યો : 'હું નહીં જાઉં બસ.'

પણ આ સાંભળીને શિરીને ભોંઠપ અનુભવી. ગુસ્સે તો માલિક પર થવાનું

છે, બિચારા અફલાને ક્યાં કોઈ વાતની ખબર છે ! હું મૂંઈ જીભ સિવીને બેસી ગઈ એનું તો આ પરિણામ છે. ગુલુના કસમ ગળી જઈને એનો ભોગ લીધો અને હવે...

'અમ્મા ! રાતે અમીર મારી સાથે નાટક જોવા આવવાનો.' અવાજમાં રાજીપો લાવી વાત બદલવાના ઈરાદાથી એ બોલતો હતો : 'આજે તો હું બહારથી બારણે તાળું મારીને જવાનો. કાલે રાતે તું અંદરથી સાંકળ મારવાનું ભૂલી ગઈ'તી ને ?'

પણ શિરીને એ કાંઈ સાંભળ્યું નહોતું. ઊઠીને તેણે કબાટમાંથી બુરખો કાઢ્યો: 'અફલા, હું માલિકને ત્યાં જાઉં છું.'

અફલાને તાજ્જુબી થઈ. એકાએક માને શું થઈ ગયું ? પણ તેને પૂછવાની જરૂર ન પડી, શિરીને જ કહી દીધું : 'એ લોકો સફરે જવાના છે એટલે તૈયારી કરવી પડશેને.

બહુ સ્વાભાવિક લાગે એ રીતે તે બોલી હતી. પણ બુરખો ઓઢીને મા એક ભયાનક ભેદ પરથી બુરખો હઠાવવા જઈ રહી છે તેનો અફલાને અંદાજ ક્યાંથી હોય ?

*

આંગણામાં પગ મૂક્યો ત્યારે શિરીને ધ્રુજારી અનુભવી. ઈસ્માઈલનો ગુમાસ્તો હુસેન સામે મળ્યો એટલે તેને પૂછી લીધું : 'અમીરમિયાં ઘેર છે ?'

'ના, દુકાને દરજી બેસાડ્યો છે ત્યાં માપ આપવા ગયા છે.' હુસેને ખુશાલી વ્યક્ત કરવા ઉમેર્યું : 'આ વખતે એ અમારી સાથે સફરે આવવાના છે.'

'મને અફલાએ વાત કરી, એટલે જ હું આવી છું.' શિરીનથી 'એટલે જ' શબ્દ પર વધુ પડતો ભાર અપાઈ ગયો હતો, પણ એ હુસેનના ખ્યાલ બહાર ગયું.

ઘરમાં દાખલ થતી વખતે પગ પાછો પડતો હોય તેમ શિરીન થોડીવાર ઉંબરા પાસે થોભી ગઈ. કોને ખબર આ ઘરમાં તેના પગલાં છેલ્લીવારનાં પણ હોય...

બુરખો ઉતારીને ખીંટીએ ટીંગાડ્યો. રસોડામાં જઈને પસીનાવાળું મોં ધોઈ આવી. મેડી પાસે આવીને ફરી ઊભી રહી ગઈ. એ પંદર-સત્તર પગથિયાં તેને પહાડ

જેવા ઊંચાં લાગ્યાં. ઘરના સૂનકારમાં મેડી પરથી સંભળાતી હુક્કાની આછી ઘરેરાટીએય તેને હચમચાવી દીધી. મન મક્કમ કરવા માટે ખુદાને યાદ કરવા પડ્યા.

ચોર પગલે તે પગથિયાં ચડવા લાગી. અર્ધે પહોંચી ત્યાં હાંફવા માંડી. પગના તળિયામાં ખાલી ચડવા લાગી. હથેળીમાં પસીનો વળવા માંડ્યો. ચક્કર આવે અને પોતે નીચે ગબડી પડે તો સારું એવી ઇચ્છાને મહામહેનતે તેણે દબાવી રાખી. થોડીવાર પહેલાં ઢોળાઈ ગયેલું દૂધ જમીન પરથી ઉસરડીને તપેલીમાં ભર્યું હતું તેમ દિલમાં જુસ્સો એકઠો કર્યો અને બાકીનાં પગથિયાં વળોટી ગઈ.

જે કમરામાં ક્યારેય પોતે ગઈ નહોતી તેના દરવાજા પાસે પહોંચ્યા પછી ફરી એકવાર મનને પૂછી લીધું : હું જે કરી રહી છું તે અજુગતું તો નથી ને ?

'કોણ ?'

ઈસ્માઈલના સાદે તેને કેવી ડરાવી દીધી ? સાથે સાથે એ અવાજે તેને હિંમત પણ આપી-કમરાનો ઉંબરો અને માલિકની મર્યાદા ઓળંગવાની.

'ઓહ શિરીન !' ઈસ્માઈલ સહેજ ચોંક્યો. ભાગ્યે જ શિરીન તેની સામે આવતી. તેમાંય ઉપર આ કમરામાં એ ક્યારેય આ રીતે આવી હોવાનું સંભારણામાં નહોતું.

દુપટ્ટાનો છેડો ચહેરા આડે ધરી, ઈસ્માઈલ તરફ પીઠ રાખીને શિરીન ત્યાં જ ઊભી રહી ગઈ : 'આપ સફરે જવાના છો ?'

'હા ... તને કોણે કહ્યું ?

ઈસ્માઈલનો આ સવાલ ગળી જઈને તેણે ઝડપભેર પૂછી લીધું 'અમીરમિયાંને પણ લઈ જવાના છો !'

શિરીનના અવાજનો થડકો પારખી જઈને ઈસ્માઈલે હુક્કાની નળી હોઠ પરથી હટાવી : 'હાસ્તો, હવે એ જુવાન થઈ ગયો. ક્યાં સુધી હું વેપારનો બોજ વેંઢારતો રહીશ.'

શિરીન થોડીવાર ખામોશ રહી ત્યારે ઈસ્માઈલે આગળ બોલવું પડ્યું : 'હું જાણું છું. અમીર માટે તને કેવી માયા છે શિરીન ... આજે મરિયમ હયાત હોત તો એ પણ આવો જ સવાલ કરત, આ વખતે નહીં, ફરીવાર જાવ ત્યારે લઈ જજો એમ કહીને રોકત ...'

હું તો કાયમને માટે રોકાવા આવી છું એમ કહેવું હતું શિરીનને પણ શબ્દો બદલાઈ ગયા : 'છોટેમિયાંને વેપારમાં દિલચસ્પી લાગશે ખરી ? એમને તો સેનાપતિ બનવું છે ને ...

'હા ... હા ... હા ...' કરીને ઈસ્માઈલ હસી પડ્યો : 'શિરીન, તને એમ છે કે હું અમીરને બળજબરીથી મારી સાથે લઈ જાઉં છું ? આખરે તો હું એનો બાપ છું. બેટાને મામૂલી સિપાહી નથી બનાવવો, મારા જેવો ઈજ્જતદાર વેપારી બનશે અમીર ... મારા કરતાં પણ ધંધાને ઓર ખીલવશે.'

શિરીન પાછલા પગે આગળ વધી : 'ક્યો ધંધો ? કાપડનો કે ...'

શિરીનનું અટકી જવું અને ઈસ્માઈલનું ચોંકી જવું. બંને ક્રિયા એકી સાથે થઈ. બે પાંચ પળની ખામોશીને ઈસ્માઈલની ગર્જનાએ ખળભળાવી મૂકી : 'શિ .. રીન ? તારી હેસિયત ભૂલી જઈને તું કેવા સવાલો પૂછી રહી છે ?' તેનો ચહેરો લાલઘૂમ થઈ ગયો, છાતીમાં દાવાનળ ધૂંધવાઈ ઊઠ્યો : 'મારા ધંધા માટે પૂછપરછ કરનાર તું કોણ ? બાપ-બેટા વચ્ચે માથું મારવાની આ હિંમત ?'

'બેઅદબી માફ માલિક !' શિરીને ઝાટકા સાથે ચહેરા પરથી પરદો હઠાવ્યો, 'પણ આપ એના સગા બાપ હોત તો હું પૂછવા ન આવત.'

'શિરીન !' પગથી માથા સુધી કંપાવી દે એવો ક્રોધ ઈસ્માઈલના શરીરમાં વ્યાપી ગયો. હુક્કાની નળીને ઝાટકા સાથે ફગાવી દીધી. તેણે કહ્યું : 'તું શું બકવાસ કરે છે એનું ભાન છે તને ?'

પણ શિરીને એની પરવા ન કરી, જુસ્સાથી એનો ચહેરો ઝગારા મારતો હતો. સચ્ચાઈ એની કીકીઓમાં ચમકતી હતી. માત્ર અવાજમાં દર્દ હતું : 'માલિક, હું બકવાસ કરું છું, એમ આપ મરિયમબીબીના કસમ ખાઈને કહી શકશો ?'

અને ઈસ્માઈલ ઢીલો પડી ગયો. તેની ગરદન નીચે ઝૂકી ગઈ. ફરી ટટ્ટાર થવામાં થોડો સમય લાગ્યો. મનને મનાવવું પડ્યું કે શિરીન કદાચ એટલું જ જાણતી હશે. બનવાજોગ છે કે લકવાના લવારામાં મરિયમે તેને આ કહી દીધું હોય.

'શિરીન તારી વાત સાચી છે' તેના અવાજમાં અણધાર્યો પલટો આવી ગયો : 'પણ આ ભેદ તું અમીર પાસે ખુલ્લો નહીં કરતી. બેટાનો મારો એકનો એક આધાર પણ ઝૂંટવાઈ જશે.'



શિરીનનું દિલ ભરાઈ આવ્યું. માલિકને પોતાની સામે આજીજી કરવી પડે એ તેનાથી સહેવાયું નહીં. પણ તરત જ યાદ આવ્યું કે આ હેતાળ બાપ અને શરીફ ઈન્સાનના મહોરા પાછળ એક ઠગ છુપાયેલો છે. બાજી ઉઘાડી કરવી છે તો પછી એકેય પાનું શું કામ છુપાવવું ?

'આ ઘરનું મેં નીમક ખાધું છે, નિરાધારીમાં મને આધાર મળ્યો છે. હવે આપણો આધાર છિનવાઈ જાય એવું મારાથી કેમ થઈ શકે ? એટલે તો આઠ સાલથી આ બોજ દિલમાં ધરબી દીધો હતો.' શિરીનને ગળે ડૂમો આવ્યો, આંખનાં પોપચાં દાબી દઈ તેણે આંસુને રોકી રાખ્યાં : 'પણ માલિક, આપેય એક વાયદો આપવો પડશે.'

'શેનો વાયદો ?'

'અમીરને તમે ઠગ નહિ બનાવો એ વાયદો.'

ઠગ ! ખલાસ ... એ એક શબ્દે સુરંગ ચાંપી દીધી. ઈસ્માઈલની સબૂરીના ફૂરચેફૂરચા ઊડી ગયા. ભીતરમાં અસલ ઉથલપાથલ મચી ગઈ, આંખોમાં લાલાશ ફૂટી આવી, મુખ પર ખુન્નસ પથરાઈ ગયું, લોહી ધગી જતું હોય તેમ ઝાટકા સાથે એ ખાટલા પરથી ઊઠ્યો. તેનો વિકરાળ દેખાવ જોઈને શિરીન ધ્રૂજી ઊઠી-બે ડગલાં પાછળ હઠી ગઈ.

'તું શું બકી ગઈ નાદાન ઓરત !' તેના કાંડાની નસો ઉપસવા લાગી. હાથના પંજા પહોળા થયા. એક રાક્ષસી વિચારે દિમાગમાં ફૂંફાડો માર્યો : આની ગળચી દાબી દઉં

એક ડગલું, બીજુ ડગલું ...હાથ ઊંચકી, દાંત ભીંસી અને નાખોરાં ફૂલાવીને તે એના પર તરાપ મારવા તત્પર થયો જ હતો ત્યાં શિરીનની આંખોમાંથી વહી જતાં આંસુ પર નજર ગઈ અને પગ થંભી ગયા. પોતે મૂર્ખાઈ કરી રહ્યો હતો એ સમજાયું અને ઝાટકા સાથે તે પીઠ ફેરવી ગયો. ગુસ્સો પી જવામાં બહુ તકલીફ પડી એને.

'ઠગની વાત તને કોણે કરી ?'

શિરીન ઝબકી. હિંમત કરીને આંખો ઉઘાડી તો મોત મોં ફેરવીને ઊભેલું દેખાયું. જવાબ આપતાં પહેલાં તેને બેચાર ઊંડા શ્વાસ લેવા પડ્યાં : 'મને કોઈએ વાત કરી નથી. મેં તો સાંભળી છે.'

'અને સાંભળેલી વાત તેં સાચી માની લીધી ?'

હા ... હા ... હા ... જોરદાર અટ્ટહાસ્ય કરતો ઈસ્માઈલ તેની તરફ ફર્યો, પણ શિરીને ડર્યા વિના કહી દીધું : 'બહારથી સાંભળેલી વાત હોત તો માનત નહીં, પણ આ તો આપના જ ઘરમાં ફાતિમા માસીએ બીબીજીને કહેલી વાત ...'

'હેં !' ઈસ્માઈલનું મોં ફાટ્યું રહ્યું. આંચકા સાથે ચહેરાની રેખાઓ ખેંચાઈ: 'શિરીન ... ખુદાને ખાતર કહી દે કે આ જૂઠું છે. મરિયમ કાંઈ જાણતી નહોતી.'

'ખુદાને ખાતર આપ મારી પાસે જૂઠું ન બોલાવો માલિક ! બીબીજીનું મોત આ આઘાતથી જ નીપજ્યું હતું.'

ભાંગી પડ્યો ઈસ્માઈલ ... આટલા વરસ તે પોકળ દિલાસા પર મુસ્તાક

હતો કે મરિયમ છેવટ સુધી પોતાની અસલિયતથી અજાણ રહી. શિરીને ક્યારેય શક થવા દીધો નહોતો કે પોતે બધું જાણે છે. આજે હવે તેની ઈજ્જત, માન-મરતબો, બાપ-બેટાનો પ્યાર આ બધું જ આ ઓરતની મુઠ્ઠીમાં જકડાઈ ગયેલું દેખાયું. એ ધારે તો પોતાને ગુલામ બનાવી શકે, ઇચ્છે તો બદનામ કરી શકે, ગિરફ્તાર પણ કરાવી શકે અને દીકરાની નજરમાં તેને નાલાયક પણ ઠરાવી શકે...

એ ખાટલામાં ફસડાઈ પડ્યો ત્યારે શિરીન તેની નજીક પહોંચી ગઈ : 'માલિક, મેં આપને બહુ દુઃખી કર્યા.' પહેલીવાર શિરીનના હાથે ઈસ્માઈલના ખભાનો સ્પર્શ કર્યો : 'પણ હું લાચાર હતી. અમીરમિયાંની ભલાઈ ખાતર...'

એ સ્પર્શે ઈસ્માઈલના દિમાગમાં એક ઝબકારો કર્યો. તેણે માથું ઊંચું કરીને શિરીન સામે જોયું ત્યારે એના મુખ પર ગજબનાક પલટો આવી ગયો હતો. કરડાકીની જગ્યા કુમાશે લઈ લીધી હતી. આંખોમાં રોષની રતાશને બદલે લાગણીની ભીનાશ ચમકવા લાગી હતી. જાણે પહેલી વાર શિરીનને જોઈ હોય તેમ તેના રુપને નજરથી પીવા લાગ્યો.

શિરીને મીઠી મૂંઝવણ અનુભવી. ખભા પરથી તેણે હાથ ખસેડી લીધો. ઈસ્માઈલે સ્મિત ફરકાવ્યું ત્યારે એ લજાઈને નીચું જોઈ ગઈ.

'હું પણ કેવો બેવકૂફ છું !' તેની જીભ પરથી મીઠાશ ટપકી : 'આટલા વરસથી તું આ ઘરમાં છો છતાં તારા રૂપનો અંદાજ પણ આવ્યો નહીં મને.'

'માલિક...' શિરીન દૂર ખસી ગઈ : 'હું તો આપની નોકરાણી છું.'

'હવે તને નોકરાણી કહેવાની મૂર્ખાઈ હું નહિ કરું શિરીન ! જેણે જતન કરીને અમીરને ઉછેર્યો. બધું જાણવા છતાં જબાન પર ન આવવા દીધું-એવી ખાનદાન ઓરતને નોકરાણી કેમ કહેવાય. તારું સ્થાન પણ ઊંચું છે.'

'મારું કામ પૂરું થયું માલિક, હવે હું જાઉં?' શિરીન ગભરાયેલી દેખાતી હતી. તેણે ઝડપથી કદમ ઉપાડ્યા.

'ઊભી રહે શિરીન.' દરવાજા પાસે નહીં પહોંચી હોય ત્યાં ઈસ્માઈલે તેને રોકી પાડી : 'મારે તારી સાથે નિરાંતે ઘણી બધી વાતો કરવાની છે. અત્યારે નહીં-અહીં પણ નહીં.'

તે જાણે કરીને થોડીવાર અટક્યો. શિરીનના હોઠ પર અજાણતાં જ એક મુસ્કાન ફરકી ઊઠી ત્યારે ઈસ્માઈલે કહેવાનું પૂરું કર્યું : 'હું તને મારી જિંદગીની

કથની સંભળાવવા માગું છું. ત્યાં સુધી તું મારા માટે ગમે તેવું માની લેતી નહીં કે ન કોઈની પાસે મનની વાત છતી કરતી.'

'જેવી આપની મરજી !' કહીને તેણે ફરી પગ ઉપાડ્યા.

'મારી મરજી એવી છે કે આજ રાતે હું તારે ત્યાં આવીશ.'

શિરીન ચોંકી પણ ઈસ્માઈલે પરવા ન કરી : 'આ વાત કરવા તું અહીં ન આવી શકે એટલે હું જ આવીશ.'

'પણ ...'

'તું બીજી ફિકર ન કરતી ... અફલો, અમીર નાટક જોવા જવાના છે અને હું પાછલા દરવાજેથીજ આવીશ-કોઈને ખબર ન પડે તેમ ...'

છેલ્લા શબ્દોએ શિરીનના દિલને જકડી લીધું. પહેલી વાર પ્યારની લાગણીનો ઝંકાર અનુભવતી મુગ્ધાની જેમ એ જાજરમાન ઓરત સડસડાટ મેડીના પગથિયાં ઊતરી ગઈ. બુરખામાં ચહેરો છુપાવતાં પહેલાં એકવાર કબાટમાં જડેલા અરીસામાં તેનાથી જોવાઈ ગયું-કેટલાં બધાં વરસો બાદ આજે તેના ચહેરા પર બહાર ખીલી ઊઠી હતી !

*

૧૧

'અમ્મા, હું બહારથી દરવાજાને તાળું મારીને જાઉંને ? બપોરની વાતના અનુસંધાનમાં અફલાએ શિરીનને પૂછ્યું ત્યારે તેણે માન્યું કે મા ખીજવાશે : શું મને ઘરમાં પૂરીને જવા માગે છે ? પણ તેને બદલે શિરીને એટલું જ કહ્યું : 'તને ઠીક લાગે તેન કર, મને કોઈ હરકત નથી.'

ઈસ્માઈલને ઘેરથી પાછી ફર્યા પછી શિરીન ઘરમાં એકલી પડવા માટે બેચેન બની ગઈ હતી. એટલે તો અફલાને ઝટઝટ જમાડી લીધો. બે ત્રણવાર સામેથી યાદ કરાવ્યું : 'તારે નાટકમાં જવું નથી ? મોડું થતું નથી ?'

મનની મીઠી મૂંઝવણ તે જુવાન બેટાની નજરે ચડવા દેવા માગતી નહોતી. જે કાંઈ બની ગયું હતું તેને વાગોળવાની ચટપટી જાગી હતી. પથારીમાં આડા પડીને આળોટવું હતું, હાથમાં અરીસો લઈને નિરાંતે મોં જોવું હતું. થોડું હસવું હતું . . .થોડું રડી પણ લેવું હતું અને જાત સાથે થોડું ઝઘડવું પણ હતું.

બહાર નીકળીને અફલાએ બારણાં બંધ કર્યા, આગળીઓ વાસ્યો અને તાળું માર્યું એ ક્રિયા તેને કેવી રોચક લાગી ! બંધ થતું આ બારણું અને બે ત્રણ કલાકમાં ઊઘડનારું પાછલું બારણું . . . વચ્ચેના સમયમાં ઘણું બધું વિચારવાનું હતું તેને.

બંને હાથની કમાન કરીને બેફિકરાઈથી શિરીને આળસ મરડી, આંગળાના ટાચકા ફોડ્યાં. અંગેઅંગમાં ઝણઝણાટી ફરકી ગઈ. આ ખુશીનું કારણ શું છે ? પોતે હિંમતભેર ઈસ્માઈલને વાત કરી શકી એ ? અમીરને સફરે લઈ જવા માટે વિરોધ દેખાડ્યો એ ? આટલા વરસ સુધી મનમાં ભંડારી રાખેલી વાતનો બોજ હળવો થયો એ ? કે પછી . . .માલિકે, અમીરના બાપે, મરિયમ બીબીના ખાવિંદે પોતાની

ખૂબસુરતીની તારીફ કરી એથી ખુશી ઉપજતી હતી ? એ કેવું બોલ્યા હતા : 'હું બેવકૂફ છું શિરીન કે આટલા વખતથી તું મારા ઘરમાં છો છતાં મને તારા રૂપનો અંદાજ આવ્યો નહીં !' પછી કેવા જુસ્સાભેર કહી દીધું હતું : 'મારે તારી સાથે એકાન્તમાં વાત કરવી છે ... હું રાતે આવીશ-પાછલા દરવાજેથી અને કોઈને ખબર ન પડે તેમ ...'

પોતે આનો વિરોધ કેમ ન કર્યો ? એ માલિક છે એટલે કે પછી એનું આમ આવવું પોતાને ગમતું હતું એટલે ? કેટલાં બધાં વરસ થયાં પોતે મરદના ઓછાયાથી દૂર રહી હતી. આજે હવે ઊતરતી અવસ્થાએ અબળખા જોર શા માટે કરવા લાગ્યા છે ? લોકો જાણશે તો શું કહેશે ? અફ્લો એ સાંખી લેશે ? અમીરને એના માટે મમતા છે તે ટકી રહેશે ? પોતે કાંઈક મેળવવા મથી રહી છે કે ગુમાવવા તૈયાર થઈ છે ?

કદાચ એ તેનો બચાવ કરવા આવવાના હોય. પોતે ઠગ નથી, અમીરનાં મા-બાપની હત્યા તેણે કરી નથી એવું મારા મનમાં ઠસાવવા માગતા હોય. જબાન બંધ રાખવા માટે મોટી કિંમત આપીને મને ખરીદી લેવાનોય : હોય ... ખુદા જાણે !

રોમાંચ હવે ભયમાં ફેરવાયો. વાડામાં જઈને તે જોઈ આવી, બારણાને સાંકળ તો ચડાવેલી છે ને. હું ઊઘાડું જ નહીં તો એ કેમ અંદર આવશે !

ચહેરા પરની પસીનાની ચીકાશ દૂર કરવા માટે તેણે મોં ધોયું. અત્યારે બે ત્રણ વાર ચણાનો લોટ ચોળીને તેણે મોં ધોયું હતું. અત્યારે પણ એનાથી અનાયાસે એમ જ થઈ ગયું. તૂટેલો અરીસો લઈને તેણે ફાનસની વાટ વધારી. ઈસ્માઈલ કહેતા હતા તેમ પોતે ખરેખર એવી ખૂબસુરત છે ?

એકાએક વિચાર આવ્યો કે કપડાં મેલાં છે, બદલવા જોઈએ. એ ન આવવાના હોત તો પણ આજે સારાં કપડાં પહેરવાનું મન થાય છે. પોતે ખુશ છે કારણ કે અમીરને ખાતર ઝઘડવાની હિંમત દેખાડી શકી છે. એ ખુશાલી માણવાનો તેને અધિકાર કેમ નહીં ? આમે તે સાચવીને રાખેલાં કપડાં હવે કોને કામમાં આવવાના, ગુલુ તો રહી નથી ...

ગુલુ હોત ! શિરીનથી એક નિઃસાસો નંખાઈ ગયો : તો માલિક આમ ઘેર આવવાનું ઉચ્ચારત જ નહીં ને. ઉચાટ કરવાની જરૂરત જ રહેત નહીં ... પણ મારે ઉચાટ શા માટે કરવો જોઈએ ? કહ્યું છે એટલે આવવાના એવું થોડું છે, માંડી પણ

વાળે ... મરદ છે, વળી પાછા ઠગ પણ છે !

ઠગ !

કાળજે ખટકો લાગ્યો. શું એ ઠગ હશે : ઠગ આવા શરીફ રહી જ કેમ શકે ? જો અત્યારે આવીને તે કહે-કસમ ખાઈને કહે કે પોતે ઠગ નથી તો માની લેવામાં શું વાંધો છે ? કદાચ ફાતિમા માસીએ ખોટું કહ્યું હોય અને મરિયમ બીબીએ સાચું માની લીધું હોય.

શિરીન જાણતી હતી કે પોતે મનને છેતરવાના ફાંફાં મારી રહી છે છતાં આ બધું અત્યારે કોણ જાણે કેમ એને ગમતું હતું. દિવસો સુધી વેરાન રણમાં રઝળપાટ કર્યા બાદ દૂર દૂર પાણીનું ઝરણું દેખાય ત્યારે તરસ જોર કરી ઊઠે અને જે દેખાય છે તે મૃગજળ નથી જ એમ મન પોકારી ઊઠે એવી હાલત શિરીનની થઈ ગઈ.

રેશમી કુરતો-સુરવાલ પહેરી લીધા પછી બધું સુંવાળું સુંવાળું લાગવા માંડયું. ઘરમાં મોટો અરીસો હોત તો એક વાર પગથી માથા સુધી પોતાને નીરખી લેવાની ઈચ્છા જાગી. જિંદગીમાં તેને એવો મોકો જ ક્યાં મળ્યો હતો. નાની હતી, ગુલુ કરતાંય નાની હતી ત્યારે એવી ખ્વાહિશ જાગેલી. કોઈક આવવાનું હોય, શણગાર સજીને પોતે રાહ જોતી હોય. એના પગલાં સાંભળીને તનમાં ઝણઝણાટી જાગે, મુખ પર શરમના શેરડા પડે, દુપટ્ટાથી ઝટપટ પોતે ચહેરો ઢાંકી દે, આવનાર હળવેકથી ઘૂંઘટ હઠાવે, પ્યારથી તેની હડપચી પકડી લે અને બોલી ઊઠે : વાહ, ચાંદનો ટુકડો છે !

એવું કંઈ બન્યું નહોતું, એની જિંદગીમાં ! જે કાંઈ બન્યું હતું તે યાદ રાખવા જેવું નહોતું, છતાં ભૂલાતું નહોતું. મા-બાપ બચપણમાં જ ગુમાવી દીધેલાં. ચાચાએ મોટી કરી. બાર-તેરની થઈ ત્યાં ચાચાને કાને ભત્રીજીની જુવાનીની તારીફ અફળાવા લાગી. હવે શાદી કરીને બોજ ઓછો કરી નાખો એવી સલાહ અપાવા લાગી. ચાચાને કાળજે ચટકો ભરાયો. બુઢાપો હતો છતાં જુવાનીના ઓરતા ઓસર્યા નહોતાં. અધૂરા અબળખાઓને ભત્રીજીના રૂપે સળગાવી મૂકી. શાદીની વાતને ઠેલતા ગયા. કતલ કરતાં પહેલા કસાઈ બકરીને તાજીમાજી કરે તેમ ચાચાએ ભત્રીજીને ઉમ્મર-લાયક થવા દીધી અને એક દિવસ એની જુવાનીના ગળા પર હવસની છૂરી ફેરવી દીધી.

ત્રીજા મહિને શિરીને જિંદગીનો અંત લાવવા માટે ખાડીમાં ઝંપલાવ્યું,

પણ ખુદાને કસાઈ થવું નહોતું-બે જીવને રહેંસી નાખવાની મરજી નહોતી. હિંદુસ્તાન તરફ ઉપાડનારા વહાણના ટંડેલે એને ડૂબવા ન દીધી. ઉપકારની સાથે દયા પણ દેખાડી : 'મરતાં પહેલાં એક વાર હિંદુસ્તાન જોઈ લે, જીવવાનું મન થઈ જશે.'

ઈરાની ખજૂરના વાડિયા સાથે ઈરાનનું એક 'પંખી' પણ વહાણના ભંડકિયામાં છે એ ક્યાં સુધી બીજા ખલાસીઓથી છાનું રહી શકે ? તેમાંય શિરીનનું જોબન ને રૂપ જોયા પછી ખલાસીઓના ચિત્ત ચકડોળે ચડ્યા. ભંડકિયામાં શિરીન ફફડતી હતી, તેના પેટમાં બચ્ચું ફરકતું હતું અને ખલાસીઓ શિકારી બાજની જેમ ઘૂમરાતા હતા, પવનના સુસવાટા, મોજાંની થાપટો અને મઝધારની સફર . . . શિરીનને થયું, આખું વહાણ ડૂબી જાય તો સારું, સારી દુનિયા પાણીમાં ગરક થઈ જાય તો છૂટ્યા !

મધદરિયે ખલાસીઓ વચ્ચે લડાઈ ફાટી નીકળી. દરેકમાં રહેલા 'મરદ' ઊછાળા મારવા માંડ્યો. અનેક ઉપાયો વિચાર્યા પણ સમાધાન થતું નહોતું. કોઈએ ઝઘડાની જડ કાપી નાખવા સૂચન કર્યું : 'એ છોકરીને જ દરિયામાં હોમી દો, નહીંતર આપણું વહાણ હિંદુસ્તાનનો કાંઠો નહીં જુએ.'

'પણ એ બિચારી બે જીવવાળી છે સ્ત્રી અને બાળહત્યાનું બેવડું પાપ માથે લેશું તો વહાણને દરિયાદેવ ગળી જશે.' ટંડેલે સૌને વાર્યા.

'તો પછી આનો ઉકેલ કેમ લાવશો ?'

'એક જ રસ્તો છે.' જમાનાના ખાધેલા ખલાસીએ ઠાવકાઈ દેખાડી : 'જે આ છોડીને પરણવા તૈયાર હોય એની એ થઈ જાય'

'હું તૈયાર છું.' એવા એક નહીં ત્રણ ચાર સાદ સંભળાયા. કોકડું વધારે ગૂંચવાયું. બે જીવવાળી છોડીને ખરેખર આ લોકો પરણવા માગે છે કે પછી સફરના સંગાથ પૂરતો જ મતલબ ધરાવે છે એ કેમ નક્કી થાય ?

'એલા તારે ઘેર તો બૈરી-છોકરા છે.' એક જણાને ટંડેલે ટપાર્યો.

'એમાં શું થઈ ગયું, અમારામાં ચાર બીબીની છૂટ છે.' મુસલમાન ખલાસીએ દલીલ કરી : 'અને તે ઈરાનની છે એટલે અમારો હક્ક પહેલો લાગે'

'તારા કરતાં મારો હક્ક વધુ ગણાય.' કાસમ ખલાસીએ દાવો કર્યો : ' મારી બીબી ગયા વરસે જ ગુજરી ગઈ છે. ઘરમાં બચ્ચું પણ નથી. હું એને વધુ સારી

રીતે સાચવીશ.'

છેવટે કોઈએ નુસ્ખો બતાવ્યો : 'આપણે એમ કરીએ. જે આ ઈરાની છોકરીને ઘરમાં બેસાડવા માગતા હોય તેમનું પાણી માપી જોઈએ.'

'કઈ રીતે ?'

'સઢના થાંભલાની ટોચે વધુ વખત ટકી શકે એ જીતે.'

'કબૂલ છે.' કાસમે બીડું ઝડપી લીધું. પેલો ચાર બીબીની દલીલવાળો ફસકી ગયો : 'નારે આપણને આવું ન પાલવે. બીજીને લાવવા માટે ઘરમાં બીબી-બચ્ચાં છે એનેય નોધારાં કરવાં પડે.'

'જોયુંને, તારું પાણી મપાઈ ગયું.' કોઈએ ટીખળ કરી ત્યારે પેલાએ બચાવ કર્યો : 'બે જીવવાળીને પરણવામાં વળી બહાદુરી શેની ?'

છતાં ત્રણ હરીફો ચસક્યા નહીં. 'બધાને થયું, ચાલો એ બહાને ગમ્મત થશે.'

પહેલ કરી એકવીસ વરસના જુવાન ખલાસીએ. હિન્દુસ્તાન બહારની તેની આ પહેલી સફર હતી. શિરીનની રૂપથી આકર્ષાઈને આ ખારવો હોડમાં ઊતર્યો હતો કે એની હાલત તરફની હમદર્દીએ તેને આ સાહસ કરવા ઉશ્કેર્યો તે સમજાતું નહોતું, છતાં તેનું જોશ અને જોમ જોતાં લાગતું હતું કે કદાચ એ બાજી જીતી જશે. સૂરજ ઊગતાંની સાથે જ તે સઢના થાંભલે સડસડાટ ચડી ગયો. બપોર લગી તરસ કે તડકાની પરવા કર્યા વિના, જોશમાં ફૂંકાતા પવનનો સામનો કરતો. પ્રેમનાં ગીત લલકારતો એ થાંભલાની ટોચ પર અડીખમ રહી શક્યો. વહાણના ખલાસીઓ તેને વારેવારે પોરસ ચડાવતા હતા : 'વાહ રે બહાદુર, તું કાલ સવાર સુધી નક્કી ઉપર રહેવાનો.'

પણ નમતી બપોરે એનું માથું ભારે થવા માંડ્યું, ગળું સુકાવા લાગ્યું, અને ચારે તરફ ઉછળતાં મોજાં પર આંખ માંડતાં ચક્કર આવવા લાગ્યા. સ્થંભ પરથી નીચે પટકાઈ પડ્યો તો પાવળું પાણી પણ નહીં માગી શકે એની એને ખાતરી હતી. લાંબી ખેપ મોકલતાં પહેલાં એકનાએક દીકરાને માએ સાચવીને રહેવાની કરેલી ભલામણો સાંભરી આવી. પોતે નાનો હતો ત્યારે જ બાપે માલ ભરેલા વહાણની સાથે દરિયામાં સમાધિ લીધેલી. જે વિધવા માએ આટલા વરસ જતન કરીને ઉછેર્યો હતો તેનો વિચાર છોડીને પોતે ભંડકિયામાં ભરાયેલી એક છોકરીને ખાતર જાન ગુમાવવાની જિદ લઈને શું કામ અહીં ચડી બેઠો છે ? દરિયાનાં મોજાં

જાણે ચિત્કાર કરીને તેને કહેતાં હતાં : 'મૂરખ ઊતરી જા હેઠો. તને ઓરત તો બીજીએ મળી રહેશે પણ તારી માને હવે બીજો બેટો નહિ મળી શકે ...' બસ થઈ રહ્યું, જેટલો જુસ્સાભેર ચડ્યો હતો એટલી ઝડપે જુવાન નીચે સરકી આવ્યો.

બીજી સવારે ત્રેવીસ વરસના કાણિયાનો વારો આવ્યો. તેને બીડી પીવાની આદત હતી. ઉપર ચડતાં પહેલાં કમરમાં બીડીની થોકડી ભરાવી ત્યારે કાસમે વાંધો ઉઠાવયો : 'ઉપર જઈને કાંઈ પણ ખાવા-પીવાની મનાઈ છે. એ બીડી કેમ સાથે લઈ જાય છે ?' ખલાસીઓ વચ્ચે થોડો વાદવિવાદ ચાલ્યો. છેવટે કાસમનો વાંધો મંજૂર રહ્યો, કાણિયાને બીડીની થોકડી અને ચકમક-જામગરી સોંપી દેવા પડ્યા, જો કે હોડમાં ઊતરતાં પહેલાં જ એક બીડી સળગાવીને ઝટપટ બેચાર દમ મારી લીધા વિના ચાલ્યું નહીં એને.

'કાસમ, વગર બીડીએય હું તને હરાવી દઉં છું કે નહીં જોજે.' એવી બડાઈ મારતો થાંભલાની ટોચે પહોંચી ગયો. સવાર, બપોર અને સાંજ તેણે આસાનીથી ગુજારી નાખી. કાસમને ફિકર થવા માંડી : મારો બેટો આમ ને આમ રાત પણ ખેંચી કાઢશે ... કાણિયાને ચળાવવા માટે, તેને બીડીની તલપ લગાડવા માટે નીચે સૂતો સૂતો કાસમ એક પછી એક બીડીઓ ફૂંક્યા કરતો હતો : 'કેમ દોસ્ત મજા પડે છે ને' એમ કહી બીડીના ધૂમાડા તરફ એનું ધ્યાન ખેંચતો. ભૂખ તરસ અને હાજતને દબાવી બેઠેલા કાણિયાનો જીવ વારે વારે બીડીના ધૂમાડામાં ઘૂમરી ખાવા લાગ્યો. છતાં એ ડગવા માગતો નહોતો.

સૂરજ આથમ્યો અને અંધારુ થવા લાગ્યું ત્યારે કાસમને. ખાતરી થઈ ગઈ કે પોતે આના જેટલું તો ટકી નહીં શકે. બુલબુલ જેવી છોકરીને આ બેવકૂફ ઉઠાવી જશે. પણ કાસમના તકદીર જોર કરતા હતા. એકાએક વાવડો ફૂંકાવા માંડ્યો, કાણિયો ઝોલે ચડ્યો. 'હજુ થોડીવાર વધારે રહી શકશે' એવી લાલચમાં ઝોંકાં ખાતો વારેવારે ઝબકી જતો એ ટોચને ચીટકી રહ્યો. પણ હાથી જેવા એક પડછંદ મોજાએ ઢીંક મારીને વહાણને હચમચાવી નાખ્યું ત્યારે એ બિચારાની પક્કડ છૂટી ગઈ 'અને ઓય બાપરે' કરતો દરિયામાં ફંગોળાયો.

પાણીની પછડાટે તેનાં હાડકાં ખોખરાં કરી નાખ્યાં હતાં છતાં વહાણ પર હાંફતો હાંફતો ચડ્યો ત્યારે તેની હાલત પર મૂછમાં હસતા કાસમને તેણે સંભળાવ્યું : 'બેટમજી અત્યારે હસી લે. પણ યાદ રાખજે, કાલે તારો વારો છે. તું તો રાત પહેલાં જ નીચે ઊતરી જવાનો અને જીત મારી જ થવાની છે.'

બિચારો કાણિયો !

કાસમ સવારથી મધરાત સુધી જિંદગી અને મોત વચ્ચે ઝોલા ખાતો હોય તેમ શિરીનની ખૂબસુરતીના ખ્યાલમાં ઝઝૂમ્યો અને જીતી ગયો : નીચે ઊતર્યો ત્યારે એના પગ અકડાઈ ગયા હતા, હાથ ઝલાઈ ગયા હતા છતાં ખુશાલી મનાવવા માટે લથડિયા ખાતો ભંડકિયા તરફ ધસી ગયો. બારણે ટકોરા મારીને, બીજા ખલાસીઓ સાંભળે એટલા ઊંચા અવાજે હાંક પાડી : 'બારણું ખોલ બુલબુલ ! હવે તું બંદાની થઈ ગઈ છે.'

શિરીન ઝબકી ગઈ. બેઠી થઈને આંખો ચોળવા લાગી. જોયું તો વહાણ નહોતું, ભંડકિયું નહોતું કે ઘૂઘવાતો દરિયો પણ નહોતો ... વીસ વરસ પહેલાંના ભૂતકાળમાં ઊંડી ડૂબકી મારીને ઉપર આવી હોય તેમ અતીત અને વર્તમાન વચ્ચે જાણે ઝોલાં ખાતી હતી.

બારણે ટકોરા થવાના ભણકારા વાગ્યા અને એ સફાળી ઊભી થઈ ગઈ. કોણ આવવાનું હતું એ યાદ આવ્યું. શરીરમાં ઝણઝણાટી વ્યાપી ગઈ. વીસ વરસ પહેલાં કાસમ વહાણના ભંડકિયામાં દાખલ થયેલો ત્યારનું દ્રશ્ય યાદ આવતાં કમકમાં આવી ગયાં. મેલાંઘેલાં કપડાં, પસીનાથી ગંધાતી દાઢી, શીતળાના ચાઠાવાળા ખરબચડા ચહેરામાં ચમકતી લોલુપ આંખો ...

પાછલા બારણે સાચે જ ટકોરા પડ્યા. શિરીન વાડા તરફ દોડી. મનમાં તે ઝંખતી હતી કે અમીરના બાપને બદલે ગુલુનો બાપ આવ્યો હોત તો કેવું સારું ? પંદર વરસ પહેલાં તેને છોડીને ગયો ત્યાર પછી કેટલાય વરસો સુધી તે બારણે ટકોરા પડવાની રાહ જોતી જાગતી. ઘણીવાર એવા ભણકારાય સંભળાતા ... હવે એવી આશા રહી નહોતી, ન આવવાની ખાત્રી હતી. છતાં જાણે એ જ આવ્યો હોય એવી ઉત્કટતા સાથે તે દોડી.

હળવેકથી સાંકળ ઉઘાડી. બહારથી બારણું હડસેલાયું ને ઊઘડતાં જ વાતાવરણમાં હીના અત્તરની ખુશબો ફેલાઈ ગઈ.

'ઊંઘી ગઈ હતી કે ?' માદક અવાજ કાને પડ્યો ત્યારે રોમાંચથી શિરીનનું બદન થરથરવા માંડ્યું. ઈસ્માઈલ સાથે નજર મળી ન મળી અને તે હરણીની જેમ અંદર ભાગી.

મહોલ્લામાં નવરાત્રિનાં ઢોલ-નગારાં વાગતાં હતાં. તેના કોલાહલમાં

બારણાની સાંકળ બંધ કરવાનો અવાજ સંભળાવાનો ન હતો છતાં ઈસ્માઈલે સાવધાની રાખી. ઘરમાં દાખલ થતાં પહેલાં પાનની પીચકારી મારવાની ઈચ્છા થઈ પણ પછી યાદ આવ્યું કે પોતાની હાજરીની કોઈ નિશાની અહીં રાખી જવી નથી એટલે થૂંક ગળે ઉતારી ગયો.

કમરામાં શિરીન પીઠ ફેરવીને ઊભી હતી. ઈસ્માઈલના પગલાં સંભળાયા એટલે તેણે દુપટ્ટાનો છેડો માથે લીધો. તેની થરકતી પીઠ પર ટાંપીને ઈસ્માઈલ મુસ્કુરાયો. મનમાં હમદર્દી ફરકી ગઈ: બિચારી કેટલી આકુળ-વ્યાકુળ બની ગઈ છે !

'બેસોને . . . માલિક !' માંડમાંડ આટલું બોલી શકી શિરીન.

'હવે તું માલિક કહેવાનું છોડીશ.' ઈસ્માઈલે મીઠો ઠપકો આપ્યો ત્યારે શિરીનના અંગેઅંગમાં રોમાંચ વ્યાપી ગયો. એકાન્તમાં વાત કહેવાનું તો બહાનું જ હતું, એનો ખરો : ઈરાદો તો જુદો જ છે-પોતે ધારી બેઠી હતી એવો જ !

'શિરીન, ખરેખર તું મારી રાહ નહોતી જોતી ?' ઈસ્માઈલે ખાટલા પર બેસી લેતાં પૂછ્યું : 'સાચું કહેજે ?'

કહેવાની જરૂર જ ક્યાં હતી ? તેના રેશમી વસ્ત્રો, ઘરની સફાઈ, ખાટલા પર બિછાવેલી રેશમી રજાઈ . . . બધા જ તેના આગમનની છડી પોકારતા હતા. ઈસ્માઈલને થયું કે કામ ધાર્યા કરતાં આસાનીથી પતી જશે, માત્ર જાળ બિછાવવાની જરૂર છે.

'તમને આવતાં કોઈ જોઈ ગયું તો નથી ને ?' શિરીનના બોલમાં ફફડાટ હતો.

'ના રે, બહુ સાવધાની રાખી છે.' એ સાંભળીને શિરીને ધરપતનો ઊંડો શ્વાસ લીધો તે ઈસ્માઈલના ધ્યાન બહાર ગયું નહિ. તેનાથી ખંધું હસાઈ જવાયું.

'આપ મને કંઈક કહેવાના હતા ને ?' શિરીનની જીભ હવે છૂટી થવા લાગી.

'બહુ ઉતાવળ છે ?' ઈસ્માઈલે શબ્દોથી તેને પંપાળી. 'તું આમ મોં ફેરવીને આઘી ઊભી રહીશ તો વાત કેમ થશે ?'

છતાં સામે જોવાની શિરીન હિંમત ન કરી શકી. ઈસ્માઈલે પોતાના મતલબને વાચા આપી : 'પહેલાં તારે કહેવાનું છે કે તને ભેદની ખબર કેવી રીતે પડી ?'

શિરીન ધ્રૂજી ઊઠી : 'હવે એ બધું યાદ કરવાથી શું ફાયદો ?'

'ખરેખર તારા સિવાય બીજું કોઈ એ જાણતું નથી ?' સહેજ આવેશમાં

પૂછાઈ ગયું તેનાથી.

'ફાતિમા માસીએ બીજા કોઈને કહ્યું હોય તો ...'

'એની મને ચિંતા નથી.' ઈસ્માઈલે ઠાવકાઈ ધારણ કરી લીધી : 'એ તો હજથી પાછા જ ફર્યા નથી. રસ્તામાં જ ખુદાએ તેને બદલો આપી દીધો.'

શિરીન એ જાણતી હતી છતાં બદલો શબ્દ સાંભળીને ચોંકી ઊઠી : 'શું તેણે કહેલી વાત ખોટી છે માલિક ?'

'સાચી હોય તો પણ શું છે ?' ઈસ્માઈલના અવાજમાં મક્કમતા વરતાઈ : 'હવે તારા સિવાય બીજું ક્યાં કોઈ જાણવાનું છે.'

શિરીનનું કાળજું ઘવાયું. આ માણસને પસ્તાવોય થતો નથી ! શા માટે હું તેની માયામાં ખેંચાવા તૈયાર થઈ ગઈ? હજુ પણ સમય છે, રસોડામાં જઈને બારણાં બંધ કરી દે. આપ મેળે ચાલ્યા જશે.



'અમીરને વાત ન કહેવાની તું કેટલી કિંમત આંકે છે ?'

શિરીનને માથે જાણે વીજળી પડી. ચહેરા પર રોષ ભભૂકી ઊઠયો. ઝાટકા સાથે તેણે ઈસ્માઈલની સામે જોયું : 'કિંમત ! દરેક ચીજની કિંમત આંકી નથી શકાતી માલિક.' તેને હાંફ ચડી ગઈ : 'કિંમત માગવી હોત તો

આટલા વરસ હું ચૂપ શું કામ બેસી રહેત.'

'હં...હં... ધીમે બોલ શિરીન.' ઈસ્માઈલ તેનો ઉશ્કેરાટ પી ગયો : 'આપણે બંને એકલાં જ છીએ... કેટલીક ચીજની કિંમત પૈસાથી નહીં, પ્યારથી ચૂકવાયછે.'

શિરીન તેની મીઠાશમાં ભોળવાઈ ગઈ. તેણે જોયું કે ઈસ્માઈલ ખાટલા પરથી ઊઠીને ફાનસ તરફ આગળ વધી રહ્યો છે : 'આ અજવાળું આપણા બેની વચ્ચે આવે છે.'

'નહીં નહીં...' શિરીન બહુ જ ધીમેથી કહેતી હતી પણ તેના બોલવાનો ભાવાર્થ એવો થતો હતો કે પોતે પણ અંધારું ઇચ્છતી હતી.

ધીમે ધીમે ફાનસ ઝાંખું થતું ગયું. શિરીનના શ્વાસની ગતિ વધવા લાગી. એ પીઠ ફેરવીને ઊભી રહી ગઈ. ઈસ્માઈલના કદમ તેના તરફ વધતા ગયા તેમ તેની ઉત્તેજના તીવ્ર બનતી ગઈ. હવે તેના ખભા પર ઈસ્માઈલનો ગરમ શ્વાસ અફળાતો હતો. ખભા પર હમણાં જ એ હાથ મૂકશે. પછી ફરતો ફરતો હાથ...



પણ ઈસ્માઈલનો હાથ તેની પોતાની કમર પર જ ગયો. કમરે બાંધેલો રુમાલ ઝાટકા સાથે તેણે ખેંચી કાઢ્યો. રૂમાલના બંને છેડે વાળેલી ગાંઠને તેણે બેય હાથની મુઠીમાં ગોઠવી દીધી.

એક ઊંડો શ્વાસ લીધો, જડબાના સ્નાયુઓ તંગ થયા અને પછી બે ડગલાં પાછળ હઠી, બંને હાથ ઊંચા કરી શિરીનના માથા પરથી રૂમાલનો ફાંસો ગળામાં ભેરવી દીધો.

'આ ...હ ...' એટલા જ ઉદ્‌ગારો શિરીનના મોંમાંથી નીકળી શક્યા. ગળામાં રુમાલની ભીંસ વધતી ગઈ ... વધતી ગઈ ... શ્વાસ રુંધાવા લાગ્યો, મગજની નસો ફાટફાટ થવા માંડી.

'બેવકૂફ ઓરત, ઠગનો ભેદ જે જાણી જાય છે તેનો અંજામ આવો જ આવે છે.' દાંત કચકચાવીને ઈસ્માઈલ રૂમાલના બંને છેડાને વધુ ને વધુ જોશમાં ખેંચતો ગયો.

છેલ્લો તરફડાટ કરીને શિરીનનો દેહ ઝીંકાઈ પડ્યો ત્યારે ઈસ્માઈલે ધીમે ધીમે રૂમાલની ભીંસ ઓછી કરવા માંડી. અત્યાર સુધી રોકી રાખેલો શ્વાસ નાક મોંમાંથી ફૂંફાડા મારતો બહાર નીકળી ગયો.

ઈસ્માઈલનાં કપડાં પસીનાથી રેબઝેબ થઈ ગયાં હતાં. અત્યાર સુધીમાં અસંખ્ય માનવીઓ એના રુમાલનો શિકાર બની ગૂંગળાઈને ખતમ થઈ ચૂક્યા હતા પણ પોતાને આટલો ત્રાસ ક્યારેય પડ્યો નહોતો. એનું કારણ શું હશે ? શિરીન ઓરત હતી, વફાદાર નોકરાણી હતી એટલે કે પછી કોઈના ઘેર જઈને શિકાર કરવાની મનાઈનો પોતે ભંગ કર્યો એના ગભરાટથી પસીનો વળી ગયો હતો !

ઊભા થવા માટે બહુ જોર કરવું પડ્યું. ફાનસની વાટ વધારીને શિરીનના શબ પર નજર નાખી ત્યારે આંખે અંધારાં આવવા માંડ્યાં. ઝટપટ પસીનો લૂછી નાખી તેણે છત પર નજર ફેરવી છતમાં લોઢાનું કડું લટકતું દેખાયું ત્યારે આંખો આનંદથી ચમકી ઊઠી.

*

મહોલ્લામાં કોલાહલ શમી ગયો હતો. ઘેર પહોંચીને ઈસ્માઈલ બેચેનપણે અમીરની રાહ જોતો હતો. ડેલી ખખડી એટલે તે બેઠો થયો. બેત્રણવાર ખખડવા દીધી પછી ઊઠ્યો. ધીમે ધીમે મેડીનાં પગથિયાં ઊતર્યો 'ઉઘાડું છું' કરીને તેણે બારણાંની સાંકળ ખોલી અને અમીર જોઈ શકે એ રીતે આળસ મરડી બગાસું ખાવાનો દેખાવ કર્યો.

'બાપુ, તમને નિંદમાંથી જગાડ્યાને.' એમ જુવાન દીકરાએ પૂછ્યું ત્યારે

પીઠ ફેરવી લઈ તે મેડી તરફ જવા લાગ્યો : 'અમીર, નાટકમાં મઝા પડીને ?'

'મારા કરતાં અફલાને વધુ મઝા પડી.' બારણાંને સાંકળ ચડાવી અમીર બાપની પાછળ મેડી ચડી ગયો. કમરામાં જઈને સૂઈ જાય એ પહેલાં તેમને એક વાત પૂછી લેવી હતી.

'બાપુ, તમે રજા આપો તો અફલાને પણ આપણી સાથે સફરમાં લઈ જઈએ.'

ઈસ્માઈલને આંચકો લાગ્યો હોય તેમ એના પગ થંભી ગયા. પછી તરત જ તેણે પોતાના મનોભાવ સંતાડી દીધા. પરાણે હસીને કહેવું પડ્યું : 'તેં એને બીજી કોઈ વાત કરી નથીને ?'

'નહીં રે બાપુ.' અમીર ભોળા ભાવે કહેતો હતો : 'પણ એ સાથે હશે તો મને સરખેસરખાનો સંગાથ મળી રહે એટલા માટે . . .'

પણ ઈસ્માંઈલને તેનો જવાબ આપવાની જરૂર ન પડી. ડેલીની સાંકળ ખખડી ઊઠી : 'ઈસ્માઈલ મિયાં, ખોલો . . .જલદી . . .'

અવાજમાં આવેગ હતો. ઈસ્માઈલે હોઠ ભીડીને અમીરની સામે સૂચક રીતે જોયું : 'અત્યારે કોણ આવ્યું વળી ?'

અમીર ઉતાવળા પગલે નીચે ગયો. ઈસ્માઈલે અભિનય માટે મનને તૈયાર કરી લીધું. મેડીનાં પગથિયાં ધમધમી ઊઠ્યાં. અફલાનો બુઢ્ઢો પાડોશી હાંફળો ફાંફળો ઉપર ધસી આવ્યો : 'ગજબ થઈ ગયો . . .'

એ શ્વાસ ખાવા રોકાયો એટલી વારમાં ઈસ્માઈલે સ્વાભાવિક પણે જ પૂછ્યું : 'શું થયું ?'

'શિરીન . . .' તે આગળ બોલી શકતો નહોતો.

'શું થયું . . .' ઈસ્માઈલે ત્રાડ નાખી. તેના ચહેરા પર ઉચાટ પરખાતો ઊભરાતો હતો.

'શિરીને ગળાફાંસો ખાધો.'

'હેં . . .' ઈસ્માઈલનો અવાજ ફાટી જવા લાગ્યો. છાતીમાં દર્દ ઊપડ્યું હોય તેમ જમણો હાથ ડાબા પડખે દાબી દીધો. અમીર તો ઊભો હતો ત્યાં જ તેના પગ જડાઈ ગયા. તેનાથી ચીસ નંખાઈ ગઈ : 'શિરીન ચાચી . . .' એ ચીસે ઈસ્માઈલનું કાળજું ચીરી નાખ્યું. જઈને તેણે અમીરના ખભા ઉપર હાથ મૂક્યો : 'બેટા, પહેલાં જઈને જોવા તો દે શું થયું છે . . . મારા તો માનવામાં આવતું નથી.'

અમીરની આંખોમાં આંસુ તગતગી ઊઠયાં. ઈસ્માઈલે ડોળા કાઢીને તેની સામે જોયું : પરાયાની હાજરીમાં આંસુ સારતાં શરમ નથી આવતી ? જો આવા આઘાત જીરવી નહીં શકે તો મારો ધંધો શું કરવાનો હતો ?

'હું જઈ આવું છું,' કહીને તેણે પેલા બુઢ્ઢાને આગળ કર્યો. એ હજુ નીચે ઊતરતો હતો ત્યાં અમીરનો રુંધાયેલો સાદ સંભળાયો : 'બાપુ, હું પણ આવું છુ.'

'ભલે, પણ મન મક્કમ રાખી શકે તો જ આવજે.' પાછું ફરીને જોયા વિના જ ઈસ્માઈલ સડસડાટ સીડી ઊતરી ગયો. લથડતા પગલે અમીર તેની પાછળ ઘસડાતો હતો.

અફલાએ બારણું ઉઘાડતાં જ રાડ પાડી. રસ્તામાં પેલો બુઢ્ઢો ઈસ્માઈલને વાકેફ કરવા કહેતો હતો : 'અમે દોડી ગયાં, જઈને જોયું તો અફલો ઉંબરામાં બેહોશ પડ્યો હતો અને એની મા છત પર લટકતી હતી . . . બિચારી !'

ઈસ્માઈલ પહોંચ્યો એટલે લોકોએ તેને જવાનો રસ્તો કરી આપ્યો : 'આપની જ રાહ જોતા હતા. તમે આવો પછી શબને હેઠે ઉતારીએ.'

ઈસ્માઈલ દરવાજા પાસે આંચકા સાથે ઊભો રહી ગયો. જાણે પહેલી જ વાર એ દૃશ્ય જોતો હોય તેમ તેણે શરીરને ધ્રૂજાવ્યું. શિરીનની ફાટેલી આંખો જાણે તેના પર શ્રાપ વરસાવતી હોય એવી ભયભીત લાગી તેની લબડતી જીભ હમણાં જ કાંઈક બોલી નાખશે એવો ફડકો તેને પડ્યો . . . જાતને કાબૂમાં લેવા માટે તેણે થોડો સમય લીધો. પછી માથું ઝૂકાવી એટલું જ બોલ્યો : 'શબને અવલ મંઝિલે પહોંચાડવાની જોગવાઈ કરો.'

ધીમે ધીમે શિરીનનાં શબને કબરમાં ઉતારવામાં આવ્યું ત્યારે અફલો અને અમીર ધ્રૂસકે ધ્રૂસકે રડતા હતા. ઈસ્માઈલ મનમાં હરખાતો હતો : 'તારી સાથે હવે મારો અને અમીરનો ભેદ પણ કાયમને માટે દટાઈ જશે-શિરીન.'

પણ માનવીને ઠગનારો કુદરતને ઠગી શકતો નથી એ વાત ઈસ્માઈલ વિસરી ગયો. ફાતિમા ડોશીએ હજ વખતે પ્રાણ છોડ્યા ત્યારે આખરી શ્વાસ લેતી વખતે એટલું કહેતી ગઈ હતી : 'આપણા મહોલ્લાવાળા ખાન સાહેબનો બેટો અમીર જીવતો છે . . .'

ઈસ્માઈલને હજુ આ વાતની ખબર નહોતી એટલે જ એ હરખાતો હતો.

*

૧૨

બાપ-બેટાના ઘોડા ધૂળ ઉડાડતાં પૂરપાટ દોડ્યે જતા હતા. ગામનું પાદર છોડ્યા બાદ ઈસ્માઈલે રાહત અનુભવી : બસ, અમીરને હવે આ રાહ પર આગળ વધતો કોઈ રોકી નહીં શકે, કોઈ તેને પાછો નહીં વાળી શકે. બેટાને પોતાના ધંધામાં પલોટવાની મકસદ બે દિવસમાં જ પૂરી થશે. અમીરની જિંદગી પલટાઈ જશે. અલ્લાહતાલા, મારા બેટાને પહેલી જ સફરમાં એવી કામિયાબી અપાવજે કે કાયમને માટે એનું દિલ એમાં લાગી રહે. એના કાંડાંમાં તું એવી તાકાત બક્ષજે કે જેના પર એ હાથ ઉગામે તેનો છુટકારો થઈ જાય, એના કદમમાં એવું જોશ પેદા કરજે કે ગમે તેટલી સફર ખેડવા છતાં એ થાકે નહીં. ખુદા, તું સાક્ષી છો કે એને બહાદુર બનાવવામાં મેં કોઈ કચાસ રાખી નથી... હવે એને ઠગની તાલીમ આપવામાં પણ હું પાછું વાળીને જોઈશ નહીં.

'અમીર, વારે વારે પાછળ કેમ જોયા કરે છે ?'

આ સવાલે અમીરને શરમાવ્યો. બાપુને તેણે કહેતાં તો કહી દીધું કે ગમે તેવું ભયાનક કામ કરતાં તે અચકાશે નહીં, ગમે તેવા આઘાત પોતે જીરવી શકશે ... પણ લાગણીભર્યું દિલ એમ એકાએક પથ્થર જેવું કેમ થઈ જાય ? સફરે ઊપડતી વખતે બધાએ મુબારકબાદી આપી અને દુઆઓ દીધી ત્યારે પોતે ખુશ દેખાવા માટે હસતો હતો, પણ દિલમાં કેવી ઉથલપાથલ મચી હતી ! માના મોતનો જખમ જૂનો થયો ત્યાં ગુલુને ગુમાવી... અને એ જખમ હજુ વહેતો હતો ત્યાં શિરીનચાચી ચાલ્યાં ગયાં. દરેક ઘા એના દિલની મજબૂતીનું માપ કાઢવા માટે થતો હોય તેમ એ જીરવી લેવાની કોશિશ કરતો રહ્યો. હવે અફલાની જુદાઈનો ગમ

પણ તેણે વેઠી લેવાનો? બાપુ એને સાથે લઈ જવાનો શા માટે ઈનકાર કરી બેઠા? હવે અહીં અફલાનું કોણ રહ્યું છે?

'અફલો સાથે આવ્યો હોત તો બાપુ, હું એકેય વાર પાછું ફરીને જોત નહીં.' અમીરને રહી રહીને આશા જાગી કે હજુય એ માની જાય તો ગામ બહુ છેટું નથી. પણ ઈસ્માઈલ મક્કમ રહ્યો : 'અમીર, કેટલીક વાત એવી હોય છે કે તેનો વાદવિવાદ નથી કરી શકાતો. માત્ર ઈતબારથી જ કામ થાય છે. એકવાર તારે મને ખાતરી કરાવી આપવાની છે કે તું જે દિશામાં આગળ વધી રહ્યો છે ત્યાંથી પાછા ફરવાની કમજોરી નહીં દેખાડે.'

'મારે ખાતર અફલો ગમે ત્યાં આવવા તૈયાર થાત બાપુ.' અમીરે એની એ દલીલ ફરીથી કરી : 'જેમ હું તમારે ખાતર જાણ્યા જોયા વિના સફરે ચાલી નીકળ્યો છું એમ જ અફલો આવવા તૈયાર થઈ જાત.'

'જેની મા બે દિવસ પહેલાં જ મરી ગઈ છે તેને લઈ જાઉં તો લોકો મને બદનામ કરે.' ઈસ્માઈલે બહાનું જ દેખાડ્યું. અમીર થોડીવાર ખામોશ રહ્યો. બાપના ઘોડાની લગોલગ પોતાના ઘોડાને લઈ જઈને હળવેકથી તેણે પૂછ્યું :

'બાપુ, જે રાતે શિરીનચાચીએ ખુદકશી કરી એ બપોરે તમને મળવા આવેલાં ને?'

અમીરના સવાલે ઈસ્માઈલને ચોંકાવ્યો. દીકરાને શું કોઈ વહેમ પડ્યો છે? શિરીને બપોર અને રાતના ગાળા વચ્ચે અફલાને તો કાંઈ કહી દીધું નહીં હોય ને! પહેલાં જવાબ ખાઈ જવાની તેને ઇચ્છા થઈ, પણ એમ કરવામાં ડહાપણ નહોતું. અમીરના મનમાં ખરેખર કાંઈક હોય તો એને ભૂંસી નાખવું જોઈએ.

'હા અમીર, બપોરે એ મને પૂછવા આવેલી કે આપ અમીરને લઈ સફરે જવાના છો? સફરની તૈયારીમાં મારું કંઈ કામ હોત તો ફરમાવજો.'

અમીરે સાંભળી તો લીધું પણ જવાબ અધૂરો લાગ્યો હોય તેમ બાપની સામે થોડીવાર સુધી તેણે જોયા કર્યું.

'તારે આમ કેમ પૂછવું પડ્યું અમીર?' ઈસ્માઈલે થડકતાં દિલે વાત આગળ ચલાવી.

'શિરીનચાચીના આપઘાતનું કોઈ કારણ હાથ લાગતું નથી એટલે.'

ઈસ્માઈલે નિઃસાસો નાખ્યો : 'દુનિયાદારી બહુ બૂરી ચીજ છે અમીર ! શિરીનના દિલ પર કેટલા બધા આઘાતો થયા છે એનો વિચાર કરી જો. પંદર વરસ પહેલાં ધણી ચાલ્યો ગયો. એ તેને છોડીને ગયો કે ગુજરી ગયો એની પણ બિચારીને જાણ નથી. છતાં છોકરાઓને ખાતર તેણે જીવતરનાં ઝેર પીધા કર્યા. દીકરો-દીકરી મોટાં થયાં ત્યાં જુવાન બેટીને ખુદાએ છિનવી લીધી. એ આઘાત એવો વસમો હતો કે શિરીન ત્યારે પાગલ કેમ ન થઈ ગઈ એની જ મને તો નવાઈ લાગતી હતી. દુઃખો જીરવવાં બહુ મુશ્કેલ છે બેટા !'

'પણ બાપુ, શિરીનચાચી તમને મળીને આવ્યા બાદ તો બહુ ખુશમિજાજમાં દેખાતા હતાં.' અમીર વાતનો છેડો છોડવા ન માગતો હોય તેમ બોલી ગયો. 'અફલાને એ જ વાતની નવાઈ લાગંતી હતી.'

ઈસ્માઈલે ધારદાર નજરે દીકરા સામે જોયું. અમીરની ચાલાકી પર ખુશ થવાનું મન થાય એવી રીતે એ દલીલ કરતો હતો. પણ આ બાબતમાં તેની પિંજણ ઈસ્માઈલને ખટકી. શિરીનના મોત પાછળ કોઈ ભેદ છે એવી દીકરાને જરાસરખી ગંધ આવે તો પોતાની બાજી ઊંધી વળી જવાનો ભય લાગ્યો. અમીર સાથે બનાવટ કરવાનું એને ગમતું નહોતું, તેમ સાચી વાત કહેવાનો ઈરાદો પણ નહોતો.

'શિરીન મને શું કરવા મળવા આવી હતી એ જાણવું છે તારે ?'

અમીરે ઉત્સુકતા દર્શાવી : 'તમને હરકત ન હોય તો કહો.'

'ન કહેવા જેવું એમાં કાંઈ જ નથી.' ઈસ્માઈલે ચાલાકીપૂર્વક જવાબ આપ્યો : 'શિરીનને અફલાની બહુ ફિકર રહ્યા કરતી હતી. એકનો એક જુવાન દીકરો નાટક-તમાશાને રવાડે ચડી જઈ આવારા બની જાય તે ખ્યાલ તેને અકળાવતો હતો. મને એ પૂછવા આવેલી કે આપ અફલાને વેપાર ધંધાની તાલીમ આપશો?'

આટલું કહીને ઈસ્માઈલે ધૂળ-પસીનાવાળું મોં લૂછ્યું. ઘોડાની રફતાર તેજ કરવા માટે એના પડખામાં એડી મારી પછી બાકીનું જૂઠાણું દીકરાને કહી સંભળાવ્યું : 'મેં શિરીનને ધરપત આપી. અફલાની ફિકર કરવાની તારે જરૂર નથી, જે રીતે તેં અમીરને એની માની ખોટ વરતાવવા દીધી નથી તેમ હું અફલાને એના બાપની ગેરહાજરીથી ગેરમાર્ગે ચડવા નહીં દઉં. કાલથી જ એને મારી દુકાને બેસાડી દઈશ.'

શિરીનની ખુશાલીનું કારણ અમીરને ગળે ઊતરી ગયું પણ તો પછી ચાચીએ

ખુદકશી શું કામ કરવી જોઈએ ?

ઈસ્માઈલ દીકરાની આ મૂંઝવણ કળી ગયો : 'અને અમીર, શિરીન મરતાં પહેલાં કદાચ અફલાને મારે હવાલે કરવા આવી હોય એમ મને લાગે છે.'

'છતાં આપણે એને સાથે ન લીધો.' અમીરના આ કચવાટે ઈસ્માઈલને કંટાળો ઉપજાવ્યો, છતાં તેણે મગજ પરનો કાબૂ જાળવી રાખ્યો : 'અફલાને સાથે ન લેવાનું એક કારણ મેં તને જણાવ્યું. હવે બીજું કારણ પણ કહી દઉં... જે કામે આપણે જઈ રહ્યા છીએ તેમાં હિંમત ઉપરાંત તાકાતનીય જરૂર રહે છે, અફલાને તલવાર ઉપાડતાં સુધ્ધાં આવડતું નથી. મેં બધું સમજી વિચારીને કર્યું છે, નીકળતાં પહેલાં બેનીસિંહને ભલામણ કરતો આવ્યો છું કે અફલાને તલવારબાજીના દાવ શિખવી દે. આપણે સફરેથી પાછા ફરીએ ત્યારે જોજે અફલો કેવો પાવરધો થઈ ગયો હશે.'

અમીરના ચહેરા પર હવે ખીલાવટ દેખાઈ ત્યારે ઈસ્માઈલને ખાતરી થઈ ગઈ કે વાતની ધારી અસર થઈ છે. છતાં એક બાબતનો ઉચાટ રહેતો હતો. અમીરને જ્યારે ઠગના ધંધાની જાણ કરીશ ત્યારે એ વિરોધ કરશે તો ? આગલી સાંજે તેણે પોતાના વફાદાર નોકર હુસેનને શિવપુરી મોકલી દીધો હતો. અમીરને ઠગની દીક્ષા આપવાની તૈયારી કરવાનું કહેવડાવ્યું હતું, ત્યાં ભેગા થનાર ઠગ સરદારો પાસે અમીરે પાગલ હાથીને કેવી રીતે મહાત કર્યો તેનો કિસ્સો હુસેને કહી સંભળાવવાનો હતો. અમીરના પહોંચતાં પહેલાં એની બહાદુરીની હવા ત્યાં પહોંચી જવાની હતી. એ ચાહતો હતો કે અમીરની શરૂઆત ઊંચી પાયરીએથી થવી જોઈએ. બીજાઓને ઠગ બન્યા પછી કેટલાં બધાં વરસે સફેદ કે કેસરી રૂમાલ વાપરવાનો હકક સાંપડે છે, અનેક કસોટીમાંથી પાર ઊતરીને પોતાની આવડત દેખાડવી પડે છે. ઠગની ટોળીના સરદાર બનવાનું તો કોઈકના જ નસીબમાં લખાયું હોય છે, પણ અમીરને તો પહેલેથી જ પીળા રૂમાલનો પરવાનો અપાવવો હતો. બેચાર વરસમાં એ કાબેલ ઠગ પૂરવાર થાય. સેંકડો ઠગો પર સરદારી ભોગવતો થાય એટલે પોતે શાંતિથી બાકીનું જીવન વીતાવી શકશે એવી ખ્વાહિશ આટલા વરસોથી તેણે પંપાળ્યા કરી હતી. હવે જો અમીર ના પાડી બેસે તો ? વાત સાંભળીને અધેથી જ પાછો ફરી જાય તો ?

તો શું કરવું એનો કોઈ જવાબ ઈસ્માઈલને સૂઝતો નહોતો. બનવાજોગ

છે કે એના દિલમાં બાપ માટે નફરત પેદા થઈ જાય, ધિક્કાર જાગી ઊઠે અને વિફરીને કહી દે કે હું ઠગ તો શું ઠગનો બેટો પણ ગણાવા રાજી નથી . . . તો ગણેશાની વાણી સાચી ઠરે . . . દીકરાને દુશ્મન થવા દેવાનું પોસાય તેમ નહોતું અને ભેદ જાણી લીધા પછી તેને પાછો ફરવા પણ દેવાય નહીં !

'બહુ ઊંડા વિચારમાં પડી ગયા બાપુ ?' ઈસ્માઈલની ખામોશીએ અમીરને અકળાવી મૂક્યો ત્યારે તેનાથી પૂછ્યા વિના રહેવાયું નહીં.

'તારી તરક્કીના જ વિચાર કરતો હતો.' ઈસ્માઈલ આટલું કહીને અટક્યો બધું જ હમણાં કહી દેવું કે નહીં એવી ગડમથલમાં હતો : 'દરેક બાપ પોતાના દીકરા પર ઉમીદ રાખીને જીવતો હોય છે. બેટો આગળ વધીને પોતાનું નામ રોશન કરે, પોતાને પગલે ચાલીને કામયાબીના ડંકા બજાવે . . . અને તું તો મારો એકનો એક છે. આજે તું મારા બેટા તરીકે ઓળખાય છે, કાલે હું તારા બાપ તરીકે ઓળખાઉં એવી તમન્ના છે મારી.'

અમીરને જોશ ચડી ગયું. કહી દઉં કે તમારી તમન્ના એળે નહિ જવા દઉં તમારી ઉમીદમાં જરાય ઓછો નહિ ઊતરૂં . . . પણ એમ કહેવું અત્યારે કવેળાનું હતું. પોતાને શું કરવાનું છે શેમાં કામયાબી મેળવવાની છે એ હજુ ક્યાં જાણ્યું છે ?

બીજા દિવસની બપોરે એ ઘડી આવી પહોંચી. હવે એક જ દિવસની મુસાફરી બાકી હતી. મન મક્કમ કરીને કહી દીધા વિના છૂટકો નહોતો. એટલા માટે તો તેણે સરાઈને બદલે રસ્તા વચ્ચે એક કૂવા પાસે, ઝાડના છાંયે વિસામો લેવાનું પસંદ કર્યું. બાપ-બેટા વચ્ચે તકરાર જામી પડે તો કોઈ જાણી ન જાય. ખાણું અને વિસામો લેવાઈ ગયા પછી વાત છેડતાં પહેલાં ઈસ્માઈલે દીકરા સામે ધારી ધારીને જોઈ લીધું. કેવો પાણીદાર ચહેરો છે, કેવી તેજીલી આંખો છે, કેવો રૂઆબ છે !

'અમી . . . ર !' એક જ શબ્દ ઉચ્ચારવામાં જબાન પર મણ એકનો બોજ વરતાયો. અમીર સમજી ગયો કે જે જાણવા માટે પોતે અકળાય છે તે વાત હવે સાંભળવાની છે. ઉત્સાહ અને ઉત્કંઠાની રેખા ચહેરા પર ખેંચાઈ આવી.

'કાળજું કઠણ રાખીને સાંભળજે.' ઈસ્માઈલે એમ કહ્યું ત્યારે અમીરને લાગ્યું કે કહેનાર જ કાળજું કઠણ કરવાની કોશિશમાં છે !

એક જ ઝાટકે માણસ ચહેરા પરનું મહોરૂં ઉતારી નાખે એવી રીતે એ બોલી ગયો : 'તારી સામે જે બેઠો છે એ એક અઠંગ ઠગ છે !'

'બા ...પુ ?'

થોડીવાર પહેલાંનો અમીરનો ખૂબસુરત લાગતો ચહેરો લાલપીળો બની ગયો, આંખોમાં દાવાનળ સળગી ઊઠ્યો. હોઠ દાંત વચ્ચે એવી રીતે કચડાયા કે જાણે હમણાં લોહી ફૂટી નીકળશે. હાથની મુઠ્ઠીઓ એવા જોશમાં બીડાઈ કે બાપના હેતને હમણાં જ મસળી નાખશે. આંચકા સાથે એવા જુસ્સાથી તે ઊભો થયો કે ઘોડા પર ચડીને પુરપાટ ભાગી જશે.

'અમીર ! સચ્ચાઈ બહુ કઠોર હોય છે ... એટલે જ તને કાળજું કઠણ કરવા કહ્યું હતું.'

સાંભળી શકતો ન હોય તેમ કાન પર હાથ દાબી દઈ અમીર પીઠ ફેરવી ગયો.

'હકીકતથી પીઠ ફેરવી લીધે તારો બાપ ઠગ નહીં મટી જાય અમીર !' ઈસ્માઈલ અવાજમાં લાગણીનો રણકો લાવવા મથ્યો : 'ઠગ શબ્દ સાંભળીને તું આટલું બધું ચોંક્યો એની નવાઈ નથી ... પણ ગભરાટ શા માટે ?'

અમીરે દાંત કચકચાવ્યા : 'બાપુ ! તમારો ભેદ ભયાનક હશે એ માનતો હતો પણ ...'

'પણ શું ?' તે ઈસ્માઈલ ફફડી ઊઠ્યો.

'પણ તે આવો હલકો હશે એમ ધાર્યું નહોતું.'

'અમીર !' ત્રાડ નાખી ઈસ્માઈલે.

અમીરે પણ જુસ્સાભેર તેની સામે જોયું. બાપ-બેટાની આંખોના રોષના તણખા ટકરાયા. હવે ભડકો થવાની જ વાર હતી જેમાં બધી જ લાગણીઓ ભસ્મીભૂત થઈ જવાની વકી હતી.

'મને કહ્યું હોત કે તમે લૂંટારા છો તો આટલું વસમું ન લાગત. દુનિયા સાથેની તમારી આ તે કેવી દુશ્મની ? કાંઈ નહીં ને ઠગ ...?'

'તું આમ પૂછે છે કારણ કે ઠગનો અર્થ તું જાણતો નથી.'

'ઠગનો અર્થ ...' લુખ્ખું હસ્યો અમીર ...હવે તેને બાપની દલીલ પોકળ લાગવા માંડી : 'બીજાને છેતરીને કાયરની જેમ લૂંટી લેવા, ઘાતકીની જેમ ખતમ કરી નાખવા એ જ ઠગ કે બીજા ?'

'સાંભળેલી વાતને તું એટલી બધી સાચી માની બેઠો કે બાપનું સાંભળવા

પણ તૈયાર નથી.' ઈસ્માઈલે ગોખી રાખેલું કહેવા માંડ્યું : 'તારા બાપમાં તે ક્યારેય કાયરતા દીઠી છે, ઘાતકી બનતાં જોયો છે તેં મને ?'

અમીર આંખો ફાડીને બાપના સામે જોતો રહ્યો.

'તારી તલવારને મ્યાનમાંથી બહાર કાઢ જોઈએ. પણ અમીરે બાપનું કહેવુ સાંભળ્યું નહિ ત્યારે ઈસ્માઈલ ઊભો થયો. તેની તલવાર મ્યાનમાંથી ખેંચીને તેની સામે ધરી.

'લે તલવાર ... અને તારો બાપ તને જો એવો ઘાતકી અને કાયર લાગતો હોય તો ઘા કરતાં જરાય અચકાતો નહિ.'

અમીરે નીચું જોઈ ગયો ત્યારે ઈસ્માઈલે જોરથી પડકાર કર્યો 'કહું છું તલવાર



લે ... તારા બાપ માટે તને એટલી બધી નફરત જાગી છે કે એનું કહ્યું પણ માનવા માગતો નથી ?'

અમીરે ધ્રૂજતા હાથે તલવાર લીધી અને બે ડગલાં પાછળ હઠયો. ઈસ્માઈલના ચહેરા પર હવે કોઈ ઉશ્કેરાટ તેને દેખાયો નહીં. બાપનું હેત એની આંખોમાંથી ઊભરાતું જોઈને એ વિસામણમાં પડી ગયો.

'તલવાર ઊગામતાં પહેલાં સાંભળી લે,' ઈસ્માઈલ આંખો મીંચીને બોલતો હતો : 'ઠગનો ધંધો નાપાક નથી. હલકો નથી એ ખુદાઈ પેશો છે. માનવીને તલવારને ઝાટકે મારી નાખવાનું સહેલુ છે પણ લોહીનું એક ટીપું સુધ્ધાં પાડ્યા વિના આ દુનિયાનો ભાર ઓછો કરવાનું નેક કામ માત્ર ઠગો જ કરી રહ્યા છે.'

'નેક કામ !' અમીરના હોઠ ફફડ્યા. ઈસ્માઈલે આંખો ઉઘાડીને દીકરાના ચહેરા પરનો પલટો નીહાળ્યો. હવે બાજી જીતવા માટે છેલ્લો દાવ અજમાવી લેવાનો હતો.

'હા બેટા, આજે સુધી તને ક્યારેય લાગ્યું છે કે મેં તને ગલત રસ્તો ચીંધ્યો હોય ? કોઈ બાપ પોતાના બેટાને હલકટ બનાવવાનો વિચાર કરે ખરો ?'

'પણ તમારી પાસે દોલત છે, શોહરત છે પછી આવું કરવાની શી જરૂર છે ?'

'આ દોલત અને શોહરત ખુદાની મહેરબાનીથી સાંપડી છે એ ન ભૂલતો. જો એ મારા કામથી નારાજ હોત તો આપણી આટલી બધી બરકત ન થઈ હોત. અને માત્ર દોલત મેળવવા માટે જ હું ઠગ નથી થયો, તને ઠગ બનાવીને વધુ દોલત કમાવાની લાલચ નથી મને.'

'તો ...'

'ખુદાનુ આ કામ તને સોંપીને હું વારસો જાળવી રાખવા માગું છું. ઠગનો બેટો ઠગ ન બને તો એને લ્યાનત લાગે.'

'પણ આપણા મજહબમાં મેં ક્યાંય વાંચ્યું નથી કે ઠગ બનવાથી ખુદાની રહેમ મળે છે.'

'આ વાત એટલી ઉઘાડી નથી. બહુ ઓછા લોકોને એનું રહસ્ય સમજાય છે. એક વાર જે એમાં પડે છે તે ક્યારેય આ રસ્તેથી પાછા ફરવાનું વિચારતો નથી. આ વિધા વંશપરંપરા ઊતરી આવી છે. તારા બાપનું વેપારી તરીકે જે માન છે એના કરતાં ઠગ તરીકેની તેની ઇજ્જત કેટલી છે એ જોવા જાણવા માટે તારે સબૂરી

રાખવી પડશે. અને નહીંતર ..'

'નહીંતર શું ?'

'અહીંથી પાછા ફરતાં પહેલાં તારે મારા લોહીથી તલવારને રંગવી પડશે.'

'એ શું કામ ?'

'જે બાપ પોતાના બેટાને ઠગ નથી બનાવી શકતો એ જીવવાને લાયક નથી. ફેંસલો કરી લે, હું આંખો મીંચીને ઊભો છું.'

'ઊભા રહો.' અમીર અકળાઈને બોલી ઊઠ્યો : 'મને એ કહો કે ઠગને શું કરવાનું હોય છે. એ વિદ્યામાં શું ખૂબી છે ?'

'ઠગ બન્યા પહેલાં એનું રહસ્ય કોઈ જાણી શકતું નથી.'

અમીરના દિમાગમાં ઝબકારો થયો અને જબાન પર સવાલ ઊપસી આવ્યો : 'શું મારી માને ખબર હતી કે તમે ઠ ...ગ છો ?'

'ઠગ શબ્દ બોલતાં તું આટલો બધો ખચકાય છે શું કામ અમીર ?' ઈસ્માઈલે મક્કમપણે કહ્યું : 'તારી માને મારા આ ભેદની છેવટ લગી જાણ નહોતી.'

અમીર વિચારમાં પડી ગયો. મરતી મા સમક્ષ લીધેલા સોગન તેનેયાદ આવ્યા : હું મારા બાપુનું વેણ કદી નહીં ઉથાપું.

'અમીર, તેં આ સવાલ કેમ પૂછયો ?' ઈસ્માઈલે તેને ચમકાવ્યો : 'તારી મા જાણતી હોત તો તું રાજી થાત ખરો ?'

જવાબ આપતાં પહેલાં અમીરને ઊંડો શ્વાસ લેવો પડ્યો : 'રાજી-નારાજીનો આમાં સવાલ નથી. માને મેં કસમ ખાઈને કહ્યું હતું કે હું તમારા હુકમનો તાબેદાર રહીશ.'

'તારી મૂંઝવણ સમજાય એવી છે.' ઈસ્માઈલે તેને આંચકો આપ્યો : 'પણ હું તને એ સોગનમાંથી મુક્ત કરું છું કારણકે તારી મા મારા અસલ ધંધાથી અજાણ હતી.'

'બાપુ !'

'હા અમીર ! હું ચાહું છું કે તું જે કાંઈ પગલું ભરે તેમાં તારી માને વચ્ચે ન લાવીશ. તારે આ કામ બાપને ખાતર કરવાનું છે. યા તો મારે પગલે આગળ વધ નહીંતર ... મારી ગરદન પર તલવાર ઝાટકીને તારો રસ્તો પકડ.'

ઈસ્માઈલ અમીરની લાગણી પર ખેલી રહ્યો હતો. બેટો બાપ પર હાથ નહિ

ઉગામે તેને એની ખાતરી હતી છતાં . . . એ ઠગ બનવા તૈયાર થશે એવી ખાતરી પણ નહોતી થતી.

આંખો મીંચીને સામે ઊભેલા બાપને થોડી વાર અમીર જોતો રહ્યો : કેટલા લાડકોડથી એમણે મને ઊછેર્યો છે ! મારા સુખને ખાતર એમણે બીજી શાદી ન કરી. એનો બદલો હું આ રીતે વાળીશ ? એમના સિવાય હવે મારું કોણ છે આ દુનિયામાં ? શિરીનચાચીએ મને ઘેરથી નાસી જતો ન રોક્યો હોત તો ? ગુલુ આજે હયાત હોત તો ?

ઉગામેલી તલવાર સાથે અમીર બીજા બે ડગલાં પાછળ હટ્યો. ઈસ્માઈલ આંખો બંધ રાખી અધ્ધર શ્વાસે ઊભો હતો. તેનું દિલ જોશમાં ધડકવા માંડ્યું . . અને તલવારનો ઘા થયો. એક, બે . . . ત્રણ ઝાટકા લગાવીને અમીર ઝાડની કુમળી ડાળીઓ વાઢવા લાગ્યો. દિલની કૂણી લાગણીઓને જાણે જડમૂળથી કાપી નાખતો હોય એવા રોષ અને જોશ સાથે તે તલવાર વીંઝતો હતો.

'અમીર, આ શું કરે છે ?' ઈસ્માઈલ દીકરાનું આ રૌદ્ર સ્વરૂપ જોઈને હેબતાયો હતો : 'આપણા બેની તકરારમાં બિચારા ઝાડને શું કામ વાઢી રહ્યો છે ?'

અમીરનો હાથ રોકાઈ ગયો. તલવારની અણીને ભોંય પર ટેકવી તેણે બાપ સામે જોયું. તેના કપાળમાંથી પસીનાના રેલા દડી રહ્યા હતા. હાંફતાં હાંફતાં તેણે કહ્યું : બાપુ, હું તમારી સાથે આવવા તૈયાર છું. ઠગ બનવા રાજી છું.

'બેટા !' ઈસ્માઈલનો આનંદ ઉછળી પડ્યો. દોડીને તેણે અમીરને પોતાની બાથમાં લઈ લીધો : 'મને ખાતરી જ હતી . . . તું ઈન્કાર નહીં કરે.' તેનો અવાજ ગળગળો થવા લાગ્યો : 'બેટા, હુંય તને ખાતરી આપું છું કે આ રસ્તે ગયા પછી ક્યારેય તને પસ્તાવો નહીં જાગે . . .' પછી અમીરની પીઠ પર હાથ ફેરવાતાં ઉમેર્યું, 'આજ સુધી હું તારો બાપ હતો, હવે તારો ઉસ્તાદ અને દોસ્ત બની ગયો છું.'

'બાપુ, હવે નવી જિંદગી શરૂ કરવાની મને અધીરાઈ જાગી છે. ચાલો ઊપડીએ.' તલવાર મ્યાનમાં ભરાવીને અમીર ઘોડા પર સવાર થઈ ગયો. ત્યારબાદ શિવપૂરી સુધીની સફરમાં એ ખામોશ જ રહ્યો. એક વાર પણ તેણે પાછું વાળીને જોયું નહીં.

*

૧૩

શિવપુરીના મુખી મોઈદ્દીનના ઘરને ડેલે આવીને ઈસ્માઈલે હાંક મારી : 'ખાંસાહેબ . . . દરવાજો ખોલજો.'

અમીર ઘોડાની લગામ પકડી આતુરતાથી દરવાજા તરફ જોતો હતો. ગામના મુખીને ઘેર ઊતારો છે, આગેવાન સરદારો ત્યાં ભેગા થવાના છે અને અહીં જ તેને ઠગ બનાવવા માટેની રસમ થવાની છે એ જાણતો હોવાથી અમીર ઉત્તેજનાને દબાવી શક્યો નહીં. આ દરવાજામાં દાખલ થયા પછી પોતાની જિંદગી પલટાઈ જવાની હતી.

ડેલીનો આગળીઓ અંદરથી ઊઘડવાનો અવાજ સંભળાયો ત્યારે અમીરે ઊંડો શ્વાસ લીધો. તેણે અનુમાન કર્યું, કોઈ વિકરાળ ચહેરાવાળો આદમી દેખાશે. બધા જ ઠગ તેના બાપુ જેવા શરીફ ન હોઈ શકે-પછી ભલેને ગામનો મુખી હોય !

અને એક ચહેરો અર્ધી ઉઘાડી ખિડકીમાંથી ડોકાયો ત્યારે અમીરે રોકી રાખેલો શ્વાસ ફૂંફાડા મારતો બહાર નીકળી ગયો : ઓહ, કેવો નાજુક ચહેરો છે !

'કોણ ઈસ્માઈલચાચા . . .' પંદરેક વરસની એ છોકરીએ હોંશભેર ખિડકી ખોલી નાખી. પણ ઈસ્માઈલની પાછળ ઊભેલા જુવાન અમીર પર તેની નજર પડી કે એના રતુમડા ગાલમાં ખંજન પડ્યા. પહોળી થતી આંખો પર પરાણે પાંપણો બિછાવી દઈ, મૃગલીની જેમ ઠેકડા મારતી એ અંદર દોડી ગઈ.

ઈસ્માઈલ અમીર સામે મલકાયો : 'તને જોઈને શરમાઈ ગઈ . . .' અમીરની નજર હજુ દોડી જતી છોકરી પર જ મંડાયેલી હતી. એને જોતાં ગુલુ કેમ યાદ આવી

ગઈ?

'એ મોઈદીનની બેટી છે-રોશન.' ઈસ્માઈલે અમીરના ખભા પર હાથ મૂકી તેને સજાગ કર્યો : 'શરમની મારી ડેલી ઉઘાડવાનુંય ભૂલી ગઈ બિચારી.'

ખિડકીમાંથી અંદર જઈ ઈસ્માઈલે ડેલીનો મોટો દરવાજો ઉઘાડ્યો : 'ઘોડાને અંદર લઈ લે.'

ફળિયાના એક ખૂણામાં દસબાર ઘોડા બાંધેલા દેખાયા એટલે ઈસ્માઈલે ખુશી વ્યક્ત કરી : 'આપણા સિવાય બીજા બધા જ આવી ગયા લાગે છે.'

'આપની જ રાહ જોવાતી હતી.' અંદરથી એક પ્રૌઢ આદમી ઉતાવળા પગલે આવીને ઈસ્માઈલને ભેટ્યો. પછી અમીર પર નજર પડી એટલે તેને પગથી માથા સુધી નિહાળી લીધો : 'ઓહ શાહજાદાને પણ લેતા આવ્યા છો.'

અમીરે કપાળ સુધી હાથ ઊંચકી સહેજ ગરદન ઝૂકાવી તસલીમ કરી એટલે પેલાએ તેની પીઠ થાબડી : 'અમીરઅલી, તારી બહાદુરીનો કિસ્સો સાંભળ્યો ત્યારે જ મેં અનુમાન કરી લીધું હતું કે તું આવો જ પડછંદ અને પાણીદાર દેખાતો હોઈશ. ઈસ્માઈલખાં તમારા બેટાને જોઈ આંખોને ટાઢક વળી.'

'પણ મુખી, તમારી બેટી તો એને જોતાં જ નાસી છૂટી.' ઈસ્માઈલે ઊંચે ઓસરી તરફ નજર ઘુમાવીને જોયું : 'ક્યાં ગઈ એ ...'

એ રહી ત્યાં ...કમરાના દરવાજે લટકતા ચટાઈના પરદા પાછળ !અમીરને કહેવાનું મન થયું. પણ હજુ જેને પૂરી જોઈ નહોતી તેનામાં આટલી બધી દિલચસ્પી દેખાડવાનું અજુગતું લાગ્યું. પોતાને જે રસ્તે જવાનું છે ત્યાં દિલની પોચી લાગણીઓ નડતરરૂપ બનવાની હતી.

ઈસ્માઈલ અને મોઈદીન ઓસરી સુધી પહોંચી ગયા એટલે અંદર અંદર ગુપસુપ કરવા લાગ્યા. ગામનો મુખી પણ ઠગોની સાથે સામેલ છે એ વિચારથી અમીરને હસવું આવ્યું. તેને એના બાપની વાત સાચી લાગવા માંડી, પોતે માને છે એવો હલકો આ પેશો નથી. તેને તાલાવેલી જાગી, આખરે આ ધંધામાં એવું શું છે કે આબરૂદાર માણસો તેમાં ખેંચાય છે ?

'અમીર ત્યાં કેમ ઊભો છે, અહીં આવને.' ઈસ્માઈલે હાક મારી : 'અહીં હવે તારાથી કાંઈ ખાનગી નથી.' અમીર નજીક આવ્યો એટલે ઈસ્માઈલે મુખીને કહ્યું : 'ખાં, તમે આપણી મંડળીને કહો કે હું થોડીવારમાં આવું છું. મારો સામાન કમરામાં

મૂકાવી દઉં'

અમીરને કુતૂહલ જાગ્યું. બીજા મહેમાનો ક્યાં હશે ? બાપુ અહીં મહેમાનને બદલે ઘરના માણસ હોય એ રીતે કેમ વરતી રહ્યા છે ? ઈસ્માઈલની પાછળ પાછળ તે મેડી ચડી ગયો.

નોકર આવીને સામાન મૂકી ગયા પછી ઈસ્માઈલે કહ્યું : 'અમીર, હું બધાને મળી આવું, તું જરા આરામ કરજે.'

'પણ મને થાક નથી લાગ્યો.' અમીર અધીરાઈથી બોલી ગયો : 'તમારી સાથે આવું ?'

'ના, અત્યારે નહિ.' ઈસ્માઈલે તેની ઉતાવળ પારખી લીધી હોવા છતાં ઈનકાર કર્યો : 'કાલની તૈયારી કરવા માટે બધાની સાથે મસલત કરવાની છે. તને ખબર છે ને કાલે દશેરા છે.'

'દશેરા !' અમીર તેનો અણગમો છુપાવી શક્યો નહીં : 'એમાં આપણે શું, એ તો હિંદુઓનો તહેવાર છે.'

'હા, માતા ભવાનીનો એ પવિત્ર દિવસ ગણાય છે-આપણા બધાને માટે.'

'બાપુ !' અમીરને અકળામણ થવા લાગી : 'ઠગ બનવા માટે શું મારે ઈમાન પણ બદલવો પડશે ? પાક કુરાનમાં જેને કાફિરો તરીકે ઓળખાવ્યા છે એ હિંદુની દેવીને તમે માતા કહો છો ?'

'તું અથરો ન થા અમીર !' ઈસ્માઈલે સમજાવટથી કહ્યું : 'આમાં મજહબને કાંઈ લેવાદેવા નથી. ઠગનો પેશો મૂળ એ લોકોનો છે. ભવાનીદેવીએ એમને આ માર્ગ ચીંધ્યો છે.' અમીર વચ્ચે કાંઈક બોલવા જતો હતો તેને રોકીને ઈસ્માઈલ આગળ વધ્યો : 'એમણે દોસ્તી દાવે આપણા લોકોને આ પેશામાં સામેલ કર્યા છે. ભવાનીદેવીની મહેરબાની વિના ઠગ એક ડગલુંય આગળ વધી શકતો નથી. આપણે ઈસ્લામને પૂરા વફાદાર રહીને આ કામ કરી શકીએ છીએ તેમાં બાધ શેનો ?'

'અને ખુદાની નારાજગી ઊતરે તો ?'

ઈસ્માઈલ આછું મરક્યો : 'બેટા મારે તને એ જ સમજાવવાનું છે કે આપણે જે કરી રહ્યા છીએ તેમાં ખુદા નારાજ નથી. જો એવું હોત તો મારી આટલી તરક્કી કેમ થાય ?'

'પણ મુલ્લાએ મને જે શીખવ્યું છે એમાં હિન્દુ ધર્મને આપણાથી ઊતરતો ગણાવ્યો છે.'

'બેટા, કોઈ ઇમાન ઊતરતો નથી. તું અમારા હિંદુ સાથીઓની સોબતમાં રહીશ ત્યારે તને સમજાશે કે એ લોકો કોઈ વાતે આપણાથી ઊતરતા નથી, જ્યાં જઈશું ત્યાં એ લોકો આપણી કેવી ઇજ્જત કરે છે તે જોજે. આપણી સાથે કેવો ભાઈચારો દાખવે છે એનો અનુભવ કરજે. પછી તને ખાતરી થઈ જશે કે તારા ખ્યાલ તો કેવા પોકળ હતા.'

અમીર કાંઈ બોલી શક્યો નહીં. દરેક બાબતમાં બાપુ તેને આગળ વધીને ખાતરી કરી જોવાનું જ કહી રહ્યા છે ! ઈસ્માઈલને વધુ દલીલ કરવાનો વખત નહોતો એટલે અમીરને ગળે વાત ઊતરી ગઈ છે એવી ધારણા સાથે તે કમરાની બહાર નીકળી ગયો.

બાપ સાથે થયેલી દલીલને તર્કના ત્રાજવે તોળતો અમીર કમરામાં લટાર મારવા લાગ્યો. અત્યાર સુધીની તેની દુનિયા માત્ર મુરનાઈ ગામના સીમાડા જેવડી નાની રહી હતી. એ સીમા ઓળંગીને બહાર આવ્યા પછી હવે બધું બદલાતું લાગવા માંડ્યું. ઇન્સાનની અચ્છાઈ-બુરાઈના તોલમાપ પોતે માન્યાં હતાં એનાથી અલગ નીકળ્યાં. આટલાં વરસ લગી કુરાનમાં જે શીખ્યો હતો તે અને હવે બાપ જે શિખવી રહ્યા છે એનો કોઈ મેળ બેસતો નથી. શું દુનિયાનો વહેવાર દોરંગી છે ? ઠગ બનવામાં જો કોઈ બૂરાઈ ન હોય તો આટલું બધું છાનુંછપનું શું કામ કરવામાં આવે છે ? જેમ બાપુએ માથી છાનું રાખ્યું હતું તેમ મારે પણ મારી ઓરતથી . . .

'હું અંદર આવું કે ?'

ચટાઈના પરદા પાછળથી ટહુકો થયો ત્યારે અમીરને પહેલાં તો એ ખલેલ ખટકી, પણ અવાજનો રણકો અને પડદા પાછળ ઊભેલી આકૃતિનો અણસાર ઓળખાયા પછી એ ખલેલ મીઠી લાગી. નવાઈ પણ ઊપજી. સામાન્ય રીતે જુવાન છોકરી પરાયા મરદની નજરે ચડવાનું ટાળતી હોય છે. એટલે જ તો ડેલો ઉઘાડીને એ નાસી ગઈ હતીને . . .

'અંદર આવવા માટે પરવાનગીની જરૂર નથી.' અમીરે મજાકની ઢબે વિવેક કર્યો.

'પણ મારા બંને હાથ રોકાયેલા છે.' પરદા પાછળથી વિનંતી સંભળાઈ :

'આપને હરકત ન હોય તો જરા પરદો હઠાવવામાં મદદ કરશો.'

'બેલાશક . . .' ક્હેતો અમીર દરવાજા પાસે ગયો, પરદો હઠાવતી વખતે આછેરી ઝણેણાટી અનુભવી. રોશન એક હાથમાં શરબતનો પ્યાલો અને બીજા હાથમાં કાપેલા તરબુચની તાસક લઈને ઊભી હતી. અમીરને જોતાં જ તેણે ગરદન ઝૂકાવી દીધી. શરબતના પ્યાલાવાળો હાથ ધ્રૂજવા લાગ્યો.

'ઓહ તમે છો !' અમીરને શરારત સૂઝી : 'મને એમ કે નોકરાણી છે.'

'નોકરો મહેમાનોની ખિદમતમાં રોકાયા છે.' રોશન કમરામાં સરકી આવી: 'એટલે આપની મહેમાનનવાજી મારા ભાગે આવી.'

તરબૂચના ગરભ જેવા લાલગુલાબી ગાલવાળી આ છોકરી દેખાય છે એવી શરમાળ નથી લાગતી. તેની હાજરી અમીરને રાહત આપી ગઈ : 'તમારે ત્યાં મહેમાન અવારનવાર આવતા હશે.'

'હાસ્તો.' રોશન પીઠ ફેરવીને ઊભી હતી છતાં અમીરે માની લીધું કે એના બન્ને ગાલ પર જરૂર ખંજનના ખાડા પડ્યા હશે : 'મુખીનું ઘર રહ્યું એટલે આવરો જાવરો તો રહે જ ને'

શું આ છોકરીનેય ખબર નહીં હોય કે તેના ઘરમાં આવેલા મહેમાનો ઠગના સરદારો છે ! પણ એ કેમ પૂછાય ? રોશન પણ કાંઈક ગડમથલમાં હોય તેમ ચૂપચાપ ઊભી હતી. શરબત અને તરબૂચ આપવાને બહાને એ કંઈ ક્હેવા પૂછવા આવી હશે ?

'તમને આવા નહોતા ધાર્યા . . .' રોશને અમીરને ચોંકાવ્યો.

'કેવો ધાર્યો હતો મને ?' અમીરની જીભ થોથવાઈ ગઈ. શું તે જાણી ગઈ હશે કે હું ઠગ બનવા આવ્યો છું ? એના કપાળ પર પસીનો ફૂટી નીકળ્યો.

'તમે પાગલ હાથીને મારી નાખ્યો એ કિસ્સો અબ્બા પાસેથી સાંભળ્યો ત્યારે હું જુદું જ ધારી બેઠેલી.' રોશન ત્રાંસી નજરે જોતી ક્હી રહી હતી : 'મેં માનેલું કે તમે હાથી જેવા તગડા હશો.'

'હા . . . હા . . . હા !' અમીર મોટેથી હસી પડ્યો. હસવું રોકવા માટે તેને મોં આડે હાથ દાબી દેવો પડ્યો રોશનને જોવામાં ગમ્મત પડી. જેટલો દેખાવડો છે. એટલો જ હસમુખો પણ છે આ જુવાન.

'હાથીને બદલે મને ટટ્ટુ જેવો જોઈને તું નિરાશ થઈ ગઈ હઈશ.' અમીરે

વાતને ચગાવી.

'ટટ્ટુ !' રોશને એ શબ્દ સામે અણગમો દેખાડ્યો : 'તમને આંધળો માણસ પણ ટટ્ટુ ન કહે.'

'કેમ ઈશ્કી ટટ્ટુ જેવો નથી લાગતો હું.' ગમ્મત ખાતર જ અમીર આમ બોલી ગયો પણ રોશન પર તેની જુદી અસર પડી. ગંભીરભાવે સામું જોઈને તે પૂછી બેઠી : 'તમે એક છોકરીને બચાવવા માટે હાથી સામે લડ્યા હતા એ સાચું ને ?'

'રોશન !' અમીરના હોઠ ધ્રૂજી ઊઠ્યા, આંખોની પાંપણ નમી ગઈ, ચહેરા પરનો રંગ ફિક્કો પડી ગયો, પોતાનું નામ એના હોઠ પર ફરક્યું એથી રોશને પહેલાં રોમાંચ અનુભવ્યો, પણ અમીરના મુખ પરનું દર્દ તેના દિલને થડકારો આપી ગયું. આવું પૂછીને પોતે એના જખમને ખોતર્યો છે એનો પસ્તાવો જાગ્યો : 'માફ કરજો મારે આમ પૂછવું નહોતું જોઈતું.' કહીને તેણે ઝડપથી કમરાની બહાર નીકળવા પગ ઉપાડ્યા. દરવાજાનો પડદો હટાવતી હતી ત્યાં અમીરનો અવાજ કાને અફળાયો :

'નહીં રોશન, તેં કાંઈ જ ગલત પૂછ્યું નથી.' અમીર નજદીક આવી ગયો: 'તારી વાત સાચી છે. ગુલુને બચાવવા માટે હાથી સાથે હું ઝનૂનથી લડ્યો હતો. પણ અફસોસ...' અમીરે રૂંધાયેલા કંઠે ઉમેર્યું : 'લોકોએ મારી બહાદુરી જયાદ રાખી. ગુલુના મોતને બધા વિસરી ગયા.'

રોશનને એના બોલનો ખટકો સ્પર્શી ગયો. એની પાંપણો ભીનાશ પકડવા લાગી. જવા માટે તેણે પગ ઉપાડ્યા તેની સાથે જબાન પરથી લાગણી વ્યક્ત થઈ ગઈ: 'મેં બંને વાતયાદ રાખી છે. તમારી બહાદુરી અને તમારો પ્યાર !'

અમીર તેની હિંમત અને સમજદારી માટે હેબત ખાઈ ગયો. એ કેટલું બધું કહી ગઈ ! ગુલુને માટે પોતાનો પ્યાર હતો તે આટલે દૂર બેઠેલી છોકરી ક્યાંથી જાણી ગઈ ? જે લાગણીથી તે દૂર રહેવા માગતો હતો એ દિલ પર કબ્જો જમાવવા. જોર કરતી હોય એવું તોફાન મચી ગયું ભીતરમાં

*

દશેરાનો સૂરજ હજુ તો ઊગ્યો નહોતો ત્યાં અમીરને ઊંઘ ખંખેરીને ઊઠી જવું પડ્યું. ઈસ્માઈલ બહુ ખુશ મિજાજમાં હતો : 'અમીર, ઝટપટ કરજે, નમાજ

પઢી લે પછી નાહીધોઈને નવા સીવડાવેલા કપડાં પહેરી મારી સાથે ચાલવાનું છે.'

અમીર પરાણે હસ્યો : 'ભલે બાપુ, હું જલદી તૈયાર થઈ જાઉં છું . . .' તે બાપને મનનો ઉચાટ દેખાડવા માગતો નહોતો. અર્ધી રાત તેણે અજંપામાં ગાળી હતી. મનમાં નવું જાણવાના ઉત્સાહ સાથે થોડો થડકો પણ હતો. બાપુને પગલે ચાલવામાં હું કાંઈ ખોટું તો નથી કરી રહ્યોને.

નવા નકોર કપડામાં તે સજ્જ થઈને મુખીના ઘરની પછવાડે આવેલી જૂની હવેલીમાં જઈ રહ્યો હતો ત્યારે પરદામાંથી રોશન તેને ધ્યાનથી જોતી હતી એ અમીરની નજરે ચડી ગયું. આ છોકરી મારામાં આટલી બધી દિલચશ્પી કેમ ધરાવે છે ?

જૂની હવેલીના બેઠકખંડમાં દાખલ થતી વખતે અમીરે સહેજ ખચકાટ અનુભવ્યો. અંદર બેઠેલા બાર-પંદર માણસો તરફ ઊડતી નજર ફેરવી લીધી. મોટા ભાગના પ્રૌઢ અને વૃદ્ધ ઉમ્મરના દેખાયા, તેમાંથી ચાર પાંચ તો એને ઘેર સોદાગર તરીકે મહેમાનગતિ માણી ગયેલા એયાદ આવી ગયું. તેના આગમને ખંડમાં ખામોશી પ્રસરાવી દીધી ત્યારે અમીરે અકળામણ અનુભવી. બધા જ એને ધારીધારીને નીરખતા હતા. શું કામ ? પછી સમજાયું કે એમની આંખોમાં ખુશાલી ચમકી રહી છે.

બધા જ શરીફ માણસો દેખાતા હતા. કોઈના મુખ પર ઠગ હોવાની છાપ ઊપસતી નહોતી. એક બે વૃદ્ધો તો ખુદાના ફરિશ્તા જેવા તેજસ્વી દેખાયા.

'અહીં આવી જા અમીર' ઈસ્માઈલે વચોવચ જઈને દીકરાને અંદર બોલાવ્યો : 'આ જનાબો મારા મુરબ્બી અને દોસ્તો છે. એમને તસલીમ કર બેટા.'

આજ્ઞાંકિત બેટાની જેમ અમીરે બાપનો હુકમ માથે ચડાવ્યો. હસીને બધાંને સલામ કરી.

'વાહ ઈસ્માઈલ મિયાં, તમારો બેટો જેટલો બહાદુર અને દેખાવડો છે એટલો જ વિવેકી છે.' એકાદ બે વૃદ્ધોએ તારીફ કરી ત્યારે અમીર થોડો શરમાયો.

'છોકરા, શરમાવાની જરૂર નથી.' મોઈદ્દીને ટાપશી પૂરી પ્રોત્સાહન આપ્યું 'આ બધા જ મહેરબાનોએ હાથીની લડાઈનો કિસ્સો સાંભળ્યો છે. આટલી નાની ઉંમરે તેં જે તાકાતનો પરચો બતાવ્યો એ ભલભલાને તાજ્જુબીમાં નાખી દે તેવો છે.'

'પણ એની તાકાતનો ખરો પરચો તો હવે આપણને જોવા મળશે.' ઈસ્માઈલે મૂળ વાત પર આવવાની તાલાવેલી દેખાડી : 'જો તમે બધા જ એને આપણી મંડળીમાં સામેલ કરવાની સંમતિ આપશો તો.'

'બેલાશક . . .' એકી સાથે અનેક અવાજો સંભળાયા : 'અમે એને માટે બહુ ઉત્સુક છીએ. ઈસ્માઈલ મિયાં, આ જુવાનને જોયા પછી ખાતરી થઈ ગઈ છે કે થોડા વખતમાં એ કાબેલ ઠગ પૂરવાર થવાનો.'

ઠગ શબ્દ સાંભળીને હવે અમીરને આંચકો લાગ્યો નહીં. પોતાની તારીફ સાંભળીને તેનામાં ઝનૂન ઉભરાયું. તેણે બાપની સામે જોયું : હવે ખોટીપો શેનો છે ?

દીકરાની અધીરાઈથી ઈસ્માઈલને ખુશી ઊપજી : એનો થનગનાટ બતાવી આપે છે કે દીક્ષા લીધા બાદ આ રંગમાં તે પૂરેપૂરો રંગાઈ જવાનો.

'મને લાગે છે કે આપણે હવે વિધિ શરૂ કરવી જોઈએ.'

ઈસ્માઈલના પ્રસ્તાવમાં બધાએ સંમતિનો સૂર પુરાવ્યો : 'હા હા, નેક કામમાં ઢીલ શું કામ કરવી ?'

ઈસ્માઈલ અમીરને બહારના ચોગાનમાં દોરી ગયો. ઠગ સરદારો પણ પાછળ પાછળ આવ્યા. સાત ઘોડાના રથમાં બેસીને સૂરજની સવારી આવી રહી હોય એવા સંકેત રૂપે પૂર્વાકાશમાં લાલિમાના ફુવારા ઊડી રહ્યા હતા. મંદ હવામાં માદક શીતળતા વરતાતી હતી. ગંભીરભાવે બધા સરદારો કુંડાળું વળીને ઊભા રહ્યા. અમીરને લઈ ઈસ્માઈલ વચ્ચે આવ્યો.

વાતાવરણમાં સન્નાટો છવાયો હતો, સૌના ચહેરા પર ગંભીરતા પ્રસરી ગઈ હતી. અમીરની છાતી થડકવા લાગી. શરીરમાં આછી ધ્રૂજારી પસાર થઈ ગઈ. આંખો મીંચી ત્યારે મા અને શિરીનચાચીના ચહેરા મનમાં ઉપસી આવ્યા. અફલો અને ગુલુ યાદ આવી ગયાં. ઊંડે ઊંડેથી કોઈ પોકાર પાડીને તેને રોકતું હોય એવા ભણકારા સંભળાયા : નહિ અમીર, તું એ રસ્તે નહિ જાતો . . .

'હે ભવાની માતા ! અમારી રક્ષક દેવી !' એવો સાદ સંભળીને અમીરની આંખો ખૂલી ગઈ. જોયું તો ઈસ્માઈલ બંને હાથ ઊંચા કરી ભક્તિભાવે કહી રહ્યો હતો : 'તારા આ નવા ભક્ત પર આશીર્વાદ વરસાવજે. એનો સ્વીકાર કરજે અને તારી કૃપા રૂપે એક સારું શુકન આપજે.'

બધા એટલા ચૂપચાપ ઊભા હતા કે શ્વાસોચ્છ્વાસ પણ સંભળાવા લાગ્યા. અમીરના અંગેઅંગમાં ઉત્તેજનાની તાણ આવી. આકાશમાંથી કોઈ ઊતરી આવવાનું હોય એવી ઉત્સુકતા સાથે ઊંચી નજર રાખીને સૌ જોઈ રહ્યા હતા. જેમ જેમ વાર થતી ગઈ તેમ બધાના મુખ પર તંગ રેખાઓ ઉપસવા લાગી : શું ભવાનીમાતા એને ઠગ તરીકે અપનાવવા રાજી નહીં હોય ... શુકન કેમ મળતા નથી ?

પાંચ, સાત અને નવ મિનિટ આમ અધ્ધર શ્વાસે વીતાવી. વીતી જતી દરેક પળ ઈસ્માઈલને કાળજે ડંખ મારતી હતી. શિરીનને મારવામાં પોતે ઠગશાસ્ત્રનું ઉલ્લંઘન કર્યું હતું, એનું તો આ પરિણામ નહીં હોયને ? ભવાની માતા તેના પર કોપાયમાન થયા હશે ...

અને ત્યાં એક ઘુવડ બોલ્યું.

બધાના ચહેરા ખીલી ઊઠ્યા. ઈસ્માઈલનો રાજીપો ઊછળી આવ્યો : 'જય ભવાની, જય ભવાની' ના પોકાર પાડતો એ નાચી ઊઠ્યો, અમીરને કાંઈ સમજ પડે એ પહેલાં તો બાપે તેને છાતી સરસો ચાંપી દીધો : 'વાહ બેટા !' આનંદથી એ ગળગળો થઈ ગયો : 'મારી દીક્ષા વખતે પણ આટલા ઊંચા શુકન નહોતા મળ્યા. તેં ઘુવડનો અવાજ સાંભળ્યોને ...'

'શાબાશ અમીર.' મોઈદીને તેની પીઠ થાબડી : 'તારા તકદીર બેહદ જોર કરી રહ્યા છે.'

'અરે આ જુવાન તો ફિરંગિયાના માથાનો નીવડશે.' એક વૃદ્ધે આગાહી કરી ત્યારે અમીર ચમક્યો.

ઈસ્માઈલે દીકરાને સમજ પાડી : 'અમીર, ફિરંગિયા એક મશહુર ઠગ છે. એની ટોળી અલગ છે. બહુ પાવરધો ગણાય છે. એણે ઠગની દીક્ષા લીધી ત્યારે ઘુવડની બોલી સંભળાઈ હતી.'

ઘુવડની બોલીને આ લોકો આટલું બધું મહત્ત્વ શું કામ આપે છે એ અમીરને ત્યારે કોયડો લાગ્યો હતો. અત્યાર લગી જેને કાફિરની દેવી ગણાવતો હતો એ ભવાની પોતાના પર આટલા બધા પ્રસન્ન થાય એ વાત તેને તાજ્જુબી જેવી લાગી.

'ચાલો હવે અંદર જઈએ.' ઈસ્માઈલ ફરી અમીરને બેઠકખંડમાં લઈ ગયો : 'ત્યાં તારી દીક્ષા વિધિ થશે.'

ફરી પાછા બધા પહેલાંની જેમ સફેદ ચાદર પર ગોઠવાઈ ગયા. વચ્ચોવચ પાક કુરાનનું પુસ્તક રાખવામાં આવેલું. તેની બાજુમાં ધૂપદાની મૂકી હતી . . . અમીર બેસવા જતો હતો ત્યાં ઈસ્માઈલે એને રોક્યો : 'નહીં, ઊભા ઊભા જ વિધિ કરવાની છે. અત્યારે તારે મને બાપ નહીં પણ ગુરૂ માનવાનો છે.'

અમીરના હોઠ મરક્યા.

'તારા જમણા હાથમાં આ રૂમાલ અને ખસ્સી પકડી રાખ.' ઈસ્માઈલે એક



પીળો રૂમાલ પહોળો કરી તેની જમણી હથેળીમાં ગોઠવ્યો. તેના પર કોદાળી જેવું હથિયાર મૂક્યું. કોદાળી બહુ વજનદાર નહોતી, છતાં તેનો હાથ ધ્રૂજવા લાગ્યો. લોકો તેને કમજોરી માની ન બેસે એટલા ખાતર અમીરે મન મક્કમ કર્યું અને ટટ્ટાર થઈને ઊભો.

પછી ઈસ્માઈલે તેનો ડાબો હાથ કોણી પાસેથી પકડી ઊંચો કર્યો : 'અમીર, તારે હવે સોગંદ લેવાના છે. હું જેમ બોલું તેમ તારે બોલવાનું છે.'

આંખોથી જ અમીરે સંકેત કર્યો : ભલે.

'હે ભવાની માતા ! હું સોગંદ લઉં છું કે આજથી તેં ચીંધેલા રસ્તે ચાલવામાં કદી પાછી પાની નહીં કરું'

ઈસ્માઈલનો અવાજ ધીમે ધીમે ઊંચો થતો જતો હતો :

'તારા બધા જ નિયમોને આધીન રહી હું મરીશ ત્યાં સુધી ઠગીના ધંધામાં રચ્યો પચ્યો રહીશ.'

અમીર આવેશમાં બાપના શબ્દોને દોહરાવતો હતો :

'જેની તેં મનાઈ ફરમાવી છે એવા લોકો સિવાયના કોઈ પણ મુસાફરને હું મારા પૂરા ઝનૂનથી ખતમ કરીશ ... અને મારો સમય પાકી જશે ત્યારે તારી આજ્ઞા મુજબ મારા બેટાને પણ વારસામાં આ વિદ્યા આપતો જઈશ.'

સોગંદનું છેલ્લું વાક્ય ઊચ્ચારતી વખતે અમીરના અવાજમાં ધ્રૂજારી ભળી હતી. ઝનૂનમાં એને ભાન ન રહ્યું કે જે ધંધાથી પોતે હજુ વાકેફ થયો નથી એ દીકરાને વારસામાં આપવાનોય ફેંસલો કરી બેઠો !

'જય ભવાની, જય ભવાની !' ના પોકાર ફરી સંભળાયા બધાએ ઈસ્માઈલ અને અમીરને મુબારકબાદી આપી.

ત્યાર પછીની વિધિમાં કુરાન પર હાથ રાખી અગાઉ લીધેલા સોગંદનું પુનરાવર્તન કરવામાં આવ્યું. પ્રસાદમાં ધરવામાં આવેલો ગોળ બધાએ ચાખ્યો : 'આ ગોળ ખાધા પછી જોજે તારામાં કેવું ઝનૂન પેદા થાય છે. બેટા, તું હવે પાકો ઠગ બની ચૂક્યો છે.' પછી ઈસ્માઈલે તેના હાથમાં પીળો રૂમાલ સોંપતાં કહ્યું : 'આ રૂમાલને છેડે રૂપિયો નાખીને જે ગાંઠ બાંધી છે તે ક્યારેય છોડતો નહીં.'

અમીર પીળા રૂમાલની ગાંઠને ક્યાંય સુધી જોઈ રહ્યો જેમાં હવે તેનું નસીબ જકડાઈ ગયું હતું !

*

૧૪

ઠગ . . . ઠગ . . . ઠગ ! !

એ જ પડઘા પડતા રહ્યા અમીરના મનમાં.

સવારથી સાંજ સુધી એક જ દિવસમાં તેણે કેટલું બધું જાણી લીધું ! દીક્ષામાં મળેલો રૂમાલ અત્યાર લગીમાં તેણે કેટલીય વાર જોઈ લીધો. કોઈને કલ્પના પણ ન આવે કે આ રેશમી રૂમાલ બીજાઓના જાન લેવાનું જીવલેણ હથિયાર છે. સેંકડો વરસોથી હજારો ઠગો તેનો ઉપયોગ કરતા આવ્યા છે. આવા રૂમાલથી થયેલા શિકારની સંખ્યા તો ગણાય નહીં એટલી બધી હશે. એનો હિસાબ કોણ રાખી શકે ? કોને ખબર, મારો રૂમાલ કેટલાનો ભોગ લેશે ?

પણ મુસાફરોને મારવા માટે રૂમાલ જ શા માટે, તલવાર કે બીજું કોઈ હથિયાર શું કામ નહીં ?

આ સવાલ તેણે બાપને પૂછ્યો ત્યારે તેમણે હસીને કહેલું: 'અમીર, તારી બધીજ શંકાઓનું સમાધાન આપણા ભવાનીપ્રસાદ પંડિત કરશે. એમણે વેદો અને પુરાણો વાંચ્યાં છે. હિન્દુ ધર્મની દરેક બાબતથી એ વાકેફ છે. આપણે જેમ કુરાનની આયાતો પઢીએ છીએ તેમ ભવાનીપ્રસાદ જ્યારે ગીતાના સંસ્કૃત શ્લોકો બોલતા હોય ત્યારે સાંભળવામાં તલ્લીન થઈ જવાય છે. એક શબ્દ પણ ન સમજીએ છતાં દિલ પર ગહેરી અસર થાય છે.'

'બાપુ, એક વાત પૂછું ?'

'હવે તું મને હજાર વાત પૂછી શકે છે અમીર. મને ખાતરી છે કે તારો દરેક સવાલ ઠગ બનવાના જુસ્સામાં ઉમેરો કરશે.'

'આપણા ગામમાં અને ઘરમાં તમારી જબાનેથી ક્યારેક હિન્દુ ધર્મ-પુરાણનો એક અક્ષર સુધ્ધાં સાંભળવા મળતો નહીં. અહીં તો તમારી ભાષા સાવ બદલાયેલી લાગે છે.'

'અમીર, તારે પણ એ શીખવું પડશે.' ઈસ્માઈલ મરક મરક હસીને કહેતો હતો: 'સફરે નીકળીએ ત્યારે ઠગની ફરજ બજાવવા સિવાય બીજું બધું જ ભૂલી જવાનું હોય છે, અને ઘેર ગયા પછી ઠગ છીએ એ ભૂલી જવું પડે છે. શરૂઆતમાં થોડી તકલીફ થશે, પછી આ બેવડી જિંદગી જીવવાનું આસાન બની જશે.'

અમીર આંખો મીંચીને ઊંઘી જવાની કોશિશ કરતો હતો પણ દિવસ દરમિયાન બની ગયેલી ઘટનાઓ અને સાંભળેલી વાતો જળોની જેમ તેના જીવને ચોંટી રહી હતી. વારે વારે ભવાનીપ્રસાદનો તેજસ્વી ચહેરો તરવરી ઊઠતો, એમની વાણીના પડઘા મનના ગુંબજમાં અફળાયા કરતા.

'. . . અમીર આ રૂમાલનું મહત્ત્વ સમજવા માટે તારે ઠગ પંથની ઉત્પતિ જાણવી પડશે. ધીરજથી સાંભળ, સૃષ્ટિ એટલે કે જેને તમે દુનિયા કહો છો તેના સર્જન વખતે ઈશ્વરે બે શક્તિ ઉત્પન્ન કરી. એક સર્જન શક્તિ અને બીજી સંહારક શક્તિ પણ સર્જન શક્તિ ઝડપભેર ક્રમે લાગી ગઈ દુનિયાની વસ્તી બેસુમાર વધવા લાગી ત્યારે સંહારક શક્તિ કે જે ભવ'ની અને કાલિકા તરીકે ઓળખાય છે તેણે એક મૂર્તિ બનાવી. આ મૂર્તિમાં પ્રાણનો સંચાર કરીને તેને જીવંત કરી. પછી પોતાના ભકતોને બોલાવી એ મૂર્તિનો સંહાર કરી દેખાડ્યો અને ઉપદેશ આપ્યો: હવેથી તમારે આ જ રીતે પૃથ્વીનો ભાર ઓછો કરવાનો છે. તમારા આ કાર્યમાં હું અદ્રશ્ય રીતે સહાય કરીશ અને સદાય તમારું રક્ષણ કરતી રહીશ. આ ભકતો પાછળથી ઠગ તરીકે ઓળખાયા . . .'

રૂમાલના ઉપયોગની વાત અમીરને વધુ હેરતભરી લાગી. ભવાનીપ્રસાદનો અવાજ પણ ત્યારે ધીર ગંભીર બની ગયેલો :

'. . . અમારા ચંડીપાઠમાં રક્તબીજની કથા છે. રક્તબીજને એવું વરદાન હતું કે તેના શરીર પરથી લોહીનું એક ટીપું પડે તો તેમાંથી બીજા અનેક રાક્ષસો પેદા થાય. આ વરદાને રક્તબીજને ભયમુક્ત અને ઘમંડી બનાવી દીધો. મૃત્યુની બીક રહી નહીં એટલે તેના પાપ વધવા લાગ્યા. માનવીના પાપનો વધુ પડતો ભાર પૃથ્વી જિરવી શકતી નથી. આવા માનવીનો સંહાર કરવાનું કામ દેવીનું હોય છે,

પણ રક્તબીજનો સંહાર કઈ રીતે થઈ શકે ? હથિયારથી તેને મારી શકાય તેમ નહોતો. એવી રીતે મારવો જોઈએ કે લોહીનું ટીપું જ ન પડે. દેવીએ પોતાના પરસેવાના બિંદુમાંથી બે પુરુષો ઉત્પન્ન કર્યા. પછી પોતાના રેશમી ચીરમાંથી રૂમાલ જેવડા બે ટુકડા કાપી બંનેને એક એક કટકો આપ્યો અને આદેશ દીધો: આ વસ્ત્રનો ટુકડો રક્તબીજના ગળામાં નાખી તેને ગૂંગળાવીને મારી નાખો. એટલું યાદ રાખજો કે આમ કરતી વખતે તેના દેહમાંથી લોહીનું એક ટીપું ન પડે. મારા આશીર્વાદથી તમારા બાહુમાં એવી તાકાત પ્રગટ થશે કે તમારું કામ સિદ્ધ થયા વિના નહીં રહે. પેલા બે પુરુષો સૌ પ્રથમ ઠગ બન્યા ! આજ તારા જેવા હજારો એ કામ કરી રહ્યા છે.'

અમીરને એક શંકા જાગી. રૂમાલનો ઉપયોગ કોના પર કરવો એ નક્કી કેમ થઈ શકે ?

'જુવાન, એ બધું ભવાનીદેવી આપણને સૂઝાડી દે છે. શિકારને એ જ આપણા તરફ આવવા લલચાવે છે. આપણું કામ શિકારની શોધ કરવાનું, તેમનો વિશ્વાસ સંપાદન કરી સફરમાં સંગાથે લેવાના અને મોકો મળે ત્યારે રૂમાલથી ખતમ કરવાના.'

અમીર ત્યારે વિચારમાં પડી ગયો એટલે ભવાનીપ્રસાદ આંખો બીડેલી રાખીને બોલતા ગયા: 'તને જે શંકા જાગે છે એનું સાચું સમાધાન તો તું એક સફર ખેડી આવીશ અને બધું નજરોનજર જોઈશ ત્યારે થઈ જશે. છતાં ભવાનીપ્રસાદ આપણને ક્યાં અને કેવી રીતે સહાય કરે છે એ જાણી લે.'

'જે કોદાળી હાથમાં લઈને તેં ઠગની દીક્ષાનો અગીંકાર કર્યો તેનું મહત્ત્વ ઓછું નહીં સમજતો. સવારીમાં આગળ વધતી વખતે કોદાળી મોખરે હોય છે. કોઈને શંકા ન જાય એટલે તેનો લાકડાનો હાથો કાઢી લેવામાં આવે છે અને કોદાળી કમરમાં છુપાવી રાખે છે. જ્યાં રાતવાસો કરવાનો હોય ત્યાં જમીનમાં ખાડો કરી એને દાટી દેવામાં આવે છે. જે દિશામાં જવાનું હોય એ તરફ કોદાળીની અણી રાખે છે. જો દેવીની ઈચ્છા બીજી દિશા તરફ સવારી લઈ જવાની હોય તો ખાડામાં દાટેલી કોદાળીની અણી આપોઆપ એ દિશામાં ફરી જાય છે. ઘણાને આવો અનુભવ થયો છે અને આવી આજ્ઞાનું પાલન કરવાથી ઘણા બધા શિકાર મળ્યાના દાખલાઓ છે. ભૂલથી પણ એનું ઉલ્લંઘન કરનાર પર દેવીનો કોપ ઊતર્યા વિના

રહેતો નથી.

'પણ આ કોદાળીનો બીજોય એક ઉપયોગ થાય છે અને તે શિકારને દાટવા માટે ખાડા ખોદવાનો . . .'

અમીરના મોંમાંથી હાયકારો નીકળી ગયો અને ભવાનીપ્રસાદની આંખો ઊઘડી ગઈ. જે આંખોમાં અત્યાર સુધી ખુશાલી જ છલકાતી હતી ત્યાં ક્રોધની જ્વાળાઓ જોઈને અમીર હેબતાઈ ગયેલો.

'અમીરઅલી તું બહાદુર હોવાનું મેં સાંભળ્યું છે છતાં ધ્રૂજી કેમ ઊઠ્યો ? યાદ રાખજે, આ કાર્યમાં જેટલી તારી શ્રદ્ધા અને નિષ્ઠા ઓછી હશે એટલી જ તારી સિદ્ધિ પણ ઝાંખી રહેશે.'

'ગલતી બદલ માફી માગું છું. આપ વાતને આગળ ધપાવો પંડિતજી.'

'હં તો સાંભળ, શરૂઆતમાં શબનો નિકાલ કરવાનું કાર્ય માતાજી જ કરતાં હતાં. ત્યારે ખાડા ખોદવાની અને શબોને દાટવાની ઉપાધી ઠગોને શિરે નહોતી. પણ ઠગની ટોળીના કોઈ સરદારને એક વાર જિજ્ઞાસા જાગી. જોઈએ તો ખરા, માતાજી કઈ રીતે શબનો નિકાલ કરે છે ?'

અમીરને વાતમાં રસ પડ્યો. જિજ્ઞાસા કરનાર ઠગ સરદાર તેને શાણો લાગ્યો. પણ ભવાનીપ્રસાદે તેનું મન વાંચી લીધું હોય તેમ બોલી ઊઠ્યા: 'અમીર, ભકિતમાં જ્યારે શંકા જાગે ત્યારે દેવ કે દેવીની કૃપા ઓછી થાય છે એ તારે ખાસ યાદ રાખવાનું છે. પેલો ઠગ સરદાર શિકારને ખતમ કરી ત્યાંથી પોતાની ટોળીને લઈ આગળ વધવાને બદલે બાજુની ઝાડીમાં છુપાઈ રહ્યો ઘણીવાર લગી શબ ત્યાં ને ત્યાં જ પડી રહ્યું ત્યારે એને દેવીની શક્તિમાં શંકા જાગી અને એજ વખતે આકાશમાં ગડગડાટી થઈ. બધા કંપી ઊઠ્યા. અચાનક આ તોફાન ક્યાંથી ફાટી નીકળ્યું ! એ દેવીનો ચમત્કાર હતો. એકાએક પવન ફૂંકાતો બંધ થયો અને દેવીનો અવાજ સંભળાયો. આકાશવાણી થઈ :

'મારા ભકતો, આજે તમને મારી શક્તિ માટે શંકા જાગી તેથી હું તમને શિક્ષા કરું છું. હવે પછી શબનો નિકાલ કરવાનું કામ તમારે લોકોએ જ કરવાનું રહેશે. એ માટે તમારે ચાતુરી વાપરવી પડશે, મહેનત કરવી પડશે અને ક્યારેક તમારી ભૂલોને કારણે તમે ઉઘાડા પડી જશો ત્યારે એનો દંડ પણ તમારે ભોગવવો પડશે . . .

બસ, ત્યારથી ઠગોએ કોદાળીનો ઉપયોગ ખાડા ગાળવા માટે કરવો પડે છે.

ભવાનીપ્રસાદની આ વાત સાંભળીને અમીરને પસીનો વળવા લાગ્યો. અજાણ્યા ભયથી દિલ થડકવા માંડયું. આવી વાત માનવા તેનું મન ના પાડતું હતું, પણ ભવાનીપ્રસાદનો ખોફ વહોરી લેવાની હવે હિંમત નહોતી એટલે ઝટપટ બે હાથ જોડી પ્રણામ કરી એ ત્યાંથી સરકી જવા ઊભો થઈ ગયેલો.

પણ ભવાનીપ્રસાદના આશીર્વાદ હજુય તેના કાને અફળાતા હતા: 'બેટા, તારું વર્તન અત્યારે ભલે બાલીશ લાગે, પણ તારા મુખ પર જે તેજ છે એ કહી આપે છે કે તારા કાર્યમાં તને અસાધારણ સફળતા સિદ્ધ થશે !'

ભીતરનો આ કોલાહલ અમીરને જંપવા નહોતો દેતો. ગરમી થતી હતી છતાં તે માથા પર ચાદર ઓઢી ગયો. વિચારોને હાંકી કાઢવા માટે મનને ટપાર્યું: તકદીરમાં જે લખ્યું હશે એ થઈને જ રહેવાનું, પછી શું કામ આવો વલોપાત વેઠી રહ્યો છે ? આટલી બધી જવાબદારી ઉપાડનાર બાપુ કેવા ઘસઘસાટ ઊંઘી રહ્યા છે !

ત્યાં બારણે ટકોરા પડ્યા અમીર ચમક્યો. અત્યારે કોણ હશે ? કદાચ પોતાને ભ્રમ થયો હશે. એ ચૂપચાપ પડ્યો રહ્યો. થોડીવારે ધીમો સાદ સંભળાયો: 'ઈસ્માઈલમિયાં.' અને ધીમે ટકોરા થયા. મોઈદીનનો અવાજ અમીર ઓળખી ગયો. ઊઠીને બારણું ઉઘાડવાની ઈચ્છા થઈ પણ ઘસઘસાટ ઊંઘતા બાપને સફાળા જાગી ગયેલા જોઈને એ વિસ્મય પામ્યો. કદાચ મોઈદીન કોઈ ખાનગી મસલત કરવા આવ્યા હશે એમ માની પોતે માથે ઓઢીને પડ્યો રહ્યો.

'ઉઘાડુ.' ઈસ્માઈલે હોંકારો દીધો પછી બારણું ઉઘડવાનો અવાજ પણ અમીરને સંભળાયો.

'તમને આટલી રાતે ઉઠાડવા બદલ માફી ચાહું છું.' મોઈદીન કહી રહ્યો હતો: 'પણ વાત કહ્યા વિના ઊંઘ આવતી નહોતી. સવારે તો તમે ઊપડવાની ધાંધલમાં હશો, એટલે અત્યારે જગાડ્યા.'

'એવી તે શી વાત છે ?' ઈસ્માઈલના અવાજમાં ઉચાટ હતો. અમીરે શ્વાસ રોકીને કાન સરવા કર્યા.

'વાત આમ તો મારા મતલબની છે' મોઈદીન જે રીતે બોલતો હતો તેના પરથી અમીરે અનુમાન કર્યું કે એ કહેતાં અચકાય છે.

'આહ સમજી ગયો.' ઈસ્માઈલના બોલવામાં ધરપત વરતાતી હતી: 'તમે અમીરની સગાઈનું યાદ આપવા માગો છો ને ?'

'હાં મિયાં !' મોઈદીન એટલું કહીને અટક્યો, અમીર સગાઈની વાતથી ખરેખર ચોંકી ગયો હતો. મોઈદીનની બેટી રોશન નજર સામે તરવરવા લાગી. હવે બાપુ શું જવાબ આપે છે એ સાંભળવાની તાલાવેલી થઈ. પણ મોઈદીને જ વાત આગળ વધારી :

'આપ કહેતા હતા કે અમીર ધંધે લાગી જાય પછી સગાઈનું પાકું કરી નાખશો. આજે હવે તેણે દીક્ષા લઈ લીધી છે. મારી રોશન પણ જાણી ચૂકી લાગે છે કે અમીરઅલી તેનો મહેબૂબ બનવાનો છે. મા વગરની છોકરીની ખુશી પૂરી કરવા માટે હવે દિલ બેકાબૂ બની ગયું છે ઈસ્માઈલમિયાં !'

'મુખી, તમારી અધીરાઈ હું સમજી શકું છું. ત્રણચાર વરસથી હું તમારી વાતને ટાળતો આવ્યો છું.' ઈસ્માઈલને જરાવાર રોકાવું પડયું: ત્યારે લાગતું હતું કે મારે ઈનકાર કરવાનો વખત આવશે . . . પણ અલ્લામિયાંની મરજી તમારી વાતને મળતી આવતી દેખાય છે. એમણે જ તમારી બેટી માટે રસ્તો સાફ કરી નાખ્યો.'

રસ્તો સાફ કરી નાખ્યો એ શબ્દો અમીરને કાળજે ભોંકાયા. ગુલુનું મોત શું રોશનની ખુશાલી બની ગયું ? એટલા માટે જ રોશન તેનામાં આટલી બધી દિલચશ્પી દેખાડી રહી હતી !

'ઈન્શાલ્લા !' મોઈદીને જરુર કરતાં વધારે મોટેથી પોતાની ખુશાલી વ્યકત કરી: 'ત્યારે તો કાલ સવારે જ સગાઈ પાકી કરી શકાય.'

'જરા ધીમેથી બોલો મુખી !' ઈસ્માઈલે તેને સાવધ કર્યો: 'અમીર જાગી જશે.'

ત્યારે અમીરને થયું, ઊભો થઈને કહી દઉં કે હું જાગું છું. મેં તમારી બધી વાત સાંભળી છે અને સગાઈ કરવાની મારી ઈચ્છા નથી . . . પણ મુખીની સામે બાપની બેઈજ્જતી કરવાની મારી હિંમત ન ચાલી અને ઈસ્માઈલે જે જવાબ આપ્યો તે સાંભળ્યા બાદ એની જરુરેય ન રહી.

'મોઈદીન, કાલે જ સગાઈ કરવામાં જલ્દબાજી દેખાશે. અમીરની આ પહેલી સફર છે, એ પાર ન પડે ત્યાં સુધી એનું ચિત્ત બીજે ભટકે એ બરાબર નથી. માટે થોડું વધારે થોભી જાવ !'

'જેવી આપની મરજી.' મોઈદીને કચવાતા જીવે વાત માની લીધીઃ 'તમારા બોલ પર બીજા છ મહિના ખેંચી કાઢવામાં કોઈ હરકત નથી.'

મોઈદીન ચાલ્યો ગયો અને ઈસ્માઈલ બારણા બંધ કરી ફરી ખાટલા પર સૂતો ત્યારે અમીરે નિરાંતનો શ્વાસ લીધો. પોતે ધીરજ રાખી એ સારું કર્યું, નહીંતર બાપ-બેટા વચ્ચે તકરાર થઈ પડત … પણ એક વાત સમજાઈ નહીં. બાપુ ઠગ છે, હું પણ ઠગ છું છતાં મોઈદીન તેની ફૂલ જેવી બેટીની સગાઈ ઠગ સાથે કરવા કેમ રાજી છે ?

*

'જય ભવાની !'

દોઢસો જેટલા માણસોએ એકી અવાજે જયનાદ પોકાર્યો ત્યારે ગગન ગાજી ઊઠયું. અમીરને એ પોકારમાં કોઈ અનેરો જુસ્સો વરતાયો. તેને તાજ્જુબી તો એ વાતની થતી હતી કે જુદા જુદા ગામે રહેનારા આટલા બધા ઠગો એક જ રાતમાં ક્યાંથી ફૂટી નીકળ્યા ! કેટલી વ્યવસ્થિત રીતે ઠગોનો પેશો ચાલે છે એનો આ પહેલો પરચો અમીરને જોવા મળ્યો. તેનો બાપ આટલા બધા માણસો પર સત્તા ભોગવે છે એ જાણીને મગરૂરી પણ અનુભવી. બધા જ ઈસ્માઈલની સામે આદર અને અદબથી જોતા હતા. તેનો હુકમ સાંભળવાનો થનગનાટ પણ એમની આંખોમાં ચમકતો દેખાયો.

થોડીવાર ખામોશી રહી.

'સાથીઓ !' ઈસ્માઈલના એ સંબોધને ટટ્ટાર બનાવી દીધાઃ 'આપણી સવારી આ વખતે દખ્ખણ તરફ લઈ જવાનો નિરધાર કર્યો છે.'

ખુશાલી છલકાઈ ઊઠી સૌના ચહેરા પર.

'ઘણા વરસથી આપણે એ દિશા પકડી નથી એટલે સારો માલ મળશે એની મને ખાતરી છે … નાગપુર સુધી આપણી ટોળી એક જ રહેશે અને ત્યાંથી ત્રણ ફાંટા પડી જશે જેની વિગત હું તમને ત્યારે કહી સંભળાવીશ.'

'અમને મંજૂર છે.' લગભગ બધાજ બોલી ઊઠ્યા. અમીરની બાજુમાં ઊભેલા હુસેનખાંએ તેના કાનમાં કહ્યું: 'જોયું, તમારા અબ્બાના ફરમાનનું કેટલું વજન પડે છે ? એક દિવસ તમારે પણ એજ સ્થાને પહોંચવાનું છે યાદ રાખજો.'

'હું કોશિશ કરીશ.' અમીર ત્યારે એટલું જ કહી શક્યો. તેને ગભરાટ થતો હતો. પોતે આ બધામાં સાવ નવો જ છે. ઠગવિદ્યાથી અજાણ્યો છે. તલવાર-ભાલાથી લડવાનું હોત તો ખાતરીપૂર્વક કહી શકત કે હું લડાઈ જીતીને જ પાછો ફરીશ . . . પણ અહીં એવું અભિમાન કરી શકે તેમ નહોતો. તેણે તો મૂંગા મૂંગા જ બધું જોયા કરવાનું હતું.

'હવે અમે દખ્ખણ દિશાની શુકનવિધિ કરવા જઈએ છીએ. ઈસ્માઈલે ગંભીર અવાજે કહ્યું: 'દેવીની સંમતિ મળે એટલે આપણે રવાના થશું . . . ત્યાં સુધી તમે આરામ કરો.'

'જય ભવાની !' આંખો મીંચીને બધાએ ફરી એક્વાર લલકાર કર્યો અને વિખરાઈ ગયા. અમીરે બાપ સામે પ્રશંસાભરી નજરે જોયું. ઈસ્માઈલે તેના ખભે હાથ મૂક્યો: 'બેટા, આ દરજ્જો હાંસલ કરતાં માથાના વાળ સફેદ થઈ ગયા . . . પણ તને આટલાં વરસ નહીં લાગે-પૂરેપૂરી તાકાતથી જો તું ઝૂકાવી દઈશ તો . . .'

અમીર આંખો પટપટાવતો હસ્યો. જેમ જેમ તે બાપને ઓળખતો જતો તેમ તેમ એ એને વધુને વધુ રહસ્યમય આદમી દેખાવા લાગ્યા.

દખ્ખણ દિશાના શુકન જોવાની વિધિ તેને વધુ વિચિત્ર લાગી. આઠદશ ઠગ સરદારો એમાં સામેલ થયેલા, જેમને અમીર હવે પિછાણતો હતો. હાથમાં દેવીની કોદાળી લઈને ઊભેલા જુવાનને તે પહેલી વાર જોતો હતો. એ પણ તેને ધારી ધારીને નીરખી રહ્યો હતો. તેના તિલક હિન્દુત્વની છડી પોકારતું હતું. બંનેની નજર મળી એટલે પેલો મલકયો. એના હાસ્યમાં અમીરને દોસ્તીની દાવત દેખાઈ. પોતે પણ સામુ મલકાયો.

'એ બદ્રીનાથ છે,' ઈસ્માઈલે ઓળખાણ કરાવી: 'ઉચ્ચ બ્રાહ્મણ ખાનદાનનો છોકરો છે. શુકન જોવામાં એના જેવો ચતુર કોઈ નથી.'

બધી તૈયારી થઈ ગઈ એટલે ઈસ્માઈલ સામે પાણીનો એક લોટો મૂક્વામાં આવ્યો. લોટાના કાંઠે દોરી બાંધેલી જોઈને અમીરને કૌતુક થયું. તેણે પ્રશ્નસુચક નજરે હુસેન સામે જોયું: લોટાને દોરી શું કામ ?


'ટોળીનો જ સરદાર હોય તેણે દોરીનો છેડો પોતાના દાંત વચ્ચે દબાવીને સવારીની દિશા તરફ થોડુંક ચાલવાનું હોય છે.' હુસેન તેને સમજાવવા લાગ્યો: 'આ વિધિ બહુ જોખમી છે.'

'જોખમી ?' અમીરની આંખો પહોળી થઈ. હુસેને તેના કાનમાં બાતમી સરકાવી: 'નક્કી કરેલી જગ્યા સુધી દાંત વડે લોટો ઊંચકીને જતી વખતે રસ્તામાં જો પાણી છલકાઈ જાય કે લોટો ઊંધો વળી જાય તો ...'

'તો શું ?' અમીરે જોયું કે હુસેનના ચહેરા પર ચિંતા છવાઈ ગઈ હતી. ઇચ્છા ન હોવા છતાં કહેવું પડતું હોય તેમ કંપતા અવાજે એ બોલી શક્યો: 'એ અપશુકન થયા ગણાય અને લોટો ઊંચકનારના મોતની આગાહી પણ ...' થૂંક ગળે ઉતારીને તેણે બાકીનું કહી દીધું: 'એકાદ વરસમાં એ માનવીનું મોત થાય જ.'

અમીર ધ્રૂજી ઊઠ્યો. કેવી ભયાનક વિધિ હતી આ ! શું હરસાલ તેના બાપુ જ આ વિધિ કરતા હશે. ક્યારેક. . . પણ તે આગળ ન વિચારી શક્યો કારણકે ઈસ્માઈલે દોરીનો છેડો દાંતમાં દબાવી લોટો ઊંચકી લીધો હતો.

પેલો બદ્રીનાથ કોદાળી લઈને આગળ ચાલતો હતો અને તેના બાપ લોટો ઊંચકીને તેની પાછળ જતા હતા. બધાના મુખની રેખાઓ તંગ બની હતી. અમીરના



પગમાં ખાલી ચડી આવી. જાણે પરાણે ઘસડાતો હોય તેમ તે પગ ઉપાડતો હતો. હાથની મુઠીઓમાં પસીનો છૂટવા માંડ્યો.

કોઈ કાંઈ જ બોલતું નહોતું. ઈસ્માઈલે ઊંચકેલો લોટો તેની જમણી બાજુએ લટકતો હતો. બંને હાથ લટકતા રાખી કમર ઝૂકાવીને, લોટો શરીર સાથે અફળાઈ ન જાય એવી સાવચેતી સાથે ધીમા પગલે આગળ વધતો હતો. અમીરના જડબા ભીંસાવા લાગ્યા. આના કરતાં તો પોતે આ વિધિનો સાક્ષી ન બન્યો હોત તો સારું હતું. કાંઈક થશે તો . . . લોટો અફળાશે તો . . . પાણી છલકાશે તો . . .

વચ્ચે એક જગ્યાએ ખાડા જેવું આવતું હતું. અમીરને થયું, બાપુ નજર ચૂકી જશે તો ગડથોલીયું ખાઈ જશે. તેમને રાડ પાડીને ચેતવી દેવાનું મન થયું. પણ ગળામાંથી અવાજ ન નીકળ્યો.

આખરે બદ્રીનાથ ઊભો રહ્યો અને ઈસ્માઈલે સાવધાનીપૂર્વક લોટો જમીન પર ટેક્વ્યો ત્યારે અમીરનો જીવ હેઠો બેઠો: હાશ, હવે જોખમ પૂરું થયું.

પણ વિધિ હજુ પૂરી થઈ નહોતી. ઈસ્માઈલે ડાબો હાથ છાતી પર રાખી, જમણો હાથ આકાશ તરફ ઊંચકી ગળગળા સાદે ભવાનીદેવીને પ્રાર્થના કરી: 'હે અમારી કુળદેવી, અમારી રક્ષા કરનારી મા ભવાની ! દખ્ખણ તરફ જવાની અમને આજ્ઞા આપ.'

અમીરે બીજા બધાની જેમ ઉત્કંઠા સાથે આકાશ તરફ જોયું કોઈ ગેબી અવાજ સાંભળવાની તીવ્રતા તેના અણુએ અણુમાં સળવળી ઊઠી. પણ આસમાન તો કાયમની જેમ મૂંગું જ રહ્યું.

સમય વીતતો ગયો તેમ તેમ અમીરની અકળામણ વધવા લાગી. મનમાં થયું: આ બધું તુત છે, મનનો વહેમ છે . . . પણ એ વિચારને તેણે દાંત ભીંસીને કચડી નાખ્યો. રખેને આવી શંકાથી દેવીનો કોપ એના બાપુ પર ઊતરે !

અર્ધો કલાક લગી આમને આમ હલ્યાચાલ્યા કે બોલ્યા વિના બધા ઊભા જ રહ્યા. અમીરની ધીરજ ખૂટી જવાની અણી ઉપર હતી ત્યાં ડાબી બાજુ ગધેડાના ભૂંકવાનો અવાજ સંભળાયો. અમીરને મજાકમાં જોરથી હસી પડવાનું મન થયું પણ બીજા સૌના ચહેરા પર આનંદ છલકાઈ ઊઠેલો જોઈને તેણે ભોંઠપ અનુભવી થોડીવારે એજ દિશામાંથી શિયાળ રડ્યું ત્યારે બધા અતિશય આનંદમાં આવી ગયા.

'આ શુકનને પિલાવ કહેવાય.' હુસેને તેને સમજ પાડી એજ વખતે જમણી તરફથી બીજો કાંઈક અવાજ આવ્યો અને સૌ આવેશમાં નાચી ઉઠ્યા.

'પિલાવનો જવાબ થિબાવે આપ્યો.' હુસેને અમીરના વાંસામાં હાથ ફેરવીને કહ્યું: 'આના જેવા સારા શુકન બીજા કોઈ નથી !'

જય ભવાનીનો મંત્ર ઉચ્ચારતા વારાફરતી દરેક જણ ઈસ્માઈલને ભેટવા લાગ્યા. છેલ્લો અમીરનો વારો આવ્યો ત્યારે બાપે અમીરને છાતીએ દાબી દીધો: 'અમીર તારાં પગલાં ભારે શુકનિયાળ નીવડ્યાં. તારી આ પહેલી જ સફર કામયાબીના ડંકા બજાવી દેશે.'

અમીરે જોયું તો બાપની આંખો હર્ષથી ભીંજાઈ ગઈ હતી.

*

૧૫

સફરના પહેલાં બેત્રણ દિવસ અમીરને બધું બહુ વિચિત્ર લાગ્યું. એકસો પાંત્રીસ જેટલા ઠગોની ટોળી ખુશમિજાજમાં આગળ વધતી હતી. કોઈના મનમાં ઉચાટ વરતાતો નહોતો એની અમીરને વધુ નવાઈ લાગી. તેણે એકાદ ગામડું વટાવતાં જ ઠગવિદ્યાનો પરચો જોવા મળશે. રસ્તામાં બેત્રણ વાર બદ્રીનાથે ફરી ફરીને શુકનની ચકાસણી કરી જોઈ અને દેવીના ઉત્સાહજનક સંકેતો મળતા ગયા. એ માટે બધા તેને જ જશ આપી રહ્યા હતા. પણ ત્રણ દિવસ લગી કોઈ શિકાર થયો નહીં ત્યારે અમીરને ઉચાટ થવા લાગ્યો. શુકનો પર શંકાય જાગી ગઈ.

અમીરના દિલમાં કશ્મકશ ચાલતી હતી. ઠગની શિકાર કરવાની પદ્ધતિ નજરોનજર નિહાળવાનું કુતૂહલ હતું તેમ મનમાં થડકોય થયા કરતો હતો. પોતે એ દ્રશ્ય ઠંડે કલેજે જોઈ શકશે ? એક રીતે બેત્રણ દિવસ કાંઈ બન્યું નહીં તેથી નિરાંત અનુભવી. તો બીજી રીતે પોતાને કારણે સફર શુકનિયાળ નીવડવાની બધાએ જે આગાહી કરી હતી તેમાં થઈ રહેલો વિલંબ તેને અકળાવી રહ્યો હતો !

જે ગામમાં રાતવાસાનો પડાવ થતો ત્યાં પૂછપરછ ચાલતીઃ કોઈ મુસાફરો દક્ષિણ તરફ આગળ ગયા છે કે ? જો ગયા હોય તો ઝડપ કરીને તેમને આંબી લેવાય . . . પણ જવાબ નકારમાં મળતો. રઝ્ઝાખડ્યા ગરીબગરબા એક ગામથી બીજા ગામની ટૂંકી સફરે નીકળ્યા હોય તેમાં ઠગ લોકોને બહુ રસ ન પડતો. એમને એ પણ જોવું પડતું કે ઠગ શાસ્ત્રમાં જેમના શિકારની મનાઈ ફરમાવવામાં આવી છે એવાનો ભેટો ન થઈ જાય. ધોબી, ભાટ, શીખ, કે નાનકશાહી સાધુ . . . ફકીર, મદારી, ભંગી, તેલી, લુહાર કે સુથાર એમાંથી કોઈનો ભોગ દેવીને માન્ય નહોતો.

રક્તપિત્તિયા કોઢિયા કે બીજા રોગીઓનેય તેમણે બાકાત રાખવા પડતા. આ મનાઈ-ફરમાનનું બહુ જ આસ્થાપૂર્વક પાલન કરવું પડતું.

આવડી મોટી ટોળી એક જ ધ્યેયથી સફરે નીકળી છે એવો વહેમ સુધ્ધાં અજાણ્યા મુસાફરોને ન આવી શકે. કેટલાક જાત્રાએ નીકળ્યા હોય, થોડાક સોદાગર જેવા હોય, બીજા સૈનિકો દેખાય અને કોઈ તો બીજા રાજની નોકરીએ જતા હોય એવો દેખાવ લાગતો. સલામતી ખાતર જ બધા સંગાથે જઈ રહ્યા છે એમ છાપ પડતી.

રાતવાસાની જગ્યાએ તંબૂઓ ઊભા થાય, હિન્દુ-મુસલમાનનુ અલગ અલગ રંધાય, ધર્મધ્યાન પણ પોતપોતાની રીતે કરે અને વખત વીતાવવા ગાયન-વાદનનો જલસોય ગોઠવાય. એમનાં દર્દીલાં ગીતો સાંભળીને કોણ અનુમાન કરી શકે આ બધા જ માનવ સંહાર કરવા નીકળેલા ઘાતકીઓ છે !

આ સૌની વચ્ચેય અમીર એકલતા અનુભવતો હતો. તેને ક્યારેક અફલો સાંભરી આવતો, ગુલુને યાદ કરવાનું મન થઈ જતું, રોશનનાય વિચારેય ચડી જવાતું. ભીતરના અને બહારના વ્યવહાર વચ્ચે કોઈ મેળ મળતો ન હોય તો પણ માણસે સુમેળ હોવાનો કેવો દેખાવ કરવો પડે છે ! જેમની પાસેથી ભાગી છૂટવાનું મન થતું હોય તેમની સાથે જ હોંશભેર આગળ વધતા રહેવું પડે છે.

'અમીરઅલી, તમે ઘણીવાર બહુ વિચારે ચડી જતા દેખાવ છો !' બદ્રીનાથે બીજા જ દિવસે આવી ટકોર કરેલી ત્યારે તે સાવધ થઈ ગયો.

'મને ગાતાં-બજાવતાં કે કહાની-કિસ્સા કહેતાં આવડતું નથી એટલે એમ લાગ્યું હશે બદ્રીનાથ !'

'એ હું નહીં માનું.' બદ્રીનાથ અમીરની દોસ્તી હાંસલ કરવા ઝંખતો હોય એવા આત્મીયભાવે કહેતો હતો: 'તમારી આંખોમાં કોઈ અનેરી ચમક દેખાય છે. એના પરથી લાગે છે કે તમે જે કામ હાથમાં લો એમાં પારંગત થઈ શકો એમ છો.'

અમીર લુખ્ખું હસ્યો. તેને થયું કે બધા તેની વધુ પડતી તારીફ કરી રહ્યા છે-પોતે સરદારનો બેટો છે એટલે.

'સાચું કહેજો, કોઈ છોકરીના ઇશ્કમાં તો નથી ને ?'

અમીરને પરાણે મલકાવું પડ્યું: 'તમે એવું કેમ ધારી લીધું ?'

'યાર, એક તો આ ઉંમરજ ઈશ્કમાં પડવાની છે અને બીજું ...'

'બીજું શું ?' અમીરને રસ પડ્યો.

'તમારો દેખાવ કોઈ પણ સુંદરીને મોહી પડવાનું મન થાય એવો કામણગારો છે.'

ફરી પાછી તારીફ ! પણ બદ્રીનાથની આંખોના હાવભાવ કહી રહ્યા હતા કે તે ખુશામત કરવા ખાતર જ આમ નહોતો કહેતો. અમીરના ખભે હાથ મૂકી તેણે મજાકમાં કહ્યું: 'અગર હું છોકરી હોત તો તમારા પર લટ્ટુ થઈ જાત !'

'ખુદા ખેર કરે !' અમીરિય મજાકનો ઢંગ અપનાવ્યો: 'તમે ઓરત નથી એ સારૂં જ છે, નહીંતર મારી કમબખ્તી થઈ જાત.'

બંને ખૂબ હસ્યા. એ હાસ્ય એમને નિકટ લાવવામાં નિમિત્ત બની ગયું. અમીરે બદ્રીનાથ પાસેથી ઘણી બધી વાતો જાણી. ઠગીના એના અનુભવો સાંભળ્યા. ટોળીમાં ક્યા ઠગની શું જવાબદારી છે, કોણ પાવરધા છે, કેટલા શીખાઉ છે, કોની સંગત કરવા જેવી છે અને કોની પાસેથી શું શીખવા જેવું છે ...

લશ્કરમાં જેમ પાયદળ, અશ્વદળ, હયદળ, એમ જુદી જુદી પાયરીઓ હોય છે તેમ ઠગોને એમની આવડત અનુસાર કામગીરી સોંપાય છે, તાલીમ અપાય છે અને બઢતી પણ મળે છે. શિકારની શોધ કરનારને સોઠાઈ, તેમને ગળાફાંસો નાખવાની જવાબદારી સંભાળનારને ભૂત્તોત અને શબોને દાટવા માટે ખાડા ગાળનારને લૂંધાઈ એવાં સાંકેતિક નામો અપાય છે એ જાણીને અમીરની આ ધંધાની વ્યવસ્થા માટે માન ઊપજ્યું. એ લોકો જે કાંઈ કરી રહ્યા છે તેમાં મુસાફરો તરફનો વેરભાવ નહીં પણ દેવી પ્રત્યેનો ભક્તિભાવ જ વધુ પ્રેરણારૂપ હતો.

બદ્રીનાથના સહવાસમાં અમીર ઠગલોકોની ગુપ્ત ભાષા રામસી થોડી થોડી સમજવા લાગ્યો હતો હજુ તેને બોલવાની ફાવટ આવી નહોતી. ગણેશપુર પહોંચતા સુધી કોઈ શિકારનો ભેટો ન થયો ત્યારે અમીર પોતાની અકળામણ છુપાવી ન શક્યો.

'બદ્રીનાથ, એવું કોઈવાર બને ખરૂં કે આખી સફર દરમિયાન એકેય શિકાર હાથ ન લાગે ?'

બદ્રીનાથ હસી પડ્યો: 'તમે શું વાત કરો છો ! પાંચ પંદર શિકારની તો કોઈ ગણતરી જ ન કહેવાય. પાંચ-છ મહિના સુધી આટલા બધા લોકોની રઝળપાટ

કરીએ અને શિકાર ન મળે એવું કેમ બને ? હા, આ વખતે ત્રણચાર દિવસ ખાલી ગયા પણ એ શરૂઆત છે એટલે ... ઘણીવાર મુસાફરો ચાર છ દિવસ મોડા બહાર પડતા હોય ... એથી આપણું કાંઈ બગડી નથી જવાનું. એટલું યાદ રાખવાનું કે દેવીની આજ્ઞા પ્રમાણે આગળ વધીએ તો ડગલે ને પગલે સફળતા હાંસલ થવાની જ.'

*

ગણેશપુરમાં છાવણી નંખાઈ ગયા બાદ ઈસ્માઈલે બદ્રીનાથને કહ્યું: 'મને ખાતરી છે કે અહીંથી આપણે ખાલી હાથે આગળ વધવું નહીં પડે. તું અને ગોપાલ ગામમાં આંટો મારી આવો.'

અમીરને ઈચ્છા થઈ કે પોતેય સાથે જાય પણ ઈસ્માઈલે મના કરી: 'સોઠાઈનું કામ શીખ્યા વગર તારાથી એની સંગાથે ન જવાય જરા સરખો વહેમ જાગે એવું વર્તન આખી બાજી બગાડી નાખે.'

એક વાત અમીરને સમજાઈ ચૂકી, અહીં સરદારના કોઈ પણ હુકમ સામે દલીલ થઈ શકતી નથી. આજ્ઞાનું ઉલ્લંઘન કરનાર કે કાર્યમાં વિઘ્ન ઊભું કરનારને આકરી સજા મળે છે. લશ્કરના સેનાપતિની જેમ અહીં ટોળીનો સરદાર સર્વસત્તાધીશ ગણાય છે. એની અદબ ન જાળવી શકનારો બધા ઠગના તિરસ્કારને પાત્ર બની જાય અને ક્યારેક તો પોતાના જ જાતભાઈને હાથે તેનું મોત પણ નીપજે. એટલે જ બાપની મનાઈ અમીરે હસતા મોંએ માથે ચડાવી લીધી.

બદ્રીનાથ અમીરની નિરાશા પામી ગયો એટલે જતાં જતાં એ કહેવાનું ચૂક્યો નહીં: 'અમીરઅલી, હું ખુશખબર લઈને આવું તો આજ રાતે તમને પહેલો શિકાર જોવા મળશે.'

તેણે આંખ મારી ત્યારે અમીરનેય પરાણે મુસ્કાન ફરકાવવી પડી, પણ અંદરખાનેથી તો એ સમસમી ગયો.

બપોર સુધી બદ્રીનાથ કે ગોપાલ પાછા ન ફર્યા. અમીરે જોયું તો તેના બાપુ ઉચાટપૂર્વક એ બંનેની રાહ જોતા હતા. દૂરથી બદ્રીનાથ આવતો કળાયો એટલે એ ઝનૂનભેર ઊભા થઈ ગયેલા એની પણ અમીરે નોંધ લીધી. વાતાવરણમાં ઉત્તેજના સળવળી ઊઠી. બદ્રીનાથનો હસતો ચહેરો કહી આપતો હતો કે કામ થઈ ગયું છે.

'શેર કે શિયાળ ?' ઈસ્માઈલે આતુરતાભેર પૂછ્યું ત્યારે બદ્રીની આંખો

ચમકી ઊઠી: 'શેર !'

'શાબાશ !' ઈસ્માઈલે તેને જોશ ચડાવ્યું: 'મને ખાતરી જ હતી કે બદ્રીનાથ જાળ બિછાવ્યા વિના પાછો ન ફરે.'

'ગમે તેમ તો તમારી તાલીમ છે ને.' બદ્રીનાથે સામી તારીફ કરી: 'માલદાર માણસ લાગે છે. તેને વિશ્વાસમાં લેવાનો મોકોય સારો મળી ગયો.'

બદ્રીને લઈને ઈસ્માઈલ છાવણીમાં ગયો. અમીર કાન સરવા કરીને બાતમી સાંભળવા લાગ્યો.

'જમાદાર, એ કાયસ્થ છે, ગામના વાણિયા સાથે ભાવતાલમાં ઝઘડો થયો. વચ્ચે પડીને મેં પતાવટ કરી. અલબત્ત, મેં પેલા કાયસ્થની જ તરફદારી કરી અને મુસાફરો પાસેથી વધું દામ લેવા માટે વાણિયાને તતડાવ્યો. પરદેશમાં કોઈ પડખું આપનારૂં છે એ ખ્યાલથી કાયસ્થ ખુશ થયો. મેં મારી અનુભવવાણીનો તેને લાભ આપ્યો કે આ ગામ જ એવું છે. અહીં અજાણ્યા મુસાફરો સાથે છેતરપિંડી થાય છે. એટલે ગામની બહાર આંબાવાડીમાં જ પડાવ નાખ્યો છે. ગામમાં રાતવાસો કરવામાં સલામતી ન ગણાય.'

'પછી ?' ઈસ્માઈલે અધીરાઈ દેખાડી.

'પછી શું ? તેણે પૂછપરછ કરવા માંડી: કેટલા જણા છો-ક્યાં જવાના છો ? અને મેં પણ ગળે ઊતરી જાય એવા જવાબ આપ્યા: સવાસો માણસો છીએ. જાત્રાળુ, વેપારી, સિપાહીઓ એમ બધા ભેગા મળીને સફર ખેડીએ છીએ જેથી લૂંટાવાની બ્હીક નહીં. એ થોડીવાર મારી અને ગોપાલ સામે જોઈ રહ્યો, કાંઈક ગડમથલમાં દેખાયો એટલે મેં જાળ બિછાવી દીધી. કહ્યું કે ધોળે દિવસે પેલા વાણિયાએ વધુ ભાવ લઈને તમને લૂંટવાનો પ્રયાસ કર્યો ત્યારે રાતે કોણ જાણે તમારી શી હાલત થશે ... એ ગભરાઈ પૂછવા લાગ્યો: 'તો પછી અમે લોકો તમારી સાથે રાતવાસો કરવા આવીએ એમાં તમને લોકોને કાંઈ હરકત ...'

'શાબાશ બદ્રી !' ઈસ્માઈલે દાદ આપી: 'બાકીનું હું સમજી ગયો. એમને આપણી સાથે સામેલ થવા તેં ખુશી દેખાડી અને એ રાજી થયો એમ જ ને ?'

'હા જમાદાર, સાંજ પડતાં એનો કાફલો આવી પહોંચશે.'

'કેટલા જણા છે એ લોકો ?'

'એ, એનો દીકરો અને બંનેની બૈરીઓ ... માણસ માલદાર લાગે છે.'

અમીરનું દિલ થડકવા લાગ્યું.

'કદાચ ન આવે તો ... ઈસ્માઈલ એટલું બોલ્યો ત્યારે અમીરે રાહત અનુભવી પણ બાપે વાક્ય પૂરૂં કર્યું એટલે કાળજું ફરી થથરી ઊઠ્યું. મક્કમ અવાજે ઈસ્માઈલે ઈરાદો રજુ કર્યો : 'અહીં છટકી જશે તો રસ્તામાં તેમની સાથે થઈ જઈને કાલ રાત સુધીમાં એમની જાત્રા પૂરી કરવી પડશે.'

'પણ એની જરૂર નહીં પડે.' બદ્રીનાથ ખાતરીપૂર્વક કહી ગયો: 'જોજોને એ લોકો સાંજે જ આવી પહોંચવાના.'

*

સાંજ પડવા આવી, બધા જ ઠગો પેલા કાયસ્થની ઉત્કંઠા સાથે રાહ જોતા હતા ત્યારે અમીર મનોમન ઝંખી રહ્યો હતો કે એ ન આવે તો સારું ... પોતાનો આ વિચાર ટોળીનો કોઈ ઠગ જાણી જાય તો કેવી હાલત થાય ? તેણે મનને ટપાર્યું: અત્યારે નહીં આવે તેથી એ થોડો બચી જવાનો છે ? કાલે પણ એને ગમે ત્યાંથી પકડીને ખતમ કરવાનો જ છે ! પછી શું કામ તું અવળા વિચારો કરી રહ્યો છે ?

બાપની બાજુમાં ઘુંટણીએ બેસીને એ સાંજની નમાજ પડતો હતો ત્યારેય ખુદાને આજીજી કરતું મન પોકારવા લાગ્યું: 'હે ખુદા, જો મારૂં આ રસ્તે જવું તને પસંદ ન હોય તો પેલા મુસાફરને અહીં ન આવવાની બુદ્ધિ સૂઝાડજે. નહીંતર હું માની લઈશ કે મેં કામ હાથમાં લીધું તેમાં તારી પણ મરજી છે ...'

'એ આવી રહ્યા છે !' બદ્રીનાથ ખુશીનો માર્યો બોલી ઊઠ્યો ત્યારે અમીરની નમાજમાં ભંગ પડ્યો. આંચકા સાથે તેની આંખો ઊઘડી ગઈ ગરદન ફેરવીને જોયું તો એક ગાડું અને બે ઘોડેસવારો ધૂળ ઉડાડતાં છાવણી તરફ ઝડપથી આવતા હતા. બાપને સ્વસ્થપણે આંખો બીડીને નમાજ પઢતા જોઈને અમીરને થયું આ માણસે મન પર કેવો જબ્બર કાબૂ હાંસલ કર્યો છે ! બીજા ઠગોએ શિકાર મળી ગયાની ખુશાલીની નજર દ્વારા લેવડદેવડ કરી લીધી. બદ્રીનાથ તથા ગોપાલ પેલા શાહુકારને આવકારવા સામે દોડી ગયા ત્યારે અમીર ફફડતા જીવે એ જોતો રહ્યો.

'અમીર !' નમાજ પૂરી કરીને ઈસ્માઈલે એને ચમકાવ્યો: 'તારો ચહેરો ઊતરી કેમ ગયો ? જોજે હં, દિલને જરાય પોચું થવા ન દેતો.'

જવાબમાં અમીરે મોં પર બનાવટી સ્વસ્થતા ધારણ કરી લીધી.

'ખાનસાહેબ,' બદ્રીનાથે પેલા શાહુકાર અને તેના દીકરાને છાવણીમાં લઈ આવી ઓળખાણ કરાવી : 'આ આપણા શાહુકાર મહેમાન છે. આપને મેં વાત કરેલીને-પેલા વાણિયાએ એમને છેતરવાની કોશિશ કરી હતી . . . એ જ !'

'પધારો પધારો જનાબ !' ઈસ્માઈલે મીઠાશ ઢોળી.

શાહુકાર અને તેના દીકરાએ હાથ જોડીને વિવેક કર્યો: બપોરે તમારા આ સાથીદાર ભેટી ન ગયા હોત તો કોણ જાણે ગામમાં અમારા પર રાતે શું વીતી જાત . . .'

'અમે પણ આપની જેવા જ મુસાફરો છીએ.' ઈસ્માઈલે આંખોમાં સ્નેહ ઊભરાવીને કહ્યું: 'અજાણ્યા દેશમાં એકલા પડી જવામાં સલામતી નહીં. સારું થયું તમે આવી ગયા.'

'એ તો આપ જેવા ઉદાર દિલના માનવીની મહેરબાની ગણાય ખાનસાહેબ.' શાહુકાર ઉપકારના ભાવ સાથે કહી રહ્યો હતો. 'અહીં આવ્યા પછી જીવને શાંતિ થઈ રાતે નિરાંતે ઊંઘી શકાશે.'

અમીર ક્યારનો શાહુકારના જુવાન દીકરાને નિહાળતો હતો. લગભગ પોતાની જ ઉમ્મરનો અને દેખાવડો પણ તેના જેવો જ હતો . . . અમીરને શાહુકાર પર રોષ ચઢ્યો. એ કમનસીબ આદમી નિરાંતે સુવાની વાત કરે છે ! બેવકૂફ, અહીં બધા તને કાયમને માટે સુવાડી દેવાના છે . . .

'જનાનાને પણ સાથે લઈને નીકળ્યા લાગો છો.' ગાડા તરફ નજર કરીને ઈસ્માઈલે સ્વાભાવિક ઢંગથી પૂછ્યું.

'હા જનાબ, આ છોકરાની મા અને એની વહુ છે.' શાહુકારની રીતભાત અને વાતચીતમાં ખાનદાની રણકતી હતી: 'અમે નાગપુર વસવાટ માટે જઈ રહ્યા છીએ.'

અમીરે ધ્યાનથી જોયું કે આ સાંભળીને એના બાપની આંખો સતેજ બની છે. બીજે ગામ વસવાટ કરવા જનારો શાહુકાર બધી મૂડી સાથે લઈને જ નીકળ્યો હોય . . . તેમાં બંનેની ઓરતોય ભેગી છે એટલે ઝવેરાત પણ સારૂં મળશે.

'આપને અમારી સાથે સુવાનું ફાવે તો જનાના માટે થોડે છેટે જુદી છાવણી ઊભી કરી દઈએ.'

ઈસ્માઈલની આવી મહેમાનવાજી પર શાહુકાર ગળગળો થઈ ગયો: 'એવી તકલીફ શા માટે લેવી. અમે આપ કહેશો તે છાવણીમાં સૂઈ રહેશું. અને બંને સ્ત્રીઓ ગાડામાં જ રાત વીતાવી નાખશે. વહેલી સવારે તો આપણે ઊપડવાના છીએ ને.'

ઈસ્માઈલે વાતને ત્યાંથી જ વાળી દીધી: 'તો ભલે, બદ્રીનાથ તું એમને તારી છાવણી બતાવી દે. સુવાની જગ્યા નક્કી કરી નાખ અને જનાના માટે પેલા આંબાની નીચે ગાડું છોડાવી દે'

અમીર જાણતો હતો કે આ બધો જ દંભ છે, બનાવટ ચાલી રહી છે છતાં એના બાપના બોલમાંથી ભારોભાર સચ્ચાઈ નીતરતી હોય એવો ભ્રમ જાગ્યો. કદાચ બાપુ એને આજે નહીં ખતમ કરવાના હોય એવી ઠગારી આશા સળવળી . . .

પણ ઈસ્માઈલે ચાર-પાંચ સાથીઓને ઇશારત કરી: 'તમે લોકો કામ ચાલુ કરી દો. બેત્રણ કલાકમાં બધું પતાવી દેવાનું છે.' ત્યારે અમીર થથરી ગયો. લૂઘાઓને ખાડો ખોદવાનું કામ સોંપાઈ ગયું. ગળા સુધી આવી ગયેલા નિઃસાસાને છાતીમાં પાછો હડસેલી દેવા માટે અમીરને જોર કરવું પડ્યું. ઇન્સાનની હયાતીમાં જ એની કબર ખોદાઈ જાય એ રીત એને બહુ વસમી લાગી.

હજુ એક આંચકો પૂરો જીરવાયો નહોતો ત્યાં બીજો ઝીંકાયો

'જમાદાર, આ શાહુકારને હું ઓળખું છું.' મહમદ નામનો બુઢ્ઢો ઠગ ઈસ્માઈલને કહેતાં સંભળાયો: 'એનું નામ બ્રિજલાલ છે. અમારા ગામનો જ છે. મારા બાપ ગામના મુખી હતા તેનું આ બદમાશે બૂરી રીતે કાસળ કાઢ્યું . . . અમારા આખા ખાનદાનને આ નીચે બરબાદ કર્યું.'

મહમદ ઉશ્કેરાટમાં હતો છતાં સાવધાનપણે બોલતો હતો: 'આપને મારી એક વિનંતી છે, શાહુકારના ગળામાં મારો રૂમાલ પડે. . . વરસો જૂનું વેર વાળવાની તક આપો.'

'ભલે મહમદ તારી ઇચ્છા પૂરી કરજે.' ટાઢે કોઠે ઈસ્માઈલે મંજૂરી આપી: 'પણ એ તને ઓળખીને ચેતી તો નહીં જાયને.'

'નહીં ખાનસાહેબ, મારી જુવાનીમાં એણે મને જોયેલો. તમે બેફિકર રહેજો. બુઢ્ઢાના મોંમાંથી એક હરફ પણ નહીં નીકળે.'

'શાબાશ !' કહીને ઈસ્માઈલ ત્યાંથી ચાલ્યો ગયો ત્યારે મહમદખાંની આંખોમાં વેરનો અગ્નિ ભભૂકી ઊઠેલો અમીરને દેખાયો. તે જ્યારે પોતાની સામે

મરક મરક હસવા માંડ્યો ત્યારે અમીરે નજર નીચી ઢાળી દીધી. મનનો ગભરાટ બહાર છલકાઈ ન જાય એટલે તેણે બુઢ્ઢા ઠગને પૂછ્યું: 'એની સાથેની તમારી જૂની અદાવતની વાત શું છે ?'

'છોટે મિયાં, એ બહુ લાંબો કિસ્સો છે. અત્યારે કહેવાનો મોકો નથી.'

'શાહુકારની સાથે એનો બેટો છે તેનું શું ?' અમીર ધ્રૂજતા અવાજે પૂછતો હતો.

'એ તે કંઈ પૂછવાની વાત છે ?' બુઢ્ઢાની જબાને જરાય થડકો અનુભવ્યો નહીં: 'જે બાપનું થશે તે બેટાનું થવાનું ...'

'અને જનાનાનું ?' અમીરના ગળે ડૂમો આવી ગયો હોય તેવા રોતલ અવાજે તેણે પૂછ્યું પણ પેલાએ કાંઈ જવાબ ન આપ્યો. નજર ઊંચકીને મહમદ સામે જોયું તો એના ચહેરા પર આવું પૂછવા માટે અણગમો ઊપસી આવ્યો હતો. કદાચ પોતે જમાદારનો દીકરો ન હોત તો એણે વડચકું ભરી લીધું હોત એવું અમીરે મહેસૂસ કર્યું.

'છોટે મિયાં, થોડીવારમાં જ તમને બધું સમજાઈ જશે.' એમ ઉતાવળે બોલતો બુઢ્ઢો ત્યાંથી હટી ગયો.

અમીરે ભીની આંખે પશ્ચિમમાં નજર નાખી. સૂરજ જાણે કબરમાં ઊતરી રહ્યો હોય તેમ ટેકરી પાછળ ઢળી ગયો. આખી પૃથ્વી અમીરને માનવજાતની કબર જેવી ત્યારે લાગી.

ડાયરો જામ્યો હતો, હુક્કો ફરતો હતો, બેઘડી મોજ કરવા કિસ્સાઓ કહેવાતા હતા અને બહાર સોપો પડતો જતો હતો. સૂનકારે આંબાવાડીને ગામથી અલાયદી બનાવી દીધી હતી. અમીર પણ આટલા બધાની વચ્ચે પોતાની જાતને એકલી પાડી દઈ વાતો સાંભળવાનો ઢોંગ કરીને ખામોશ બેઠો હતો.

કેવી મજેથી આ શાહુકાર વાતો કરે છે ! બાજુમાં તેનો સોહામણો દીકરો બેઠો છે. ઈસ્માઈલ માયાળુ વર્તાવથી બંનેને બેખબર બનાવી રહ્યો છે. પેલો બુઢ્ઢો ઠગ શાહુકાર બ્રિજલાલની પાછળ આવીને બેસી ગયો ત્યારે અમીરના કાળજે ચીરાડ પડી.

શાહુકારે સહેજ પાછળ ફરીને એની સામે જોયું ત્યારે ઈસ્માઈલે સિફતથી એનું ધ્યાન વાળી લીધું : 'એ અમારો વફાદાર આદમી છે. રાતે સફરનો થાક ઉતારવા


કોઈ જાતના ભેદભાવ વિના ભેગા બેસીને ગપ્પા મારવાનો અમે શિરસ્તો રાખ્યો છે.'

'એ આપની સજ્જનતા ગણાય.' બ્રિજલાલ ફરી વાતમાં પરોવાઈ ગયો. મહમદે કમરમાંથી રૂમાલ ખેંચ્યો એ જોઈને અમીરની છાતી ભીંસાવા લાગી. ગળામાં શોષ પડતો હોય અને તાળવું સૂકાતું હોય એવી ચચરાટી થઈ. ચીસ પાડીને પેલા શાહુકારને ચેતવી દેવાનું મન થયું: ભાગો અહીંથી, તમારા બંનેની પાછળ કાળ બેઠો છે ...

પણ જબાન લાકડા જેવી થઈ ગઈ હતી, શબ્દોનો સ્પર્શ જ થતો નહોતો. ઝાટકા સાથે અમીર ઊભો થઈ ગયો. ઈસ્માઈલની આંખો ત્યાં ખેંચાઈ.

'અમીર !' એટલું ! કહીને તેણે દીકરા સામે કતરાતી નજરે જોયું. તેના ભીંસાતા જડબાએ અમીરના પગને થંભાવી દીધા: 'ક્યાં જાય છે ?'

મોંના ગલોફામાં જીભ ફેરવીને અમીર બાપની સામે દયામણા ભાવે જોવા લાગ્યો. તેને થયું કે પોતે હમણાં ભાંગી પડશે. જીભે કામ ન આપ્યું ત્યારે તેણે ટચલી આંગળી દેખાડી બાપને સાનમાં સમજાવ્યું: 'એકી કરવા જાઉં છું.'



'જલદી આવજે ...' હસવાનો શાહુકારને દેખાવ કરી ઈસ્માઈલે નજર પાછી ખેંચી લીધી અને શાહુકારને વાતોમાં લપેટી લીધો: 'એ પહેલીવાર સફરે આવ્યો છે. જરા શરમાળ છે.'

'અમારો કુન્દન પણ પહેલાં એવો જ હતો.' બ્રિજલાલે પોરસ કર્યો: 'હવે

જુઓને બધા સાથે બેસીને કેવી વાતો કરે છે ! તમારા બેટાના સંગાથથી બંનેની સફર સુખરૂપ નીવડશે.'

મહમદના હાથ રૂમાલને રમાડી રહ્યા હતા. હુકમ સાંભળવાની અધીરાઈથી તે ઊંચો નીચો થવા લાગ્યો, પણ અમીર પાછો ન ફરે ત્યાં સુધી ઈસ્માઈલને રાહ જોવી પડી.

છાવણીથી દસબાર ગજ છેટે થોડીવાર ઉભડક બેસીને અમીર ભારે પગે પાછો ફર્યો. આવીને બેસવા જાય છે ત્યાં ઈસ્માઈલની હાક પડી: 'તમ્બાકુ લાવ !'

શબ્દો તેની જબાનેથી ખર્યા અને આંખના પલકારામાં બાપ-બેટાની પાછળ બેઠેલા ઠગોના રૂમાલ એમના ગળમાં જઈ પડ્યા. અમીરને કમકમા આવી ગયા પણ પેલા બેમાંથી કોઈનો ઉંહકારો ન સંભળાયો. રૂમાલની ભીંસ ગળાને રૂંધવા લાગી ત્યારે શાહુકાર આડે પડખે થયો. તેનો દીકરો છાતીભેર પડ્યો. મહમદખાં દાંત કચકચાવીને બંને હાથે રૂમાલની ભીંસ વધારતો ગયો. એની આંખોમાં રાક્ષસી



ખુન્નસ ચમકી ઊઠ્યું. બ્રિજલાલનું મોં ફાટવા લાગ્યું, આંખોમાંથી ડોળા બહાર ધસી આવે એટલી પહોળી થઈ ગઈ.

અમીરનું શરીર ધ્રૂજવા લાગ્યું, બાપની નજર પોતાના પર ખોડાયેલી ન હોત તો તે આંખો ઉઘાડી ન રાખી શક્યો હોત . . . પેલા જુવાન છોકરાને ખતમ કરવા માટે બે ઠગોને જોર અજમાવતા જોઈને અમીરને અસહ્ય પીડા ઊપડી. શ્વાસ લેવા માટે તેને મોં ફાડવું પડ્યું, ગળામાં હાથ ફેરવવો પડ્યો, કપાળ પરથી વહી જતા પસીનાના રેલા જીભને ખારી કરી ગયા.

અને બધું પતી ગયું. શાહુકાર બાપ-બેટાના ગળામાંથી રૂમાલ પાછા ખેંચાયા. બંનેની નિર્જીવ કાયાને જોઈ અમીરને અરેરાટી જાગી.

પણ હજું કામ પૂરેપૂરું પત્યું નહોતું.

'હવે એમની ઓરતો અને નોકરોને ખતમ કરી આવો.' ઈસ્માઈલે ગરમ શ્વાસ છોડતા ફરમાવ્યું: 'જો જો, જરાપણ અવાજ ન થવો જોઈએ.'

આઠ દસ ઠગો ધસી ગયા ત્યારે અમીરને ઈચ્છા થઈ કે દોડીને ત્યાં પહોંચી જાઉં કદી ન જોયેલી પેલી ઓરતોને ચેતવી દઉં . . . પણ પોતાની ઈચ્છા પર હવે બીજાનો હુકમ ચાલતો હતો. સોગંદથી બંધાઈ જઈને તે હવે બાપનો તાબેદાર બની ચૂક્યો હતો.

છાવણીની બહાર જઈને જોયું તો ચાર પાંચ ઠગો પેલા ગાડા પર ત્રાટક્યા હતા. એક આછી તીણી ચીસ વાતાવરણને ખળભળાવી ગઈ, પછી બધું સૂમસામ થઈ ગયું. અમીરે માની લીધું એમનો ખેલ ખતમ થઈ ચૂક્યો . . . બીજા ખૂણે શાહુકારના નોકરો અને ગાડાવાળો રસોઈ પકાવતા હતા તેમના પર છ ઠગો તૂટી પડ્યા. કદાચ ચીસ સાંભળીને એ ચેતી ગયા હશે. એક નોકરે મોતના મોંમાંથી છટકી જવા દોટ મૂકી પણ એ બહુ દૂર ન જઈ શક્યો. બે ઠગે એને આંતરી લીધો. એકે એના બંને બાવડા ઝાલી રાખ્યા અને બીજાએ પડખેથી તેના ગળામાં રૂમાલનો ફાંસો ભરાવી દીધો. જમીન પર પટકાઈ પડવાનો ધૂબાકો સંભળાયો ત્યારે અમીર સમસમી ગયો.

'ચાલ હવે શબનો નિકાલ કેમ થાય છે તે તને દેખાડું.'

ઈસ્માઈલે તેનું કાંડું પકડ્યું અને પાળેલા જાનવરની જેમ બાપની પાછળ પાછળ તે ખેંચાતો ગયો. મન બળવો પોકારવા માગતું હતું, પણ વિરોધ કરવાની

શક્તિ જ હૂંઠવાઈ ગઈ હતી.

ધરતી પર ચાંદની રેલાતી હતી. ઊંડા ખાડામાં ઈસ્માઈલે નજર નાખી લૂધાઈના કામની તારીફ કરતો હોય તેમ એ આછું મુસ્કુરાયો. થોડીવાર થઈ ત્યાં શાહુકાર અને તેના દીકરાના શબને ચાર ઠગો ઊંચકી લાગ્યા. તેમના હાથપગની આંગળીઓ અને ડોકમાંથી દાગીના ઉતારી લીધેલા હતા એ અમીરના ધ્યાન બહાર ન ગયું. કશા ઉશ્કેરાટ વિના, કોઈ જાતની ધાંધલ વગર દરેક ઠગ ચીવટ અને ઝડપથી પોતપોતાની કામગીરી બજાવતો હતો. અમીર ગુમસુમ બધું જોયા કરતો હતો.

બંને લાશોને ખાડામાં ધકેલી દેતાં પહેલાં શરીર પર છરીથી કાપા કરવામાં આવ્યા ત્યારે અમીરને નવાઈ લાગી, છતાં કોઈને કારણ પૂછવાની હિંમત ન ચાલી. બે નોકરો અને ગાડાવાળાના શબની પણ એ જ હાલત થઈ. એકનું માથું હોય ત્યાં બીજાના પગ આવે એ રીતે લાશોની થપ્પી થવા લાગી.

અમીરનાં કપડાં પસીનાથી રેબઝેબ થઈ જવા માંડ્યાં. અધ્ધરશ્વાસે આંખો ફાડીને તે આ ભયાનક દ્રશ્ય જોઈ રહ્યો હતો. ઈન્સાનની જિંદગી પ્રત્યે કોઈને જાણે તલભાર પણ દયા-માયા ન હોય તેમ ઠંડે કલેજે બધા કામ કરી રહ્યા હતા. છેવટે બંને સ્ત્રીઓની લાશો લાવવામાં આવી ત્યારે અમીરનું અંગેઅંગ કાંપવા લાગ્યું. સ્ત્રીઓ પ્રત્યે માણસ એટલો બેરહેમ અને ઘાતકી કઈ રીતે થઈ શકતો હશે ? તેને ત્યાંથી ભાગી છૂટવાની ઈચ્છા થઈ. પેટમાં કાંઈક ચૂથાતું હોય એવી ગભરામણથી છાતી ભીંસાવા લાગી. જે કાંઈ જોઈ રહ્યો હતો તેના આઘાતથી કીકીઓ કોડા જેવી જડ બની ગઈ, પાંપણોના વાળ તારની જેમ અક્કડ બની ગયા.

બંને સ્ત્રીઓની લાશને ખાડામાં ઉતારી ત્યારે ભીંતરડામાં ઊંડે ઊંડેથી કોક બહાર આવવા જોશ કરતું હોય એવો વલોપાત જાગી ઊઠ્યો. જાણે આવું દ્રશ્ય અગાઉ ક્યાંય જોયું હોય એવી થથરાટી અનુભવી. મરિયમ, શિરીન કે ગુલુ સિવાય કોઈકની લાશને તેણે આવી ઘાતકી રીતે ખાડામાં દટાતી જોઈ હતી ... એ તેણે ક્યાં જોયું હતું, ક્યારે અનુભવ્યું હતું ? તે યાદ કરવા મથ્યો, પણ બધું ધૂંધળું અને અસ્પષ્ટ દેખાતું હતું. સ્મૃતિના તાર ઝણઝણ્યા, અણુએ અણુમાં ઉત્તેજના જાગી ગઈ. કાંઈક યાદ આવવા લાગ્યું . . . મનને થોડુંક વધારે ખોદવાનું હતું જરા વધારે કોશિશ કરવાની હતી. પરિણામ હાથવેંતમાં હતું ત્યાં ... લાશના ખડકલા પર માટી ધરબાવા લાગી. લાશો દટાઈ ગઈ. ખાડો પૂરાઈ ગયો અને અમીરના ખભા પર ઈસ્માઈલનો

હાથ પડ્યો: 'શું વિચાર કરે છે ?' પછી જોરથી ખભો હલાવીને ફરીથી પૂછયું: 'ક્યાં ખોવાઈ ગયો હતો ?'

'હેં ...' અમીર ચોંક્યો. બધા ઠગો તેની સામે વિસ્મયભાવે જોતા હતા. તેણે ભોંઠપ અનુભવી. વિચારોને ખંખેરી નાખવા માથું ધુણાવ્યું, પોતે હાંફી રહ્યો છે એનું ભાન થતાં શ્વાસને કાબુમાં લીધો. ઝટપટ મોં પરથી પસીનો લૂછી નાખ્યો. પછી આંખોમાં આછેરી ચમક લાવીને લુખ્ખું હસ્યો પણ ખરો.

'પહેલી વાર જોયું એટલે જરા વસમું લાગ્યું હશે' હુસેનખાંએ તેનો બચાવ કર્યો. પછી આશ્વાસન આપતો હોય તેમ ઉમેર્યું: 'હું એના કરતાં મોટો હતો છતાં પહેલી વખતે ગભરાટનો માર્યો રોઈ પડેલો.'

મજાકમાં સૌ હસ્યા, અમીરનેય પરાણે હસવું પડ્યું. પણ એ હાસ્ય તરત જ વીલાઈ ગયું. ઈસ્માઈલે સત્તાવાહી અવાજે જાહેર કર્યું :

'હવે જે શિકાર મળશે તેના પર અમીર હાથ અજમાવશે.' પછી દીકરાનું કાંડું પકડીને હાથ ઊંચો કર્યો: 'આ જુવાન હાથોમાં કેટલી તાકાત છે એનો પરચો આપણને થોડા વખતમાં મળી જશે.'

અમીરને હાથ પાછો ખેંચી લેવાનું મન થયું, પણ કાંડા પર ઈસ્માઈલે જોરદાર પક્કડ જમાવી હતી: 'કેમ બરાબર છે ને અમીર ?'

એ ઈન્કાર ન કરી શક્યો. થૂંક ગળે ઉતારીને બાપની આજ્ઞા માથે ચડાવતો હોય તેમ એ માથું નમાવીને ઊભો રહ્યો.

*

૧૬

એ રાત અમીરઅલીએ ભારે અજંપામાં વીતાવી. એ ભયાનક દ્રશ્ય તેની નજર સામેથી કેમેય ખસતું નહોતું. જમીનમાં દટાઈ ગયેલા શાહુકાર અને તેના દીકરાના વિચારો એનો પીછો છોડતા નહોતા. બધા ઠગો છાવણીમાં ઊંઘતા હતા. ત્યારે અમીર બહાર ખુલ્લામાં પડ્યો આકાશમાં તાકતો હતો. પુરબહારમાં ખીલી ઊઠેલો પૂનમનો ચંદ્ર તેની સામે ખંધું હસીને જાણે કહી રહ્યો હતો: કાં ઠગ બની ગયો ને ? માનવીને બેરહમપણે ગૂંગળાવી નાખવાની વિદ્યા શીખી ગયો ને ? બાપના તાબેદાર બનવા માટે ઈમાનને વેચી દીધોને ?

અમીર આંખો બંધ કરી દેતો ત્યાં જંગલમાં બોલતાં તમરાના અવાજ પણ એને બિહામણા લાગવા માંડતા. એ અવાજો વધુ ને વધુ વિકરાળ બનતા જતા હોય અને કોઈના પ્રેતાત્મા પોક મૂકીને રડતા હોય એવા ભણકારા વાગવા માંડ્યા. પવનને કારણે ઝાડની ડાળીઓ હલવાનો ખડખડાટ થતો ત્યારે જાણે પેલાં શબો જમીનમાંથી બહાર નીકળી પોતાની તરફ ધીમાં પગલે સરકી આવતાં હોય એવા આભાસથી તે થથરી ઊઠતો. ઝાટકા સાથે બેઠો થઈને આજુબાજુ જોઈ લેતો અને ડરપોક મનને ઠપકો આપીને ઊંઘી જવાના ફાંફાં મારતો. ખુલ્લા આકાશનો આવો ડર તેણે ક્યારેય અનુભવ્યો નહોતો. ચાંદની આવી દઝાડનારી ક્યારેય તેને લાગી નહોતી. હજારો જોજન દૂર દેખાતું એ આભ જાણે પોતાની છાતી પર ચડી બેઠું હોય એવા બોજથી તે હાંફવા લાગ્યો.

માનવીનું મન ક્યારેક જ બળવો પોકારતું હોય છે. કોઈક જ વાર તેનો આત્મા એને ગલત રસ્તેથી પાછા ફરી જવા પડકારતો હોય છે. પણ આવા પોકારોને

ભીતરની તાકાત સમજવાને બદલે ઇન્સાન એને પોતાની ભીરુતા માની બેસે છે. એ રાતે અમીરના અણુએ અણુમાં એક એવો તરફડાટ અને ફફડાટ જાગ્યો હતો કે બધાને ઊંઘતા મૂકીને હિંમત કરી તે ત્યાંથી પાછો ફરી શકત. પણ જે કામ આટલા બધા માણસો નચિંત જીવે કરી રહ્યા છે એ કામમાં ગભરાટ અનુભવવામાં તેણે પોતાની નાનપ અનુભવી. તેને બેસુમાર પ્યાર કરનાર બાપ જો ઠગ તરીકે જીવવામાં મગરૂરી અનુભવે છે તો પછી પોતે આટલા બધા અકળાવું શું કામ જોઈએ ? ખોટી દલીલો અને પોકળ દિલાસાઓથી અમીરઅલીએ તેના અંદરના અવાજને ગૂંગળાવવાની કોશિશો શરૂ કરી દીધી: 'ગમે તે થાય, હવે પાછા નથી હઠવું . . . રૂમાલનો ગળાફાંસો નાખવાની વિદ્યા શીખી લઈને હું આ બધાયને બતાવી આપીશ કે અમીરઅલી કાચી માટીનો માણસ નથી !'

જાગતા રહીને એ રાતે તેણે પાપનું પોટલું બાંધવા માટે કર્મની પછેડી પહોળી પાથરી દીધી.

*

સવારે ગણેશપુરથી નાગપુર તરફ સવારી ઊપડી એ પહેલાં ઈસ્માઈલે અમીરને ટકોર કરી: 'કાલ રાતનું તારું વર્તન બાળક જેવું હતું. માણસના મડદાં જોઈને તારું લોહી ઠરી જાય અને આંખો ફાટી રહે એ સારું ન કહેવાય.'

'મને પાછળથી મારી ભૂલ સમજાઈ ગઈ.' અમીરે ઉજાગરાવાળી આંખોની લાલી બાપથી છુપાવી રાખવા આડું જોઈને કહ્યું: 'ફરીવાર તમારે મને કહેવું નહીં પડે.'

'હં હવે કાંઈક તમારા અવાજમાં ઉમળકાનો રણકો સંભળાયો.' ઈસ્માઈલે દીકરાને દાદ આપી: 'તારે હવે પહેલો શિકાર કરવાનો છે એટલે સાવધ કરવો પડ્યો. મુસાફરના ગળામાં રૂમાલ નાખ્યા બાદ અધવચ્ચેથી જો તારું જોર ઓસરી જાય તો બીજા ઠગોની નજરમાં તું હલકો ઠરીશ.'

'બાપુ, એવું નહીં બને એની ખાતરી રાખજો.'

'મને ખાતરી જ છે.' ઈસ્માઈલે દીકરાના ખભા પર હાથ મૂકી વહાલથી દબાવ્યો: 'મારી ખ્વાહિશ છે કે આ પહેલી જ સફરમાં તું કાબેલ પૂરવાર થા અમીર ! તને રૂમાલ વાપરવાની વિદ્યા શીખવવાનું મે રૂપસિંહને સોપ્યું છે અને નાગપુર સુધીમાં તારે એ કામ પૂરું કરવાનું છે.'

'ખુદાની દુઆથી આપની ખ્વાહિશ હું પૂરી કરીશ બાપુ !'

અમીરના બોલમાં પહેલીવાર આત્મવિશ્વાસ રણક્યો. એનો જુસ્સો જોઈને ઈસ્માઈલને ખાતરી થઈ ગઈ કે દીકરો મનથી હવે ઠગ બની ચૂક્યો છે.

*

બુઢ્ઢા રૂપસિંહની દુબળીપાતળી કાયા જોઈને અમીરને પહેલાં તો લાગ્યું કે આ માણસ મને શું શીખવવાનો હતો ! રૂમાલનો ફાંસો નાખવામાં શીખવા જેવું બીજું છે પણ શું ? તલવારબાજીની વાત જુદી છે. તેમાં ઘણા દાવપેચ હોય છે. સામેવાળાનો મુકાબલો કરી લડવાનું હોય છે. જરાક ચૂક્યા તો ખેલ ખતમ . . . ત્યારે ઠગબાજીમાં સામેવાળો તો બેધ્યાન હોય, પીઠ પાછળથી તેના પર હુમલો કરવાનો અને ગળામાં રૂમાલ નાખી તેને ગૂંગળાવી દેવાનો . . . એ ડાબા હાથના ખેલ જેવું સહેલું છે.

રૂપસિંહે અમીરનો એ ભ્રમ ભાંગી નાખ્યો.

'પહેલાં તો તારે ચાર દિવસ ફરાળ કરવું પડશે.'

અમીરને માટે આ નવો શબ્દ નવો હતો: 'એમાં શું કરવાનું હોય છે ?'

'મનને પવિત્ર કરવાનું,' રૂપસિંહ ગંભીર ભાવે કહેતો હતો: 'આ દૈવી વિદ્યા છે. તેની તાલીમમાં શરીરની તાકાત કરતાંય આત્માની શકિતની વધારે જરૂર પડે છે.'

'આત્મા-પરમાત્મામાં મને બહુ સમજ નથી પડતી ઉસ્તાદ ! અમીરે થોડો અણગમો અને થોડી અધીરાઈ દેખાડી: 'તમે એકવાર મને બતાવી દો કે રૂમાલ કેમ પકડવો અને ગળામાં નાખ્યા પછી કેવી રીતે ભીંસ આપવી. બસ, બાકીનું બધું મારા પર છોડી દો.'

'તમે જમાદારના બેટા ન હોત તો મેં તમને એક તમાચો ઝીંકી દીધો હોત.' રૂપસિંહનો રોષ જોઈને અમીર ભડક્યો. બુઢ્ઢાના પાતળા કાંડાની નસો ઊપસેલી દેખાઈ, એની સફેદ દાઢી ગુસ્સાથી ધ્રૂજતી હતી અને આંખોમાંથી ઠપકો નીતરતો હતો: 'અહીં દરેક તાલીમ વિધિસર થાય છે. ધીરજ અને શ્રદ્ધા હોય તો હા પાડો નહીંતર તમારા બાપને કહી દો કે એ બીજા કોઈને આ કામ સોંપે.'

અમીરને સમજાઈ ગયું કે પોતે જલ્દબાજી કરી બેઠો છે. બેનીસિંહ પાસેથી

તલવારની તાલીમ લીધી ત્યારના દિવસો યાદ આવ્યા. આ રાજપૂતો કોઈનો તુંકારો કે ઊંચા અવાજની વાત સહી શકતા નથી. જેની પાસે વિદ્યા શીખવાની હોય તેને તમે ગુરૂની જેમ માન આપો, એમની અદબ જાળવો અને આજ્ઞાને આધીન રહો તો જ એ શિષ્યને દિલથી શિખવે છે. રૂપસિંહ પોતાના બાપનો નોકર હોય એ રીતે વર્તવામાં પોતે ભૂલ કરી એટલું સમજાઈ ગયા બાદ અમીર ઢીલો પડી ગયો.

'ઉસ્તાદ, ગુસ્તાખી માટે માફી માગું છું' પછી મોં પર ગંભીરતા ધારણ કરી માથું ઝુકાવીને વિનંતી કરી: 'હવે તમે મને સમજાવો કે મારે શું કરવાનું છે ?'

'હં, કાંઈક રીતભાત જેવું લાગ્યું.' રૂપસિંહે ગુરૂપદ સ્વીકારી લીધું હોય એમ સંતોષભેર કહ્યું: 'ચાર દિવસ ફરાળ કરવાનો હેતુ એ કે તમારે માંસાહાર ત્યજી દેવો પડશે. માત્ર દૂધ અને ફળ પર રહેવાનું અને દેવને પ્રસન્ન કરવા માટે મનને પવિત્ર રાખવાનું.'

'ખુશીથી હું એ કરીશ,' અમીરે આજ્ઞા માથે ચડાવી પણ સવાલ કર્યા વિના રહી શક્યો નહીં: 'આપને કાંઈ પૂછું તો બૂરું ન લગાડશો, પણ માંસાહાર વિના શરીરની તાકાત ઓછી થઈ જશે અને આ કામમાં તેની સૌથી વધારે જરૂર છે.'

રૂપસિંહ હસી પડ્યો: 'ત્યાં જ તારી ભૂલ છે અમીર ! હમણાં જ મેં તને કહ્યું હતું, શરીરની તાકાત પૂરતી નથી. બધો આધાર મનની શક્તિ પર રહે છે. હાથી માણસ કરતાં અનેકગણો બળવાન હોય છે છતાં મામૂલી ગણાતો માણસ તેને હરાવી શકે છે. બળથી નહીં, કળ અને હિંમતથી !'

અમીર સમજી ગયો કે રૂપસિંહ તેને હાથી સાથેની પોતાની લડાઈનો કિસ્સો યાદ કરાવી રહ્યો છે. આ વાત તેને વિચારવા જેવી લાગી. રૂપસિંહ માટે તેને માન ઉપજ્યું.

'ભલે હું બધી જ વિધિમાંથી પસાર થવા તૈયાર છું.' અમીર કહ્યાગરા ચેલાની ઢબે બોલ્યો: 'રૂમાલનો ઉપયોગ કરવા માટે મારા હાથ ચટપટી રહ્યા છે.

*

પાંચમા દિવસે રૂપસિંહે રૂમાલ હાથમાં લઈને તાલીમ શરૂ કરી. રૂમાલને એકદમ છેડેથી પકડવાને બદલે વચ્ચેથી બંને મુઠ્ઠીમાં લીધો: 'આ બે હાથ વચ્ચેનો જે ભાગ છે તે ગળામાં પરોવાઈ જાય એટલો જ હોવો જોઈએ.' અમીર ઉત્સુકપણે નીરખતો હતો. રૂપસિંહ તેની સામે જોયા વિના જ કહેતો હતો: 'મુઠ્ઠી વાળેલા હાથ

ચત્તા રાખવાના. ગાંઠ વાળેલો છેડો ડાબા હાથમાં રહેવો જોઈએ. જમાદારની ઝિરણી સાંભળતાં જ હાથ વીજળી જેટલી ઝડપે ઉગામવાના અને રૂમાલ મુસાફરના ગળામાં પરોવી દેવાનો ...'

આ ક્રમ એવું અઘરું નથી ... અમીરની જબાને શબ્દો આવી ગયા પણ ઉચ્ચારવાની હિંમત ન કરી. ઉસ્તાદ જે તાલીમ આપતા હોય તે સાવ સહેલી છે એમ કહી દેવાથી ઉસ્તાદની કિંમત ઓછી થઈ જાય. પણ રૂપસિંહના જ મનમાં એ વાત ઉગી નીકળી: 'જ્યારે મને મારા ઉસ્તાદે પહેલાં આ કરી બતાવ્યું ત્યારે મેં અધીરાઈથી કહી દીધેલું: 'એમાં શું મોટી વાત છે. રૂમાલને બે હાથની મુઠ્ઠીમાં પકડ્યો અને મુસાફરના ગળામાં પરોવી દીધો બસ વાત પતી ગઈ ... પણ ખરેખર એ સહેલું નથી.'

'તો એની મુશ્કેલી ક્યાં છે એ મને સમજાવો.'

'સાંભળ, ગળામાં રૂમાલ પાછળથી નાખવાનો હોય છે જો કયાસ કાઢવામાં શરતચૂક થાય અથવા તો ઝાટકો આપવામાં ફેર પડે તો રૂમાલ મુસાફરના મોં કે દાઢી પર અફળાય. સામો માણસ ચપળ હોય અને સમયસર સાવધ થઈ જાય તો કાં ડોક ફેરવી લે અથવા પોતાનો હાથ રૂમાલમાં ભેરવી દે. ગળામાં રૂમાલ જાય ત્યારે પહેલાં એનો હાથ આડો આવી ગયો તો ગમે તેટલી ભીંસ તેને ગૂંગળાવી ન શકે.'

'એ વિચાર મને નહોતો આવ્યો.' અમીરે એકરાર કર્યો એટલે રૂપસિંહને પોરસ ચડ્યો: 'એક વાર મુસાફર ચેતી ગયા પછી મામલો હાથમાંથી સરી જવાનો ભય વધી જાય છે. એ ચીસ પાડે તો બીજા મુસાફરો ચેતી જાય. તેને ખતમ કરવા માટે આપણે હથિયાર વાપરવું પડે, લોહી રેડવું પડે.'

'જે આપણા નિયમની વિરુદ્ધ છે.' અમીરે ટાપશી પુરાવી.

'બરાબર ... છતાં ક્યારેક હથિયાર વાપરવું પડે અને આપણા ધંધાની સલામતી માટે કોઈને તલવારના ઝાટકે ખતમ કરવો પડે તો તેની મનાઈ નથી. મુખ્ય વાત એ છે કે બીજાઓને ખબર ન પડવી જોઈએ કે આપણે ઠગ છીએ. એકવાર જોઈ જાણી ગયેલો માણસ નાસી જઈને હો હા કરી મૂકે તો આખી ટોળી ફસાઈ જાય અને બધાને ફાંસીને માંચડે લટકવું પડે.'

અમીર તેની ધ્રૂજારી છુપાવી શક્યો નહીં. આ જોખમનો તેણે ક્યારેય વિચાર કર્યો નહોતો. રૂપસિંહે તેની સામે રૂમાલ ધર્યો: 'લે હવે મેં દેખાડ્યું એ રીતે તારા

હાથમાં રૂમાલ પકડીને મને બતાવ.'

રૂપસિંહે રૂમાલ તેને એવી રીતે સોંપ્યો કે ગાંઠવાળો છેડો જમણા હાથ તરફ રહે. પણ અમીરે ચાલાકી વાપરીને છેડા બદલી નાખ્યા ત્યારે રૂપસિંહની આંખોમાં તારીફ તરવરી ઊઠી: 'ભારે યાદ રાખ્યું તેં.'

રૂમાલને હવામાં એક બે વાર ઊછાળીને અમીરે પૂછ્યું: 'આ પ્રમાણે ગળામાં પરોવવાનોને ?'

'હા, પણ પછી જે કરવાનું છે એ જ મહત્ત્વનું છે.' રૂપસિંહે સમજાવ્યું: 'ગળાનો હૈડિયો ભીંસાય તો જ માણસનો શ્વાસ રોકાય અને દમ તૂટી જાય. રૂમાલ ભરાવ્યા પછી જરાય વિલંબ વિના કાંડાની પૂરી તાકાત અજમાવીને બંને હાથની મુઠ્ઠીના ઢોરા મુસાફરની ગરદન પર દબાવવાના, પાછળથી પાટું મારીને શિકાર આપણને દૂર ધકેલી ન શકે એ માટે તેની બાજુમાં રહેવાનું અને જો એ ઊંધો પડી જાય તો બંને ગોઠણ તેના ખભા પર દબાવી દેવાનો લાભ પણ જતો નહીં કરવાનો.'

અમીર ખંધું હસ્યો, પણ રૂપસિંહે તેના હાસ્યને પાણીના પરપોટાની જેમ પીગળાવી દીધું: 'લાવ રૂમાલ, હું તારા પર અજમાયશ કરી દેખાડું.'

'હેં !' અમીર સમસમી ગયો. રૂમાલ પકડેલા હાથ કંપવા લાગ્યા. આંખોમાં ભય ગડથોલિયાં ખાવા માંડ્યો: 'મા. . .રા પર અજમાયશ !'

'કેમ ડરી ગયો ?' રૂપસિંહ મરક મરક થતો હતો, જાણે જુવાનનું પાણી માપવાની એને મજા આવતી હોય.

'ડરવાની વાત નથી . . . પણ આદતના જોરે તમે રૂમાલ ગળામાં નાખીને ભીંસ આપી બેસો તો . . .'

'તો ખેલ ખલાસ !' રૂપસિંહે અવાજમાં બનાવટી ગંભીરતા લાવી તેને સંભળાવ્યું: 'તને મારા પર ભરોસો હોવો જોઈએ.'

એ બુઝુર્ગ ઉસ્તાદના બોલે અમીરને ઉલઝનમાં નાખી દીધો. હા પાડવાની હિંમત નહોતી અને પોતાના ઉપર જ પ્રયોગ અજમાવવાનું કહેવામાં જોખમ દેખાયું. ઠગ જમાદારના બેટાને રૂપસિંહ ગૂંગળાવી મારવાની હિંમત કદી નહિ કરે એની ખાતરી હતી છતાં એની વાતમાં ફસાવું નહોતું. ચાલાકીનો જવાબ તેણે ચબરાકીથી આપ્યો: 'ચાચા પહેલાં મને તમારા ઉપર અજમાયશ કરવા દો. તમે ખાતરી કરી જુઓ, હું તમારા ગળામાં રૂમાલનો ગાળિયો બરાબર નાખી શકું છું કે

નહીં.'

'વાહ રે ચેલા, તું પણ પાકો નીકળ્યો.' રૂપસિંહે હળવાશથી કહ્યું: 'અને ધાર કે તારી અનઆવડતને કારણે મારો શ્વાસ રૂંધાઈ ગયો તો ?'

'તમને મારા પર ભરોસો નથી ?' અમીર એના જ સવાલથી એને ભીડ્યો ત્યારે રૂપસિંહ ખડખડાટ હસી પડ્યો. એના અટ્ટહાસ્યમાં પોરસ ઊછળતો હતો: 'શાબાશ અમીરઅલી, હજુ ભૂત્તોતની તાલીમ હાંસલ કરે એ પહેલાં તેં સોથાઈ (શિકારની શોધ કરવાની) તારી આવડત દેખાડી દીધી ! આવી વાક્ચાતુરી અને હાજર જવાબી ધરાવતો ઠગ શિકારને ફસાવવાની જાળ બિછાવવામાં ખૂબ કાબેલ પૂરવાર થાય.'

અમીરને આ તારીફ ગમી, છતાં ઠાવકાઈથી કહ્યું: 'ચાચા, તમે મારી ખુશામત કરીને તમારા પર અજમાયશ કરવાની વાત વિસારે પાડવા નથી માગતા ને ?'

'નહીં અમીર, હું મારા દરેક ચેલા પાસે મારા પર જ અજમાયશ કરાવીને આ વિદ્યા શીખવું છું. ચાલ તૈયાર થઈ જા.'

રૂપસિંહ ઝાટકા સાથે પીઠ ફેરવી ગયો. પછી જમીન પર પલાંઠી વાળીને બેસી જતાં કહ્યું: 'પહેલાં નીચે બેઠેલા શિકારને ફાંસવાનું ઠીક રહેશે. ધારી લે કે હું ઠગની ટોળીમાં ફસાયેલો એક મુસાફર છું. મને વાતોમાં બેખબર બનાવી દેવામાં આવે છે. જમાદાર ઝિરણી આપવાની તૈયારીમાં છે. મારી પાછળ બેઠેલો ઠગ તું છે-રૂમાલને હાથમાં રમાડતો તું ટટ્ટાર થઈ ગયો છે.'

એટલીવારમાં અમીર રૂપસિંહની બાજમાં બેસી ગયો હતો. રૂમાલને તેણે બંને હાથની મુઠ્ઠીમાં ભેરવી દીધો. મનમાં ખુન્નસ ઘૂંટવાનો પ્રયાસ કર્યો. જે રીતે મહમદખાંને પેલા શાહુકાર સામે વેર વાળવું હતું તેમ પોતાને પણ આ રૂપસિંહની ઉપર જૂની અદાવત વસૂલ કરવાની હોય એવું ઝેર દિલમાં ઘોળ્યું. રૂપસિંહની ડોક પર નજર ખોડી રાખી અને 'તમ્બાકુ લાવ' ના સંકેત માટે ફેફસાંમાં શ્વાસ ભરીને તત્પર બની ગયો.

રૂપસિંહે સાચે જ સંકેત આપ્યો અને બીજી ઘડીએ અમીરના રૂમાલનો ગાળિયો તેના ગળામાં-બરાબર હૈડિયાની ઉપર ભેરવાઈ ગયો. હ. . ફ કરતો એક આછો ઉંહકારો રૂપસિંહના મોંમાંથી બહાર આવ્યો ઉસ્તાદે શીખવ્યા મુજબ અમીરે બંને હાથની તાકાત અજમાવી રૂમાલ ખેંચ્યો . . . દાંત ભીંસી, આંખો મીંચી અને

છાતી ફુલાવીને જોર અજમાવ્યું. હાથની મુઠ્ઠીના ઢોરા ગરદન પર દબાવ્યા. રૂપસિંહે એકવાર હવામાં હાથ ઉછાળીને તેને રોકવા ફાંફાં માર્યા પણ ત્યારે અમીરની આંખો બંધ હતી. તેને રૂપસિંહની હિલચાલ નજરે ન પડી. રૂપસિંહનો શ્વાસ રૂંધાતો ગયો. એ બેવડ વળી જઈ ઢળી પડવાની તૈયારીમાં હતો ત્યાં અમીરનો ગોઠણ તેની કમરને અડક્યો અને તેણે મરણિયા ઝનૂનથી અમીરને હડસેલો માર્યો. અમીરની જમણી મુઠ્ઠીમાંથી રૂમાલનો છેડો સરકી ગયો અને ગડથોલિયું ખાતો એ દૂર ફેંકાઈ પડ્યો.

રૂપસિંહનું મોં ફાટી ગયું હતું. રૂંધાઈ ગયેલા ગળા પર બંને હાથ ઘસતો એ બેઠો થયો. કમર સીધી કરવામાંય તેને હાંફ ચડી ગઈ. આંખના ડોળા હજુ ફાટેલા જ રહી ગયા હતા, કાનની બૂટી લાલઘૂમ બની ગયેલી, કપાળની નસ ફાટી પડવાની હોય એટલી ઉપસી આવી.

ડાબા હાથની મુઠ્ઠીમાં રૂમાલનો છેડો પકડી રાખી અમીર હાંફતો-કાંપતો એની હાલત જોઈ રહ્યો હતો. તેના કપાળ પરથી પસીનાના રેલા દડતા હતા, જમણા હાથનો પંજો ખુલ્લો હતો તે બંધ થતો નહોતો અને ડાબા હાથની મુઠ્ઠી ઊઘડતી નહોતી- જાણે કાંડા ઝલાઈ ગયા હોય તેમ લાકડા જેવા જડ બની ગયા હતા. ભીંસાયેલા દાંત હજુ છૂટા થતા નહોતા અને નાખોરામાંથી વછૂટતો શ્વાસ વરાળની જેમ ધગતો હતો.

રૂપસિંહે તેની સામે જોયું. અમીરે એ આંખોના ભાવ વાંચવાની કોશિશ કરી પણ કાંઈ ઉકલ્યું નહિ. રૂપસિંહ ઊઠ્યો ત્યારે અમીરે જીભ હલાવવાની કોશિશ કરી. આવેશમાં પોતે અખતરાને સાચું માનીને જોર અજમાવી બેઠો એની માફી માગવાની ઈચ્છા જોર કરતી હતી પણ જે કાંઈ બની ગયું તેનો આઘાત છાતી પરથી ઊતરે તો કાંઈક બોલે ને. રૂપસિંહ ચૂપચાપ ઊભો થયો છતાં અમીર હલીચલી શક્યો નહીં. બુઢ્ઢા પગની ધારદાર નજર પોતાને વીંધી નાખશે એવી બહીક લાગી.

રૂપસિંહ તેની પાસે આવ્યો, આવીને બેચાર પળ ઊભો રહ્યો. પછી તેના પર ઝૂકીને ડાબા હાથની મુઠ્ઠી વચ્ચેથી એનો રૂમાલ સરકાવી લઈ ચાલતો થયો. અમીરને એ બહુ કઠ્યું: ઉસ્તાદે ઠપકો આપ્યો હોત તો સારું લાગત... હવે તે જઈને બાપુને મારા અજડપણાની શિકાયત કરશે. કદાચ હું તેને ગૂંગળાવી નાખવા માગતો હતો એવો ઇલ્ઝામ પણ મૂકશે...

વિચારમાં ને વિચારમાં અમીર પાછળ જોવાનું વિસરી ગયો અને બીજી

જ પળે ફડાક કરતો રૂપસિંહનો રૂમાલ તેના ગળામાં આવી પડ્યો. ઊંહકારો નાખવાનું સુધ્ધાં અમીરથી ન બન્યું. ડોકનો હૈડિયો દબાયો, ભીંસાયો . . . ઉસ્તાદના કાબેલ કાંડાની મુઠ્ઠીઓ ગરદનની નસો પર એટલા જોરથી દબાવા લાગી કે કદી ન અનુભવી હોય એવી યાતનાએ તેને ઘેરી લીધો. શ્વાસના અભાવે છાતીના ફેફસાં તણાતાં ગયાં, જીભ તાળવે ચોંટી ગઈ અને દિમાગ ખાલીખમ થવા લાગ્યું. મોત . . . મોત . . . મો . . .ત !

અને રૂપસિંહે રૂમાલની ભીંસ ઢીલી કરી દીધી. અમીરના ગળે આવી ગયેલો જીવ બહાર નીકળવું કે અંદર પાછા ફરી જવું એવી દ્વિધામાં હતો, મોંમાંથી લાળ ટપકતી હતી, આંખોમાં લોહીની ટશરો ફૂટફૂટ થવાની હોય એવા ડોરા ઉપસી આવ્યા હતા. હળવે હળવે રૂપસિંહનો હાથ તેના વાંસામાં ફરવા લાગ્યો. થોડીવાર પહેલાં જે હાથ ગરદન દબાવતી હતી એ હાથ હવે ડોક પંપાળતા થયા ત્યારે અમીરના કોઠામાં જીવ સળવળવા માંડ્યો. 'બહુ વસમું લાગ્યું ને . . .'

ઉસ્તાદના અવાજમાં રોષ નહીં પણ ભીનાશ ટપકતી વરતાણી ત્યારે અમીરે ધરપત અનુભવી. બોલવાની હજુ શક્તિ આવી નહોતી એટલે હકારમાં ડોકું નમાવીને તેણે સમજાવ્યું કે ભાઈસા'બ બહુ વસમું લાગ્યું છે, મોતનો દરવાજો દેખાડી દીધો તમે તો . . .

'અમીર, હવે તને સમજાયું ને કે શ્વાસ માણસની જિંદગીની સૌથી મોટી મૂડી છે. એની આવનજાવન અટકાવી દો એટલે તેનું બધું બળ ઓસરી જવા લાગે છે અને જોતજોતામાં એના પ્રાણ ઊડી જાય છે. હવે કહે જોઈએ, આ રૂમાલ જેવું કાતિલ હથિયાર બીજું કોઈ છે ખરું ?'

'નહીં !' પોતે જ સાંભળી શકે એટલું ધીમેથી અમીર બોલ્યો 'મને ખાતરી થઈ ગઈ, ખરેખર જેણે રૂમાલથી ગળાફાંસો નાખવાની શોધ કરી એ માણસ કમાલ હોવો જોઈએ.'

'એ દેવીની શોધ છે અમીર !' રૂપસિંહ દરેક વાતમાં દેવીને વચ્ચે લાવતો ત્યારે અમીરને કંટાળો ઉપજતો, પણ આ વખતે તેણે એ હકીકત સ્વીકારી લીધી. આવેશમાં પોતે ઉસ્તાદને ગૂંગળાવીને ખતમ કરવા સુધીની હદે પહોંચી ગયો હતો એ અપરાધને કારણેય અમીર થોડો ઢીલો પડ્યો હતો. એ દુર્ઘટના બાપ સુધી ન પહોંચે એવું તે ઈચ્છતો હતો.

'અમીર, હવે એક વાતનો સાચેસાચો જવાબ આપજે, તું મને ગૂંગળાવીને ખરેખર મારી નાખવા માગતો હતો ?'

અમીરે નિઃસાસો નાખી ઉસ્તાદની સામે જોયું. સાહજિકપણે પૂછતો હોય એવા ભાવ રૂપસિંહના ચહેરા પર દેખાયા એટલે સાચું જ કહી દેવાનો ફેસલો કર્યો: 'ઉશ્કેરાટમાં હું ભાન ભૂલી ગયો એ વાત સાચી ... તમે મને હડસેલો ન માર્યો હોત તો કદાચ મારા હાથે ભયાનક પાપ થઈ જાત.'

રૂપસિંહની આંખમાં આ જુવાન માટે હેત ઊભરાયું. બાપ કરતાં બેટો સવાયો પૂરવાર થાય એવાં એનાં લક્ષણ દેખાતાં હતાં.

'અમીર મારા ગળામા રૂમાલ નાખ્યા પછી છેલ્લી ઘડીએ તારો હાથ ઢીલો પડી ગયો ન હોત તો હું તને હડસેલો ન મારી શકત. ખરી રીતે મને મારી નાખવાનો તારો ઈરાદો નહોતો. એમ તો મેંય તને ગૂંગળાવીને અધમૂઓ કરી નાખ્યો'તો ત્યારે તને લાગ્યું હશે કે હું બદલો લઈ રહ્યો છું.' રૂપસિંહ થોડું અટક્યા. કાંઈક વિચાર કરીને ઉમેર્યું: 'છેલ્લી ઘડીએ તેં મારા પર ભીંસ હળવી કરી નાખી છતાં રૂમાલ છોડ્યો કેમ નહીં ?'

અમીર નીચું જોઈ ગયો. એક ઊંડો નિઃસાસો નીકળી ગયો :'તમારાથી કાંઈ છુપાવીશ નહીં. મારા હાથ તમારું ગળું ભીંસવામાં રોકાયા હતા ત્યારે દિમાગમાં કોઈ ઝાંખું દ્રશ્ય ઉપસતું હતું. મને એવું લાગ્યું કે મારા બાપુનું કોઈ ગળું ભીંસી રહ્યું છે અને હું નાના બચ્ચાની જેમ ચીસ પાડીને રડું છું. પછી બીજું દ્રશ્ય દેખાયું, તેમાં મારા મા-બાપની લાશને કોઈ ખાડામાં દાટી રહ્યું છે અને હું એમને રોકવા માટે ચિલ્લાઉં છું ... એક ભયાનક દેખાવનો માણસ મને ઊંચકીને ફગાવી દે છે અને હું ... હું ...' અમીર આટલું કહેતાં થાકી ગયો હોય તેમ હાંફવા લાગ્યો: 'પછી કાંઈ યાદ આવતું નથી ... આ દ્રશ્યોએ મારા હાથની પક્કડ ઢીલી કરી નાખી અને તમે હડસેલી દીધો ત્યારે મને સાચી પરિસ્થિતિનો ખ્યાલ આવ્યો.'

સાંભળીને રૂપસિંહના ચહેરાના ભાવ ઝડપથી પલટાયા. એ ધારી ધારીને અમીરને ક્યાંય સુધી જોતો રહ્યો. તેની આંખોમાં કોઈ રહસ્યમય ચમકારો થયો. વરસો જૂની કોઈ ઘટનાની કડી મેળવવામાં એ ગૂંથાયો. અમીરને તેની ખામોશી વિચિત્ર લાગી: પોતે કહેલી વાત પર આ માણસ આટલો ગંભીર શું કામ બની ગયો ? કદાચ એમાંય આ દેવીભકતને કોઈ દેવી સંકેત દેખાતો હશે !

'અમીર, તારી વાતે મને વિચારમાં નાખી દીધો.' રૂપસિંહ કઈંક ગડમથલમાં હોય તેમ બોલ્યો: 'તારા બાપાના ગળામાં કોઈ રૂમાલનો ફાંસો નાખે એવું તે ક્યારેય જોયું હોવાનો સંભવ નથી. તારા બચપણમાં આવો બનાવ બન્યો નથી. છતાં તને એવી ભ્રમણા કેમ થઈ?'

રૂપસિંહના ચહેરા પર ગમગીની છવાઈ ગઈ. અમીરને થયું આવી વાત મારે એને નહોતી કરવી જોઈતી. મારા વિશે એના મનમાં શંકા-કુશંકા જાગશે. કદાચ મને એ ડરપોક માની લેશે. કહેલું ભૂલી જવા માટે એ કાંઈક બોલવા જતો હતો ત્યાં રૂપસિંહે જ સામેથી એવું કહ્યું: 'અમીર, આવી વાત મગજમાં ભરી રાખવી સારી નહીં. બીજા કોઈ પાસે એ ઉચ્ચારતો નહીં. તારે જો બહાદુર ઠગ બનવું હોય તો ફરી એવા વિચારને મનમાં પેસવા દેતો નહીં. તેનાથી તારું દિલ કમજોર બની જશે. તારા બાપુ નારાજ થશે.'

અમીર વિસામણમાં પડી ગયો. બાપુ નારાજ થાય એવું આમાં શું છે? પણ એવો સવાલ પૂછવાની તેની હિંમત ચાલી નહીં. રૂપસિંહ અમીરથી કાંઈ છુપાવવા માગતો હોય તેમ આઘોપાછો થઈ ગયો. તેણે અટકળ કરી લીધી. અમીર ઈસ્માઈલનો દીકરો નથી. ઘણીવાર ઠગ લોકો મા-બાપને મારતી વખતે તેના બચ્ચાને દત્તક તરીકે રાખી લેતા હોય છે. અમીરનું પણ એવું જ હશે.

*

૧૭

ગણેશપુરથી નાગપુર સુધીની સફરમાં અમીરનો હાથ રૂમાલ પર ઠીકઠીક બેસી ગયો. ઈસ્માઈલે તેને કહી રાખ્યું હતું: 'તારો પહેલો શિકાર નાગપુરમાં જ ભેટી જશે, તું તૈયાર રહેજે.'

રૂપસિંહે તાલીમ આપવામાં કોઈ કચાશ રાખી નહોતી, એટલે અમીર હવે હાથ અજમાવવા માટે થનગની રહ્યો હતો : 'હું એ ઘડીનો ઈન્તજાર કરું છું બાપુ !'

'ઈન્તજારી તો તારા જેટલી જ મારી છે. પહેલો શિકાર કરતો તને જોઈશ ત્યારે મારી જિંદગીની એ સૌથી યાદગાર ઘટના બની રહેશે.' ઈસ્માઈલ થોડીવાર અટક્યો. અમીરને ઘણા વખતથી એક વાત કહેવાની રહી જતી હતી તે જીભે આવી ગઈ: 'બેટા, હવે એટલું યાદ રાખજે કે અજાણ્યા મુસાફરોની વચ્ચે મને તારે બાપુ કહીને ન બોલાવવો.'

'એ શું કામ બાપુ ?' અમીરથી સ્વાભાવિકપણે જ પૂછાઈ ગયું: 'તમે મારા બાપુ છો છતાં ...'

'એમ નથી' ઈસ્માઈલે ઉતાવળે બોલી નાખ્યું :' ઘણીવાર મુસાફરો પાસે આપણે જાતજાતના વેશ ભજવવાના હોય છે. ક્યારેક એવું બને કે તારે કોઈ હિન્દુ ઠગના ભાઈ બનીને મુસાફરને ફસાવવા જવાનું થાય અને છાવણીમાં આવ્યા પછી તું મને બાપુ કહી દે તો પોલ છતી થઈ જાય ને ?'

'ઓહ, તમે એટલા માટે કહો છો.' અમીરને ગળે વાત ઊતરી ગઈ: 'ભલે તો હું હવે બાપુ કહેવાની ટેવ ઓછી કરી નાખીશ.'

'આમે તે ઉંમરલાયક બેટા બાપનો ભાઈ કે ભાઈબંધ જ ગણાય.' ઈસ્માઈલ તેના ખભા પર હાથ મૂકીને મલકાયો: 'તું મને ચાચાજાન કહી શકે છે.'

'ભલે ચાચાજાન !' જીભને ટેવ પાડવા અમીરે મજાકના ઢંગમાં કહ્યું, પછી એકાએક ગંભીર બની ગયો: 'હું તમને ગમે તે સંબોધનથી બોલાવું, એથી આપણા વચ્ચે બાપ-બેટાનો સંબંધ થોડો મટી જવાનો છે ?'

'નહીંસ્તો.' ઈસ્માઈલે પરાણે હસવું પડ્યું. એક વાતનો હમણાં હમણાં બહુ ફડકો થયા કરતો: રખેને અમીર જાણી જાય કે પોતે એનો અસલી બાપ નથી તો? બનવાજોગ છે કે ગણેશા જેવો કોઈ ખંધો ઠગ તેને સાચી વાત જણાવી દે તેના દિલમાં મારા માટે નફરત ભરી દે . . . પછી તેને બાપ કહેવા માટે અમીરની જીભ નહિ ઊપડે. એ તલવાર લઈને સામે ઊભો રહી જશે. પોતાનાં અસલી મા-બાપના કાતિલને ઘાતકીપણે મારતાંય અચકાશે નહિ . . . તેના કરતાં હું જ શું કામ ભેદ ખોલીને તેને વાકેફ ન કરી દઉં ? પણ એમ કહેવામાં ઉતાવળા નથી કરવી. એને પૂરેપૂરો ઠગ બની જવા દેવો. એની રગેરગમાં ઠગનું ઝનૂન પ્રસરી જાય પછી વાત . . . ત્યાં સુધીમાં ધીમે ધીમે તેને 'બાપુ' કહેવાની ટેવ છોડાવતા જવી.

શું વિચારમાં પડી ગયા બાપુ ?' અમીરે પૂછ્યું અને તરત જ સુધારી લીધું: 'અરે ભૂલ્યો- ચાચાજાન !'

ઈસ્માઈલથી હસી જવાયું. પ્યાર નીતરતી નજરે તે જુવાન બેટાને જોતો રહ્યો. કેવો નિખાલસ છે છોકરો ! સાચી વાત કહીને મારાથી એનું દિલ કેમ દુભાવાય ? ઘડીવાર પહેલાં કરેલા ઇરાદાને તેણે મનમાં તળિયે ધકેલી દીધો. ના ના, હું એને ક્યારેય સાચું કહી શકીશ નહીં.

ઇન્સાનની આ કેવી કરુણતા છે ! પરાયાને પોતાનો કરી લીધા છતાં અને પોતાનો જ ગણીને તેને પ્યાર કરતા રહ્યા પછી પણ સચ્ચાઈ એનો પીછો છોડતી નથી. એ પોતાનો મટી જશે એનો અજંપો મનને પીડાયા કરે છે-અંતરને ડંખ્યા કરે છે . . . તો પણ એ કાયમ પોતાનો જ રહેશે એવી આશાના તાંતણે બિચારો ટીંગાતો રહે છે !

*

નાગપુર શહેરની બહાર તળાવ કાંઠે પડાવ નખાયો. ગણેશપુરમાં બ્રિજલાલ શાહુકારનો મોટો શિકાર કર્યા બાદ ઈસ્માઈલે એક નાની ટુકડીને આગળ

રવાના કરેલી. રસ્તામાં કોઈ રઝળાખઝ્યા શિકાર હાથ લાગે તો હાથ અજમાવી લેવાની ગણતરી હતી. હુસેનખાંની ટોળીએ ચાર છ એકલદોકલ મુસાફરોને ખતમ પણ કર્યા. છતાં મોટા શિકારની આશા નાગપુરમાં જ ફળવાની હતી.

કોણ અને કેવો હશે મારો પહેલો શિકાર? અમીર વારંવાર આ સવાલ મનમાં ઉથલાવ્યા કરતો હતો. તેણે એક વાતની ગાંઠ વાળી લીધેલી: શિકારના ગળામાં રૂમાલ નાખતી વખતે જરાય ઉશ્કેરાટ કે ગભરાટ દેખાવા દેવો નહીં. કોઈને ન લાગવું જોઈએ કે હું પોચા દિલનો આદમી છું.

પણ શાહુકારનો માલ વટાવવા શહેરમાં ગયેલા ઈસ્માઈલે પાછા ફરીને ખબર આપ્યા કે મોટો શિકાર હાથ લાગી ગયો છે ત્યારે અમીર ઉત્તેજનાના આંચકાને છુપાવી શક્યો નહીં: 'સાચું કહો છો ચાચાજાન !'

'સો ટકા સાચું અમીર ! તારા જેવા ચકોર નજરવાળાએ તો મારા પગલાં પરથી એ પારખી લેવું જોઈએ. કુદરત બેહદ તરફેણમાં દેખાય છે.'

ઈસ્માઈલના ઉમળકાએ બદ્રીનાથ અને હુસેનખાંને ચગાવ્યા. બદ્રી અમીરને જશ આપવાનું ચૂક્યો નહીં: 'આ જુવાનનાં પગલાં જ શુકનિયાળ છે ઈસ્માઈલમિયાં ! તેના પહેલા શિકાર વિષે જાણવાની અમારી તાલાવેલી ઉછાળા મારે છે.'

'તો સાંભળો, બહુ મોટો સોદાગર છે. બ્રિજલાલના માલના રોકડા કરવા બે ચાર વેપારીઓ પાસે ગયો તેમાં એ ભટકાયો અને મારી વાતમાં ભેરવાઈ પણ ગયો . . . માલ અંગે શંકા ન પડે એટલા ખાતર જ મેં તો કહેલું કે અમે હૈદ્રાબાદ જઈ રહ્યા છીએ. મારો નાનો ભાઈ ત્યાંના રાજા સિકંદર જાહની નોકરીમાં છે એટલે લશ્કરમાં ભરતી થવા જાઉં છું. ગામના થોડાક માણસોય મારી સાથે છે. વાટ ખરચી ખૂટી ગઈ એટલે સોનાના આ દાગીના વટાવવા પડે છે.'

બધાય ઈસ્માઈલની સામે આતુરતાથી જોતા હતા. એમની આંખોમાં 'પછી શું થયું' નો સવાલ ટીંગાતો હતો. ઈસ્માઈલે સોદાગર સાથેની વાતચીત વિગતે કહેવા માંડી :

'હૈદ્રાબાદ જવાનું સાંભળીને સોદાગર ખુશ થઈ ગયો. કહે કે મારેય વેપાર ધંધા અંગે એ તરફ જવું છે, પણ કોઈ સારા સંગાથની રાહ જોતો હતો. તમે અને તમારા માણસો અમારી હિફાજતનો બોજો ઉઠાવો તો આપણે સાથે ચાલીએ.' અને

મેં જાળ પાથરી દીધી: 'અરે તમે શું બોલ્યા, અમે રહ્યા સિપાહી લોકોની હિફાજત કરવી એ તો અમારો પહેલો ધર્મ છે.'

'નહિં, આ માત્ર મારા જાનની રક્ષાનો સવાલ નથી.' એમ કહીને સોદાગરે કાનમાં કહેલું: 'મારી સાથે હીરા મોતી અને સોના ચાંદીનું સારું એવું ઝવેરાત અને મોટી રકમની રોકડ હશે એની મને ફિકર છે.'

'ઓહ, એ તો બહુ મોટું જોખમ ગણાય.' એમ કહીને મેં વાતમાં જરા મોણ નાખ્યું એટલે એ બિચારાએ મને લાલચ આપી: 'હું આના બદલામાં તમારા માણસોને સારી બક્ષિસ આપીશ.'

'મારા સાથીદારો એવા લાલચું નથી.' મેં ધીમે ધીમે એને પીગળાવ્યો: 'છતાં બક્ષિસ આપો તેની સામે મને વાંધો નથી. તો પણ એક વાત કહી રાખું તમારી પાસે આટલી મોટી રકમની રોકડ અને ઝવેરાત છે એ તમે ખાનગી રાખજો.'

'એ કાંઈ બધાને કહેવાનું હોય !' સોદાગર પોતાને શાણો દેખાડવા આમ બોલ્યો હતો પણ એને ચેતવવાનું મેં જુદું જ કારણ કહ્યું: 'તમારી પાસે મોટી રકમનું જોખમ છે એ મારા સાથીઓ જાણી જાય તો બિચારાઓની આખે રસ્તે ઊંઘ હરામ થઈ જાય: એમને આપણે કારણ વગર ઉચાટ શું કામ કરાવવો. બરાબરને !'

'તમે ભારે સમજદાર નીકળ્યા.' સોદાગરે મારી તારીફ કરી. મેં મનમાં તો કહ્યું, 'બેટમજી, એનો અનુભવ તને આગળ ઉપર થશે.'

ઈસ્માઈલની વાતે સૌને ખુશખુશાલ કરી દીધા. એ શિકાર અમીરનો હતો એટલે તેણે વધુ ખુશાલી દેખાડવી પડી છતાં તેનાથી પૂછ્યા વિના રહેવાયું નહીં. 'સોદાગર સાથે કેટલા માણસો હશે ? બૈરી છોકરાંની સાથે નીકળવાનો નથી ને ?'

ઈસ્માઈલને એ સવાલ અને સવાલ પૂછવાની અમીરની રીત ખટકી. બીજા હાજર ન હોત તો એને ઠપકો આપત, ગમે તેટલા માણસો હોય તેની આપણને શું પરવા ? બૈરી છોકરાં સાથે હોવાથી બીજો શું ફરક પડવાનો ?

પણ અમીરને બધાની વચ્ચે ઉતારી પાડવાનું ઈસ્માઈલને ઠીક ન લાગ્યું, તેણે વાતને વાળી લેવા માહિતી આપી: 'વેપારધંધે નીકળે છે એટલે કુટુંબ કબીલા સાથે ન જ હોય . . . બેચાર નોકરો હશે. સાંજે આવશે એટલે એની ખબર પડી જશે.'

અને સાંજે પોતાના પહેલવહેલા શિકાર પર અમીરે દૂરથી નજર નાખી

ત્યારે પહેલાં તો છાતી બેસી ગઈ : કેવો પડછંદ અને કદાવર છે ! રૂમાલની ભીંસથી હું એને ગૂંગળાવી શકીશ ? મારી તાકાતની ઠેકડી તો નહિ થાયને ?

'ચેલા, શું વિચારમાં પડી ગયો.' પાછળ રૂપસિંહ ઊભો હતો તેણે અમીરને ચમકાવ્યો: 'માતેલા શિકારને આંખોમાં ઉતારવાની કોશિશ ચાલી રહી છે ને ?'

અમીર સોદાગર પરથી નજર હઠાવી શક્યો નહીં: 'ઉસ્તાદ તમારી તાલીમની અને મારી તાકાતની કસોટી થવાની છે.' પછી રૂપસિંહની સામે જોઈને ઉમેર્યું: 'પણ ફિકર ન કરતા, તમને જશ મળે એવો હું પૂરવાર થવાનો.'

'બહુ અભિમાન સારું નહિ. અમીર !' રૂપસિંહે તેને સાવધ કર્યો: 'મારી તાલીમ કે તારી તાકાત કરતાં દેવીની કૃપા મુખ્ય ભાગ ભજવે છે એ ભૂલી ન જા.'

અમીરની ખામોશીએ રૂપસિંહને ભ્રમમાં નાખ્યો. શિકારને જોયો એટલે કદાચ એનો આત્મવિશ્વાસ ઓસરી જશે. હિંમત બઢાવવા માટે તેણે ઉપાય દેખાડ્યો: 'અમીરઅલી, આપણે એક કામ કરીએ, એકાદ મામૂલી માણસને ભોળવીને આપણે રાતવરતના છાવણીમાં લઈ આવીએ. તું એના પર રૂમાલની અજમાયશ કરી જો. પછી આ સોદાગરના ગળામાં ફાંસો નાખવાનું વધું ફાવશે.'

'નહીં નહીં !' અમીર ઉશ્કેરાઈને તાડૂક્યો: 'તમે એવી બેહૂદી વાતો ન કરો, મારો પહેલો શિકાર તો આ સોદાગર જ થવાનો. તમને એમાં મારું ગુમાન દેખાય તો ભલે, પણ રૂપસિંહ એ ગુમાનના જોરે એક દિવસ હું તમારા જેવા સેંકડો ઠગોનો સરદાર બનું છું કે નહીં એ જોજો. ખુદા તમને એ જોવા માટે જીવતા રાખે.'

રાતોપીળો થઈ ગયો અમીર . . . ઉશ્કેરાટમાં પોતે વધું પડતું બોલી ગયો તેનું ભાન થયું છતાં હવે અફસોસં કરવાને બદલે જે કહ્યું છે તે કરી જ બતાવવાનો જુસ્સો તેણે જાળવી રાખ્યો. રૂપસિંહને પહેલી વાર એના ચહેરા પર આવું ઝનૂન જોવા મળ્યું અમીર માટે તેને અભિમાન જાગ્યું. સાથે સાથે વસવસો પણ થયો કે આ જુવાનને દેવીમાં હજુ પૂરી આસ્થા નથી. દેવીનો કોપ એના પર ન ઊતરે તો સારું.

*

નાગપુર જેવું મોટું શહેર પહેલી જ વાર અમીરને જોવા મળ્યું. તેની ઊંચી દુકાનો, મોટાં મકાનો, સોહામણાં મંદિરો અને ચોક-ચૌટા નિહાળતો એ બદ્રીનાથ સાથે બધે ઘૂમી વળ્યો. પોતે ગામ પાછો ફરશે ત્યારે અફલાને કહેવા જેવું ઘણું તેની

પાસે ભેગું થઈ ગયું હશે, કેટકેટલું યાદ રાખી શકશે ? જ્યારે જ્યારે અફલો યાદ આવતો ત્યારે અમીર ઉલઝનમાં પડી જતો: હું ઠગ બન્યો છું એ વાત તેનાથી છાની રાખી શકીશ ? બીજી સફરમાં અફલાને સાથે લેવાનું મારાથી થઈ શકશે ?

પહેલાંની અને હાલની જિંદગી વચ્ચેનું વધતું જતું અંતર અમીરને ક્યારેક ગૂંગળાવી નાખતું હતું. બાપે તેને પહેલેથી જ કહી દીધું હતું કે ઘર અને બહારના વ્યવહારની બેધારી જિંદગી જીવતા તેણે શીખી જવું પડશે. બીજાઓ સાથે બનાવટ કરી શકે પણ અફલા જેવા જિગરી દોસ્તને છેતરવાનું પાપ કેમ વહોરી લેવાય ?

આવા વિચારોની સતામણીમાંથી ફારેગ થવા તે મનને ઠપકો આપતો: હજુ સફર પૂરી તો થવા દે. ત્યારની વાત ત્યારે ... પહેલાં શિકારનું પરિણામ કેવુંક આવે છે એના પર બધો આધાર છે. રૂપસિંહને ઝનૂનમાં કહી તો દીધું કે હું ઠગનો સરદાર બનીશ, પણ ઊંડે ઊંડે ક્યારેક એવી ઇચ્છા જાગી ઊઠતી: આમાં હું કામિયાબ ન બનું તો કેવું સારું !

અફલાને છેતરવાની વાત હજુ આઘી હતી ત્યાં અમીર પોતાની જાતને છેતરવા માંડ્યો. ઠગની દીક્ષા લીધી, તાલીમ મેળવી અને શિકાર કરવાની તૈયારીયે થઈ ચૂકી ત્યારે બીજી બાજુથી તે કામિયાબ ન થવા માટે ઝંખતો હતો ! રાહ ભૂલેલા મુસાફરની જેમ એ આગળ વધતો હોવા છતાં પોતાની મંઝિલથી બેખબર હતો !

આ વિસામણમાં નવી દુનિયા જોવાનો આનંદ તે પૂરેપૂરો માણી શક્યો નહીં. નાગપુર ગયું અને અમરાવતી આવ્યું. સાથે સફર કરતા પેલા સોદાગરને તે ક્યારેક જ જોતો. વારંવાર તેની સામે જવાનો તેને અણગમો જાગતો. કદાચ એને માટે દયા જાગી આવે તો ? દૂર રહીને તે એના તરફની નફરત ઘૂંટ્યા કરતો. શિકાર બહુ મોટો હતો, સાથે દસ બળદો પર માલ લાદેલો હતો. આઠેક નોકરો લીધેલા અને પાછો જાણીતો સોદાગર એટલે નિર્જન જગ્યામાં તેને ખતમ કરવાનુ નક્કી થયેલું.

અમીરે બેત્રણ વાર બાપ પાસે પોતાની અધીરાઈ દેખાડી ત્યારે તેને સાંભળવું પડ્યું: 'દરેક વખતે તત્કાલ કામ પતાવવાનું ન હોય. કોઈક શિકાર બહુ માલદાર હોય ત્યારે દિવસોના દિવસો લગી ધીરજ ધરવી પડે છે. બધી બાજુનો વિચાર કરવો પડે. નાના નાના પચીસ ત્રીસ મુસાફરોને હડફેટમાં લેવા કરતાં આ

એક શિકાર વધુ ફાયદામંદ છે. મોટું ફળ મેળવવા ખાતર આકરું તપ કરવું પડે છે બેટા !

*

અમરાવતીથી ત્રણ મજલ કાપીને કાફલો મંગલપુર પહોંચ્યો ત્યારે અમીર જેની આતુરતાથી રાહ જોતો હતો એ વાત છેડાઈ: 'હવે સોદાગરની કિસ્મતનો ફેંસલો થઈ જશે.' ઈસ્માઈલે આગેવાન ઠગો સાથે મસલત કરવા માંડી. 'આગળનો રસ્તો નિર્જન હશે, નદી-નાળાં અને ઝાડી-ટેકરીઓ વચ્ચે સોદાગર અને તેના માણસોને આસાનીથી ખતમ કરી દફનાવી શકાશે.'

આછી ધ્રૂજારી વ્યાપી ગઈ અમીરના અંગેઅંગમાં.

'આપણે એક ટુકડીને આગળ રવાના કરી દઈએ.' તેના બાપુ સમજાવતા હતા: 'હુસેનખાં, તારે આગળ જવાનું છે. સાથે બધા જ ઘોર ખોદનારાઓને લઈ લેવાના. જગ્યા એવી પસંદ કરજો કે કેડીથી છેટે હોય. રસ્તામાં પાંચ સાત જાણકારોને સાથે રાખજો. કબર ખોદાઈ ગઈ છે એવી બાતમી અમને અગાઉથી મળવી જોઈએ. કામ રાતોરાત પતાવી દેવાનું છે.'

'જમાદાર ! સોદાગર પાસે અંદાજે કેટલી મત્તા હશે ?' પીરખાંનું લાલચું મન કાબૂમાં ન રહ્યું.

'દેવીની કૃપાથી માલદાર શિકાર ભેટ્યો છે.' ઈસ્માઈલે પાનો ચડાવ્યો: 'ઠગ તરીકે આટલા વરસમાં આવો મોટો શિકાર આપણને પહેલવહેલો મળે છે. અત્યારે અંદાજ કાઢવાનો કોઈ અર્થ નથી, અમરાવતીથી તેણે બે ગાંસડી બનારસી કાપડની ખરીદી તે પાંચ હજારથી ઓછી નહિ હોય, તે ઝવેરાત ક્યાં સંતાડી રાખે છે એ પણ મારાથી છાનું નથી. વીસ પચ્ચીસ હજારનો મારો ક્યાસ છે.'

આંકડો સાંભળીને બધાની આંખો ચમકવા લાગી. પોતાને ભાગે કેટલું આવે એના હિસાબ પણ મનમાં મંડાવા માંડ્યા. એક માત્ર અમીરને એની પરવા નહોતી. એનો હિસાબ ચોખ્ખો હતો: સોદાગરના કિસ્મત સાથે પોતાના કિસ્મતનો પણ ફેંસલો થવાનો છે તેની ફિકર એને સતાવતી હતી. ઈસ્માઈલે તેને સાવધ કર્યો: 'અમીર, તું તૈયાર છો ને ?'

'હું પંદર દિવસથી એ તકની રાહ જોઉં છું.'

'પણ જમાદાર, અમીરઅલી માટે આપણે શુકન જાણવા જરૂરી છે.' રૂપસિંહે

અગત્યની વિધિની યાદ કરાવી: 'સોદાગર અત્યારે ગામમાં ગયો છે. આપણે હમણાં જ એ વિધિ પતાવી દઈએ.'

અમીરે રૂપસિંહની સામે કતરાતી આંખે જોયું. ડગલે ને પગલે વિધિ અને શુકનનું લફરું તેને કંટાળાજનક લાગતું હતું, પણ તેના સિવાય બીજા કોઈને એ બિનજરૂરી ન લાગ્યું ત્યારે એને પરાણે ઊઠવું પડ્યું.

છાવણીથી એકાદ ફર્લાંગ છેટે પાંચસાત જણા જઈ પહોંચ્યા. સૌથી આગળ બદ્રીનાથ હતો, તેણે હાથમાં પેલી પવિત્ર કોદાળી પકડેલી. અમીરના ઉસ્તાદ તરીકે રૂપસિંહે વિધિ કરવાની હતી. સુદનો ચંદ્રમાં હજુ આકાશના આંગણામાં ખેલવા બહાર પડ્યો નહોતો. ગરમ મિજાજનો બાપ બહાર ચાલ્યા ગયા પછી ડરપોક દીકરો ઘણીવાર સુધી તેની ધાકથી ઘરમાં ભરાઈ રહે તેમ સૂરજ આથમી ગયા છતાં ચંદ્ર ખીલી ઊઠતાં ડરતો હતો.

'જય કાલીમાતા, જય ભવાની દેવી !' રૂપસિંહે બંને હાથ ઊંચા કરી દેવીને આહ્‌વાહન આપ્યું: 'તારો આ નવો ભક્ત તને પહેલો ભોગ ધરવા તૈયાર થયો છે. એને તારા આર્શીવાદરૂપ એક સારું શુકન આપજે.'

ડોક ઊંચી રાખી આજીજીભરી નજરે બધા આકાશને તાકતા હતા ત્યારે અમીરનું હૈયું ફફડતું હતું: સારાં શુકન ન મળ્યા તો ? આ શિકાર બીજાને સોંપાઈ જશે ... પાંચ-સાત મિનિટ સન્નાટો છવાઈ રહ્યો. અમીરે ફેંસલો કરી લીધો. શુકનની એસી-તેસી. આ કામ પોતે જ કરવાનો ... શુકનને કારણે કોઈ આડું પડશે તો રૂમાલ બાપને સોંપી દઈ પાછો ફરી જઈશ. કદાચ તે આવા કોઈ બહાના માટે ઝંખતો હતો-તેને ખબર હતી કે એ હવે ક્યારેય ઠગ મટી શકવાનો નથી છતાંય !

એવી કવેળાએય જમણી બાજુથી એક ગધેડું ભૂક્યું અને અમીર સિવાય બીજા સૌ નાચી ઊઠ્યા : 'જય ભવાની જય કાલિકા ... ના પોકારો સાથે અમીરને ભેટવા લાગ્યા: 'થીબાવનું બહેતરીન શુકન મળ્યું અમીર !' ઈસ્માઈલ સૌથી વધુ ખુશંખુશાલ હતો: 'સોદાગર નક્કી તારા હાથે જ સ્વધામ પહોંચી જવાનો.'

અમીર કાંઈક કહેવા જતો હતો ત્યાં બદ્રીનાથે બધાને સાવચેત કર્યા: 'સામેથી કોણ આવે છે ?' સૌ ચોંકીને જોવા લાગ્યા, ત્રણ ચાર માણસો ઝડપભેર આવતા દેખાયા. પહેલાં તો ફાળ પડી. કદાચ ગામમાં જઈ સોદાગરે કોઈ ને વાત કરી હોય અને વહેમાયને કોટવાળ ખાતરી કરવા આવતા હોય. અમીરે વિધિ માટે જમીન

પર મૂકેલી તલવાર ઊંચકી લીધી. ઈસ્માઈલે તેની સામે આંખો કાઢી: 'જરાય ઉશ્કેરાવાનું નથી ... તારો રૂમાલ કમરબંધમાં ભરાવી દે. મારા સિવાય કોઈ જવાબ આપતા નહીં.'

જોખમી સંજોગો ન હોત તો અમીરને થોડીવાર પહેલાં મળેલા શુકન પર હસવાનું મન થાત. તેને બદલે અત્યારે એનો શ્વાસ અધ્ધર થઈ ગયો. બદ્રીનાથે ઝટપટ હાથો છૂટો કરીને કોદાળી કમરમાં છુપાવી દીધી.

માણસો નજીક ને નજીક આવતા ગયા અને આ લોકો ચૂપચાપ ત્યાં જ ઊભા રહ્યા. દસબાર ગજનું છેટું રહ્યું ત્યારે ઈસ્માઈલ બબડ્યો: 'હત્તારીની ...આ તો સોદાગર જ આવે છે ! સન્નાટામાં તે આપણી વાત સાંભળી નથી ગયોને એની પહેલાં ખાતરી કરવી પડશે. નહીંતર.'

મોં દેખાય એટલી નજદીક આવીને સોદાગર ઊભો રહી ગયો: 'અરે ઈસ્માઈલખાન, તમે છો ?' અમે તો ગભરાઈ ગયા. ચોર-લૂંટારું રસ્તો રોકીને ઊભા છે એવો ભય લાગ્યો હતો.'

'છાવણી સામે જ છે પછી ભય શેનો ?' ઈસ્માઈલે ખંધુ હસીને કહ્યું: 'તમારી હિફાજત કરવાનો વાયદો આપ્યો છે છતાં ભરોસો નથી !' બનાવટી ઠપકો અવાજમાં ભેળવીને ઉમેર્યું: 'અમને તમારી ફિકર થઈ, અત્યાર સુધી કેમ આવ્યા નહિ ? છેવટે તમને લેવા માટે અમે સામા આવવા નીકળ્યા.'

'તમારી હિફાજતમાં મને પૂરો ભરોસો છે. ઈસ્માઈલમિયાં !' સોદાગરે અવાજમાં પસ્તાવો લાવી કહ્યું: 'પણ તમને આકાશમાં જોતાં દીઠા એટલે વહેમ ગયો !'

'શેનો વહેમ ?' ઈસ્માઈલને ફડકો પડ્યો.

'સાંભળ્યું છે કે ચોર-લૂંટારા શુકન જોવા માટે આકાશ તરફ નજર માંડતા હોય છે.'

અમીરનું દિલ એક બે ધબકાર ચૂકી ગયું. શિકાર ચેતી ગયાનો આ અણસાર હતો ? પણ તેને એના બાપની ઠાવકાઈ માટે અચરજ જાગ્યું. તે કેટલી સિફતથી કહેતા હતા: 'અરે જનાબ, તમે પણ ભારે કરી ... આજે બીજ છે એ ભૂલી ગયા કે ? અમે મુસલમાનો બીજને માનીએ છીએ તેનોય તમને ખ્યાલ નથી ?'

'ઓહ, એ વાત તો હું વિસરી ગયો.' સોદાગરે પોતાની ગુસ્તાખીનો

અફસોસ વ્યક્ત કર્યો: 'સાચું કહું ? આજ બપોરથી મારી એક આંખ ફરકે છે. કાંઈક અશુભ થવાના ભયના ભણકારા વાગે ત્યારે માણસને સિંદરીમાંય સાપ દેખાવા માંડે છે.' એમ કહીને હેં ... હેં ... કરતો પોકળ હસ્યો ત્યારે અમીરિ ધરપત અનુભવી અને ઈસ્માઈલે આડું જોઈ લઈ દાંત ભીંસીને સોદાગરના એ હાસ્યને કચડી નાખ્યું.

*

તારાઓના આછા અજવાળામાં કાફલો આગે બઢતો હતો. સોદાગર ગાડામાં આડો પડ્યો હતો. ઈસ્માઈલ ઘોડા પર મોખરે જતો હતો અમીર વારે વારે પોતાનો રૂમાલ પંપાળી હિંમત એકઠી કરતો પગપાળા આગળ વધતો હતો. ગમે ત્યારે બાપનો હુકમ થાય તો સોદાગર પર તૂટી પડવાની ફાવટ રહે એટલા માટે ગાડાની પડખોપડખ ચાલતો હતો. કતલની ઘડીનો ઉશ્કેરાટ તેના અંગેઅંગમાં ફરકતો હતો.

ઊંચોનીચો રસ્તો આવ્યો ત્યાં આગળની ટુકડીમાં ગયેલો એક ઠગ સામો મળ્યો. અમીર ઝડપથી એના બાપ પાસે પહોંચી ગયો. ઈસ્માઈલ પેલાને પૂછતો હતો. 'બિલ મંજેહ ?' (કબર તૈયાર થઈ ગઈ ?) તેણે જવાબમાં કહ્યું: 'મંજેહ !'

રામસી જબાનમાં વધુ પૂછપરછ કરીને ઈસ્માઈલે જાણી લીધું કે સાંકડા નાળાના ભાઠા નજદીક કબર ખોદી છે જે હવે અર્ધા કોસથી છેટે નહોતી. ઈસ્માઈલે હાક મારી :

બધાય ઠગો ઉત્તેજનાથી ટટ્ટાર થઈ ગયા. અમીરિ પીળા રૂમાલની ગાંઠ તપાસી લીધી. તેની છાતી જોશથી ધબકવા માંડી જાણે તાવ આવ્યો હોય તેમ લોહી તપવા લાગ્યું. ઈસ્માઈલે ઘોડાની ચાલ ધીમી કરી. સોદાગરનું ગાડું નજીક આવ્યું એટલે સાદ દીધો: 'મહેરબાન, તમારે નીચે ઊતરવું પડશે. રસ્તો ઢોળાવવાળો છે. વચ્ચે નાળું છે, ઠેરઠેર આડશો પડેલી છે.'

અર્ધો જાગતો-ઊંઘતો સોદાગર ગાડા બહાર ડોકાયો. તેને જોઈને અમીરના દાંત ભીંસાયા. જાણે કહેતો હોય: બેવકૂફ નીચે ઊતરને મારા હાથમાં ચટપટી જાગી છે.

સોદાગરને હાથ આપીને નીચે ઉતારતી વખતે અમીરિ આછી ધ્રૂજારી અનુભવી. પેલાએ મલકીને તેની સામે જોયું: 'મારી ખબર રાખવા માટે હું તને જરૂર ખુશ કરીશ.'



અમીરે આંચકા સાથે હાથ પાછો ખેંચી લીધો. ખુન્નસભર્યો ચહેરો ચાડી ખાઈ ન જાય એ માટે સાવધ રહ્યો. ગાડું ઢોળાવ ઊતરી ગયું. ચંદ્રના પ્રકાશમાં નાળાનાં પાણી ચમકતાં હતાં. ઝાડીમાંથી આવતો પવન શીતળ હોવા છતાં અમીરને પસીનો વળવા માંડ્યો. રળિયામણું દ્રશ્ય તેને બિહામણું લાગ્યું. તેને બાપ પર ખીજ ચડી: હવે શું કામ વિલંબ કરે છે એ? સંકેત કેમ આપતા નથી ?

ધીમે ધીમે ઠગો પોતપોતાની જગ્યાએ ગોઠવાતા જતા હતા. નાળાના ભાઠાંની રેતીમાં ઊતરેલા બળદોને હાંકવા માટે સોદાગરના માણસો ડચકારા કરતા હતા. અમીર રૂમાલ પકડીને સોદાગરની પાછળ લગોલગ ચાલતો હતો. ઘડીઓ ગણાતી હતી.

અને એક ત્રાડ સંભળાઈ: 'જય કાળી !'

એક હાથ જેટલે આગળ ઊભેલા સોદાગર પર અમીર તૂટી પડ્યો. આંખના પલકારામાં તેનો રૂમાલ પેલાના ગળામાં ભેરવાયો. સાથે સાથે બાજુમાં ઊભેલા નોકરના ગળામાં પણ બીજા ઠગનો રૂમાલ પડ્યો. લગભગ એકી વખતે શેઠ-નોકરના ગળાં ભીંસાયાં. અમીરે જડબાં ભીંસી, આંખો મીંચી, કાંડા પર જોર અજમાવ્યું. તેના કપાળની નશો ઊપસી આવી. શ્વાસ ભરાઈ જવાથી ફેફસાં ફૂલી ગયાં.

બીજી જ મિનિટે સોદાગર ભોંય પર પટકાઈ પડ્યો. અમીરે રૂમાલની ભીંસ જરાય ઢીલી થવા દીધી નહીં. ગોઠણભેર થઈ તેણે રૂમાલના બંને છેડાને સામાસામા ખેંચ્યા. જોરથી . . . વધુ . . . જોરથી . . .

સોદાગરનું ગળું ભીસાઈ ગયું, શ્વાસ રૂંધાઈ ગયો. જે માણસે થોડીવાર પહેલાં તેને બક્ષિસ આપવાનો ઇશારો કર્યો હતો એને જ અમીરે મોત બક્ષી દીધું !

'શાબાશ બચ્ચા !' ધારીધારીને દીકરાની કરામત નીરખી રહેલા ઈસ્માઈલે આનંદની ચિચિયારી પાડી છતાં અમીરનું ઝનૂન ઓસર્યું નહીં. તેનો ભયાનક દેખાવ જોઈને ઈસ્માઈલ હેબતાઈ ગયો. ખભો પકડીને તેણે દીકરાને હલબલાવ્યો: 'છોડ હવે, એ ખતમ થઈ ગયો.'

રૂમાલના છેડા છોડી દીધા ત્યારે અમીરના આંગળા અક્કડ થઈ ગયેલા દેખાયા. તેની આંખોમાં રાક્ષસી ખુન્નસ થીજી ગયું હતું. ભીંસાયેલા દાંત છૂટા થતા

ન હોય તેમ એ બાપની સામે આંખો ફાડીને ઘુરકતો હતો. જાણે કહેતો હોય: 'બસ પતી ગયું ? હું ઠગ બની ગયો ?'

ઈસ્માઈલે બાવડાં પકડીને તેને ઊભો કર્યો, હેતથી પોતાની બાથમાં વળગાડ્યો: 'ધાર્યા કરતાંય તેં સિફતથી કામ કરી બતાવ્યું અમીર !'

પણ આ શું ? અમીરનું શરીર આટલું બધું ધગે છે કેમ ? છાતી ફાટી પડવાની હોય એમ ધબકે છે કેમ ? હજુએ કંઈ બોલતો કેમ નથી ? એની આંખોમાંથી ખુન્નસ હઠતું કેમ નથી ?

ઈસ્માઈલ બેબાકળો બની ગયો. દીકરાનો બરડો પંપાળીને તેણે એને સ્વસ્થ કરવા વહાલ વરસાવ્યું: 'શું વિચારમાં પડી ગયો ? બાઘાની જેમ કેમ જુએ છે બેટા ?

ફેફસાંમાં ભરી રાખેલો શ્વાસ બહાર કાઢીને અમીરે ઉગ્ર અવાજે સામે ઊભેલા બાપને સંભળાવ્યું : 'મને આવા એક શિકારથી ધરવ નથી થયો. મારે બીજા શિકાર જોઈએ. એક બે નહીં, પચાસ સો માણસોના ગળા ભીંસી નાખવા છે મારે . . . દેવીને હું સૌથી વધુ ભોગ ધરવા માગું છું. હું કોઈને નહિ છોડું-કોઈને નહીં !'

છેલ્લા શબ્દો તેણે બહુ મોટેથી બરાડ્યા ત્યારે બીજા સાથીઓ ત્યાં દોડી આવ્યા: 'જોયું ને, પહેલા શિકારમાં કેવું ઝનૂન ચડી આવ્યું !' હુસેનખાંએ તેની તારીફ કરી. રૂપસિંહ પણ પોતાના ચેલાના પરાક્રમ પર પોરસાયા વગર રહી શક્યો નહીં : 'શિકાર કદાવર હતો છતાં એના મોંમાંથી એક હરફ ન નીકળવા દીધો તેં . . .'

અમીરના મન પર આ તારીફની કોઈ અસર થઈ નહીં. તે તો જનમ જનમના તરસ્યા આત્માની જેમ બીજો શિકાર ક્યારે કરું એના જ વિચારમાં ઊંડો ઊતરી ગયો હતો.

*

૧૮

બાસીમ ગામે એક ખેતરમાં પડાવ નાખી, મંગલુરમાં ખતમ કરેલા સોદાગરનો માલ ખોલ્યો ત્યારે બધા ઠગોની આંખો ફાટી રહી. સોના મહોરો, હીરા-મોતી અને માણેકનું ઝવેરાત, સાડાત્રણ હજાર રૂપિયા રોકડા. ઉપરાંત જરિયાન અને કિનખાબનાં કિંમતી કાપડની બે ગાંસડીઓ . . . આખી સફરમાં મળે એટલો માલ અમીરના એક જ શિકાર પાસેથી સાંપડ્યો એ અચરજે બધાને અવાક્ કરી મૂક્યા. દરેકના ચહેરા પરની ખુશાલી અમીરને દાદ આપવા લાગી. કોઈ ફરિશ્તા જેવો ચમત્કારિક આદમી એમની વચ્ચે આવી ચઢ્યો હોય એવો અમીર સૌને લાગવા માંડ્યો.

'બાપ કરતાં બેટો સવાયો થશે એમાં હવે કોઈને શક નથી !' હુસેનખાંએ જબાનથી અમીરની પીઠ થાબડી. ઈસ્માઈલના મુખ પર મગરૂરી ઝબકવા લાગી. અમીર પોતાની તારીફથી બેપરવાહ રહેવા પ્રયાસ કરતો હતો છતાં એના હોઠ મરક મરક થઈને ભીતરનો આનંદ ઉઘાડો પાડી દેતા હતા.

'અમીર, તું મારો બેટો છે એટલે તારી ખુશામત થાય છે એવું નહીં માનતો.' ઈસ્માઈલે હુક્કાનો દમ ખેંચતા કહ્યું: 'હકીકતમાં તું શુકનિયાળ સાબિત થયો છે.'

મારા બદલે કોઈપણના હાથે સોદાગર મરાયો હોત તો આ જ માલ આપણને મળવાનો હતો સરદાર !' અમીરે નમ્રતા દાખવી: 'ખરો જશ તો આપને ફાળે જાય છે. સોદાગરને ફસાવવાનું મુશ્કેલ કામ આપે આસાનીથી કરી બતાવ્યું.'

હુસેનખાં વચ્ચે બોલવા જતો હતો એને રોકીને ઈસ્માઈલે જવાબ આપ્યો: 'નહીં, એવો વિવેક દાખવવાની જરૂર નથી કદાચ દેવીના ચમત્કારના તને વધુ પરચા

મળ્યા નથી એટલે તું આવી દલીલ કરે તો એ બરાબર ન ગણાય. આપણે બધા જાણીએ છીએ કે ગણેશપુરથી ઊપડ્યા ત્યારે ફેંસલો થયેલો, હવે પછીનો શિકાર તારો પહેલો શિકાર હશે ...' ઇસ્માઈલે હુક્કાની ગડગડાટી બોલાવી આગળ ચલાવ્યું: 'ત્યારથી દેવીએ તારા પર કૃપા વરસાવવાનું ઠરાવ્યું હશે. એટલું યાદ રાખજે કે દરેક શિકારને દેવી આપણા તરફ ધકેલે છે. આપણે લોકો તો માત્ર એમની આજ્ઞાને આધીન રહી ફરજ બજાવીએ છીએ.'

'આપણે હવે ભાગ કેવી રીતે પાડશું એ નક્કી કરવું જોઈએ.' પીરખાંની નજર લૂંટના માલ પરથી હઠતી નહોતી. તેને આવતે વરસે દીકરી પરણાવવાની હોવાથી આવકની વધારે ચિંતા હતી. પીરખાં ખાવા-પીવામાં કરકસર કરીનેય સફરમાં પૈસા બચાવતો હતો એ કોઈથી અજાણ્યું નહોતું.

'આપણે રોકડ રકમ અને પરચૂરણ ચીજ વસ્તુના ભાગલા પાડીએ.' ઇસ્માઈલે સરદારની ઢબે રાય આપી: 'ઝવેરાત તથા કિંમતી કાપડ તો હૈદ્રાબાદ જઈને વટાવીશું અને શિવપુરી બધા ભેગા થશું ત્યારે દરેકનો હિસ્સો સૌને હું સુપરત કરી દઈશ.'

આ પ્રસ્તાવમાં કોઈને વાંધા જેવું ન લાગ્યું. મોટાભાગે લૂંટનો કિંમતી માલ સારી કિંમતે વટાવીને પછી જ તેના ભાગલા પડે એવો શિરસ્તો હતો. એ સિવાય બીજો રસ્તો પણ નહોતો. છતાં પીરખાંનુ મોં ઝંખવાણું પડી ગયું. એ બિચારાને પોતાના ભાગે શું આવશે એ જાણવાની તાલાવેલી હતી. નીચું જોઈને એ પૂછી બેઠો 'અંદાજે કિંમત કેટલી આવશે ?'

કેટલાકને એ સવાલ ખટક્યો, સરદાર પર છોડી દેવામાં આવ્યા પછી તેની વધુ પૂછપરછ કરવાની મનાઈ ગણાતી. હુસેનખાં રાતોચોળ થઈ ગયો, ઇસ્માઈલનો સૌથી વફાદાર સાથી આવી ગુસ્તાખી કેમ સહી શકે ?

'પીરખાં, તેં એવો સવાલ પૂછ્યો કે સરદાર પર જાણે તને ભરોસો ન હોય . . . માલ વટાવ્યા વિના તેની કિંમત આંકવાનું બેવકૂફી ભર્યું ગણાય. ઇસ્માઈલમિયાં આપણને વધુમાં વધુ કિંમત આપવાની કોશિશ કરે છે એ તારાથી અજાણ્યું છે ?'

પીરખાં ભોઠો પડ્યો. બચાવ કરવા તેણે કહેવું પડ્યું: 'હું શકથી પૂછતો નહોતો.' થૂંક ગળે ઉતારીને લાચારી ભર્યા અવાજે ઉમેર્યું: 'આવતા વરસે છોકરીને

પરણાવ્યા વિના ચાલે એમ નથી. બે વરસથી ઓરતને કહેતો આવું છું. આ વખતે સારા પૈસા કમાઈ લાવીશ ... પણ ગુજારા પૂરતું જ લઈ જાઉં છું.'

પીરખાંની આંખોના ખૂણા ભીંજાતા દેખાયા. અમીરના દિલમાં હમદર્દી ઊભરાઈ આવી. ઉંમર લાયક બેટીના ગરીબ બાપની લાચારી તેને સ્પર્શી ગઈ

'સરદાર, આ લૂંટમાં મારો કોઈ હિસ્સો ખરો કે નહીં ?'

અમીરને અત્યારે આમ પૂછવાનું ક્યાંથી સૂઝયું ! પૈસાદાર બાપના બેટાને ભાગની ચિંતા કેમ જાગી એવા ભાવ કેટલાક ઠગોના મોં પર ચિતરાયા. બાપની આંખો પણ તાજ્જુબીથી પહોળી થઈ છતાં તેણે હસીને વાત વાળી લીધી: 'હા અમીર, તું હવે હિસ્સાનો પૂરો હકદાર થયો છે.'

'તો સરદાર મારી એક અરજ છે.' અમીરના શબ્દોએ બધાની નજર ખેંચી. અમીર જરાય આવેશ વિના કહી બેઠો: 'આ માલમાંથી મારા ભાગમાં જે આવે તેની અર્ધી રકમ પીરખાંને આપજો.'

હેં ! બધાના મોં ઉઘાડા રહી ગયા. અમીરની એ તુમાખી હતી કે ઉદારતા ? આનંદનો આંચકો અનુભવતો પીરખાં અમીરને તાકી રહ્યો. પોતે કંઈ અજુગતું કહી નાખ્યું નથી એ જોવા અમીરે બાપ સામે જોયું. ઇસ્માઈલના હુક્કાની નળી અધ્ધર જ અટકી ગઈ. દીકરાના આ વલણ માટે પોરસ કરવો કે રોષ દાખવવો એ નક્કી ન કરી શકતો હોય એવી ઉલઝન તેના ચહેરા પર આંટાફેરા કરતી દેખાઈ. બેટો ઉદાર દિલનો હતો તે માટે અભિમાન જાગ્યું, તેમ પોતાને પૂછ્યા વિના આવું જાહેર કરી દીધું એનો વસવસો પણ થયો.

'તારી મરજી સામે મને કોઈ હરકત નથી' ઇસ્માઈલે કહેવું પડ્યું: 'તું હવે ઉમ્મર લાયક થયો. તારો હિસ્સો વાપરવા માટે તું મુખત્યાર છો.'

'ખુદા તમને બરકત બક્ષે.' પીરખાંએ આંસુભરી આંખે અમીરને દુઆ દીધી. કેટલાક ઠગોને પીરખાંના નસીબની અદેખાઈ જાગી. ભૂત્તોત તરીકે અમીરને આ લૂંટમાંથી સારો હિસ્સો મળવાનો અને તેમાંથી અર્ધો આ બુઢ્ઢાને જશે તો એ ન્યાલ થઈ જવાનો. રૂપસિંહ જેવાએ છાનો અફસોસ કર્યો કે મને ગુરૂદક્ષિણામાં બેચાર ચાંદીના રૂપિયા મળ્યા અને પીરખાંને લેવાદેવા વગર અર્ધો ભાગ આપી દીધો ! હુસેનખાંએ વળી શુકનિયાળ અમીર માટે જુદો વિચાર કરી ઇસ્માઈલ સામે પ્રસ્તાવ મૂક્યો :

'આપને હરકત ન હોય તો હવે આપણી ટોળી જુદી પડે તેમાં અમીરઅલીને મારી સાથે રહેવા દેજો.'

અમીરને પોતાનું મહત્વ એકાએક બેવડાઇ જતું દેખાયું.

'નહીં હુસેન, અમીરને હજુ ઘણું શીખવાનું છે. મોટી ટોળીની સાથે રહે તે એના લાભમાં છે. વળી, હૈદ્રાબાદ જેવું શહેર જોવાનો લ્હાવો પહેલી સફરમાં તેને મળવો જોઈએ.'

'હા હા, હવે એને મારી સાથે સોથાનો પાઠ ભજવવાનો છે.' બદ્રીનાથે ટાપશી પૂરાવી: 'કેમ અમીરમિયાં, આપણી જોડી બરાબર જામશે ને ?'

'જેવી તમારા બધાની મરજી !' તેને મન બધું સરખું હોય એ રીતે બોલ્યો: 'સરદાર કહે એ મને મંજૂર છે.'

વાત આટલેથી જ આટોપાઇ ગઈ

*

રાતે વાળુ પતાવીને ચંદ્રના અજવાળે સફર આગળ ધપી. ફંટાતા રસ્તે હુસેનખાંની ચાલીસેક ઠગોની ટોળી 'જય ભવાની' ના પોકારોની આપલે કરી અલગ પડી. શિવપુરીના સંકેત સ્થાને ફરી ભેગા ન મળે ત્યાં લગી કોના પર કેવી વીતી તેની જાણ કોઇને થવાની નહોતી.

હૈદ્રાબાદની દખ્ખણ દિશામાં ઇસ્માઇલ પોતાની ટોળીને લઇ આગળ વધતો હતો. સોદાગરના શિકારે ધરવ કરી દીધો હોવાથી નાનાં નાનાં ગામડાં છાતરી, સાધારણ મુસાફરોને ફસાવવાની પંચાતમાં પડ્યા વિના ઝડપથી રસ્તો કાપતા હતા. હૈદ્રાબાદ પહોંચીને માલ વટાવવાની ઉતાવળ હતી, આવા વેરાન રસ્તે આવડી મોટી ટોળીને જોઇ કોઇને શક પડવાનોય ડર હતો. એટલે રસ્તાની પૂછપરછ પૂરતી કે હુક્કાના દેવતા લેવા ખાતર બેચાર ઠગ કોઇ કોઇ ગામમાં જઇ આવતા.

હુસેનખાં અલગ પડ્યા પછી બદ્રીનાથનો જુસ્સો વધ્યો છે એ અમીરના ધ્યાન બહાર ગયું નહીં. તેણે એ પણ જાણી લીધું કે હુસેન અને બદ્રી વચ્ચે તેના બાપના વિશ્વાસુ સાથીદાર થવાની કટ્ટર હરીફાઇ ચાલતી હતી. બદ્રી ચપળ, ચાલાક અને ચકોર હતો. દેવીની કોદાળી રાખવાનો તેનો અધિકાર, શુકન જોવાની આવડત અને મુસાફરોને ફસાવવાની વાક્ચાતુરીને કારણે તે મોખરાનું સ્થાન મેળવવા માટે વધુ લાયક હતો. છતાં હસેનખાં ઇસ્માઇલનો કાયમી સાથીદાર હોવાથી બદ્રી પહેલાં

એ જમાદારના હોદ્દે પહોંચી ગયો.

'હેં બદ્રીનાથ, કોઈ વાર ઠગો વચ્ચે આપસમાં લડાઈ થાય ખરી ?' અમીરે વધુ જાણકારી હાંસલ કરવા પૂછેલું.

'ભાગ્યે જ એવું બને છે.' બદ્રી આટલું કહીને કાંઈક યાદ કરતો હોય તેમ મૂંગો રહ્યો. અમીર હવે આ બાંઠકા બ્રાહ્મણની ખાસિયતથી વાકેફ થઈ ગયેલો. બધું એકીસાથે બોલી નાખવાની એની આદત નહોતી, છતાં પોતાથી એ કાંઈ છુપાવતો નથી એવી પણ અમીરને ખાતરી બેસી ગઈ હતી. તેણે બદ્રીના તિલકવાળા કપાળમાં કરચલી પડતી જોઈ. તે કાંઈક કહેવા માગે છે તેની એ નિશાની હતી.

'આમતો એક જ ટોળીના શું, અલગ અલગ ટોળીના ઠગોય લડાઈ કરતા નથી. આખરે તો બધા એક જ દેવીના ભકતો છીએ ને. આપસમાં વેર બાંધવામાં બંને બાજુ જોખમ ઊભું થાય. છતાં ક્યારેક તકરાર જામી પડે ખરી.'

'તકરાર મારામારી ઉપર આવી જાય તો ?'

'સરદાર એવું બનવા ન દે. ઠગોની તકરાર મોટાભાગે જબાનથી જ સમેટાઈ જાય છે. સરદાર વચ્ચે પડીને ઈન્સાફ કે ફેંસલો કરે તે બંનેએ માથે ચડાવવાનો હોય.'

'અને સરદારનો ફેંસલો કોઈ માન્ય ન રાખે તો ?'

અમીરે જોયું કે તેના આ સવાલે બદ્રીને હેબતાવી દીધો. આવો વિચાર કરવામાં પણ ભારે અપરાધ થતો હોય તેવી બેચેની એના ચહેરા પર તરવરવા લાગી. અમીરે જવાબ સાંભળવા ધીરજ રાખવી પડી. બદ્રીના કપાળમાં કરચલીઓ પડે ત્યાં લગી રાહ જોવી પડી.

'એવું મેં ક્યારેય જોયું નથી. કહેવાય છે કે સરદારની સામે થનાર કે દેવીના નિયમ વિરૂદ્ધ જનાર ઠગને તેના સાથીઓના હાથે જ ખતમ થવું પડે છે.'

અમીરને આટલેથી સંતોષ ન થયો. વાતનો પૂરેપૂરો તાગ લેવા માગતો હોય તેમ એ વધુ ઊંડો ઊતર્યો. 'એવો એકાદો દાખલો તારા ધ્યાનમાં હોય તો કહેને.'

બદ્રી લુખ્ખું હસ્યો. અમીરની જિજ્ઞાસા તેને ગમતી હતી તેમ ક્યારેક મૂંઝવી પણ જતી. આ સવાલનો જવાબ તેણે સાચવીને આપ્યો.

'આવા કિસ્સા જેણે નજરે જોયા હોય તે બીજાને કહી શકે નહીં. કહેનારો

ઉઘાડો પડી જાય તો બીજી સફરમાં એનેય ખતમ કરી દેવામાં આવે.'

'હં !' અમીરને આંચકો લાગ્યો. તેને આ નિયમ વધુ પડતો સખ્તાઇ ભર્યો લાગ્યો. બદ્રી પાસેથી હવે એ વિષે જાણવાનું અશક્ય હતું કારણ કે નિયમનું પાલન કરવામાં એ ભારે ચુસ્ત રહેતો. છતાં અમીર વાતનો એમ છેડો છોડવા નહોતો માગતો.

'ઠગને મારવાનો કિસ્સો ભલે ન કહેવાય, પણ તકરારની વાત જણાવવામાં હરકત નથી ને ?'

'ના !' બદ્રી આ વખતે હોંશથી હસ્યો. તો પણ આદત મુજબ થોડું અટક્યો ખરો: 'તમારા બાપુ સાથે એક માથાભારે ઠગની તકરાર જામી પડેલી.'

'હવે અમીરને ચોંક્વું પડ્યું: 'મારા બાપુ સાથે ! કોને, ક્યારે, શું કામ ?' બહુ અધીરાઇથી પૂછી બેઠો એ.

'મેં તો સાંભળેલી વાત છે. બહુ વરસો થઇ ગયા એને ...' બદ્રી ફરી રોકાયો, અમીરને તેણે અણધાર્યો સવાલ કર્યો: 'તારી ઉમ્મર કેટલી હશે અત્યારે ?'

ઉમ્મર જાણવાનું અત્યારે આને શું સૂઝ્યું એવા ભાવ સાથે અમીરે કહ્યું: 'વીસેક થયા હશે. કદાચ એકાદું ઓછું હશે ...પણ બધા પાસે હું નાનો ન દેખાઉં એટલે બાવીસ કહું છું.'

'બાવીસ ને બદલે પચીસ કહે તોય કોઇ ખોટું નહીં માને.' બદ્રીએ મલકીને કહ્યું: 'તારો દેખાવ ભરપુર જુવાની સૂચવે છે.'

'મને લાગે છે કે તું મૂળ વાતને છાતરી દેવા માગે છે.' અમીરે વિના સંકોચે કહ્યું અને બદ્રી હસી પડ્યો.

'એમ નથી ... વાત છાતરવા કરતાં ન કહેવાનો બેધડક ઇન્કાર કરી દેવામાં હું માનું છું. આ તો કેટલાં વરસ પહેલાંની વાત છે એ તને સમજાવવા ઉંમર પૂછી.'

'મારી ઉંમર સાથે એ વાતને કાંઇ નિસ્બત છે ?'

'ના ...ના ...ના ...' બહુ ઝડપભેર કહેવું પડ્યું બદ્રીને ...એ ભૂલ સુધારી લેવા તેણે વાત જલદી આટોપવા માંડી: 'પંદરેક વરસ પહેલાંની વાત છે. તમારા બાપુની ટોળીમાં ગણેશા નામનો એક મિજાજી ઠગ હતો. કહે છે કે દેખાવમાં ભારે ભયાનક અને બોલવામાં એટલો જ તોછડો. મેં એને ક્યારેય જોયો નથી અને તું

પણ કદી જોવા પામીશ નહીં.'

'શું એને ખતમ કરી નાખ્યો છે ?'

'નારે, ખતમ કર્યો હોત તો હું તમને કહેત જ નહીં. આ તો તકરારની વાત છે. તમારા બાપુ સામે કોઈ બાબતમાં એને જબરો મતભેદ પડી ગયો. વાત એવી ગંભીર હશે કે ઈસ્માઈલમિયાંને સફર પડતી મૂકીને પાછા ફરી જવું પડ્યું. ગણેશાને ત્યારપછી ફરી કદી ટોળીમાં ન લેવાનો તેમણે ફેંસલો કર્યો . . . એટલે કહું છું કે ગણેશાને આપણે ક્યારેય જોઈ શકવાના નથી.'

'પણ મારા બાપુએ તેનો સામનો કરવાને બદલે પાછા શું કામ ફરવું જોઈએ ?' અમીર ઝનૂનભેર બોલી ગયો.

'એ મામલામાં હું વધારે કાંઈ જાણતો નથી. હુસેનખાં પણ ત્યારે તમારા બાપુ સાથે પાછો ફરી ગયેલો.'

'તો તો બાપુ પાસેથી જ મારે જાણવું પડશે.'

'નહીં . . .' બદ્રી ધ્રૂજી ઊઠ્યો.

'કેમ એમાં શું વાંધો છે ? મારાથી કોઈ વાત એ છાની રાખતા નથી.'

'તમારા મોંઢે ગણેશાનું નામ સાંભળીને ઈસ્માઈલમિયાંનો ક્રોધ ભભૂકી ઊઠશે. એમને એના તરફ એટલી બધી નફરત છે કે એનું નામ લેનારને ટોળામાંથી રૂખસદ આપી દે.'

'તો હું હુસેનખાંને પૂછીશ.'

'અમીર !' બદ્રી આવેશમાં આવી ગયો: 'તું મારી બેઈજ્જતી કરાવવા માગે છે ? હુસેનખાં આ શબ્દો સાંભળીને તને પહેલું એ જ પૂછશે કે કોણે આવી વાત કરી ? તું મારૂ નામ આપીશ એટલે મારી સામે શિકાયત કરવાનું તેને બહાનું હાથ લાગશે અને પછી હું આ ટોળીમાં નહીં હોઉં' બદ્રીના અવાજમાં ચિંતાનો થડકો પારખી જઈ અમીરે ગણેશાની વાત ફરી ક્યારે ન ઉચ્ચારવાનું વચન આપી દીધું.

*

સાત આઠ દિવસની મઝલ બાદ ઉમરખેડનાં મંદિરો દેખાયાં. નિઝામની રિયાસતનું આ પહેલું મોટું ગામ આવ્યું. તેની રોનક જોતાં ધનવાનોની વસ્તી હોવાનો અંદાઝ ઈસ્માઈલને આવી ગયો.

'અહીં આપણે હાથ અજમાવવો જોઇએ.' ઇસ્માઇલે ગણતરી રજૂ કરી: 'બેચાર દિવસનો મુકામ થશે તો પોરો મળશે અને શિકાર પણ . . .'

'હા સરદાર !' અમીર ઉત્તેજનાથી બોલી ઊઠ્યો: 'બીજા શિકાર માટે મારો જીવ બેચેન બની ગયો છે. આ વખતે પણ મને જ મોકો મળશે ને ?'

ઇસ્માઇલ હોઠ ભીડીને હસ્યો, દીકરો હવે પૂરેપૂરો રંગાઇ ગયો છે. એક જ શિકારનો ગોળ ચાખ્યો ત્યાં કેવો રઘવાયો બની ગયો !

'તારે બંને કામ કરવાનાં છે અમીર, શિકારને ફસાવવાનું અને ખતમ કરવાનું.' ઇસ્માઇલે સમજાવ્યું: 'ગળા ફાંસવાના કામમાં તાકાતની જરૂર પડે છે, પણ શિકારને ફસાવવામાં ચાતુરીની કસોટી થાય છે, ભૂત્તોત કરતાં સોથાનું સ્થાન એટલે જ મહત્ત્વનું ગણાય છે. જેનામાં એ આવડત નથી તે જમાદારની પાયરીએ પહોંચી નથી શકતો.'

'બંદા એ કામ પાર પાડી શકશે.' અમીર પૂરા આત્મવિશ્વાસથી કહી ગયો.

'તું ધારે છે એટલું સહેલું એ કામ નથી.' ઇસ્માઇલે અમીરના વધુ પડતા આત્મવિશ્વાસ પર અંકુશ મૂક્યો: 'છતાં તાલીમ મેળવીને તું એમાં બદ્રીનાથ જેવો પાવરધો થઇ જઇશ.'

'શું બદ્રી એટલો બધો કાબેલ છે ?'

'હા, મારી બરોબરીમાં ઊતરે એવો સોથા (ઇ) તે એક જ આપણી ટોળીમાં છે.'

'ત્યારે તો તેની સાથે જ હું શરૂઆત કરીશ.' અમીરનું અભિમાન ઊછળી પડ્યું: 'અને થોડા વખતમાં તેનાથી આગળ નીકળી જાઉં છું કે નહીં એ જોજો.'

જુવાનીનું જોશ અમીરની મહત્ત્વકાંક્ષાને બહેકાવી રહ્યું હતું જેને હવે ઇસ્માઇલ પણ કાબૂમાં રાખી શકે તેમ નહોતો. ગણેશાએ કહ્યું હતું તેમ બેટો તેનો દુશ્મન ભલે ન થાય પણ હરિફ થઇ શકે એવાં લક્ષણ અત્યારથી જ દેખાવા લાગ્યાં હતાં.

*

અચકન, સુરવાલ, સાફો અને તલવારથી સજ્જ થઇને અમીર શિકારની શોધમાં નીકળી પડ્યો. બદ્રીએ તેના સેવકનો અને પીરખાંએ હજુરિયાનો પાઠ

ભજવવાનો હતો. શાહજાદા જેવો તેનો દેખાવ કોઈની પણ નજર ખેંચી રાખે એવો મોહક હતો.

'તમે સોદાગરના બેટા છો એવો રૂઆબ રાખજો.' બદ્રીએ ગામમાં દાખલ થતાં પહેલાં અગાઉની સૂચનાઓ દોહરાવી: 'જરૂર પડે તો મારી સામે સખ્તાઈ દાખવજો . . . બાકીનું હું સંભાળી લઈશ.'

બદ્રી તું ને બદલે તમે પર આવી ગયો એ અમીરના ધ્યાન બહાર ન રહ્યું. નાટકના પાઠ ભજવવા સામે તેને સખ્ત અણગમો હતો, અફલાને તેણે ઘણીવાર ટોક્યો હતો અને આજે પોતે જ નાટક ભજવવા બહાર પડ્યો છે એ માટે પોતાના પર હસવું આવી ગયું. સાથે એક વિચાર પણ ઝબકી ગયો કે અફલો સોથાનું કામ આબાદ કરી શકે. બીજી સફરમાં અફલાને સાથે લાવવાનું હવે તેને એટલું મુશ્કેલ ન લાગ્યું.

કમરે લટકતી તેની તલવાર સરખી કરવાને બહાને બદ્રીએ તેને સાવધ કર્યો: 'કોટવાળની કચેરી દેખાય છે.'

વિચારોને ખંખેરી અમીર ટટ્ટાર થઈ ગયો. કોઈપણ ગામમાં સૌ પ્રથમ કોટવાળીમાં જવાનું ફાયદાકારક રહેતું. તેની નજરમાં શરીફ ઠર્યા પછી ઠગનું કામ સહેલું બની જાય. દાન-દક્ષિણાથી તેની સલામી મેળવી શકાય, માહિતી જાણી લેવાય.

રૂઆબભેર અમીર કોટવાળીમાં દાખલ થયો. તેના ઠસ્સા અને જુસ્સાએ કોટવાળ પર ધારી અસર ઉપજાવી. બક્ષિસની આશાનું લાલચું સ્મિત પણ તેના હોઠ પર ફરકી ગયું.

'સલામાલેકુમ' થયા. અમીર ગાદી તકિયા પર બેઠો. બદ્રીએ થોડે છેટે બેઠક લીધી, પીરખાં દરવાજે ઊભો રહ્યો. ઓળખાણ અપાઈ. ક્યાં જવાના-ક્યાંથી આવો છોની પૂછપરછ ચાલી. અમીર જરાય ખચકાયા વિના જવાબ આપતો હતો. બદ્રી તેની હાજર જવાબી પર મુસ્કુરાતો હતો.

'હૈદ્રાબાદ જવા માટે તમે લોકોએ મંગલુરથી આવો વેરાન રસ્તો કેમ પકડ્યો ?' કોટવાળે સ્વાભાવિક રીતે પૂછ્યું હોવા છતાં અમીર ઓછપાઈ ગયો. આવા સવાલ માટે એ તૈયાર નહોતો, જવાબ એને જડ્યો નહીં.

જરાવાર માટે અમીર થોથવાયો, પછી તરત જ સાવધ થઈ ત્રાંસી નજરે

બદ્રી સામે જોયું. ચાલાક બદ્રીએ વાતનો દોર ઝડપી લીધો.

'કોટવાળજી, તમારી વાત સાચી છે. બેઅદબી માફ મીરસાબ !' બદ્રીએ આડું જોઈ અમીર તરફ આંખ મીંચકારી: 'કોટવાળને આપણે ખરી વાત કહીએ એમાં કાંઈ ખોટું નથી ... બન્યું એવું કોટવાળસા'બ કે મંગલુરથી અમને કોઈએ ખોટે રસ્તે ચડાવી દીધા. એમનો હેતુ શું હશે એ તો ભગવાન જાણે.'

'હેતુ સાફ હતો.' અમીરે હવે હિંમતભેર સાથ પુરાવ્યો: 'બદ્રી, એ લૂંટારું જેવા દેખાતા હતા મારા પિતા જેવા સોદાગરનો માલ પડાવી લેવાની એમની દાનત હતી. પણ સો જેટલા મુસાફરોને જોઈ તેમની હિંમત ન ચાલી.'

'હજૂર, આપની વાત બરાબર છે.' બદ્રીએ સંવાદ આગળ વધાર્યો: 'તમારા જેવા તલવારબાજોનું પાણી જોઈને તેમની મેલી મુરાદ પીગળી ગઈ'

'તમારી પાસે જકાતનો કોઈ માલ સાથે નથી ને ?' કોટવાળને પોતાના લાભની વાતમાં વધારે રસ હતો.

'સોદાગર સાથે માલ ન હોય એ કેમ બને ?' બદ્રીએ સારપ દેખાડી: 'કિંમતી કાપડની બે ગાંસડીઓ છે. આપ માણસ મોકલીને જે જકાત થાય તે વસૂલ કરાવી લેજો. હજુ બે દિવસ અમારો મુકામ છે.'

'કોટવાળજી, હિન્દુસ્તાનમાં અમે નિઝામની રિયાસતની ભારે તારીફ સાંભળીને અહીં આવ્યા છીએ.' અમીરે મીઠાશ ઠાલવી: 'તમને મળ્યા પછી એની ખાતરી થઈ ગઈ કે આ રાજનો વહીવટ ભલા કારભારીઓના હાથમાં છે.'

'હું તો સાધારણ માણસ છું જનાબ !' કોટવાળે મોણ નાખ્યું: 'અમારા હાકેમને મળો ત્યારે એમની જાહોજલાલી અને નેકદિલીની ખાતરી થશે.'

અમીર મલકાયો: 'બેશક, અમે એ લાભ જતો નહિ કરીએ. હાકેમની ખિદમતમાં અમારી લાયકાત મુજબ નજરાણું પેશ કરીશું.'

'સુભાનઅલ્લા !' કોટવાળ ઊભો થઈ ગયો: 'આજે રાતે જ આપ લોકો હજુર હાકેમના મહેમાન બનો. હૈદ્રાબાદથી એક બેનમૂન તવાયફ હાકેમની ખિદમતમાં આવી છે. જોહરાનું નાચગાન તમારા જુવાન દિલને બહેલાવી દેશે.' પછી થોડા ઊઘડેલા હોઠથી જમણા હાથનો પંજો ચૂમીને ઉમેર્યું: 'એનો જલસો તમે જિંદગીભર ભૂલી નહીં શકો જનાબ ?'

'અમારા મીરસાહેબ પણ રંગીન મિજાજના છે હોં કે.' બદ્રીએ નિમંત્રણ સ્વીકારી લેવામાં વિલંબ ન થવા દીધો: 'જોહરાનો નાચ સફરનો થાક ઊતારી દેશે.'

અમીરથી દાંત ભીંસાઈ ગયા. આ બેવકૂફ બદ્રી મારા વખાણ કરવામાં હદ વટાવી ગયો ! છતાં હાકેમને મળવાનો મોકો એ છોડવા માગતો નહોતો. સાંજે દરબારમાં આવવાનો વાયદો કરીને એ ઊઠવા જતો હતો ત્યાં એક મારવાડી મુસાફર હાંફળોહાંફળો દોડી આવ્યો: 'શું કોટવાળ, તમારું આ ગામ તે કેવું છે ! સાલા બધા જ ચોરટા. ન ઊતારા માટે સરખી સવલત આપે, ન પરદેશી સાથે સારો વહેવાર રાખે.'

પાંચસાત મિનિટ સુધી મારવાડી શાહુકાર ફરિયાદના ઉબકા કરતો રહ્યો અને બદ્રીનાથા તેને પોતાની નજરમાં ગોઠવતો ગયો. અમીર પામી ગયો કે શિકાર સામે આવ્યો છે.

'શેઠ તમે વધુ પડતું બોલી ગયા !' બદ્રીએ કોટવાળની તરફદારી કરી: 'જયાં આશરો લેવો એને જ ગાળો ભાંડો છો ? મુસાફરીએ નીકળ્યા હોઈએ ત્યારે અગવડ સગવડ ન જોવાય. તમે આટલું બધું સંભળાવ્યું છતાં કોટવાળ જરાય ઉશ્કેરાયા છે ? આવા ખાનદાન માણસો તમને ક્યાંથી મળે ?'

તમે વચ્ચે ક્યાં ટપકી પડ્યા એવા અણગમાના ભાવ સાથે મારવાડીએ તેની અકળામણ ઠાલવવાની ચાલુ રાખી. પોતે છેક સુરતથી અહી સુધી, સારો દેશ માનીને વેપલો કરવા આવ્યો પણ હવે મૂંઝાઈ ગયો છે. આગળ હજુ કેવી વીતશે કોણ જાણે ? સલામત ઉતારોય આ ગામમાં દેખાતો નથી ... ઘણું ઘણું કહી નાખ્યું છતાં કોટવાળે તેનો એક શબ્દ કાને ધર્યા વિના મરક મરક હસ્યા કર્યું ત્યારે ધૂંઆફૂંઆ થતો મારવાડી ચોકીની બહાર નીકળી ગયો.

એ ગયા પછી કોટવાળનું લાંબું ભાષણ સાંભળવું ન પડે અને પેલો નજર બહાર નીકળી ન જાય એટલા ખાતર સિફતથી એની રજા લઈ લીધી. સાંજે આવવાનો વાયદો દોહરાવી અમીર ઊઠી ગયો.

સો બસો ગજના ફાંસલામાં જ મારવાડીને બદ્રીએ આંતરી લીધો. અહીં વાજાનો સૂર બદલી નાખ્યો : 'કોટવાળો બધા જ સરખા હોય છે. કાં તો મોટી બક્ષિસની લાલચ રાખે છે અથવા તો માથે રહીને અજાણ્યા મુસાફરનો માલ લૂંટાવી દે છે. તમે એકલા જ છો ? સાથે એક નોકર છે ? ત્યારે સંભાળવું જોઈએ.

અમારા મીરસાબના પિતા પણ બહુ મોટા સોદાગર છે. તેમણે સલામતી ખાતર અમારા જેવા સંખ્યાબંધ માણસોને સાથે રાખ્યા તે કાંઇ અમસ્તા ? એક નોકરને ભરોસે રહ્યા તો તો તમે નક્કી લૂંટાવાના શેઠ.'

બદ્રીએ વીંઝેલો ભયનો ચાબખો મારવાડીના ડરપોક મન પર બરાબર વીંટાઇ ગયો. રોતલ અવાજે હાથ જોડીને બિચારો કરગરવા લાગ્યો: 'તમારા સોદાગર શેઠને સમજાવીને મને પણ એમની છાવણીમાં આશરો અપાવી દેને ભાઈસા'બ.'

બદ્રીએ ચોંકી જવાનો દેખાવ કર્યો. થોડીવાર વિચારમાં પડી ગયો. પછી અમીર તરફ નજર કરીને સમજાવ્યું: 'અમારા સોદાગરના આ શાહજાદા સાહેબને મંજૂર હોય તો પૂછી જુઓ એમને.'

મારવાડી હવે અમીર પાસે કરગરવા લાગ્યો. અમીરે ટટ્ટાર થઈ, દયા લાવવાનો દેખાવ કરી ઘણીવારે મંજૂરી આપી ત્યારે મારવાડી ખુશખુશાલ થઈગયો: 'આપ જનાબ થોડીવાર ખમો તો હમણાં જ હું મારા નોકર પાસે સામાન બંધાવી તમારી સાથે ચાલું.'

'નહીં શેઠ, એમને હજુ બીજાં ઘણાં કામ છે.' બદ્રીએ વટ માર્યો: 'અમારો આ નોકર અહીં રોકાય છે. તમે એની સાથે છાવણીમાં સાંજ પહેલાં પહોંચી જજો.'

પછી જરાય રોકાયા વિના, પીરખાંને શેઠનો સામાન બાંધવાની સૂચના કરી અમીર અને બદ્રીનાથ ત્યાંથી રવાના થઇ ગયા. ન સંભળાય એટલે દૂર સુધી પહોંચ્યા ત્યાં અમીરનો આનંદ ઉછળ્યો: 'બદ્રી સાંજ સુધરી ગઈ. મારવાડી મારો બીજો શિકાર નક્કી છે.'

'સાંજની સાથે રાત પણ સુધરી જવાની અમીર !' બદ્રીએ તેની પીઠ થાબડી: 'હૈદ્રાબાદની તવાયફનો મુજરો જોવા જવાનું છે હોં !'

ન જોયેલી જોહરા અમીરના મન પર ઝળૂંબવા લાગી. એક અનુભવી ઓરતના પહેલા પગલાં અમીરના જીવનમાં એ રાતે પડવાનાં હતાં અને તે બેખબર હતો !

*

૧૯

મારવાડી સોદાગર અને તેના રાજપૂત અંગરક્ષકને પીરખાં ઠગોની છાવણીમાં લઈ આવ્યો. તેનો સામાન જોઈને ઈસ્માઈલની આંખોમાં ઉમ્મીદ ઝબકી ગઈ: ઓછી મહેનતમાં સારો માલ હાથ લાગવાનો . . . અમીરને તેણે દાદ દીધી: 'બદ્રીનાથ સાથે રહીને સોથાનું કામ તેં સારી રીતે પાર પાડ્યું. ઉમરખેડનો આપણો મુકામ ફાયદામંદ પૂરવાર થવાનો.'

સોદાગરને એક અલાયદી છાવણી કાઢી આપી તેનો માલ સામાન ત્યાં રાખવાનો બંદોબસ્ત કરી આપ્યો. ઈસ્માઈલે ચાર છ ઠગોને પોતાની છાવણીમાં બોલાવી શિકારને ખતમ કરવા માટે મસલત આદરી.

'રાતે એને પતાવી દઈએ.'

'ઠીક છે.' બીજાઓએ સંમતિનો સૂર પૂરાવ્યો.પણ અમીર અને બદ્રીનાથે એક બીજા સામે જોઈને કાંઈક સંતલસ કરી. અમીરને બદ્રીએ સૂચવ્યું, તું કહે પણ તેની જીભ ઉપડતી નહોતી એટલે બદ્રીએ જ કહેવું પડ્યું :

'સરદાર, સૂરજ આથમવાને કલાકની વાર છે. રાતની રાહ શું કામ જોવી?' તે થોડું અટક્યો પછી ખરી વાત રજૂ કરી દીધી: 'અમને કોટવાલે અહીંના હાકેમના દરબારમાં રાતે નાચ જોવા બોલાવ્યા છે. તમારા બેટાની એના પર બહુ સારી છાપ પડી. મારવાડીને જો વહેલા ઉકેલી દઈએ તો અમે રાતના જલસામાં જઈ શકીએ . . .'

ઈસ્માઈલે અમીર સામે જોયું. જુવાન બેટાના મુખ પર તાલાવેલી ફરકતી દેખાઈ ત્યારે બાપને મૂછમાં હસવું આવી ગયું. અમીરને નાચગાનમાં દિલચસ્પી

લાગે એમાં તેને ખુશી ઉપજે એવું હતું. આવતા વરસે એની શાદી કરવાની છે. તબિયત થોડી રંગીન થતી જાય તો શાદી માટે મન જલદી પલોટાઈ જાંય. બહારની દુનિયામાં લઈ આવ્યા પછી દીકરાને હવે થોડો છુટ્ટો મૂકવાની જરૂર હતી.

'ભલે તો આપણે મગરીબની નમાજ પછી મારવાડીનો બોજો ઉતારી નાખશું.' ઈસ્માઈલે રાજી થતાં કહ્યું: 'અહીંના હાકેમને મળવાનો મોકો શું કામ જવા દેવો.'

બદ્રીએ મલકીને અમીર સામે આંખ મીંચકારી ત્યારે એ શરમાઈને નીચું જોઈ ગયો.

'વહેલું કામ પતાવવું છે એટલે બીલ (કબર) મારી છાવણીમાં જ ખોદવી પડશે.' ઈસ્માઈલે કામનો આરંભ કરી દીધો: 'અચાનક કોઈ આવી ચડે તો વહેમ ન જાય. નમાજ પહેલાં લૂઘાઓને એ પતાવી દેવાનું કહેજે પીરખાં.'

'બેફિકર રહેજો, બે માણસની બીલમાં વાર નહીં લાગે.'

'ભૂત્તોતનું કામ તો અમીર અને બદ્રી તમે જ માથે લઈ લીધું છે ને ?'

'હા સરદાર !'બદ્રી બોલી ઊઠ્યો: 'અમીર મારવાડીને સંભાળશે, હું તેના નોકરને પૂરો કરીશ.'

'એ ઠીક છે.' ઈસ્માઈલે સંમતિ આપી દીધી: 'પણ બદ્રીનાથ, નોકર કદાવર છે. તેનું શરીર કસાયેલું છે અને જાતનો પાછો રાજપૂત છે ... તારે પૂરી તાકાત અજમાવવી પડશે.'

'મેં એને બરાબર માપી લીધો છે.' બદ્રીને મનમાં તો હતું કે પોતે એકલો એને પૂરો નહીં પડે, પણ એમ કહેવામાં નાનપ અનુભવી 'વાંધો નહીં આવે.' એવો તેના શબ્દોમાં રણકો હતો.

'બસ તો હવે આપણે વિખેરાઈ જઈએ.' ઈસ્માઈલે ઊભા થતાં મસલત આટોપી લીધી: 'મારવાડીને પાન ખાવાનો શોખ લાગે છે એટલે હું 'પાન લાવ' ની ઝીરણી આપું ત્યારે તમે બન્ને સાબદા થઈ જજો.'

ઉત્સાભેર બધા વિખરાઈ ગયા.

*

'શેઠ, આપણે અહીં આવ્યા, પણ આ જગ્યામાં રાતવાસો કરવા મારું મન

માનતું નથી.'

વફાદાર રાજપૂત વીરસિંહ તેના શેઠને સમજાવતો હતો, પણ દલીચંદ મારવાડીએ તેની વાત કાને ધરી નહીં. અહીં આવ્યા પછી તો મારા જીવને શાંતિ થઈ છે. બધા શાહુકાર માણસો દેખાય છે. મુસલમાનોને જોઈને તારું રાજપૂતી લોહી ગરમ થઈ જાય છે એ હું જાણું છું વીરસિંહ ! પણ આ લોકો મને ભરોસાપાત્ર દેખાય છે. તેમની સાથે બ્રાહ્મણો, રાજપૂતો અને બીજાઓ પણ છેને.'

'હું એટલા માટે નથી ક્હેતો.' વીરસિંહે દલીલ ચાલુ રાખી: 'આપણને જે માણસ અહીં લઈ આવ્યો તે મને વધુકો લાગ્યો. બે કલાકની ઓળખાણમાં એ તમારો જિંદગીભરનો ગુલામ હોય એવી રીતે વરતવા લાગ્યો !'

'તને એની અદેખાઈ તો નથી થતીને વીરસિંહ.' મારવાડીએ મેણું માર્યું. પણ પછી આવા વિશ્વાસુ અંગરક્ષકને નારાજ કરવાનું પાલવે નહીં એમ સમજી ઉમેર્યું: 'એ પીરખાં મારી ખુશામત કરતો હતો એનું કારણ તને કહી દઉં મેં એને સારી બક્ષિસ આપીને રાજી કરવાનો વાયદો કર્યો છે. માણસને લાલચ આપીને ખુશ કરો એટલે એ તમારી ખુશામત કરવાનો જ !'

વીરસિંહને ગળે એ વાત ઊતરી નહીં. એ ક્હેવા જતો હતો: ધનને ખાતર માણસ ખાલી ખુશામત કરે છે. એવું નથી, બીજુ ઘણું બધું કરી શકે છે ... પણ એ ક્હેવાનો તેને મોકો ન મળ્યો. સામેથી પીરખાં આવતો દેખાયો એટલે વીરસિંહ તેની ઉઘાડી ભરાવદાર છાતી પર હાથ ફેરવી બબડવા લાગ્યો: માળા મચ્છર ઊંઘવા નહીં દે.

'ચાલો શેઠજી, બેઘડી દિલ બહેલાવવા માટે ગાયનનો જલસો ગોઠવ્યો છે.' પીરખાં ક્હેતો હતો ત્યારે વીરસિંહ તેને ધારી ધારીને જોવા લાગ્યો. મારવાડીને થયું આ રાજપૂત નકામો ઝઘડો કરાવી બેસશે, એટલે ટાલિયા માથા પર કાન ઢંકાય એવી ટોપી ચડાવી ઊભા થયા.

'ચાલ વીરસિંહ તુંય ઊભો થા.' અંધારૂં થયા પછી શેઠ અંગરક્ષક વગર લોટે પણ ન જતા !

વીરસિંહે બહુ ઉત્સાહ ન દેખાડ્યો એટલે પીરખાંએ દોસ્તીદાવે આગ્રહ કર્યો: 'યાર, આ અલમસ્ત શરીરમાં દિલ જેવું પણ કાંઈક હોય છે. એને કસાયેલું રાખવા થોડો સૂંગલો કરી લેવો પડે.' પછી અચાનક યાદ આવ્યું હોય તેમ ઉમેર્યું:

'અને હા, અમારા સંઘમાં જે ગાનારો છે એ રાજસ્થાની જ છે, ત્યાંના દુહા શું લલકારે છે. વાહ ભાઈ, દિલ ડોલી ઊઠે.'

એટલીવારમાં સારંગીના સૂર સંભળાયા એટલે શેઠની અધીરાઈ જોઈ વીરસિંહને ઊઠવું પડ્યું. ઊઘાડા શરીરે જ મહેફિલમાં સામેલ થવા ચાલી નીકળ્યો. હા, કમરમાં કટારી છે ને એની ખાતરી કરવાનું ચૂક્યો નહીં.

અમીર અને બદ્રીએ પોત પોતાના શિકાર પાછળ બેઠક લીધી. રાજપૂતની ઉઘાડી પીઠ પર અમીરે ત્રાંસી નજરે જોયા કર્યું. કેવું કસાયેલું શરીર છે ! બાવડા ઊંચા નીચા કરે છે તો ગોટલા ઉપસી આવે છે ... મજબૂત સીના પર પથરાયેલા વાળ જોઈને તેને થયું જાણે પથ્થર પર ઘાસ ઊગ્યું હોય ... અમીરની નજર ફરતી ફરતી તેની ગરદન પર ગઈ. રૂમાલથી એને ભીંસવામાં બદ્રીએ કેટલી બધી તાકાત અજમાવવી પડશે ?

અચાનક તેના દિમાગમાં ઝબકારો થયો. શું કામ હું આનો શિકાર ન કરું? એ જ વખતે ઈસ્માઈલ 'મારો હુક્કો' લઈ આવું કહેતો પોતાની છાવણી તરફ જવા ઊઠ્યો. અમીર સમજી ગયો કે કબર પર છેલ્લી નજર નાખવા અને સાબદા થવાની ઈશારત માટે બાપુ ઊઠ્યા હતા. હજુ થોડો સમય છે-શિકારની અદલાબદલી કરવાનો.

તેણે બદ્રીને સંકેતથી પૂછ્યું: 'જગ્યા બદલવી છે ?' બદ્રી તેની સામે મલકાયો. આ કદાવર રાજપૂતને ખતમ કરવાનો તેને પૂરો આત્મવિશ્વાસ હતો જ નહીં, તેમાં વળી અમીરે પ્રસ્તાવ મૂક્યો. પોતે નિષ્ફળ જાય તો બીજા ઘણા ઠગો ભેગા થઈને શિકારને ખતમ કરી જ નાખવાના એવી ધરપત હોવા છતાં એમાં બેઈજ્જતી થાય એવો ઉચાટ પણ હતો. તેને બદલે અમીર ભલે હાથ અજમાવે. નવો છે, કદાચ પૂરો કામિયાબ ન નીવડે તો બહુ શરમાવા જેવું નહીં દેખાય.

અમીર આતુરતાથી તેના જવાબની રાહ જોતો હતો. જાણે કહેતો હોય: યાર, મારે આ માતેલા શિકારની વધારે જરૂર છે. બધા પર છાપ પાડવાનો મોકો મળે છે.

બદ્રીએ સંમતિ દર્શાવી. પણ ઈસ્માઈલની છાવણી તરફ ઈશારત કરીને તેણે સમજાવ્યું પહેલાં એમની રજા લઈ આવ.

બધા ગાયન સાંભળવામાં મશગૂલ છે તેની ખાતરી કરી લઈ અમીર ઊભો

થયો. ઈસ્માઈલ હુક્કો લઈને છાવણીની બહાર નીકળતો હતો ત્યાં જ એ પહોંચી ગયો. રામસી જબાનમાં ટૂંકમાં સમજાવ્યું: પેલા રાજપૂતની પાછળ હું બેસી જાઉં?

ઈસ્માઈલ ચોંક્યો. છેલ્લી ઘડીએ અમીરને આ શું સૂઝ્યું? તે આનાકાની કરવા જતો હતો ત્યાં અમીરે જુસ્સાભેર કહ્યું: 'હું જરાય ઓછો નહીં ઊતરું. તમે ના ન પાડશો.'

'ભલે.' હુક્કાની નળી હોઠ સુધી લઈ જઈ ઈસ્માઈલે મંજૂરી આપી ત્યારે અમીર ખુશ થઈ ગયો. 'પણ જરા સાવધ રહેજે, રાજપૂતો ચિત્તા જેવા ચપળ હોય છે.' કહીને ઈસ્માઈલ ત્યાંથી ખસી ગયો.


મહેફિલ વચ્ચે બેઠક લેતાં જ ઈસ્માઈલે બદ્રીને ઈશારત કરી દીધી કે જગ્યા બદલવાની છૂટ છે. અમીરને પાછો ફરતો જોઈ બદ્રી હળવેકથી મારવાડીની પાછળ બેસી ગયો ... પણ આ હિલચાલ વીરસિંહની ચકોર નજરે પકડી પાડી. તેણે કમર પર બાંધેલી કટારીને મ્યાનમાંથી સહેજ ઢીલી કરી રાખી.

અમીર વીરસિંહની પાછળ ગોઠવાઈ ને બેઠો. હળવેકથી કમરનો રૂમાલ સેરવીને તેના છેડા બંને હાથમાં ગોઠવ્યા. ઉત્તેજના તેના અણુએ અણુમાં પ્રસરી ગઈ. બાપ સામે અધિરાઈથી જોયું: હું તૈયાર છું, હવે ઢીલ ન કરતા ...

પણ ઈસ્માઈલ સંકેત આપે તે પહેલાં તો વીરસિંહ સડાક કરતો ઊભો થઈ ગયો. આખી બાજી પલટાવા જવાની કટોકટી ઊભી થઈ. ઈસ્માઈલની આંખો આંચકા સાથે પહોળી થઈ. બીજા બધા જ ઠગ જાણે કંઈ જ બન્યું ન હોય એવા દેખાવ સાથે સ્વસ્થ બેઠા હતા, પણ જીવ બધાના અધ્ધર થઈ ગયા.

વીરસિંહની પાછળ અમીરે પણ ઊભા થવું પડ્યું. કાબેલ રાજપૂતે ત્રાંસી નજરે એ જોઈ લીધું હતું. તેનો જમણો હાથ ઝડપભેર કટારી પર ગયો. પાછળ અમીર કેટલે છેટે ઊભો છે એ જોવા તેણે ગરદન ફેરવવાનો વિચાર કર્યો એ જ વખતે ઈસ્માઈલે હાંક મારી: 'પાન લાવ.'

બેખબરપણે બેઠેલા મારવાડીના ગળામાં બદ્રીનો રૂમાલ પરોવાઈ ગયો. અમીરે પણ બે ડગલા આગળ વધી વીજળીને ઝડપે વીરસિંહના ગળામાં રૂમાલ નાખ્યો. છતાં રાજપૂત ચેતી ગયો હતો. જમણો હાથ કમર પર જ રહેવા દઈ ડાબા હાથે તેણે ડોક પર ઝાપટ મારી. અમીરે નાખેલા રૂમાલ અને પોતાની ગરદન વચ્ચે



વીરસિંહનો ડાબો હાથ ફસાઈ ગયો.

ઈસ્માઈલની આંખો ફાટી રહી રાજપૂતની ચપળતાએ તેને ધ્રૂજાવી દીધો. ઠગ લોકો ગળામાં રૂમાલ નાખે છે એની તેને જરૂર જાણ હોવી જોઈએ નહીંતર બચાવ માટે બીજું કાંઈ કરતાં પહેલાં તેણે હાથ કેમ આડો ધરી દીધો ?

બદ્રીના રૂમાલે મારવાડીની ગળચી પર ધાર્યા મુજબની ભીંસ પકડી લીધી હતી. મારવાડીનું મોં ફાટી ગયું અને આંખો ચડવા માંડી . . .પણ બધાનું ધ્યાન અમીર અને વીરસિંહ પર મંડાયું હતું. આંખના પલકારામાં શું બની ગયું અને શું બનવાનું છે એના ભયથી અધ્ધર શ્વાસે ઊભા થઈ ગયા બધા.

અમીરનું ખુન્નસ તેના ભીંસાયેલા દાંત, ફૂલેલાં નાખોરાં અને ઊપસી આવેલી કપાળની નસોમાં દેખાતું હતું. ઊભા ઊભા આવા કદાવર શિકાર પર પક્કડ મેળવવાનું ફાવતું ન હોવા છતાં તે જરાય પાછો હઠવા તૈયાર નહોતો. રૂમાલમાં ફસાયેલા વીરસિંહના કાંડા સાથે જ તેણે એની ગરદન પર ભીંસ વધારવા માંડી.

પક્કડમાંથી છૂટવા વીરસિંહે અમીરને જમણા પગની પાછલી લાત મારવા

કોશિશ કરી પણ અમીર ડાબા પડખે ઊભો હતો એટલે એ તરકીબ નકામી નીવડી. ભીંસ વધતી ગઈ અને શ્વાસ રૂંધાતો લાગ્યો ત્યારે રાજપૂતે કમર પરથી કટારી ખેંચી કાઢી.

ઈસ્માઈલના મોંમાંથી હાયકારો નીકળી ગયો. રાજપૂતની આંખોમાં ફૂંફાડા મારતું ઝનૂન જોઈને તેને થયું: નક્કી આ એક બે ને જખમી કરશે. તે આગળ વધી વીરસિંહને લાત મારવાની કોશિશ કરવા જતો હતો ત્યાં એક બુઢ્ઢા ઠગે સમયસૂચકતા વાપરી રાજપૂતે ઉગામેલી કટારીનો ઘા રોકવા તેનું જમણું કાંડું પકડી લીધું.

ઠગલોકોનો શિરસ્તો હતો. જ્યાં સુધી કોના જાનનું જોખમ ન દેખાય કે શિકાર છટકી જવાનો ભય ઊભો ન થાય ત્યાં સુધી વચ્ચે ન પડવું. આખરે તો આટલા બધા ઠગો વચ્ચેથી શિકાર જીવતો જવાનો નથી એની ખાતરી હોય છે . . . પણ વીરસિંહની કટારીએ કટોકટી ઊભી કરી અને નજીક ઊભેલા બુઢ્ઢા ઠગે અમીરને બચાવવા ઝાપટ મારવી પડી.

પાછળથી અમીર રૂમાલની ભીંસ વધારતો જતો હતો, તેમાં બીજો વચ્ચે પડ્યો એટલે વીરસિંહે કટારીવાળો હાથ છોડાવવા જોર અજમાવ્યું. તેનો ઈરાદો કાંડું છોડાવી પાછળ ઊભેલા અમીરને કટારી હુલાવી દેવાનો હતો. સિંહ કૂતરાના મોતે મરવા ન માગતો હોય એવા ઝનૂનથી તેણે પૂરી તાકાત વડે પોતાનું કાંડું આમળ્યું, કટારીની અણી હવે અમીરને બદલે હાથ પકડનાર ઠગ તરફ તકાઈ ગઈ હતી. વીરસિંહે દાંત ભીંસી શરીરને જોરદાર ઝાટકો આપ્યો અને બીજી જ ઘડીએ તેની કટારી બાજુમાં ઊભેલા ઠગના પેટ નીચે ભોંકાઈ ગઈ. ચીસ પાડતો એ ઠગ નીચે પડી ગયો છતાં તેણે વીરસિંહનું કાંડું ન જ છોડ્યું. તેના લોહીના છંટકાવથી અમીરના કપડાં સુધ્ધાં ખરડાઈ ગયાં, એની કાળી ચીસે અમીરના હાથ ઢીલા કરી નાખ્યા અને રૂમાલનો એક છેડો મુઠ્ઠીમાંથી સરકી ગયો.

બધું ઝડપથી બની રહ્યું હતું. વીરસિંહનો ડાબો હાથ છૂટો થયો એટલે તેણે સૌ પ્રથમ પેલા ઠગના માથાના વાળ મુઠ્ઠીમાં પકડી તેને દૂર ફગાવી દેવા જોર અજમાવ્યું. ઈસ્માઈલ તેની તલવાર મ્યાનમાંથી કાઢવા જતો હતો ત્યાં બધાના આશ્ચર્ય વચ્ચે અમીરે લાગ જોઈને વીરસિંહના ગળામાં ફરી રૂમાલનો ફાંસો ભેરવી દીધો.

આ વખતે અમીર ચિત્તાની જેમ રાજપૂત પર ત્રાટક્યો હતો. મોતની પરવા કર્યા વિના તેણે રૂમાલની ભીંસ વધારવા માંડી. એટલું ઓછું હોય તેમ શિકારને ગૂંગળાવી નાખવા તેની શ્વાસનળી પર અંગૂઠા પણ દબાવ્યા.

અમીરની આ તરકીબની ધારી અસર થઈ. વીરસિંહનો કંઠ રૂંધાતો હતો. શરીરમાંથી તાકાત ઓસરવા લાગી હતી. જમણા હાથની મુઠ્ઠી આપોઆપ ઊઘડી ગઈ અને કટારી છટકીને નીચે પડી . . . અમીર હવે તેની ડોક પર તોળાઈ રહ્યો હતો. વીરસિંહથી એનો ભાર જીરવાયો નહીં. ભફાંગ અવાજ સાથે એ ભોંય પર પટકાઈ પડ્યો, અમીરનું ઝનૂન પરાકાષ્ઠાએ પહોંચ્યું. રૂમાલની પક્કડ જરાય ઢીલી ન પડે એ રીતે વીરસિંહની પીઠ પર ચડી બેઠો.

બદ્રીનાથે મારવાડીને ક્યારનો ખતમ કરી નાખ્યો હતો. છતાં અમીરની તાકાત જોતો ડઘાઈને તે હજુ મારવાડીના ખભા પર ગોઠણ રાખીને પૂતળાની જેમ બેઠો હતો વીરસિંહ છેવટ સુધી ઝઝૂમવા માગતો હોય એમ પડ્યા પછી અમીરને પીઠ પરથી ઉથલાવી દેવા મરણિયો પ્રયાસ કરવા લાગ્યો ત્યારે ઈસ્માઈલની ધીરજ ખૂટી ગઈ, તેણે રાડ પાડી: ‘એ બેવકૂફ રૂમાલથી નહીં મરે . . . કોઈ દોરડું લઈ આવો, એનાથી એનો ટોટો પીસાઈ જશે.’

‘નહીં !’ અમીરે સામી ત્રાડ નાખી: ‘હું જ એને ખતમ કરીશ. કોઈ વચ્ચે પડતા નહીં.’

એનું ઝનૂન જોઈને ઈસ્માઈલ દિગ્મૂઢ થઈ ગયો. પહેલા શિકાર વખતે અમીરના ચહેરા પર જે વિકરાળતા હતી એ અત્યારે ન દેખાઈ. કોઈ યોદ્ધાની જેમ એકલા લડી લેવાની ખુમારીથી એ રાજપૂત પર તૂટી પડ્યો હતો.

બસ, પછી બહુ વાર ન લાગી. વીરસિંહે એક છેલ્લો તરફડાટ કર્યો, પછી મોતની શરણાગતિ સ્વીકારી લેતો હોય તેમ તેના હાથની મુઠ્ઠીઓ ઊઘડી ગઈ. શ્વાસ વિનાની કાયા પથ્થર જેવી જડ બની ગઈ ધીમે ધીમે અમીરે રૂમાલની પક્કડ ઢીલી કરી અને ઝાટકા સાથે લાભ પરથી ઊભો થઈ ગયો.

‘શાબાશ બેટા, તેં ગજબ કરી !’ ઈસ્માઈલે પસીનાથી ભીંજાઈ ગયેલી તેની પીઠ થાબડી. હાંફતાં અમીરે બધા સાથીઓ પર નજર ફેરવી. દરેકની આંખો પોતાના પરાક્રમથી પહોળી થયેલી દેખાઈ. પણ ફરતી નજર જ્યારે રાજપૂત અને મારવાડીની લાશો વચ્ચે લોહીના ખાબોચિયામાં પડેલા જખમી ઠગ પર પડી ત્યારે તેની

પોતાની આંખો પહોળી થઈ ગઈઃ 'અરે કરીમખાં બહુ બૂરી રીતે જખમી થયો લાગે છે.'

હવે બધાનું ધ્યાન ત્યાં ગયું. પેટમાં હાથ દબાવી કરીમ બેવડ વળીને પડ્યો હતો. અમીરે તેને ખભેથી પકડી ચત્તો કર્યો ત્યારે લાકડાના ભારાની જેમ તેનું શરીર ભોંય પર ફસકાઈ પડ્યું.

'ઓ બાપરે !' અમીરના મોંમાંથી આછો ચિત્કાર બહાર પડ્યો. કરીમના આંતરડા પેટમાંથી બહાર નીકળી ગયા હતા ફાટેલું મોં અને આંખો કટારીનો ઘા જીવલેણ નીવડ્યો છે એવી ચાડી ખાતાં હતાં.

અમીરની ગરદન ઝૂકી ગઈ. ગળગળા અવાજે તે એટલું જ બોલી શક્યોઃ 'મારો જાન બચાવવા માટે એ ખપી ગયા' અમીરની ભીની થયેલી આંખોમાંથી બે આસું કરીમના ઉઘાડા મોં પર પડ્યાં.

'હવે જલદી આ બે લાશોનો નિકાલ કરો.' ઈસ્માઈલે બીજાઓને કામે લગાડી દીધાઃ 'કોઈ આવી ચડશે તો ઉપાધિ થશે.'

ઝટપટ બંને લાશોને ઊંચકી જઈ છાવણીમાં દફનાવી દેવામાં આવી. આ બધો વખત અમીર કરીમખાંના શબની બાજુમાં બેસી રહ્યો. જે કાંઈ બની ગયું તેના પર જેમ જેમ વિચાર કરતો ગયો તેમ તેમ તેને વધુ ને વધુ આશ્ચર્ય ઊપજતું ગયું.

વારેવારે તેનું મન રાજપૂતની તાકાતની તારીફ કરી ઊઠતું. આટલા બધા વચ્ચે ઘેરાયેલો હોવા છતાં છેવટ સુધી એ કેવો ઝઝૂમ્યો ! પહેલા કરતાં બીજા શિકારમાં પોતાને વધુ જોશ ચડ્યું એનું કારણ પણ તેને મળી ગયું. બેખબર અને નબળાને મારવા કરતાં ખબરદાર શિકારને ખતમ કરવાની મજા ઓર હોય છે.

કરીમખાંની દફનક્રિયા કુરાનની આયાતો પઢીને વિધિસર શોકમગ્ન દિલે કરવામાં આવી. શિકારને દફનાવતી વખતે જેમનું રૂંવાડું ન ફરકતું એ ઠગો પોતાના સાથીને કબરમાં ઉતારતી વખતે ગમગીન બની ગયા. સૌથી વધુ આઘાત અમીરને લાગ્યો. વિધિ પતી ગયા પછી તેણે કરીમખાંના સગાંવહાલાં વિષે માહિતી માગીઃ 'એના ઘરમાં કોણ કોણ છે ?'

'બુઢ્ઢી ઓરત અને તમારા જેવો જવાન બેટો.' પીરખાં અને કરીમખાં એક જ ગામના હતા તેણે કહ્યુંઃ 'આવતા વરસે તે એના દીકરાને સફરે લેવાનો વિચાર

કરતો હતો.'

'તમને કોઈ ને વાંધો ન હોય તો ...' અધવચ્ચે અટકી જઈને અમીરે બાપની સામે જોયું. ઈસ્માઈલે આગળ કહેવા ઈશારત કરી ત્યારે તેણે કહ્યું: 'આ લૂંટની બધી જ કમાણી કરીમખાંના ઘરનાને આપી દઈએ.'

'હેં !' પીરખાંના મોંમાંથી ઉદ્ગાર સરી પડ્યો. અમીરે તેની સામે કતરાતી નજરે જોયું. એ ધારદાર નજર તેને ઠપકો આપી ગઈ: તને તારી બેટીની શાદીની ફિકર છે તો બિચારા કરીમખાંના ઘરવાળાને હવે પેટગુજારાની ફિકર થશે.

અમીરના પ્રસ્તાવે ઈસ્માઈલને આ બીજો અણધાર્યો આંચકો આપ્યો. બેટાએ હજુ બે જ શિકાર કર્યા ત્યાં જમાદારની જેમ પોતાના સાથીઓ માટે ફિકર કરવા લાગ્યો. કોઈક વિરોધ કરે તો પોતે અમીરને બે શબ્દો સંભળાવવા માગતો હતો, પણ સૌએ ખામોશ રહીને અમીરના પ્રસ્તાવનો સ્વીકાર કરી લીધો ત્યારે તેનેય મૂંગા જ રહેવું પડ્યું.

વાતાવરણ બદલવા બદ્રીએ ખામોશી તોડી: 'આપણે હાકેમની તહેનાતમાં જવાનું છે'

'આજે ઈચ્છા નથી.' અમીર હજુ કરીમખાંના મોતના ગમમાંથી બહાર નીકળી શક્યો નહોતો. થોડા જ દિવસની ઓળખાણમાં જે માણસે પોતાને બચાવવા જાન આપી દીધો એનો શોક પાળવાને બદલે નાચ-ગાનના જલસામાં પોતે કઈ રીતે જઈ શકે ?

બદ્રીનું મોં ઊતરી ગયું. હવે ઈસ્માઈલે પોતાનો અધિકાર વાપર્યો: 'નહીં અમીર, કોટવાળને વાયદો કરીને આવ્યા છો એટલે જવું જ જોઈએ. નહીંતર એ તમને બોલાવવા અહીં દોડ્યા આવશે. એમાં આપણા માટે જોખમ છે.'

'ભલે જેવો તમારો હુકમ.' કહીને અમીર ઊભો થયો. અમીરનું આજ્ઞાપાલન ઈસ્માઈલને બહુ વહાલું લાગ્યું: 'તું છાવણીમાં આવ. હું તારા કપડાં કાઢી રાખું છું. દરબારમાં જવું છે એટલે ઠાઠ-માઠ અને રૂઆબ કરવો પડશે.'

*

શણગાર સજીને અમીર છાવણીમાંથી બહાર આવ્યો ત્યારે જોનારાઓની આંખો અંજાઈ ગઈ. જાણે કોઈ જુદો જ આદમી તેમની સામે આવીને ઊભો હોય તેમ અદબભેર બધા તેને જોતા રહ્યા.

સોનેરી જરી ભરેલો પઠાણી સાફો, કાજળ આંજેલી તેજીલી આંખો, ઝીણી મૂછો, પાતળા હોઠ, ગળામાં મોતીની માળા, ભરતકામવાળી જાકીટ, કમરમાં બાંધેલી કાશ્મીરી શાલ, તેમાં ભરાવેલી સોનાની મૂઠવાળી તલવાર, કિરમજી મખમલથી મઢેલી મ્યાન, સોનાચાંદીની કારીગરીવાળો જમૈયો. પીઠ પર બાંધેલી ગેંડાના ચામડાની ઢાલ, તેના પરનું સોનેરી-રંગીન નકશીકામ, ઢાકાની મલમલનો ઝભ્ભો, કિનખાબનો પાયજામો અને પગમાં સોનેરી મોજડી ...ઊંચા, પાતળા અને ઘાટીલા શરીર પર આ ભપકો દીપી ઊઠતો હતો.

'કેવો ફાંકડો લાગે છે !' બદ્રી ઘણીવારે બોલી શક્યો: 'હાકેમને ઉંમરલાયક શાહજાદી હશે તો તને જમાઈ બનાવ્યા વિના નહીં છોડે !'

અમીરને ગુલુ યાદ આવી ગઈ, પોતે તેને આવા ઠાઠથી પરણવા જવાના ખ્વાબ જોતો હતોને ? દીકરો ઊંડા વિચારમાં પડી ગયો છે એ સમજી જતા ઈસ્માઈલને વાર ન લાગી. ક્યારેક એને ફડકો થતો. આના પર કોઈની નજર પડી જશે તો ?

'હવે તમે લોકો ઉપડો' પોતાની ખુશી અને ફિકર ઉઘાડી ન પડી જાય એટલા ખાતર ઈસ્માઈલે તેમને ઝટપટ રવાના કરી દીધા. અમીર, બદ્રી, પીરખાં અને બીજા સાત આઠ માણસો દૂર નીકળી ગયા ત્યાં સુધી ઈસ્માઈલ નજર ભરીને દીકરાને જોતો જ રહ્યો.

'જાણે કોઈ પઠાણનો બચ્ચો જતો હોય એવું લાગે છે !' રૂપસિંહ બોલ્યો તો પોરસમાં, પણ ઈસ્માઈલને એ બહુ વસમું લાગ્યું: 'બુઢ્ઢા ! શું તું એમ માને છે કે સૈયદના બેટાનો રૂઆબ આવો ન હોય ?'

*

૨૦

રૂઆબભેર અમીર દરબારમાં દાખલ થયો. મહેફિલ પર એક નજર નાખીને દૂર ઊંચા આસને બેઠેલા વૃદ્ધ હાકેમ સામે આંખો ઝૂકાવી એ ઊભો રહ્યો. નવાબ પર પોતે ધારી છાપ પાડી શકશે કે નહીં એવા ઉચાટમાં દિલ જોરથી ધબકવા લાગ્યું. છતાં મોં પર તેણે દેખાવા દીધું નહીં. બદ્રીનાથ અને પીરખાં તેની પાછળ જ ઊભા હતા.

તેમને દોરી લાવનાર દરબારી હળવા પગલે નવાબ પાસે ગયો. કુર્નિશ બજાવી હજૂરના કાનમાં મહેમાનોની ઓળખ આપી. નવાબની આંખો પહોળી થઈ. ખંડમાં પ્રવેશદ્વાર પાસે ઊભેલા આગંતુક પર એક નજર નાખીને તેમણે તાળી બજાવી: 'ખામોશ !'

હજૂરના હુકમનો પડઘો પાડતા હોય તેમ સાત-આઠ હજૂરિયાઓ એકી અવાજે બોલી ઊઠ્યા: 'ખામોશ !'

સારંગી અને તબલા પર ચાલતા હાથ થંભી ગયા. ગાનારીના ફફડતા હોઠ યંત્રવત્ અટકી પડ્યા. બધાંની નજર દરવાજા તરફ વંકાઈ ચંદનઘોની જેમ બધી આંખો એ દેખાવડા નવજવાન પર ચોંટી ગઈ... 'સુભાન અલ્લાહ !' જોહરાના કોમળ કંઠમાંથી તારીફ સરી પડી: 'જાણે આસમાનમાંથી કોઈ ફરિશ્તો ઊતરી આવ્યો હોય એવો ખૂબસુરત છે.'

બાજુમાં બેઠેલી તેની બુઢ્ઢી આયાએ જોહરા સામે આંખ મીંચકારી: 'આવી બન્યું બિચારાનું ...'

'મહેમાનને માનસહિત અહીં લઈ આવો.' નવાબે દરબારીને હુકમ કર્યો

એના પરથી બધાએ અનુમાન બાંધ્યું: 'કોઈ ખાસ મહેમાન લાગે છે ...' જોહરા ખુશ થઈ: 'હવે મહેફિલનો રંગ જામશે ...'

પ્રવેશદ્વારથી નવાબના આસન સુધી બિછાવેલી ચાદર પર કદમ માંડતો અમીર આગળ વધ્યો. તેના દરેક પગલે મોજડી ચું ...ચું ... અવાજ કરતી હતી. જોહરાને એ અવાજ જુવાનીનું જંતર બજતું હોય એવો સુરીલો લાગ્યો. ચાલનું આ સુરીલાપણું તેના હૈયામાં ગલીપચી કરવા માંડ્યું.

દસબાર કદમનું અંતર રહ્યું ત્યારે અમીરે કમર ઝૂકાવી નવાબને મુજરો કર્યો. નવાબે આંખોથી તેને આવકાર આપ્યો એટલે સોનાની મૂઠવાળી તલવાર તેમની સમક્ષ ધરી ખૂબ મીઠાશથી બોલ્યો: 'આપની તહેનાતમાં નાચીઝનું મામૂલી નજરાણું ...'

તલવારની મૂઠને હાથ અડકારી બુઢ્ઢા નવાબે રસમ અદા કરી: 'કબૂલ કિયા !' આભારવશ નજરે તેની સામે જોતો અમીર મરક્યો ત્યારે નવાબ એ મીઠી નજરથી અંજાઈ ગયા: 'મારી બાજુમાં બેસો મીરસાહેબ !'

નવાબના એ માનભર્યા સંબોધનમાં જ અમીર પામી ગયો કે અર્ધી બાજી જીતાઈ ગઈ છે. અમીરઅલીને બદલે મીરસાહેબ નામ વધુ મોભાવાળું પૂરવાર થયું. આ ચાલાકી માટે તે મનમાં બદ્રી પર ખુશ થયો.

નવાબ પણ તેના પોષાક અને હથિયાર પર ખુશ થતા દેખાયા એટલે અમીરે શરૂઆત કરી: 'હજૂર, આપે મારા જેવા મામૂલી સિપાહીને જે માન આપ્યું તે આપની ઉદારતા અને મહેમાનવાજીની શાન છે. ખરેખર તો હું એને લાયક નથી.'

'એવું ન કહો મીરસા'બ, તમારા દેખાવ અને તહેજીબ (વિવેક) માં ખાનદાની ઝગારા મારે છે.' નવાબે હૂંફાળા અવાજે આસપાસના સાંભળે એ રીતે કહ્યું: 'ઈન્સાનનાં પગલાં પરથી એની અસલિયત માપી શકાય છે ... માણસ પાસે એની નજર હોવી જોઈએ.'

દૂર ઊભેલો બદ્રી મનોમન હસ્યો: 'બેવકૂફ નવાબ, અમારી અસલિયત પામવામાં ભલભલા થાપ ખાઈ ગયા છે ... તારી બુઢ્ઢી નજર એનું માપ ક્યાં કાઢી શકવાની હતી !

'હું જાતે સૈયદ છું, મારા અબ્બા વેપારી છે. પણ મને સિપાહી થવાનો શોખ છે એટલે એમની સાથે હૈદ્રાબાદ જવા નીકળ્યો છું. આજકાલ લડાઈનું

વાતાવરણ છે એટલે હૈદ્રાબાદના લશ્કરમાં સારી પાયરી મળી શકશે એવી ખ્વાહિશ છે.' અમીર થોડું અટક્યો. પોતાની વાત નવાબના ગળે ઊતરતી જાય છે એની ખાતરી થઈ એટલે આગળ ચલાવ્યું: 'બે દિવસથી આપના ગામમાં પડાવ નાખ્યા છે. ચારે બાજુ હજૂરની તારીફ સાંભળીને નજર એનાયત કરવાનું દિલ થઈ આવ્યું ... અહીં આવ્યા પછી ખાતરી થઈ ગઈ કે જે સાંભળ્યું છે એના કરતાં પણ આપ હજૂર વધુ દિલાવર છો.'

'ખુશામત તો ખુદાનેય પ્યારી લાગે છે નવજવાન !' નવાબે ખુશ થતાં કહ્યું: 'બાકી આ ઉજ્જડ ગામમાં અમારો સાચો ઠાઠ તમને જોવા નહીં મળે.'

'પણ જે આંખો અત્યારે આપના દરબારની રોનક નિહાળી રહી છે તે અંજાઈ ગઈ છે નવાબસા'બ' અમીરે તારીફનો દોર છુટ્ટો મૂક્યો. ખરી રીતે અત્યાર સુધી તેને દરબારનો ઠાઠ જોવાનો અવકાશ મળ્યો નહોતો. તારીફ માટે તેણે હવે નજર ફેરવવા માંડી. રોશની રેલાવતું રંગીન ઝુમ્મર, હવામાં ફરફરતા રેશમી પરદા, દીવાલ પરની નકશી, ખંડની ઊંચી કમાનો અને જનાના માટે બારીક જાળીવાળો ઝરૂખો ... ફરતી ફરતી નજર દૂર ઊભેલા બદ્રી અને પીરખાં પર પડી ત્યારે તેને યાદ આવ્યું કે એમને પોતે ભૂલી જ ગયો હતો !

'હજૂર, મારા બે ઉમદા સાથીઓને પણ આપની નજર એનાયત માટે લઈ આવ્યો છું.' કહીને તેણે આંખોથી પેલા બંને તરફ સંકેત કર્યો.

'ઓહ ! એમને ત્યાં કેમ ઊભા રાખ્યા છે !' કહીને નવાબે હુકમ કર્યો: 'મીરસાહેબના બંને સાથીઓને અહીં આ તરફ આરામથી બેસાડો.'

દરબારી માનભેર બદ્રી અને પીરખાંને નજદીક દોરી લાવ્યો ત્યારે બદ્રી અમીર સામે મીઠું મલકાયો: ત્યારે પ્રભાવ પાડી દીધો તમે આ નવાબ પર

કુર્નિશ બજાવીને બંનેએ એક બાજુ પર બેઠક લીધી ત્યારે નવાબે સાજીંદાઓ તરફ ઈશારત કરી : 'હવે કોઈ ઉમદા ચીજ પેશ કરો.'

અને સારંગી બજી ઊઠી, તબલાં પર થાપી પડવા લાગી. અમીરની નજર હજુ જોહરા પર પડી નહોતી. સાજીંદાઓ વચ્ચે બેઠેલી બે સુંદરીઓમાંથી જોહરા કઈ હશે એવો વિચાર ઉપજેલો પણ તેને મનમાંથી સત્વરે કાઢી નાખ્યો: તવાયફમાં એટલો બધો રસ શા માટે લેવો ?

'આ જંગલમાં દિલ બહેલાવવા માટે બેત્રણ તિતલીઓ રાખી છે.' નવાબે

રસિકતા છલકાવતાં કહ્યું: 'પેલી નીચી છે તે મેનકા, હમણાં નવી આવી છે, અને બીજી નશીલી આંખોવાળી જોહરા ... ખુદાએ એને રૂપ અને કંઠ બંને છુટ્ટા હાથે બક્ષ્યા છે. નજર ઉઠાવીને જુઓ તો ખરા, તમારું દિલ પછી હાથમાં નહીં રહે.'

સારંગીના સૂર અને તબલાના તાલ મેળવતા હતા ત્યારે જોહરા પર અમીરની પહેલી નજર પડી. એ જ ઘડીની રાહ જોતી હોય તેમ જોહરાએ મસ્તીભર્યું મુલાયમ સ્મિત ઉછાળીને આંખો ટકરાવી. નજરનું એ બાણ અમીરના દિલ સોંસરવું ઊતરી ગયું. ઊગતી જુવાની જાણે પહેલીવાર પ્યારભરી નજરનો રોમાંચ અનુભવતી હોય તેવો ઝબકારો અમીરે અનુભવ્યો. આંખો ત્યાંથી હઠાવી લેવા મન મક્કમ કર્યું પણ એ માન્યું નહીં, નજર બળવો કરીને જોહરાના જોબન પર ફરવા લાગી, તેની ખૂબસૂરતીને પીવા લાગી.

'યા ખુદા ! તમે તો જોતાવેંત જ મારી તવાયફ પર શિકાર ખેલવા લાગ્યા કે શું ?' નવાબે તેને ચમકાવ્યો: 'એ લોંડી તમારા દેખાવ પર મરી પડી તેમાં નવાઈ નથી. પણ મીરસાહેબ, આ બુઢ્ઢાનું રમકડું છિનવી જવાની દાનત ન રાખશો.'

મજાકના ઢંગમાં નવાબ કહેતા હતા એટલે અમીરે શરમાઈને ડોક નીચી કરી લીધી. છતાં તેના હાથ રેશમી ગાદી તકિયા પર એવી રીતે ફરતા હતા કે જાણે જોહરાનું સૂંવાળું બદન પંપાળી રહ્યા હોય !

મેનકાએ ગાન છેડ્યું. અમીરે ધીમે ધીમે ચહેરા પરથી શરમને ખંખેરવા માંડી. તે મેનકા તરફ નજર કરવા ગયો, પણ બાજુમાં બેઠેલી જોહરાએ એની દ્રષ્ટિને આંતરી લીધી. આ વખતે અમીરે વધુ ખેંચાણ અનુભવ્યું. બંનેની દષ્ટિનો દોર ઘણીવાર સુધી અતૂટ રહ્યો. મન પર જાણે કોઈ કબજો જમાવી રહ્યું હોય અને પોતે તોફાની નદીના વેગમાં તણાતો જતો હોય એવી વિવશતા તેને ઘેરી વળી. દિલના ધબકાર હથોડાની જેમ છાતી પર અફળાવા લાગ્યા. ઓરતના જોબનમાં શું આવું અકસીર આકર્ષણ ભર્યું હોય છે.

અગાઉ ગુલુના આકર્ષણમાં તેણે મીઠી ઝણઝણાટી અનુભવેલી પણ જોહરાની મોહકતામાં વશીકરણનો જાદુ વરતાયો. આસપાસના લોકોનું અસ્તિત્વ ભુલાવી દઈને એ તવાયફની નજર તેને ઘાયલ કરતી જતી હતી. જાણે કહેતી હોય: આવી જા ... મારી આંખોમાં સમાઈને મારા દિલમાં ઊતરી જા ... ઘૂઘવતા સમંદરનું તેમાં ઊંડાણ છે, અફાટ આસમાનની એમાં મોકળાશ છે ... વેરાન રણની

દઝાડી દે એવી હૂંફ તને એમાં સાંપડશે અને હિમાલયના શિખરોની શીતળતા પણ તું પામીશ. તારી કાચી જુવાનીને મારા અનુભવના પાકા રંગોમાં ઝબોળી દે અને પછી જો કે ઇશ્કની મજા શું છે !

મેનકાનું ગાન શમી ગયું અને કેટલાકે તાળીઓ પાડીને દાદ દીધી ત્યારે અમીર તંદ્રામાંથી જાગ્યો. તેની હાલતનો નવાબે જુદો અર્થ તારવ્યો: 'મીરસાહેબ, આ તો હજુ નવી છે, પેલી જોહરાને સાંભળશો ત્યારે તમે તમારું દિલ ખોઈ બેસવાના.'

'નવાબ સાહેબ, આપની પસંદમાં કચાશ શેની હોય ?' અમીરે મજાકમાં જવાબ આપ્યો. પછી જોહરા સાંભળે એ રીતે ઉમેર્યું પણ ખરું: 'જેને જોતા જ મદહોશ થઈ જવાય છે એને સાંભળીને તો કોણ જાણે શું થશે ?'

'તમારું શું થશે એની ફિકર કરતાં મારૂં શું થશે એનો ઉચાટ થવા લાગ્યો છે મને.'

'કેમ આમ કહો છો હજૂર ?'

'મને અને તમને બાજુ બાજુમાં બેઠેલા જોઈને એ લોંડી સરખામણી કરતી હશે . . . મારો બુઢ્ઢાપો તમારી જાગતી જુવાની સામે ઝાંખો પડી જવાની મને બહીક લાગે છે !'

'હજૂરની સામે મારી શી વિસાત ?' અમીરે વિવેક ખાતર કહેવું પડ્યું: 'ક્યાં નવાબ યાર જંગ અને ક્યાં આ મામૂલી દરજ્જાનો સિપાહી . . . રૂપની દોસ્તી દોલત સાથે જ નભે છે એ કોણ નથી જાણતું ?'

અમીર હવે છૂટથી બોલતો હતો. નવાબને એક વિચાર આવી ગયો. આવો જુવાન પડખે હોય તો જરા જોશ રહે. તેને નોકરીએ રાખી લેવાની ઇચ્છા થઈ આવી પણ ફરી પાછો પેલો ભય જાગ્યો : એક મુલાકાતમાં પેલી જોહરા એના પર લટ્ટુ થઈ ગઈ છે અને જો આને કાયમ રાખીશ તો સાલી લોંડી મારે પૈસે આ જુવાન સાથે ખાનગીમાં ઇશ્કની બાજી ખેલવા માંડશે.

અમીર નવાબને પૂછવા જતો હતો: હજૂર વિચારમાં શેના પડી ગયા . . . પણ ત્યાં જોહરાનાં પાયલ ઝંકાર કરી ઊઠ્યાં: છુમ છુમ . . . છનક છુમ. .

નર્તકીના અંગેઅંગમાં વીજળી પ્રસરી ગઈ. તબલાંના પ્રત્યેક ઠેકા પર જોહરા શરીરને એવો ઝાટકો આપતી કે પાતળા ઉપવસ્ત્ર નીચે કસોકસ બાંધેલી કંચૂકીના

બંધનો જાણે હમણાં તૂટી જશે, ભરાવદાર છાતીની એ ધ્રૂજારીમાં જવાળામુખી પર્વતની આગ ભભૂકતી હોય અને તેનો તાપ જીરવાતો ન હોય તેમ અમીરના કપાળે પસીનો વળવા લાગ્યો.

જોહરાના કંઠની કોમળતા, નર્તકની નાજુકતા, મુખના હાવભાવની તીવ્રતા અને નજરની વેધકતા અમીરને જખમી કરતા હતા. ગઝલના બોલમાં ઇશ્કની આરઝુ, બેકરારીનો એકરાર અને મજબૂરીની માયૂસી ભરી હતી.

ગીત પૂરું થયું, નૃત્ય થંભી ગયું, સાજ ખામોશ થયાં છતાં જોહરા અને અમીરની નજરોના તાર ઘણીવાર સુધી સંધાયેલા રહ્યા ત્યારે નવાબે તેની પીઠ પર હળવો ધબ્બો માર્યો: 'હોશમાં આવો નવજવાન ! તવાયફોના નાચ નખરા બે ઘડી દિલ બહેલાવવા માટે હોય છે, હોશ ગુમાવવા માટે નહીં !'

અમીર હસ્યો. જવાબ આપવા માટે કોઈ શબ્દો સૂઝ્યા નહીં. જોહરાને દાદ આપવાની ઇચ્છાથી ફરી તેની સામે જોયું ત્યારે તવાયફ પાલવના છેડાથી કપાળ પરનો પસીનો લૂછતી તેની સામે સ્મિત ફેંકવા લાગી. જોહરા જરૂર કરતાં વધુ જોશમાં હાંફતી હોવાથી લયબદ્ધપણે ઊંચી નીચી થતી તેની છાતી અમીરને અકળાવી રહી હતી. જોહરા ધીમે ધીમે તેના પાતળા હોઠ પર આંગળી ફેરવવા લાગી. ત્યારે અમીરને થયું કે પોતાના હોઠ ભીના થવા માંડ્યા છે. જોહરાની જીભ ઉપલા હોઠ પર લાગી ત્યારે અમીરના અંગેઅંગમાં ઉત્તેજના વ્યાપી ગઈ. કમરમાં ખોસેલી કટારીની મૂઠ પર હાથ ગયો. એક વિચાર આવ્યો: આ બુઢ્ઢા નવાબની છાતીમાં ખંજર હુલાવી દઉં અને ભરી મહેફિલમાં જોહરાને ઉઠાવી જાઉં

'તમને જોહરાની કાયામાં સૌથી આકર્ષક અંગ ક્યું લાગે છે ?' નવાબે શરબતનો પ્યાલો હોઠે અડાડતાં પૂછ્યું ત્યારે અમીર ચોંક્યો. પોતાની ચોરી પકડાઈ ગઈ હોય એવી ભોંઠપ અનુભવી... નવાબના આ સવાલમાં કોઈ કટાક્ષ છે કે નહીં તેનો વિચાર કરવા રોકાયો પણ એટલીવારમાં નવાબે દિલનો ઊભરો ઠાલવ્યો: 'આ તવાયફે મને એવો પાગલ બનાવ્યો છે કે છેક હૈદ્રાબાદથી એને અહીં ઉઠાવી લાવ્યો છું. એનું રૂપ એવું જલદ છે કે જેમ પીઓ તેમ તરસ વધતી જાય.' કહીને નવાબ શરબતનો પ્યાલો ગટગટાવી ગયા. પછી ભીની થયેલી મૂછો પર આંગળી ફેરવીને ઉમેર્યું: 'તેની પાતળી સુંવાળી ગરદન જોઈ... ઇશ્કના નશામાં તેની ડોક પંપાળતી વખતે મને ઘણીવાર શું વિચાર આવે છે, જાણો છો ?'

નવાબની વાતમાં અમીરને રસ પડ્યો. શરબત પૂરું કરીને એ ખંધુ હસ્યો, 'હજૂરને કદાચ એની મુલાયમ ડોક મરડી નાખવાની ઈચ્છા થતી હશે.' એમ અમીરથી બોલાઈ તો ગયું પણ પછી નવાબનો રોષ વહોરી લેવાનો ભય જાગ્યો.

'સુભાન અલ્લાહ !' નવાબે ખુશ થતાં હળવેકથી કાનમાં ફૂંક મારી: 'તમે તો મારો વિચાર આબાદ જાણી ગયા ! મીર, તમારી બુદ્ધિને દાદ આપવી પડશે.'

એ જ વખતે ખંડની વચોવચ કેટલીક વેષધારી બહુરૂપીઓ આવીને નવાબ યાર જંગની પ્રશસ્તિ ગાવા લાગ્યા.

'આપણે આડી વાતે ચડી ગયા.' તેમણે અમીરનું ધ્યાન પેલા લોકો તરફ દોરીને કહ્યું: 'જનાના નાચની જેમ આ મરદોના ખેલ પણ તમારું દિલ જીતી લેશે. એમની નટકલા જરાય ઊતરતી નથી'

અમીર રાજી થયો: એ બહાને હવે જોહરાને ધરાઈને જોઈ શકાશે. ખેલ બહુ લાંબો ચાલ્યો. નવાબ હસતા ત્યાર હજૂરિયાઓ હસતા, એ તાળી પાડે ત્યારે એમની નકલ કરતા. એક જોહરા સિવાય મહેફિલમાં બેઠેલા બધા જ અમીરને નવાબના કહ્યાગરાં પૂતળાં જેવા લાગ્યાં. તો શું જોહરા નવાબથી કંટાળી ગઈ હશે, કે પછી બિલાડી ઉંદરને રમાડે તેમ બે ઘડી તે પોતાને સતાવી રહી છે ? તરસ જગાડીને સામાને તરસ્યા રાખવાની એની ક્રૂર રમતનો શિકાર પોતે તો નથી બની રહ્યો ને?

બહુરૂપીનો ખેલ પૂરો થયો ત્યારે તેને ખોટી તારીફ કરવી પડી: 'વાહ ભાઈ વાહ ! અમારા મુલકમાં આવા ખેલ મેં ઘણીવાર જોયા છે પણ આ લોકોની તોલે એ ન આવે, કહેવું પડે, બહેતરીન કલાકારો છે ...'

'એમની કલા માટે એ લોકોને સારી બક્ષિસ મળશે મીરસાહેબ.' નવાબે તેના કારભારીને ઈશારત કરીને રૂપિયાની થેલી મંગાવી અને એક બહુરૂપિયાના હાથમાં સોંપી: 'જાવ ખુશ થાવ.'

નવાબના જયજયકાર સાથે મહેફિલ વિખરાવા લાગી. અમીરે શુક્રગુજાર કરીને હજૂરની રજા માગી. બદ્રી અને પીરખાંએ પણ કુર્નિશ બજાવી અહેસાન ફરીથી વ્યક્ત કરી. નવાબે છૂટા પડતાં પહેલાં પોતાના વિશ્વાસુ હજૂરિયાને બોલાવી અમીર સાંભળે એટલા ધીમેથી કહ્યું, 'પેલી લોંડીને કહેજે બાકીની રાત મારી ખિદમતમાં રહેવાનું છે.'

આમ કહેતી વખતે નવાબની નજર અમીર પર મંડાયેલી હતી, કેમ જાણે

એને દઝાડવા માટે જ કહેતા હોય ! અમીરને સાચે જ એ બુઠ્ઠાની અદેખાઈ જાગી, સાથે ઘૃણા ઉપજી અને થોડો ઉચાટ પણ થયો: આ કમબખ્ત સાચે જ પેલીની ડોક મરડી નહીં નાખે ને ?

જોહરાના વિચારમાં ખોવાયેલો અમીર દરબારની બહાર નીકળતો હતો, ત્યાં એક થાંભલાની આડશેથી કોઈએ તેના ઝભ્ભાની બાંય ખેચીં. ઝબકીને પાછળ જોયું તો જોહરાની બુઢ્ઢી આયા ઊભી હતી. ડોશીએ ચકોર નજરે આજુબાજુ જોઈ લઈ હળવેકથી કહ્યું: 'આપને ખાનગીમાં મળવું છે.' પણ એ જ વખતે નવાબનો કોઈ હજૂરિયો આવતો દેખાયો એટલે વાત ઝટપટ ફેરવી તોળી 'જનાબ, આ બુઢ્ઢીને બક્ષિસ આપ્યા વિના ન જતા રહેશો ?'

અમીરે સમય વરતી જઈ કમરમાંથી ઝટપટ રૂપિયો કાઢી તેના હાથમાં મૂક્યો. બુઢ્ઢીએ રૂપિયો કપાળે અડાડી નીચા નમીને દુઆ આપવાને બહાને કહી દીધું: 'ખુદા આપને બરકત બક્ષે . . . કાલે બજારમાં.'

નવાબનો હજૂરિયો બુઢ્ઢીના હાથમાં ચમકતા ચાંદીના સિક્કાને લાલચુ નજરે જોઈ રહ્યો હતો એટલે અમીર વધુ વાર ત્યાં રોકાયા વિના બદ્રી અને પીરખાં સાથે બહાર નીકળી ગયો. દૂરથી તેના કાને હજૂરિયાનો અવાજ સંભળાયો: 'એ બુઢ્ઢી ! મહેમાનો પાસેથી છાની માની બક્ષિસ માગે છે . . . એમાં મારો ભાગ રાખજે નહીંતર નવાબ સાહેબને ખબર કરી દઈશ . . .'

અમીર તિરસ્કારભર્યું હસીને બબડ્યો: 'સાલા બધા જ ચોર છે.'

'અને પેલી જોહરા પણ. . .' ક્યારનીય સળવળતી બદ્રીની જીભ હવે છૂટી થઈ: 'કોઈક ધનના ચોર તો કોઈક દિલના . . .'

'અને તારા જેવા નજરના ચોર . . .' અમીરે તેના બાવડે ચીટિયો ભર્યો: 'બદ્રી, મહેફિલમાં બેઠો બેઠો મારા પરથી નજર કેમ હઠાવતો નહોતો ?'

'આ તો ચોર કોટવાળને દંડે આવી વાત કરી તમે.' બદ્રીએ આંખ મિચકારી: 'તમે ચોરી કરતા અને હું તમારી ચોકી કરતો હતો.'

ઘણીવાર સુધી અમીરે મૂંગા મૂંગા ચાલ્યા કર્યું. પ્યાર છલકાવતી જોહરાની નજર અને ખાનગીમાં મળવાનું બુઢ્ઢીનું કહેણ . . . બધું રહસ્યમય રીતે અને ઝડપભેર બનવા લાગ્યું છે. જોહરા તેના જીવનમાં બહાર બનવા આવી રહી છે કે તૂફાન જગાવવા ?

કોટનો દરવાજો વટાવી ગામ બહાર નીકળ્યા એટલે બદ્રીએ વાત ચલાવી: 'જોહરાને ફસાવવાની ચાલ વિચારે છે ને અમીર ?'

'હેં !' એ ચોંક્યો.

'શિકાર બેહદ ખૂબસુરત છે.' બદ્રીએ સાફ કહી દીધું: 'મને લાગે છે કે આપણી સાથે સફરમાં સામેલ કરી દઈએ.'

'એટલે ?' અમીર આંચકા સાથે ઊભો રહી ગયો: 'એની સાથે ઠગપણું કરવાનો ઇરાદો છે ?'

'તું ભૂલી જાય છે અમીર, નાચનારીઓનો શિકાર કરવાની આપણને મનાઈ છે' બદ્રી જાણે અમીરને ચાટ પાડતો હોય એ રીતે બોલતો હતો: 'હું તો એને સાથે રાખીને સફરમાં દિલ બહેલાવવાનો વિચાર કરતો હતો.'

સમજ્યા વિના ઉશ્કેરાઈ જવા અમીર સહેજ ભોંઠો પડ્યો. બદ્રી પોતાના વિચારને વાચા આપી રહ્યો છે એથી પ્રોત્સાહન પણ સાંપડ્યું: 'તો તો ઠીક છે. પેલી બુઢ્ઢી ખાનગીમાં મળવા માગે છે એટલે મામલો તરફેણવાળો દેખાય છે.'

'કદાચ એક રાતનો મહેમાન બનવાનું એ તને નિમંત્રણ આપવા માગતી હશે.'

'નહીં બદ્રી, વાત જુદી લાગે છે.' અમીરે છાવણીમાં પહોંચતાં પહેલાં બદ્રીને મનનો ઇરાદો જણાવી દેવા ખુલાસો કરવા માંડ્યો: 'તું ફારસી જબાન સમજતો નથી પણ તેણે જે ગઝલ સંભળાવી તેમાં જોહરાએ છૂપી રીતે મને પયગામ આપ્યો છે.'

'એમ, ત્યારે તો વાત ઘણી આગળ વધી ગઈ છે !' બદ્રીએ અમીરના પડખામાં ગલીપચી કરી.

પીરખાં અને બીજા સાથીઓ પાછળ રહી જાય એટલા ખાતર બંને ઝડપથી ચાલતા હતા.

'બદ્રી, પેલી નવાબથી કંટાળી ગઈ લાગે છે. પિંજરામાંથી પંખી છૂટવા માગે છે.'

'અને તારા દિલના પિંજરામાં પૂરાવા ચાહે છે એમ ને ?'

'જો બદ્રી, ઇશ્કનું ભૂત હજુ મારા દિમાગ પર સવાર થયું નથી.' અમીર અર્ધું

ખોટું બોલ્યો હતો : 'પણ તેને મદદ કરીને પેલા બુઢ્ઢા નવાબની સફેદ દાઢીમાં ધૂળ નાખવાના સાહસ માટે દિલ થનગને છે ખરું.'

'પણ એ સાહસ ઈસ્માઈલખાંની મંજૂરી વિના થઈ નહીં શકે.' બદ્રીએ તેના વિચાર પર લગામ નાખી.

અમીર ફરી મૂંગો થઈ ગયો. બાપુ શું તેની આ માગણી મંજૂર નહીં રાખે ? છાવણીએ પહોંચી ગયા ત્યાં સુધી આ સવાલ તેના મગજમાં ઘુમરાયા કરતો હતો. જતાં વેત બાપુ પાસે એ વાત રજૂ કરવાની ઈચ્છા હતી પણ ઈસ્માઈલ તેની છાવણીમાં ઘસઘસાટ ઊંઘતો હતો. એક રીતે અમીરે રાહત અનુભવી. વિચાર કરવા માટે આખી રાત પાસે છે, બધું ગોઠવીને સવારે બાપુ પાસે પ્રસ્તાવ મૂકીશ.

એ રાતની જેવી મધુરી છતાં મૂંઝવનારી બેચેની અમીરે ક્યારેય અનુભવી નહોતી. દિલનો દરેક ધબકાર જોહરાના નામનો પોકાર પાડતો હતો. જોહરાને હાંસલ કરવા ગમે તેવી મુશ્કેલીઓ વેઠવી પડે તો પણ પોતે અચકાશે નહીં એવો મનસુબો કરી લીધા બાદ પાછલી રાતે તેની આંખો ઘેરાવા લાગી-જોહરાનાં જ સપનાં જોવા માટે !

*

૨૧

સવાર આટલી ખુશનૂમા હોય છે એનો પહેલી જ વાર અમીરને અનુભવ થયો. પંખીઓ જોહરાનો કંઠ ઉછીનો લઈને ગાતાં હોય, પવન જોહરા પાસેથી નર્તન શીખીને વાતો હોય અને પુષ્પો જોહરાનું સૌંદર્ય પીને ખીલતાં હોય એવું તેને લાગવા માંડ્યું ! દ્રષ્ટિ બદલાય છે ત્યારે ઘણીવાર માણસ માની બેસે છે કે જાણે આખી દુનિયા બદલાઈ ગઈ !

'અમીરમિયાં ! ઈસ્માઈલખાં એમની છાવણીમાં તમારી રાહ જુએ છે.' પીરખાંના અવાજે ખુશનૂમા સવારના મીઠા ખ્યાલમાં ખલેલ પાડી: 'પૂછતા હતા કે અમીરની તબિયત તો સારી છે ને ?'

છેલ્લું વાક્ય ખંધાઈપૂર્વક બોલ્યો હોવાનું અમીરના ખ્યાલ બહાર ન રહ્યું. 'હમણાં જ આવું છું.' કહીને ઉઘાડા બદન પર ઝભ્ભો ચડાવતો અમીર બબડ્યો: 'તબિયતને વળી શું થવાનું હતું ? જરા ઉજાગરો હતો એટલે મોડું ઉઠાયું.'

દૂરથી બાપની છાવણીમાં જોયું તો બદ્રી અને ઈસ્માઈલ વાતો કરતા હતા. અમીરના પગ ઢીલા પડવા લાગ્યા. બદ્રીએ કાંઈ બાફી તો નહીં માર્યું હોયને ? રાત્રે સૂતી વખતે બાપને બધું સાફ સાફ કહી દેવાનો ફેંસલો કરેલો પણ અત્યારે મન તેનાથી છૂપાવવાની પેરવી કરવા માંડ્યું !

'આવ અમીર બેસ !' ઈસ્માઈલ એને ધારી ધારીને જોતો હતો એટલે જુવાન દીકરો નીચું જોઈનેં બેસી ગયો.

'હજુય ઉજાગરાનું ઝેર આંખમાંથી ઊતર્યું નથી લાગતું.' ઈસ્માઈલે તેની હડપચી પકડી ત્યારે બાપ-બેટાની નજર ટકરાઈ. ધડકતા દિલે અમીરને પરાણે

હસવું પડ્યું.

'પહેલી મુલાકાતમાં જ તેં તો હદ કરી ! બાપના શબ્દોથી આંચકો લાગ્યો હોય તેમ અમીર ટટ્ટાર થઈ ગયો. ઈસ્માઈલ હુક્કાનો દમ લેવા રોકાયો એટલી વારમાં તેણે બદ્રી સામે ધારદાર નજરે જોયું-બેવકૂફ બધું બકી ગયોને ! જવાબમાં બદ્રી ધીમું હસ્યો. જાણે ક્હેતો હોય: કેમ, જોહરાનો ઈશ્ક આટલી વારમાં જ ફિક્કો પડવા માંડ્યો ! 'બદ્રીએ મને બધી વાત કરી.' ઈસ્માઈલે આગળ ચલાવ્યું: 'એ સાંભળ્યું ત્યારથી જ મારા હાથ તારી પીઠ થાબડવા ચટપતા હતા.'

'હેં . . .' અમીર ચોંક્યો. ઠપકો આપવાને બદલે આ તો પીઠ થાબડવાની વાત કરે છે !

'નવાબને તેં આબાદ આંજી દીધો.'

અમીરના ચહેરાનો રંગ ખીલી ઊઠ્યો. બદ્રીને એ ફેરફાર જોવાની મજા આવી હોય તેમ મીઠું મલકાયો.

'ધાર્યા કરતાં વધું ઝડપથી તું કામયાબી હાંસલ કરી રહ્યો છે અમીર !' ઈસ્માઈલે તેની પીઠ પર હુંફાળો હાથ ફેરવ્યો. હવે અમીરની હિંમત વધી. બાપને ક્હી દઉં . . . આ ખુશાલીના બદલામાં જોહરાને ઉઠાવી લાવવાની મંજૂરી માગી લઉં . . . પણ એ વધુ પડતું વહેલું લાગવાથી તેણે એટલું જ કહ્યું: 'ગમે તેમ તો તમારો બેટો છું ને બાપુ !'

હવે ઈસ્માઈલનું મોં પડી ગયું. તેણે ઝડપથી વાત બદલી: 'તારે નવાબ પાસે ફરી એકવાર જવું પડશે.'

'એમાં શું !' અમીરના અવાજમાં ઉમળકો છલકાઈ ગયો: ' આજે રાતે મહેફિલમાં જવાનો બંદોબસ્ત થઈ શકશે કેમ બદ્રી ?'

પણ બદ્રી પહેલાં ઈસ્માઈલે જ કહી દીધું :

'નહિ, મહેફિલમાં જવાનું નથી. એક સોદો પતાવવાનો છે.'

'શેનો સોદો ચાચાજાન ?'

ઈસ્માઈલે હુક્કાની નળી એક બાજુ મૂકીને પીરખાંને ઈશારો કર્યો: ' અંદરથી પેલો માલ લઈ આવ.'

પીરખાં ચારપાંચ નાની પેટીઓ લઈ આવ્યો. અમીર સમજી ગયો: આગલી

રાતે મારવાડીનો શિકાર કર્યો હતો એના ઝવેરાતની પેટીઓ છે.

'મારવાડીએ આપણને માલામાલ કરી દીધા છે અમીર !' ઈસ્માઈલે એક પછી એક પેટીઓ ખોલી ત્યારે તેની આંખો ઝવેરાત જોઈને ચમકી ઊઠી. હીરા, માણેક, નીલમ, પન્ના વગેરે કિંમતી નંગોની ત્રણ પેટી ભરી હતી. બીજી બે પેટીમાં હીરાનાં ઘરેણાં હતાં.

'ઓછામાં ઓછો પંદરેક હજારનો માલ હશે.' ઈસ્માઈલે અંદાજ કાઢ્યો: 'આને વટાવવાની આપણે ઉતાવળ નથી કરવી, છતાં એકાદી ચીજ નવાબને વળગાડી દેવાય તો સારું - થોડી રોકડ રકમ સાથે રાખવી જરૂરી છે.'

અમીરનું ધ્યાન સાફામાં લગાડવાની હીરાની કલગી પર ચોંટ્યું. તેને હાથમાં લઈ ફેરવી ફેરવીને બારીકાઈથી જોઈ: 'નવાબના સાફામાં આ શિરપેચ બહુ શોભી ઊઠશે.'

'પણ તેને જરાય વહેમ ન જવો જોઈએ અમીર !' ઈસ્માઈલ ધ્રૂજતા અવાજે કહેતો હતો: 'નહીંતર આપણે બધાય ફાંસીને માંચડે લટકી જવાના.'

'એની ફિકર ન કરો ચાચાજાન.' અમીરનો આત્મવિશ્વાસ રણકી ઊઠ્યો: 'હું એ બુઢ્ઢા નવાબની આંખમાં બરાબર ધૂળ નાખી શકીશ.'

ઈસ્માઈલ તેની સામે તાજ્જુબીથી જોતો રહ્યો ત્યારે અમીરે ઉમેર્યું: 'આની કિંમત કેટલી ઉપજવી જોઈએ એ મને કહો.'

આટલા વરસોના અનુભવે ઈસ્માઈલ ઝવેરાતનો સચોટ પારખુ બની ગયો હતો. હીરા - મોતીની કિંમત આંકવામાં તેને વાર ન લાગતી. એ કામ હંમેશા તેના ભરોસે છોડવામાં આવતું.

'ઓછામાં ઓછા હજારેક રૂપિયા તો ઉપજવા જોઈએ . . . અસલી હીરો અને તેમાં વળી સુરતની કામગીરી છે. છતાં આપણે ગરજ છે એટલે મેં હજાર આંક્યા.'

'ભલે ચાચાજાન ! આપણી ગરજ દેખાડ્યા વિના હું સોદો પાર પાડીશ.'

અમીરના એ જવાબે ઈસ્માઈલ, બદ્રી અને પીરખાં ત્રણેને અચરજમાં નાખી દીધા. આ જુવાન ક્યા જોર પર આટલો બધો મુસ્તાક છે એની સમજ પડતી નહોતી, છતાં ધાર્યું કરવાની એની તાકાત પર કોઈને અવિશ્વાસ જાગ્યો નહીં.

ઈસ્માઈલના હોઠ લગી શબ્દો આવી ગયા: દીકરા તારી આંખોમાં જ કોઈ એવો જાદુ છે કે તું ભલભલાને વશ કરી શકે ... પણ આવી તારીફ કરવાથી બેટાના મગજમાં પવન ભરાઈ જશે એ બહીકે ઈસ્માઈલ મૂંગો રહ્યો.

*

'જોહરાબાનુ ... હવે તો ઊઠો. સૂરજ માથે આવ્યો.' બુઢ્ઢી આયાએ રેશમી ચાદર ખેંચી છતાં જોહરા પડખું ફેરવીને ઊંઘવા લાગી: 'આજે આંખો ઉઘાડવાનું જ દિલ નથી થતું . બ્હીક લાગે છે, પેલો પરદેશી જુવાન આંખોમાંથી છટકી જશે.'

'અને આંખો મીંચીને પડી રહીશ તો અહીંથી છટકી જવાની આપણી મુરાદ ધૂળમાં મળી જશે.'

જદનબાઈના બોલે જોહરાને સડાક કરતી બેઠી કરી દીધી: 'તેં તો મને ભડકાવી દીધી જદન ! શું એ પરદેશી આજે જ નીકળી જવાનો છે ?'

'ના એવી કોઈ ભીતી નથી.' જદનબાઈ જોહરાના ચહેરા પરની વિહ્વળતા જોતી ક્હેતી હતી: 'આજે એ જુવાનનો ભેટો થાય પછી ખબર પડે કે ...'

'કે તે આપણને અહીંથી ભગાડી જવાનું સાહસ કરશે કે નહીં એમજ ને ?'

'નહીં જોહરા, પહેલાં તો મારે એ જાણવું પડશે કે કાલ રાતની મહેફિલમાં તારા રૂપથી એ કેટલો જખમી થયો છે. ઇશ્કનો નશો જો ઊતરી ગયો ન હોય તો જુવાન જાનનું જોખમ ખેડતાંય અચકાશે નહીં.'

'એની મને ખાતરી છે.' જોહરાએ અંગ મરડીને આળસ ખંખેરી: 'પહેલા પ્યારનો ખુમાર જલદી ઊતરતો નથી ...' જોહરા આગળ કાંઈક ક્હેવા જતી હતી પણ તેને હેડકી આવવા લાગી ત્યારે જદનબાઈએ તેને માટે તૈયાર રાખેલા લીંબુના શરબતનો પ્યાલો ધર્યો: 'લે આ પી લે ... મેં તને ના પાડી છતાં તેં કાલે વધુ પડતો પીધો લાગે છે.'

આયા હોવા છતાં જદન માની મમતાથી જોહરાનો ખ્યાલ રાખતી. ક્યારેક તેને વઢી પણ લેતી. નવાબને રીઝવવા ખાતર વધુ પડતું ન પીવા માટે તેને વારંવાર ટોકતી.

'આજે તો તારા બદનમાંથી પણ શરાબની બદબો આવે છે.'

લીંબુનું શરબત ગટગટાવી જઈને જોહરા આયા સામે લુખ્ખુ હસી. એ જ વખતે ફરી હેડકી આવી.

'જદનબાઈ, હું કસમ ખાઈને કહું છું આ હેડકી નશાની નથી.' પછી શરમાઈને નીચું જોઈ ઉમેર્યુ: 'પેલો પરદેશી મને યાદ કરી રહ્યો છે એનો પુરાવો છે.'

'એમ કહીને તું મને છેતરી નહિ શકે છોકરી.' જદનબાઈનો ગુસ્સો હજુ ઊતર્યો નહોતો: 'તને મેં હજાર વાર કહ્યું છે, નવાબ દબાણ કરે ત્યારે એકાદ બે ઘૂંટ પીને બાકીનું ઢોળી નાખતી જા.'

'નવાબ ! નવાબ !' જોહરા ચીડાઈ ગઈ: 'એ બુઢ્ઢાનું નામ ઊઠતાવેંત શું કામ સંભળાવે છે મને . . . કાલ રાતે તો એ જંગલીએ પરેશાન કરી દીધી. મારા બદનમાંથી શરાબની બૂ શું કામ આવે છે એ સાંભળવું છે તારે ?'

જદન મૂંગી થઈ ગઈ. જોહરાના રાતાચોળ મુખ પર અણગમો તરવરતો જોઈને એ સમજી ગઈ: જરૂર નવાબે તેની આદત મુજબ આને પજવી હશે . . . હવસની તરસ મરદોને કેવા વિકૃત ચાળા સૂઝાડે છે તેનાથી આ બુઢ્ઢી વાકેફ હતી. જોહરા ઘણીવાર બુઢ્ઢા નવાબની હેવાનિયત તેને કહી સંભળાવતી. જદનબાઈ સિવાય દિલ ખાલી કરવા માટે એનું ત્યાં બીજું કોણ હતું ?

'મને કહેતાંય શરમ આવે છે.' જોહરા હોઠ કરડીને બોલી: 'કાલે રાતે એ બુઢ્ઢાએ વરૂ જેવો વર્તાવ કર્યો. કોણ જાણે આ રીત એ ક્યાંથી શીખી આવ્યો હશે. મારા અંગઅંગ પર શરાબ છાંટીને એ ચાટતો ગયો અને બક્વાસ કરતો રહ્યો: 'જોહરા, પ્યારી ! હવે જામમાં શરાબ પીવાથી નશો નથી ચડતો. તારી ખૂબસુરતીમાં મિલાવીને પીવામાં બડી લિજ્જત આવે છે.'

જદનબાઈ ધ્રૂજી ઊઠી. નવાબની વિકૃતિ ક્યારેક આ છોકરીનો જાન લેશે. તેની પીઠ પર હેતાળ હાથ ફેરવીને તેણે કહ્યું: 'જોહરા, હવે એક બે દિવસમાં આ ત્રાસમાંથી તારો છુટકારો થઈ જવાની હું બનતી કોશિશ કરીશ પણ . . .'

'પણ શું ?'

'છટકી જતાં પકડાઈ ગયાં તો એ જાનવર તને પીંખી નાખશે. ગરદન ઊડાવી દેશે આપણા બેયની.'

છતાં જોહરાએ ધ્રૂજારી ન અનુભવી.

'એ માટે મેં એક યુક્તિ વિચારી છે.' કહીને તેણે જદનબાઈના કાનમાં ફૂંક મારી, જેમ જેમ સાંભળતી ગઈ તેમ બુઢ્ઢી આયાની આંખો પહોળી થવા લાગી. જોહરાએ આટલી હદ સુધી વિચારી રાખ્યું એના પરથી ખાતરી થઈ ગઈ કે હવે એ ગમે તે ભોગે આ નર્કાગારમાંથી છૂટવા માગે છે.

'મને લાગે છે કે આ યુક્તિ જરૂર પાર પડશે. હું પેલા પરદેશીને કહીશ એટલે તેની પણ હિંમત વધી જશે.' કહીને દરવાજા લગી જઈ પાછી આવી: 'પણ એક મુશ્કેલી છે ... ધાર કે પરદેશી સાથે કાલ રાતનો વાયદો કરી આવું અને નવાબ તને એના મહેલે તેડાવી લે તો શું ?'

'એવું નહીં થાય.' જોહરાએ ખાતરીપૂર્વક કહ્યું: 'હું એ પાકું કરીને આવી છું. હમણાં ત્રણ રાત મારાથી તમને સોબત નહીં આપી શકાય એવું કહી દીધું છે.'

'સુભાનઅલ્લા,' જદન ખુશ થઈ ઊઠી: 'મુસીબતોએ તારી બુદ્ધિને તેજ કરી દીધી'

'હવે તો કિસ્મત તેજદાર છે કે નહીં એ જોવાનું છે જદન ! તું જલદી જા ... એ પરદેશીના ખ્યાલે મને બેચેન બનાવી દીધી છે.'

'ત્યારે તો આગ બંને બાજુ લાગી ચૂકી છે.'

જદનબાઈ આંખ મીંચકારીને બહાર નીકળી ગઈ.

*

ઈસ્માઈલ પોતાની છાવણીમાં બપોરની ઊંઘ ખેંચતો હતો. જેના પર પોતે સૂતો હતો એ શેતરંજીની બરાબર નીચે જમીનમાં મારવાડીની લાશ દફનાવી હોવા છતાં રાત કે બપોરની નીંદરમાં એને તસુભાર પણ ખલેલ પહોંચતી નહીં. ઊલટાનું હમણાં હમણાં તો સુખનાં સપનાનું ઘેન ચડતું. પહેલી સફરમાં અમીરે તેની કાબેલિયતનો પરચો દેખાડી દીધો એને કારણે વહેલા નિવૃત્ત થવાના ખ્યાલો સવામણની રૂની તળાઈમાં સૂવા જેવું સુખ બક્ષી જતા હતા. સહેરો બાંધી, ઘોડે ચડી ઠાઠથી પરણવા જતા અમીરને વારેવારે સપનામાં જોવાનું તેને મન થઈ આવતું. વહુ બનીને ઘરમાં પગલાં પાડતી રોશનનાં ઝાંઝરનો મીઠો ઝંકાર કાન પર અફળાતો હતો.

આ કોના પગલાં સંભળાયા ? ખન ... ન ખન ... ખન ... ન ખન ...

સુખનું ઘેન વધતું જતું હોય તેમ આંખો મીંચીને ઈસ્માઈલ મરકતો હતો.

'લ્યો, તમારી બક્ષિસ !' આ અમીરનો અવાજ સંભળાયો ત્યારે આંખો ઊઘડી ગઈ. બેઠા થઈને જોયું તો ઊઘડેલી આંખો પહોળી થઈ ગઈ. રૂપિયાની કોથળીઓનો ખડકલો દેખાયો. અમીર નવાબના નોકરોને બક્ષિસ આપી વિદાય કરતો હતો. બદ્રીનાથ પોતાની ખુશીને માંડમાંડ કાબૂમાં રાખી શકતો હોય તેમ રૂપિયાની કોથળીઓ પર નજર ખોડીને ઊભો હતો. ઈસ્માઈલે ઝડપભેર કોથળીઓ ગણી કાઢી બે, ચાર, છ, આઠ, દશ ...

નવાબના નોકર ગયા એટલે અમીરે બાપની સામે જોયું: 'લ્યો, શિરપેચની કિંમત ગણી લ્યો.'

ઈસ્માઈલને ખરેખર માનવામાં આવતું નહોતું. પોતે ઊંઘમાં તો નથીને ?

ઉત્તેજનાભેર તેણે એક પછી એક થેલી ઊંચકી ક્યાસ કાઢી જોયો. વજન પરથી રૂપિયા ગણી લીધા ત્યારે તેનો શ્વાસ અધ્ધર ચડવા લાગ્યો. દિલના ધબકારા વધી ગયા 'અઢી હજાર રૂપિયા !'

તેના દરેક શબ્દ પર અઢી મણના વિસ્મયનું વજન હતું. બાપના અચરજ પર હસતો હોય તેમ અમીરે પૂછ્યું:

'કેમ ઓછા લાગ્યા બાપુ ?'

ઈસ્માઈલ સડાક કરતો ઊભો થઈ ગયો: 'અમીર, તું નવાબની મજાક કરી આવ્યો તેમ હવે મારી મશ્કરી ઉડાવી રહ્યો છે ?'

ઠપકાનો આશરો લઈને બાપે દીકરાને શાબાશી આપી. અમીરને બંને હાથે ઊંચકીને અધ્ધર ઉછાળવાનું તેને મન થઈ આવ્યું ... પણ દીકરો શરીરમાં હવે બાપ કરતાં ગજુ કાઢી ગયો હતો.

'ખરેખર તું નવાબને છેતરી આવ્યો.'

'હું સોદો કરવા ગયો હતો ખેરાત કરવા નહીં !'

'પણ ...' ઈસ્માઈલ કાંઈક વિચારમાં પડી ગયો. ફિકરની એક રેખા તેના મુખ પર ઉપસી આવી: 'નવાબને જલદી ખ્યાલ આવી જશે કે પોતે વધુ પડતી કિંમત આપી બેઠો છે તો છેતરવાનો દંડ ભોગવવાં પડશે.'

કંઈક કહેવા માટે બદ્રીની જીભ સળવળતી હતી પણ અમીરની ઠાવકાઈએ તેને રોકી રાખ્યો. બાપ બેટા વચ્ચેના સંવાદો સાંભળવામાં તેને ગમ્મત પડવા લાગી.

'તમે નકામી ફિકર કરો છો ચાચાજાન !' અમીર મગરૂરીભેર કહેતો હતો: 'નવાબે ઝવેરી પાસે હીરાનો ક્યાસ કઢાવીને મૂલ ચૂકવ્યું છે.'

'એટલે શું ઝવેરીએ પણ આની અઢી હજાર કિંમત મંજૂર રાખી ?'

'નહીં ચાચાજાન !' અમીરે ધડાકો કર્યો: 'અઢી હજાર નહીં, પૂરા પાંચ હજાર.'

'પાં . . . ચ હજાર !' ઈસ્માઈલની જીભ તાળવે ચોંટી ગઈ.

'જુઓ, અઢી હજારની આ હુંડીઓ.' અમીરે કમરમાંથી હુંડીના કાગળ કાઢીને ધરી દીધા: હૈદ્રાબાદ જઈને આપણે એ વટાવી લેવાની છે.'

હુંડીના કાગળો, રૂપિયાની થેલીઓ, અમીરનો હસતો ચહેરો અને બદ્રીનું મરકતું મુખ ક્યાંય સુધી ઈસ્માઈલ વારાફરતી જોત રહ્યો . . . પછી ખુશાલીનો એવો ઉછાળો આવ્યો કે અમીરને છાતીસરસો ચાંપી દીધો: 'બાપ કરતાં બેટા સવાયા તે આનું નામ !' કહેતાં તેની આંખો ભીની થઈ ગઈ: 'આજે તને મારે શું ઈનામ આપવું એ જ સમજ પડતી નથી.'

અમીર આવી જ કોઈક તકની રાહ જોતો હતો. તેણે આંખ મીંચકારીને બદ્રીને બહાર સરકી જવાનો ઈશારો કર્યો.

બે ચાર મિનિટ ખામોશીમાં વિતાવીને અમીરે બાપ પાસે વેણ નાખ્યું:

'ખરેખર તમે એટલા બધા ખુશ છો કે જે માગું એ આપશો ?'

'હા . . . હા . . .' ઈસ્માઈલે અધીરાઈ દેખાડી, પણ અમીરની ચમકતી આંખો જોઈને થોથવાઈ ગયો . . . એ શું માગશે ?

'તમે ગભરાવ નહીં . . .ન આપી શકાય એવું કાંઈ જ માગવાનો નથી હું.'

'અમીર, બાપના પ્યારની કિંમત આંકવાની છોકરમત ન કર . . . માગી લે જલદી !'

'બુઢ્ઢા નવાબની સફેદ દાઢીમાં ધૂળ નાખવી છે.'

'એટલે ?'

'તેના દરબારની એક નાચનારીને નસાડવી છે.'

'એ શું ક્રમ ?' ઈસ્માઈલના અવાજમાં થડકો આવી ગયો. દીકરો જુવાનીની ખુમારીમાં હદ ઓળંગી રહ્યાનો ઉચાટ વરતાયો.

'નવાબ એને હૈદ્રાબાદથી ઉઠાવી લાવ્યો છે. હું એને આ કેદખાનામાંથી છોડાવવા માગું છું.'

'પણ એક નાચનારીના લફરામાં પડવાની શી જરૂર છે ?'

અમીર થોડીવાર ખામોશ રહ્યો. બાપની આંખોમાં આંખો પરોવી એના દિલમાં ઊંડો ઊતરી ગયો હોય એમ બોલ્યો: 'તમારી પાસે મેં ક્યારેય કાંઈ માગ્યું નથી.'

'અને વગર માગ્યે મેં તને કોઈ વાતની ખોટ વરતાવા દીધી નથી.'

'તો પછી અત્યારે ...'

'દીકરા, મેં તને તવાયફનો નાચ જોવા મોકલ્યો હતો, એની પાછળ પાગલ થવા નહીં.'

'તમે કેમ માની લીધું, હું પાગલ થઈ ગયો છું ?'

'તો પછી નવાબના કબજામાંથી તેને છોડાવવાની શી જરૂર ?' તને ખબર નહીં હોય, જેની પાસે સત્તા હોય છે એ લોકો વખત આવે ઘાતકી બની શકે છે.'

'પણ હું એવો વખત નહીં આવવા દઉં'

અમીરની દલીલમાં જોશ હતું, શરમ કે નાનપને એક કોરે મૂકીને તે સામી ટક્કર લેતો હતો. ઈસ્માઈલને થયું: હવે સબૂરી અને સમજાવટથી જ કામ લેવું પડશે. જુવાની અને બુઢાપા વચ્ચે અથડામણ થવા નથી દેવી.

'અમીર, આપણું કામ શિકાર શોધવાનું છે. નાચનારીને બદલે તું બીજી ઓરતને સાથે લેવાનું કહેત તો હું ખુશીથી હા પાડી દેત.'

'આ શિકારની વાત નથી બાપુ ... સાથે નાચનારી હશે તો સફરમાં બધાના દિલ બહેલાવશે.'

'અમીર બધાના બહાને તું તારું દિલ બહેલાવવા માગે છે - સાચું કહે ?'

જવાબ આપવામાં વાર લાગી એટલે ઈસ્માઈલે દલીલ ચાલુ રાખી: 'જો બેટા, તું જુવાન થયો. જુવાનીને લોકો દિવાની ગણે છે એ યાદ રાખજે. તવાયફો માત્ર દિલ બહેલાવતી નથી, દિલ બહેકાવે પણ છે.'

'તમને તમારા બેટા પર ભરોસો નથી ?'

અમીરના આ સવાલે ઈસ્માઈલને મૂંઝવી દીધો. પણ દીકરાએ બાપને જવાબ આપવાનો મોકો આપ્યા વિના જ મક્કમ અવાજે કહેવા માંડ્યું: 'એટલું યાદ રાખજો, જે કામ મેં તમારા કહેવાથી ઉપાડ્યું એ ક્યારેય છોડવાનો નથી ... નવાબની તવાયફ તો શું જિન્નતની હૂર આવે તો પણ નહીં.'

તેના એ જુસ્સાએ ઈસ્માઈલને રાહત બક્ષી ... મનમાં વિચાર કરી લીધો, કદાચ તવાયફમાં એ વધુ પડતો મોહી જશે તો પોતે કોઈ તરકીબ લડાવી તેને એમાંથી પાછો વાળી શકશે. પછી ડરવાનું શું કારણ ?

'ભલે અમીર, તારું દિલ ખુશ થાય તેમ કર ... મારા તરફથી તને છૂટ છે.'

ખુશીનો માર્યો ઉછળી ઉઠ્યો અમીર ...

ને એટલા બધા જોશમાં બાપને ભેટી પડ્યો કે જાણે જોહરાને પોતાની બાથમાં ભીંસી રહ્યો હોય !

*

૨૨

નમતા પહોરે અમીર ગામમાં ચક્કર લગાવવા નીકળ્યો. એની આંખો જોહરાની બુઢ્ઢી આયાને ખોજતી હતી. ક્યારે ક્યાં મળવાનું છે તે ડોશીએ કહ્યું નહોતું. ઉતાવળમાં કહી શકી નહોતી. અજાણ્યા ગામમાં પોતે આમ ક્યાં સુધી ટલ્લા મારતો ફરશે ? જોહરા ક્યાં રહે છે તેની ખબર હોત તો એના મકાનની આસપાસ ચક્કર લગાવ્યા કરત-પેલી બુઢ્ઢીની નજરે ચડવા માટે.

એકાદ કલાકના આંટાફેરાએ અમીરને થકવી નાખ્યો. તેને હવે પોતાની જાત પર રોષ ચડ્યો: 'શું કામ મેં બાપુની મંજૂરી માગવાની અધીરાઈ કરી ? કદાચ જોહરા નવાબના તાબામાંથી છૂટવા માગતી જ નહીં હોય. એણે મહેફિલમાં સંભળાવેલું ગીત માત્ર દિલ બહેલાવવા માટે જ હશે અને મેં બેવકૂફે તેમાંથી મનગમતો અર્થ કરી એને છોડાવવાની કલ્પના ઘડી કાઢી હોય . . . પણ તો પછી તેની આયા મને શું મળવા માગતી હતી ? બક્ષિસ માગવાનું બહાનું કાઢી ખરેખર તો તેણે મને સંકેતમાં મળવાની આજીજી કરી હતી ને. . . .

કદાચ પાછળથી જોહરાનો વિચાર બદલાઈ ગયો હશે. નવાબના સંકજા-માંથી છૂટવામાં જાનનું જોખમ જોઈને તે ગભરાઈ ગઈ હશે. આખરે તો ઓરત છે ને. . . . સાહસ કરવાનું એનું ગજું કેટલું ? હું ઇશ્કી ટટ્ટુની જેમ નકામો આ ધૂળિયા અને ગંદા ગામની ગલીઓમાં પગરખાંનાં તળિયાં ઘસી રહ્યો છું.

પણ દિલ કોઈની પર મોહી પડે છે ત્યારે દિમાગની દલીલો બુઠ્ઠા હથિયાર જેવી સાબિત થાય છે. જોહરાનો ખ્યાલ મનનો પીછો છોડતો નહોતો. પેલી આયા ન મળે તો કોટવાલીમાં જઈ જોહરાના મકાનનો પત્તો જાણી લેવા સુધીનો વિચાર તેને આવી ગયો. આમ કરવામાં મૂર્ખાઈ હતી, જે કામ છાનું કરવાનું હતું તેને માટે

ઢોલ પીટવામાં જાનનું જોખમ હોવા છતાં તેના પગ કોટવાલી તરફ ખેંચાયા: જવા તો દે, કોઈ તરકીબ લડાવીને હું મેળવી લઈશ.

કોટવાળ સાથે અર્ધા કલાક સુધી અમીરે ફજુલ વાતો કરી. નવાબની તારીફ ઉછાળી. હુકમનો એક્કો હાથમાં રાખીને ખેલાડી એક પછી એક ફાલતું પાનાં ઊતર્યાં કરે એવી અવળી બાજી અમીર રમતો રહ્યો. છેવટે ધીરજ ખૂટી ગઈ. કમરે બાંધેલી બે વીસુ રૂપિયાની થેલી કોટવાળ સામે મૂકી, આજુબાજુ જોઈ લઈને પૂછવા જતો હતો ત્યાં દૂર રસ્તા પર પેલી બુઢ્ઢી આયા દેખાઈ. આંખો ચમકી ઊઠી. પેલીને રોકવા માટે સાદ પાડવા તેનું મોં લગભગ ખુલી ગયું હતું પણ હૈયાઉકલતે જબાન પર લગામ નાખી દીધી. મૂરખ, જેને ખાનગીમાં મળવાનું છે તેને આ રીતે ખુલ્લે-આમ સાદ પાડીને તું કોટવાળને કાવત્રાની કડી આપી દેવા માગે છે !

સારું થયું કે કોટવાળની નજર રૂપિયાની થેલી પર ઘૂમરાતી હતી, એટલે અમીરને ઉશ્કેરાટ પર કાબૂ મેળવી લેવા જેટલો સમય સાંપડી ગયો. કોટવાળના હાથ કોથળી ઝડપી લેવા ચટપટતા હતા પણ અમીર વિવેક કરીને કહે ત્યારે લેવાયને ? બીજો ભય એ હતો કે અણધાર્યું કોઈ આવી ચડે તો બક્ષિસ લેતાં પકડાઈ જવાય... બંનેના મનમાં ચોર હતો છતાં બેય શાહુકારી છોડી શકે તેમ નહોતા !

અપાઈ ગયેલી થેલી પાછી લેવાય તેમ નહોતી એટલે અમીરે બનાવટી સ્મિત ફેંકતાં કહ્યું: 'જતી વખતે કદાચ તમારી કદર કરવાનો મોકો ન મળે એમ માની આ નાચીઝ ભેટ આપી જાઉં છું.'

'આની કોઈ જરૂર નહોતી મીરસાહેબ.' એક તરફથી જીભ આમ કહી રહી હતી ત્યારે કોટવાળનો જમણો હાથ થેલીને પીઠ પાછળ સંતાડી દેવાના કામે લાગી ગયો હતો. થેલીનું ચાલીસ રૂપિયાભારનું વજન તેની આંખોમાંથી ખુશાલીની લાળ ટપકાવવા માંડ્યું. પણ અમીરે તેને શુક્રગુજાર બજાવવાનો મોકો આપ્યા વિના ઝડપથી ઊભા થઈ ચાલતી પકડી: 'જરા ઉતાવળ છે, છાવણીમાં મારી રાહ જોવાતી હશે.'

શ્વાસભેર તેણે બુઢ્ઢીનો પીછો કર્યો. સાદ પાડવો નહોતો કે કોઈની નજરે ચડવું નહોતું એટલે આયાની લગોલગ પહોંચતાં જે વાર લાગી તે પણ અમીરને અકળાવી ગઈ.

ઉતાવળાં પગલાં સાંભળીને ડોશીએ ડોક ફેરવી. અમીરને જોતાં જ એના પગ થંભી ગયા અને ચહેરા પર ઉજાસ ફરી વળ્યો. અમીરને સમજાઈ ગયું કે ડોશી

પોતાની તલાશમાં જ જઈ રહી હતી.

'આપનો ક્યાંય ભેટો ન થયો તેથી છાવણી પર મળવા આવતી હતી.' શ્વાસ ખાતાં તે માંડ એટલું બોલી શકી.

અમીરને કહેવાનું મન થયું: 'હુંય તારી ખોજમાં બપોરનો ચક્કર લગાવું છું.' પણ તેણે શબ્દોને જબાન પર આવવા ન દીધા. જો કે ચાલાક બુઢ્ઢી તેના હાવભાવ પરથી હકીકત કળી ગઈ.

આજુબાજુ જોઈને એ બોલી: 'આપણે જરા આઘેરા જઈને વાત કરીએ.'

કોઈ અજાણ્યો માણસ રસ્તો પૂછે ત્યારે તેને આંગળી ચીંધી ચાલવા માંડે તેમ ડોશી આગળ વધી. અમીર ચૂપચાપ તેની પાછળ ચાલતો થયો.

એક ખડકની આડશે ડોશી અટકી ગઈ. આથમતા સૂરજના ઝાંખા પાંખા અજવાળામાં કોઈ જોઈ જાય તો પણ ઓળખી શકશે નહિ એની ખાતરી કરી લીધા પછી હળવેકથી તેણે કહ્યું: 'આપ વાયદો પાળશો એની જોહરાને પાકી ખાતરી હતી.'

અમીર અછું મલક્યો: 'માત્ર આંખોની ઓળખાણમાં જ તેને મારા પર આટલો બધો ભરોસો બેસી ગયો ?'

'મીરસાહેબ, બેઅદબી માફ કરજો,' ડોશીના ચહેરા પરની કરચલીઓ હસવા લાગી: 'આપની આંખો આયના જેવી સાફ છે. તેમાં જોતાં જ આપનું દિલ દેખાઈ આવે છે.'

અમીરને અચરજ થયું: વાહ આ બુઢ્ઢી તો શાયરીના ઢંગથી બોલે છે ! પણ અત્યારે તેને તારીફ સાંભળવા કરતાં જોહરાનો ઈરાદો જાણવાની અધીરાઈ હતી.

'તારી માલકિન નવાબથી તંગ થઈ ગઈ લાગે છે !'

'આપનું અનુમાન સાચું છે.' ડોશીએ બોખું હસીને કહ્યું: 'ઘણા સમયથી તે કોઈક હિંમતબાજ જુવાનની રાહ જોતી દિવસો ગુજારતી હતી . . . કિસ્મતે યારી આપી અને આપની મુલાકાત થઈ ગઈ.'

'અને ધારકે . . . .' અમીરે સહેજ અટકીને કહી દીધું: 'નવાબ પાસે જઈને જોહરાનો આ ઈરાદો જાહેર કરી દઉં તો ?'

ડોશી ચમકી, ધ્રૂજી અને આંખો ફાડી અમીરને જોઈ રહી. પછી ધીમે ધીમે આંચકાનો પચાવી જઈને એણે સંભળાવ્યું: 'નવાબને આપ જણાવી દો તો અમે બંને આવતી કાલ સવાર નહીં ભાળીએ. . . આપને બદલામાં સારી શાબાશી પણ

મળે.'

બુઢ્ઢીનો વળતો કટાક્ષ અમીરને હાડોહાડ લાગી ગયો. જદનબાઈનેય થયું કે પોતે વધુ પડતું અને બિનજરૂરી બોલી ગઈ છે એટલે નરમાશથી વાળી લીધું: 'મીરસાહેબ આપ જોહરાને મદદ કરશોને ?'

'મદદ કરવા તો હું તૈયાર છું.' આમ કહેવાઈ ગયા પછી અમીર વિચારવા લાગ્યો. જોહરા નવાબના ત્રાસમાંથી છૂટવાના મતલબે જ મારી મદદ માગે છે કે પછી એને મારા તરફ ખેંચાણ જાગ્યું છે ? આ ડોશીને એ વાત પૂછવી કઈ રીતે ?

'આપ અટકી કેમ ગયા ?'

'હું વિચારતો હતો કે જોહરા છટકીને ક્યાં જવા માગે છે. હૈદ્રાબાદ સુધી તે અમારી સાથે સફર કરશે કે બીજો કોઈ આશક તેણે ગોતી રાખ્યો છે ?'

જદનબાઈ તેના સવાલનો હેતુ ન સમજી શકે તે એટલી કાચી નહોતી. હવે તેણે સમજીને આ જુવાનને જવાબ આપવાનો હતો.

'આપ તૈયાર હો તો જિંદગીની સફરોમાં એ સાથ આપશે.'

'હેં !' અમીર દિલના ઉછાળાને રોકી ન શક્યો: 'તેણે આટલી બધી તૈયારી રાખી છે ?' પછી માનવામાં ન આવતું હોય તેમ બબડ્યો: 'હું તો હજુ બિનઅનુભવી છું ... પણ કોઈ તવાયફ એકાદ મરદના સંગાથમાં જિંદગી ગુજારી નાખવાનું પસંદ કરે ખરી ?'

જદનબાઈએ ધારી ધારીને જોયું કે તવાયફ શબ્દ ઉચ્ચારતી વખતે અમીરના ચહેરા પર તિરસ્કાર કે અણગમાની રેખા ઉપસી નહોતી-માત્ર આશ્ચર્યજનક કુતૂહલથી એ પૂછતો હતો. પોતે અમીરના ખાનદાન વિશે કાંઈ જાણતી નહોતી, છતાં એ જુવાન જોહરાનો હાથ પકડી લે તો જિંદગીનો રાહ સફળ થઈ જવાની આશા જાગી. મતલબી દુનિયાની બૂરાઈઓ હજુ આના જુવાન દિલને સ્પર્શી નથી એટલે કામ બની શકે તેમ હતું.

'મીરસાહેબ ! બધી ઓરતો ખાનદાની તવાયફ નથી હોતી, સંજોગો એને આવું કરવા ફરજ પાડે છે.' ડોશીએ જોયું કે અમીર તેના બોલ ધ્યાનથી સાંભળે છે: 'હૈદ્રાબાદમાં જોહરાની અમ્મા અને બહેન છે પણ એ રિશ્તો ધંધાદારી છે. જોહરાને તેના અસલી માબાપની જાણ નથી. હું તેની સાથે બે ત્રણ વરસથી રહું છું તેમાં એટલી ખાતરી થઈ ગઈ છે કે એ છોકરીને જો લાયક આદમી મળી જાય

તો તવાયફની બદનામ જિંદગીમાંથી છૂટકારો પામી શકે.'

બુઢ્ઢીના આ શબ્દોએ અમીરનો જુસ્સો વધારી દીધો. પોતે વિચારતો હતો એવા જ સંજોગો સર્જાઈ રહ્યા છે ત્યારે હવે આ મોકો ગુમાવવો નથી.

'કોણ જાણે શું કામ.... પણ જોહરાને જોઈ ત્યારથી એ મારા દિલનો કબજો લઈ બેઠી છે હું મારા મનને મનાવતો હતો: મરદોના દિલ બહેલાવવાનો જેનો પેશો છે એ કદાચ મને રાજી કરવા ઈશ્કની આતશબાજી ખેલી રહી છે. મારે એમાં ભરમાઈ જવું ન જોઈએ....

'પણ જોહરા એવી નથી.' ડોશીએ ઉતાવળે કહી દીધું. છતાં અમીરે ન સાંભળ્યું કરી પોતાની વાત ચાલુ રાખી: 'તમારાથી હવે શું કામ કાંઈ છુપાવવું? મારા અબ્બાએ પણ જોહરાના મોહમાં ન ખેંચાવા મને ઘણો સમજાવ્યો છતાં હું તમને મળવા આવ્યો છું.'

'એ આપના ઈશ્કની સચ્ચાઈ દેખાડે છે મીરસાહેબ.' જદનબાઈનો અવાજ ભીનાશ પકડવા લાગ્યો : 'બાકી આપને હું એટલું કહીશ કે ક્યારેય આપનો સંગાથ છોડી જવાનું વિચારશે નહીં. આપને જોયા ત્યારથી એ એના દિલની દુનિયાને અરમાનોથી સજાવી રહી છે.'

'તો પછી હવે એના અરમાન પર હું જિંદગીની બાજી ખેલી જવા તૈયાર છું.' અમીરનો જુસ્સો ઉગ્ર બન્યો: 'એને ખાતર મારે જિંદગીનો રાહ બદલવો પડશે તોય હું અચકાઈશ નહીં.'

'ખુદા એવી આફત ક્યારેય ન ઊતારે.' જદનબાઈની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં.

અમીરને થયું ડોશી રડવા માંડશે તો મૂળ કામ રહી જશે એટલે વાતને ઝડપથી વાળી લીધી.

'હવે નવાબના સકંજામાંથી છૂટવાની તરકીબ આપણે વિચારી લઈએ.'

ડોશીએ ઓઢણીના છેડાથી ઝટપટ આંખોના ખૂણા લૂછી નાખ્યા: 'મીરસાહેબ, એ તરકીબ તો ખુદ જોહરાએ જ વિચારી રાખી છે. આપને હરકત ન હોય તો કાનમાં કહું.'

'કાનમાં !' અમીર ચોંક્યો. આજુબાજુ નજર કરી તો કોઈ સાંભળી જાય એવો સંભવ નહોતો.

'કાનમાં જ કહેવા જેવું છે !' કહેતી જદનબાઈ નજદીક આવી... કહેવાનો એક પણ શબ્દ બહાર છટકી ન જાય એવી સાવચેતી ખાતર તેણે પોતાના મોં અને અમીરના કાન વચ્ચે બંને હથેળી ધરી રાખી.

કાનમાં કહેવાતી વાતની અસર અમીરની આંખોમાં ઝીલાતી જતી હતી. પાંપણો વિસ્મયથી પહોળી થઈ. ભ્રમરો ખેંચાણી, મોં અર્ધું ઉઘાડું રહી ગયું અને શ્વાસ ફેફસામાં ભરાવા માંડ્યો.

'આબાદ તરકીબ ઘડી કાઢી છે !' અમીર રોકી રાખેલા શ્વાસને છૂટો કરતો બોલ્યો: 'પણ આવું બધું કરવાની જરૂર ખરી ?'

'હા, આપણા બધાની સલામતી ખાતર એવું કાંઈક કરવું પડે છે, નવાબને એવો શક ન પડવો જોઈએ કે જોહરા નાસી ગઈ છે, દેખાવ આપણે એવો કરવો છે કે કોઈક તેને બળજબરીથી ઉઠાવી ગયું છે ... નજીકમાં નરસી નામની જાગીર છે તેનો નવાબ જોહરા પાછળ લટ્ટુ બન્યો છે તેને ઉઠાવી જવા માટે એક વાર કોશિશ પણ કરી ચૂક્યો છે એટલે નવાબનો શક એના તરફ જ દોરાશે. ત્યાં સુધીમાં આપણે ઘણા આઘા નીકળી જઈશું.'

અમીરને બધું બંધબેસતું લાગવા માંડ્યું. કુદરત તેની તરફેણમાં છે. જોહરાનો પ્યાર જીતી લેવા માટેની ધગશથી તેનું લોહી ધગી ગયું. જદનબાઈએ ધાર્યું કે અમીર ગડમથલમા પડી ગયો છે. જુવાન કાંઈક મૂંઝાતો લાગે છે. એટલે પાણી ચડાવવા પ્રયાસ કર્યો :

'આપની તાકાત પર ભરોસો ન હોત તો આવું જોખમ ઉઠાવવા જોહરા તૈયાર જ ન થાત.'

અમીર ઊભો થઈ ગયો: 'ચાલ મને એ જગ્યા દેખાડ જ્યાંથી મારે જોહરાને ભગાડવાની છે. જરૂર પડશે તો નવાબના ચોકીદારના માથાં ઉડાવી દેતાં હું નહિ અચકાઉં'

'એવી કોઈ જરૂર નહીં પડે ... મકાનના પાછલા ભાગમાંથી છટકી જતાં તેને કોઈ જોઈ નહીં શકે. ત્યાં પહેરીગીરો હોતા જ નથી'

જદનબાઈને ખાતરી થઈ ગઈ કે આ જુવાન હવે કોઈ આફત સામે ઓગળી નહીં જાય ત્યારે તે ઊઠી: 'આપ મારી પાછળ ચાલ્યા આવો. મારાથી જરા અંતર રાખજો. હવે અંધારૂં થવા આવ્યું છે એટલે એ જગ્યા સૂમસામ હશે.'

ડોશીની પાછળ પાછળ ધીમા પગલે ચાલતા અમીરના મનમાં સાહસવૃત્તિ ઘૂઘવાટ કરવા લાગી. જે સાહસમાં ઝૂકાવવા પોતે તૈયાર થયો છે તેમાં ગરદન ઝૂકી જવાનો કે કપાઈ જવાનો સંભવ હોવા છતાં જોહરાનું આકર્ષણ તેને એ તરફ ખેંચી રહ્યું હતું.

*

જોહરાનું અપહરણ કરવાનું અમીરે બદ્રીનાથને કહી સંભળાવ્યું ત્યારે એ બ્રાહ્મણ થોડીવાર તેની જનોઈને રમાડતો મૂંગો બેસી રહ્યો. અમીરનો ખરો મદાર બદ્રી પર હતો. ગમે તેમ તો એ કાબેલ ઠગ હતો, તેણે દુનિયા વધારે જોઈ હતી, માણસની રગ એ જલદી પારખી શકતો અને જરૂર પડે ત્યારે હદ બહાર ઘાતકી થઈ શકતો. હાજરજવાબીમાં હોંશિયાર અને ખતરા સામે ખબરદાર બદ્રી પાછો દોસ્ત તરીકે દીલાવર પણ હતો.

બદ્રીનાથે જમણા હાથે ઉપરાઉપરી ચપટી વગાડવા માંડી ત્યારે અમીર સમજી ગયો કે એ ફેંસલા પર આવી રહ્યો છે. તેની આ આદતથી અમીર વાકેફ હતો એટલે તેનો જવાબ સાંભળવા અધીરાઈ દેખાડી: 'શું ફેંસલો કર્યો બદ્રી ?'

'અમીર, જ્યારથી આપણી દોસ્તી જામી છે ત્યારથી જ મારો ફેંસલો છે કે બધામાં સાથ આપવો.'

'શાબાશ દોસ્ત !' અમીરે ઉત્સાહભેર તેની પીઠ થાબડી. પણ બદ્રી હજુ કાંઈ કહેવા માગતો હતો.

સાહસો કરવાનો બંદાને પૂરો શોખ છે છતાં અમીર, માત્ર પરોપકાર ખાતર પરાક્રમ કરવાનું આપણને પાલવે નહીં.'

'આમાં એકલો ઉપકાર ક્યાં છે . . .' અમીરે દલીલ કરી: 'થોડો પ્યાર પણ છે ને.'

'વાહ મિયાં ! બુઢ્ઢા નવાબની ધોળી દાઢીમાં ધૂળ નાખવાનું તો એક બહાનું જ હતું એમને !' બદ્રીએ આંખ મીંચકારીને ઉમેર્યું: 'જોહરાને છોડાવી તું ખુદ એમાં ફસાવા માગે છે એમ કહી દે ને.'

'યાર તું કોઈકના ઇશ્કમાં પડીશ ત્યારે તને સમજાશે કે એ હાલતમાં કેવો ખુમાર હોય છે !'

'અમીર તું તો એવી વાત કરે છે જાણે હું સાવ બિનઅનુભવી છોકરું

હોઉં !' બદ્રીનો અવાજ ગંભીર થવા લાગ્યો: 'જોહરાના આકર્ષણને પ્યાર માની લેવામાં મને તો તારું જ બિનઅનુભવીપણું દેખાઈ રહ્યું છે. સફરે નીકળેલો વટેમાર્ગુ તરસ છિપાવવા માટે કૂવો જરૂર શોધે છે, પણ પાણી પીવા માટે કૂવામાં ભૂસ્કો મારતો નથી !'

બદ્રીની આવી દલીલ અમીરને અસંગત લાગી.

'એનો મતલબ એ કે તું મને સાથ આપવા માગતો નથી !'

'ના એનો અર્થ એ કે હું સાથ આપવાનો જ છું પણ જોહરાનો સાથ તારે કાયમનો માની લેવાની જરૂર નથી . . .' બદ્રીએ તેને ચમકાવ્યો: 'હૈદ્રાબાદ સુધીની સફરમાં આપણી સાથે જનાનો હશે તો શિકારનો ભરોસો જલદી હાંસલ કરી શકશે.'

'બહોત અચ્છા !' અમીર ખુશ થઈ ગયો. બદ્રી સાથે બીજી રકઝક કરવાને બદલે મુદ્દાની વાત પતાવી લેવાની તેને ઉતાવળ હતી. આગળ ઉપર જે થાય તે જોયું જવાશે.

'તો કાલે રાતે, બરાબર આવા ટાણે ગામમાં જઈને કામ પતાવવાનું નક્કી ને ?'

બદ્રી ખંધું હસ્યો: 'બસ પહેલે પગલે જ ભૂલ કરી બેઠોને !'

અમીરને સમજાયું નહીં એટલે બાઘાની જેમ તેની સામે જોતો રહ્યો.

'અરે ભાઈ, મધરાતે આપણને ગામમાં દાખલ થવા કોણ દેવાનું ? આજ રાતે એક ઠેકાણે મારે રાતવાસો કરવા જવું હતું.' બદ્રીએ વચ્ચે આંખ મીંચકારીને ઈશારામાં પોતાનો ઇરાદો સમજાવી દીધો પછી ઉમેર્યું, 'પણ સાંજ પડી ગયા પછી કોટના દરવાજામાં સાલા ચોકીદારોએ પેસવા જ ન દીધો . . . દિ' આથમ્યા કેડે ગામમાં દાખલ થનારો દરેક માણસ એમને ચોર જ લાગે છે.'

તે આપણે ક્યાં શાહુકાર છીએ ? એવો મમરો મૂકવાનું અમીરને મન થયું પણ મૂળ વાત ફંટાઈ જવા દેવી નહોતી એટલે ખામોશ રહ્યો.

'એટલે ગામમાં તો આપણે સાંજકના જ ઘૂસી જવું પડશે'

'કબૂલ !' અમીરે કહ્યાગરો જવાબ આપીને અધીરો સવાલ પૂછ્યો: 'પછી ?'

'પછી શું-ગામમાં એક ભઠિયારાની દુકાનમાં ધામા નાખશું. બંદા તારા હિસાબે ભરપેટ ભોજન કરશે.'

'ખાઉધરો !' અમીરે મીઠું મેણું સંભળાવ્યું ત્યારે બદ્રીએ હાજરજવાબીથી તેને ચાટ પાડ્યો: 'અરે મિયાં, પેટ માટે તો આ બધું ચાલે છે . . . બાકી ભૂખ્યા પેટે પ્રિયતમ (ભગવાન)ની પૂજા કે પ્રિયતમાને પ્યાર કરવાથી ફળ નથી મળતું-શું સમજ્યો ?'

'બધું સમજ્યો . . .' અમીર તેની જીભચાતુરી પર ખુશ થતો બોલ્યો: 'હવે મને એ સમજાવ કે જોહરા અને પેલી બુઢ્ઢીને આપણે ગામ બહાર કઈ રીતે લાવવાની છે ?'

'એનો રસ્તો આપોઆપ મળી જશે-ખાવા પછી મારી બુદ્ધિ વધુ ચાલે છે એની તને ખબર છે ને ?' બદ્રીએ અમીરને પાછો છંછેડ્યો.

પણ અમીર અત્યારે મજાકના મિજાજમાં નહોતો. તે બધું પાકું કરી લેવા માગતો હતો. દિવસના ભાગમાં બીજાઓની હાજરીમાં આની ચર્ચા થઈ શકે તેમ નહોતી. બાપની મંજૂરી લીધી હોવા છતાં તેમને તેણે અર્ધા અંધારામાં રાખવાનું પસંદ કર્યું હતું. જોહરા નાસી ગઈ છે એ જાણ થયા પછી નવાબ કેવો ધૂંઆફૂંઆ થશે તેનો એણે બદ્રીને ખ્યાલ આપ્યો. સવાર સુધીમાં જોહરાને દૂર ભગાડી દેવામાં ન ફાવીએ તો આખી ટોળી ઉપર આફત આવે એ ખતરાથી તેને વાકેફ કર્યો ત્યારે બદ્રીનાથ ખરેખર ગંભીર બની ગયો. અમીરને સાથ આપવા જતાં પોતે ઈસ્માઈલના ખોફનો ભોગ બનવાનું જોખમ વહોરી રહ્યો છે તે એને હવે બરાબર સમજાયું. છતાં એમ પણ લાગ્યું કે આ એક એવો મોકો છે જેમાં અમીરને સાથ આપીને પોતે એની દોસ્તીને કાયમી બનાવી શકવાનો . . . કદાચ ઈસ્માઈલની આ છેલ્લી સફર પણ હોય, આવતા વરસથી અમીર સરદાર બને તો પોતે એના જમણા હાથની પાયરી હાંસલ કરી શકે. કોઈનો ભરોસો હાંસલ કરવો હોય તો જોખમમાં જ એની પડખે ઊભા રહેવું જોઈએ.

બદ્રીએ જોખમ જાણી લીધું, નાણી લીધું અને પછી તેમાં ઝંપલાવવાનો કોલ આપી દીધો.

'અમીર, કાલ સાંજ સુધીમાં હું બધા જ રસ્તા વિચારી લઉં છું . . .અને એટલી ખાતરી રાખજે કે ફસાઈ જવાની કોઈ જગ્યા હું વિચાર્યા વિનાની રહેવા નહીં દઉં'

'શાબાશ દોસ્ત.' અમીર તેને હેતથી ભેટી પડ્યો. બદ્રી તેને ત્યારે અફલા કરતાંય વધુ જિગરી દોસ્ત લાગ્યો.

પણ જોહરા અને પેલી બુઢ્ઢીને અહીંથી ક્યા માર્ગે નસાડવા એ નક્કી કરવા માટે મારે પેલા પીરખાંને સાધવો પડશે. એ આ રસ્તાનો પૂરો જાણકાર છે.'

'પીરખાંનો મને વાંધો નથી.' અમીરે સંમતિ દર્શાવીઃ 'એ ભેદને પેટમાં સંઘરી શકે એવો છે . . . પણ એક વાત યાદ રાખજે, બાપુને આ જોખમની ગંધ ન આવવી જોઈએ.'

'એ માટે તું બેફિકર રહેજે.' બદ્રી રંગમાં બોલી ગયોઃ 'કેટલાંક કામ જુવાનોને શોભે એવા હોય છે, મુરબ્બીઓને તેનાથી અળગા રાખવા સારા.'

બદ્રીના શબ્દોએ અમીરને પૂરી ધરપત બક્ષી. ચોવીશ કલાક બાદ પોતાની થઈ જનારી જોહરાના ખ્યાલોને પંપાળવા માટે હવે તેને એકાન્તની જરૂર લાગી એટલે બદ્રીને તેણે પોતાની છાવણીમાંથી વિદાય કરી દીધો.

*

બીજા દિવસની સાંજ આથમતાં પહેલાં જ અમીર અને બદ્રી ગામમાં જવા માટે છાવણીમાંથી નીકળ્યાઃ 'રાતે મોડા પાછા આવશું' એટલું જ તેમણે કહી રાખ્યું હતું. બદ્રીએ પીરખાંને સાબદા રહેવાની તાકીદ આપી દીધીઃ 'ગમે ત્યારે જગાડું તો તરત જ બેઠો થઈ જજે, તારી આદત મુજબ 'હમણા ઊઠું છું' કહીને પાછો ઊંઘવા નહીં માંડતો.'

અમીરે કમર પર તલવાર બાંધી હતી અને બદ્રીએ કટારી ભરાવી હતી. રૂમાલ તો બંનેએ યાદ રાખીને સાથે લીધેલા, કદાચ એનોય ઉપયોગ કરવો પડે.

ગામમાં દાખલ થવાનો દરવાજો દેખાયો એટલે બદ્રીએ કહ્યુંઃ 'આ હરામજાદા ચોકીદારને રાજી કરીને જ અંદર જવું છે. પાછા ફરવા માટેનો રસ્તો અત્યારથી સાફ રાખવો પડશે.'

'તું હાથ છૂટો રાખજે, થેલી ભરીને રૂપિયા સાથે લીધા છે.' કહીને અમીરે કમરે લટકાવેલી થેલી રણકાવી.

'નહીં અમીર, એ કુત્તાઓને તો બેચાર ટુકડા જ ફેંકવાના.'

બદ્રીએ દોર પોતાના હાથમાં લઈ લીધો. દૂરથી જ ચોકીદારો તેને ઓળખી ગયાઃ 'હં આજે વખતસર આવી ગયાને . . . ગઈ કાલે તમે ભારે રકઝક કરી પણ શું કરીએ, નવાબનો હુકમ છે, સૂરજ આથમ્યા બાદ ચોર અને શાહુકાર બધાય સરખા.'

'અમે પરદેશી રહ્યા, ગામેગામના કાનૂનો જુદા હોય. બે દિવસના મહેમાન છીએ' બદ્રી સાચવી સાચવીને તેને લાલચમાં લપેટતો હતો: 'જ્યાંની મહેમાનગતિ માણીએ ત્યાં કાંઈક આપીને જ જઈએ, લઈને થોડું જવાના.'

ચોકીદારોનો ઉપરી ઈશારામાં સમજી ગયો: 'ગામમાં દાખલ થવા માટે જ આ કાનૂન છે, બહાર નીકળવા સામે કોઈ રોકટોક નથી.'

'સારું થયું તમે એ કહી દીધું.' બદ્રીએ દાણો દાબી જોયો: 'ત્યારે તો થોડી મજા માણીને અમે મધરાત પછી અમારી છાવણીમાં પાછા ફરી શકશું ને ?'

'બેલાશક !' ઉપરીએ આંખ મીંચકારીને કહ્યું: 'તમે મનફાવે તેટલી મજા માણી શકો છો-પાછા ફરતાં તમને કોઈ નહીં રોકે. કદાચ અમે પાછલી રાતે ઝોકાં ખાતાં હશું એટલે અત્યારે જતી વખતે જ મારા માણસોને રાજી કરતા જાવ એ વધુ સુગમ પડશે.'

બદ્રીએ પોતાની કેડેથી થોડા સિક્કા કાઢીને તેના હાથમાં સરકાવી દીધા: 'લો મજા કરો.' પછી અમીરને ઈશારત કરી આગળ વધી જવા કહ્યું. તેને હજુ એક વાત પૂછવાની બાકી હતી.

ચાંદીના સિક્કા ગજવામાં ગોઠવી દઈ ઉપરીએ દુઆ દીધી એટલી વારમાં અમીર દરવાજામાં દાખલ થઈ ગયો એટલે બદ્રીએ લાગ જોઈને પૂછી લીધું.

'ખાનસાહેબ, અમારા આ શાહજાદા જરા શોખીન મિજાજના છે. એકાદું સારું પંખી મળી જાય તો દિલ બહેલાવવા છાવણીમાં સાથે લઈ જઈએ તેમાં તમને કોઈ વાંધો . . .?

'અરે કોઈ હરકત નહીં' ઉપરી હવે પૂંછડી પટપટાવતા કૂતરા જેવો કહ્યાગરો થઈ ગયો હતો: 'તમને મન થાય તો અમારા નવાબની બેગમને સુધ્ધાં ઉઠાવી લાવજોને.'

દૂર ઊભેલા અમીરને આ સાંભળીને ધ્રાસકો પડ્યો. આને કાવત્રાની ગંધ તો આવી નહીં હોયને ? પણ બદ્રી બેપરવા રહ્યો. તેણે સામી મશ્કરી કરી :

'હે ખાન, તમારા નવાબની બેગમ દાનત બગાડવાનું મન થાય એટલી બધી ખૂબસુરત છે ?'

'અરે જનાબ !' ચોકીદારે મોં બગાડીને કાનમાં કહ્યું: 'એને ઉપાડી જવામાં તો મહેનત પણ માથે પડે એમ છે !'

પછી એ ખીખી-ખી કરતો હસી પડ્યો. એની નિમકહરામી માટે બદ્રી મનમાં ગાળો દેતો દરવાજામાં દાખલ થઈ ગયો.

'જોયુંને અમીર, ચાંદીના થોડાક સિક્કા ઈન્સાનને કેવો બેઈમાન બનાવી શકે છે !'

'હા યાર, એટલે તો આપણા જેવા આવાં સાહસ કરી શકીએ છીએ. અમીરે આસપાસ નજર કરીને ઉમેર્યું, 'મને લાગે છે, આ દરવાજેથી આપણે આસાનીથી પાછા ફરી જઈશું.'

'નહીં અમીર.' બદ્રીનું મગજ ભૂખ્યા પેટે ઝડપથી કામ કરતું હતું: 'લાલચુ માણસોનો બહુ ભરોસો કરવો નહીં. પાછા ફરવા માટે બીજો દરવાજો વધુ ફાવશે.'

એની હૈયાઉકલત માટે અમીરને બદ્રીની પીઠ થાબડવાનું મન થયું, પણ કામ ઉકલ્યા પહેલાં એવી ઉતાવળ કરવી ઠીક નહીં એમ મનને મનાવી તેણે દાદભર્યા સ્મિતથી એની કદર કરી.

*

ભરપેટ ભોજન કરીને બદ્રી નાખોરા બોલાવતો ભઠિયારાની વીશીમાં ઘોરતો હતો. વખત વિતાવવા અમીર ઉપરાઉપરી હુક્કો ભરાવી ઊંઘતા બદ્રીને જોતો જાગતો બેઠો હતો. સમયની સવારીની છડી પોકારતા કોટવાલીના ડંકા પડવામાં જરાક વાર થતી એટલે અમીર બેચેન બની જતો: સાલો ડંકા બજાવનારો પણ આ બદ્રીની જેમ ઊંઘી નહીં ગયો હોય ને ?

ભાખરીની એક મોટી થપ્પી ભાણામાં લઈને બદ્રી આરોગવા બેઠેલો ત્યારે અમીરે તેને ઘણો વાર્યો હતો: 'યાર, ચાહે તો કાલે બમણું ખાજે પણ અત્યારે પેટ થોડું ઊણું રાખ.'

'અમારા શાસ્ત્રમાં કોઈ કામ કાલ ઉપર રાખવાની મનાઈ છે.' બદ્રીને વાતવાતમાં શાસ્ત્રનો હવાલો ટાંકી દલીલ કરવાની ટેવ હતી. ક્યારેક સંસ્કૃતમાં સાચો ખોટો શ્લોક બોલી પોતાના કથનનું સમર્થન પણ કરતો. અમીરને એમાં કાંઈ સમજ પડતી નહીં અને શાસ્તરની વાત આવે ત્યારે વિરોધ કરવોય ગમતો નહીં.

રોન ફરનારા ચોકીદારો અવારનવાર સામાસામા 'જાગતે રહેના' નો પડકાર કરતા ત્યારે અમીરને ઊંઘતા બદ્રીની જેમ એ જાગતા ચોકીદારો ઊપર પણ ગુસ્સો ચડતો હતો. વારંવાર એક વિચાર આવી જતો: જોહરા પણ પોતાની માફક ઊંચક

જીવે જાગતી બેઠી હશે ને? પેલી બુઢ્ઢી કહ્યા મુજબ મકાનની પાછળ આવી જશે?

મધરાત વીતી, સોપો પડી ગયો. ડંકા બજાવનારો પણ દિલચોરી કરીને ઊંઘી ગયો. પેલી ડોશી આ જાણતી હોવી જોઈએ એટલે જ કહ્યું હતું ને કે બારના ડંકા પડ્યા બાદ એકાદ કલાક વીતવા દેજો. રોન મારનારાઓ ત્યારે ઊંઘી ગયા હશે.

બદ્રીએ ભઠિયારાને કહી રાખ્યું હતું: 'મધરાત બાદ એક કલાક જાય એટલે અમને જગાડજે ...' પેલાને વહેમ ન જાય એટલે બહાનું દેખાડ્યું હતું: 'અમારી જેવા આબરૂદાર માણસોએ મજા કરવા જવું હોય તો છાનાછપના જવું પડે.'

આકાશનો તારો જોઈને ભઠિયારાએ બદ્રીને ઢંઢોળવા માંડ્યો ત્યારે ઊંઘવાનો દેખાવ કરતો અમીર બેઠો થઈ ગયો: 'તમે રહેવા દો, એ ઊંઘણશીને ઊઠાડવાનું કામ મને ફાવશે.'

શ્વાસોશ્વાસ સાથે ઊંચાનીચા થતા બદ્રીના પેટ પર અમીરે પોતાનો પંજો દાબી રાખ્યો અને ઝાટકા સાથે બદ્રી બેઠો થઈ ગયો.

આખો લાડવો સમાઈ જાય એટલું મોં ફાડીને મોટું બગાસું ખાધું, હાથીની સૂંઢની જેમ બંને હાથ હવામાં ઉછાળીને આળસ મરડી. બદ્રીના પાડા જેવા શરીરમાં સૂસ્તી ઊડતાં કેટલીવાર લાગશે એવી અધીરાઈ સાથે અમીર તેની આ ક્રિયા જોતો હતો. પણ બે મિનિટમાં બદ્રી ચિત્તા જેવી ચપળતા સાથે ઊભો થઈને બોલી ઊઠ્યો કે 'ચાલ, આગળ વધ !' ત્યારે અમીરની તાજ્જુબીનો પાર ન રહ્યો. બદ્રીના વર્તન પરથી તેને એક વાત શીખવા મળી. માણસનું શરીર સ્થૂળ હોય કે પાતળું, એનાથી કોઈ ફેર પડતો નથી. મુખ્ય મુદ્દો તો મનની સ્ફુર્તિનો છે.

વીશીમાંથી બહાર નીકળી દબાતા પગલે બંને જોહરાના ઘર તરફ આગળ વધ્યા ત્યારે અંધારા આસમાનમાં ટમટમતા તારલાઓ ધીમું ધીમું હસતા હતા. એ હાસ્ય એમના સાહસ માટે સ્વાગત કરતું હતું કે મજાક ઉડાવતું તેની બેમાંથી કોઈને ખબર નહોતી

જોહરાના મકાનની પછવાડે લપાયેલી બુઢ્ઢી જદનબાઈને એટલી તો ખબર હતી કે જોહરાની પથારી અત્યારે લોહીથી તરબોળ થઈ ગઈ છે-મીરસાહેબ જલદી આવી પહોંચે તો સારું !

*

૨૩

ચોરની જેમ દબાતા પગલે અમીર અને બદ્રી એક પછી એક લગીઓ વટાવતા જતા હતા. જામતી રાતે શિયાળાની ટાઢે ઉજાગરાનાં બંધાણીઓને પણ ઊંઘાડી દીધા હતા. પોતપોતાની શેરીની રખેવાળી કરતાં કૂતરાં અચાનક ભસી ઊઠતાં ત્યારે આ બંનેની ગતિમાં થોડી રૂકાવટ આવતી.

'બદ્રી, આપણે લાલચુ માણસોને કુત્તા કહીને ગાળ દઈએ છીએ પણ ખરી રીતે નિમકહરામ ચોકીદાર કરતાં આ કૂતરા ભસવાની ફરજ બજાવવાનું ચૂકતા નથી.'

'અમીર તને અત્યારે કૂતરાઓની તારીફ કરવાનું સૂઝે છે !' બદ્રીએ ભસતા કૂતરા તરફ ભાખરીનો એક ટુકડો ફેંકીને કહ્યું: 'મેં સવારના નાસ્તા માટે ચાર છ ભાખરીઓ પહેરણમાં દબાવી રાખી હતી તે આ સાલાઓના મોં બંધ કરવા માટે ફેંકતા જવી પડશે.'

બદ્રીનું ખાઉંધરાપણું અમીરને અત્યારે વહાલું લાગ્યું. મોટેભાગે બદ્રી ખાવા બેસતો ત્યારે તેની આસપાસ ચાર છ કૂતરાઓ પૂંછડી પટપટાવતા ફરતા હોય. બદ્રી ભીમસેનની જેમ ખાતો જાય અને કૂતરાઓને સંભળાવતો જાય: 'સાલાઓ અધીરા ન થાવ, વધશે તો તમને બે ચાર ટુકડા મળશે...' બદ્રીની કોશિશ હંમેશા ઠાંસીઠાંસીને પેટ ભરવાની રહેતી. ભૂખાવળા કૂતરાઓને જોઈને તેની ભૂખ વધુ ઊઘડતી અને પેટમાં તસુભાર જગ્યા ન રહે તો જ મૂંગા પ્રાણીઓ પર ઉપકાર કરતો હોય એમ વધ્યુંઘટ્યું એમને આરોગવા દેતો ! પણ અત્યારે ફરજિયાત ભસતાં કૂતરાં તરફ બદ્રીને ભાખરીના ટુકડા ફેંકવા પડતા હતા એ જોઈને ગંભીર હાલતમાંય અમીરને

ગમ્મત ઉપજી.

આગળ વધતો બદ્રી કહેતો હતો: 'આ કૂતરાંને એક બૂરી આદત વળગેલી છે. એક ભસે એટલે બીજાને એમ થઈ જાય કે હું રહી ગયો.'

અમીરે બદ્રીના પહેરણની બાંય ખેંચી: 'જરા ઊભો રહે. સામે બે ફાંટા પડે છે. એમાંથી જોહરાની ગલી કઈ છે એ મને યાદ કરવા દે.'

બદ્રીએ મોં બગાડીને મેણું માર્યું: 'માશુકાની ગલી પણ યાદ નથી ! તું કહેતો હોય તો એકાદ ચોકીદારને જગાડી જોહરાનું ઘર પૂછી લઉં ?'

'બક્વાસ બંધ કર !' યાદ કરવામાં ખલેલ પડી હોય તેમ અમીર ગિન્નાયો. બે શેરીના નાકા પર બળતું ફાનસ જોઈને તેના મગજમાં બત્તી થઈ: 'હવે બરાબર છે ફાનસની જમણી બાજુની ગલીમાં વળવાનું છે . . . ચાલ !'

અમીરે ઝડપથી પગ ઉપાડ્યા એટલે બદ્રીએ તેને ધીમો સાદ પાડ્યો: 'ઉતાવળ નહીં કર અમીર, વળાંક આવે ત્યારે સાવધ રહેવું સારું, અણધાર્યું સામેથી કોઈ ભટકાઈ ગયું તો કિનારે આવેલી નાવ ડૂબી જાય.'

'એવું બોલીને અપશુકન નહીં કર બદ્રી !'

'અરે વાહ, શુકનમાં તું ક્યારથી માનવા લાગ્યો !'

ખામોશ રહેવાનું હોવા છતાં બદ્રી કાંઈને કાંઈ બબડ્યા કરતો હતો. તેની પાછળ એક ઈરાદો હતો : વધુ પડતી સાવધાની ક્યારેક ગભરાટ ઉપજાવે છે. જોખમી સાહસ ખેડતી વખતે ભયના ભણકારા ન સાંભળવા હોય તો માણસે જીભને બોલતી રાખવી જોઈએ. ખરી રીતે બદ્રીની એ બચપણની ટેવ હતી. ભવાઈ જોઈને મોડો ઘેર આવતો ત્યારે અંધારી શેરીના નાકાથી ઘર સુધી ભેંસાસુર અવાજે રાગડા તાણતો જતો જેથી બીક ન લાગે ! એ આદતનો ઉપયોગ હવે તે હિંમત વધારવામાં કરતો હતો.

'પેલું મકાન !' જરૂર કરતાં વધુ મોટેથી અમીર બોલી ઊઠ્યો. એક ઝણઝણાટી વ્યાપી ગઈ એના અંગેઅંગમાં . . .

'પણ એ બુઢ્ઢી ક્યાં ?' બદ્રીએ અંધારામાં આંખો મીંચીને જોયું: 'હજુ સુધી એ આવી નહીં હોય ?'

'એ ન બને !' અમીરની નજર જોહરાના મકાનની બારી પર ચોંટી હતી:

'કદાચ આપણે વહેલા આવ્યા હશું.'

'નહીં, એ આવી પહોંચી છે !' મકાનની પછીતને ચોંટેલો એક ઓળો જરા હાલતો દેખાયો એટલે બદ્રીએ અમીરને બાવડે ખુશાલીનો ચીંટિયો ભર્યો: 'આપણી જ વાટ જોતી દેખાય છે.'

અમીરની આંખોમાં ચમક ઉપસી આવી. ભીંત સાથે પૂતળાની જેમ જડાઈને ઊભેલી જદનબાઈ જરાક હલી એટલે બંને તેના તરફ આગળ વધ્યા. જોહરાના મકાન તરફ લઈ જતું દરેક પગલું અમીરની અધીરાઈ ઘૂંટી રહ્યું હતું. દિલના થડકારા વધતા જતા હતા, નસોમાં વહેતું લોહી ગરમ થતું જતું હતું.

'શુક્ર ખુદાતાલ્લાનો . . .' ડોશી જાણે આટલો વખત ખામોશ રહીને થાકી ગઈ હોય તેમ હાંફતી છાતીએ બોલી: 'આખરે આપ આવી ગયા.' પછી બદ્રી તરફ નજર નાખીને, અમીર સાથે દરબારમાં આવ્યો હતો એ જ આદમી છે એની ખાતરી કરી લઈ ધરપત અનુભવી: 'એમને લાવ્યા એ પણ સારું કર્યું, એક કરતાં બે ભલા.'

'જોહરા તૈયાર છે ને !' બંધ બારી તરફ ડોક ઊંચકીને અમીર બોલ્યો: 'આપણે ઝડપથી નીકળી જવું જોઈએ. અત્યારે રસ્તો સાફ છે.'

બે પાંચ પળ ત્રણે ખામોશ રહ્યા. ત્રણેના શ્વાસોશ્વાસ એક બીજા સાંભળી શકે એટલા જોરથી ચાલતા હતા. કટોકટીની ઘડીની આછી ધ્રૂજારી પણ તેમાં ભળી હતી. જદનબાઈએ હળવો ખોંખારો ખાઈને બારી તરફ નજર કરી. અમીર તો મટકું માર્યા વિના આંખો ખેંચીને ત્યાં જ તાકી રહ્યો હતો. બદ્રી આસપાસ નજર રાખી ચોકી કરતો જરા છેટે ઊભો હતો

બારી ઉઘડવાનો અવાજ સંભળાયો ત્યારે અમીરનું મોં પણ ઉત્તેજના સાથે ઉઘડવા લાગ્યું. ઉઘડતી બારીમાંથી જોહરા ડોકાઈ ત્યારે તો અમીરનું હૈયું હાથ ન રહ્યું. ખુદાની બંદગી કરતો હોય તેમ બંને હાથ ઊંચકાયા, માશુકાનું આટલું અંતર સહેવાતું ન હોય તેમ પગની પાનીઓ ઊંચી થઈ, જાણે નાભિમાંથી પોકારતો હોય તેમ ઊંડો શ્વાસ લઈ તે બોલી ઊઠ્યો: 'જોહરા ! જોહરા !'

જદનબાઈએ અમીરના ખભા પર હાથ મૂકી તેના આવેશને રોક્યો: 'જરા સબૂરી રાખો, મકાનના આગલા ભાગમાં ચોકીદારો જાગતા હશે તો વહેમાશે.'

ચોકીદારો દૂર હતા પણ સામે ઊભેલો બદ્રી જરૂર વહેમાયો: અમીરનો ઉશ્કેરાટ બતાવી આપે છે કે જોહરાએ આ જુવાનને, ઇશ્કની જાળમાં ફસાવ્યો



છે … પોતે ધાર્યું હતું એ કરતાં મામલો બહુ આગળ વધી ગયેલો દેખાયો એટલે ઉચાટ પણ જાગ્યો: આ ઓરત બાપ બેટા વચ્ચે અંટસ તો ઊભી નહીં કરે ને ?

જોહરાએ બધી તૈયારી કરી રાખી હતી. ચાદરનો એક છેડો તેણે પલંગ સાથે જકડીને બાંધી રાખેલો. બીજો છેડો પકડીને તેણે બારીમાંથી નીચે સરકી આવવાનું હતું. અમીરને આશ્ચર્ય થયું, જોહરા હજુ ઢીલ શા માટે કરે છે ? પ્રત્યેક પળનો વિલંબ તેને અકળાવી રહ્યો હતો.

પણ જોહરા માત્ર પહેરેલા કપડે ચાલી નીકળવા માગતી નહોતી. પહેલાં તેણે દાગીનાની પેટી અને કપડાનું પોટલું ચાદરને છેડે બાંધી નીચે સરકાવ્યું. આ જોઈને બદ્રી મૂછમાં હસ્યો: ગમે તેમ તો ઓરત છે ને ! ઝવેરાતનો મોહ શેનો છૂટે … જતાં જતાં ય પેલા બેવકૂફ નવાબને લૂંટતી જવાની.

અમીરે ઝટપટ પેટી અને પોટલું છોડી નાખ્યા: 'ચાલ હવે જલદી કર … નહીંતર મારે ઉપર આવવું પડશે.'

ગભરાટ વચ્ચે પણ પોતા માટેની અમીરની આ અધીરાઈ જોહરાને મીઠી ઝણઝણાટી આપી ગઈ: 'આવી રહી છું, મારા મહેબૂબ … ' કહીને બંને હાથે મજબૂતીથી ચાદર પકડી તે નીચે સરકવા માંડી.

અમીરનો શ્વાસ અધ્ધર થતો હતો, સાથે બંને હાથ પણ જોહરાને ઝીલી લેવા તલસતા હતા. ધીમે … ધીમે … ધીમે સરકતી જોહરા ઊતરવા લાગી. અમીરના હાથે તેની પાનીનો સ્પર્શ અનુભવ્યો ત્યારે રોમેરોમ જલતી શમાની જેમ પ્રજ્વલી ઊઠ્યાં. આસમાનમાંથી ઊતરતી હૂર (અપ્સરા) જાણે પોતાના બાહુમાં સમાઈ રહી હોય તેમ અમીર મદહોશ બનતો ગયો. રેશમી વસ્ત્રોમાં લપેટાયેલી જોહરાની સુંવાળી કાયાની ગરમીએ અમીરના ચહેરાને પસીનાથી ભીંજવી દીધો. બે ચાર પળ બંને એકબીજાને વળગી રહ્યા.

'હવે મોડું થાય છે.' બદ્રીના ધીમા છતાં કર્કશ અવાજે અમીર અને જોહરાને ચમકાવ્યાં. ખરું જોખમ હવે છે એનું ભાન કરાવ્યું. બદ્રીને થયું કે ફરી તેણે જોહરાની પેટી અને પોટલું ઊંચકી લીધું. પછી જાણે આજ્ઞા આપતો હોય તેમ મક્કમ સ્વરે કહ્યું:

'મારી પાછળ પાછળ ચાલ્યા આવો.'

'પણ હજી એક કામ બાકી રહી ગયું છે.' બુઢ્ઢી જદનબાઈએ ગભરાટ સાથે

યાદ કરાવ્યું: 'આ ચાદર અહીં લટકતી રાખીને કેમ જવાશે ? બારી પણ બંધ કરવી પડશે નહીંતર સવાર પહેલાં જ આપણે ઝડપાઈ જશું.'

બદ્રીને આંચકો લાગ્યો. પોતે આ મહત્ત્વનો મુદ્દો કેમ વિસરી ગયો ! બુદ્ધી તેને ધાર્યા કરતાં વધુ બાહોશ લાગી.

'એ કામ હું અબઘડી પતાવી આવું છું.' જોહરાના મોહમાં પોતે મૂરખ પૂરવાર ન થઈ જાય એટલે અમીરે જ પહેલ કરી. બારી જમીનથી માંડ દોઢેક માથોડા ઊંચી હતી. સડસડાટ તે ઉપર ચડી ગયો. બારીમાંથી કમરામાં દાખલ થઈને ફાનસના ઝાંખા અજવાળામાં અંદરનું દ્રશ્ય જોઈને ડઘાઈ ગયો.

કમરામાં બધું વેરવિખેર અને ઊલટસુલટ પડ્યું હતું. જોહરાના વસ્ત્રોનાં લીરા લોહીથી ભીંજાયેલા ગાલીચા પર અસ્તવ્યસ્ત પડ્યાં હતાં. બિછાનું પણ લોહીથી ખરડાયેલું હતું. જબરી ઝપાઝપી અને બળજબરી થઈ હોય એવો આબાદ દેખાવ ઊભો કરવામાં આવેલો. અમીર જોહરાની સમજદારી પર આફરિન થઈ ગયો. ગમે તેવો કાબેલ માણસ કમરામાં દાખલ થઈને જોશે ત્યારે માની બેસવાનો કે જોહરાને બળજબરીથી ઉઠાવી જવામાં આવી છે અને જોહરાએ જાનની પણ પરવા કર્યા વિના સામનો કર્યો છે. એ બૂરી રીતે જખમી થઈ હોવી જોઈએ . . . આ બધું જોયા પછી નવાબ જોહરાને જીવતી પાછી મેળવવાની મુરાદથી હાથ ધોઈ નાખશે અને તેને ઉઠાવી જનારને સખ્ત નસિયત કરવાના ધમપછાડામાં લાગી જશે. હવે તેનો શક નરસીના નવાબ પર પાકો થવાનો.

'અમીર !' બદ્રીનો ઉચાટભર્યો સાદ સંભળાયો ત્યારે તેને ખ્યાલ આવ્યો કે પોતે વખત વેડફી રહ્યો છે. કામિયાબી હાંસલ કર્યા પહેલાં તેના ખ્યાલમાં રાચનારો ઘણીવાર અધવચ્ચે જ ઝડપાઈ જાય છે. લટકતી ચાદર ઉપર ખેંચી લઈ, બારી અટકાવી તે ઝડપથી નીચે કૂદી પડ્યો. એ ધુબાકાએ જોહરાના મોંમાંથી એક આછો હાયકારો ખેંચી લીધો: 'યા ખુદા, આપને વાગ્યું તો નથી ને ?'

ધૂળવાળા હાથ ખંખેરીને અમીર જોહરાનું નાજુક બાવડું પકડી લીધું: 'નહીં જોહરા, આ તો મામૂલી ભૂસ્કો હતો.'

આ પ્યારભર્યા બોલ સાથે પોતાના બાવડા પરથી વધતી જતી પક્કડ જોહરાએ અનુભવી. જુવાન પોતાની કાયાના સ્પર્શથી બહાવરો બનતો હતો તે જોહરાથી છાનું ન રહ્યું.

શેરીના નાકે ઊભેલા બદ્રીએ ત્યાંથી હાથ ઊંચો કરી ઉતાવળ કરવાની ઈશારત આપી દૂરથી એક કૂતરૂં ભસી ઊઠ્યું ત્યારે જદનબાઈ ગભરાટથી ધ્રૂજી ઊઠી 'ચાલો આપણે જલદી નીકળી જઈએ.'

*

ઊંઘતા ચોકીદારોને વળોટી કોટનો દરવાજો ઓળંગતી વખતે ચારેય જણાએ ગૂંગળાવનારી તંગદિલી અનુભવી. ઊંઘના ઝોકે ચડેલો એક ચોકીદાર ઝબકીને જાગી જવાની અણી પર હતો. બદ્રી પોતાની કમરમાંથી રૂમાલ કાઢી તેની પાછળ જ ઊભો હતો. જોહરા અને જદનબાઈને લઈને અમીર આગળ નીકળી ગયેલો. ગભરાટમાં ડોશીના હાથમાંથી દાગીનાની પેટી પછડાઈ પડી તેના અવાજે પેલા ચોકીદારને ઝબકાવ્યો. આવા સંજોગોમાં ગળાફાંસો નાખી તેને કાયમ માટે ઊંઘાડી દેવા સિવાય બીજો કોઈ ઈલાજ ન હતો. કટારીનો ઘા કરે તો ચીસ સાંભળીને બીજા ચોકીદારો જાગી જાય. ચોકીદાર ઝાડના થડનો ટેકો લઈ બેઠો બેઠો ઊંઘતો હતો. અને બદ્રી થડની આડશ લઈને છુપાયો હતો. બીજા સંજોગોમાં બદ્રીએ ધીરજ ન રાખી હોત. ગળાફાંસો નાખવો એ તેના ડાબા હાથનો ખેલ હતો. પણ રૂમાલના બંને છેડા પકડીને તે થડ પાછળથી નીકળવાનો વિચાર કરતો હતો એ જ વખતે પેલી બુઢ્ઢી જદનબાઈએ ભયના માર્યા પાછળ ફરીને જોયું અને બદ્રીએ હાથ પાછા ખેંચી લેવા પડ્યા. રૂમાલનો ઉપયોગ થતો એ જોઈ જાય તો બધાનું આવી બને. છેવટના ઉપાય તરીકે બદ્રીએ કમરમાંથી કટારી કાઢીને ચોકીદાર પર તોળી રાખી હતી, પણ સદ્ભાગ્યે ચોકીદારે ઊંઘમાં બબડીને પાછાં નાખોરા બોલાવવા માંડ્યા અને બદ્રીનો શ્વાસ હેઠો બેઠો.

'જોહરા, હવે કોઈ ભય નથી. સામે જો, છાવણીના દીવા દેખાય . . .' અમીરે શ્વાસભેર ચાલતી જોહરાને ધરપત આપી ત્યારે છુટકારાનો આનંદ જાણે સહી શકતી ન હોય તેમ અમીરને વળગી પડી: 'હવે મને કોઈ તમારાથી અલગ નહીં કરી શકે . . . ક્યારેય નહીં.'

આવેશમાં અમીરે જોહરાને લગભગ ઊંચકી લીધી અને પાછળ આવતી જદનબાઈ જોઈ ન જાય એ રીતે તેના ગાલ ચૂમવા લાગ્યો: અચાનક તેને ખ્યાલ આવ્યો કે જોહરાનો ચહેરો પસીનાથી નિતરી રહ્યો છે અને શરીર ઠંડું પડવા લાગ્યું છે.

'જોહરા શું થયું તને ?'

પણ જવાબ ન મળ્યો ત્યારે અમીર અકળાયો. તેના પગ ઢીલા પડવા માંડ્યાં. ગભરાટમાં જોહરાને લઈને તે નીચે બેસી પડ્યો.

દૂરથી બદ્રીએ આ જોયું. તેના દાંત ભીંસાયા. અમીરને તેણે આવો બેવકૂફ ધાર્યો નહોતો, હજુ જોખમમાંથી પાર ઊતર્યા નથી ત્યાં ઇશ્ક ખેલવા બેસી ગયો !

નજીક જઈને જોયું ત્યારે સમજાયું કે જોહરા બેહોશ થઈ ગઈ હતી અને બહાવરો અમીર તેને ઢંઢોળતો હતો.

'બદ્રી, તું જલદી જઈને પાણી લઈ આવ. આને કંઈક થઈ જશે તો ...'

જદનબાઈનેય હવે ગભરામણ થવા લાગી. ગોઠણભેર બેસીને પોતાની ઓઢણીના છેડાથી તે જોહરાને હવા નાખવા લાગી. પાણી લઈ આવવા માટે બદ્રીએ દોટ મૂકી ત્યારે એના ભારે પગલાંથી ધરતી ધમધમી ઊઠી.

'કોઈ આપણી પાછળ પડ્યું લાગે છે.'

જોહરાની પાંપણો ફરકવા માંડી, છાતી જોરથી હાંફવા લાગી. જાણે નાસી છૂટવા માગતી હોય તેમ શરીરને ઝાટકો આપી તે બેઠી થઈ ગઈ: 'બચાવો મને ...'

'ઇન્શાલ્લા !' અમીરે રાહતનો દમ લીધો: 'ગભરાવાની જરૂર નથી. બધા જ ખતરા આપણે પાર કરી ગયા જોહરા ! ખુશ થવાને બદલે તું તો બેહોશ બની ગઈ ...'

ઊંડા શ્વાસ લેતી જોહરાએ આજુબાજુ નજર નાખી. ભયનો ભ્રમ મગજમાંથી ઓસરી ગયાના પુરાવારૂપે તેના ચહેરા પર ફરી ગુલાબી ઉપસી આવી. અમીર તરફ મુશ્કાનભર્યું જોવા લાગી: 'ખામખા આપને મેં ફિકરમાં નાખી દીધા ... એ બેહોશી તો ખુશીના ઊભરાની હતી.'

બંનેની નજરો લોહચુંબકની જેમ ટકરાઈ. ઊર્મિના તણખા ઝર્યા. ધીમે ધીમે બંનેના મુખ નજીક થતા ગયા અને જદનબાઈ આડું જોઈ ગઈ.

પાછા ફરતા બદ્રીના પગલાં સંભળાયા ન હોત તો અમીરની આ પહેલી પ્રેમચેષ્ટા વધુ લંબાઈ જાત. પાણીનો લોટો લઈ આવેલો બદ્રી ભોંઠો પડીને દૂર

ઊભો રહી ગયો. મોકો સાચવી લેવા તેણે મજાક છેડી: 'મને આઘો કરવા માટે તમે બંનેએ પાણી લાવવાનું બહાનું બનાવ્યું હતું કે શું ?'

જોહરા શરમાઈને અમીરથી અલગ થઈ ગઈ. બદ્રીની પાછળ પીરખાં પણ આવતો દેખાયો ત્યારે અમીરે ગળગળા સાદે કહ્યું, 'જોહરા, હાલ તુરત તો આપણે અલગ થવું પડશે. મારા આ બંને સાથી તમને સલામત જગ્યાએ લઈ જશે. કોઈને વહેમ ન જાય એટલા ખાતર અમે કાલ બપોર સુધી અહીં રોકાઈ જશું. બસ, બે દિવસનો જ વિયોગ વેઠવાનો છે.'

અમીરના બોલમાં લાગણીનો રણકો હતો. જોકે જોહરા થોડીવાર સુધી કાંઈ બોલી શકી નહિ. ધીમે ધીમે ઊભા થઈને તેણે તસ્લીમની અદા સાથે અમીરનો શુક્ર ગુજાર કર્યો :

'ખુદા આપને સદા આબાદ રાખે, એના અવાજમાં પણ ભીનાશ આવવા લાગી હતી : 'આ બાંદી આપનો અહેસાન જિંદગીભર નહીં ભૂલે મીરસાહેબ . . .'

લાગણીથી તરબોળ બનેલા તેના એ શબ્દોએ અમીરને વિવશ કરી મૂક્યો. બીજાઓની હાજરીની પરવા કર્યા વિના જોહરાને તેણે છાતી સરસી ચાંપી દીધી: 'પ્યારી, હવે આપણને કોઈ છૂટાં નહિ પાડી શકે.'

અને પોતાની છાવણીમાંથી આ દ્રશ્ય જોતો ઈસ્માઈલ ધૂંઆફૂંઆ થઈ ગયો. આ તવાયફની જાળમાંથી મારે વહેલી તકે અમીરને છોડાવવો પડશે, નહીંતર એ કદી કાબેલ ઠગ બની નહીં શકે.

*

૨૪

જોહરાનું એકાદ બે કલાકનું મિલન, ચાર છ આલિંગનો અને બે ચાર ચુંબનોએ અમીરની ઊગતી જુવાનીમાં જામગરી ચાંપી દીધી. જોહરાથી વિખૂટા પડવાનું બહુ વસમું લાગ્યું. અગાઉથી બધું ગોઠવાઈ ગયેલું અને જોહરાની સલામતી માટે જરૂરી હતું એટલે જ અમીર આ જુદાઈ વેઠવા તૈયાર થયો. બદ્રી, પીરખાં અને બીજા આઠદસ ઠગોના સથવારે જદનબાઈ સાથે જોહરાને વિદાય કરતી વેળાએ જે વલોપાત તેણે અનુભવ્યો એ માના મોત કે ગુલુના ગમ કરતાંય વધુ વસમો લાગ્યો તેને.

જોહરા, તું આ કેવી લગન લગાવી ગઈ ! કેવી અગન જગાવી ગઈ કે નજરમાંથી તારી આકૃતિ હટતી નથી. મગજમાંથી તારા ખ્યાલ ખસતા નથી અને તારા સિવાય દુનિયામાં જાણે બીજા કોઈ માણસ વસતા નથી એવો સૂનકાર વ્યાપી ગયો છે.

'મીરસાહેબ, નવાબની કેદમાંથી છુટકારો પામીને હું આપની કેદ થઈ રહેવાના ખ્વાબ સાથે ભાગી નીકળી છું.' છૂટા પડતી વખતે જોહરા ધ્રૂજતા અવાજે કહી ગઈ હતી: 'પણ જો જો એવું ન બને કે સફર શરૂ કરતાં પહેલાં જ આપણા રસ્તા અલગ થઈ જાય.'

અમીરે બરોબર ખાતરી કરી હતી કે એ અભિનય નહોતો . . . જુદાઈનો અજંપો અને મિલનનો તલસાટ તેના બોલમાં નીતરતો હતો. પાંપણ પર બાઝી ગયેલાં આંસુ બનાવટી નહોતાં, ચહેરા પર છવાઈ ગયેલી ઉદાસી ઉપજાવી કાઢેલી નહોતી.

'જોહરા, આપણને હવે કોઈ અલગ નહીં કરી શકે.' તેનો હાથ પકડીને પોતે કોલ આપ્યો હતો: 'બે દિવસની જ આ જુદાઈ છે, ત્યાર પછી આપણી સફર સહિયારી બની જશે-જિંદગીની આખરી મંઝિલ સુધી.'

છાવણીમાં ચટાઈ પર પડ્યો પડ્યો અમીર જુદાઈની એ ઘડીઓને વારે વારે વાગોળ્યા કરતો હતો ત્યાં ઈસ્માઈલનો અવાજ કાને અફળાયો. 'શાહજાદા ઊઠો, સવાર ક્યારની પડી ગઈ છે.'

અમીર સફાળો બેઠો થઈ ગયો. બાપના સંબોધનમાં રહેલો કટાક્ષ વરતાઈ ગયો. હવે રાતના બનાવની ઊલટતપાસ શરૂ થવાની ... જવાબ આપવાની તૈયારી કરવા અમીરે બે ચાર ખોટાં બગાસાં ખાધાં, આળસ ખંખેરવાને બહાને હાથ ઊંચાનીચા કર્યા.

જમાનાનો ખાધેલ ઈસ્માઈલ બેટાના ઢંગ પારખી ગયો. મનમાં તો ફેંસલો કરીને આવેલો કે આજે બાપની સખ્તાઈ દેખાડવાની છે. પણ દીકરા સાથે આંખો મળ્યા પછી તેને ઠાવકાઈ ધારણ કરવી પડી. ગમે તેમ તો અમીર હવે જુવાન થયો છે. તેની સાથે સમજાવટથી કામ લેવું જોઈએ. ઈસ્માઈલના દિલના ત્રાજવામાં એક તરફ બાપનું હેત હતું તો બીજા પલ્લામાં પાપનો બોજ પણ હતો. અમીરને નિરાધાર કરીને પોતે બાપ બની બેઠો હતો તે કેમ ભૂલી શકે ?

'તારી આંખોમાં આખી રાતનો ઉજાગરો ડોકાય છે અમીર.'

'તમે તો જાણો છો બાપુ કે ઉજાગરો કરવો પડે એવું જ કામ હતું.'

અમીરના સિફતભર્યા જવાબે ઈસ્માઈલને જરાક છંછેડ્યો: 'મને લાગે છે કે તેં મને અરધી વાત કહી છે અને બાકીની મારાથી છાની રાખી છે.'

અમીર ચોંક્યો. હવે તેની નજર ઈસ્માઈલની રાતીચોળ આંખો પર મંડાણી. એ સમજી ગયો કે બાપુ રાત્રે ઊંઘ્યા નથી. તો શું એ છાવણીમાં બેઠા બેઠા બધું જોતા હશે ? પોતાના ખોળામાં જોહરા માથું રાખીને પડી હતી, બંને વચ્ચે ચુંબનોની આપ લે થઈ હતી એ પણ જોઈ ગયા હશે ?

અમીર છોભીલો પડી ગયો છતાં જવાબમાં વાર લગાડીને તે અપરાધનો પૂરાવો આપવા માગતો નહોતો: 'તમારી મંજૂરી લીધા વિના મેં આ કામ કર્યું નથી અને બધી વાત કરીને તમને ઉચાટમાં નાખવા માગતો નહોતો ...' શું અસર થાય છે તે જોવા માટે અમીર અટક્યો ત્યારે બાપ-બેટાની નજર અથડાઈ. હવે અમીરે

બાપની ઊલટતપાસ લેવાની પેરવી કરી: 'તમારી આંખોમાંય ઉજાગરાનો ભાર વરતાય છે બાપુ ... રાત્રે ઊંઘ નથી આવી કે શું ?'

અમીરની હોંશિયારી પર ખુશ થવાનું મન થાય એવી ચાલ એ ચાલ્યો હતો. પણ બેટો બીજાને બનાવી જાય એની જ બાપને મગરૂરી થતી હોય છે, પણ પોતા પર એવી તરકીબ અજમાવે તો એ આકરું લાગે છે.

'અમીર સાચું કહે, તું એ તવાયફના પ્યારમાં પડી ગયો છે ?' શબ્દે શબ્દે સખ્તાઈ વધતી ગઈ હતી ઈસ્માઈલના સવાલમાં.

'તમને તવાયફો તરફ એટલો બધો અણગમો છે બાપુ ?'

અમીરે જાણે સવાલનો જવાબ સવાલથી જ આપવાનું નક્કી કર્યું હોય તેમ પૂછ્યું ત્યારે ઈસ્માઈલના દાંત ભીંસાયા.

'વાહ રે બેટા, એક મુલાકાતમાં તું એનું ઉપરાણું લેવા માંડ્યો ! મારા ગમા-અણગમાનો હિસાબ પૂછવા બેઠો ?'

'અમીરને થયું મામલો તંગ બને તે ઠીક નહીં. જોહરા સાથે હજુ પૂરી પિછાણ થઈ નથી. તેનો સાથ સાંપડશે કે નહીં એ નક્કી નથી. બાપ સાથે દલીલમાં ઊતરતાં પહેલાં કે મોરચો માંડતા પહેલાં તેણે પોતાની બાજુ મજબૂત કરી લેવાની બાકી હતી. કદાચ પાછળથી બાપુ માની પણ જાય. અત્યારે એમના દિલને આંચકો શું કામ આપવો ?'

'કેમ મૂંગો થઈ ગયો ?'

ગરદન નીચી કરીને બેઠેલા અમીરે સામે ઊભેલા બાપ તરફ ધીમે ધીમે નજર ઊંચકી. જવાબ પર જવાબ ગોઠવવા માટે તે આછું મલક્યો, પણ જવાબ આપવાની જરૂરત ન પડી, કારણ કે દૂરથી ધૂળ ઉડાડતાં ધસી આવતા ઘોડા દેખાયા. આંચકા સાથે એને ઊભા થઈ જવું પડ્યું. ઈસ્માઈલ પણ ચોંક્યો. દીકરાના ચહેરા પરનો ભય જોઈને તેની લાગણી ઉછળી આવી. ઠપકાને બદલે તેણે હિંમત આપી: 'તું જરાય અથરો થતો નહીં, નવાબના માણસો અહીં આવશે એની મને ખાતરી જ હતી.'

બહારના ભયે બાપ-બેટા વચ્ચેની ઉગ્રતાને ઘડીવારમાં ઓગાળી નાખી. અમીરે ઝડપથી સ્વસ્થતા ધારણ કરી લીધી. ઘોડાના ડાબલાથી ધ્રૂજતી ધરતીના આંચકાએ તેના દિલના ધબકારા વધારી દીધા હોવા છતાં મોં પર ગભરાટ કળવા

ન દીધો. હવે જે કાંઈ પરિણામ આવે તે પોતાના શિરે લઈ લેવાનો ફેંસલો કરી લીધો તેણે.

'બાપુ, તમે પાછળથી તમારી છાવણીમાંથી સરકી જાવ.' મક્કમ અવાજે એ ક્હેતો હતો: 'નવાબને તમારી ઓળખાણ મેં એક સોદાગર તરીકે આપી છે એટલે તમે વચ્ચે ન પડતા.'

ઘોડેસવારો હવે નજદીક આવી ગયા હતા. ઈસ્માઈલ ઉલઝનમાં દીકરા સામે જોતો હતો. અમીરે લાગણીના આવેશમાં તેમના ખભે હાથ મૂક્યો. હવે બાપને હિંમત તેણે આપવાની હતી: 'તમે મારી ફિકર ન કરો, હું બધું જ બરાબર સંભાળી લઈશ.' પછી ધક્કો મારીને હડસેલતો હોય તેવા આગ્રહભેર કહ્યું: 'જાવ જલદી.'

'ક્યાં છે પેલા મીરસાહેબ ?'

અવાજ તો કોટવાળ સાથે તેના ઉપરીને જોઈને અંમીરે સુખદ આશ્ચર્ય ફેંક્યું: 'આવો આવો . . . આ પરદેશીની છાવણીને પાક કરો.'

પણ કોટવાળ કે તેનો ઉપરી ઘોડા પરથી ઊતર્યા નહીં. અમીરના હાવભાવની તલાશી લેતા હોય એવી વેધક નજરે બંને તેની સામે તાકી રહ્યા હતા.

'નવાબની તહેનાતમાં હાજર થવાનું ક્હેણ લઈને આવ્યા છો ?' અમીરે જરાય થોથવાયા વિના અજાણ્યા થઈને આગળ ચલાવ્યું: 'હું આજે નજર એનાયત કરવા આવવાનું વિચારતો જ હતો.'

કોટવાળે એના ઉપરી સામે જોયું. ઉપરીએ આંખોથી તેને સમજાવી દીધું કે જે કામે આવ્યા છો તે જલદી આટોપી લો.

'મીરસાહેબ અમે બહુ ગંભીર કામસર આવ્યા છીએ.' કોટવાલે પ્રયત્ન કર્યો છતાંય બોલવામાં ધારી સખ્તાઈ આવી નહીં. આ પરદેશી પાસે થી મળેલી ચાલીસ રૂપિયાની બક્ષિસનો ભાર જબાનને રોકતો હતો: 'અમારે એક કપરી ફરજ બજાવવાની છે. તમારી છાવણીની તલાશી લેવાની છે.'

'તલાશી !' જાણે વીજળી પડી હોય તેમ અમીર બરાડી ઊઠ્યો: 'હું આ શું સાંભળું છું ! અમને તમે લોકો શું ચોર લૂંટારું માની બેઠા છો ?'

'આ નવાબનો હુકમ છે.' પેલા ઉપરીએ કરાડકી દેખાડી: 'ગામમાં એક ગંભીર ઘટના બની ગઈ છે નવાબ સાહેબની ઈજ્જતનો સવાલ છે.'

'દરબારમાં તો નવાબસાહેબે અમારી ઈજ્જત કરી અને હવે મારા માણસો

વચ્ચે બેઈજ્જતી કરવા મોકલ્યો છે તમને-' ઉશ્કેરાટથી રાતોપીળો થઈ ગયા પછી હળવેકથી ઉમેર્યું: 'કદાચ તમારી ગેરસમજ થતી હશે.'

'અમે બહુ ઉતાવળમાં છીએ. તમારી છાવણીની તલાશ લઈને અમારે નવાબસાહેબને જવાબ પહોંચાડવાનો છે.' ઉપરીએ અમીરને આગળ બોલવાનો મોકો ન આપવા માટે પોતાનો ઘોડો અમીરની છાવણી તરફ હંકાર્યો. કોટવાળ પણ તેની પાછળ ગયો. બીજા ઘોડેસવાર પહેરગીરો ઘેરો ઘાલ્યો હોય તેમ ગોઠવાઈને ઊભા હતા.

તલાશી પૂરતુ જ ફરમાન છે એ જાણ્યા પછી અમીરનું જોશ વધી ગયું. આ બેવકૂફોને પાછળથી સારી પેઠે ઉધડા લેવાશે.

પોતાની છાવણીમાં પાથરેલી ચટાઈ ઊંચકીને પેલા બંનેને કહ્યું: 'લ્યો, જોઈલો, તમારી કોઈ ચીજ અહીં છુપાવેલી નથી ને ?'

પેલા બંનેએ ઘોડા પરથી નીચે ઊતરવા તસ્દી લીધી નહીં. અમીરે સામેથી પૂછ્યું: 'ખૂણામાં મારા કપડાંની પોટલી છે એ છોડી બતાવું ?'

જાણી કરીને એ સારપ દેખાડતો હતો, જેની તલાશમાં આવ્યા છે એ જીવતી-જાગતી બે ઓરતો માટે કોઈ પોટલા ખોલવાના નહોતા. પણ તેણે દેખાવ એવો કરવાનો હતો કે જાણે ધન ચોરાઈ ગયું હોય અને તેની તલાશી લેવા આ લોકો આવ્યા છે.

'હવે બીજી છાવણી જોઈ લઈએ,'

'હા પધારો. સૌથી પહેલા હું મારા વાલિદની ઓળખાણ કરાવી લઉં એમની છાવણીમાં જ આપણે જઈએ.'

તંબુની તિરાડમાંથી ઈસ્માઈલ ઉચક જીવે બધું જોતો હતો. એ લોકો સાથે અમીરને રૂઆબભેર વર્તતો જોઈને એને દીકરાની હિંમત માટે અભિમાન જાગ્યું.

ઈસ્માઈલે પણ કોટવાળ સામે આશ્ચર્ય ભર્યા અણગમાનો દેખાવ કર્યો. અમીરને ઠપકો આપતો હોય તેમ કહ્યું પણ ખરૂ 'તું તો નવાબસાહેબના વખાણ કરતાં થાકતો નહોતો, છતાં આપણા જેવા શાહુકાર પર એમને શંકા ગઈ ?'

કોટવાળના વડાની નજર પેલી બે ગાંસડીઓ પર ચોંટેલી હતી એ જોઈને તેણે કહ્યું: 'આમં કીંમતી વસ્ત્રો છે, હૈદ્રાબાદ જઈને વેચવા માટે સાથે લીધા છે. કોટવાળજી જાણે છે, એની જકાત પણ ચૂકવી દીધી છે.'

બાપ-બેટાની વાતો તરફ ધ્યાન આપ્યા વિના પૂરેપૂરી તલાશી લેવાઈ છતાં કંઈ ન નીકળ્યું ત્યારે સારપ દેખાડી: 'હું આપને નહોતો કહેતો કે આ ખાનદાન માણસો છે ... એવું કામ એમના હાથે થાય નહીં. મને તો પેલા શેફીખાં પર વહેમ છે. એના સિવાય છોકરીને ઉઠાવી જવાનું કોઈ જોખમ કરે નહીં.

'છોકરી,' અમીરે જોરદાર આશ્ચર્ય ફંગોળ્યું: 'તમે લોકો શું કોઈ છોકરી માટે અહીં તલાશી લેતા હતા !' પછી જાણે પેટ પકડીને હસવાનું મન થતું હોય તેમ બેવડ વળી ગયો.

'આ હસવાની વાત નથી.' કોટવાળે તેને સાવધ કર્યો: ' નવાબસાહેબના જનાનખાનાની છોકરી ગુમ થઈ છે.'

'હેં !' બાપબેટાએ આંચકા વ્યક્ત કર્યા: 'આવો ભયાનક અપરાધ !'

'હા એટલે તો અમે તમારી આંખની શરમ પણ ન રાખી શક્યા' કોટવાળે કહેવા માંડ્યું: 'નવાબસાહેબને સવારે જાણ થઈ ત્યારે એમનો ખોફ આસમાને પહોંચી ગયો. બે દિવસમાં જો એ લોંડી, તેની બુઢ્ઢી આયા અને અપરાધીને જીવતા કે મરેલા મારી સામે પેશ નહીં કરો તો હું તમને બધાને બરતરફ કરી દઈશ ...'

'અરેરે.' અમીરે નિસાસો નાખ્યો: 'તમને કોના પર શક જાય છે ?'

'શક તો નરસીના નવાબ પર છે. એ જોહરાને હાંસલ કરવાની બડાઈ હાંકતો હતો. અમારા નવાબ સામે એ ઈર્ષાથી જલતો હતો.'

'કદાચ પેલી લોંડી જાતે જ તેની પાસે ચાલી ગઈ હોય.' ઈસ્માઈલે કહેવા ખાતર કહ્યું પણ સામો જવાબ ચોંકાવનારો નીકળ્યો.

'નહીં જનાબ, મામલો એટલો સીધો નથી. કેવી બળજબરીથી એ છોકરીને ઉઠાવી જવામાં આવી છે એ સાંભળશો તો તમારા રૂંવાડા ખડાં થઈ જશે.' કોટવાળ જાણે પોતે પરાક્રમ કર્યું હોય એવા જોશમાં આવી ગયો હતો. અમીરને થયું બધી વાત બાપુની સામે ઉઘાડી ન પડી જાય તો સારું, પણ કોટવાળને કહેવામાં રસ હતો અને ઈસ્માઈલને સાંભળવામાં.

'જે છોકરીને ઉઠાવી જવામાં આવી છે તેનું નામ જોહરા છે, એ જોહરાના કમરાનો દેખાવ ભારે ઝપાઝપી થઈ હોવાનો પૂરાવો આપે છે. તેના કપડાંના લીરા કર્યા, વાળની લટો કાપી નાખી અને તેનો પલંગ સુધ્ધાં લોહીલુહાણ જોવા મળ્યો.'

સાંભળીને એવો ઝાટકો લાગ્યો. ઈસ્માઈલને કે કતરાતી નજરે અમીર સામે

તેનાથી જોવાઈ ગયું. જાણે તેની ખબર લઈ નાખવા માંગતો હોય: 'શું છે આ બધું ? એક નાચીઝ ઓરતને ખાતર જાનની બાજી ખેલી જવાની શી જરૂર હતી ? અજાણીને ઉગારવા માટે તેં સાઠ સાથીઓની જિંદગી હોડમાં મૂકી દીધી !

બેચાર પળ તો અમીર બાપ સામે અપરાધી જેવો નરમઘેંસ બની ગયો. પછી તરત જ તેને પેલા બંનેની હાજરીનો ખ્યાલ આવ્યો એટલે માથું ઊંચક્યું. આંખો ફાડીને તેણે બાપને સમજાવ્યું કે તમે થોડીવાર માટેય તમારો ખોફ વશમાં રાખી શકતા નથી ! આ લોકોને વહેમ જાય એવી બેહૂદી રીતે કેમ વર્તો છો ?

અમીરે જો જરા વિલંબ કર્યો હોત તો એ ઝડપાઈ જવાનો હતો. બાપ-બેટાની ખામોશી પર પેલાં બંને સહેજ વહેમાયા પણ અમીરે ઊતરી ગયેલા ચહેરાનો આબાદ ઉપયોગ કર્યો :

'આ બધું સાંભળીને અમને પારાવાર આઘાત થયો.' હવે અવાજમાં હમદર્દીનો ઊભરો આવી ગયો : 'નવાબસાહેબની બેઇજ્જતી કરનારને ખુદા બૂરો અંજામ આપે.'

હવે ઈસ્માઈલ પણ સાવધ બની ગયો. દીકરાની ચાલાકીમાં તેણે સાથ પૂરાવ્યો :

'તમે લોકોએ અમારી તલાશી લીધી એનો હવે અમને કોઈ અફસોસ નથી. અમારા જેવા અજાણ્યા મુસાફરો પર શક જાય એ કુદરતી છે.'

'હજૂરને અમારા ખરા દિલની હમદર્દી દાખવજો કોટવાલજી.' અમીરે એમને જલદી વિદાય કરવા ઉમેર્યું: 'કહેજો કે આ ગુલામ કોઈ રીતે મદદગાર થઈ શકે તો હુકમ ફરમાવે.'

'આપનો સંદેશો જરૂર અમે હજૂરને પહોંચાડશું.' કહીને એ બંને ઘોડા પર સવાર થઈ ગયા.

પાછા ફરતા ઘોડાના ડાબલા સંભળાતા બંધ થયા ત્યાં સુધી બાપ-બેટા ખામોશ રહ્યા લટાર મારતા ઈસ્માઈલનો રોષ અંદર ધૂંધવાતો હતો, અમીર એ રોષ ભભૂકી ઊઠે ત્યારે એને કેમ ઠારવો એની ગડમથલમાં હતો.

'તવાયફની પથારીમાં કોનું લોહી રેડાયું ?'

સામે જોયા વિના જ ઈસ્માઈલે સવાલ ફેંક્યો અને જરાય થોથવાય વિના અમીરે જવાબ આપ્યો :

'કોઈ ઈન્સાનનું' નહીં, પણ ઘેટાનું લોહી હતું.'

'તારે આ બધું કરવાની શું જરૂર પડી ?'

એ તો જોહરાની તરકીબ હતી. આ બધાને બેવકૂફ બનાવવા માટે.'

અમીરે મગરૂરીથી કહ્યું, પણ ઈસ્માઈલને એ ખૂંચ્યું. તેને વહેમ ગયો: દીકરો પેલી તવાયફની ચાલાકીનો દેખાવ કરવા જૂઠું બોલે છે.

'આ તરકીબ પહેલેથી નક્કી થયેલી ?'

'હા.' ટૂંકા સવાલનો વધુ ટૂંકો ઉત્તર આપ્યો અમીરે.

'બદ્રીને આ તરકીબની જાણ હતી ?'

અમીર ચેત્યો. હવે તેણે સંભાળવાનું હતું. આ સાહસ કરતાં પહેલાં ટોળીના સરદાર તરીકે બદ્રી તેના બાપની મંજૂરી લેવા ગયેલો. હવે બદ્રી વાંકમાં ન આવવો જોઈએ.

'નહીં બાપુ. બદ્રીને મેં અજાણ રાખ્યો હતો.'

'આજે મને પણ તેં અજાણ રાખ્યો ?' ઈસ્માઈલનો રોષ ભભૂકી ઊઠ્યો: 'તું મારો દીકરો છે એનો અર્થ એવો નથી કે તું વગર પૂછ્યે ગમે તે કરી શકે. સફરમાં નીકળીએ ત્યારે હું તારો સરદાર છું એ યાદ રાખતાં શીખ.'

'ફરીવાર હું એ નહીં ભૂલું.'

ટાઢું પાણી રેડાઈ ગયું ઈસ્માઈલના ગુસ્સા પર . . . ખરી રીતે તેણે દીકરાની હિંમત અને હાજર જવાબી પર દાદ આપવી જોઈએ. ફસાઈ જવાની અણી પર તેણે પેલા બંનેને કેવા ફોસલાવ્યા ! પણ અમીરે આ બધું એક તવાયફ ખાતર કર્યું એ તેને ખટકતું હતું . . .

'સરદાર ! હવે અહીં વધુ રોકાવામાં સાર નથી.' આ વખતે અમીરે જાણે કરીને બાપને બદલે સરદારનું સંબોધન વાપર્યું: 'માણસોને ઉપડવાની તાકીદ કરી દઉં ?'

'નહીં !' ઈસ્માઈલે પણ સત્તાવાહક સ્વર ઉછાળ્યો: 'એવી ઉતાવળ કરવાની જરૂર નથી.'

અમીરને ઝાટકો લાગ્યો: હવે અહીં રોકાવાની પણ શું જરૂર છે ? એમને મારે કેમ સમજાવવું કે જોખમ હજુ ટળ્યું નથી. જેને ત્યાં મધરાત સુધી અમે રોકાયા હતા એ ભઠિયારો કદાચ ચાડી ખાઈ જાય. નવાબે પહેરેગીરોને ધમકી આપી છે

એટલે એ લોકો કડી મેળવવા માટે મરણિયા પ્રયાસો કરવાના. ગામમાં દાખલ થતી વખતે ચોકીદારને બદ્રીએ બક્ષિસ આપી હતી એટલે એમને ય અમારા પર વહેમ પડવાનો. બનવા જોગ છે કે કોટવાળ ફરી છાવણી પર આવી ચડે અને બદ્રી માટે પૂછપરછ કરે. બદ્રીની ગેરહાજરી એમનો વહેમ પાકો કરવા માટે પૂરતી ઠરે … ના, હવે અહીં રોકાવામાં માલ નથી.

'બાપુ, મને લાગે છે કે આપણે નીકળી જઈએ.' આ વખતે તેણે દીકરાના હેતથી કહ્યું: 'મને બદ્રીની ચિંતા થાય છે.'

'લાગણીભરી માગણી સામે ઈસ્માઈલ મક્કમ ન રહી શક્યો. મનમાં તો એ જાણતો હતો કે અમીરને બદ્રીની નહીં, પેલી તવાયફની ચિંતા લાગી છે.'

'આપણે નમતા પહોરે નીકળી જશું.' ઈસ્માઈલે મંજૂરી આપી કે તરત જ અમીર ઉત્સાહભેર ઊભો થઈ ગયો: 'હું બધાને તૈયારી કરવાનું કહી દઉં છું.'

તેની ચાલનો તરવરાટ જોહરાને મળવાનો તલસાટ ઉઘાડો પાડી દેતો હતો. ઈસ્માઈલથી નિસાસો નખાઈ ગયો. શું એક અજાણી ઓરતનું આકર્ષણ બાપના આટલાં વરસોના હેત પર જીત મેળવી જશે ?

*

ઉમરખેડથી નિર્મળ સુધીની સફરમાં અમીરે ભારે ઉચાટ અનુભવ્યો. બાર કલાક પહેલા બદ્રી જનાના સવારી લઈને જે કેડી રસ્તેથી ગયો હતો તેના ચીલે ચીલે એ ચાલ્યો જતો હતો. પૈડાના નિશાન જોહરાને લઈ જતી ગાડીના છે એ ખ્યાલ ઉન્માદ જગાવી જતો હતો. રાતે આરામ માટે મુકામ કરવાની વાત કોઈએ ઉચ્ચારી ત્યારે અમીરે જિદ પકડી: 'નહીં, આપણે નિર્મળ પહોંચ્યા પછી પૂરો વિસામો લેશું.'

ઈસ્માઈલ મૂંગો મૂંગો દીકરાના ઉધામા નિહાળ્યા કરતો હતો. અત્યારે તેણે નમતું જોખીને હાથ ઉપર રાખવાનો હતો.

બીજી સવારે નિર્મળ પહોંચ્યા અને ઝાંપામાં દૂરથી બદ્રી દેખાયો એટલે અમીરે દોટ મૂકી. એનો આવેશ એવો હતો જાણે સામે જોહરા ઊભી છે અને તેને ભેંટવા દોડી રહ્યો હોય.

'બદ્રી … બદ્રી …' ઘૂંટાતા શ્વાસે, હાંફ ખાવા રોકાયા વિના એ પૂછતો હતો: 'જોહરા ક્યાં છે ? સાજી સારી તો છે ને ? મને યાદ કરતી'તી ને ?'

એક સાથે પૂછાયેલા અનેક સવાલોના જવાબ આપવામાં બદ્રીએ થોડીવાર લગાડી ત્યારે અમીરની ધીરજ ન રહી. બદ્રીના ખભા પકડી એની સ્થૂળ કાયાને જોરથી હચમચાવીને તેણે રાડ પાડી: 'જલદી કહે ને ક્યાં છે જોહરા ?'

'ત્યાં સામે.' બદ્રીએ બંને હાથે પોતાનું ધોતિયું સંભાળીને આંખોથી એક મકાન તરફ ઈશારત કરી. બીજી જ પળે અમીરે ત્યાં જવા દોટ મૂકી.

'બદ્રી !' સત્તાવાહક અવાજે ઈસ્માઈલે હાંક મારી: 'અહીં આવ.'

તેના હાવભાવ પરથી જ બદ્રી પામી ગયો કે ઠપકો સાંભળવો પડશે. અને એ અનુમાન સાચું પડ્યું.

'અમીર અને પેલી તવાયફ વચ્ચે તેં દલીલ શરૂ કરી દીધી છે ?'

ઓછપાઈ ગયો બદ્રી . . . આવા અપમાનજનક વેણ તેને ક્યારેય કોઈએ સંભળાવ્યા નહોતા. છતાં કડવો ઘૂંટડો ગળે ઉતારી ગયો.

'હવે જે કંઈ થઈ ગયું છે એ માટે શરમિંદા બનવાની જરૂર નથી.' ઈસ્માઈલ થોડો નરમ પડીને કહેતો હતો: 'પણ જે નથી થવા દેવાનું તેમાં તારે મને સાથ આપવાનો છે.'

બદ્રી ચોંક્યો: 'શું નથી થવા દેવાનું ?'

'અમીરને એ તવાયફથી અલગ કરવાનો છે.'

'કઈ રીતે ?'

'એ હું તને વખત આવ્યે કહીશ.' ઈસ્માઈલ સાવધ બની ગયો: 'હૈદ્રાબાદ પહોંચીએ ત્યાં સુધી અમીરને એનો અણસાર આવવો ન જોઈએ.'

'ભલે.'

એ જ વખતે અમીરે જોહરાને પોતાના બાહુમાં ભીંસી દીધી હતી: 'મહેબૂબા, હવે તને મારાથી એક ઘડી પણ અલગ નહીં કરું. હૈદ્રાબાદ પહોંચીએ ત્યાં સુધીમાં બાપને આપણી શાદી માટે હું મનાવી લઈશ.'

આમ બાપ-બેટાએ પોતપોતાની મકસદ હૈદ્રાબાદના મુકામ પર મુલતવી રાખી. બંનેને ખાતરી હતી કે બધું પોતાની ધારણા મુજબ જ થશે. પણ કુદરતના ઈરાદાનો વિચાર ન કર્યો. હૈદ્રાબાદમાં કુદરત બાપ-બેટા માટે કોઈ જુદો ઘાટ ઘડી બેઠી હતી !

*

૨૫

દખ્ખણની સફર વેગીલી બની, હૈદ્રાબાદ આ સફરની આખરી મંઝિલ હતી. ત્યાર પછી વતન પાછા ફરવા માટે વળતી સફર ખેડવાની હતી. હૈદ્રાબાદ પહોંચવાની તાલાવેલીએ ઠગોના પગોમાં જોમ બક્ષ્યું. લૂંટનો કીમતી માલ વટાવવાની અધીરાઈ હતી. નજદીક આવી રહેલો મોહરમનો તહેવાર ઉજવવાનો ઉમળકો હતો. પણ અમીરને તો જોહરાના સંગાથનો ઉન્માદ હતો. હૈદ્રાબાદ પહોંચીને જોહરા સાથે શાદી કરવાની અને સુહાગરાત માણવાની ઘેલછા ઘૂંટાયા કરતી હતી. રસ્તામાં હવે મોટા શિકારની આશા ઓછી હતી, છતાં નસીબનો માર્યો કોઈ ભટકાઈ જાય તો તેને ખતમ કરવામાં હરકતેય નહોતી.

જોહરાને ઠગોની હિલચાલની ગંધ ન આવે એટલા માટે જનાના સવારી એક બે ફર્લાંગ આગળ રહેતી. આઠ દશ હથિયારધારી ઠગો પરદાવાળા ગાડાની આગળપાછળ તેની હિફાજત માટે ચાલતા. આ બંદોબસ્ત પહેલા તો અમીરને અકારો લાગ્યો. સાથે હોવા છતાં જોહરા અલગ રહે તે કેમ પાલવે ? પણ બે દિવસમાં જ આ અગવડ ભારે સગવડભરી સાબિત થઈ. મન થતું ત્યારે અમીર ઘોડો દોડાવી ટોળીની આગળ નીકળી જઈ જોહરા સાથે થઈ જતો. પરદાવાળી ગાડીમાં નિરાંતે પ્યારની ગુફ્તેગુ થઈ શકતી. બુઢ્ઢી જદનબાઈ ઘણું ખરું ઊંઘતી રહેતી અથવા તો અમીરની હાજરીમાં આંખ મીંચીને પડી રહેવાનો દેખાવ કરતી.

'તમે વારંવાર મને મળવા દોડી આવો છો એથી તમારા વાલિદ મારા પર નારાજ થતા હશે ને ?' જોહરાએ એક્વાર પૂછ્યું ત્યારે અમીર જરા ઓછપાઈ ગયો હતો. જોહરા તરફનો બાપનો અણગમો ઓછો થતો હોવા છતાં અમીર તેની

સાથે બહુ હળેમળે એ તેમને ખાસ ગમતું નહોતું, બદ્રી પણ હમણાં પોતાથી આઘોઅતડો રહેવા લાગ્યો એનું કારણ કદાચ જોહરા જ હોવી જોઈએ. પણ અમીર કોઈની પરવા કરવા માગતો નહોતો.

'જોહરા, મારા વાલિદ કોઈ ખાનદાન ઘરની લડકીને પોતાના બેટાની વહુ બનાવવાના ખ્વાબ રચતા હશે. તારા મેળાપથી એમાં નડતર ઊભી થઈ એટલે જરા નારાજ રહે પણ ખરા.'

'છતાંય તમે એમની ઉપરવટ થવા માગો છો ?'

'તારો મતલબ હું ન સમજ્યો. તું શાદી માટે કેમ પૂછે છે જોહરા ?'

'તમારી ચાહનામાં મને સચ્ચાઈ સિવાય બીજું કાંઈ જ દેખાતું નથી એટલે ખુલાસો કરું છું.' આંખોની પાંપણો પટપટાવીને તે કહેતી હતીઃ 'તમે એક અમીર સોદાગરના બેટા છો, બહાદુર સિપાહી છો, દેખાવડા નવજવાન છો. કોઈ પણ લોંડી તમારા પ્યારમાં પડી જાય એવા મનમોહક છો.'

'તું ખુલાસો કરવાને બદલે તારીફ કરવા લાગી !'

'મીર . . .' જોહરાએ અમીરનો હાથ દબાવ્યોઃ 'તમારી હમદર્દી પ્યારમાં પલટાઈ જશે એવી ખ્વાહિશ હતી પણ ખાતરી નહોતી. આજે ખુદ મને મારા તકદીર પર ઈર્ષા આવવા લાગી છે અને એટલે જ પૂછું છું.'

'બેધડક પૂછ જોહરા.'

'હું તવાયફ છું છતાં . . .'

'છતાં હું તારા તરફ કેમ ખેંચાયો એ જ પૂછવું છે ને ?'

'ના, રૂપ તરફ ખેંચાવું એ તો મરદોની જન્મજાત આદત હોય છે. પણ તમે તો મને ચાહવા લાગ્યા છો. મારી સાથે શાદી કરવાની જિદ લઈ બેઠા છો. એના પરિણામની પરવા કરવા માગતા ન હો એટલા મક્કમ છો.'

અમીર એના બોલવાની છટા પર મુગ્ધ થઈને મલકતો હતો. જોહરાનો સહવાસ જેમ જેમ વધતો ગયો તેમ તેમ એ તેને વધુ નિખાલસ અને ખેલદિલ લાગવા માંડી હતી.

'તમે આમ મીઠું મીઠું હસો છો ત્યારે નાના બાળક જેવા લાગો છો. ઘોડા પર સવારી કરતા તમને જોઉં છું ત્યારે સિપાહી જેવા દેખાવ છો અને ખ્વાબમાં

તમે મહેબૂબ જેવા લાગો છો.'

અમીરને જોહરાનું આ બોલવું ગમતું હતું છતાં મનમાં એક થડકો થયા કરતો: કદાચ એ ધીમેધીમે એમ તો નહિ કહી દે ને કે આપણા પ્યારને શાદીની મંઝિલે પહોંચવાનું મુશ્કેલ છે ! એ વાતને પડતી મૂકવાના ઇરાદાથી તેણે કહ્યું: 'ચાલ આજે તને મારી સાથે ઘોડા પર બેસાડું !'

'નહીં નહીં.' જોહરા હેબતાઈને બોલી ગઈ.

'કેમ પડી જવાનો ડર લાગે છે ?'

'તમે સાથે હો પછી મને કોઈ વાતનો ડર નથી રહેતો . . . પણ મારા માટે આમ ખુલ્લામાં સફર કરવાનું જોખમ ગણાય. કદાચ કોઈ મુસાફર ઓળખી જાય તો કિનારે આવેલું નાવ ડૂબી જાય.'

'તું બહાનું બતાવે છે.' અમીરે જિદ પકડી: 'આજ તો હું તને ઘોડા પર સવારી કરાવ્યે જ રહીશ. બુરખામાં તને કોણ ઓળખી જવાનું છે. જો તો ખરી, મારા ઘોડાની ચાલ કેવી રેવાળ છે.'

જોહરાને નમતું જોખવું પડ્યું. એક રીતે એને એ ગમ્યું પણ ખરું. ગાડીમાં જદનબાઈની હાજરીમાં તે પેલો ખુલાસો કરતાં અચકાતી હતી.

જોહરાને પોતાની આગળ બેસાડી, એક હાથ લગામ પકડી અને બીજો હાથ તેની કમર પર ટેકવી અમીરે ઘોડાને દોડાવ્યો. ઘોડાની ગતિ સાથે બંનેના શરીરમાં ઉત્તેજના વધવા લાગી. જોહરા આનંદની ચિચિયારી પાડતી હતી અને અમીર એને પોતાના જકડી લઈ ઘોડાને તેજ ગતિએ દોડાવતો જતો હતો. અમીરના ગરમાગરમ શ્વાસ જોહરાના ગાલ પર ફૂંફાડા મારવા લાગ્યા. કાંડાની ભીંસ વધવા લાગી, પોતાનું અંગેઅંગ જાણે અમીરને વશ થઈ જવા બળવો પોકારવા લાગ્યું !

દૂર કેટલીક છાવણીઓ દેખાઈ. બીજાઓની હાજરીનો ખ્યાલ આવ્યો ત્યારે જોહરાએ અમીરનો લગામવાળો હાથ પકડી લીધો: 'ઠહેરી જાવ. સામે મુસાફરો દેખાય છે.'

અમીરને ઝાટકો લાગ્યો. વૃત્તિઓના તોફાન પર કાબૂ મેળવવાનું બહુ વસમું લાગ્યું તેને . . . શરીરમાં ભભૂકી ઉઠેલ ઉશ્કેરાટની આગ પર જાણે કોઈએ ટાઢું પાણી રેડી દીધું. ગાળ બોલાઈ ગઈ તેનાથી: 'સાલા આ કમબખ્તો કબાબમાં હડ્ડી

બની ગયા !'

છાવણી નજીક આવી ત્યારે વિવેક ખાતર તેને ઘોડો ઊભો રાખવો પડ્યો. દસબાર મુસાફરો તેની સામે ધારીધારીને જોતા હતા. એક ઊંચા આદમીએ સાદ દીધોઃ 'સલામ આલેકુ !'

'આલેકુ સલામ.' કહીને અમીર ઘોડાને આગળ હંકારવા જતો હતો ત્યાં પેલો નજદીક આવ્યો :

'તાજ્જુબની વાત છે. તમે જનાનાને લઈને આમ એકલા જ સફરે નીકળ્યા છો !' તેની આંખોમાં એક ચમકારો દેખાયોઃ 'કઈ બાજુ જઈ રહ્યા છો ?'

'હૈદ્રાબાદનો ઈરાદો છે.' અમીર પણ તેને ધારીધારીને જોવા લાગ્યો હતો. તેનામાં રહેલો ઠગ હવે જાગી ચૂક્યો હતોઃ 'મારા વાલીદ અને બીજા હમસફરો પાછળ આવે છે.'

'માશાલ્લા' તો તો બરાબર છે.' પેલો વધુ ખુશ થયો હતોઃ 'આગળનો રસ્તો એકલા સફર કરવા જેવો નથી. એટલે તો અમે સંગાથની રાહમાં અહીં રોકાઈ પડ્યા.'

ઘોડા પરથી કૂદીને અમીરે જોહરાને નીચે ઉતારી. પોતાનો ચહેરો દેખાઈ ન જાય એ માટે જોહરાએ મોં પાસેથી બુરખો મુઠ્ઠીમાં પકડીને રાખ્યો હતો.

'ત્યાં ધૂપમાં શું કામ ઊભા છો ?' પેલા મુસાફરે વિવેક પાથર્યો. તેની નજર બુરખાની કિનારી નીચેથી ડોકાતી જોહરાની પાની પર ચોંટીઃ 'નાજુક પાનીઓ દાઝી જશે. તમારો કાફલો આવી પહોંચે ત્યાં લગી મિયાં-બીબી છાવણીમાં આરામ કરોને.'

અમીરે જોહરા સામે જોયું. બુરખાની જાળીમાંથી જોહરાની કીકીઓ અનાકાની કરતી દેખાઈ. અમીરનો ઈરાદો તો હતોઃ છાવણીના એકાન્તમાં લઈ જઈને આલિંગનમાં ભીડી દઉં પ્યારનો ઉભરો ઠાલવી દઉં ચુંબનોથી તેને ગૂંગળાવી દઉં પણ જોહરા પીઠ ફેરવી ગઈ ત્યારે અમીરનો જુસ્સો હાથની મુઠ્ઠીમાં જ કચડાઈ ગયો.

તેણે હવે પેલા મુસાફરો પર ધ્યાન રોક્યુંઃ બાપુ આવે એ પહેલા એમને ચકાસી લઉં કેવાક માલદાર છે એ જાણી લઈ તેમને સંગાથે લેવાકે નહીં એ નક્કી કરી લઉં પોતે ટોળીથી અલગ પડ્યાને બે કલાક થઈ ગયા હતા એટલે બાપુ નારાજ થવાના ... આ શિકારને ફસાવીને એમને ખુશ કરી દઉં પણ જોહરાને જરાય વહેમ

ન પડવો જોઈએ.

'જનાબ !' તેણે પેલા મુસાફરને કહ્યું: 'હું ઝાડને છાંયે ઘોડાને બાંધી દઉં પછી આપણે નિરાંતે બેસીએ.'

'ભલે જેવી આપની મરજી.' તેનો અવાજ બોદો વર્તાયો: 'મારૂં નામ સરફરોઝખાન છે ... આપનું નામ ?'

'મીરખાન.' અમીર ઘોડાને થોડે છેટે દોરી ગયો. જોહરા પણ તેની સાથે ચાલી.

પેલા મુસાફરો અંદરઅંદર ગુસપુસ કરવા લાગ્યા. સરફરોઝખાન કહેતો હતો: 'બુરખાવાળી ઓરત બેહદ ખૂબસુરત હોવી જોઈએ. તેની પાની પરથી હું કહી શકું છું.'

બેચાર શબ્દો અમીરના કાને અફળાયા,જોહરા સાથે હોવાને કારણે એક લાભ પણ હતો. જનાના સવારી જોઈને અજાણ્યા મુસાફરને જલદી ભરોસો પડી જાય છે.

'જોહરા તું અહીં છાયામાં આરામ કર. હું પેલા લોકો પાસે જઈને બેસું.

'મુસાફરીમાં અજાણ્યા સાથે બહુ ભળવું નહીં.' જોહરાએ અમીરને ચોંકાવ્યો: 'ઘણીવાર બદમાશ લોકો ઓળખાણ વધારીને મુસાફરોને લૂંટી લેતા હોય છે. આ લોકો મને ઠગ જેવા દેખાય છે.'

અમીરને ઝાટકો લાગ્યો. જોહરા આ શું બોલી ગઈ? ઠગ પ્રત્યેની નફરત તેની આંખોમાંથી હજુય હઠી નહોતી. અમીરનું મોં લેવાઈ ગયું.અચાનક તેને થયું કે પોતે જોહરાને ગુમાવી બેઠો છે.

'તમને ખોટું લાગ્યું મીરસાહેબ !'

'નહી રે.'અમીર સજાગ થયો.સાવધપણે તેણે સ્વસ્થતા મેળવી લીધી: 'નહીં જોહરા, તેં મનેય ઠગ કહ્યો હોત તો પણ ખોટું ન લાગત !'

હવે જોહરાની તાસીર પલટાઈ ગઈ. ડઘાઈ ગયા જેવા હાવભાવ સાથે બોલી: 'તમે ઠગ ! જેની આંખોમાં છલોછલ પ્યાર છલકાય છે. જેની મુસ્કાનમાં ઊગતા ફૂલની ખૂશ્બો ફેલાય છે અને જેના સીનામાં બહાદુરી ભરી છે એને ઠગ કહેતા પહેલા ખુદા મારી જબાન કાપી નાખે'

જે શબ્દો અમીરને મગરૂબી ઉપજાવે એવા હતા તે એને ડંખવા લાગ્યા.

તેની આંખોમાં અપરાધીપણું ઉપસી આવ્યું. એ જ વખતે ઈસ્માઈલના શબ્દોના પડઘા કાનમાં પડ્યા: 'અમીર, આપણે બેવડી જીંદગી જીવી જતાં શીખી જવું પડે છે. સફરે નીકળીએ ત્યારે ઠગ અને ઘેર જઈએ એટલે શરીફ ...

'તમે તો એવી સુરત કરી બેઠા જાણે સાચે જ ઠગ હો !'

'હેં !' પગમાં સાપ વીંટળાયો હોય તેમ ભડકી ગયો અમીર ... પોતાની બેવકૂફી પર રોષ જાગ્યો અને જોહરાની ચાલાકી પર ખુશી ઉપજી ... ના, આની સાથે કપટ નહીં કરી શકાય. બાપુ માથી છેવટ સુધી પોતાની અસલીયત કેમ છુપાવી શક્યા હશે ? પ્યારમાં પડતાં પહેલાં આ વિચાર કેમ ન સૂઝ્યો ?

'જોહરા, તું એ ખુલાસો કરવા માગતી હતી ને.' અમીરના અવાજની અણધારી ગહરાઈએ જોહરાને ગંભીર બનાવી દીધી, તે ધ્યાનથી સાંભળવા લાગી.

'તું એમ પૂછવા માગતી હતી કે તારા જેવી એક તવાયફ સાથે શાદી કરવા હું કેમ રાજી થયો ?' જોહરાએ માથું નમાવી હા પાડી. શરમના ભારથી તેની ગરદન ઝૂકેલી જ રહી. તેના કાનની બૂટ લાલ બની ગઈ. અમીર તેને શું કહેવા માગે છે ?

'તારી જેમ મને પણ એક સવાલ મૂંઝવે છે.'

'શું ?' એક અક્ષરનો શબ્દ પણ જોહરા માંડ ઉચ્ચારી શકી.

'તું મારી સાથે ચાલી નીકળી ત્યારે તો મેં માનેલું કે નવાબના ત્રાસમાંથી છૂટવા મારી સાથે પ્યારનું નાટક ખેલી રહી છે.'

જોહરાએ થૂંક ગળે ઉતાર્યું, તેની પાંપણો સહેજ થરકી. ઊંચે જોયા વિના જ તે બોલી :

'નાચનારી વિશે એવો જ ખ્યાલ આવે. એમાં તમારો શું કસૂર.'

'પણ જોહરા, તેંય કાંઈક ગડમથલ તો અનુભવી હશેને ?' અમીરને જે કહેવું હતું તે બરાબર કહી-સમજાવી શકતો નહોતો: 'હું કોણ છું, મારૂં ખાનદાન કેવું છે, તને મદદ કરવા પાછળ મારો શું મતલબ છે એવા વિચારો તને આવ્યા હશે ને ?'

'હા આવેલા ખરા.' પાંપણો ઊંચકીને અમીર સામે એકીટશે એ જોવા લાગી: પણ જદનબાઈએ તમારા વિચારો જણાવ્યા. હું તવાયફ છું એ જાણવા છતાં તમે મને ચાહવા લાગ્યા છો એ જાણ્યા પછી મારી ખુશી બેવડાઈ ગઈ. માત્ર નવાબની કેદમાંથી નહીં પણ બદનામ જિંદગીમાંથી કાયમી છુટકારો મેળવવાની આશા જોર કરવા લાગી.'

જોહરાની કીકીઓ પર ભીનાશ ફરી વળી.

'પણ તને એવો વિચાર કેમ ન આવ્યો કે હું બદમાશ છું, લૂંટારો છું અને ...'

જોહરાએ અમીરને અધવચ્ચે જ રોકી પાડ્યો :

'તમે લૂંટારા તો છો જ.' અમીર હેબતાયો એટલે જોહરા હસી પડી: 'મારો પ્યાર લૂંટી બેઠા છો.'

'પણ અમીર હસી ન શક્યો: મજાકની વાત નથી જોહરા ... ધાર કે સાચે જ મારો ભૂતકાળ કોઈ ભયાનક અપરાધથી ખરડાયેલો હોય તો ?'

'મારો ભૂતકાળ તમે ક્યાં યાદ રાખ્યો છે ?' જોહરા લાગણીના આવેશમાં બોલી ગઈ: 'ભવિષ્ય સુધારવા માટે જ તો હું ભૂતકાળમાંથી નાસી છુટવા માંગુછું.'

કેવી સચોટ વાત કહી દીધી આ ઓરતે ! અમીરની ઉલઝનનો ઉકેલ એના એક વાક્યમાં સાંપડી ગયો. પોતે પણ જોહરાની જેમ ભૂતકાળમાંથી નાસી શકે તો કેવુ સારૂં ? ઠગ સરદાર બનવાની ખ્વાહીશને ખંખેરી નાખવાનો કોલ આપતો હોય તેમ અમીરે જોહરાના હોઠ પર પોતાના હોઠ ચાંપી દીધા. થડને આડશે બંને બેઠા હતાં. છતાં જોહરા પેલા અજાણ્યા મુસાફરની હાજરી વિસરી શકી નહીં. ડોક ફેરવી લઈ તે અમીરથી અળગી થઈ ગઈ: 'પેલા લોકો જુએ છે.'

ઘોડાના ચાર પગ વચ્ચેથી અમીરે જોયું તો રસ્તાની સામી બાજુથી સાચે જ ચારપાંચ જણા વાંકા વળી તરસી આંખે જોતા હતા. કપડાં પરથી ધૂળ ખંખેરી અમીર ઊભો થઈ ગયો. પેલા લોકો પર દાઝ ચડી હોય અથવા ઠગવૃત્તિ જોર કરવા લાગી હોય તેમ જાળ નાખવા ત્યાં પહોંચી ગયો.

પાંચ સાત મિનિટોમાં જ સરફરોજખાન અમીરની વાતમાં લપેટાઈ ગયો: 'ખુદાએ જ તમને અમારી સલામતી માટે મોકલ્યા છે. તમારા વાલિદ મોટા સોદાગર છે એ જાણીને બેહદ ખુશી ઊપજી. 'હું હમણાં જ મારા માણસોને કહી દઉં છું કે છાવણી ઉપાડવા માંડે. એ લોકો આવી પહોંચે ત્યાં અમે તૈયાર થઈ જશું.'

'ઇન્શાહ્રા ! તમારો સંગાથ હૈદ્રાબાદ સુધીની બાકીની સફરને સુહાની બનાવી દેશે.'

આ નવા શિકારનો ક્યાસ કાઢવા અમીરે બારિક નજરે એમનો માલસામાન નીરખવા માંડ્યો. બધા મળીને તેર મુસાફરો હતાં. છ ઘોડા, બે ગાડાં, ચાર બળદ



અને સામાનથી ભરેલી ચાર વજનદાર પેટીઓ . . . મહેનતનું વળતર મળી જાય એટલો માલ તો દેખાય છે. આજે રાતવાસાના પડાવમાં આ લોકોને આસાનીથી ખતમ કરી શકાશે એવી ગણતરી કરી.

ઘડી પહેલાં જે અમીર ઠગ મટી જવાના વિચાર પર આવેલો તેની અપરાધવૃત્તિ ફરી સતેજ બની ગઈ !

જનાના સવારી લઈ દસબાર ઠગો આવી પહોંચ્યા એટલે અમીરે જોહરાને ગાડામાં બેસાડી દીધી. પેલા સરફરોઝખાનને જોહરાનો બુરખો આંખમાં ખટકતો

હતો. એકવાર આ પરદો હટી જાય તો આ મિયાં-બીબી સાથે કામ કેમ પાડવું તેનો અંદાઝ આવી શકે. અમીરને ખબર નહીં કે તેની જેમ સામો માણસ પણ જાળ બિછાવી રહ્યો છે.

બહુ વાર ન લાગી ઈસ્માઈલને આવી પહોંચતાં. અમીર બાપ સાથે નવા શિકારની પિછાણ કરવા અધીરો બન્યો હતો, વારેવારે તે સરફરોઝની સામે જોતો હતો. પણ આ શું ? દૂરથી ઈસ્માઈલને જોઈને સરફરોઝના ચહેરા પર પલટા કેમ આવવા લાગ્યા ? એ ખુશખુશાલ કેમ દેખાવા લાગ્યો ?

દશ પંદર ગજનું છેટું રહ્યું ત્યારે તો જાણે ધીરજ ન રાખી શકતો હોય તેમ દોડીને સામે ગયો: 'અરે ઈસ્માઈલ જમાદાર ! તમે છો.' ઈસ્માઈલ પણ ઘોડા પરથી ઠેકડો મારી સરફરોઝને ભેટી પડ્યો: 'માશાલ્લા તમે લોકો અહીં ક્યાંથી ?'

અમીર વિસામણમાં પડી ગયો: આ તો બાપુનો ઓળખીતો નીકળ્યો ... પણ જ્યારે પેલાએ રામસી જબાનમાં વાત કરવા માંડી ત્યારે તો એને ઝાટકો લાગ્યો: અરે બાપરે, આ પણ ઠગ છે !

રામસી જબાનમાં સરફરોઝ ઈસ્માઈલને પૂછતો હતો: 'પેલા મિયાં-બીબીને તમે શિકાર બનાવવાના લાગો છો.'

ઈસ્માઈલનો ચહેરો સખ્ત બન્યો, પોતાના દીકરાને આ બેવકૂફે શિકાર માની લીધો !

'ખાન, એ મારો બેટો અમીર છે.'

હવે બાધા બનવાનો વારો સરફરોઝનો હતો.

'માશાલ્લા ! એ આપનો બેટો છે ... ભારે દેખાવડો છે !' સરફરોઝના જાણે માનવામાં આવતું નહોતું કે અમીર ઈસ્માઈલનો દીકરો હોય: 'એની સાથે ત્યારે તમારા બેટાની વહુ લાગે છે.'

'નહીં !' ઈસ્માઈલ ફરી ગિન્નાયો. 'સરફરોઝ આમ બફાટ શું કામ કર્યા કરેછે !'

'ઓહ ગુસ્તાખી માફ,' સરફરોઝ ખુલાસો કરીને વાત વધુ ગૂંચવતો હતો: 'ખુદા કસમ, તમારો બેટો એ પરદાનશીન હસીનાને એવા હક્કથી ઈશ્ક કરતો હતો જાણે તાજી શાદીવાળા મિયાં-બીબી હોય. મને શું ખબર કે શિકાર સાથે બનાવટી ઈશ્ક કરતો હશે.'

વધુ છબરડો વાળ્યો તેણે ... ઈસ્માઈલના નાખોરા ફુલાયા. અમીરના પણ

દાંત ભીંસાયા. તેને થયું કે વાત વાળી લઉં તો બાપુ બધાની વચ્ચે ધમકાવશે. તે એકાએક ખડખડાટ હસવા લાગ્યો. જાણે હસવું રોકી શકતો ન હોય તેમ પેટ પકડી બેવડ વળી ગયો. વચ્ચે વચ્ચે રામસીમા બોલતો હતો: 'ભારે ગમ્મત થઈ . . . તમે અમને શિકાર માની લીધા એમ હું તમને અમારી સાથે ભેળવી લઈને ખતમ કરવાનું ગોઠવી રહ્યો હતો, આપણે તો જાત ભાઈ નીકળ્યા.'

બદ્રી, પીરખાં અને બીજા હસ્યા એટલે વાતાવરણ હળવું બન્યું ઈસ્માઈલ ગુસ્સો ગળી ગયો અને સરફરોઝખાનની ટોળી પણ એમની સાથે હૈદ્રાબાદ તરફ આગળ વધી.

*

તેલંગણ પ્રદેશમાં પ્રવેશ કરતાં જ ડુંગરોની હારમાળા જોઈને અમીરની આંખો પહોળી થઈ: 'સુભાનલ્લાહ ! કુદરતનો શું નઝારો છે . . . જાણે ઈન્સાને એક એક ડુંગર ગોઠવીને મૂક્યો હોય એવું દેખાય છે.'

'એ અમારા હનુમાનજીની કરામત છે.' બદ્રીએ તેને ચોંકાવ્યો: 'અમારા રામાયણમાં સીતાહરણનો પ્રસંગ આવે છે. તેં કદાચ હનુમાનનું નામ નહીં સાંભળ્યું હોય.'

અમીર વિચારમાં પડી ગયો. તેણે આ નામ સાંભળ્યાનું યાદ આવ્યું: 'હા, અફલાએ રામવનવાસ નાટકની વાત કરી ત્યારે એનો ઉલ્લેખ કરેલો ખરો . . . જેનું મોં વાંદરા જેવું હતું એ જ હનુમાનને ?'

અમીર હિન્દુ દેવ-દેવીઓથી અજાણ હતો એટલે બદ્રીએ એના તુચ્છકાર-ભર્યા બોલનું ખોટું ન લગાડ્યું. તેને બદલે તેણે હોંશે હોંશે સમજાવ્યું: 'અમીર, હનુમાનનું સ્વરૂપ વાનર જેવું હતું પણ એ રામના મહાન ભક્ત હતા. પિતાની આજ્ઞા પર રામ ગાદી છોડીને વનવાસમાં ગયા ત્યારે સીતાદેવીનું લંકાના રાક્ષસ રાવણે અપહરણ કર્યું હતું. સીતાજીને પાછા મેળવવા માટે રામને લંકા પર ચડાઈ લઈ જવી પડી. પણ વચ્ચે મોટો દરિયો આવતો હતો. એ ઓળંગીને મોટું લશ્કર કેમ લઈ જવાય ? રામભક્ત હનુમાને આનો ઉકેલ કર્યો. તેમની વાનરસેનાએ હિમાલયના મોટા મોટા પહાડો ઊંચકીને દરિયામાં ગોઠવી દીધા અને એ રીતે લંકા જવાનો રસ્તો બનાવ્યો.'

'ત્યારે તો હનુમાન બહુ બળવાન હોવા જોઈએ.' અમીરના અવાજમાં હવે

માન પ્રગટ્યું. પોતે અફલાને હનુમાનનો પાઠ ભજવવા માટે નફરત દેખાડી હતી એનોય અફસોસ થયો. પછી કાંઈક યાદ આવ્યું હોય તેમ તેણે ઘોડાની લગામ ખેંચી: 'બદ્રી હું જરા આગળ જાઉં છું, જોહરાને આ ડુંગરાઓ જોવા માટે ગાડીમાંથી બહાર નીકળવાનું કહું.'

પણ લગોલગ સવારી કરતા બદ્રીએ તેનો લગામવાળો હાથ ઝડપી લીધો: 'નહીં અમીર, જોહરાની સાથેની તમારી નિકટતાથી ઈસ્માઈલ મિયાં ખફા થયા છે. હૈદ્રાબાદ સુધી સબૂરી રાખો.'

અમીર ડઘાઈને તેની સામે જોવા લાગ્યો. બદ્રીના ગોળમટોળ ચહેરા પર ગંભીરતા છવાઈ ગઈ હતી. બાપની નારાજગીનો પડઘો અમીરને ત્યા દેખાયો.

'બદ્રી, હું માનતો હતો કે હૈદ્રાબાદ સુધીની સફરમાં બાપનો અણગમો ઓછો થઈ જશે.'

બદ્રી નીચું જોઈ ગયો. એ મૂંઝાતો હતો: અમીરને કઈ રીતે કહેવું કે જોહરા ક્યારેય તારી થઈ નહીં શકે ? તારા બાપુ એમ થવા જ નહીં દે . . . બાપ તેમજ બેટા બંનેનો ઈરાદો તે જાણતો હતો અને બેમાંથી કોઈના વિશ્વાસનો ભંગ કરી શકે તેમ નહોતો. આ વાત પર બાપ-બેટા વચ્ચે અંટસ થઈ જશે તો સફર અપશુકનિયાળ નીવડશે. તેને થયું કે અમીરને ચેતવી દેવો સારો. થોડીવાર સુધી મૂંગા રહ્યા પછી તેણે કહ્યું.

'ઓરતના બારામાં બહુ જલ્દબાજી કરવી સારી નહીં·અમીર.'

'બાપુ તો મારા કરતાંય નાની ઉંમરે પરણ્યા હતા.' અમીર જરા રોષમાં બોલી ગયો.

'પણ એ એમના વડીલની મરજીથી પરણ્યા હતા.' બદ્રીએ સંભાળીને જવાબ આપ્યો પણ અમીરનો આવેશ બેકાબૂ બન્યો: 'કદાચ એમને જોહરા જેવી કોઈ ઓરત ભેટી નહીં હોય, નહીંતર એ પણ બાપની મરજી વિરુદ્ધ પરણી જાત.'

બદ્રીની આંખો ફાટી રહી શું અમીરનો પ્યાર બળવામાં પલટાઈ રહ્યો છે ! બાપની સામે તે આવી ઉદ્ધત દલીલ કરશે તો ?

બંને ખામોશ થઈ ગયા. બદ્રીની ખામોશીમાં ઉચાટ હતો અને અમીરની ખામોશીમાં જુસ્સો !

*

૨૬

હુસેનસાગરના આહ્‌લાદક જલતરંગો, આસમાનને સલામી ભરતા હોય એટલાં ઊંચા મિનારા અને ખુદાની બંદગીના પડઘા પડતા મક્કા મસ્જિદના ગુંબજ જોઈને અમીરના દિલમાં હલચલ મચી ગઈ : આ બેનમૂન હૈદ્રાબાદ જોહરાના સહવાસમાં જિન્નત બની જવાનું !

શહેરમાં દાખલ થતાં પહેલાં જ ટોળીને નાના જુથમાં વહેંચી દેવામાં આવેલી. ગામના બીજા છેડે આવેલી સરાઈમાં એમનો ઉતારો હતો. ઈસ્માઈલે પોતાના માટે એક અલાયદું મકાન ભાડે રાખી લીધું. અમીર, જોહરા અને જદનબાઈ એ મકાનમાં તેની સાથે રહ્યાં.

'પહેલું કામ આપણે મસ્જિદમાં જઈને ખુદાનો શુક્રગુજાર કરવાનું છે-એમની દુઆથી આપણી સફર કામિયાબ બની છે.'

'ભલે બાપુ.' અમીરે હોંશે હોંશે ઈસ્માઈલનો પ્રસ્તાવ સ્વીકારી લીધો. મક્કા મસ્જિદ જોઈ ત્યારથી તેણે મનમાં નક્કી કરી રાખેલું: ઘૂંટણિયે પડીને હું ખુદા પાસે મુરાદ માગીશ કે જોહરાને મારી બનાવી દેજે.'

'અમીર, મેં તને અગાઉ પણ કહ્યું હતું અને ફરી યાદ કરાવું છું કે આપણા વચ્ચે બાપ બેટાનો રિશ્તો છે એવું અજનબીઓ સામે દેખાવા દેવું નહીં.'

'ભલે જનાબ, હું તો આપનો વફાદાર સિપાહી છું.' અમીરે કુરનિશ બજાવીને મજાકના ઢંગમાં કહ્યું, પણ ઈસ્માઈલ ગંભીર જ રહ્યો કારણ કે બાજુના કમરામાંથી જોહરાનો મંજુલ સ્વર સંભળાતો હતો. સફર દરમિયાન તેને આ તવાયફની સુરત જોવા મળી નહોતી. જેના તરફ મનમાં પોતે નફરત ઘૂંટતો હતો

એ ઓરત ખરેખર કેટલી ખૂબસુરત છે તે એક વાર જોઈ લેવાની ઇચ્છા થઈ આવી.

'જોહરા હૈદ્રાબાદ આવ્યા પછી બેહદ ખુશ દેખાતી લાગે છે.' ઈસ્માઈલે અમીરને ચોંકાવ્યો. અને પછી તેણે પોતે જ એનો ખુલાસો પણ કર્યો: 'ગમે તેમ તો આ એનું વતન છે. ખુશી કેમ ન થાય ? મા-બાપને મળવા માટે બિચારી તલસતી હશે.'

'એને બાપ નથી, મા અને એક બહેન છે.' બાપ પાસેથી આ વાત કઢી અમીરને ગમ્યું: 'એ મા-બહેન પણ સગાં નથી.'

ઈસ્માઈલે આ બધી માહિતી બદ્રી પાસેથી મેળવી લીધી હતી છતાં અજાણ્યો રહ્યો.

'એમ છે ! ત્યારે તો તેને માટે હમદર્દી થાય એ કુદરતી છે.' આટલું કહીને તેણે તરકીબથી વાત કાપી નાખી: 'ચાલ મસ્જિદે જવાનું મોડું થાય છે ... અને જો, ત્યાંથી આપણે બજારમાં જવું છે. માલ વેચવા માટે હમણાં બે દિવસ બહુ કામ રહેશે.'

એ સાંભળીને અમીર ઝંખવાણો પડી ગયો. તેણે માનેલું કે બાપ બહારના કામમાં રોકાયેલા રહેશે એટલે પોતે જોહરા સાથે નિરાંતે હૈદ્રબાદની સફર કરી શકશે. હુસેન સાગરને કિનારે બેસીને સાંજના ખુશનૂમા વાતવરણમાં ભાવિ જિંદગીના ખ્વાબો સજાવવાનો મોકો મળશે.

'માલ વેચવામાં મારી જરૂરત પડશે ?' અમીરે પૂછ્યું અને કહી પણ દીધું: 'મને એમાં શું ખબર પડે !'

'તારે ખબર પાડવી પડશે.' ઈસ્માઈલે સત્તાવાહક અવાજે કહેવું પડ્યું: 'તને એ બધું શીખવા તો સાથે લીધો છે.'

મારે એ નથી શીખવું ... એમ કહેવું હતું પણ બાપ સામે બળવો કરવાનું કારણ જોરદાર ન લાગ્યું એટલે નમતું જોખ્યું: 'ભલે, હું તમારી સાથે જ રહીશ.'

*

મસ્જિદમાંથી બહાર નીકળીને ઈસ્માઈલે કોઈ સારા દલાલની ખોજ કરવા માંડી. બજારમાં ભીડ ઘણી હતી. અમીર મન વગર બાપની પાછળ ચાલતો હતો. છતાં મનમાં કુતુહલ જાગ્યું હતું કે બાપુ માલનો સોદો કઈ રીતે કરશે ?

'અરે ભાઈ, કાપડનો કોઈ સારો દલાલ બતાવશો ?' ઈસ્માઈલે એક જણને પૂછપરછ કરી. આ પરદેશીને જોઈને પેલો બે ચાર પળ ડઘાઈ ગયા જેવો થઈ ગયો. પછી આજુબાજુના કોઈ સાંભળી ન જાય એવી સાવચેતી રાખી બોલી ઊઠ્યો: 'અરે જનાબ, આપને આખા શહેરમાં મોહનલાલ જેવો બીજો કોઈ દલાલ નહીં મળે, ફરમાવો શેની ખરીદી કરવી છે ?'

'પણ મોહનલાલ ક્યાં છે ?'

'આપની સામે જ સેવક ઊભો છે.'

ઈસ્માઈલને હસવું આવી ગયું. દરેક દલાલ પોતાને સૌથી ચડિયાતો ગણાવે છે અને અજાણ્યા પાસે તો ખાસ મોહનલાલ શુકલ પરથી બેવકૂફ જેવો લાગ્યો અને પોતાના કામમાં આવા જ દલાલની જ જરૂર હતી.

'આપ શું વિચારમાં પડી ગયા.' મોહનલાલને થયું કે સારું ઘરાક છટકી જશે: 'આપને સારામાં સારો માલ સસ્તા દરે અપાવી દઈશ.'

'મારે સસ્તા દરે નહીં, વ્યાજબી દરે લેવો છે.' ઈસ્માઈલે તેને આંચકો આપ્યો: 'હૈદ્રાબાદના વેપારીઓ નફો લીધા વિના વેપાર કરતા હોય તો આ શહેરમાં આટલી બધી રોનક ન દેખાત !'

'વ્યાજબી દરની આપની વાત વ્યાજબી છે.' મોહનલાલને આ વેપારી વિચિત્ર લાગ્યો. પોતે બોલવામાં ધ્યાન રાખવું પડશે એ પણ સમજી ગયો: 'પધારો, આપને અહીંના મોટા વેપારીને ત્યાં લઈ જાઉં'

દલાલ આગળ થયો ત્યારે ઈસ્માઈલે પગ ઉપાડ્યા અમીરે તેના કાનમાં કહ્યું: 'આ દલાલ બહુ ભરોસો કરવા જેવો નથી લાગતો.'

ઈસ્માઈલ દીકરા સામે મરક્યો. આંખ મારીને સંકેતમાં સમજાવ્યું કે તેં એને પારખી લીધો એ માટે તારી નજરને દાદ આપું છું.

ઊંચામાં ઊંચી જાતનું કાપડ ઈસ્માઈલ સામે પથરાતું ગયું, કિંમત અંકાતી ગઈ અને બાજુમાં બેઠેલો અમીર એક કાગળ પર ટપકાવતો ગયો. વેપારી અને દલાલ બંને આ સોદાગરની ભારે ખરીદીના ખ્યાલથી મનમાં હરખાતા હતા. અમીરને હજુ સમજાયું નહીં કે માલ વેચવાનો છે તેને બદલે બાપુ ખરીદીની ખટપટ શું કામ કરી રહ્યા છે ?

બેત્રણ કલાકની મહેનત બાદ ઈસ્માઈલ ઊઠ્યો. વેપારીએ ફરીવાર શરબત પીવાનો આગ્રહ કર્યો ત્યારે તેણે એને ધરપત આપીઃ 'અમે ફરી આપની દુકાને આવવાના જ છીએ . . . એ વખતે પી લેશું.'

બહાર નીકળીને દલાલે જીભ ચલાવવા માંડીઃ 'આપની પસંદગી માટે કહેવું પડે . . . આજે સવારે કોઈ સારા માણસનું મોં જોયું હશે એટલે મને આપનો ભેટો થઈ ગયો.'

ઈસ્માઈલ મૂંગો રહ્યો એટલે દલાલે અમીરને પકડ્યોઃ 'તમારે આ વેપારીને શું થાય ? ઓહ, તમે નોકર છો ? ત્યારે તો . . .'

'ત્યારે તો શું !' અમીર ઊભો રહી ગયો.

દલાલે આગળ ચાલતાં ઈસ્માઈલ તરફ જોઈ લઈ તેના કાનમાં કહ્યુંઃ 'મારી દલાલીમાંથી અર્ધો ટકો તમને આપીશ, તમે મારું ધ્યાન રાખજો.'

તેને એક તમાચો ઝીંકી દેવાનું મન થયું અમીરને પણ પછી બેવકૂફ બનાવવાની વધારે મજા પડશે એમ માની તેણે આંખ મીંચકારીઃ 'તમે ફિકર ન કરો. અમારા ખાનસાહેબ હવે બીજા દલાલને નહીં પકડે.'

ઉતારો આવ્યો એટલે ઈસ્માઈલે દલાલને વળાવ્યોઃ કાલે સવારે તમે આવી પહોંચજો. આપણે સોદો કરી નાખશું.'

એ ખુશ થઈ ગયો. બે મિનિટ સુધી તેણે ખુશામત અને તારીફથી બંનેને કંટાળો આપવામાં કંઈ બાકી ન રાખ્યું ત્યારે ઈસ્માઈલને કહેવું પડ્યુંઃ 'તમને દલાલી મળવાની જ છે પછી આ બધું નહિ બોલો તો ચાલશે !'

અને મોહનલાલ ગાલાવેલું હસીને માંડ ત્યાંથી હટ્યો.

'સાલો અઢી ટકા દલાલ અને સાડાસત્તાણું ટકા બેવકૂફ છે.' તેની પીઠ પર ઈસ્માઈલે ગુસ્સો ઠાલવ્યો.

'નહીં, અર્ધો ટકો બદમાશ પણ છે.' અમીરે સૂર પૂરાવ્યોઃ 'દલાલીમાંથી મને અર્ધો ટકો બક્ષીસ આપવાનું કહી ગયો છે.'

બંનેએ એની બેવકૂફી પર હસી લીધા પછી અમીરે પૂછ્યુંઃ 'આપણે ખરીદવો નથી છતાં પેલા વેપારીને બે કલાક આપણી તહેનાતમાં કેમ રાખ્યો ?'

ઈસ્માઈલે મોં મલકાવ્યુંઃ 'મને એમ કે તું સમજી જઈશ.' પણ પછી મનમાં

જ તે બોલ્યોઃ તારું ધ્યાન પેલી તવાયફમાં હતું એટલે તને ક્યાંથી સમજાય ?

'જો અમીર, જે માલની કિંમત તેં કાગળમાં ટપકાવી છે. એ જ જાતનું કાપડ પેલા શાહુકારની ગાંસડીમાંથી આપણને મળ્યું છે. વેચતાં પહેલાં આપણને કિંમતનો અંદાજ આવી ગયો. હવે કાલે આપણે ખરીદનાર મટીને વેચનાર બની જશું.'

'કમાલનો કીમિયો છે તમારો !'

અમીરે બાપની મુક્ત કંઠે તારીફ તો કરી પણ આવો જ કીમિયો ઈસ્માઈલ તેની સાથે અજમાવવાનો છે એની એ બિચારાને ખબર નહોતી.

*

'મિયાં, એકવાર મને મારી મા પાસે જઈ આવવા દો.'

'નહીં જોહરા, આપણે દુલ્હા-દુલ્હન બનીને જ એમને મળવા જઈશું.'

'હજુ તમને મારા પર ઇતબાર આવતો નથી.'

'હું તારાથી એક ઘડી અલગ થવા માગતો નથી એમ કહે, મારી મહેબૂબા.'

'હું તમારા લગાવ પર મગરૂર છું મીરસા'બ પણ મને જોઈને મારી મા કેટલી ખુશ થશે એ ખ્યાલ મને ત્યાં જવા ખેંચી રહ્યો છે.'

'તું તો એવી વાત કરે છે કે જાણે એ તારી સગી મા હોય.' અમીર જરા નારાજ થઈ ગયો. જોહરાએ પહેલીવાર ઘેર જવાની વાત ઉચ્ચારી ત્યારથી એના મનમાં છાનો ફફડાટ જાગ્યો હતો. જોહરા કોઈ ચાલાકી તો નહી કરે ને ? કદાચ એની મા પોતાની સાથેની શાદી મંજૂર નહીં રાખે તો ?'

જોહરાની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં. અમીરથી તેનાં આંસુ જોઈ શકાયાં નહીં. તે એની નજદીક ગયો. હળવા હાથે જોહરાની હડપચી ઊંચી કરી તેની આંખોમાં ઊંડો ઊતરી જવા માગતો હોય તેમ બેચેન નજરે જોવા લાગ્યો 'જોહરા, તારા પર હું જબરદસ્તી નથી કરવા માગતો.'

અવાજમાં ભીનાશ ભળવા લાગી એટલે તેને થોડું રોકાવું પડ્યુંઃ 'કોણ જાણે મને ડર લાગે છે, કાંઈક અજુગતું બની જશે. આપણા પ્યારમાં કોઈ દીવાલ ખડી થઈ જશે . . . તારે ખાતર હું સગા બાપને છોડવા તૈયાર છું ત્યારે ઓરમાન માને મળ્યા વિના તું રહી નથી શકતી ?'

લાગણીના આવેશમાં જોહરા અમીરને વળગી પડી. ધ્રૂસકે ધ્રૂસકે રડતી બોલતી રહી: 'નહીં જાઉં તમને નારાજ કરીને હું ક્યાંય નહીં જાઉં'

ત્યાં બારણાને ધક્કો લાગ્યો. ઈસ્માઈલને જોઈને જદનબાઈ ભડકી. જોહરાનું ધ્યાન ગયું એટલે તે ઝાટકા સાથે અમીરથી અલગ થઈ ગઈ. અમીરને કાંઈ સમજાય એ પહેલાં તો ઈસ્માઈલ અંદર આવી ગયો હતો.

જોહરાની ખૂબસુરતીએ ઈસ્માઈલનાં રોમેરોમમાં ઝણઝણાટી પ્રસરાવી દીધી. પોતે ધારી હતી એ કરતાં પણ જોહરા વધારે આકર્ષક નીકળી તેનો આંચકો લાગ્યો ઈસ્માઈલને.

ઝડપથી તેણે જાતને સંભાળી લીધી. પોતાના અણધાર્યા આગમનથી ત્રણેએ અનુભવેલા સંકોચને તેણે પહેલા જ વાક્યમાં ખંખેરી નાખ્યો :

'અમીર, પહેલીવાર મેં જોહરાને જોઈ અને તે પણ આંસુભરી આંખે ?'

બાપના અવાજમાં મીઠો ઠપકો છે એ જાણ્યા પછી અમીરે માથું ઊંચકવાની હિંમત કરી. જોહરા તો પીઠ ફેરવીને આંસુ લૂછવામાં જ પડી હતી.

'અબ્બાજાન, એ તો માને મળવા માટે જોહરાનું મન ભરાઈ આવ્યું હતું.' અમીરના મોંમાંથી સરી ગયું અને ઈસ્માઈલે એ ઉપાડી લીધું :

'હું પણ એ જ વિચારતો હતો. અહીં આવ્યાને ચાર દિવસ થઈ ગયાં છતાં જોહરા તેની માને મળવા કેમ ગઈ નથી ?' ઈસ્માઈલ અવાજમાં જરાય ફેર પડવા દીધા વિના બોલતો હતો ? 'હવે ખબર પડી કે તું એને રોકી રાખે છે . . . અમીર, શરીફ ઈન્સાનને માટે એ અજુગતું કહેવાય.' પછી જોહરા તરફ જોઈને ઉમેર્યું: 'તું તારે જજે, બે દિવસ તારા રિશ્તેદારો સાથે રહી આવ. અમીરને પણ ખરીદી માટે હમણાં બહાર રહેવાનું થશે.'

અમીર આનાકાની કરવાનું વિચારતો હતો. જોહરા પણ કહેવા માગતી હતી કે મારાં આંસુ તો તમારા બેટા માટેના પ્યારનો ઊભરો હતો . . . પણ બેમાંથી કોઈ કાંઈ બોલી શક્યું નહીં અને ઈસ્માઈલ જદનબાઈને તૈયારી કરવાનું કહી કમરાની બહાર નીકળી ગયો.

અમીર અને જોહરા એકબીજા સામે બાઘાની જેમ જોતાં હતાં ત્યાં ઈસ્માઈલનો સાદ સંભળાયો: 'રૂપસિંહ, પરદાવાળી એક ઘોડાગાડી બોલાવી લાવજે.'

ત્યાર પછી રૂપસિંહના કાનમાં ઈસ્માઈલે જે કહ્યું તે કોઈને સંભળાયું નહીં.

*

પ્યારની ઉત્કટતા એક પીડા બની જાય છે. તે સહેવાતી નથી તેમ છોડાતી પણ નથી.

જોહરાની ચોવીસ કલાકની જુદાઈમાં અમીર અકળાઈ ગયો. ઈસ્માઈલ અને દલાલ સાથે બજારમાં ફરતાં વારંવાર યા હુસૈન-યા હુસૈનના પોકારો સાંભળીને અમીરના મનમાં મારી જોહરા-મારી મહેબૂબાના પડઘા ઊઠતા હતા. રસ્તામાં ઉમરાવોના હાથી જોઈને ગુલુ યાદ આવી જતી, પછી દિલમાં થથરાટી થતી: ગુલુની જેમ જોહરાને પોતે ગુમાવી નહીં બેસેને ?

મહોરમનો નવમો દિવસ હતો અને બજારો સાંજે વહેલી બંધ થવાની હતી એટલે ઈસ્માઈલ સોદો પતાવી દેવાનું નક્કી કરીને નીકળેલો. મોહનલાલ દલાલે જ્યારે જાણ્યું કે આ પરદેશી સોદાગર ખરીદી નહિ પણ વેચાણ કરવા માગે છે ત્યારે પહેલાં તો એ હેબતાયો. ધારણા કરતાં સોદાગર વધુ પાકો નીકળ્યો એનો હળવો આંચકો લાગ્યો. પણ પોતે ભોટ દેખાઈને એને ફસાવવામાં સફળ થાય તો ન્યાલ થઈ જવાની તક છે એ વિચારે તેને ખુશખુશાલ કરી દીધો: 'જનાબ આપ માલ ખરીદો કે વેચો, અમને દલાલભાઈને તો દલાલીથી મતલબ છે.'

ઈસ્માઈલ અને અમીર ઘોડા પર હતા અને મોહનલાલ બંનેની વચ્ચે પગ અને જીભ ચલાવ્યા કરતો હતો: 'આપ દિલ્હીથી છેક અહીં સુધી માલ વેચવા આવ્યા છો એનો લાભ જરૂર અપાવીશ. મોહનલાલ દલાલને આપ જિંદગીભર યાદ કરશો.'

મસ્જિદ પાસે ઘણા ફકીરો 'યા હુસૈન'ના પોકાર પાડતા બેઠા હતા, એ બાજુથી પસાર થતી વખતે મોહનલાલે પહેરણના ગજવામાંથી એક દોકડો કાઢ્યો: 'જનાબ, આપ આગળ વધો ... ખુદાના નામે ખેરાત કરીને હું હમણાં જ આવ્યો.'

અમીરને નવાઈ લાગી. ઈસ્માઈલને આગળ જવા દઈને ત્યાં જ ઠહેરી ગયો. તેણે બરાબર ધ્યાનથી જોયું કે આટલા બધા ફકીરો બેઠા હતા તેમાંથી મોહનલાલે છેવાડેના ફકીરને જ પસંદ કર્યો ! ખેરાત કરતી વખતે એણે નીચા નમીને પેલાના કાનમાં કાંઈક કહ્યું પણ ખરું ...

પાછા ફરતાં મોહનલાલને શક ન જાય એટલે અમીરે ઘોડાનું મોં ફેરવી

લીધું. એ આવ્યો એટલે કહ્યું પણ ખરું: 'મોહનલાલ, કાલે તમે દલાલીમાંથી અર્ધો ટકો આપવાનો વાયદો કર્યો, 'તો એ યાદ છે ને ?'

'અરે જનાબ, આ મોહનલાલ વચનનો પાકો છે. ગરીબ હોવા છતાં દિલનો ઉદાર છે. જુઓને, હજુ કમાણી થઈ નથી ત્યાં શુકન માટે એક દોકડાની ખેરાત પણ કરી દીધી !'

ઘોડીની લગામ ખેંચતી વખતે અમીરના જડબા તંગ થઈ ગયાં: 'બેવકૂફ તું જેની સાથે ચાલાકી કરવા નીકળ્યો છે એ તારા માથાનાં છે. રૂમાલ ગળામાં પડે એટલી જ વાર . . . પછી જાન અને દલાલી બંને ગુમાવીશ.

*

સાંજ પહેલા અમીર જોહરાને મળવા પહોંચી ગયો. જોહરાને મૂકવા ગયેલા માણસોને તેણે સાથે લીધેલા. ચાર મિનારની આસપાસમાં જ એનું ઘર હતું.

દાખલ થતી વખતે અમીરના મનમાં ફફડાટ જાગ્યો: મને આવકાર મળશે ? જોહરા બદલાઈ તો નહીં ગઈ હોય ને ? તેની મા મિજાજની કેવી હશે ?

'આવી ગયા !' જોહરાના હોઠ પર સ્મિત ઉછળ્યું પોતે બેઠી હતી ત્યાંથી નાચતી-કૂદતી દોડી આવી: 'અમ્મા, જો તો ખરી . . . કોણ આવ્યું !'

જોહરા તેને એવી રીતે બાઝી પડી જાણે એક દિવસના વિરહે તેને બાવરી બનાવી દીધી હોય. અમીરને ધરપત થઈ: 'ના જોહરાનો પ્યાર ખુદગર્જ નથી, એના દિલના ધબકારામાં જિગરનું જોશ છે.'

એક જુવાન અને એક આધેડ વયની બે ઓરતો દીવાનખંડમાં દોડતી આવી. અમીરને જોઈને બંનેના હોઠ ઉઘાડા રહી ગયા. એ સમજી ગયા કે જોહરાના મહેબૂબને તેમણે ધાર્યો હતો એ કરતાંય વધુ જુવાન અને ખૂબસુરત નીકળ્યો. એથી બંને ડઘાઈ ગયાં છે.

'સુભાન અલ્લાહ !' જોહરાની મા તેના સ્થૂળ શરીરને ડોલાવતી ધસી આવી. અમીર તસલીમ કરવા ઝૂક્યો પણ તેણે તો એના બંને કપાળ પર હાથ દાબી ઓવારણાના ટાચકા ફોડ્યા: 'પાક પયગંબર રસુલ અલ્લાહ અને બાર ઇમામોની આપના પર દુઆ ઉતરે.'

અમીરે જોયું કે જોહરાની નાની બહેન તેની સામે ઈર્ષ્યાભરી નજરે જોતી હતી. તસલીમ કરતી વખતેય તેણે બહુ ઉમળકો દેખાડ્યો નહીં. એના પરથી અંદાજ

આવી ગયો કે જોહરા માટે તેના દિલમાં બહુ લાગણી નહીં હોય.

'મીરસાહેબ, આપે મારી બેટીને નવાબની કેદમાંથી છોડાવી અમારા પર અનહદ મહેરબાની કરી છે.' પછી રડમસ અવાજે ઉમેર્યું: 'એ ગઈ ત્યારથી મારી જિંદગી વેરાન બની ગઈ. અચાનક આવી ચડી ત્યારે પહેલાં તો માનવામાં ન આવ્યું.'

આ બધું તો અમીરે ગંભીર ભાવે સાંભળ્યું પણ જ્યારે એ તેની અલમસ્ત કાયાને ડોલાવતી ક્હેવા લાગી કે તમને શું કહું, જોહરાની જુદાઈમાં મારું શરીર અર્ધું થઈ ગયું, ત્યારે અમીર હસવું રોકી ન શક્યો. મનમાં બોલાઈ ગયું: શરીર અર્ધું થઈ ગયું એ સારું જ થયું, નહીંતર તમને જોઈને હું બેહોશ થઈ જાત !

અર્ધા કલાક પછી અમીરને એમ પણ લાગ્યું કે આ જાડી બોલબોલ કર્યા કરશે તોય બેહોશ થઈ જવાશે. જોહરાની બહેન ઝીનતની ખામોશી પણ તેને ખટકતી હતી. હજુ સુધી સગાઈ-શાદીની મૂળ વાત છેડાઈ નહીં એનોય તેને અજંપો લાગ્યો. નમાજનો વખત થયો એટલે અમીરે શેતરંજી માગી ત્યારે જોહરાની માએ આશ્ચર્ય ઉછાળ્યું: 'વાહ જોહરા, આ તો પાકા સૈયદ દેખાય છે. નવજવાન હોવા છતાં ઈમાનમાં ઈતબાર ધરાવે છે એ મને બહુ ગમ્યું.'

એ જ વખતે અમીરને થયું કે જોહરાની માગણી કરી લઉં પણ જીભ ન ઉપડી. પહેલાં જોહરાને એકાન્તમાં મળી જાણી લેવું જોઈએ કે મા સાથે તેણે આ વાત છેડી છે ખરી ?

એનોય મોકો ન મળ્યો ત્યારે અમીરે વિવેક ખાતર જવા માટે રજા માગી: 'હું હવે ઉપડું, વાલિદ મારી રાહ જોતા હશે.'

'અરે એમ જવાય ખરું.' જોહરાની માએ ફરી બોલવાનું શરૂ કરી દીધું, 'તમારી હજુ કોઈ ખાતર બરદાસ્ત પણ નથી કરી, રોટી ખાધા વિના જવાનું કેવું ?'

'તો મારે અબ્બાને ક્હેવડાવી દેવું પડશે. ખાણા માટે મારી રાહ ન જુએ.' અમીરે તક ઝડપી લીધી.

'બેલાશક, ક્હેવડાવી દો … અને તમારે રાત પણ અહીં જ રોકાઈ જવાનું છે. અમારી બારીમાંથી મહોરમના તાજિયા જોવાનો લ્હાવો કોઈ ઓર હોય છે.'

'જેવી આપની મરજી.' ઝડપથી અમીરે રાત રોકાવાનો પ્રસ્તાવ સ્વીકારીને જોહરા સામે તિરછી નજરે જોયું. એ શરમની મારી નીચું જોઈ ગઈ પણ તેની

બહેન ઝીનતે નીચલો હોઠ દાંતમાં દબાવી એક નિસાસો નાખીને પોતાનો અણગમો દેખાડી દીધો.

*

અમીરની સાથે ગયેલા માણસોએ આવીને ખબર આપ્યા કે રાત એ ત્યાં જ રોકાવાના છે ત્યારે ઈસ્માઈલે જરાય આશ્ચર્ય કે અણગમો દેખાડ્યો નહીં. બધું ગણતરી મુજબ થઈ રહ્યું હતું. તેની ખુશી પણ એ છુપાવી શક્યો નહીં. જોહરાની મા ભારે સમજદાર છે એની ખાતરી થઈ ગઈ. શું કામ ન હોય, ગમે તેમ તો તવાયફ રહી ચૂકી છે. દાવપેચ ખેલવામાં પાવરધી જ હોય.

તેણે પાંચસો-પાંચસો રૂપિયાની બે થેલી કમરે બાંધી લીધી અને દીકરાના પ્યારનો સોદો કરવા માટે બહાર નીકળી ગયો. મહોરમની ભીડને કારણે ઘોડા પર જવાને બદલે પગપાળા જ તેણે ચારમિનારનો રસ્તો પકડ્યો.

પીરની દરગાહ પાસેથી પસાર થતી દરેક ઓરત પર એ આશાભરી મીટ માંડીને ઊભો હતો. રૂપસિંહે જોહરાની માની બે નિશાની આપેલી એક તો એ શરીરે હાથણી જેવી છે અને બીજું તેના દાંત તમાકુવાળા પાન ખાવાથી કટાઈ ગયેલા છે.

બીજી નિશાની તો પેલા વાત કરશે ત્યારે જ ઓળખાવાની. પણ તે પહેલાં તેણે જતી-આવતી જાડી ઓરતો પર નજર રાખવાની હતી.

એને એ દેખાણી . . . ઈસ્માઈલ ટટ્ટાર બની ગયો. રૂપસિંહનું કહેવું સાચું લાગ્યું. હાથણીની જેમ જ એ ચાલતી હતી. થોડીવાર ઊભી રહીને બુરખાની જાળીમાંથી તે ધારીધારીને પોતાને જોતી હતી એટલે અટકળ પાકી થઈ.

ઈસ્માઈલે દાઢી ખંજવાળી. પેલી વધારે નજીક આવી. બે ગજનું અંતર રહ્યું ત્યારે બુરખાની જાળી સહેજ હટાવી પોતાનું મોં દેખાડ્યું. ઈસ્માઈલ આછું મરક્યો, જવાબમાં પેલીના જાડા હોઠ વંકાયા. ઈસ્માઈલને હવે દાંત જોવાની જરૂર ન લાગી. લાલચની ચાડી ખાતાં એની મુસ્કાને ઓળખાણ પૂરી કરી. તે આગળ ચાલવા લાગ્યો. પેલી પાછળ પાછળ આવી.

એક ગલીના વળાંક પાસે ઈસ્માઈલ થોભ્યો, એ પણ ઊભી રહી. ચાલવાને કારણે તે થોડું હાંફતી હતી. કોઈ જોઈ જાય એ પહેલાં કામ પતાવી દેવા ઈસ્માઈલે ઉતાવળ કરી :

'જોહરાને કોઈની સાથે પરણાવીને સોનાના ઈંડા આપતી મુરઘી ગુમાવી દેવાનું તમે પસંદ નહીં જ કરો.'

'છ મહિનાથી એ નવાબના કબજામાં હતી ત્યારે મારે ઘણું નુકશાન વેઠવું પડ્યું.' જોહરાની માએ સોદાબાજી શરૂ કરી: 'મારે એ હિસાબ પણ ધ્યાનમાં રાખવો પડશે ને.'

'બહુ હિસાબ કિતાબ કરવામાં દીકરી ગુમાવીશ.'

ઈસ્માઈલના અવાજે સખ્તાઈ ધારણ કરી.

'આપ બેટો પણ ગુમાવશો.'

'જરાય નહીં. મારી મરજી વિરુદ્ધ એ શાદી કરશે તો છ મહિના બાદ હું તલ્લાક લેવડાવી શકીશ.'

'પણ શાદી કરવા માટે તમારો બેટો એને ભગાડીને નાસી નહીં જાય એની ખાતરી છે આપને ?'

ઈસ્માઈલને આંચકો લાગ્યો. ઝડપથી એ ચાવી જઈ તે હસ્યો: 'તવાયફ છો એટલે સોદો કરવામાં તને હું નહીં પહોંચું.'

'આપ મોટા સોદાગર છો એટલે આપના મોભાની કિંમત મારાથી ઓછી કેમ અંકાય.'

ઈસ્માઈલનો હાથ તલવાર પર ગયો ત્યારે પેલીએ ચહેરા પરથી બુરખો હટાવ્યો: 'જનાબ, ધમકી તો હુંય આપી શકું તેમ છું . . . તમારો બેટો જોહરાને ઉઠાવી લાવ્યો છે એ અહીંના નવાબના કાને વાત જાય તો તમારે બહુ વેઠવું પડશે.'

હારી ગયો ઈસ્માઈલ . . . તલવારની મૂઠ પરથી હાથ પૈસાની કોથળી પર ગયો, 'લે, પાંચસો પૂરા છે'

એક હાથમાં થેલી પકડી લઈને જોહરાની માએ બીજો હાથ લંબાવ્યો: 'આ શરીરમાં બે બાજુ સરખો ભાર હોય તો ચાલવું ફાવે.'

બીજી થેલી પણ આપી દેવી પડી ઈસ્માઈલને . . .

બુરખો ચહેરા પર ઢાંકી દઈ તે ચાલવા લાગી.

'સબૂર !' ઈસ્માઈલે રૂઆબ છાંટ્યો: 'પૈસા મળી ગયા પછી કામ ન થયું તો ?'

પેલીની ગરદન ઝાટકા સાથે મરડાઈ :

'જનાબ, ક્યારેય તવાયફ સાથે વાસ્તો પડ્યો નથી લાગતો. તસલ્લી રાખો, પૈસા લીધા પછી અમે પૂરો સંતોષ આપવામાં માનીએ છીએ.'

'બસ તો ...'

ઈસ્માઈલના એ બોલ સાંભળવા પણ પેલી રોકાઈ નહીં.

બે બદામની એક તવાયફ સામે દીકરાને ખાતર હાર કબૂલવી પડી એનું ઈસ્માઈલને બહુ વસમું તો લાગ્યું, પણ દાવ ખેલાઈ ગયો એનો દિલાસો દઈને તે જોશભેર ચાલવા લાગ્યો. ચાર મિનાર વટાવ્યા નહોતા ત્યાં કોઈની હાંક સંભળાઈ:

'અરે જનાબ ... ઈસ્માઈલખાન !'

અને તેનાથી પાછળ જોવાઈ ગયું.

સામે છેડેથી એક અજનબી પાસે આવ્યો. થોડીવાર ધારી ધારીને તેને જોવા લાગ્યો ત્યારે ઈસ્માઈલ સાવધ બની ગયો.

'ઓળખાણ ન પડી કે ?' પેલા આધેડ વયના આદમીએ ટોપી ઊંચી કરી માથું ખંજવાળતા કહ્યું: 'યાદ છે, પંદરેક વરસ પહેલાં એક સફરમાં આપણે મળ્યા હતા. અમે પેલા ખાનસાહેબના વળાવિયા તરીકે આવેલા.'

'ખાનસાહેબ ...' ઈસ્માઈલ વિચારમાં પડી ગયો.

'કેમ ભૂલી ગયા ?' પેલાએ ભારપૂર્વક કહ્યું: 'એ એમની બીબી અને એક ચાર પાંચ વરસનો છોકરો પણ સાથે હતો ... છોકરાને તમે નહીં ભૂલ્યા હો. અમીર તો તમારી સાથે બહુ હળી ગયો હતો ને.'

'અ . . .મીર !' ઈસ્માઈલના માથા પર વીજળી પડી. તેને થયું અહીંથી નાસી છૂટવા દે. ચહેરા પરનું નૂર ઊડી ગયું ... પણ પેલાને શક ન જાય એટલા માટે ટટ્ટાર થઈ જવું પડ્યું: 'જનાબ, તમને કોઈ ગલતફેમી થતી લાગે છે. તમે જે સમજી રહ્યા છો એ હું નથી.'

કહેતા કહેતા ગળું સુકાઈ ગયું. પેલો માણસ તેની જિદ ચાલુ રાખવાના જુસ્સામાં દેખાયો. પણ મોહરમના તાજિયાનું જુલુસ નજીક આવી પહોંચ્યું હતું. 'યા હુસૈન-યા હુસૈન' ના પોકારો અને છાતી કૂટવાના શોરમાં તેનો અવાજ ડૂબી ગયો. ભીડ વધવા લાગી અને ઈસ્માઈલ લાગ જોઈને ત્યાંથી સરકી ગયો.

પોતે દીકરા માટે હજુ દાવ ખેલતો હતો ત્યાં કુદરતે સામો દાવ નાખી તેને હચમચાવી દીધો.

*

૨૭

અમીરની મહેમાનવાજી માટે જોહરાએ સામેથી જ કહ્યું: 'હું ગાયન સંભળાવીશ અને ઝીનત સારંગી બજાવશે. પછી જુઓ, આજની સાંજ તમારા દિલમાં કાયમને માટે જડાઈ રહે છે કે નહીં ?'

અમીરને કહેવાનું મન થયું કે તું મારા દિલમાં જડાઈ ચૂકી છો ત્યારે તારા સહવાસની હરેક પળ યાદ બની રહેવાની . . . પણ ઝીનતની હાજરીએ તેના આવેશને રોકી રાખ્યો. તેણે મજાકમાં કહ્યું: 'જોહરા, તારી બહેન માત્ર વગાડે છે કે.:

'ના ગાય પણ છે,' જોહરાએ ઉતાવળ કરી ત્યારે અમીર હસી પડ્યો :

'હું તો એમ પૂછતો હતો કે એ બોલે છે ખરી ? આવ્યો છું ત્યારથી તેની જબાન ચૂપ છે.' જાણે મારી હાજરી એને ગમતી ન હોય એવું લાગે છે.

ઝીનત નીચું જોઈ ગઈ ત્યારે ખુલાસો જોહરાને જ કરવો પડ્યો :

'તમે એ બિચારીને શરમાવી દીધી. એ નાની નથી, બધું સમજે છે. તમે અહીં આવીને મને ઉઠાવી જવાના છો એ હવે તેનાથી અજાણ નથી. પોતે ફરી એકલી પડી જશે એનો અફસોસ મનમાં ઘૂંટતી હશે બિચારી.'

'ઓહ, એમ વાત છે !' એને છંછેડવાની અમીરને ઇચ્છા થઈ આવી. ગમે તેમ તો એ તેની સાળી થવાની હતી ને ? તેણે ઝીનત સામે તિરછી નજર ફેંકીને કહ્યું: 'એ એકલી ન પડી જાય તેનો એક ઇલાજ છે મારી પાસે.'

અને ઝાટકા સાથે ઝીનતની પાંપણો ઊંચી થઈ. જોહરાય તાજ્જુબીના ભાવથી અમીરને જોવા લાગી: 'શું ઇલાજ છે ?'

'તારી સાથે એનેય ઉઠાવી જાઉં'

સાંભળીને ઝીનતની કીકીઓમાં કરડાકી ઉપસી આવી. જાણે એ કહેતી હતીઃ હજુ એક મળી નથી ત્યાં બીજીના ખ્વાબ પંપાળવા માંડ્યો બેવકૂફ !

પણ જોહરાને પોતાના આશકની આ મજાકમાં ગમ્મત પડીઃ 'સાહેબ તમારી દાનત બગડવા માંડી કે શું ? જો જો મને પડતી મૂકીને એને જ ક્યાંક ઉઠાવી ના જતા.'

ત્યાં બહાર રસ્તા પરનો શોર વધી ગયો એટલે ઝીનત બારી તરફ દોડી ગઈ: 'પંજાની સવારી આવતી લાગે છે.' બારીમાં ડોકાઈને તેણે ઉત્તેજના સાથે સાદ પાડ્યોઃ 'જોહરા જલદી આવ, જુલુસ ચાર મિનાર સુધી પહોંચી જવા આવ્યું.'

હાથ પકડીને જોહરા અમીરને બીજી બારી તરફ ખેંચી ગઈ. લોકોનું મોટું ટોળું પંજાનું પાકનિશાન લઈ ચાર મિનાર તરફ ધસી રહ્યું હતું. કેટલાય માણસોએ ઊંચા વાંસ સાથે બાંધેલી મશાલો પકડી હતી. એના ભડકામાં આરસના ચાર મિનાર ઝગમગી ઊઠ્યા. એ જોઈને અમીરનો આનંદ ઉછળી પડ્યોઃ 'માશાલ્લા ! ચાર મિનારની રોનક અત્યારે કાંઈ ઓર લાગે છે.'

'અરે ત્યાં રસ્તા પર જુઓ તો ખરા.' જોહરાએ અમીરનો ખભો હચમચાવ્યોઃ 'તમારા વાલિદ પણ જુલુસ જોવા ઊભા છે.'

'ક્યાં ? ક્યાં છે ?' કરતા અમીરે નીચે નજર દોડાવી. ઘણીવારે લોકોના ટોળા વચ્ચેથી તે એના બાપને શોધી શક્યોઃ પણ આ શું ? બાપુ કોઈની સાથે વાત કરતાં કરતાં આમ નાસી કેમ ગયા ? પેલો માણસ કોણ છે ? એ એમને શોધવા માટે ફાંફાં કેમ મારે છે ?

તેણે પેલા અજાણ્યા માણસને પોતાની નજરમાંથી છટકવા ન દીધો. આવડા મોટા ટોળામાં એની નજર પાછળ દોડતી હતી. એ શખ્સ સામેના કોઈ મકાનમાં ગયા પછી કોણ જાણે શું કામ, પણ અમીરની નજર એ મકાનની બારીઓમાં ફરવા લાગી, કદાચ પેલો આસામી ઉપર જઈને જુલુસ જોવા કોઈક બારીમાં ડોકાશે.

'તમે ત્યાં શું જુઓ છો ? જોહરાએ એને ચમકાવ્યોઃ 'ત્યાં કોઈ છોકરી તો દેખાતી નથી.' અમીરને ચીડવવા માટે જોહરાએ એનો કાન ખેંચ્યો.

'અરે અરે ...' અમીરે સામેથી નજર હઠાવ્યા વિના જ કાન છોડાવ્યોઃ 'જો પેલી છોકરી તારી શરારત જોઈને હસી રહી છે.'

હવે જોહરાનું ધ્યાન પણ ત્યાં ખેંચાયું. પંદરેક વરસની એ છોકરીને જોઈને તેનાથી નિસાસો નંખાઈ ગયો: 'બિચારી.'

એ જ વખતે પેલી છોકરીએ તેનો ચહેરો બુરખાના ઓજલમાં છુપાવી દીધો.

'જોયું ને !' અમીરે મજાક કરી: 'તારું ધ્યાન ગયું તેમાં એક ખૂબસુરત ચહેરો અમારી આંખોથી ઓજલ થઈ ગયો.'

'એ બિચારીની મજાક ન કરો.'

જોહરાએ ફરી નિસાસો નાખ્યો ત્યારે અમીરને આશ્ચર્ય થયું: 'કેમ એ બિચારીની બહુ દયા આવે છે ?'

'હા મીરસાહેબ, દયા ખાવા જેવું જ તકદીર છે એનું.' જોહરાનો અવાજ ગળગળો થવા લાગ્યો: 'બચપણમાં જ એ બિચારી મા-બાપ અને ભાઈને એકી સાથે ગુમાવી બેઠી.'

'યા ખુદા !' અમીરે હમદર્દી દેખાડીને પૂછ્યું: 'તો એની બાજુમાં પેલી ઓરત અને મરદ ઉભેલાં છે એ કોણ છે ?'

'એનાં ચાચા-ચાચી છે. લોકો કહે છે કે એ દોઢ વરસની હતી ત્યારે ખાનસાહેબ અને તેની બીબી એકના એક દીકરાને લઈને ઈન્દોરની સફરે ગયા. છોકરી બિમાર રહેતી હતી એટલે ચાચા પાસે મૂકીને ગયેલાં.' જોહરા થોડું અટકી. અવાજની સાથે આંખોમાં પણ ભીનાશ આવી ગઈ: 'ગયાં તે ગયાં, ન ઈન્દોર પહોંચ્યાં કે ન પાછા આવી શક્યાં.'

'શું થયું ?' ધડકતા દિલે અમીર માંડ માંડ પૂછી શક્યો.

'ઠગના શિકાર બની ગયા બિચારાં.'

'હેં !' અમીરને એવો આંચકો લાગ્યો કે બારીમાંથી નીચે પડતો પડતો રહી ગયો.

'યા અલ્લાહ ! સંભાળો ...' જોહરાએ તેને બંને હાથે પકડી લીધો. અમીરના ચહેરા પર પસીનો વળી ગયો હતો. પોતાની ગભરામણ છુપાવવા માટે તેણે ચારમિનાર તરફ નજર નાખી-જુલુસ ક્યારનું ચાલી ગયું હતું અને થોડીવાર પહેલાં ઝગમગતા ચારમિનાર હવે ભૂત જેવા દેખાતા હતા.

અમીર મનમાં કડી મેળવવા લાગ્યો. બનવાજોગ છે કે પોતાના બાપના હાથે જ પેલી છોકરીના માબાપ ખતમ થયા હશે. પેલો માણસ ઘણા વરસો બાદ તેમને અહીં જોઈને ઓળખી ગયો હશે એટલે બાપુ આમ નાસી છૂટ્યા હોય...

'પણ તમે આમ ઉદાસ કેમ થઈ ગયા?' જોહરાએ સ્વાભાવિકપણે પૂછ્યું તોય અમીર ભડકી ગયો. હવે શું જવાબ આપવો? પણ જ્યારે માણસ પાસે જવાબ નથી હોતો ત્યારે એ સવાલનો આશરો લેતો હોય છે.

'ખરેખર એ છોકરી કમનસીબ ગણાય...' મોં ફેરવ્યા વિના, ગળા હેઠે થૂંક ઉતારીને એ બોલતો હતો: 'હેં જોહરા, એના મા-બાપ ઠગનો શિકાર થઈ ગયાં એ કોણે કહ્યું?' પછી જોહરાને વહેમ ન જાય એટલે ઝડપથી ઉમેર્યું: 'કદાચ જંગલી જનાવરોના શિકાર બની ગયાં હોય.'

'ના એવું નથી.' જોહરા ભારપૂર્વક કહી ગઈ: 'ખાનસાહેબને પોણી સફર સુધી વળાવવા ગયેલા માણસોને વહેમ છે કે રસ્તામાં મળેલા સૈનિકો ઠગ હતા અને એમની વાતમાં ભોળવાઈને જ ખાનસાહેબ એમને છેક સુધી સાથે ન લઈ ગયા.'

અમીરે એ બારી તરફ જોયું. હવે ત્યાં કોઈ જ નહોતું. તેના મન પર ભયની પક્કડ મજબૂત બનવા લાગી. પેલો માણસ ખાનસાહેબને વળાવવા ગયો હોય અને તેણે જ બાપુને ઓળખી કાઢ્યા હોય તો? તો શું થાય?

બીજો ઉચાટ એ હતો કે જોહરા પાસે પોતાની અસલિયત ઉઘાડી પડી જશે ત્યારે શું? ઘણા બધા વિચારો તેને ડંખ મારવા લાગ્યા. ઊડતી નજરે જોયેલી છોકરીનો શું અપરાધ હતો કે ઠગ લોકોએ માબાપનો તેનો આધાર છીનવી લીધો? પોતે શા માટે આવા હલકટ ધંધામાં ફસાયો? દેવીનું નામ આગળ ધરીને બીજાઓની જિંદગી લૂંટી લેવામાં પોતે શું પરાક્રમ કરી રહ્યો છે?

'મને લાગે છે કે તમને મેં આ વાત ન કરી હોત તો સારું થાત?' જોહરા અકળાઈને બોલી ઊઠી: 'તમારા જેવા બહાદુર સૈનિકને બીજાના મોતની વાત આટલી બધી અસર પહોંચાડે છે!'

'જોહરા, મને મારી મા યાદ આવી ગઈ.' અમીરે ચહેરા પરથી પસીનો લૂછતા કહ્યું: 'બહાદુર સૈનિકોના દિલ પથ્થર નથી હોતા કે બીજાના દુઃખની એને અસર ન પહોંચે.'

'તમારી હમદર્દીનો મને અનુભવ ક્યાં નથી ?' અમીરનો હાથ દાબીને જોહરા બોલી ગઈ: 'નહીંતર અત્યારે મારા ઘરમાં છું તેને બદલે નવાબના મહેલમાં નાચતી હોત ...' પછી યાદ આવ્યું હોય તેમ બોલી ઊઠી: 'અરે, તમને ગાયન સંભળાવવાનું તો વિસરાઈ ગયું.'

અમીર સમજી ગયો કે જોહરા વાત બદલી રહી છે. એક રીતે તેને એ ગમ્યું. પોતે ઠગ છે એ અત્યારે ભૂલી જવા માગતો હતો. બની શકે તો ઠગ મટી જવા માગતો હતો. જોહરાના પ્યારમાં અપરાધના બધા ડાઘ ધોવાઈ જાય તો કેવું સારું?

અમીરના દિલ પર છવાઈ ગયેલ ગમગીનીના વાદળને જોહરાએ બહુ જલદી વિખેરી નાખ્યું. રાત ઘેરાતી ગઈ તેમ બેઉની નિકટતા વધતી ગઈ. 'હમણાં નહીં. શાદી પછી ...' એમ કહીને જે વાત અત્યાર લગી જોહરા ટાળતી રહી એ શબ્દો હવે કાંપતા હોઠ પરથી બહાર આવી શક્યા નહીં. અમીરના હોઠની ભીંસમાં એનો ઈન્કાર કચડાઈ જવા લાગ્યો ... અને મોહરમની એ રાત વગર શાદીએ સુહાગરાત બની ગઈ.

*

ઈસ્માઈલે બહુ તરફડિયા માર્યાં એ રાતે.

પેલા અજાણ્યા માણસના વિચારો એનો પીછો છોડતા નહોતા. સાથે સાથે બીજી અનેક ઘટનાઓ ભૂતાવળની જેમ તેના દિમાગને ખૂંદી રહી હતી. ખાનસાહેબ અને તેના બીબીની હત્યા વખતની અમીરની ચીસ, છોકરાને જીવતો રાખવા સામેનો ગણેશાનો વિરોધ, મરિયમની બિમારીનું રહસ્ય, શિરીનને પોતે ગૂંગળાવી નાખી ત્યારનું દ્રશ્ય ... બધું જ, એકી સાથે યાદ આવતું હતું. એ મૃતાત્માઓ જાણે પોકાર પાડીને કહેતા હતા: અમીર તારો બેટો નથી, હજુ પણ સમજી જા. પાછો સોંપી દે એને ...

કાન આડા બંને હાથ દાબી દઈ ઈસ્માઈલ ઊંઘવા મથતો હતો. બધું ભૂલી જવાના ફાંફાં મારતો બરાડતો હતો: નહીં, અમીર મારો બેટો છે, મેં એને ઊછેર્યો છે. મારો વારસો મેં એને સોંપ્યો છે, હું જ એનો બાપ છું ... અમીરના નામ પાછળ મારું જ નામ રહેવાનું છે-બીજા કોઈનું નહીં, કોઈનું પણ નહીં ...'

મનમાં પસ્તાવો પણ જાગતો હતો: શું કામ મેં અમીરને જોહરાથી અલગ પાડવા માટે કપટ કર્યું ? ખુદાએ મને એનો જ બદલો આપવા આ આફત ઉતારી

હશે. હવે હું અમીરની પસંદગીમાં વચ્ચે નહીં આવું. એ ભલે ગમે તેનો થાય પણ મારો મટી ન જાય તો ઘણું છે.

એક ફેંસલો પણ તેણે કર્યો: હવે અહીં વધુ રોકાવું નથી. ફરી પેલા માણસની નજરે નથી ચડવું. મારે બહાર નીકળવું નહીં. અમીરને તો અલગ જ રાખવો એની દેખતાં કોઈ વાત ચર્ચાવી ન જોઈએ. હું એકલો હઈશ તો ગમે તેવા સંજોગોનો સામનો કરી લઈશ.

અને મળસ્કે મસ્જિદમાં મુલ્લાની બાંગ પડી ત્યારે ઈસ્માઈલની ઉજાગરાવાળી આંખો આંસુથી ઊભરાઈ આવી: અલ્લાહતાલા ! આ કસોટીમાંથી પાર ઉતરવા માટે હિંમત અને દુઆ દેજે.

*

સવારે અમીરથી છૂટા પડતી વખતે જોહરાની આંખો પણ ઊભરાઈ આવી હતી: 'મીર, સાંજે જલદી પાછા આવજો. હું તમારા ઈન્તજારમાં રસ્તા પર નજર બીછાવીને બારીએ ઊભી રહીશ.'

'જોહરા, તારે રાહ નહીં જોવી પડે.' અમીરે તેનો હાથ ચૂમીને કહ્યું હતું: 'તું તૈયાર રહેજે, બાપુ જો આનાકાની કરશે તો રાતે જ આપણે નાસી છૂટવું.

બહુ મક્કમ મન કરીને અમીર ઉતારે પાછો ફરતો હતો. મનમાં તો ઈચ્છતો હતો કે બાપ આનાકાની કરે તો સારું. એ સિવાય ઠગના ધંધામાંથી છૂટકારો નહીં મળે, બાપની માયામાંથી છૂટવા માટેય કોઈક બહાનું તો જોઈએ ને ? એ ઈન્કાર કરશે ત્યારે મૂંગે મોઢે સાંભળી લઈશ. એમને કાંઈ દેખાવા દેવું નથી. ખબર પડશે ત્યારે બહુ વસમું લાગશે બિચારાને, પણ શું થાય ? હું બાપને નથી છોડતો. એમની સાથે સંકળાયેલા પાપથી છૂટકારો મેળવવા જાઉં છું. ભવિષ્યમાં હું જેનો બાપ બનવાનો છું. એ બાળકને આ પાશવી ધંધાથી દૂર રાખવા જઈ રહ્યો છું.

પણ ઘરમાં દાખલ થઈને પથારીમાં જાગતા પડેલા બાપનો ઉજ્જડ ચહેરો જોતાં જ અમીરનું હેત ઉભરાઈ આવ્યું: 'શું થયું ? તબિયત બરાબર નથી ?'

બાર કલાકની જુદાઈ પછી જાણે દીકરો બાર વરસે પાછો આવતો હોય તેમ ઈસ્માઈલની આંખો આનંદથી નાચી ઊઠી. દીકરો મનની હાલત કળી ન જાય એ માટે તે ઝડપભેર બેઠો થઈ ગયો : 'રાતે જરા કળતર આવી ગઈ એટલે ઉઠવામાં મોડું થયું.'

અમીર સમજી ગયો: બાપુ મારાથી કાંઈક છુપાવે છે તેને પેલો અજાણ્યો માણસ યાદ આવી ગયો. નક્કી બાપુને એનો ભય લાગ્યો હશે. પણ પોતે એ વાત જાણે છે તે હમણાં જણાવવાની જરૂર નથી. જોહરા અંગે પણ અત્યારે કાંઈ પૂછવું નથી.

'તમે આરામ કરો. બહારનું કામ હું પતાવી દઈશ.' તેના બોલમાં લાગણીનો રણકો હતો. ઈસ્માઈલનું દિલ ભીંજાઈ ગયું. અરેરે, આવા પ્યારા બેટા સામે મેં કપટ કર્યું !

'જો અમીર, હમણાં પેલો દલાલ વેપારીના ગુમાસ્તાને માલ દેખાડવા લઈ આવવાનો છે. સોદો નક્કી થઈ જાય એટલે પૈસા લેવા તારે જવું પડશે.'

'તમે બેફિકર રહો.' અમીરે ધરપત આપી. પછી બોલાઈ જવાયું: 'કામ પતાવીને સાંજે મારે જોહરા પાસે જવાનું છે.'

અને ઈસ્માઈલનો ચહેરો પડી ગયો: 'આજે પણ રાત રોકાવાનો છે ?'

પૂછતાં પુછાઈ તો ગયું પણ અફસોસ થયો: એ રાત ક્યાંથી રોકાશે ? જોહરા તેને મળવાની નથી પછી સવાલ છેડવાની ક્યાં જરૂર રહી ?

'નહીં બાપુ, તમારી તબિયત સારી નથી એટલે મળીને જ પાછો આવી જઈશ.'

અમીર સાચું કહેતો હતો કે બાપનું મન રાખવા આમ બોલ્યો હતો તેની એને પોતાનેય ત્યારે ખબર નહીં હોય.

'ના રે ના, મારી તબિયતને એવું કાંઈ ખાસ નથી.' ઈસ્માઈલ પણ એમ જ બોલી ગયો: 'તું તારે રાત રોકાઈ જજે.'

દલાલ આવ્યો અને બાપ-બેટાએ સંતાકૂકડીની રમત ત્યાં જ અટકાવી દેવી પડી.

*

વેપારીનો માણસ માલ જોઈને ગયા પછી ક્યાસ કાઢવા માટે ઈસ્માઈલે દલાલને પૂછ્યું: 'બોલો મોહનલાલ, માલની કેટલી કિંમત આંકો છો તમે ?'

ગણતરી કરવાનો ડોળ કરી દલાલે આંખ પટપટાવી: 'વીસથી પચીસ હજાર ઉપજવા જોઈએ.'

'હેં,' અમીરના મોંમાંથી અનાયાસ ઉદ્ગાર નીકળી ગયો. ઈસ્માઈલને થયું કે ભડકાઈ જશે એટલે તેણે અમીરના ઉદ્ગારમાં સૂર પૂરાવવાનો દેખાવ કર્યો: 'શું વાત કરો છો ! પચીસની તો મારી પડતર છે. પાંચ સાત હજાર વધારે ન મળે તો પછી અહીં સુધી સફર ખેડવાનો મતલબ શું ?'

અમીર મનમાં મલક્યો: 'બાપુ જરાય ગરજ દેખાડતા નથી એટલે ત્રીસ હજાર તો જરૂર મળવાના.'

'હું વધારે ઉપજાવવાની કોશિશ જરૂર કરીશ.' દલાલે દલીલ અજમાવી: 'પણ પચીસ હજાર ખોટા ન ગણાય. હું હમણાં જ જઈને વેપારીને ચકાસી જોઉં છું.'

તેની અધીરાઈથી ઈસ્માઈલ વહેમાયો: 'હા ભલે, પણ મારા આ સિપાઈને સાથે લેતા જાવ. વેપારીને કહેજો રકમ લેવા એ જ આવશે. મારો વિશ્વાસુ માણસ છે.' દલાલ પહેલાં તો થોડો ખચકાયો તેની દાનત પચીસ હજારની રકમ પચાવી જવાની હતી. આંખો પટપટાવીને તેણે બીજી તરકીબ વિચારી લીધી: 'હા હા, જનાબ એ ભલે સાથે આવે. આપનો માણસ સાથે હશે તો ઊંચા ભાવ માગવામાં મને જોર રહેશે.'

અમીર દલાલની પાછળ જવા નીકળ્યો ત્યારે ઈસ્માઈલે આંખ મારીને સંકેતમાં સમજાવી દીધું: 'આ બદમાશથી સાવધ રહેજે.'

અર્ધા રસ્તા લગી દલાલ ખામોશ રહ્યો, એથી અમીરની શંકા પાકી થઈ કે બેટમજી કાંઈક ચાલબાજી વિચારતો લાગે છે.

'કેમ મૂંગા થઈ ગયા ?'

મોહનલાલ ભડક્યો. પછી હેં ... હેં ... હેં ... જેવું હસતો બબડ્યો: 'હું વિચારતો હતો ... તમને આ જનાબની નોકરીમાં કેટલુંક મળે છે.'

'એમ કેમ વિચારવું પડ્યું ?'

'ના ... ના ... આ તો અમસ્તું જ.'

અમીરે પણ બનાવટ ચાલુ રાખી: 'પાંચ છ મહિનાની સફરમાં ખાવું-પીવું અને દોઢસો રૂપિયા રોકડા.'

'શું વાત કરો છો ? બસ એટલા જ ?' દલાલે હમદર્દીનો દેખાવ કર્યો: 'એ

તો મહિને ત્રીસ રૂપિયા પણ ન થયા.'

'શું થાય !' અમીરે નિસાસો નાખીને કહ્યું: 'કોઈ સારી નોકરી હોય તો કહેજો.'

ફરી દલાલ મૂંગો થઈ ગયો મનમાં બબડતો હોય એવા ઢંગથી તે બોલતો હતો: 'હજારો રૂપિયાના માલ અને લાખો રૂપિયાના જાનની હિફાજત કરનારને માત્ર ત્રીસ રૂપરડી જ મળે . . .'

'હાસ્તો, તમારી જેમ દલાલીનો ધંધો આવડતો હોત તો આવી ગુલામી ન કરત.'

અને દલાલે આંખો પટપટાવવા માંડી. એ જ્યારે આંખો પટપટાવતો ત્યારે અમીર સમજી જતો કે કપટનું જાળું ગૂંથી રહ્યો છે.

'મારું કહ્યું માનો તો તમે ન્યાલ થઈ જાવ.'

'બોલોને.' અમીરે મનમાં ગાળ દેતાં કહ્યું.

પણ દલાલ થોડીવાર કંઈ બોલી શક્યો નહીં. કહેવું કે નહીં એની ગડમથલમાં હશે અથવા તો એકાન્તનો મોકો ગોતતો હશે. વેપારીની દુકાન આવવાની હતી એટલે તેને કહેવું પડ્યું, 'આપણે ભાગીદારીનો ધંધો કરીએ.'

'હેં ?' અમીરને થયું કે આ તો કોથળામાંથી બિલાડું નીકળ્યું: 'શેની ભાગીદારી ?'

'તમે શાંતિથી સાંભળજો.' આજુબાજુ જોઈને તેણે કાનમાં ફૂંક મારી: 'વેપારી પાસેથી જે રકમ મળે તે આપણે બંને વહેંચી લઈએ.'

'શું કહ્યું ?' અમીરના હાવભાવ પલટાઈ ગયા. દાંત ભીંસીને એની ગળચી પકડવા હાથ ઉગામતો હતો ત્યાં ખ્યાલ આવ્યો કે હજુ આ બદમાશની ચાલબાજી પૂરી જાણવા મળી નથી. તેણે ઝડપથી ઉશ્કેરાટ પર કાબૂ મેળવી લીધો.

દલાલ ગભરાઈને જરા પાછળ હટી ગયો. અમીરના પહેલા પ્રત્યાઘાતથી તે ભયભીત દેખાતો હતો.

'મોહનલાલ, તમે મને બનાવતા તો નથી ને ?' અમીરે ગભરાટના ભાવ સાથે પૂછ્યું ત્યારે દલાલ ટટ્ટાર થઈ ગયો: 'મીરસાહેબ, આ બાબતમાં બેઈમાની કરું એવો બદમાશ હું નથી. તમે મારા કહ્યા મુજબ કરશો તો અર્ધો ભાગ તમારો.'



લાલચને વશ થતો હોય એવા દેખાવ ખાતર અમીર નજર ઝૂકાવી વિચારવા લાગ્યો. દલાલ ઉત્સાહમાં આવી ગયો: 'મેં તમારા માલિકને વીસ-પચીસ હજાર ઉપજવાની વાત કરી છે પણ માલના ત્રીસ હજાર અચૂક આવવાના ... તેમાંથી પંદર હજાર તમારા !'

'પં ... દ ... ર હજાર !' આંખો ફાડીને અમીરે કહ્યું: હજુ મારા માનવામાં આવતું નથી. મારું દિલ ગભરાય છે.'

'એ તો જરાક્વાર એવું થાય. પણ બદલામાં સાત પેઢી ચાલે એટલી કમાણી મળવાની છે એ ન ભૂલતા.'

'અને પકડાઈ ગયા તો ?'

હવે દલાલ જોશમાં હતો: 'સિપાહી થઈને આમ ડરો છો શેના ... તમારે સોદાગરને કહેવાનું કે રકમ બધી જાતે જ લઈ જઈશ. તેના પહેરેગીરોને સાથે ન લેવા. પૈસા હાથમાં આવે એટલે બંને ભાગ પાડી લેશું.'

'પછી ?' મનમાં તો અમીરને એ બદમાશનું ડોકું તલવારથી ઉડાવી દેવા જેવી જાળ લાગી હતી પણ ઠાવકાઈ રાખ્યા વિના ચાલે તેમ નહોતું: 'હું તો અહીંનો અજાણ્યો છું, પૈસા લઈને આપણે ક્યાં જવાના ? મારા માલિક ચોકીમાં ફરિયાદ કર્યા વિના નહીં રહે.'

દલાલ હવે પૂરો ફસાઈ ચૂક્યો: 'ભલા માણસ, આવા તો અમે ઘણાના કાટલા કરી નાખ્યા છે. રકમ સંતાડવાની અમારી પાસે આબાદ જગ્યા છે.

અમીરનું દિલ ઉછળવા માંડ્યું: 'ક્યાં ?'

દલાલે આસપાસ જોઈ લઈ સાવધપણે કહ્યું: 'જુઓ સામે પેલા મકાનની પાછળ ડુંગર દેખાય છે ને ત્યાં ... કાળા ડુંગરના સફેદ ભાગમાં અમારું ભોંયરું છે.'

અમીરની આંખો ઉત્તેજનાથી ચમકવા લાગી. દલાલ વારેવારે અમારું-અમારું કરતો હતો એટલે તે સમજી ગયો કે આ બદમાશ એકલો નથી.

'ત્યાં રકમ છુપાવીએ તો કોઈ ઉપાડી ન જાય ?'

સાંભળીને દલાલ હસી પડ્યો: 'તમે તો મહેરબાન સાવ ભોળા છો. આ કામ હું એકલો હાથે થોડો કરું છું ? અમે બાર જણા છીએ, તેમાં એક ફકીર પણ છે.'

'ફકીર !' અમીરથી બોલાઈ જવાયું. તેને હવે કડી મળી ગઈ. દલાલ તે દિવસે પેલા ફકીરને ખેરાત આપતી વખતે કાનમાં ગુપસુપ કરી આવ્યો હતો એ જ તેનો સાગરીત હોવો જોઈએ.

'શું વિચાર કરો છો ?' દલાલને ખાતરી થઈ ગઈ કે સિપાહી લાલચને વશ થવાની અણી પર છે : 'આવો મોકો ફરી નહિ મળે.'

'ભલે, હજુ પૈસા મળવામાં એક દિવસ આડો છે ને. ત્યાં હિંમત એકઠી કરી લઈશ.'

'શાબાશ.' કહેતો દલાલ ઉત્સાહભેર તેને ભેટી પડ્યો. પસીનાથી તેનું શરીર ગંધાતું હોવા છતાં હળવા હાથે એની ડોક પંપાળતો અમીર મનમાં બબડ્યોઃ 'બેટમજી, કાલે પૈસા હાથમાં આવ્યા પછી તું આ દુનિયામાં નહીં હો.'

દલાલની બદમાશીએ અમીરના જુસ્સાને પડકાર્યો. ત્યારે તેણે ઠગ મટી જવાનું અને જોહરા સાથે નાસી જવાનું એક દિવસ પૂરતું મુલતવી રાખ્યું.

*

રસ્તા પરની બારીમાં જોયું તો જોહરા તેની રાહ જોતી ઊભી ન હતી. બારી પણ બંધ હતી . . . આમ કેમ ? તેણે કહ્યું હતું, તમને જોઈને હું જાતે જ બારણાં ઉઘાડવા નીચે ઊતરી આવીશ. કદાચ પોતે વહેલો હશે એમ માની અમીર ઘોડા પરથી ઊતરી ઘરની સામે લટાર મારવા લાગ્યો. બની શકે તો જોહરાને આજે હુસેન સાગરની સહેલ કરાવવા લઈ જવાનો ઈરાદો હતો. પેલી ઝીનતની હાજરી રંગમાં ભંગ પડાવે છે. મોં ચડાવીને આસપાસ ચક્કર મારતી રહે છે અને મજાક કરીએ ત્યારે આંખો કાઢીને અણગમો દેખાડે છે. ઓરમાન બહેનને મારા જેવા દેખાવડો મહેબૂબ મળ્યો તેથી સાલી જલે છે !

'સાલી' શબ્દ પર અમીરના હોઠ મરક્યા. ઝીનતને એમ કહેવાનો હવે તેને હક્ક છે એટલે ગાળ દીધી ન કહેવાય.

બારી ઊઘડી જ નહીં ત્યારે અમીરની ધીરજ ખૂટવા લાગી. સાથે લઈ આવેલા માણસને તેણે તપાસ કરવા મોકલ્યોઃ 'જા, ઘરમાં જઈને ખબર આપ કે મીરસાહેબ આવ્યા છે.'

ધાર્યા કરતા માણસ વહેલો પાછો ફરતો દેખાયો એટલે અમીર થનગની ઊઠ્યોઃ તેની પાછળ જોહરા આવતી જ હશે.

પણ આ શું ? માણસ જેવો બહાર આવ્યો કે તેની પીઠ પાછળ ધડાકા સાથે બારણાં બંધ થઈ ગયાં !

'શું થયું ?' પેલો નીચું મોં કરીને ઊભો રહ્યો ત્યારે અમીરનું કાળજું કાંપવા લાગ્યું: 'બોલ જલદી . . . શું થયું ? એ ક્રોધમાં બરાડી ઊઠ્યો ત્યારે પેલો માણસ થથરવા લાગ્યો: 'મને ધમકાવીને કાઢી મૂક્યો.'

'કોણે ?' અમીરનો સાદ ફાટી ગયો.

'જોહરાની માએ !' પેલો રોતલ અવાજે બોલતો હતો: 'એ જાડી મનફાવે તેમ બોલતી હતી.

અમીરનો હાથ તલવાર પર ગયો. ચહેરો લાલઘૂમ થવા લાગ્યો: 'એક દિવસમાં એની મા આટલી બધી બદલાઈ ગઈ ! જોહરા પણ કાંઈ ન બોલી ?'

'એ ત્યાં નથી.'

'નથી !' અમીરની છાતી ભીંસાવા લાગી: 'તો ક્યાં ગઈ ?'

'જનાબ મને વધુ ન પૂછો. એની માએ તમારા માટે બહુ હલકા શબ્દો મને સંભળાવ્યા. ઊપરથી શિખામણ આપી કે એ સૈયદને કહે કે જોહરાના ખ્યાલ છોડી દે. હવે એ બીજાની થઈ ગઈ છે. આખું હૈદ્રાબાદ ઢૂંઢી વળશે તોય પત્તો નહીં લાગે.'

'એમ !' અમીરના જડબાં ભીંસાયાં. મગજમાં ક્રોધની આગ ફાટી નીકળી. તલવાર ખેંચીને તેણે દરવાજા પર પાટું માર્યું: 'ખોલો, નહીંતર હું બળજબરીથી અંદર આવું છું.'

અને ઉપરથી બારી ઊઘડી. જોહરાની માએ ત્યાંથી જ તેને જવાબ સંભળાવ્યો.

'જોર અજમાવવું રહેવા દે છોકરા ! તારા જેવા રખડુને દીકરી સોંપી દેવા જેટલી હું મૂરખ નથી.'

ઝાટકા સાથે અમીરની ડોક ઊંચી થઈ. તેણે હવામાં તલવાર ઊછાળી: 'ગઈ કાલે મહેમાનગીરી કરી અને આજે મને હડધૂત કરીને પાછો કાઢે છે ? ભૂલી ગઈ કે તારી દીકરીને મેં મેળવી આપી'તી ?'

'જા જા સિપાઈડા ! બહાદુરીના બદલામાં તેં એની સાથે પૂરતી મોજ કરી લીધી. વધુ હરકત કરી છે તો જેલ ભેગો થઈશ.'

અને ધડાંગ કરતી બારી બંધ કરી દીધી. એટલીવારમાં રસ્તા પર લોકોનું ટોળું એકઠું થઈ ગયું હતું.

'બિચારો કોઈ મજનું લાગે છે.' એક જણે ટકોર કરી અને બીજાઓ ખી-ખી હસવા લાગ્યા.

'પણ એને ખબર નહીં હોય કે તવાયફ સાથે પનારો પડ્યો છે.' કોઈએ જખમ પર નિમક ભભરાવ્યું.

અમીર સમસમી ગયો. આ બેઈજ્જતી તેનાથી સહન થઈ શકી નહીં. ઘડીક તો થયું કે આ ઉઘાડી તલવાર ઘૂમાવીને પેલા બંનેના માથાં ધડથી અલગ કરી દઉં પણ એમ કરવાથી જોહરા મળવાની નહોતી, બદલો વળવાનો નહોતો. અજાણ્યા શહેરમાં પોતે વધુ બદનામ થશે, તેને કારણે આખી ટોળીને સહન કરવું પડશે.

શું જોહરાએ દગો દીધો ? એની માએ બનાવટ કરી ? એકવાર જોહરાનો ભેટો થાય તો એને પૂછી જોઉં 'એક પ્યારભર્યા દિલ સાથે ખેલ ખેલીને એને ઠુકરાવી દેવાથી તને શું મળ્યું ? તેં શા માટે આમ કર્યું ?

તુચ્છકારભરી નજરે ઘરના દરવાજા, બારી અને લોકોના ટોળા તરફ જોઈને અમીર ઘોડા પર સવાર થઈ ગયો.

પોતાની જાત પર ફિટકાર વરસાવતો હોય તેમ ઘોડાના પડખામાં એડી મારી વચ્ચેથી તે સડસડાટ નીકળી ગયો

*

૨૮

પહેલી મહોબ્બતનો જનાજો ઊંચકીને જતો હોય એવા બોઝિલ દિલે અમીર ઘોડા પર હૈદ્રાબાદના રસ્તાઓ પર ઘૂમતો રહ્યો. આથમતા સૂરજની લાલીમાં તેને પોતાના હૃદયનું લોહી રેડાયું હોય એવું લાગતું હતું. હુસેન સરોવરના તરંગોમાં મનની બેચેનીનું પ્રતિબિંબ દેખાતું હતું. નદીના ભાઠામાં ઢળી પડેલા તાજિયા જમીનદોસ્ત થયેલા મહોબ્બતના મિનારાના ખંડેર જેવા ભાસતા હતા. પડી ગયેલો પવન, જડ બનીને ઊભેલાં ઝાડવાં, માળામાં ભરાઈ બેઠેલાં પંખીઓ અને પૃથ્વી પર ઘેરાતો અંધકાર . . . એ બધામાં અમીરની નિરાશા પડઘા પાડતી હતી.

ઘેર જતાં શરમ આવતી હતી. બાપને મોં બતાવવાની હિંમત ચાલતી નહોતી. જે જોહરાને ખાતર પોતે બધું જ છોડી દેવા તૈયાર થયો, એ જ પોતાને છોડીને ચાલી ગઈ ! ક્યાં ? શું કામ ?

ઘોડો હાંફી ગયો, પોતે ય થાકી ગયો ત્યારે અમીરને બદ્રી યાદ આવ્યો. કદાચ તેની મદદથી તે જોહરાને પાછી મેળવી શકશે. કમસે કમ એકવાર તેનો ભેટો થાય એવી તો કોશિશ કરી જ શકશે. પણ બદ્રી પાસે જતાં પહેલાં રોતી સૂરત પર બનાવટી રૂઆબ લાવવો જરૂરી લાગ્યો.

ઝાડ નીચે એક પરબ પાસે ઘોડો ઊભો રાખ્યો. બંને હાથનો ખોબો ધરી પાણી પીતાં નજર ઊંચે ગઈ અને પરબવાળી ડોશીને જોઈને ભડક્યો. પાણી પીવાનું વિસરાઈ ગયું. ડોશીના ચહેરા પરની કરચલીઓ હસી ત્યારે અમીરનો ભ્રમ ભાંગી ગયોઃ ના આ જદનબાઈ નથી . . . ભોંઠપને લૂછી નાખવા તેણે ભીના હાથ મોં પર ફેરવી દીધા.

નિરાશાની ખાઈમાંથી બહાર નીકળવા માટે ઘણીવાર માણસ પાંગળી આશાનો આધાર ઝડપી લે છે. પેલી બુઢ્ઢીમાં તેને જદનબાઈ દેખાણી. જદનબાઈ મળી જાય તો જોહરાનો પત્તો લાગી જાય એવી આશા જાગી. પોતાને એ બાઈ અત્યાર સુધી યાદ કેમ નહોતી આવી ? બદ્રીની પાસે જતાં જતાં અમીરનો જુસ્સો ફરી જોશ કરવા લાગ્યો. સરાઈમાં બદ્રી મળી ગયો તેને પણ અમીરે સારા શુકન લેખ્યા.

'અરે મિયાં તમે ! આટલા દિવસે આજે મોં દેખાડો છો ?' બદ્રીએ આદત મુજબ મેણું માર્યું એટલે અમીરને પોકળ હસવાનું કારણ મળી ગયું: 'મોં દેખાડવા નહીં, પણ જોવા આવ્યો છું.'

'વાહ ભાઈ ! અમારી શકલમાંય કાંઈક જોવા જેવું છે ખરું ત્યારે.' બદ્રીએ અમીરના ઘોડાની પીઠ થાબડતા કહ્યું: 'મને તો એમ કે જોહરા સિવાય હવે તમને કોઈની સૂરત જોવામાં રસ નથી રહ્યો.'

અને અમીરનો ચહેરો ઊતરી ગયો. જોહરાના મોહમાં પોતે બીજા બધા રિશ્તાઓને તુચ્છ માની બેઠો હતો એ મૂર્ખાઈ હવે સમજાણી પણ બદ્રીને હમણાં એ વાત કરવી નથી. નહીંતર વધુ મેણાં સંભળાવશે.

'કહે બદ્રી, આટલા દિવસ શું કર્યું ?' અમીરે ઘોડાને ઝાડ સાથે બાંધવાને બહાને પીઠ ફેરવીને જ પૂછ્યું હતું: 'હૈદ્રાબાદમાં કેવીક મઝા લૂંટી ?'

'યાર, બહુ મજા પડી ગઈ.' બદ્રીને કહેવાની ચટપટી ઊપડી હોય તેમ બોલવા માંડ્યો. પછી આંગળીના વેઢા ગણવા લાગ્યો: 'ચાર, પાંચ અને સાત . . . બધા મળીને સાત જણાના શિકાર કર્યા.'

'અહીં સરાઈમાં ?'

'અરે આ શહેર તો આપણા જેવા માટે સ્વર્ગ જેવું છે, રોજ નવા નવા મુસાફરો આવે. વાત વાતમાં ઓળખાણ પિછાણ કરી લીધી એટલે કામ પત્યું જ સમજોને.'

અમીરને આ વાત સાંભળતા ધ્રૂજારી આવી ગઈ. અણગમો ઉપજવા લાગ્યો. બદ્રીનો સાથ જોઈતો હોય તો એને નારાજ કરવો પાલવે નહીં એટલે વાત આગળ વધારવી જ પડી

'કોને કોને માર્યા અને કેટલો માલ મળ્યો એ તો કહે.'

'હં, એમ કંઈક પૂછો તો મજા આવે.' બદ્રી રંગમાં આવી ગયો: 'પહેલવહેલા એક વાણિયાનો વારો કાઢ્યો. તેને બિદર જવું હતું. અમે સંગાથ આપ્યો ગોલકોન્ડા સુધી લઈ જઈ વારો કાઢયો. તેને તેની પાસેથી સિત્તેર રૂપિયા મળ્યા.'

સિત્તેર રૂપિયાની સામે માણસની જિંદગી ! અમીરને કાળજે વિચાર ભોંકાયો. છતાં સિત્તેર રૂપિયાની સામે માણસની જિંદગી ! અમીરને કાળજે વિચાર ભોંકાયો. છતાં તેણે આગળ જાણવાની ઈન્તેજારી દેખાડી: 'પછી ?'

'પછી બે જાત્રાળુઓને તેમની બીબીઓ સાથે ફસાવ્યા.' બદ્રીનો જુસ્સો વધવા લાગ્યો: 'સરાઈમાં એ લોકો કહેતા હતા, અમે કુરૂગલા જવાના છીએ. બંદા ત્યાં જવા તૈયાર થઈ ગયા. ભગવાન જાણે એ ગામ ક્યાં આવ્યું. દક્ષિણમાં ત્રણ કોસ છેટે જઈ ડુંગરા વચ્ચે ચારેયને ખતમ કરી પાછા ફરી ગયા.'

'ત્યારે તો ડુંગરમાં કબર ખોદવાનું આકરું પડ્યું હશે.' અમીર મન વગર બોલ્યો.

'અરે ખરે તડકે કબર ખોદવાની પંચાત કોણ કરે લાશો ગબડાવીને હાથ ખંખેરી નાખ્યા.'

'પણ કોઈ લાશો જોશે ત્યારે ?'

'અમીરમિયાં, તમે સરાઈમાં રહેતા હોત તો આવો ઉચાટ ન કરત. અહીં રોજ કેટલાય અજાણ્યા મુસાફરો આવે છે અને જાય છે. કોણ કોનું સગું છે કે ભાવ પૂછે ?'

'એમની પાસેથી કેટલુંક મળ્યું ?'

'બસ્સો રોકડા અને ટટ્ટુની બે જોડી, જે વેચીને મેં ત્રીસ રૂપિયા રોકડા કરી લીધા.'

'એક ને ચાર પાંચ થયા હજુ બે ખૂટે છે.'

'એ બેને સામે દાટી દીધા છે,' બદ્રીએ ઝાડ તરફ આંગળી ચીંધી: 'અત્યારે તમારો ઘોડો ઊભો છે એની બરાબર નીચે જ.'

'એમ શું કામ ?' અમીરને થયું કે બદ્રીની આ બે પરવાઈ બધાને ઉપાધિમાં મૂકશે: 'અહીં જમીન ઉપસી આવશે તો કોઈક વહેમાશે નહીં ?'

'એનો કીમિયો આપણાથી ક્યાં અજાણ છે અમીર !' બદ્રી ધીમેથી કહેતો

હતો: 'વળી એમને બહાર લઈ જવાની મહેનત માથે પડે એમ હતી. બહુ કસવાળા નહોતા. સરફરોઝખાનને અધીરાઈ આવી એટલે કમરામાં જ તેને ગૂંગળાવી નાખ્યો ત્યારે મારે બીજાને ખતમ કરવો રહ્યો.'

'કેટલા મળ્યા ?'

'ફક્ત બેતાલીશ રૂપરડી . . . પણ કલાકની મહેનતમાં એ વળતર ખોટું ન કહેવાય.' જાણે કોઈ માલનો સોદો કરતો હોય એટલા ટાઢા પેટે બદ્રી બોલતો હતો: 'એ દિવસે સરાઈમાં માણસો ઓછા હતા. મોટા ભાગના મહોરમ જોવા ગયેલા. અમે ઝટપટ કામ પતાવી દીધું.'

અમીરથી ઊંડો નિસાસો નખાઈ ગયો.

'કેમ અમારી કામગીરીથી સંતોષ ન થયો છોટે જમાદાર ?' બદ્રીએ બંને હાથ હલાવીને પૂછ્યું: 'નવરા બેસીને માખ મારવા કરતાં આટલી કમાણી કરી એ કાંઈ ઓછું તો ન જ કહેવાય.'

'નહીં બદ્રી, મારો અફસોસ તો એ છે કે હું તમને સાથ ન આપી શક્યો.'

'એમ બનાવટી અફસોસ કરવાથી શું ફાયદો. અમને સાથ આપત તો જોહરા બિચારી જુદાઈથી વલખાં મારત ને.'

અમીરનું માથું ઝૂકી ગયું. જોહરાની યાદે તેને વિહ્વળ બનાવી દીધો: 'બદ્રી, હું તને એ જ કહેવા આવ્યો છું, જોહરાને ગુમાવીને આવ્યો છું.'

'હેં શું વાત કરે છે ?' બદ્રીએ આઘાત વ્યક્ત કર્યો. ખરી રીતે ઈસ્માઈલખાન આવી ચાલબાજી રમવાના છે તેની એને આછી અમથી જાણ હતી. સાંજે તેને બોલાવીને એણે કહ્યું પણ હતું કે અમીર જોહરાના પ્યારમાં પાછો પડીને આવે તો તું મામલો સંભાળી લેજે. અત્યારે અમીર સરાઈમાં આવ્યો ત્યારે તેના ઝંખવાયેલા ચહેરા પરથી જ બદ્રી મામલો પામી ગયો હતો છતાં તેનું દિલ બહેલાવવા આડી વાત ચાલુ રાખેલી. હવે હિંમત આપવાની જરૂર લાગી એટલે હમદર્દી સાથે પૂછ્યું: 'શું થયું જોહરાને ?'

'એ તો ખબર નથી, પણ જોહરાની માએ ઘરના દરવાજા બંધ કરી દીધા.' અમીરના દાંત ભીંસાયા: 'શેરીના લોકો સામે મારી બેઈજ્જતી કરી. જોહરા હવે ક્યારેય મને મળી નહીં શકે એવો પડકાર ફેંક્યો.'

આટલું કહેવામાં અમીરનો શ્વાસ રૂંધાવા લાગ્યો. ચહેરા પર દર્દ પથરાઈ ગયું છતાં બદ્રી ખડખડાટ હસી પડ્યો ત્યારે અમીર ચોંક્યો, તેને એક તમાચો ઝીંકી દેવાનું મન થયું.

'અમીર, મારું હસવું તને કાળ જેવું લાગે છે ને !' અચાનક ગંભીર બની ગયો બદ્રીઃ 'આપણને એ ઔરતે બેવકૂફ બનાવ્યા. તેને નવાબની કેદમાંથી છૂટવું હતું, સલામત હૈદ્રાબાદ પહોંચવું હતું. ત્યાં સુધી તેણે ઈશ્કનો ઢોંગ કર્યો અને મતલબ પૂરી થઈ એટલે માને આગળ ધરીને તને જાકારો આપી દીધો.'

'નહીં બદ્રી, જોહરા મને દિલોજાનથી ચાહતી હતી.' અમીર રોષ અને વ્યથાભર્યા અવાજે બોલી ઊઠ્યોઃ 'મને તો એની ઓરમાન માની ચાલબાજી દેખાય છે. એ જાડી ઓરતને બરાબર સબક શીખવાડી દઈશ.'

અમીરના ઉશ્કેરાટે બદ્રીને સાવધ કર્યો. જુવાન દિલ પર થયેલા પહેલા પ્યારનો જખમ ઊંડો હોય છે. તેને રૂઝાવવાનું કામ નાજુક હોય છે,

'અમીરઅલી, મારા અનુભવ પરથી જે કહું એ શાંતિથી સાંભળજે.' બદ્રીએ તેના ખભા પર હેતાળ હાથ દાબ્યોઃ 'આપણા ધંધાને માશુક બનાવો, સાચા દિલથી એને પ્યાર કરવા માંડો, પછી ક્યારેય પસ્તાવાનો વખત નહીં આવે.'

તેનો ઉપદેશ અમીરને ખટક્યોઃ 'પણ બદ્રીનાથ, મારા અંગેઅંગમાં ઈશ્કની આગ લાગી છે એનું શું ?'

'એનો ઈલાજ પણ થઈ રહેશે.' બદ્રીએ ઠાવકાઈ ધારણ કરી 'તારી તો આ શરૂઆત છે. કોઈને પણ મોહી લે એવો ખૂબસુરત દેખાવ છે, દોલત છે, માન મોભો છે ... જોહરા કરતાંય વધુ નેક ઓરત ભટકાઈ જશે. સમયને એનું કામ કરવા દે.'

ખલાસ, બદ્રીએ પણ ટાઢું પાણી રેડ્યું. અમીરે નિસાસો નાખ્યોઃ 'તારી મદદની ઉમીદ લઈને અહીં આવ્યો હતો, તેને બદલે મને શિખામણ મળી.'

બદ્રી નીચું જોઈ ગયો. અમીરના મનમાંથી જોહરાનું ભૂત ઉતારવા માટે તેણેય કોઈક તરકીબ કરવી પડશે. થોડીવાર વિચારીને કહ્યુંઃ 'એક વાત પૂછું ? જોહરાને જો તમારા પર સાચો પ્યાર હશે તો એ ગમે ત્યાંથી દોડી નહીં આવે ? પેલી જદનબાઈ એની સાથે જ હશે. તમારું ઠેકાણું એ જાણે છે. આપણે હજી અહીં થોડા દિવસ છીએ. બોલો પ્યારની કસોટીએ ચડવા તૈયાર છો ?'

'હં, એમ કાંઈક જુસ્સો દેખાડ તો આશા બંધાય ...' અમીર નિખાલસપણે

બોલી ગયો: 'ભલે હું રાહ જોવા તૈયાર છું. ત્યાં સુધી બેચાર શિકાર પર હાથ અજમાવીને ખાતરી કરી લઉં કે કસબ હાથવગો જ છે ને ?'

'શાબાશ અમીર ! બદ્રી હવે ટટ્ટાર થયો: 'કહો તો આ સરાઈમાંથી જ તમારો શિકાર ગોતી કાઢું હમણાં જ.'

'નહીં નહીં. પહેલાં આપણા માલનો સોદો પતાવવાનો છે. મારો શિકાર મેં ગોતી રાખ્યો છે.'

'ત્યારે એમ કહેને કે ઇશ્કની સાથે ધંધોય ચાલુ રાખ્યો છે' બદ્રીએ પાણી ચઢાવ્યું: 'તારો શિકાર મામૂલી નહીં જ હોય.'

'એ બધું હું તને કાલે કહીશ. મોટો ખજાનો હાથ લાગી જવાનો છે.' કહીને અમીર ઘોડા પર બેસી ગયો. જતાં જતાં તેણે ઈશારત કરી: 'આઠ બહાદુર સાથીઓને તૈયાર કરી રાખજે. આ કામમાં હથિયારનો પણ ઉપયોગ કરવો પડશે.'

બદ્રી ખુશ થયો. ધાર્યા કરતાં વધુ જલદી અમીર ઠેકાણે આવી રહ્યો છે એની ખુશાલીમાં તેણે ઘોડાની પીઠ થાબડી અને અમીર ત્યાંથી રવાના થઈ ગયો.

*

ચોરની જેમ ચૂપચાપ અમીર ઘરમાં દાખલ થઈ ગયો. ઈસ્માઈલ પણ અપરાધીની જેમ ઊંઘવાનો ડોળ કરી પડખું ફરીને પડ્યો રહ્યો . . . અમીરને ડર હતો: 'બાપુ પૂછશે કે જોહરાને ત્યાં રોકાયો કેમ નહીં ?'

ઈસ્માઈલને ઉચાટ હતો: પોતાની ચાલબાજીના પરિણામે પ્યારમાં હતાશ થઈને પાછા ફરેલા બેટા સાથે પોતે નજર મિલાવી શકશે ? બનાવટી દિલાશો આપી શકશે ? સવાર સુધીમાં હાલતમાં સુધારો થઈ જશે એવી ગણતરીથી બંનેએ આમને સામને થવાનું ટાળ્યું હતું.

ઈસ્માઈલ સવારે ઝબકીને જાગી ગયો. બાજુના કમરામાંથી અવાજ સંભળાતો હતો: 'નહીં જોહરા, હવે તને ક્યારેય મારાથી અલગ થવા નહીં દઉં તું ક્યાં ચાલી ગઈ હતી ? તારી જુદાઈમાં મારી હાલત કેવી થઈ ગઈ એ હું તને કેમ સમજાવું . . .'

આ હું શું સાંભળું ! મડદું બેઠું થાય તેવા આંચકા સાથે ઈસ્માઈલ બેઠો થઈ ગયો. પોતે ઊંઘમાં નથી એની ખાતરી થયા પછી છાતી વધુ જોરથી ધબકવા લાગી:

જોહરા ક્યાંથી પાછી આવી ? ક્યારે આવી ? હવે શું કરવું ?

વિચારો ફૂંફાડા મારવા લાગ્યા. જોહરાની માને યાદ કરીને તેણે દાંત કચકચાવ્યા: એ હાથણી હજાર રૂપિયા પડાવી ગઈ, મને બેવકૂફ બનાવી ગઈ.

કદાચ જોહરાને બધી જાણ થઈ ગઈ હશે અને અમીરને કહી દેશે તો બેટાની નજરમાંથી પોતે ઊતરી જશે . . . યા ખુદા તેં આ શું કર્યું ?

સડાક કરતો એ ઊભો થઈ ગયો. અમીરના કમરા તરફ પગ ઊપડ્યા. ધીમા પગલે આગળ વધતાં ફેંસલો કરી લીધો. જોહરાના આગમન પર પોતે ખુશી દેખાડવી . . . બંનેનો પ્યાર સાચો છે કે નહીં એની ખાતરી કરવા જ પોતે જોહરાની માને રૂપિયાની લાલચ દેખાડી હતી. હવે શક નથી કે તવાયફ હોવા છતાંય જોહરા ખાનદાન ઓરત છે. આપણા ઘરની વહુ બની શકે એવી છે . . .

ઈસ્માઈલે કમરાનું બારણું હડસેલ્યું, અંદર પગ મૂકતાં પહેલાં ધીમો ખોંખારો ખાધો જેથી એવું કાંઈક જોવા ન મળે કે પોતાને મોં ફેરવી લેવું પડે અને પગ પાછા પડે . . .

પણ જઈને જોયું તો જોહરા ન હતી છતાં અમીરના હોઠ પર જોહરા જ હતી ! આંખો મીંચીને હાથ હલાવતો એ બબડતો હતો. જેમાંથી કેટલુંક સમજાતું હતું, કેટલુંક સમજ બહાર જતું હતું.

ઈસ્માઈલના મનમાંથી ભય ગાયબ થઈ ગયો. તેને બદલે દયા જાગી. પહેલાં પોતાના પર અને પછી અમીરની હાલત પર . . .

ધીમે રહીને તે એના માથા પાસે ઝૂક્યો. ચહેરો પસીનાથી રેબઝેબ થઈ ગયેલો હતો. હળવેકથી તેણે દીકરાના કપાળ પર હાથ મૂક્યો. અમીરના હોઠ હાલતા બંધ થયા. ધગતા કપાળે ઈસ્માઈલને ઠંડો કરી દીધો: 'અમીર અમીર . . . બેટા ઊઠ તો'

અમીર સફાળો થઈ ગયો. સપનામાંથી જાગતો હોય, ભડકીને ભોંઠો પડ્યો હોય તેમ બાપની સામે જોઈ રહ્યો.

બાપની આંખોમાં હમદર્દી છલકાતી દેખાઈ અને તેને બધું સમજાઈ ગયું. હવે એમનો ઠપકો સાંભળવો પડશે એવા ખ્યાલથી નીચું જોવાઈ ગયું.

'ઊંઘમાં બબડવાની તને હમણાંની ટેવ નહોતી અમીર.' વાંસામાં હાથ ફેરવતા ઈસ્માઈલે કહ્યું: કાલે સાંજે ખુલ્લી હવામાં ખૂબ રખડ્યો લાગે છે. તારૂં ડીલ

તપે છે. તને કોઈ સપનું આવ્યું લાગે છે.'

ધીમે ધીમે અમીરે બાપની સામે જોયું. જોહરા વિષે એ જાણી ગયા હોવા છતાં પોતાને ઠપકો આપતા નથી. ગમે તેમ તો બાપનું દિલ છે. આવા હેતાળ બાપને પોતે છોડી જવા માગતો હતો-એક અજાણી ઓરતને ખાતર !

બાપુ !' મનનો ઊભરો શબ્દોમાં ઠલવાયો: 'સપનું સરી ગયું જોહરા ચાલી ગઈ' આંખના આંસુએ શબ્દોને ગૂંગળાવી નાખ્યા.

ઈસ્માઈલે તેને પોતાના પડખામાં લઈ લીધો. દીકરાના આંસુએ તેને વ્યાકુળ બનાવી દીધો: 'અરે રે ... આ શું ? બહાદુર બેટાની આંખમાં આંસુ !'

તેને કહેવાનું મન થયું કે તવાયફના પ્યારમાં દિલ આવું પોચું કરી દીધું ... પણ મનનું કપટ વચ્ચે આવ્યું એટલે તેણે હમદર્દીથી જ કામ લીધું: 'શું થયું, તું માંડીને વાત કર ... બાકી એક ઓરત માટે આંસુ સારતા મરદને જોઈને મને શરમ ઊપજે છે.'

અમીરના આંસુ વરાળની જેમ હવામાં ઊડી ગયાં. બાપથી અલગ થઈને તે ઊઠ્યો. બારીમાંથી આવતી હવા ફેફસામાં ભરાયા પછી કાંઈક સારું લાગ્યું. બાપના શબ્દોએ તેને જુસ્સો બક્ષ્યો: સાચી વાત છે એમની ... કોઈને માટે હું આંસુ શું કામ સારું ! બદ્રીએ પણ સાચું કહ્યું, જોહરા જેવી બીજી અનેક તને મળી રહેશે ... અમીર આ રીતે મનને ફોસલાવતો હતો ત્યાં એની નજર રસ્તા પર પડી. મોહનલાલ દલાલને જોઈને એનો પસીનો સુકાઈ ગયો ...

'બાપુ, પેલો દલાલ સોદાગરના માણસોને લઈને માલ લેવા આવ્યો છે. પૈસા લેવા માટે તમે મને જ મોકલજો અને સલામતી ખાતર સોદાગરના હથિયારધારી માણસો અહીં સુધી મૂકવા આવે એવો આગ્રહ રાખજો.'

એકી શ્વાસે તે આમ બોલી ગયો તેથી ઈસ્માઈલને વિચિત્ર લાગ્યું: 'સલામતીની તારે શી જરૂર પડી અમીર ?'

'એ હું પછી કહીશ.' અમીરે અધીરાઈ દેખાડી: 'અત્યારે વિગતથી કહેવાનો મોકો નથી. દલાલ અટપટી ચાલ રમી રહ્યો છે અને આપણે તેને ફસાવવાના છે.'

'ભલે.' કહીને ઈસ્માઈલ કમરામાં ચાલ્યો ગયો.

*

તમે આ શું કર્યું મીરસાહેબ ?' દલાલ બબડતો હતો: 'તમારા માલિકે સોદાગરના માણસો મારફત રકમ ઘેર પહોંચતી કરવા આગ્રહ શું કામ કર્યો ? હવે આપણી ભાગીદારીનું કેમ થશે ? મેં તો કાલની આખી રાત પંદર હજારના સપનામાં આળોટીને ગુજારી હતી.'

'છેવટની ઘડીએ માલિકનો ઇરાદો બદલાઈ ગયો લાગે છે.' અમીરે મનમાં બે ગાળ દઈ મોં પર ભાર રાખતાં કહ્યું ત્યારે દલાલે જીભ કચરી: 'એમ કહોને કે તમારા પર એને ભરોસો નથી.'

'શું કહ્યું ?' અમીરે વડચકું ભર્યું.

'હું તો એમ કહેતો હતો . . .' દલાલ તેના દાંતિયાથી પાછો ડરી ગયો: 'જે માલિક વિશ્વાસ ન કરે એનો વિશ્વાસઘાત કરતાં તમે ડરતા હતા !' હજુય આ રકમ ઘેર ન પહોંચે એવી આશા તેના મનમાંથી છૂટતી નહોતી: 'મેં માંડ કરીને એમને હુંડી ન લેવા સમજાવ્યા. પાંચ હજાર ચાંદી (રોકડા રૂપિયા)માં અને પચીસ હજારનું સોનું આપવા સોદાગર પણ તૈયાર થયો અને છેવટે બાજી હાથમાંથી ઝૂંટવાઈ ગઈ.'

'તમે ધીમેથી બોલો.' કહીને અમીરે એને પંપાળયો: 'સોદાગરના માણસોને વહેમ ન જવો જોઈએ . . . મારા માલિક સોના ચાંદીનો આ જથ્થો ઘરમાં જ રાખશે કે બીજે ક્યાંય ?'

'એટલે ?' દલાલની લાલચુ આંખો પહોળી થઈ.

'એનો ચોકીપહેરો તો મારે જ કરવાનો છે ને.' અમીર હોઠ કરડીને બોલ્યો: 'તમે રાતે દસબાર માણસોને લઈને આવી ચડજો.'

'હેં . . . હેં . . . હેં . . . !' દલાલના મોંમાંથી લાળ ટપકી: 'ત્યારે તમે પહોંચેલા છો હિંમતવાળા છો એમાં ના નહીં.'

'એ તો તમને પરચો દેખાશે ત્યારે ખબર પડશે.' અમીર બબડ્યો. પછી મોહનલાલનો ખભો દબાવીને ઉમેર્યું: 'સોના-ચાંદી ઊંચકવા માટે એક બેલગાડીનો બંદોબસ્ત કરવો પડશે.'

'અરે એ થઈ જશે.' દલાલે જુસ્સો ઉછાળ્યો: 'મને તો લાગે છે તમારા બેવકૂફ માલિકનેય ખતમ કરી નાખીએ. કોઈ દાદ-ફરિયાદ કરે નહીં.'

ત્યારે અમીરનો ચહેરો લાલઘૂમ થઈ ગયો. આંખોમાં રાતા દોરા ઊપસી આવ્યા. આ નીચ માણસોનો બકવાસ પોતાને ઉશ્કેરી મુકશે એવી બ્હીક લાગી એટલે તે જાણે કરીને તેનાથી આગળ ચાલવા માંડ્યો. તેના હાથમાં દલાલનું ગળું ભીંસી નાખવાની ચટપટી જાગી ચૂકી હતી.

*

'લ્યો, બરાબર જોઈ લેજો.' કમરામાં રૂપિયાની થેલી અને સોનાની પાટો મુકાઈ ગયા બાદ દલાલે હસતે ચહેરે કહ્યું: 'હજાર હજારની પાંચ થેલીઓ છે અને વીસ રૂપિયા તોલાના ભાવે ધરમના કાંટે તોળાવેલું પચીસ હજારનું સોનું છે.'

ઈસ્માઈલની નજર નાચી ઊઠી: 'મારો વિશ્વાસુ મીરખાન સાથે હોય પછી જોવા-ગણવાની જરૂર નથી.'

અમીરે સોદાગરના માણસોને બક્ષિસ આપી વિદાય કર્યા અને હળવેકથી બારણાં વાસી દીધાં. મોહનલાલ ત્રાંસી આંખે એ જોઈ ગયો ... અમીરે તેની સામે આંખ મારી એટલે એ મૂંગો રહ્યો. શું આ સિપાહી અત્યારે જ તેના માલિક પર ઘા કરવા માગતો હશે ?

ત્રણે થોડીવાર ખામોશ રહ્યા પછી દલાલે અકળાઈને કહ્યું: 'જનાબ તમારું કામ પતી ગયું, હવે મારી દલાલીનું પતાવો.'

'હિસાબે કેટલી થાય છે ?' ઈસ્માઈલે દાઢી પર હાથ ફેરવતાં પૂછ્યું.

'હિસાબ શું ગણવાનો હતો હજૂર ?' મોહનલાલે આંખો પટપટાવી: 'ત્રીસ હજાર છસો મળ્યા છે તેમાથી ઉપરના છસો મને આપી દો. દલાલી અને બક્ષિસ લેખે.'

'છસ્સો !' ઈસ્માઈલે ત્રાડ નાખી: 'આટલી બધી દલાલી !'

દલાલ લાળા ચાવવા માંડ્યો: 'મેં આપને સારો ભાવ અપાવ્યો ... આપ અજાણ્યા છો છતાં કોઈ વાતે તમને છેતરાવા દીધા નથી. મોહનલાલ જેવો દલાલ આ શહેરમાં તમને કોઈ મળવાનો નહીં.'

રકઝક ચાલવા લાગી. છસોમાંથી ત્રણસો અને તેમાંથી છેક દોઢસો સુધી મોહનલાલ આવ્યો છતાં ઈસ્માઈલ આનાકાની કરતો રહ્યો ત્યારે અમીરને કંટાળો આવ્યો: બાપુ આમ વખત શું કામ વેડફી રહ્યા છો ? જે આપવાનું છે તે પાછું જ

આવવાનું છે ને ? મોહનલાલ પણ વારંવાર તેની સામે જોતો હતો: 'તું કેમ કાંઈ બોલતો કે ક્હેતો નથી.'

'માલિક, હવે એને દોઢસો આપી દો. ભલે ખુશ થતો.'

ઈસ્માઈલ સમજી ગયો કે અમીરને ઉતાવળ થઈ છે. તેણે નમતું જોખી દીધું: 'ભલે મોહનલાલ, પહોંચ લખી આપો અને ગણી લો આ પૈસા.'

પહોંચ અને પૈસાની લેવડદેવડ પતી ગયા પછી મોહનલાલ રજા લેવા જતો હતો ત્યાં અમીર બોલી ઊઠ્યો: 'માલિક, હજુ એને બક્ષિસ આપવાની તો બાકી રહી.'

'બક્ષિસ !' ઈસ્માઈલ અને દલાલ બંને તેની સામે જોઈ રહ્યા: 'શેની બક્ષિસ ?'

'એની બદમાશીની બક્ષિસ !' દાંત ભીંસીને અમીરે દલાલ સામે જોયું ત્યારે પેલાના પગ ધ્રૂજી ઊઠ્યા, બંને હાથ આડા ધરીને એ અમીરને બોલતો રોકવા માટે આજીજી કરતો હતો પણ એટલીવારમાં અમીરનો ચહેરો ક્રોધથી લાલચોળ થઈ ચૂક્યો હતો :

'આ બદમાશ આપની રકમ ઉચાપત કરી જવા માગતો હતો . . . મને બેઈમાની કરવા સમજાવતો હતો અને બદલામાં અર્ધો ભાગ આપવા તૈયાર થયો હતો.'

'શું કહ્યું !' ઈસ્માઈલના રૂંવાડા ઊભા થઈ ગયા. જડબા ભીંસીને તેણે દલાલને ધમકાવ્યો: 'શું આ સાચી વાત છે ?'

'નહીં નહીં હુજૂર ! તમારો આ સિપાહી સદંતર જૂઠ્ઠું બોલે છે.' મોહનલાલના હાથપગ વધુ જોરથી ધ્રૂજવા લાગ્યા. બોલતાં બોલતાં થૂંક ઉડવા લાગ્યું: 'ખુદ એની જ દાનત બગડી હતી, પણ મેં બેઈમાની કરવાની ના પાડી એટલે હવે મારા પર આળ નાખે છે તમારો આ નોકર નિમકહરામ છે.'

'ચૂ . . . પ !' ઝાળ લાગી હોય તેમ ઈસ્માઈલ બરાડી ઊઠ્યો: 'બેવકૂફ, બદમાશ ! એ મારો નોકર નથી બેટો છે.'

'હેં ?' મોહનલાલની આંખો ફાટી રહી. મોં ઉઘાડું રહી ગયું. જીભે લોચા વળવા લાગ્યા: 'તમારો દી . . . ક . . . રો !'

'હા. કમીના, કમબખ્ત !' ઈસ્માઈલનો ચહેરો વિકરાળ બનવા લાગ્યો. અવાજમાં તિરસ્કાર વછૂટ્યો: 'તારી આવી હલકાઈ.'

'નહીં . . . હજૂર, મને માફ કરો. એ ગોઠણભેર પડી ઈસ્માઈલના પગ પકડવા લાગ્યો: 'હું તમારી ગા છું, મારો અપરાધ માફ કરો. આપ દયાળુ છો.' રોતો જતો એ બોલતો હતો: 'આપ મારા બૈરી-બચ્ચાંનો વિચાર કરીને મને માફ કરી દો. હું ચોર, બદમાશ, હલકટ છું . . . પણ મને છોડી દો.'

'નહીં કમીના !' અમીરે તેને લાત મારી: 'તને હવે જવા દઉં તો તો હું સિપાહી નહીં.'

પેટમાં લાગેલી પાટુ પર હાથ દબાવતો દલાલ બંનેની સામે આજીજીભરી નજરે જોઈ રહ્યો હતો ત્યાં અચાનક તેને ખ્યાલ આવ્યો કે બેમાંથી કોઈની પાસે હથિયાર નથી. પળવારમાં તેણે હિંમત એકઠી કરી લીધી: 'હા . . . હા . . .' કહીને



પહેલાં એ હસ્યો પછી ઊભો થઈ જરા દૂર હઠી જઈ જુસ્સાભેર બોલ્યો: 'તું સિપાહી ખરો પણ તલવાર વિનાનો છે. તમે બેમાંથી કોઈ મને કાંઈ નહીં કરી શકો.' કહેતાં તેણે બારણા તરફ દોટ મૂકી: 'હું હમણાં જ કોટવાળ પાસે જઈને કહું છું કે તમે સોદાગર નહીં પણ લૂંટારા છો.'

અને અમીરે તેની પાછળ તરાપ મારી . દલાલ બારણાનો આગળીઓ ઉઘાડવા ફાંફાં મારતો હતો એટલીવારમાં તેણે કમરમાંથી રૂમાલ ખેંચી કાઢ્યો.

'આ છે મારું હથિયાર.'

બીજી ઘડીએ દલાલના ગળામાં રૂમાલ ભેરવાઈ ગયો. હ . . . ફ કરતો અવાજ તેના ગળામાંથી બહાર પડ્યો અને અમીરે રૂમાલના બંને છેડા જોરથી ખેંચ્યા. તેનું ખુન્નસ વધતું ગયું તેમ ભીંસ જોર પકડતી ગઈ. દલાલનો શ્વાસ રૂંધાવા લાગ્યો. એ વધુ વાર ટકી ન શક્યો . . . ચાર છ ઝાટકામાં જ ભફાંગ ભોંય પર ઝીંકલાઈ પડ્યો. ધોતિયાના છેડે બાંધેલા દલાલીના કેટલાક રૂપિયા રણકો કરતા જમીન પર દડી ગયા.

'શાબાશ !' ઈસ્માઈલે નજીક આવીને દાદ દીધી: 'એ આને જ લાયક હતો.'

દલાલના ગળામાંથી રૂમાલ સેરવી લઈ હાંફતા અમીરે લાશને લાત ફટકારી પોતાની દાઝ ઉપાડી: 'એ નીચને ખતમ કરીને ધરતી પરથી આપણે ભાર ઓછો કર્યો. એણે જાતે જ કબૂલ કર્યું ને કે હું ચોર છું, બદમાશ છું, દગાબાજ છું . . . પછી એવાને જીવતો કેમ રહેવા દેવાય.'

આમ કહીને અમીર પોતાના મનને મનાવતો હતો. અપરાધ નથી કર્યો એવો દિલાસો માગતો હતો.

'હવે આની લાશને આપણે વાડામાં દાટી દેવી પડશે.' ઈસ્માઈલે દલાલની કમરેથી રૂપિયા કાઢી લેતાં કહ્યું: 'દોઢસો રૂપિયા પણ પાછા મળી ગયા.'

'બાપુ હજુ બીજું વધારે મળવાનું બાકી છે.' અમીરે ઈસ્માઈલને ચોંકાવ્યો: 'આ દલાલની ટોળી રીતસરની લૂંટ ચલાવે છે અને ડુંગરા પર ભોંયરામાં ખજાનો દાટી રાખે છે.'

'એમ વાત છે !' ઈસ્માઈલ પહેલાં ખુશ થયો: 'એટલે તેં આને જલદી ખતમ કરી નાખ્યો.' પણ પછી તરત જ તેના અવાજમાં ઉચાટ ભળ્યો: 'અમીર, અજાણ્યા ડુંગરના ભોંયરામાં જવાની શું જરૂર છે ? આપણે ઘણું કમાયા છીએ.'

'નહીં. આ કામ જરા જુદું છે. એમાં તલવાર ચલાવવાનો મોકો મળશે તો ઘણા વખતથી છૂટી ગયેલી તાલીમ તાજી થશે.'

અમીરનો જુસ્સો જોઈને ઈસ્માઈલ મનમાં હરખાયો. જોહરાના પ્યારની હતાશામાંથી બહાર નીકળવા માટે તેને આવા સાહસની જરૂર છે એ સમજતાં વાર ન લાગી. દીકરાની નજીક જઈ તેના ખભા પર હાથ દાબી એ હેતથી બોલ્યો: 'બેટા ખુશીથી જા બદ્રી અને સરફરોઝ જેવાને સાથે રાખજે. હું તારી કામિયાબી માટે મસ્જિદમાં જઈ ખુદાની દુઆ માગીશ.'

અને ઉમળકાભેર બાપને ભેટી પડ્યો અમીર.

*

૨૯

સરાઈમાં પહોંચતાં જ અમીર ઘોડા પરથી નીચે કૂદ્યો. બદ્રીનાથ તેને જોઈને સામો દોડી આવ્યો: 'કમાલ છે એક રાતમાં તું સાવ પલટાઈ ગયો.'

અમીર તેનો સંકેત સમજી ગયો. આગલી સાંજે મળવા આવ્યો ત્યારે પગમાં જોશ નહોતું, ચહેરા પર બનાવટી રૂઆબ ધારણ કરેલો અને જોહરાની વાત નીકળી ત્યારે નિસાસો નખાઈ ગયો હતો. પોતાને પણ અત્યારે ફરક વરતાતો હતો. શરીરમાં ઊભરાતો થનગનાટ અને ચહેરા પર ફરકતો તરવરાટ છાનો કેમ રહે ?

'બદ્રી, તારી નજરને દાદ દઉં છું.' અમીર તેના ખભા પર બંને હાથ મૂકીને મુસ્કુરાયો: 'પેલા દલાલને ખતમ કર્યો. હવે ખજાનાની તલાશમાં જવાનું છે.'

'પહેલાં આપણે મારી ઓરડીમાં જઈએ. મને વિગતથી વાત સાંભળવાની કાલની ચટપટી થઈ છે. રાતે પણ ખજાનાના જ સપનાં જોતો જાગતો રહ્યો હતો.'

'આખરે તો બ્રાહ્મણ ખરોને.' અમીરે તેના બાવડે ચીંટિયો ભર્યો 'ખજાનાનું નામ પડ્યું એટલે ઊંઘ જ ન આવે.'

અમીરને હવે હિન્દુઓ તરફ પૂર્વગ્રહ રહ્યો નહોતો અને તેના બોલવામાં તુચ્છકાર પણ વર્તાયો નહીં એટલે બદ્રીએ ખોટું ન લગાડ્યું, પણ મેણું જરૂર માર્યું: 'અને તમે મિયાંભાઈ તો પૈસાને જાણે સૂંઘતા જ નહીં હો કેમ ?' તે હસતાં હસતાં કહેતો હતો: 'હૈદ્રાબાદ સુધી ટાંટિયાતોડ સફર ખેડી તે ચારમિનાર જોવા માટે જ કે ?'

અમીર ગંભીર બની ગયો. તે આ સવાલનો જવાબ આપવા માગતો નહોતો, પણ બદ્રીએ 'ખોટું લાગી ગયું ?' એમ પૂછ્યું એટલે વાત ટાળી ન શક્યો. હવે બદ્રી

જીગરી દોસ્ત બની ગયો હતો. તેનાથી શું કામ છુપાવવું ?

'સાચું કહું બદ્રી !' બોલવામાં થડકો નહોતો વરતાવવા દેવો છતાં આવી ગયોઃ 'સફર પર નીકળ્યો ત્યારે મને ખબર સુધ્ધાં નહોતી કે હું ઠગ બનવા જઈ રહ્યો છું. મારી ખ્વાહિશ તો સેનાપતિ થવાની હતી. ધનની લાલચે નહીં, પણ બાપુના બોલ પર ઝૂકાવી બેઠો છું હું તો.'

'અને એ માટે તારે ક્યારેય પસ્તાવું નહીં પડે અમીર.' બદ્રી જુસ્સાથી કહેતો હતોઃ ' આ એક સફરમાં જે અનુભવ મળ્યા અને હજુ જે મળવાના છે એટલા આખી જિંદગીમાં તને બીજે ક્યાંય ન મળત . . . પણ આપણે ખજાનાની વાત પર આવીએ'

બદ્રીએ જાણે કરીને વાત બદલી નાખી. ઈસ્માઈલે તેને વિશ્વાસમાં લઈને કહ્યું હતુંઃ અમીરને આપણા રંગમાં એવો રંગી નાખવાનો છે કે સેનાપતિનું તૂત તેના દિમાગમાંથી કાયમને માટે નીકળી જાય. એટલે જ ભોંયરાની પૂરી વાત સાંભળીને બદ્રીએ અમીરને પાણી ચડાવ્યુંઃ 'આ સાહસ તારી સરદારી નીચે જ પાર પડશે. તેમાં બહુ માણસોની જરૂર નથી. પીરખાં, મોતીરામ અને બીજા ચાર પાંચને સાથે લઈ લેશું.'

બદ્રીએ સરફરોઝનું નામ ન ઉચ્ચાર્યું તેથી અમીરને નવાઈ લાગીઃ બાપુએ સરફરોઝખાનને સાથે લેવાનું ખાસ કહ્યું છે.'

બદ્રીને સરફરોઝ બહુ ગમતો નહોતો. એ જો કાયમને માટે ટોળીમાં સામેલ થઈ જાય તો પોતાના સ્થાનને આંચ આવવાનો તેને ડર હતો. સરફરોઝ સ્વભાવનો પણ તૂમાખી હતો. બદ્રીને એક બે વાર તેની સાથે ચડભડ થઈ ગયેલી.

'સરફરોઝની આપણે ક્યાં સુધી રાહ જોશું એ કાલનો પટ્ટનચેરૂ તરફ ગયો છે. સાત મુસાફરોને ફસાવવામાં આટલો વખત કાંઈ લાગે ! હવે રાત પહેલા પાછો નહીં આવે.'

'તો એને પડતો મૂકીએ.' અમીરે અધીરાઈ દેખાડીઃ 'આજ રાતે તો કામ પતાવવું જોઈએ. હૈદ્રાબાદમાં આપણે વધુ રોકાવાનું નથી અને પેલા દલાલને ખતમ કર્યા પછી વધુ વખત જાય તો ભોંયરાવાળા સાગરીતો ચેતી પણ જાય.'

'રાતે અંધારામાં જતાં પહેલાં આપણે પહાડનો રસ્તો જાણી લેવો જોઈએ.'

'એ મેં વિચારી રાખ્યું છે. આપણી પાસે કોઈ ફકીરનો વેશ લઈ શકે એવો

સાથી છે ?'

બદ્રી ચમક્યો: 'ફકીરનો વેશ શું કામ ?'

'દલાલની ટોળીમાં એક ફકીર પણ છે. આપણામાંથી જો કોઈ ફકીર બનીને ઉપર જાય તો વહેમ ન આવે.'

'એમ છે !' બદ્રીએ ચપટી વગાડી: 'તો આપાણું કામ પત્યું સમજો. હું હમણાં જ શેખને બોલાવી લાવું છું.'

મજબૂત બાંધાનો શેખ સામે આવ્યો ત્યારે અમીરને બદ્રીની પસંદગી પર આશ્ચર્ય ઉપજ્યું: આ અલમસ્ત આદમી ફકીર જેવો કઈ રીતે દેખાશે ?

'શેખ આપણા નાના જમાદાર તને ફકીર બનાવવા માગે છે.'

પેલો ચમક્યો. બે ઘડી વિચારમાં પડી ગયો. પછી સમજી જવા છતાં પૂછ્યું: 'કાયમને માટે ફકીર બનાવી દેવા માગો છો જમાદાર સાહેબ ?'

તેની મજાકમાં રહેલી ચાલાકીથી અમીરને હસવું આવ્યું. 'તું કાયમની વાત કરે છે, પણ થોડીવાર માટેય ફકીર બની શકે તો ઘાણું છે.'

'તો કહો ક્યા દેશના ફકીર બનવાનું છે ? હિન્દુ ફકીર થવાનું છે કે મુસલમાન ? કહેશો તો બદ્રીનાથનો કે મથુરાનો ચોબો પણ બની શકીશ ?'

અમીરના માનવામાં આવતું નહોતું પણ બદ્રીએ તેને ખાતરી આપી: 'એની વાત સાચી છે. જાત્રાળુને ફસાવવા માટે તેણે આવી તરકીબ ઘણીવાર અજમાવી છે.'

'એટલે તો હું એવા વેશ પણ સાથે રાખું છું. એ પહેર્યા પછી તમે સુધ્ધાં ભૂલાવામાં પડી જશો. દેશદેશના ફકીરોની બોલી હું જાણું છું. એમની આદતોની મને ખબર છે. એક્વાર મેં નાનકશાહી સાધુનો વેશ ધારણ કરી શીખ લોકોને ફસાવ્યા હતા.'

'હવે અમીરને બહુ વિચાર કરવાની જરૂર ન લાગી: 'તો ભલે, પેલા ડુંગર પર ચૂનાના સફેદ પંજા પાડેલા દેખાય છે એટલે મુસલમાન ફકીર ત્યાં રહેતો હોવો જોઈએ. બહુ દૂર જવાનું નથી, સાંજ સુધીમાં કામ પતાવીને પાછા ફરી જવું પડશે.'

'ત્યારે તો હું કલંદરનો વેશ પહેરીશ.' શેખને પોતાનો કસબ દેખાડવાનો જુસ્સો ચડ્યો: 'મારે શું કરવાનું છે તે સમજાવી દો. બાકીનું હું ફોડી લઈશ.'

અમીરે તેને ખજાનાનો ભેદ જાણવાની કામગીરી ચીંધી ત્યારે શેખ ખુશ

થયો. આવા મોટા કામમાં પોતાની જરૂર પડી એની મગરૂરી ઊપજી. સારો ફાયદો થવાની ઉમીદ જાગી. જતાં જતાં એ ફરી ફરીને ખાતરી આપતો ગયો: 'મીર સાહેબ, સૂરજ આથમતાં સુધીમાં હું કામ પતાવીને ન આવું તો કાયમને માટે ફકીર થઈ જઈશ.'

અમીર એની પીઠ તરફ જોતો ધીમેથી બોલ્યો: 'બદ્રી, બોલવામાં તો પાવરધો છે પણ કામ પાર પાડશે ખરોને ?'

'મને તો પાકો ભરોસો છે . . . અને તમનેય સાંજે વિશ્વાસ બેસી જશે.'

*

ઊંચો ડુંગર ચડીને થાકી ગયેલા મુસાફરોની જેમ સૂરજ ઝાંખો પડવા માંડ્યો હતો. અમીર અને બદ્રી ઉચાટ કરતા શેખની વાટ જોતા હતા. એકાદ વખત અમીરે અધીરાઈ દેખાડીને કહ્યું પણ ખરું: 'આપણે બંને જઈને જોઈએ તો ખરા. તારો ફકીર સલામત છે ને ?'

'ના, એમ કરવામાં દલાલની ટોળી વહેમાશે.' બદ્રીએ તેને ધરપત આપી: 'સૂરજ આથમવાને હજુ ઘણીવાર છે.'

શેખને બદલે સરફરોઝખાન આવી પહોંચ્યો ત્યારે બદ્રી ચોંક્યો: હવે આને સામેલ કરવો પડશે એવા ભાવ સાથે ?ાં બગાડ્યું. તેની ગણતરી હતી કે ખજાનાવાળું સાહસ પતાવીને ખાનને ચમકાવી દેવો.

ખાનની ચાલમાં રૂઆબ હતો એ જબાન પરથી ઉછળ્યો: 'કામ પતાવીને આવ્યો છું. માણસો લૂંટનો માલ લઈને કલાકમાં આવી પહોંચશે.'

'લૂંટમાં રોકડ પણ છે કે ખાલી માલ જ મળ્યો ?' અમીરે પૂછ્યું તો સાહજિક રીતે પણ ખાન ઉશ્કેરાઈ ગયો. તેણે શાબાશીના બોલની આશા રાખી હતી એને બદલે ઊલટતપાસ જેવો સવાલ ફટકાર્યો એ કેમ સાંખી શકે ?

'નવાબજાદા ! તમે આજ કેટલા દિવસે મોં બતાવો છો ?' ખાન હોઠ કરડીને બોલી ગયો: 'અમે શિકારની તલાશમાં દિવસરાત ફરતા રહીએ ત્યારે આપ મહેરબાન મોજમજાહ ઉડાવો અને ઉપરથી પાછા પૂછો છો, રોકડ લાવ્યા કે નહીં ?'

અમીરને ઝાટકો લાગ્યો. ખાને મજાકમાં કહ્યું હોત તો એ હસી કાઢત, પણ આ તો આક્ષેપનો ચાબખો માર્યો, ધૂંઆફૂંઆ થતો એ ઊભો થઈ ગયો. ગુસ્સામાં તેના જડબાં ભીંસાયા.

'સરફરોઝખાન ! બોલતાં પહેલાં વિચાર કરો નહીંતર.'

'નહીંતર શું ?' ખાન વધુ ઉશ્કેરાયો. તેણે પહેરણની બાંય ચડાવી: 'જે સાચું હતું તે કહ્યું તેમાં આકરું કેમ લાગ્યું ? તું હજુ જમાદારનો બેટો જ છે, જમાદાર નહીં.'

ઊભો થઈને બદ્રી બંનેની વચ્ચે ઊભો રહી ગયો: 'તમે બંને આ શું કરો છો? આપસમાં લડાઈ કરવી છે તમારે ?' તેણે પહેલાં તો બંનેને સંભળાવ્યું પછી ખાનને ટાઢો પાડવાને બહાને કહી દીધું: 'સરફરોઝ, તમે વગર વિચાર્યે બોલી ગયા. અમીરે આટલા દિવસમાં જે કામ કર્યું છે તે આપણે બધા ભેગા મળીને કરી શક્યા નથી.'

'ક્યો વાઘ માર્યો છે એણે ?' ખાન હજુ ગુસ્સાને કાબૂમાં લાવી શક્યો નહોતો: 'માલ વેચવાનું ઈસ્માઈલખાન કરે છે, અને આ શાહજાદા ઇશ્કબાજી ...'

'ખામોશ ખાન !' બદ્રી બરાડી ઊઠ્યો: 'કહું છું કે પહેલાં વાત સાંભળી લો. અમીરે એક ખજાનાનો પત્તો મેળવ્યો છે.'

'ખજાનો !' ખાનનો ગુસ્સો પળવારમાં ગાયબ થઈ ગયો: 'શું વાત છે ? કોનો ખજાનો ? ક્યાં સંતાડેલો છે ?

ઘડીક બદ્રી સામે તો ઘડી અમીર સામે ખાન ચકળવકળ આંખે જોવા લાગ્યો. અમીરે નારાજી દેખાડવા નજર મિલાવી નહીં અને બદ્રીએ તેને ટટળાવવા હોઠ ભીડી રાખ્યા.

ખાન અકળાઈ ઊઠ્યો, પોતાની જલ્દબાજી માટે પસ્તાવો થયો. અમીરને વધુ પડતું કહેવાઈ ગયું તેનો અફસોસ કર્યા વિના ચાલે એવું નહોતું :

'બદ્રી, અમીર કદાચ મારો મિજાજ જાણતો ન હોય પણ તારે આમ ખોટું લગાડવાનું ન હોય.' પછી વાતને હળવો ઝોક આપવા પોતાની જાતને કોસવા લાગ્યો: 'સવારથી કાંઈ ખાવા મળ્યું નથી. ભૂખ્યા પેટે મગજ પર ગરમી ચડી જાય છે.'

'તો પહેલાં પેટમાં કાંઈક પધરાવો. પછી આપણે વાત કરીએ.' બદ્રીએ અમીર સામે તિરછી નજરે જોઈને ખાનને ખીજવવા કહ્યું :

'ના, મારે ખજાનાની વાત પહેલાં જાણવી છે. એ સાંભળીને મારી ભૂખ ઊડી જશે.'

કદાચ અમીર અને બદ્રી એને વધુ રમાડત પણ એ જ વખતે ફકીરના વેશમાં

શેખ આવતો દેખાયો અને બંને ખુશમિજાજમાં આવી ગયા.

'હું નહોતો કહેતો ...' બદ્રીએ પહેલ કરી: 'વખતસર આવી ગયો ને.'

ખાન ફકીરને જોઈને વધુ ગૂંચવણમાં પડી ગયો. એ હજુ શેખને ઓળખી શક્યો નહોતો.

બદ્રીએ ઊભા થઈને ઓરડીના દરવાજા બંધ કરી દીધા: 'બોલો કલંદર, ડુંગર ચડી આવ્યા ?'

શેખે અમીર સામે મોં મલકાવીને જોયું. જાણે કહેતો હોય, કેમ હવે મારી ફકીરીમાં વિશ્વાસ બેસે પડે છે ? ખાન ધારી ધારીને આ વેશધારીને જોતો હતો. એને ઓળખી કાઢ્યા પછી તે મૂંગો ન રહી શક્યો: 'અરે આ તો આપણો શેખ છે ?'

'હા શેખ છે.' બદ્રીએ તેને વચ્ચે ન બોલવાના ઈરાદાથી કહ્યું: 'અને ખજાનાનો ખરો ભોમિયો પણ છે.'

'ખજાનો !' ફરી ખાનની આંખો પહોળી થઈ પણ અમીરે તેને બોલવાનો મોકો ન આપ્યો: 'હવે ખાન, આપણે મૂંગા રહીને શેખને સાંભળીએ ... વખત બહુ ઓછો છે.'

'આપની વાત સાચી નીકળી જમાદારજી !' શેખે અમીરને અહેવાલ આપવા માંડ્યો: 'ડુંગરની ટોચ પર પહોંચતાં જ એક ફકીર દેખાયો. નવજુવાન અને દેખાવડો હતો. ફકીરીનો વેશ લીધો હતો છતાં એ બનાવટી ફકીર હોવાનો ખ્યાલ મને તરત જ આવી ગયો.

અમીરના હોઠ મરક્વા લાગ્યા: 'પછી'

'પહેલાં તો મને જોઈને એ ક્રોધે ભરાયો: તું કોણ છો ? અહીં શું કામ આવ્યો ? નીચે ઊતરી જા ... તેના ઉશ્કેરાટથી હું સમજી ગયો કે એકલો જ છે અને મારા આવવાથી ભડક્યો છે. મેં આજીજી કરી: હું ભૂખ્યો છું. હિન્દુસ્તાનથી આવું છું. અહીં કાંઈક ખાવાનું મળી જશે એવી ઉમ્મીદથી ડુંગર ચડી ગયો. બારે ઈમામના સોગન ખાઈને કહુ છું કે ખાધા વિના હવે ડુંગર ઊતરવાની મારામાં તાકાત નથી'

'અને એ માની ગયો ?' બદ્રીએ ઉત્સાહથી પૂછ્યું.

'બરાબર માની ગયો. તેણે ખાવાનું આપ્યું. મેં ખાતાં ખાતાં તેને વાતે ચડાવ્યો. હિન્દુસ્તાનના અજબ-ગજબ કિસ્સા કહેવા લાગ્યો. એને રસ પાડતો ગયો. મારી વાતોમાં એ એવો ખેંચાતો ગયો કે ખાઈ લીધા પછી હું ઉઠવાનું નામ

ન લઉં એટલા માટે તેણે મને હુક્કો ધર્યો. હુક્કો પીતાં પીતાં મેં એને સવાલો કરવા માંડ્યા. એ સાવધપણે જવાબ આપતો હતો. પોતે ત્યાં એકલો રહે છે, ખુદાની બંદગીમાં ખલેલ ન પહોંચે એટલા ખાતર ડુંગર પર વાસ કર્યો છે ... એવી બનાવટ કરતો રહ્યો. મને થયું કે આમ તો રાત પડી જશે અને કાંઈ જાણવા નહીં મળે. મેં કમર પરથી અફીણની ડાબલી કાઢી. અફીણની કાંકરી જોઈને એની આંખો ચમકી, દાઢ ચસકવા લાગી. પારકો માલ હતો પછી પરવા શું કામ કરે ?'

'તને ત્યાં છુપા ભોંયરા જેવું કાંઈ દેખાયું નહીં ?' અમીર તેની અધીરાઈને રોકી શક્યો નહીં: 'એની કાંઈ બાતમી મળી ?'

'બે પહાડ વચ્ચેની જગ્યામાં ગુફા જેવું દેખાયું. ગુફાની અંદર જવાનો મને મોકો મળ્યો નહીં ... એ ચેતી જાય એવું મારે કાંઈ કરવું નહોતું ... પણ ગુફાની એક દીવાલમાં બાકોરા જેવું હતું જેને મોટા પથરાથી બંધ કરી છાંડી દેવામાં આવ્યું હોય એવું દેખાયું.'

'ત્યારે તો એમાં જ ખજાનો હશે !' સરફરોઝ ઉત્તેજનાથી બોલી ઊઠ્યો.

'એને મેં અમસ્તું જ પૂછ્યું કે તું ક્યાં સૂવે છે ત્યારે તેણે એક ઓટલા જેવું બતાવ્યું જે પેલા છુપાબાકોરા પાસે જ હતું. શેખ વાત પૂરી થઈ હોય તેમ ઊભો થયો: 'અફીણનું ઘેન તેની આંખોમાં ભરાવા લાગ્યું છે એ જાણીને હું ઝટપટ ત્યાંથી નીકળી ગયો. આપણે એનું ઘેન ઊતરી જાય તે પહેલાં પહોંચી જવું જોઈએ.'

'શાબાશ શેખ !' અમીર જુસ્સાભેર ઊભો થયો: 'અફીણવાળો કીમિયો અજમાવીને તે અર્ધું જોખમ ઓછું કરી નાખ્યું. બદ્રી, હવે આપણે ઊપડીએ. તેના બીજા સાગરિતો ડુંગર પર જાય તે પહેલાં પહોંચી જવું જોઈએ.'

*

આઠ સાથીઓને લઈ અમીર ડુંગર ચડવા સરાઈમાંથી બહાર પડ્યો એ જ વખતે ઈસ્માઈલ પણ બેટાની હિફાજત અને કામયાબી માટે ખુદાની દુઆ માગી મસ્જિદમાંથી બહાર નીકળતો હતો. ચાર પાંચ દિવસ ઘરમાં ગોંધાઈ રહ્યા બાદ ખુલ્લી હવામાં તેણે તાજગી મહેસૂસ કરી. લૂંટના માલની ત્રીસ હજાર રૂપિયા જેવી ધરખમ રકમ ઊપજી એની ખુશાલી માણવા માટે તેને થોડીવાર ગામમાં ટહેલવાની ઈચ્છા થઈ આવી. ઘેરથી નીકળ્યો ત્યારે પેલો અજાણ્યો માણસ ફરી ભટકાઈ ન જાય એવી સાવચેતી ખાતર તો તેણે ઘોડોય લીધો ન હતો.

કઈ તરફ જવું એનો વિચાર કરતો ઊભો હતો. અનાયાસ ચાર મિનાર તરફ નજર ખેંચાઈ. ના, એ બાજુ તો નથી જવું એમ મનને કહેતો હોય એ રીતે નજર પાછી ખેંચી લીધી.

'કેમ જનાબ, આપને કઈ તરફ જવું છે ?' બે ઘોડાવાળી બગીમાં બેઠેલા એક પઠાણે તેને ચમકાવ્યો. ઈસ્માઈલે તેને ઓળખવા પ્રયત્ન કર્યો. કદાચ એ બીજા કોઈને કહી રહ્યો હશે એમ માની તેણે આજુબાજુ જોયું પણ પઠાણની નજર તેના પર જ હતી :

'જનાબ, હું આપને કહું છું. તમે પરદેશી જેવા જણાવ છો. હરકત ન હોય તો તમારા ઠેકાણે પહોંચાડી દઉં'

'આપની મહેરબાની માટે શુક્રિયા !' ઈસ્માઈલ નજીક આવ્યો. પઠાણના દેખાવમાં શરાફત વરતાતી હતી એટલે તેણે વિવેકથી કહ્યું: 'મારે બહુ દૂર નથી જવું.'

'અરે બેસોને જનાબ.' ઉઘાડી બગીમાં વચોવચ બેઠેલા પઠાણે તેને માટે જગ્યા કરી આપતાં આગ્રહ કર્યો: 'અમારો ઘોડો આપનું વજન ઉંચકીને દૂબળો નહીં પડી જાય'

હવે ના પાડવામાં અવિવેક દેખાશે એમ લાગવાથી ઈસ્માઈલને બગીમાં બેસવું જ પડ્યું. બગી ચલાવનાર માણસને તેણે જોયો હોત તો ખબર પડી જાત કે જેનાથી પોતે દૂર રહેવા મથતો હતો એ જ આદમી ઘોડાની લગામ પકડીને બેઠો હતો !

*

શેખે બતાવેલી કેડી રસ્તે અમીરની ટોળી ડુંગર ચડવા લાગી ત્યારે અંધારા ઊતરવા માંડ્યાં હતાં. બહુ સાવધાનીથી બધા આગળ વધતા હતા. કદાચ એમની પહેલાં બદમાશો ઉપર પહોંચી ગયા હોય તો અવાજ સાંભળીને સાવચેત બની જાય. અફીણની અસર ઊતરી ગઈ હોય તો પેલો ફકીર પણ બૂમાબૂમ કરી મૂકે. ડુંગરના ચઢાણમાં છુટાછવાયા નાનામોટા પથ્થરો ઘણા હતા. જો ઊપરથી એવા બે ચાર પથરા એમની તરફ ગબડાવે તો માથાં ફાટી જવાનું જોખમ હતું.

અધવચ્ચે પહોંચ્યા પછી અમીરે ચાર જણાને ત્યાં જ છુપાઈ રહેવા રોકી પાડ્યા: 'તમે નીચેનો મામલો સંભાળી લેજો. કોઈ ડુંગર ચડતું દેખાય તો અમને સાવચેત કરવા દોડી આવજો.'

બદ્રી, સરફરોઝ, પીરખાં અને મોતીરામને અમીરે ઉપરના મોરચા માટે સાથે લીધા. શેખ તો ભોમિયાની જેમ સૌની આગળ જતો હતો. તેને જેટલો ઉત્સાહ હતો એટલો ઉચાટ પણ હતોઃ ઘેન પેલા ફકીર પર ટકી રહ્યું હોય તો સારું.

ડુંગરની ટોચે પહોંચ્યા પછી શેખ ગોકળગાયભેર હળવે હળવે આગળ વધતો હતો. અણધાર્યા હુમલાનો સામનો કરવા બદ્રીએ તલવાર મ્યાનમાંથી બહાર કાઢીને તૈયાર રાખી હતી. અમીર અને સરફરોઝે રૂમાલ હાથમાં રાખ્યા હતા.

ગુફાની નજદીક પહોંચી ગયેલા શેખે હાથ હલાવીને ખુશાલી વ્યક્ત કરીઃ 'ચાલ્યા આવો, એ હજુ ઘોરે છે.'

ચારે જણા સરકતા પહોંચ્યા. ફકીર નાખોરા બોલાવતો ઊંઘતો હતો, તેની બાજુમાં એક કોડિયું બળતું હતું. જેની જ્યોત હવાને કારણે ફફડતી હતી. અમીરનું ધ્યાન ત્યાં ખેંચાયું. હળવેકથી શેખના કાનમાં પૂછ્યુંઃ 'આ દીવો કોણે પેટાવ્યો ? તું તો કહેતો હતો કે ફકીરને ઊંઘતો મૂકીને આવ્યો છું ...'

શેખ અમીરની ચોકસાઈથી ચોંક્યોઃ 'તમારો સવાલ સાચો છે. દીવાની વાત કરવાનું હું ભૂલી ગયો હતો. મને જ તેણે કહ્યું હતું કે જતાં જતાં જરા દીવો પેટાવતા જજો. મારી તો આંખો ઘેરાવા લાગી છે ...'

'તો વાંધો નહીં.' અમીરે ધરપત અનુભવી. તે ખાતરી કરી લેવા માગતો હતો કે ગુફામાં કોઈ છે નહીં ને ?

બે પાંચ મિનિટ કાંઈ જ હિલચાલ જણાઈ નહીં ત્યારે અમીરે બદ્રી સાથે ઘૂસપૂસ કરવા માંડીઃ 'આ શિકાર મારો ... પણ તેને ઊંઘતો ખતમ નહીં કરી શકાય. ગળામાં રૂમાલ કેમ નાખવો ?'

'એનો રસ્તો હું કરી આપીશ.' કહી બદ્રી આગળ વધ્યો. અમીરને ફકીરના માથા પાસે ઊભા રહી જવાની તેણે ઈશારત કરી. એકવાર આજુબાજુ નજર નાખી લઈ બદ્રીએ અમીર તરફ આંખ મારી : હું કીમિયો અજમાવું છું.

અમીરે પણ રૂમાલના છેડા બંને હાથની મુઠ્ઠીમાં ગોઠવીને સામી આંખ મીંચકારીઃ તૈયાર છું ...

બદ્રીએ ઊંઘતા ફકીરના પેટ પર તલવારનું મ્યાન ધીમેથી ફટકાર્યું અને પેલો ઝબકીને બેઠો થઈ ગયોઃ 'કોણ ...' હજુ એટલું બોલવા જાય ત્યાં તો પાછળથી અમીરનો રૂમાલ ગળામાં પરોવાઈ ગયો. એક તો અફીણનું ઘેન હતું અને તેમાં

અણધાર્યો હુમલો થયો એટલે ફકીર વધુ ઝીંક ઝીલી શક્યો નહીં. રૂંધાતા શ્વાસે ગડથોલિયું ખાતો ઓટલા નીચે ઝીંકલાઈ પડ્યો.

'હવે આની લાશને અહીંથી ખસેડી લો. ફકીરના ગળામાંથી રૂમાલ કાઢી લઈ અમીરે પીરખાં અને મોતીરામને કહ્યું. પછી બદ્રી અને પીરખાંને પોતાની પાછળ ગુફામાં આવવાનો સંકેત કરી દબાતા પગલે આગળ વધ્યો.

'અહીં કોઈ નથી.' અંદર જઈને તેણે હાંક મારી: 'બધા ચાલ્યા આવો.'

'હું આ દીવાલ કહેતો હતો. શેખે ગુફાની છુપી જગ્યા દેખાડતાં કહ્યું.

'પહેલાં દીવાની વાટ વધારો. અહીં અંધારામાં ફાંફાં મારવા પડે છે.'

ઉજાસ વધ્યા પછી અમીરે પેલી દીવાલ પરનો પથ્થર ખસેડવા માંડ્યો. શેખની વાત સાચી ઠરી, દીવાલમાં ચણતરનો માત્ર દેખાવ જ હતો. પથ્થર ખસી જતાં વાર ન લાગી. પહેલાં દીવો હાથમાં લઈને અમીરે અંદર નજર કરી: 'અહીં કેટલીક બરણીઓ દેખાય છે.'

સરફરોઝે પણ ડોકિયું કર્યું: 'દાળ-ચોખાની બરણીઓ છે.' તેણે કટાક્ષ સાથે ઉમેર્યું: 'ખજાનો બરણીમાં ન હોય !'

બદ્રીને ખાન પર રોષ ચડ્યો પણ અમીરે ન સાંભળ્યું કરી અંદર દાખલ થઈ ગયો. એક બરણીના મોં પર બાંધેલું કપડું છોડીને જોયું તો સાચે જ દાળ-ચોખા હાથમાં આવ્યા. દીવાનાં અજવાળામાં અમીરના ચહેરા પરની લજ્જા ખાનની નજરે ચડી ગઈ. એ હસીને ફરી મેણું મારવા જતો હતો પણ બદ્રીની પહોળી થયેલી આંખોએ તેને રોક્યો.

અમીરે બીજી બરણીમાં નાખેલા હાથની મુઠ્ઠી બહાર કાઢી ત્યારે સરફરોઝ ચાટ પાડી ગયો. ત્રાંબા-ચાંદીના સિક્કા જોઈને બદ્રીને ચાનક ચડી: 'અમીર, મહેનતનું ફળ મળવાનું લાગે છે.'

અમીરે બરણી ઊંધી વાળી દીધી. સિક્કાનો ઢગલો ત્રણેની આંખોમાં ચમકવા લાગ્યો. અમીરે ચાંદીના બેચાર સિક્કાને ઘસી જોયા: 'બદમાશો થોડા અણઘડ પણ છે. ચાંદી અને તાંબાને ભેગા રાખ્યા તેમાં ચાંદી કાળી પડી ગઈ.'

ત્રીજી બરણીની તલાશી વધુ ફાયદામંદ પુરવાર થઈ. કંગન, વીંટી, ઝાંઝર, કંદોરા વગેરે સોના-ચાંદીના ઘરેણાં અમીરના ખોબામાં ઝગારા મારતાં હતાં. કોઈ કોઈ જગ્યાએ લોહીના ડાઘ દેખાયા ત્યારે અમીરના હાથ ધ્રૂજી ઊઠ્યા: 'દલાલને

ખતમ કર્યો તે ઠીક જ થયું કોણ જાણે એની ટોળીએ કેટલાઓની બેરહેમપણે કત્લ કરી હશે !'

'આ સિવાય પણ કાંઈક હોવું જોઈએ.' સરફરોઝખાનની લાલચ વધવા લાગી: 'આજુબાજુ તપાસ કરી જોઉં' કહેતો એ ગુફાની બહાર નીકળી ગયો.

બદ્રી અને અમીર ઠાલવેલી બરણીઓ ફરી પાછા ભરતા હતા ત્યાં ખાનનો સાદ સંભળાયો: 'અરે અહીં આવો, આ બખોલમાં ભોંયરા જેવું કાંઈક દેખાય છે.'

અમીર અને બદ્રી ત્યાં દોડી ગયા. દીવો લઈને ડોકિયું કર્યું તો બે ખડક વચ્ચે ઊંડું પોલાણ હતું, પણ અંદર શું છે એ બરાબર કળાતું નહોતું. અમીરે બાકોરાનું માપ કાઢી જોયું. પેટભર થઈને અંદર દાખલ થઈ શકાય તેમ હતું: 'હું ભોંયરામાં ઊતરૂં છું, જોઉં તો ખરો અંદર કંઈ છે કે નહીં ?'

'પણ અમીર, કદાચ કોઈ બદમાશ અંદર છુપાયો હશે તો ?'

'અંદર શેતાન હોય તોય મને ડર નથી.'

મ્યાનમાંથી તલવાર કાઢી જનાવરની જેમ રેંગતો રેંગતો તે ભોંયરામાં ઊતરવા લાગ્યો. બદ્રી અધ્ધર જીવે દીવો પકડીને ઊભો હતો. ખાન પણ અમીરની ખુમારી પર તાજ્જુબી અનુભવતો હતો. અંદર ઊતરીને અમીરે બદ્રીના હાથમાંથી દીવો લઈ લીધો. થોડીવાર ખામોશી છવાઈ ગઈ.

'અહીં શેતાન કે બદમાશ કોઈ નથી.' અમીરે અંદરથી પોકાર પાડ્યો, 'પણ લૂંટના માલની ગાંસડીઓ અને કોથળા દેખાય છે.'

બદ્રી અને ખાન ચમકતી નજરે એકબીજા સામે જોતાં મોં મલકાવવા લાગ્યા.

'હું માનતો હતો કે કોથળામાં વાસણ ભર્યાં હશે.' અમીર તલાશી કરતો બોલતો જતો હતો: 'સુભાન અલ્લાહ ! આમાં પણ સોના-ચાંદીનો જથ્થો ભર્યો છે. ભરપુર માલ છે ... અરે ગાંસડીમાંય કીંમતી વસ્ત્રો દેખાય છે ... લોહીના ડાઘા તાજા છે. હમણાંની લૂંટનો માલ લાગે છે ...'

'ખબરદાર ...' છેટેથી એક અવાજ સંભળાયો. બદ્રી અને ખાન ચેત્યા. ડુંગર પર અધવચ્ચે ઊભા રાખેલાઓમાં એક સાથી દોડતો આવતો હતો: નીચેથી બે માણસો ડુંગર ચડતા દેખાય છે. માથા પર ગાંસડી ઊંચકીને આવી રહ્યા છે.'

'અમીર ! જલદી બહાર આવી જા. બદમાશો ઉપર આવે છે.' બદ્રીની રાડ

સાંભળીને અમીર બધું પડતું મૂકી બહાર ધસી આવ્યો. ખાને માન્યું કે તે ગભરાયો હશે તેને બદલે સામનો કરવાના ઝનૂન સાથે એ બોલી ઊઠ્યો: 'બે જણા છે ને … આપણે બે ઘડીમાં એમને ખતમ કરી નાખશું.'

ફૂંક મારીને તેણે દીવો બુઝાવી નાખ્યો: 'બદ્રી, બધાને કહી દે ચૂપચાપ ખડક પાછળ સંતાઈ રહે. હું અને ખાન ગુફામાં છુપાઈ રહીશું. અમે બંને એક એકને સંભાળી લેશું. તું નજદીકમાં રહેજે, જરૂર પડે તો સાથ આપજે.'

પછી ચમકતી તલવાર પર તાકીને બબડ્યો: 'આજે ઘણા વખતે તલવારની પ્યાસ બુઝાશે.'

'નહીં અમીર, રૂમાલથી ચાલે તો આપણે તલવાર નથી વાપરવી.' બદ્રીએ તેનું કાંડું પકડીને આજીજી સાથે કહ્યું: 'બની શકે ત્યાં સુધી લોહી ન રેડવું.'

બદ્રીના અવાજમાં ઉચાટ અને આંખોમાં વહેમનો ભય દેખાયો. ત્યારે અમીરને તલવાર મ્યાનમાં રાખી દેવી પડી. કમરેથી રૂમાલ કાઢી ખાનની સાથે એ ગુફામાં સરકી ગયો.

ઘણીવારે કોઈકનાં પગલાં સંભળાયાં. ગુફાના દરવાજાની બંને બાજુ ભીંત સરસા ઊભેલા અમીર અને ખાન ટટ્ટાર થયા. પહેલો શિકાર ખાને કરવાનો હતો.

'એલા અંધારું કેમ છે ?' એક હાંફતો અવાજ સંભળાયો. જવાબ ન મળ્યો એટલે બીજાએ ગાળ ભાંડી: 'સુવર, દીવો પેટાવ્યા વિના જ ઊંઘી ગયો લાગે છે.'

અવાજ નજદીક આવ્યો. બેમાંથી એક જણે માથા પરનો બોજ નીચે નાખ્યો: 'એ હુસેનનો બચ્ચો દારૂ ઢીંચીને ઘોરી ગયો લાગે છે.'

ગુફાના દરવાજા લગોલગ આવીને એક પથ્થર પર એ બેસી ગયો ત્યારે અમીર અને સરફરોઝના કાંડાની તંગ બનેલી નસો નરમ પડવા માંડી.

'ત્યાં બેસી કાં ગયો ?' બીજા સાથીએ માથા પરથી બોજ હળવો કરતાં કહ્યું: 'જા, અંદર જઈને દીવો પેટાવ. પછી ઊંઘતા હુસેનિયાની બરાબર વલે કરીએ.'

બોજ ઊંચકીને ડુંગર ચડતાં બેય જણ હાંફી ગયેલા. એટલે અંદર જઈને દીવો પેટાવવાનું પણ આકરું લાગતું હતું. અમીર અને ખાનને શ્વાસ રોકીને ઊભા રહેવું પણ આકરું લાગતું હતું. ખડક પાછળ સંતાયેલા બદ્રીના દાંત ભીંસાયા: બેમાંથી એક અંદર જાવને એટલે બેયની આવરદા પૂરી કરી નાખીએ. . .

પહેલો ઊઠ્યો નહીં ત્યારે બીજાને જ અંદર જવું પડ્યું. બબડતો કકળતો

જેવો એ ગુફામાં દાખલ થયો કે ખાન તેની ઉપર તૂટી પડ્યો. પાછળથી આબાદ નિશાન લઈને તેણે એના ગળામાં રૂમાલ પરોવી દીધો. ખાનની ગણતરી એવી હતી કે શિકારને અંદરના ભાગમાં ખેંચીને લઈને પછી ખતમ કરવો જેથી તેનો સાથી ચેતી ન જાય ... પણ ગળામાં રૂમાલ પડતાં જ પેલાએ ચીસ નાંખી.

'શું થયું ?' બીજો ભડકીને ઊઠ્યો. કદાચ પેલાને સાપ-વીંછી કરડ્યો હશે એમ માની તેણે એક મોટો પથ્થર ઊંચકી લીધો. બેચાર પળ તે મૂંઝાતો ઊભો રહ્યો. પછી અચાનક તેને વહેમ ગયો કે અંદર ઝપાઝપી ચાલે છે એટલે બંને હાથમાં વજનદાર પથરો ઉગામી તે ધસી ગયો.

અમીર તેની જ રાહ જોતો હતો. એક અંધારું અને તેમાં પેલાના બંને હાથ અધ્ધર હતા એટલે અમીર માટે એના ગળામાં રૂમાલ નાખવાનું કામ કપરું બન્યું.

'કોણ છો તું ? છોડી દે એને !' એટલું કહેવા-પૂછવા પેલો રોકાયો અને જવાબ ન મળ્યો એટલે પથરો ખાનના માથા પર ઝીંકવા જતો જ હતો ત્યાં લાગ જોઈને અમીરે એના ગળામાં રૂમાલ ભરાવી દીધો.

'ખાન ચેતજે !' તેણે મોટેથી બૂમ મારી પણ સરફરોઝ પેલાને ગૂંગળાવ-વામાં એવો ખુન્નસે ભરાયો હતો કે ખસી શક્યો નહીં. પથ્થરો તેના માથા પર જ તોળાયેલો હતો, પેલાના હાથમાંથી છટકે એટલી જ વાર હતી.

એકાદ પળ માટે અમીર થોથવાયો. રૂમાલની ભીંસ આપતાં તેને ખ્યાલ ગયો કે એના શિકારના હાથમાંથી પથ્થર છટકી રહ્યો છે ... તેણે રૂમાલને ઝાટકો આપીને પેલાને પોતાના તરફ ખેંચ્યો, એ આંચકાથી પેલાના હાથમાંથી પથ્થર જ ઊછળી પડ્યો અને ખાનને બદલે તેના પોતાના જ સાથીની ખોપરી ઉપર ઝીંકલાયો !

બદ્રી ગુફામાં દોડી આવ્યો ત્યારે કામ ખતમ થઈ ચૂક્યું હતું. અમીર રૂમાલ પકડીને હાંફતો હતો. ખાન તેની સામે આભારવશ નજરે જોતો હતો અને પેલા બંનેની લાશ એમના પગ પાસે ઢળી પડી હતી.

'મને આબાદ ઉગારી લીધો.' ખાને અમીરના ખભા પર હાથ દબાવ્યો: 'નહીંતર મારી ખોપરી ફાટી જાત.'

અમીરે ફક્ત હસીને જ તેની દાદ ઝીલી લીધી: 'હવે આપણે અહીંથી રવાના થઈ જઈએ. માલ ઊંચકીને અંધારમાં ડુંગર ઊતરતા વખત લાગશે.'



સારો એવો દલ્લો હાથ કરીને પાછા ફરતી વખતે બધાના ચહેરા પર ઉજાસ ચમકતો હતો, દરેકના હોઠ પર અમીરની બહાદુરી અને બાહોશીની તારીફ ફરકતી હતી...'

...પણ ઈસ્માઈલ ત્યારે પેલા પઠાણના ઘરમાં અણધારી રીતે 'ફસાઈ' ચૂક્યો હતો!

*

૩૦

પઠાણની બગી ચારમિનાર તરફ આગળ વધી એટલે ઈસ્માઈલ અકળાવા લાગ્યો. આ રસ્તેથી જવામાં જોખમ હતું, ઉઘાડી બગીમાં તો પેલા આદમીની નજરે જલદી ચડી જવાશે. પાછો પોતે ગામના કોઈ શરીફ પઠાણની બાજુમાં બેઠો હતો, એ રસ્તો હેમખેમ પસાર થઈ જાય એટલા ખાતર, પસીનો ન હોવા છતાં ચહેરો ઢાંકવા માટે મોં લૂછવાનો દેખાવ કરવા માંડ્યો.

'આપ ક્યાંથી આવો છો ?' પઠાણે તેની સામે જોયા વિના જ પૂછ્યું છતાં ઈસ્માઈલ ઝબકી ગયો.

'દિલ્હીથી . . .' એમ કહીને તેણે ખોટીખોટી ઉધરસ ખાવા માંડી કારણ કે બગી ચારમિનાર પાસેથી પસાર થતી હતી.

'તમને ઉધરસની તકલીફ જણાય છે.' પઠાણે હમદર્દી સાથે કહ્યું: 'અહીંથી હવા તો આમ સૂકી છે.'

'એ વાત સાચી પણ બહારનો ખોરાક ઘર જેવો તો ન જ હોય ને.'

'હા એ તમે બરાબર કહ્યું. પઠાણ નીચા નમીને પાનની પીચકારી રસ્તા પર છોડી મૂછ સાફ કરતાં પૂછ્યું: 'તમારો ઉતારો ક્યાં છે એ પૂછવાનું રહી ગયું.'

'અમે ગામ બહાર સરાઈમાં ઉતર્યા છીએ.' ઈસ્માઈલ પૂરી ઓળખાણ થયા વિના પોતાનું સાચું ઠેકાણું આપવા માગતો નહોતો: 'મને લાગે છે કે મારે ખાતર આપને લાંબું ચક્કર પડશે, નકામી તકલીફ'

'અરે જનાબ, તેમાં તકલીફ શેની ?' પઠાણને બંને હાથ હલાવીને બોલવાની આદત હોય એમ ઈસ્માઈલને દેખાયું: 'હું તો રોજ સાંજે બગીમાં ફરવા નીકળું છું.

નમાજ પઢીને ચાર પાંચ માઈલ ખુલ્લી હવામાં ફરવાથી દિમાગને તાજગી વરતાય છે. આજ તમારી સોબતથી વધુ રંગત આવશે.'

એજ વખતે બગીના સાઈસે ઘોડાની લગામ તાણીને હાંક મારી 'એ બુઢ્ઢી સમાલ …'

'ઈસ્માઈલ ચોંક્યો. આ અવાજ તો જાણીતો છે. આગળ બેઠેલા સાઈસની પીઠ પર તેણે આંખો માંડી: 'કોણ હશે એ ? મનમાં થોડી અકળમાણ પણ થવા લાગી.

'અમારો આ અબ્દુલ જરા ઓછું સાંભળે છે.' પઠાણે તેની સામે હસતાં હસતાં કહ્યું: 'એ બિચારો એમ માને છે કે રસ્તા પર ચાલનારા બધા જ તેની જેમ બહેરા છે એટલે જરા મોટેથી બૂમો મારે છે.' ઈસ્માઈલ આ મજાક પર હસ્યો નહીં એટલે પઠાણે તેને ચમકાવ્યો: 'કેમ તમે શું વિચારમાં પડી ગયા ?'

'હં … હા …' તેની જીભે લોચા વળવા માંડ્યા: 'ખાનસાહેબ. આપે મને આપની તારીફ તો કહી નહીં.'

'ઓહ, અજાણ્યા દેશમાં માણસ સાથે સોબત કરતાં જરા સંકોચ થાય એ તો હું સાવ વિસરી ગયો.' પઠાણ બહુ સ્વાભાવિક અવાજે કહેતો હતો: 'હમણાં આપણે જે રસ્તા પરથી નીકળ્યા ત્યાં મારું ઘર છે. પહેલાં નિઝામની નોકરીમાં હતો, હવે નિવૃત થયો છું. ખેતીવાડી છે અને ખુદાની દુઆથી આરામથી જિંદગી બસર કરીએ છીએ.'

ઈસ્માઈલનું ધ્યાન સાંભળવામાં નહોતું, લગામ પકડીને બેઠેલો સાઈસ એકવાર મોં ફેરવીને જુએ તો તેને ઓળખી લેવાની ગડમથલમાં તે ગૂંચવાતો હતો. પણ પઠાણ તેને ચૂપ રહેવા દેવા માગતો ન હોય તેમ વાત આગળ વધારતો જતો હતો :

'જનાબ આપ વેપારી દેખાવ છો, કાંઈ ખરીદી કરવા આવ્યા છો કે ?'

'નહીં વેચવા આવ્યા છીએ. સાંભળ્યું છે કે કાપડના ભાવ અહીં સારા ઊપજે છે એટલે સફર ખેડી નાખી.'

'હૈદ્રાબાદ પહેલીવાર આવ્યા લાગો છો.'

'હા ખાનસા'બ, દર વરસે આવવાનું મન થાય એવું શહેર છે આ.'

'માશાલ્લા ! એ તો તમે બહુ સારી વાત કરી.' પઠાણ ફરી હાથ ઉછાળવા લાગ્યો: 'હવે આવો ત્યારે સરાઈમાં નહીં ઊતરવા દઉં. અમારા પઠાણ લોકોની મહેમાનવાજીનો આપને અનુભવ નહીં હોય જનાબ.'

પઠાણની મહેમાનવાજી ! ઈસ્માઈલના મગજમાં ઝબકારો થયો. પંદર વરસ પહેલાં અમીરના બાપે તેને ખાણું લેવા આગ્રહ કર્યો ત્યારે આવું જ કંઈક કહ્યું હતું . . . એ યાદ આવતાંની સાથે જ સાઈસનો અવાજ પેલા અજાણ્યા આદમી સાથે મળતો આવે છે એવો ખ્યાલ પણ જાગ્યો . . . તો પછી આ કોણ હશે ?

પહેલીવાર તેણે પઠાણનો ચહેરો ધારીધારીને જોયો. ના. અમીરના બાપને મળતો આવતો નથી. પોતે નકામો વહેમાઈને મનનું કપટ ઉઘાડું પાડી રહ્યો છે. આણે હજુ મારું નામ સુધ્ધાં પૂછ્યું નથી. દિલ્હીથી આવું છું એમ કહ્યું તો જરાય તાજ્જુબી દેખાડી નથી. સાઈસનો અવાજ થોડો મળતો આવે છે એ સાચું, પણ સરખા અવાજવાળા માણસો ન હોય એવું થોડું છે ? હવે તેણે ટટ્ટાર થઈને પઠાણ સાથે વાતે વળગવાનું નક્કી કર્યું. પોતે બેવકૂફ જેવા દેખાઈને શા માટે આ શરીફ માણસને વહેમનું કારણ આપવું ?

'જનાબ, આપનો આ સાઈસ ગાડી તેજ ચલાવે છે.' ઈસ્માઈલ હવે મરકતો હતો: 'જુઓને, ખુલ્લી હવા ખાવાની કેવી મોજ પડે છે.'

'આપણે હુસેન સરોવરની નજદીક જઈ રહ્યા છાએ એટલે હવામાં ઠંડક મહેસૂસ થઈ રહી છે.'

'સાઈસ બહુ જૂનો લાગે છે.'

'હા, જુવાન હતો ત્યારથી મારે ત્યાં છે.'

સાઈસ વિશે વધુ પડતી પૂછપરછ ન કરવી જોઈએ એ ખ્યાલ આવ્યો એટલે ઈસ્માઈલે હૈદ્રાબાદની વાત ઉખેળી. જેમ જેમ તે પઠાણ સાથે મોકળા મને વાત કરતો ગયો તેમ તેની ધરપત વધવા લાગી. એટલે હુસેનસાગર આવ્યું અને ખાનસાહેબે બે ઘડી સરોવર કાંઠે બેસવાનો પ્રસ્તાવ મૂક્યો તે પણ એને સ્વીકારી લીધો. એક લાલચ એવી પણ જાગી કે આ પઠાણ કદાચ દિલ્હી તરફ જવા માગતો હોય અને પોતાને સથવારે જવાના ઈરાદાથી સોબત બાંધતો હોય તો એનો ઈતબાર હાંસલ કરી લેવો જોઈએ !

અર્ધા કલાકમાં ઈસ્માઈલે વેપાર ધંધાની ઘણી વાતો કરીને પઠાણને આંજી

નાખ્યો. સફરના અનુભવો સંભળાવ્યાં, પોતે સલામતી માટે દસબાર સિપાઈઓને સાથે રાખે છે તે પણ જણાવી દીધું. બે દિવસમાં પાછા ફરવાનો ઈરાદોય જાહેર કર્યો. પઠાણ આ બધી વાતમાં દિલચસ્પી લેતો હતો એથી ઈસ્માઈલનો ઉમળકો વધતો જતો હતો: 'આપના જેવા શરીફ જનાબની અહીં આવતાં વેંત જ ઓળખાણ થઈ હોત તો કેવું સારું ... હૈદ્રાબાદમાં આટલા દિવસ સોબત વિનાના વેડફાઈ ગયા.'

પેલો સાઈસ ઘોડાને પાણી પીવડાવવા છેટે લઈ ગયો હતો એ કારણસર ઈસ્માઈલ વધુ ખીલ્યો હશે. ખાનસાહેબે પોતાના કુંટુંબમાં મિયાં-બીબી અને એક બેટી સિવાય બીજું કોઈ નથી એવી માહિતી આરી એથીય ઈસ્માઈલના કપટી દિલને તસલ્લી થઈ હશે. અમીર પહાડ પર ગયો હતો એની ફિકર મનમાંથી ખંખેરવા માટે પણ કદાચ એ અજાણ્યા પઠાણ સાથે વાતોમાં ઊંડો ઊતરતો હશે.

ગમે તેમ પણ પાછા ફરતી વખતે ખાનસાહેબે પોતાને ઘેર ખાણું લીધા વિના જવા ન દેવાની જિદ કરી ત્યારે ઈસ્માઈલે થોડી આનાકાની પછી નમતું જોખી દીધું: 'આપનો આગ્રહ હું કબૂલ રાખું છું પણ દિલ્હી આવો ત્યારે આ દોસ્તી યાદ રાખવાનું ભૂલશો નહિ ખાનસાહેબ !'

'ઈન્શાલ્લા એવો મોકો હું જતો નહિ કરું.' પઠાણ ખૂબ જ ઉમળકાથી તેને ઘેર લઈ જતો હતો, પણ ઈસ્માલને ક્યાં ખબર હતી કે ત્યાં પોતાની કેવી આકરી કસોટી થવાની છે ?

*

ખાનસાહેબનું ઘર બહુ મોટું નહોતું, પણ ગાદી પર બિછાવેલો કીમતિ ગાલીચો, દીવાલ પર જડેલું વાઘનું ચામડું, એક ખૂણે પડેલું દિલરૂબા અને બીજા ખૂણામાં દેખાતા ચાંદીના તારથી મઢેલા બે હુક્કા ખાનસાહેબની ઉમદા રહેણીકરણી તથા જાહોજલાલીની જુબાની આપતાં હતાં. ઈસ્માઈલને વાતાવરણ ગમી ગયું: સારું થયું મેં ખાણાનું ઈજન મંજૂર કરી લીધું.

'અમારી બેટીને દિલરૂબાનો ગજબનો શોક છે.'

હજુ સુધી ઈસ્માઈલે 'પોતાના બેટાની ' વાત ઉચ્ચારી નહોતી. તેને કહેવાનું મન થયું: 'મારા અમીરને તલવારબાજીનો ભારે શોખ છે ... પણ કપટી મને તેને સાવધ કરી દીધો અને જબાન પરથી શબ્દો પાછા વળી ગયા: 'એકની એક



ઓલાદના શોખ પૂરા કરવાની આપણી ફરજ છે.' એમ કહીને તેણે વાતને ચાલાકીપૂર્વક વાળી લીધી.

'લિજ્જતદાર ખાણું, મજેદાર મહેમાનવાજી અને ખુશબોદાર હુક્કાની જોરદાર તારીફ કરતા ઈસ્માઈલે ઊઠવાની રજા માગી ત્યારે ખાનસાહેબે આંચકો અનુભવ્યો: 'બસ, એટલીવારમાં જવું છે !'

'સરાઈમાં માણસો રાહ જોતા હશે.'

'હું સાઈસની સાથે સંદેશો કહેવડાવી દઉં છું.' કહીને ખાનસાહેબે તાળી બજાવી: 'અબ્દુલ !'

'નહિ, એની જરૂર નથી. મારે હવે જવું જોઈએ.' કહેતો ઈસ્માઈલ ઊભો થયો, પણ એ જ વખતે અબ્દુલ કમરામાં 'જી હજૂર' કહીને ઊભો રહ્યો એને જોતાં જ ઉભડક થયેલા ઈસ્માઈલના ગોઠણમાં ઝાટકો લાગ્યો. ઊભા થવું, બેસવું કે ભાગી છૂટવું ? આ તો એ જ માણસ છે જેણે મને ચારમિનાર પાસે ઓળખી કાઢ્યો હતો. અમીર અને એના માબાપની પૂછપરછ કરી હતી. પોતે ત્યારે છટકી ગયો હતો પણ . . . હવે ?

ખાનસાહેબ સામે જોયું તો એમના ચહેરાના ભાવ પલટાયા હતા અબ્દુલ પણ ખંધુ હસતો હતો. ઈસ્માઈલને થયું એ હાસ્ય તેના કાળજાને પીંખી નાખશે. ખાનસાહેબ વિફરી ઊઠશે. તલવારની મૂઠ પર હાથ ગયો પણ ભીતરમાં સજાગ બનેલા ઠગે તેને ચેતવ્યો: સબૂરી રાખ. હજુ મામલો તારા હાથમાં છે ત્યાં સુધી તું સલામત છો. જરાય અધીરાઈ કરીશ તો અહીંથી સીધા જેલખાનામાં જવું પડશે.

'એકાએક શું થઈ ગયું તમને ?' ખાનસાહેબ હજુ પહેલાંની જેમ જ સ્વસ્થ રહ્યા હતા એથી ઈસ્માઈલ વધુ હેબતાયો. આ પઠાણ તેને પંપાળી પંપાળીને પીંખી નાખવા માગે છે. મને આબાદ ફસાવીને ઉપરથી પૂછે છે કે શું થઈ ગયું ?

'જનાબ, તમારા સાઈસે મને ગભરાવી દીધો.' ઈસ્માઈલ ફરી ગાદી પર પલાંઠી વાળીને ઠાવકાઈથી બેસી ગયો: 'થોડા દિવસ પહેલાં આવો જ એક માણસ મને ભટકાઈ ગયો હતો.'

'ચાર મિનાર પાસે, ભટકાઈ ગયો હતો ને !' ખાનસાહેબના હોઠ ભીડાયા અને પાછા ઊઘડ્યા: 'એ આ અબ્દુલ જ હતો.'

ખલાસ ! ઈસ્માઈલને થયું કે દિલ ધબકતું અટકી જશે. જાન, ઈજ્જત, ધન

અને એ બધાથી વધારે તો અમીરને ગુમાવી દેવાનો વખત આવી ગયો છે. યા ખુદા ! થૂંક ગળે ઉતારી કપાળે બાઝેલા પસીનાના બૂંદ લૂંછી ઈસ્માઈલ ટટ્ટાર થયો.

'ખાનસાહેબ, હવે ખબર પડી કે આપ એક અજાણ્યા પરદેશીની શા માટે આટલી બધી ખાતિર કરો છો.' તેના ચહેરા પર બનાવટી ગુસ્સો ઉપસવા લાગ્યો અને જબાન પર જુસ્સો ઊભરાવા માંડ્યો: 'પણ તમે તમારી તરકિબમાં ફાવશો નહીં.'

આ સાંભળીને પઠાણની આંખો અચરજથી પહોળી થઈ અને અબ્દુલની મુઠ્ઠીઓ ભીડાઈ.

'જનાબ, તમે કઈ તરકીબની વાત કરો છો ?'

ઈસ્માઈલે દાંત કચકચાવ્યા: 'મને ઘેર મહેમાન બનાવીને ફસાવવાની તરકીબ.'

ઈસ્માઈલમિયાં, જબાન સંભાળો.' ખાનનો ગુસ્સો ઉછળ્યો: 'મારી શરાફ-તનો ગેરફાયદો ઉછાવવાની કોશિશ ન કરો . . . પઠાણનો બચ્ચો ગલત ઈલઝામ સાંખી શકતો નથી.'

ઈસ્માઈલ થોડો ખચકાયો. પહેલીવાર આ પઠાણે તેનું નામ ઉચ્ચાર્યું હતું: 'હવે બધું જ ઉઘાડું પડી જવાનું છે. આ ખાનસાહેબ અમીરના ચાચા સિવાય બીજો કોઈ ન હોઈ શકે. બાજી હાથમાંથી સરકી રહી છે. એક પાસો નાખી જોઉંખુદા મક્કમ કરે તો.

'ખાનસાહેબ, ઈલઝામ આપના પર નહીં, પણ આ બદમાશ સાઈસને માટે હતો.' બહુ સંભાળીને તે આગળ વધ્યો: 'હૈદ્રાબાદમાં બદમાશ માણસોથી ચેતતા રહેવાની મને ઘણાએ સલાહ આપી છે. આપ શરીફ દેખાવ છો પણ આ માણસ મને . . .'

'મિયાં, એ મારો વફાદાર નોકર છે.' પઠાણે ત્રાડ પાડી: 'એને માટે સંભાળીને બોલો.'

ઈસ્માઈલે આંખો મીંચી દઈ માથું હલાવવા માંડ્યું: 'મને સમજાતું નથી કે આ શું થઈ રહ્યું છે. મને અહીં શું કામ મહેમાન બનાવ્યો છે ? ખુદાને ખાતર ખાનસાહેબ, આપ મને કાંઈક સમજાવો.'

તેના અવાજમાં રહેલા આજીજી અને લાચારીના રણકાએ ખાનસાહેબને

સહેજ પીગળાવી દીધા :

'અબ્દુલ, તું બહાર જા . . . કમરાના દરવાજા બંધ કરતો જજે.'

ફરી ઈસ્માઈલ ચોંક્યો. દરવાજા બંધ શું કામ કરવા જોઈએ ? છતાં તેને એટલી રાહત થઈ કે પોતે એકલા પઠાણને જબાન અને હથિયારથી બરાબર પહોંચી વળશે.

'મહેમાન બનાવીને હવે મને બંદીવાન બનાવ્યો ખાનસાહેબ !'

તમે બહુ અથરા ન થાવ.' પઠાણ પોતે વિમાસણમાં પડી ગયો: 'મારે તમારી પાસેથી એચ ગંભીર ઉલઝનનો ઉકેલ જોઈએ છે !'

'પણ અત્યારે તો આપે જ મને ઉલઝનમાં નાખી દીધો છે.'

'આપણા બંનેની ઉલઝન એકી સાથે ઉકલી જશે.' કહીને ખાનસાહેબ હુક્કો પીવા લાગ્યા. એમની ખામોશી અને હુક્કાની ગગડાટી ઈસ્માઈલનું કાળજું વલોવી નાખતાં હતાં. પંદર વરસ પહેલાં કરેલો અપરાધ જાણે અત્યારે ચુકાદો આપવા તેની છાતી પર ચડી બેઠો હતો. દીવાલ પર લટકતા વાઘના ચામડામાંથી હમણાં જ જીવતો વાઘ તેના પર તરાપ મારશે એવો ભય ભીતરને પીંખી રહ્યો હતો. ખાનસાહેબની ઠાવકાઈ તેને વાઘના નહોર જેવી તીક્ષ્ણ લાગવા માંડી ત્યારે એ ગળગળો થઈ ગયો :

'મહેરબાની કરીને આપ કાંઈક બોલો . . .'

'તમારા જેટલી જ મને પણ ઉતાવળ છે.' હુક્કાની નળી હોઠોથી હઠાવીને તેણે કહ્યું: 'મૂંગો રહીને હું મારું દિલ મજબૂત કરી રહ્યો હતો.'

હુક્કાના ધુમાડા કમરામાં વિખરાઈ ગયા બાદ તેણે સવાલ કર્યા: 'હવે તમે કહો અબ્દુલને જોઈને તમે આટલા બધા છળી કેમ પડ્યા ?'

હાજરજવાબી ઈસ્માઈલે જરાય વખત ન લીધો: 'જનાબ, એણે કોઈકની પાસેથી મારું નામ જાણી લીધું. પછી રસ્તા પર મોટેથી મને પોકાર પાડ્યો. હું અજાણ્યા શહેરમાં બહુ સાવચેત રહું છું. તેણે મને પોતાની પિછાણ આપવા માંડી. પંદર વરસ પહેલાં સફરમાં મળ્યા હતા, એવો કિસ્સો ઉપજાવીને મને ભળતું-સળતું કહેવા માંડ્યો.'

'એ ભળતુંસળતું નહીં પણ સાચું કહી રહ્યો હતો.'

ખાનસાહેબે બહુ મક્કમપણે કહ્યું ત્યારે ઈસ્માઈલે તાજ્જુબીનો દેખાવ

કર્યો: 'આપ મારી ઉલઝન વધારી રહ્યો છો . . . હું એમ માની બેઠો કે એ મને ભોળવીને, મારો ભરોસો હાંસલ કરીને લૂંટવા માગે છે.'

'પણ હકીકતમાં તો એ એમ માનતો હતો કે તમે અમારું કાંઈક લૂંટી ગયા છો.'

'ખાન . . . સાહેબ !' ઈસ્માઈલ રાતોપીળો થઈ ગયો, 'એક સાઈસના માનવા પર હવે આપ મારા ઈલઝામ મૂકી રહ્યા છો ! મેં કોનું શું લૂંટ્યું છે ?'

'તમે લૂંટ્યું છે એમ મેં નથી કહ્યું.' ખાનસાહેબના અવાજમાં હવે ભીનાશ ભળવા લાગી: 'અબ્દુલને વહેમ હતો કે પંદર સાલ પહેલાં મારા મોટાભાઈ અને ભાભી સાથે સફરમાં તમે હતા.'

'પંદર સાલ પહેલાં !' ઈસ્માઈલનું ગળું ગૂંગળામણ અનુભવવા લાગ્યું. તેને યાદ કરવાનો દેખાવ કરવો પડ્યો: 'હા . . . હા . . . મને યાદ આવે છે. કેટલાં વરસો થયાં તેની ખબર નથી. પણ હૈદ્રાબાદના એક ખાન તેમની બીબી સાથે સફરમાં નીકળેલા એવું ઝાંખું ઝાંખું યાદ આવે છે.'

'ભાઈ-ભાભી સાથે ચાર સાલનો એક છોકરો હતો એ પણ યાદ હશે ?'

'છોકરો !' ઈસ્માઈલની જીભ પર કાંડો ભોંકાયો. ધીમે ધીમે કરતાં પોતે એક એવી કિનાર પર આવીને ઊભો હતો કે જો જરાક લપસી ગયો તો ઊંડી ખીણમાં જઈ પડે. બહુ સમતુલા જાળવવાની હતી. બંને આંખો પર આંગળી-અંગૂઠો દાબી, ઊંડા શ્વાસ લઈ જિગરમાં હામ એકઠી કરતો બોલ્યો: 'હા હા, યાદ આવે છે . . . બહુ ખૂબસુરત છોકરો હતો, પરાણે પ્યારો લાગે એવો હતો . . . શું નામ એનું શું ના . . . મ.'

'અમીર !' પઠાણે શબ્દોથી જાણે ગળચી પકડી હોય એવી પીડા ડોકમાં થઈ. ઝાટકા સાથે ગરદન ઊંચી કરીને બોલી ઊઠ્યો: 'હા . . . હા અમીર ! નામ પણ કેટલું ખૂબસુરત.'

'તમારી સાથે બહુ હળી ગયો હતો.' ખાનસાહેબ એક પછી એક છરકા કરતા જતા હતા અને ઈસ્માઈલ એ ઘાવ ઝીલવાની કોશિશ કરતો હતો: 'હવે યાદ આવ્યું. સફરમાં એ મારી સાથે ઘોડા પર સવારી કરતો. મને ચાચા કહેતો. ક્યાં છે એ . . .'

પણ ખાનસાહેબના મુખ પર હવે રતાશ પ્રસરવા લાગી. ઈસ્માઈલ તેની સાથે નજર મિલાવી ન શક્યો. જાણે આંખોમાંથી કપટ વંચાઈ જશે એવી ભીતિ

લાગી. હવે પોતાને ખાઈમાં પછાડવા માટે સવાલનો એક જ ધક્કો બસ હતો. જો ચૂક્યો તો ખેલ ખતમ ...

'ખાનસાહેબ ! શું તમારા ભાઈ-ભાભી લૂંટાઈ ગયાં હતાં ?'

'ના, એક ઊંડો નિસાસો બહાર પડ્યો: 'એમના જાન લૂંટાઈ ગયા.'

'યા ખુદા ! હું આ શું સાંભળી રહ્યો છું જાણે આઘાત જિરવાતો ન હોય તેમ ઈસ્માઈલ વળ ખાવા લાગ્યો. જિગર ફાટી પડવાનું હોય એમ છાતી પર હાથ દાબી દીધો: 'કહો ખાનસાહેબ કોણે આ કર્યું ? શું કામ કર્યું ?'

'એ મારે તમને પૂછવાનું છે.'

એમના અવાજમાં એકાએક કટૂતા આવી ગઈ. ઈસ્માઈલ આંખો ફાડીને પઠાણને જોઈ રહ્યો. એમની કીકીઓમાં વહેમ છે, ખાતરી છે કે કુતૂહલ ? ઈસ્માઈલને થયું કે જીભ ઝલાઈ જશે. શબ્દો આકાર પામ્યા વિના હોઠ પર વિખરાઈ જશે, દંભનો પરદો ચીરાઈ જશે જો જરાક મોડું કર્યું છે તો ... તેનો જમણો હાથ તલવારથી મૂઠ પર ગયો: 'ખાનસાહેબ, તમે એક સૈયદને આવો હલકટ ધારો છો ...' પણ પઠાણ પર એની કોઈ અસર થઈ નહીં ત્યારે તેણે બાજી પલટાવી. મ્યાનમાંથી તલવાર ખેંચી કાઢીને ખાનસાહેબના સાથમાં સોંપી: 'એનાં કરતાં આ તલવારથી મારી ગરદન ઝાટકી નાખી હોય તો સારું હતું ...'

સોનાની મૂઠવાળી તલવાર પઠાણે હાથમં લીધી. થોડીવાર તેની ચળકતી ધાર સામે જોયું, પછી ઈસ્માઈલની આંખો પર નજર માંડી: 'મેં તમારી પાસે તલવાર નહીં, જવાબ માગ્યો હતો.'

'શું જવાબ આપું હું ? મારા દિલની હાલત તમને કેમ કરીને સમજાવું .. . મારા જેવા સોદાગર માટે તમને આવો વહેમ કેમ આવ્યો ખાનસાહેબ ?'

'ત્યારે તમે સોદાગર નહોતા ...' પઠાણના શબ્દો દાંતમાં કચડાઈને બહાર આવ્યા અને ઈસ્માઈલ ભડક્યો. હમણાં કહેશે કે તમે ઠગ હતા ...

'તમે ત્યારે સિપાહી હતા.'

'ઓ ... હ !' રાહતનો દમ ખેંચ્યો ઈસ્માઈલે: 'તમારી વાત સાચી છે. આપના ભાઈજાનની જેમ હું પણ ઈન્દોર નોકરીએ ચડવા જતો હતો. એમણે અમારો સથવારો સાધ્યો. અમે એમની સલામતીની ખાતરી આપી ..'

'એટલે ભાઈજાને એમના વળાવિયાને પોણા રસ્તેથી પાછા મોકલી દીધા.'

ખાનસાહેબ તોળીતોળીને બોલતા હતા: 'એ અને વળાવિયામાં અમારો અબ્દુલ પણ હતો ત્યાર પછી સફરમાં શું બન્યું એ મારે તમારી પાસેથી જાણવું છે.'

છેલ્લું વાક્ય બહુ ધારદાર હતું.

'એટલે અબ્દુલને વહેમ છે કે મેં ઘાતકી કામ કર્યું ?'

'ના. અબ્દુલને ખાતરી છે.' ખાનસાહેબે જરા અટકીને ઉમેર્યું: 'પણ મને વહેમ છે.'

ગરમ લોહીવાળા પઠાણ આટલી ટાઢકથી બોલતા હતા એટલે ઈસ્માઈલનો ડર વધવા લાગ્યો. પોતે એને તલવાર સોંપીને મૂર્ખાઈ કરી બેઠો છે એનો અફસોસ કરવાનોય હવે વખત રહ્યો નહોતો. એનો વહેમ ખાતરીમાં પલટાઈ જાય એટલો જ ફાસલો રહ્યો હતો-જિંદગી અને મોત વચ્ચે . . .

'વહેમનું કોઈ ઓસડ નથી ખાનસાહેબ ! મારી તલવાર આપના હાથમાં છે અને લ્યો, ગરદન પણ ઝૂકાવી લઉં છું.'

પાંચદસ પળ તેણે ગરદન ઝૂકાવેલી રાખી એટલીવાર મોતનો બોજ માથા પર ઝળુંબી રહ્યો. ખભાને કંઈક અડક્યું ત્યારે આખું શરીર ધ્રુજી ગયું પણ એ ખાનસાહેબનો હાથ હતો: 'મિયાં, હું, તો પંદર વરસથી આ રીતે ગરદન ઝૂકાવીને જીવી રહ્યો છું . . . જેને મેં મારી બેટી તરીકે ઓળખાવી એ હકીકતમાં તો ભત્રીજી છે-ભાઈ-ભાભીની એ એકની એક નિશાની મને વારંવાર પૂછી રહી છે કે ક્યાં છે મારા અબ્બા-અમ્મી . . . ક્યાં છે મારો ભાઈ ?'

ધીમે ધીમે ઈસ્માઈલે ગરદન ઊંચકી ત્યારે એની આંખો આંસુથી ઊભરાઈ ચૂકી હતી. અવાજ પણ એકદમ ગળગળો થઈ ગયો હતો: 'કાશ હું આનો જવાબ આપી શક્યો હોત તો . . .'

એનો નકલી આંસુએ પઠાણના અસલી વહેમને ધોઈ નાખ્યો. અપરાધ કરનાર આટલીવાર સુધી પૂછપરછનો સામનો કરી ન શકે. પોતાની તલવાર સામાને સોંપી દઈ ગરદન ઝૂકાવવાની હિંમત ન કરી શકે . . . ખાનસાહેબની આંખોમાંથી ગરમગરમ આંસુ દડવા લાગ્યાં. આંખો લૂછવા માટે તેમણે તલવાર ઈસ્માઈલને સોંપી દીધી: 'આને હવે મ્યાનમાં મૂકી દો. તમારી શરાફતની મને ખાતરી થઈ ગઈ, અબ્દુલનો વહેમ ખોટો સાબિત થયો.'

દિલ પરથી ભયનો રાક્ષસ હઠી ગયો હોય એવી રાહત અનુભવી ઈસ્માઈલે.

પણ મોં પર જરાય દેખાવા દીધું નહીં. પઠાણને પૂરેપૂરો પલાળી દેવા તેણે જબાન ચલાવી: 'ખાનસાંબ, એક જ મજલ બાકી હતી ત્યારે આપના ભાઈ-ભાભી અમારાથી અલગ પડ્યાં વરસાદની એ રાત હતી. ઈન્દોર પહોંચવા માટે અમે રસ્તામાં રાતવાસો કરવા માગતા નહોતા. પણ તમારા ભાઈજાન બીજા મુસાફરોની સલાહ પર જિદ કરી બેઠા: અમે બરસાતી રાતમાં આગળ વધવા નથી માગતા. મને લાગે છે, પેલા મુસાફરોએ એમને ભડકાવ્યા હશે, આપના ભાઈજાન પાસે જોખમ હતું એ તો એમણે પહેલેથી અમને કહી દીધેલું. અમારે કોઈ હિસાબે બીજી સાંજ પહેલાં ઈન્દોર પહોંચવાનું હતું-નોકરિયાત સિપાહી રહ્યા, મોડા પડીએ તો સારી નોકરી ગુમાવવી પડે ...'

ઈસ્માઈલ થોડું રોકાયો. પઠાણ ધ્યાનથી પોતાની વાત સાંભળે છે એની ખાતરી કરીને તેણે આગળ ચલાવ્યું: 'મને લાગે છે કે પેલા મુસાફરોની દાનત મેલી હતી. તમારા ભાઈજાને એમની મીઠી મીઠી વાતોમાં આવીને અમારો સંગાથ છોડી દીધો ... કોને ખબર કે એ ક્યામતની રાત બની જશે !'

ફરી પાછાં આંસુ વહાવ્યા ઈસ્માઈલે :

'એ લૂંટારાઓ જો સામા મળે તો એમની ખાલ ઉખેડી નાખવાનું મન થાય છે મને.'

'એ લૂંટારા નહીં ઠગ હતા !' ખાનસાહેબે ફરી ઈસ્માઈલની આંખનાં આંસુને વરાળ બનાવી દીધાં.

'ઠગ !' ઈસ્માઈલની જીભ દાંતમાં કચડાતી રહી ગઈ 'તમને કેવી રીતે ખબર પડી ?'

'અમને બીજી એક વાતની પણ ખબર પડી !'

'શું ?' ઈસ્માઈલને પઠાણ હવે ઊંડા દિલનો લાગ્યો. બધું જાણે છે છતાં કહી દેવાની અધીરાઈ દેખાડતો નથી ! દરેક વાત તે પોતાને ભડકાવીને ભરમાવીને કહે છે.

'મારા ભાઈ-ભાભીને ખતમ કરીઠગલોકો માસૂમઅમીરને ઊઠાવી ગયા છે.'

વીજળીની જેમ એ શબ્દો ઈસ્માઈલના કાળજે ત્રાટક્યા. બસ પઠાણ તેનું કાંડું પકડીને કહે કે તું જ ઠગ છો એટલી વાર હતી.

'શું વાત કરો છો.' પૂછતાં પૂછતાં તેનો શ્વાસ અધ્ધર ચડી ગયો: 'અમીર

જીવતો છે એની તમને પાકી ખાતરી છે ?'

'હા, અમારા મહોલ્લાના ફાતિમા ડોશીએ એને જોયો છે.'

'ફાતિમા ડોશી !' એ નામ લેતાં જાણે કાળો નાગ ડંખ્યો હોય એવી રાડ પડાઈ ગઈ. ખાનસાહેબ તેના આ વર્તનથી સહેજ ચમક્યા અને ઈસ્માઈલ સાવધ બની ગયો: 'માફ કરજો. અમીર જીવતો છે એ જાણીને હું આવેશમાં આવી ગયો. કોણ છે એ ફાતિમા ડોશી ! ક્યાં જોયો હતો તેણે અમીરને ? ચાલો મને એની પાસે લઈ જાવ ...'

એકીશ્વાસે બોલવા જતાં એ હાંફી ગયો. તેનો ચહેરો પસીનાથી રેબઝેબ થવા લાગ્યો. એ જાણતો હતો કે ફાતિમા હયાત નથી, તેની પાસે એને કોઈ લઈ જવાનું નથી છતાં આજ સુધી પોતે ભ્રમમાં જીવતો હતો કે અમીરની વાત કોઈ જ જાણતું નથી એ ભ્રમના ફૂરચેફૂરચા ઊડી ગયા એનો આઘાત તેને બહુ વસમો લાગ્યો.

'મિયાં તકદીર અમારી સાથે કોઈ ક્રૂર રમત રમી રહ્યું છે.' પઠાણે દર્દના ઊભરા જેવો ભારે નિસાસો ઠાલવ્યો: 'એ ડોશી હજ કરવા ગઈ ત્યારે અમીર તેની નજરે ચડી ગયો. ઘણા દિવસ લગી વાત મનમાં રાખી પણ એ ઝેર બિચારી પચાવી શકી નહીં ... મોત સામે આવ્યું ત્યારે બધું કહેવા ગઈ પણ પૂરું કહી શકી નહીં.' સાંભળનારાઓ એટલું જ સમજી શક્યા કે અમીર જીવતો છે, ઠગના ઘરમાં ... અને ડોશી ખુદાને પ્યારી થઈ ગઈ.'

'સારું થયું ...' ઈસ્માઈલની જીભ કચરાઈ ગઈ અને ખાનસાહેબને ઝાટકો લાગ્યો: 'શું સારું થયું ?'

'એ ... જ કે અમીર હયાત છે એટલું તો આપણે જાણી શક્યા. ઈસ્માઈલે ચાલાકીથી વાત વાળી લીધી: ક્યારેક એનો ભેટો થવાની તસલ્લી તો મળી ...'

'યા ખુદા ! એ તસલ્લી પીડા બની ગઈ છે મિયાં ! અમે તો જખમ સીવીને બેસી ગયાં છીએ, પણ બિચારી છોટી એના ભાઈને ભૂલી શકતી નથી, એની નજર હંમેશા અમીરને ઢૂંઢતી હોય છે. એના કરતાં તો ડોશીએ જાણ ન કરી હોત તો સારું થાત ...'

થોડીવાર સુધી કોઈ કાંઈ બોલ્યું નહીં. ઈસ્માઈલ હવે ત્યાંથી ભાગી છૂટવા માગતો હતો. અમીરની યાદે એને બેચેન બનાવી દીધો હતો. એ હેમખેમ તો

હશેને ? મારા જઠ્ઠાણાના બદલામાં ખુદા કોઈ એવી સજા તો નહીં કરે કે હું જિંદગીભર પસ્તાયા કરું . . .

'આપને આવી હાલતમાં છોડીને જવાનું દિલ નથી થતું ખાનસા'બ પણ . . .'

'નહીં નહીં . . . તમને બહુ રોકી રાખ્યા. મારું દુઃખ રડવામાં તમને ન કહેવાનું મેં કહી દીધું.'

'આપ મને હવે પરાયો ન ગણો ખાનસા'બ.' ઈસ્માઈલે ઊભા થવાની ઉતાવળ સાથે કહ્યું: 'અમીર તમારો બેટો હતો તેમ મારો પણ . . .'

તે આગળ ન બોલી શક્યો. અમીરને માટે 'હતો, શબ્દ વાપરતાં જીવ ન ચાલ્યો. ખાનસાહેબે હાંક મારીને અબ્દુલને બોલાવ્યો. અબ્દુલને બદલે પંદર વરસની અમીરની બહેન સામે આવી. એની આંખોમાં લાલાશ વરતાતી હતી. કદાચ બારણા પાછળથી તેણે બધું સાંભળ્યું હોય એવું અનુમાન કર્યું. અચાનક તેને એ છોકરી પર હેત ઊભરાઈ આવ્યું. ખિસ્સામાં હાથ નાખી એક કીમતી માળા બહાર કાઢી :

'ખાનસા'બ. મારો હાથ પાછો વાળશો નહીં.' ઈસ્માઈલે આજીજી કરીને માળા છોકરી તરફ ધરી: 'હું એને મારી બેટી માનીને આપું છું.'

પણ છોકરી વધુ વાર ત્યાં ઊભી રહી શકી નહિ. માળા લેવાને બદલે તે સડસડાટ અંદર ચાલી ગઈ. ઈસ્માઈલ ભોંઠો પડી ગયો અને ખાનસાહેબની ગરદન ઝૂકી ગઈ :

'બૂરું ન લગાડશો. એને એના ભાઈ સિવાય દુનિયાની કોઈ ચીજમાં દિલચસ્પી નથી.'

ઈસ્માઈલના કાળજે કરવત ફરી ગઈ. માળા ગાદી પર મૂકીને તે દરવાજે ઊભેલા અબ્દુલની પાછળ બહાર નીકળી ગયો. સલામતી આપ-લે કરવાનું પણ બેમાંથી કોઈને સૂઝ્યું નહીં.

દાદરો ઊતરતી વખતે બે વિચારો ઈસ્માઈલના દિલ પર સવાર થઈ ગયા. એક તો આગળ ચાલતા અબ્દુલને અંધારામાં ગૂંગળાવીને ખતમ કરી નાખવાનો અને બીજો . . .'

અમીર તેની બહેનને પાછો સોંપી દેવાનો . . .

*

૩૧

પઠાણના ઘરનો દાદર ઊતરતી વખતે ઈસ્માઈલને ચડેલો ગુસ્સો અને જુસ્સો બહારની ખુલ્લી હવામાં વધુ વાર ટકી શક્યો નહીં. ત્રણચાર કલાકમાં જે અદ્‌ભુત ઘટના બની ગઈ તે એક ખ્વાબ જેવી લાગવા માંડી. પોતે સહીસલામત બહાર નીકળી શક્યો એ પણ એક ચમત્કાર જેવું જ હતું ને ? અબ્દુલે તેને જાળમાં સપડાવ્યો એટલે એને ખતમ કરવાનું ઝનૂન ચડી આવ્યું હતું અને નીકળતી વખતે અમીરની બહેનની આંખોમાં આળોટતી વેદનાએ તેની માણસાઈને જગાડી હતી. બદલો લેવાની, તેમજ અમીરને સોંપી દેવાની વિરોધી વૃત્તિઓ ક્ષણિક આવેશમાં જાગી હતી . . . પણ બગીમાં બેસીને જેમ જેમ એ આગળ વધતો ગયો તેમ મતલબી માયા જોર કરવા લાગી.

હવે અબ્દુલને મારવાની શી જરૂર હતી ? એમ કરવાથી તો પઠાણનો ભૂંસાઈ ગયેલો વહેમ સળવળી ઊઠશે . . . અને અમીરને પાછો સોંપી દેવાની મૂર્ખાઈ શું કામ કરવી જોઈએ ? એ હવે મારો જ બેટો રહેશે. એની બહેનને જેટલી અમીરની જરૂર છે એટલી જ મારે જરૂર છે. એ તો એના ભાઈની સાથે દોઢ જ વરસ રહી હતી જ્યારે સમજણી પણ થઈ નહોતી . . . અને હું પંદર-પંદર વરસથી એની સાથે માયા બાંધી બેઠો છું એ કેમ છૂટે ?

'જનાબ સરાઈ આવી ગઈ.' બગી ઊભી રહ્યા છતાં ઈસ્માઈલ વિચારમાં બેસી રહ્યો ત્યારે અબ્દુલે નીચે ઊતરીને તેને તંદ્રામાંથી જગાડ્યો: 'નિંદ આવી ગઈ કે શું ?'

'હેં . . . હેં . . .' ઈસ્માઈલ ઝબક્યો. નીકળતી વખતે તેણે નક્કી કરેલું કે બગીને

સરાઈથી પંદર-વીસ કદમ છેટે જ ઊભી રખાવીશ. કદાચ અમીર હજુ અહીં જ હોય અને અબ્દુલની નજરે ચડી જાય તો ?

ઝટપટ તે નીચે કૂદી ગયો. ખિસ્સામાંથી મુઠ્ઠી ભરીને સિક્કા કાઢ્યા અને અબ્દુલને આપવા માંડ્યા. પેલાએ લેવાની આનાકાની કરી ત્યારે ઈસ્માઈલે તેનો હાથ ખેંચી પરાણે બક્ષિસ આપી દીધી: 'તારા જેવા વફાદાર નોકરને જેટલું આપું તેટલું ઓછું છે.'

અબ્દુલ ગળગળો થઈ ગયો: 'જનાબ એ આપની ખાનદાની છે . . . મેં આપને માટે કેવી બૂરી શંકા કરી અને બદલામાં આપ મને ઈનામ આપી રહ્યા છો !

'અબ્દુલ તું હવે જા રાત ઘણી થઈ ગઈ છે.' ઈસ્માઈલને તેની હાજરી અકળાતી હતી: 'અને ખાનસાહેબને કહેજે કે આપની મહેમાંનવાજી હું જિંદગીભર ભૂલીશ નહીં.'

સલામ કરીને અબ્દુલે ગાડી પાછી વાળી લીધી એ દેખાતો બંધ થયો ત્યારે ઈસ્માઈલને અટ્ટહાસ્ય કરવાની ઇચ્છા થઈ આવી. પણ સરાઈનાં સૂનકારે તેની છાતી થડકાવી દીધી: 'શું હજુ એ લોકો પાછા નહીં આવ્યા હોય ? બધા હેમખેમ તો હશે ને ?

ખુદાનું નામ લેતાં તેણે બદ્રીની ઓરડીની સાંકળ ખખડાવી. 'કોણ ?' એવો અવાજ સંભળાયો ત્યારે ભારે ધરપત અનુભવી. એ બદ્રીનાથ જ છે.

'ઓહ સરદાર આપ !' બદ્રી ચોંક્યો. ઈસ્માઈલના સવાલે તેને વધુ ભડકાવ્યો: 'અમીર અહીં નથી ?'

'કેમ, એ તો ક્યારનો ઉતારે ગયો છે.' બદ્રીનો અવાજ ધ્રૂજવા માંડ્યો: 'હજુ . . . આવ્યો નથી ?'

'નહીં નહીં એવું કાંઈ નથી.' ઈસ્માઈલની ખુશાલી હવે અસ્તી ન રહી: 'હું સાંજનો બહાર નીકળી ગયો હતો. થયું કે જતાં પહેલાં અહીં પૃચ્છા કરતો જાઉં'

'અરે એ તમને ખુશખબરી આપવા એટલો અધીરો થયો હતો કે થાક ખાવાય રોકાયો નહીં.'

બદ્રી હજુ એમ કહેતો હતો ત્યાં ઈસ્માઈલે પાછા વળવા પગ ઉપાડ્યા. એનું વર્તન બદ્રીને કાંઈક વિચિત્ર લાગ્યું. ભોંયરાના સાહસમાં શું બન્યું એ જાણવા પણ

રોકાતા નથી ? બીજા બધાના ખબરેય પૂછતા નથી !

બદ્રી દરવાજા સુધી પાછળ ગયોઃ 'સરદાર, જરા ખમો તો ખરા, ભારે દલ્લો હાથ લાગ્યો છે. અમીરની બહાદુરી સાંભળીને તમારી છાતી ફુલાઈ જશે ...'

'બદ્રી મને ઉતાવળ છે ... હું અમીરની પાસેથી જ એ સાંભળવા માગું છું.' ઈસ્માઈલના બોલવામાં થોડી તોછડાઈ આવી ગઈ. બદ્રીએ પૂછ્યું કે આપનો ઘોડો ક્યાં ? ત્યારે પણ પાછું જોયા વિના જ કહી દીધુંઃ 'હું ચાલીને જ આવ્યો છું ... અને આપણે હવે જલદી અહીંથી નીકળી જવાનું છે.'

બદ્રી સમસમીને ઊભો રહી ગયો. એવું તે શું બન્યું છે કે સરદારને ખજાનાની વાત સાંભળવા કરતાં અમીરને મળવાની તાલાવેલી સતાવે છે ? હૈદ્રાબાદ જલદી છોડી જવાની સૂચના શા માટે આપી ?

બેટાને હેમખેમ જોવા માટે ઈસ્માઈલને દોડવાની ઈચ્છા થઈ આવી. વળાંક લીધા પછી તે તોડું દોડ્યોય ખરો ... પણ બગી લઈને આગળ ગયેલા અબ્દુલનો ખ્યાલ આવ્યો અને તેના પગ ઢીલા પડવા માંડ્યા. પોતાને આમ દોડતો જોઈને સાઈસ જરૂર વહેમાશે અને ફરી આફત ઊભી થશે.

'યા પરવરદિગાર ! ફરી આવી આકરી કસોટીમાં ક્યારેય નહીં ઉતારતો.'

ધબકતા દિલે અને કળતા પગે ઈસ્માઈલ ઘર તરફ ઘસડાતો હતો.

નોકરે દરવાજો ઉઘાડીને તેની સામે બાઘાની જેમ જોયું. તેના આવકારમાં આનંદ હતો તેમ વિસ્મય પણ હતું.

'અમીર ક્યાં છે ?' કહેતો તે અંદરના કમરા તરફ જવા લાગ્યોઃ 'અમીર ! અમીર !' જાણે વરસો બાદ બાપ-બેટો મળવાના હોય એવો આવેશ તેના અવાજમાં વરતાયો.

'એ તો આવીને ગયા !'

'ક્યાં ?' પૂછતાં તેનો સાદ ફાટી ગયો.

'આપની તલાશમાં.' નોકરથી સવાલ પૂછાઈ ગયોઃ 'આપ નમાજ પઢીને આવવાનું કહી ગયેલા તેને બદલે ...'

'મને મોડું થયું પણ મારી તલાશમાં એ ક્યાં ગયો ?' બોલવામાં રોષ ઊભરાઈ આવ્યોઃ 'હું આવડો મોટો થોડો ખોવાઈ જવાનો હતો ? એને અત્યારે બહાર જવાની

શું જરૂર હતી …'

ઈસ્માઈલ ઉચાટમાં આંટા મારતો બબડતો જતો હતો ત્યારે એનું ધ્યાન બીજે દોરવા નોકરે કહ્યું: 'અમીરમિયાં કહેતા ગયા છે કે માલિક આવે એટલે એમને આ બધો માલ જોઈ જવાનું કહેજે.'

કમરાના એક ખૂણામાં પડેલા ચાર કોથળા પર ઈસ્માઈલનું ધ્યાન હવે ગયું. બદ્રીએ કહેલું યાદ આવ્યું: 'બહુ સારો દલ્લો લઈ આવ્યા છીએ ! ઈસ્માઈલે એક કોથળો ઊંચકીને નીચે મૂક્યો. ધાતુનો રણકો સાંભળીને અનુમાન કર્યું કે સોના-ચાંદીના સિક્કા અથવા કીમતી ઝવેરાત હોવું જોઈએ … છતાં ખુશાલી ન ઊપજી. તેની આંખો તો અમીરને જોવા તલસતી હતી: દુનિયાભરનો ખજાનો મળે તો પણ અમીરને ગુમાવીને હું ગરીબ બની જવાનો.

મનને મનાવ્યું: એ હેમખેમ આવી ગયો છે, મને શોધવા બહાર જ ગયો તેમાં આટલી બધી ફિકર શા માટે કરવી ? ગામમાં ચક્કર લગાવીને હમણાં પાછો આવશે … પણ સાંજની ઘટનાએ તેને ભયભીત કરી મૂક્યો હતો અને ગમે એટલું મનાવવા છતાં મનને તસલ્લી થતી નહોતી.

'હું હમણાં જ આવું છું.' કહીને તેણે પગરખાં પહેરવા માંડ્યાં. દરવાજો ઉઘાડતાં પહેલાં અમસ્તું જ પૂછ્યું: 'એ કઈ તરફ ગયો છે ?'

'ચારમિનાર બાજુ જવાનું કહેતા'તા.'

'ચારમિનાર તરફ !' જાણે રાડ પડાઈ ગઈ તેનાથી બીજા જોડામાં નાખવા માટે ઊંચકેલા પગમાં આંચકો લાગ્યો. અડધા ઉઘાડેલા બારણાને પૂરું ઉઘાડવાની પણ તાકાત ન રહી હાથમાં …

પાપ કાળજે ચટકાં ભરવા માંડ્યું. એ ચારમિનાર તરફ જતો હશે ત્યારે જ બગી લઈને પાછો ફરતો અબ્દુલ તેને જોઈ ગયો હોય … એની નજર ભારે ચકોર છે. કદાચ કાંઈક પૂછપરછ કરી બેસે. કદાચ અમીર તેને પૂછતાછ કરવા માંડે … પોતાની ઓળખાણ આપે, નામ જણાવે … તો તો આવી જ બને !

'આપ એને ગોતવા જશો અને એ અહીં આવી ચડશે તો વળી ઉપાધિ.' નોકરની આ વાત ગળે ઊતરી હોય એવો દેખાવ કરીને ઈસ્માઈલે બહાર જવાનો વિચાર માંડી વાળ્યો.

અમીરની રાહ જોવા માટે વિતાવેલો એ અર્ધો કલાક તેને નરકની યાતના

જેવો પીડાકારક લાગ્યો. ભયનું ભૂત વળગે છે ત્યારે જોરાવર દેખાતો માનવી પણ કેવો લાચાર બની જાય છે !

ઘોડાના ડાબલા સંભળાયા. ઈસ્માઈલ બારી તરફ દોડ્યો, ડોકાયો અને ચિલ્લાયોઃ 'અમીર !'

રાતનો સન્નાટો ખળભળી ઊઠ્યો.

'બા .. પુ !' અમીરે પણ નીચેથી જ હાંક મારીઃ 'તમે આવી ગયા છો.'

અમીર દોડતો ઉપર ધસી આવ્યો. દરવાજા પાસે બાપ-બેટો છાતી ભીંસીને ભેટી પડ્યા. છૂટા પડતી વખતે ઈસ્માઈલનું ધ્યાન ગયુંઃ 'અરે તારી આંખમાં આંસુ કેવાં ?'

'આનંદના આંસુ છે બાપુ !' અમીરે ઝટપટ આંખો લૂંછીઃ 'મેં તો કેવી શંકા-કુશંકા કરી નાખી હતી.'

ઈસ્માઈલ ભડક્યો. દીકરા માટે પોતાને ફિકર કરવાનું કારણ હતું, પણ અમીર મારા અંગે આવો બેબાકળો શું કામ બની ગયો હશે ? મને ભેટતી વખતે તે આટલો લાગણીવશ કેમ થઈ ગયો ? બેટો બાપ માટે આટલી ફિકર ધરાવે છે એ જાણીને આનંદ પામવાને બદલે ઈસ્માઈલને કાંઈક ખટક્યું.

'અમીર તું તો જાણે મારો બાપ હોય એમ મને ગોતવા નીકળ્યો !' આમ કહેતી વખતે બનાવટીપણે હસ્યોઃ 'તેં કેમ માની લીધું કે હું ચારમિનાર બાજુ ગયો છું ?'

જવાબમાં અમીરની ગરદન ઝૂકી ગઈ. એની ખામોશી ઈસ્માઈલનું કાળજું ખોતરવા લાગી. અમીર જરૂર કાંઈક મારાથી છુપાવે છે એટલે જ મારી સાથે નજર મિલાવી શકતો નથી. ધીમે ધીમે ઈસ્માઈલ દીકરાથી દૂર ખસવા માંડ્યા. એને ભય લાગ્યોઃ 'કદાચ અમીર બધું જ જાણી ચૂક્યો હશે . . .

'મનસૂર, તું હવે જા સૂઈ જા.' અમીરે નોકરની હાજરી ટાળવા માટે કહ્યું ત્યારે તો ઈસ્માઈલને લગભગ ખાતરી થઈ ગઈ કે એ જ આ બાબત છે.

નોકર ગયા છતાં બેમાંથી કોઈને બોલવાનું સૂઝતું નહોતું. અમીર ધીમા પગલે કમરાની બારી પાસે ગયો. બાપ તરફ પીઠ રાખી તેણે પૂછ્યું :

'તમે વાળું પતાવ્યું ?'

'હા બેટા, એક પઠાણ સાથે જૂની ઓળખાણ નીકળી એ મને તો ઘેર ખેંચી ગયો. એમાં તો મોડું થયું ...'

અટકતો-અટકતો ઈસ્માઈલ બોલતો હતો. દીકરાની પીઠ પર તાકીને તે એના મનોભાવ જાણવા મથતો હતો. પઠાણનું નામ સાંભળીને અમીરના ખભા સહેજ થથરેલા એ પણ તેના ધ્યાન બહાર ન રહ્યું.

'ત્યારે મારું અનુમાન સાચું પડ્યું.'

'શેનું અનુમાન અમીર ?' ઈસ્માઈલનો અવાજ તરડાવા લાગ્યો. અમીરે જરાક ડોક ફેરવી :

'મહોરમની સાંજે એક માણસ તમને ઓળખી ગયો ત્યારે તમે ભીડમાં તેનાથી છટકી ગયા. ત્યાર બાદ ચાર દિવસ તમે ઘરની બહાર ન નીકળ્યા ...'

વાક્યે વાક્યે ઈસ્માઈલની છાતી ભીંસાવા લાગી. શું આજ બધી બાજુથી તેની કસોટી જ થવાની છે ?

'તેં એ કેમ જાણ્યું ?' હસવાનો પ્રયત્ન કર્યો છતાં અવાજ બોદો નીકળ્યો: 'તું શું મારી જાસૂસી કરે છે ?'

હવે ઝાટકા સાથે અમીર ડોક મરડી. બાપની સામે જોયું પણ ઈસ્માઈલે નજર ફેરવી લીધી.

'અજાણતાં જ હું એ જોઈ ગયો હતો અને જાણી ગયા પછી મેં તમારાથી છાનું રાખ્યું.' અમીરનો સાદ ભીંજાયો: 'તમે એને જાસૂસી કહો છો બાપુ ?'

'અરે, એમાં તું આમ બેબાકળો કેમ થઈ ગયો !' ઈસ્માઈલ નજીક ગયો પણ તેના પગમાં ભાર વર્તાતો હતો: 'એ શખ્સ કાંઈ પઠાણ નહોતો.'

'હા બાપુ, એ પઠાણનો નોકર હતો.'

ખલાસ ! ઈસ્માઈલને લાગ્યું કે દીકરો હવે તેના ગુન્હાની ઊલટતપાસ લઈ રહ્યો છે. તેને થયું: 'એને બીજી વાતે ચડાવી દઉં અથવા ઠપકો આપીને બોલતો બંધ કરી દઉં ... પણ એમ કરવું ત્યારે અજુગતું લાગ્યું તેને બદલે તે કેટલું જાણે છે એ જાણી લેવાની વધારે જરૂર હતી.

'તેં આ બધું ક્યાંથી જોયું-કેવી રીતે જાણ્યું ?'

અમીરે ઊંડો નિસાસો નાખ્યો: 'તમને યાદ હશે, મહોરમની સાંજે હું

જોહરાને ત્યાં હતો.'

જોહરાનું નામ ઉચ્ચારતા જ ઈસ્માઈલના દાંત ભીંસાયા પણ તેણે અમીરને બોલતો રોક્યો નહીં.

'જોહરાના મકાનની પાછલી બારી ચારમિનારના રસ્તા પર પડે છે. ત્યાં ઊભા ઊભા મેં એ જોયું હતું.'

ઈસ્માઈલના કપાળ પર પસીનો વળવા માંડ્યો :

'પણ તને કેમ ખબર પડી કે એ આદમી પઠાણનો નોકર છે ?'

'કારણ કે તમારાથી છૂટો પડીને તે સામેના મકાનમાં દાખલ થયો, જેના બીજા મજલે પઠાણ રહે છે.'

હવે ઈસ્માઈલ પીઠ ફેરવી ગયો. ભય તેના ગળચી દબાવી રહ્યો હતો:

'તારે એમાં ઊંડા ઉતરવાની શું જરૂર હતી ?'

'કારણ કે મને તમારો જાન જોખમમાં લાગ્યો.' અમીર જરાય અચકાયા વિના બોલતો હતો: 'મને ખબર પડી કે એ પઠાણના ભાઈ-ભાભી વરસો પહેલાં ઠગના શિકાર બન્યા છે.'

'અમીર !' ત્રાડ પડાઈ ગઈ ઈસ્માઈલથી.

અમીરને બાપના આ ક્રોધમાં અપરાધનો એકરાર પડઘા પાડતો સંભળાયો . . . પણ એમાં તેમણે આટલા બધા અકળાવાની શી જરૂર ?

'તમે તો બાપુ એવી રીતે વર્તી રહ્યો છો જાણે હું પરાયો હોઉં !'

'પરાયો !' ઈસ્માઈલના અંગેઅંગમાં ઝાળ લાગી: 'એટલે તું શું કહેવા માગે છે ?'

અમીર ધીમે ધીમે બાપની નજદીક ગયો. પીઠ પાછળ પહોંચી એમના ખભા પર બંને હાથ મૂક્યા: 'બાપુ ! તમે ઠગ છો, હું પણ હવે ઠગ બન્યો છું . . . પછી મારાથી ભેદ શું કામ રાખો છો ? એ પઠાણના ભાઈ-ભાભી તમારો શિકાર બની ગયાં હોય તો એમાં મને શી લેવાદેવા . . .'

અરે અમીર તને કેમ કરીને સમજાવું . . . તારે આ દુનિયામાં સૌથી વધુ લેવાદેવા પઠાણના એ ભાઈ-ભાભી સાથે જ હતી !

'તમે ચૂપ કેમ છો બાપુ ?' અમીર ગળગળો થઈ ગયો: 'તમારાં કપડાં

પસીનાથી પલળી ગયાં ! શું એ પઠાણ જાણી ગયો છે કે …'

'નહીં નહીં અમીર' ઈસ્માઈલે ઝડપથી મન પર કાબૂ મેળવી લીધો: 'એવું કંઈ નથી હું એના મનનો વહેમ ખંખેરી નાખવા જ તેનો મહેમાન બન્યો હતો. તેની દરેક ઊલટ તપાસમાંથી પાર ઊતરીને પાછો આવ્યો છું.'

તો પછી આવી ઠંડીમાં પસીનો કેમ વળી ગયો એમ પૂછવા જતો હતો અમીર, પણ બાપની ઊલટતપાસ લેવાનું અજુગતું લાગ્યું. વાત બદલવા માટે તેણે બીજું પૂછ્યું પણ તેનાથી તો વાત આગળ વધી :

'બાપુ તમે પેલી છોકરીનેય ત્યાં જોઈ હશે ?'

'કઈ છોકરી ?'

'એ પઠાણની ભત્રીજીને …' અમીરથી નિસાસો નખાઈ ગયો: કહે છે કે એ બિચારીને તેના મા-બાપ કરતાં ભાઈની જુદાઈ વધુ સતાવે છે.'

ફરી ઈસ્માઈલ વિહ્વળ બની ગયો: 'એ કોણે કહ્યું તને ?'

'કહું છું કે જોહરાએ આ બધી વાત કરી હતી' જોહરાના નામ પર ઈસ્માઈલને ફરી અણગમો ઉપજ્યો પણ એ અમીરની નજરે ચઢ્યું નહીં. 'બાપુ, મેં વાત સાંભળી ત્યારે મનેય અફસોસ થયો હતો.

ઈસ્માઈલ ખામોશ જ રહ્યો.

'એ છોકરીના ભાઈને જીવતો રહેવા દીધો હોત તો … ચાર-પાંચ વરસના છોકરાને મારતાં તમારો જીવ કેમ ચાલ્યો ?'

'અમીર !' ઈસ્માઈલનું દિલ હચમચી ઊઠ્યું. જબાન પર શબ્દો આવી ગયા કે એ છોકરાને મેં જીવતો જ રાખ્યો છે … પણ એમ કહી દેવાથી બીજા અનેક સવાલોનો સામનો કરવો પડશે. એ પૂછશે કે છોકરો ક્યાં છે ? એ જીવતો હોય તો એની બહેનનાં સુખને ખાતર પણ આપણે પઠાણને એની જાણ શું કામ ન કરવી … ના ના, હવે વાતને અહીં ખતમ કરી દેવી પડશે ફરી ક્યારેય અમીરને સવાલ કરવાનો મોકો ન મળે એ રીતે આ કિસ્સાને દાટી દઉં 'મને શું કામ પસીનો વળે છે એનું કારણ તારે જાણવું છે ને તો સાંભળ, એ છોકરાને જીવતો રાખવાની મારી ખ્વાહિશ હતી પણ એ પહેલાં તો પેલા કમબખ્ત ગણેશાએ તેનું ગળું ભીંસી દીધું.'

ગણેશાનું નામ પહેલીવાર બાપની જબાનેથી સાંભળીને અમીરને આશ્ચર્ય થયું. સાથે સાથે ગણેશા માટે એમને આટલો બધો અણગમો કેમ છે એનું કારણ પણ જાણવા મળ્યું.

'બેટા, વાત નીકળી છે એટલે કહું છું. ગણેશાના એ ઘાતકીપણા પર મને એટલી બધી નફરત જાગી કે મેં તેને એ જ ઘડીએ ટોળામાંથી હાંકી કાઢ્યો . . . ભવિષ્યમાં તું પણ એનાથી ચેતતો રહેજે. એની કોઈ વાત સાચી નહીં માનતો.'

વાતને ત્યાં પૂરી કરવા માટે, જાણે અચાનક ખૂણામાં પડેલી થેલીઓ પર નજર ગઈ હોય તેમ ઈસ્માઈલ બોલી ઊઠ્યોઃ 'અરે, તું શું ખજાનો લઈ આવ્યો છે એ તો મને દેખાડ-'

ઘડીભરમાં વાતાવરણ પલટાઈ ગયું. અમીરનું દિલ ખુશાલીથી ઉછળી પડ્યુંઃ 'એ જોઈને બાપુ તમે ચકિત થઈ જશો. તમારી આંખો માનવા તૈયાર નહીં થાય.'

અને ખરેખર બેટાના પરાક્રમનો પૂરાવો નિહાળીને ઈસ્માઈલ બેહદ ખુશ થઈ ગયો. આવો બહાદુર દીકરો કોઈને સોંપી કેમ દેવાય ?

'અમીર હવે આપણે અહીં વધુ રોકાવું ન જોઈએ. પરમ દિવસે નીકળી જવાનો મેં ફેંસલો કર્યો છે. કાલે બધી તૈયારી કરી નાખવાની છે.'

'હં !' અમીરને આંચકો લાગ્યો. ખજાનો હાથ લાગ્યા બાદ તેને જોહરા બહુ યાદ આવવા માંડી હતી. તેણે એક વિચાર પણ કરી નાખ્યો હતો. જોહરાની ઓરમાન માને પાંચસો રૂપિયાનું નઝરાણું આપીને બદલામાં જોહરા પાછી મેળવી લઈશ.

હૈદ્રાબાદ છોડી જવાની વાત અમીરને જચી નથી એ ઈસ્માઈલ કળી ગયો. છતાં આ બાબતમાં તે નમતું જોખવા તૈયાર નહોતો. અમીરને મનાવી લેવા માટે તેની પાસે સધ્ધર બહાનુંય હતુંઃ 'બેટા, આજે સાંજે જે કાંઈ બની ગયું તે જોતાં આપણું અહીં રોકાવું એ જોખમ નોતરવા જેવું છે, એટલામાં સમજી જા.'

'ભલે, જેવી તમારી મરજી.' એમ કરીને અમીરે ઊંઘ આવતી ન હોવા છતાં બગાસું ખાધું. જોહરાના વિચારોમાં ખોવાઈ જવાની તેને અધીરાઈ જાગી હતી. કિસ્મતની બાજી સુધારવા માટે હવે તેના હાથમાં એક જ દિવસ બાકી હતો.

*

અઢીસો-અઢીસો રૂપિયાની બે થેલીઓ કમરની બંને બાજુ લટકાવી અમીર જોહરાના ઘર તરફ ઊપડ્યો. સવારનો પહેલો ફેરો ફોગટ ગયો. મકાનના દરવાજે તલવારધારી ચોકીદાર બેઠો હતો, કદાચ પોતાને રોકવા માટે જ આવો બંદોબસ્ત કર્યો હશે એવું તેણે અનુમાન કર્યું. તેનો ઈરાદો હોહા કર્યા વિના અંદર ઘૂસી જવાનો હતો. જોહરાની મા સામે પહોંચી ગયા પછી મામલો સંભાળી લેવાનો તેને પાકો ભરોસો હતો.

નમતા બપોરે તેણે ફરી એક ચક્કર લગાવ્યું ત્યારે તકદીર જોર કરતું દેખાયું. ચોકીદાર દરવાજે દેખાતો નહોતો અને મોટા દરવાજાની નાની ડોકાબારી અર્ધી ઉઘાડી હતી. કોઈને વહેમ ન પડે એ રીતે સરકતો દરવાજા પાસે પહોંચ્યો. ડોકિયું કરીને અંદર જોઈ લીધું. મેદાન સાફ દેખાયું એટલે સડસડાટ દાખલ થઈ ગયો.

સીડી ચડતી વખતે મનમાં એક ખ્વાહિશ જાગી ઊઠી: 'ખુદ જોહરા જ ભટકાઈ જાય તો ?

કમરામાં દાખલ થતાં પહેલાં તેણે મોજડી ઉતારી નાખી. કમરે લટકતી તલવાર ઠીક કરી, ચહેરા પર હાથ ફેરવીને પસીનો પોછી લીધો.

'કોણ ?' જોહરાની મા તેને જોઈને ચોંકી પડી.બાજુમાં બેઠેલી ઝીન્નત તરફ આંખ મીંચકારીને ઝડપભેર મોં પરના ભાવ બદલાવી નાખ્યા :

'ઓહ, મીરસાહેબ . . . આવો આવો. આટલા દિવસ ક્યાં ખોવાઈ ગયા'તા ?' તેનો ચહેરો હસવાનો ડોળ કરતો હોવા છતાં અવાજનો ધ્રાસ્કો અમીરથી અછતો ન રહ્યો. ચાર દિવસ પહેલા દરવાજેથી બેઈજ્જતી કરીને કાઢી મૂકનાર ઓરત તેને ઉમળકાભેર આવકારતી હતી એના પર તેને હસવું આવી ગયું :

'વચ્ચે મારે બહારગામ જવું પડ્યું.' કહેતાં અમીરે હક્કથી ગાદી પર આસન જમાવ્યું. પછી અજાણ્યા થઈને પૂછ્યું: 'જોહરા કેમ દેખાતી નથી ?'

મા-બેટીએ એકબીજા સામે જોઈ લીધું.

'અરે મીરસાહેબ, હજુ તમારા દિમાગમાંથી જોહરાનું ભૂત ઊતર્યું નથી.' જોહરાની મા દાવ ખેલવા માંડી: 'એ લોંડીમાં એવું તે શું રૂપ બળ્યું છે કે આમ દિવાના બનીને ફરો છો.' પછી બાજુમાં બેઠેલી ઝિન્નત તરફ ઈશારત કરીને મીઠાશથી ઉમેર્યું: 'મારી આ નાની બેટી જોહરા કરતાં ચડી જાય એવી છે માશાલ્લા ! તમને જોયા ત્યારથી બેચેન રહેવા લાગી છે.'

બોલતાં બોલતાં એ જાડી નજદીક આવી અમીરના સુંવાળા ગાલ પર તેની બરછટ આંગળીઓ ફેરવવા લાગી: 'તમારા ચહેરામાં કોક અનોખો જાદુ લાગે છે-બિચારી જોતાં જ પાગલ બની ગઈ.'

'નહીં અમ્મા, તું જૂઠું શું કામ બોલે છે ?' ઝીન્નતે અણગમા સાથે માને રોકી પણ તેનું કાંઈ ચાલ્યું નહીં: 'મીર સાહેબ તમારી સામે શરમાય છે, જુઓને એના ગાલ પર લજ્જાની કેવી લાલી છવાઈ ગઈ !'

અમીર જાણતો હતો કે એ લાલી લજ્જાની નહિ પણ અણગમાની હતી, છતાં તેણે નાટક ચાલુ રાખ્યું.

'અમ્મીજાન ઝિન્નતને જો મારા પર પ્યાર હોય તો હું એને નિરાશ નહીં કરું ...' જાણે કરીને એ થોડું અટક્યો. જોહરાની માનો ચહેરો ઝગારા મારવા લાગ્યો ત્યારે તેણે બાકીનું કહી દીધું: 'પણ જોહરા વિના મારા જિગરનેય ક્યાંય ચેન નથી પડતું.'

'મીરસા'બ જોહરા તો સોનાના ઈંડા આપતી મરઘી છે એ કેમ ભૂલી જાવ છો ?'

'એ કેમ ભૂલી જવાય અમ્મીજાન !' અમીરે કમરે બાંધેલી રૂપિયાની થેલી પર હાથ થાબડી ઉમેર્યું: 'હું એની કિંમત અદા કરવા તૈયાર છું.'

'અચ્છા !' જાડી ઓરતની આંખો પહોળી થઈ.

'હા બોલાવો જોહરાને અને પઢાવી દો નિકાહ.' અમીરની આશ બળવત્તર બની: પાંચસો રૂપિયા હું સાથે જ લઈ આવ્યો છું.'

'પાંચ ... સો !' એના બોલવાના ઢંગથી સમજાતું નહોતું કે આ રકમ તેને મામૂલી લાગી કે મોટી ! અમીરે ઉત્સાહમાં અઢીસોની એક થેલી તેના સાથળ પર મૂકી અને બીજી કાઢવા જતો હતો ત્યાં જોહરાની માએ મોઢું તોડી લીધું :

'જનાબ, અમે હજારોના સોદા કરનારાં પાંચસો રૂપિયાને સૂંઘીએ પણ નહીં.' કહેતાં તેણે રૂપિયાની થેલી તિરસ્કાર સાથે પાછી ફગાવી: 'સૂરત લોભામણી હોવાથી કંઈ ન વળે. જોહરાનું નામ ભૂલી જાવ અને રસ્તે પડો.'

એ જાડી ઓરત તેને દરવાજો દેખાડી નાખોરા ફુલાવતી દૂર ખસી ગઈ. અમીરને એ અપમાન હાડોહાડ લાગી ગયું. ધારદાર નજરે તેણે મા-બેટી સામે

જોયું પણ એની કોઈ અસર થઈ નહીં. જોહરાની મા વધુ ખીજવાઈને તુચ્છકાર સાથે બોલી ઊઠી :

'કહું છું કે ઊભો થઈ જા નહીંતર ...'

'નહીંતર શું કરી લેવાની છો તું ?' ઉશ્કેરાયેલા અમીરનો હાથ તલવાર પર ગયો.

'હવે જા જા સિપાઈડા, તવાયફો તલવારની ધમકીથી ડરતી નથી. જાય છે કે ધક્કા મારીને કઢાવું.'

અમીર દાંત ભીંસતો ઊભો થયો. તેના ઝનૂનથી ઝિન્નત ગભરાઈને ચીસ પાડી ઊઠી: 'કોઈ છે, કાસમ-મહમદ !'

અમીર સાવધ બની ગયો. તે અહીં તકરાર કરવા નહોતો આવ્યો. ફરીવાર લોકોને તમાશો જોવાનો મોકો આપવો નહોતો. ઓરતો સાથે ઝઘડવામાં તેને નાનપ લાગતી હતી. ગુસ્સાભરી નજરે જોહરાની મા સામે દાંતિયું કરીને તે દરવાજા તરફ જવા લાગ્યો ત્યારે પેલીને ચાનક ચડી.

'કુત્તા ... કુત્તાના બચ્ચા.'

અને અમીરને ઝાટકો લાગ્યો: 'બુઢ્ઢી જબાન સમાલ. મારા વાલિદને ગાળ દીધી છે તો ...'

પણ જોહરાની મા જિદે ચડી હતી: 'એક વાર નહીં, સાત વાર કૂત્તાનો બચ્ચો !'

બાપ સામેની એ ગાળ અમીરને હાડોહાડ લાગી ગઈ. પગમાં પહેરેલી મોજડી હાથમાં લઈને એ ધસી ગયો અને જોરજોરથી ચિલ્લાતી બુઢ્ઢીના મોં પર પીટવા લાગ્યો. પછી તેના મોં પર થૂંકીને કહ્યું: 'હરામજાદી, ખાસડાનો આ માર તું જિંદગીભર ભૂલી નહીં શકે.'

હવે પોતાનો વારો આવશે એવા ભયથી ઝીન્નત બૂમો પાડવા માંડી: 'બચાવો, બચાવો.'

અમીરે તેની સામે દાંત ભીંસ્યા. એ જ વખતે દાદર ધમધમી ઊઠ્યો. અમીર અણધાર્યા હુમલાથી છટકવા માટે બહાર ધસી ગયો. પણ દાદરના ઉપલાં પગથિયે પગ મૂકે છે ત્યાં અલમસ્ત ચોકીદાર ઉઘાડી તલવારે સામે આવતો દેખાયો: 'સૈયદકા



બચ્ચા, અબ તુમારી ખૈર નહીં.'

સામનો કરવા માટે અમીર મ્યાનમાંથી તલવાર કાઢવા જાય છે ત્યાં ચોકીદાર કાસમે પહેલો ઘા ઉગામી લીધો. ચપળતાથી પાછા હઠી જવામાં અમીર મોડો પડ્યો હોત તો તલવાર તેના ખભામાં ઘોંચાઈ જાત. વધુ ઝનૂન સાથે ચોકીદાર બીજો ઘા કરવા જાય એ પહેલાં અમીરે એક જોરદાર લાત તેના મોં પર ઝીંકી દીધી સાંકડા પગથિયા પર સમતોલ રહેવા માટે ચોકીદારને તલવાર નમાવી દેવી પડી. એ લાગ જોઈને અમીરે બીજા પગની પાટું તેના પેટ પર ઝીંકી છતાં ચોકીદાર

તલવાર ઉગામવાની કોશિશ કરવા લાગ્યો ત્યારે અમીરનુ ખુન્નસ સળગી ઊઠ્યું. સીડીના બંને કઠેડા પર હાથની ભીંસ આપી તે અધ્ધર થયો પછી ચોકીદારની છાતીમાં બંને પગની પાટુ લગાવી દીધી. એ ઘા ચોટદાર પૂરવાર થયો. ચોકીદાર ગડથોલિયું ખાઈને સીડીના પગથિયાં પર ગબડવા માંડ્યો. તેને ઊભા થવાનો વખત મળે એ પહેલાં અર્ધા દાદર પરથી છલાંગ મારી અમીર નીચે ખાબક્યો, ચોકીદારની ઊડી પડેલી તલવાર ઉઠાવી તેના પર ઘા કરવાની ઇચ્છા થઈ આવી, પણ સંજોગોએ તેને ચેતવી દીધો. ખૂનખરાબીનું પરિણામ તેની સાથે બીજાઓને પણ ભોગવવું પડશે એનો ખ્યાલ આવ્યો ત્યારે તે ઝડપભેર બહાર નીકળી ગયો. જતાં જતાં બારીમાં ઊભેલી ઝિન્નત અને તેની મા પર તિરસ્કારભર્યું હસવાનું અને બહાર નીકળીને દરવાજાને સાંકળ ચડાવી દેવાનું એ ભૂલ્યો નહીં.

જોહરાની માને પરચો દેખાડી દીધાનો દિલાસો લઈને તે ગલીકુચીઓ વટાવતો જઈ રહ્યો હતો ત્યાં તેની પીઠ પર એક ધીમો સાદ અફળાયો :

'જનાબ, જરા ઠહેરજો.'

ચોંકીને અમીરે પાછળ જોયું. કોઈ અજાણી જુવાન ઓરત તેના તરફ હસતી હસતી આવતી હતી. કદાચ કોઈક બીજાને બોલાવતી હશે એમ માની અમીર પગ ઉપાડવા જાય ત્યાં ફરી અવાજ સંભળાયો: 'મહેરબાની કરીને જરા ઠહેરી જાવ.'

નજદીક આવીને એ યુવતીએ આસપાસ નજર કરી ધ્રૂજતા અવાજે કહ્યું: 'આપને મારી માલકિન મળવા માગે છે.'

'માલકિન ?' અમીર અચરજભરી નિગાહે તેને જોવા લાગ્યો ત્યારે પેલીએ સામેના મોટા મકાન તરફ સંકેત કરીને સમજાવ્યું: 'ત્યાં અંદર છે, વધુ પૂછશો નહીં.'

બેચાર પળ વિચાર કરવા રોકાયો, પણ પેલી ઓરત અધીરાઈથી ઊંચી નીચી થવા લાગી ત્યારે અમીરના મગજમાં ઝબકારો થયો: કદાચ જોહરા જ અંદર હશે.

એના અંગેઅંગમાં ઉત્તેજના વ્યાપી ગઈ.

'ચાલ,' કહીને એ ઉતાવળે પગલે અજાણી ઓરતની પાછળ પાછળ મકાનમાં દાખલ થયો.

*

૩૨

અજાણી ઓરતની પાછળ અજાણ્યા મકાનમાં અમીર દાખલ થઈ ગયો. બાંદીએ તેને અંદર લીધા બાદ બારણાં બંધ કરી દીધા ત્યારે અમીર સાવધ થઈ ગયો. તેનો હાથ તલવારની મૂઠ પર જઈ પહોંચ્યો: 'મને ફસાવવાની કોશિશ કરી છે તો . . .'

પણ પેલીએ તેને વધુ બોલવા ન દીધો: 'આપ શક ન કરો. અંદર આવીને મારી મલ્કાને મળો. આપની તલવાર કરતાંય એની ખૂબસુરતી વધારે ધારદાર છે એની ખાતરી થઈ જશે.'

અમીરની ઉલઝન વધી ગઈ: જો અંદર જોહરા જ હોય તો મને એ બાઈએ એનું નામ દઈને ધરપત આપી હોત . . . તો પછી એની મલ્કા કોણ હશે ? શું કોઈ મને રૂપના ફંદામાં ફસાવવા માગે છે ?'

અમીરે એવા ઘણા કિસ્સા સાંભળ્યા હતા જેમાં ખૂબસુરત પરીઓ અજાણ્યા મરદને ઘરમાં બોલાવી, પ્યાર બતાવીને પછી તેને ખતમ કરી દે છે. પણ અમીરને પોતાની તાકાત અને કિસ્મત પર પૂરો ભરોસો હતો, સાહસ અજમાવવાની ધગશ જોર કરતી હતી અને ઊંડે ઊંડે જોહરાના મેળાપની આશા સળવળતી હતી.

બાંદીની પાછળ તે દીવાનખાનામાં દાખલ થયો: 'બીબીજી, એ નવજવાન હાજર છે.'

અમીરની આતુર નજર ફરતી ફરતી સોળ-સત્તરની એક યુવતી પર જઈને અટકી. ના, એ જોહરા નહોતી. પહેલાં તેને ક્યારેય જોઈ નથી. અમીરના આગમનથી

એ ચોંકીને ગાદી પરથી સફાળી ઊઠી ત્યારે અમીરને થયું જાણે વીજળી ચમકી. ઘડી-બેઘડી માટે ઝબકી ગયેલા એના રૂપે અમીરની આંખોમાં કેફ આંજી નાંખ્યો. આંખો પટપટાવીને ફરી જોયું ત્યારે છોકરીએ ચહેરાને દુપટ્ટાથી ઢાંકી દીધો હતો: 'ઓય મા રે, આવી ગયા !'

અમીરને કાંઈ સમજાતું નહોતું છતાં એક રહસ્યમય ઝણઝણાટી તેને ધ્રુજાવી ગઈ. સામે ઊભેલી યુવતીની ખૂબસુરતી જોયા પછી તેના પગ જમીન સાથે જડાઈ ગયા હતા, જીભ તાળવે ચોંટી ગઈ હતી.

પેલી બાંદી અમીરની આ હાલત પર બિડાયેલા હોઠમાં મુસ્કુરાતી હતી. જાણે ક્હેતી હોય: કેમ, તમારી તલવાર કરતાંય વધુ કાતિલ રૂપ છે ને મારી મલ્કાનું?

થોડીક પળોની ખામોશી બાદ યુવતીના હોઠ ફરી કાંપવા લાગ્યા: 'નરગીસ, મને ગભરામણ થાય છે. તેમને ક્હે કે પાછા ચાલ્યા જાય.'

હવે અમીરની જીભ ચટપટી. આ યુવતીએ તેની જિજ્ઞાસા વધારી દીધી હતી: 'વગર પિછાણે એક વાર ઘરમાં બોલાવી લીધા બાદ પાછા જવાનું ક્હો છો ? નજર ભરીને તમારું રૂપ પણ જોવા નહીં દો.'

રેશમી દુપટ્ટા પાછળ છુપાયેલો ચહેરો લજ્જાથી વધુ ખૂબસુરત લાગવા માંડ્યો. પેલી બાંદી નીચલા હોઠને દાંતમાં દબાવી ત્યાંથી ખસી ગઈ ત્યારે અમીર બે ડગલાં આગળ વધ્યો: 'અહીં આવી જ ગયો છું તો હવે આપના દિદાર જોઈ લેવા દો.'

દુપટ્ટો પકડેલા હાથની આંગળીને દાંતમાં દબાવી એ ધ્રૂજતા અવાજે બોલી: 'મને તમે આપ-આપ શું કામ ક્હો છો ? - હું તો તમારી ...'

અને તે આગળ ન બોલી શકી. અમીરને રહસ્ય વધુ ગુંચવાતું લાગ્યું: 'કોણ છે આ છોકરી ? શું છે એનો ઈરાદો ?

ભીતરમાંથી તરત જ જવાબ મળ્યો: એ ગમે તે હોય, ગમે તેવો એનો ઈરાદો હોય, પણ આ રૂપને નજરભરીને પીધા વિના હવે નથી જવું. હું માનતો હતો કે જોહરા જેવી ખૂબસુરત સ્ત્રી દુનિયામાં બીજી કોઈ નહીં હોય પણ ...

'હું તો તમારી ... એટલું ક્હીને તું અટકી કેમ ગઈ ? અમીરે હવે જબાન પરથી લગામ હઠાવી લીધી: 'ક્હે તું મારી શું છે ?'

'માશૂક !'

'હેં !' અમીરને ઝાટકો લાગ્યો. જાણે પોતે જન્નતમાં પહોંચી ગયો છે અને ત્યાંથી સૌથી ખૂબસુરત હૂર કહી રહી છે: હું તો તમારી માશૂક છું . . .

'આપને મારા વિશે ભળતા જ વિચાર આવતા હશે.' પેલીએ આંખો ઢાળી દઈ કહેવા માંડ્યું: એક અજાણ્યા મરદને ઘરમાં બોલાવી, વગરપિછાણે પ્યારનો એકરાર કરનાર ઓરત વિશે કોઈ પણ આદમી સારો ખ્યાલ ન બાંધી શકે . . .' તે બોલતાં રોકાઈ અને અમીર એક ડગલું આગળ વધ્યો.

'નહીં નહીં, આપ વધુ નજદીક ન આવશો.' એ વિહ્વળ બની ગઈ: 'મારી ગુસ્તાખી માટે માફ કરી, મને બેવકૂફ સમજી આપ ચાલ્યા જાવ . . . મને મારા કિસ્મત પર છોડી દો.'

બોલતાં બોલતાં એના ગળામાં ડૂમો ભરાઈ આવ્યો, પાંપણો ભીંજાવા લાગી.

અમીરની ઉલઝન વધી ગઈ. કદમ ઉઠાવ્યા પછી પીછેહઠ કરવાનું તેના સ્વભાવમાં નહોતું. રહસ્યનો તાગ લીધા વિના જવાનું તેને મંજૂર નહોતું. જલ્દબાજીમાં ગલત રસ્તા પર આગળ વધવાનું તેને અજુગતું લાગ્યું. આ છોકરીના બોલમાં કેટલી સચ્ચાઈ છે તેની ખાતરી કરવા પીઠ દરવાજા તરફ જવા તેણે પગ ઉપાડ્યા,

'નહીં હજૂર, આપ એમ ચાલ્યા ન જશો.'

પીઠ પર અફળાયેલો એ અવાજ કોનો હતો ? અમીરે ડોક ફેરવીને જોયું તો પેલી છોકરીની પાછળ એક બુઢ્ઢી આવીને ઊભી હતી. તેને એ જરા વિચિત્ર લાગ્યું. કદાચ એ પરદા પાછળથી બધું સાંભળતી ઊભી હશે.

'અઝીમા !' એ ડોશી ગુસ્સામાં કહેવા લાગી: 'શા માટે બરબાદ થવા તૈયાર થઈ છે ! નવજવાનને બોલાવ્યા છે તો પછી તારી કથની એમને શું કામ સંભળાવતી નથી'

કમાલ છે ! અમીરને થોડો રોષ અને થોડો કંટાળો પણ આવ્યો: 'આ બુઢ્ઢી એને ધમકાવે છે, કે મને ફસાવવા માટે ઇશારો કરે છે ? ગમે તેમ પણ આ છોકરી ખુદ ફસાયેલી દેખાય છે. હવે એની કથની સાંભળ્યા વિના પાછા ફરવું નથી.

'માજી તમે કોણ છો ? આ છોકરી કોણ છે ? મને શા માટે બોલાવવામાં આવ્યો છે ? ખુદાના કસમ. મને જો સાફસાફ નહીં કહો તો હું વિફરી બેસીશ.' અમીરે ચહેરા પર રોષ ઊભરાવ્યો: 'પરદેશી સમજીને મારી સાથે કોઈ દાવ ખેલવાનો વિચાર હોય તો માંડી વાળજો.'

નહીં નહીં !' અઝીમા મુખ પરથી દુપટ્ટો હઠાવી બોલી ઊઠી: 'મારા મનમાં કોઈ કપટ નથી. મારી મજબૂરી હું તમને કેમ કરીને સમજાવું . . .'

'હું આપને સમજાવું છું.' કહીને એક બુઢ્ઢી આગળ આવી: 'જે ખૂબસુરત છોકરી આપની સામે છે તેની હું દાયણ છું. એની શાદી એક બુઢ્ઢા નામર્દ સાથે એના ગરીબ બાપે પૈસાની લાલચમાં કરી નાખી છે.'

અમીરના કાન બુઢ્ઢી તરફ હતા પણ નજર અઝીમા પરથી હઠાવી શકતો નહોતો. તેણે જોયું કે બુઢ્ઢીની વાત પર પેલીની મોહક આંખો આંસુથી ઊભરાવા લાગી હતી.

'શાદીને હજુ ચાર મહિના થયા નથી. એનો નામર્દ શૌહર શાદીમાં ખરચેલા પૈસા વસૂલ કરવા માટે હવે આના રૂપનો સોદો કરવા તૈયાર થયો છે.'

અઝીમા આ સાંભળી શકતી ન હોય તેમ બંને હાથે મોં ઢાંકી દે છે.'

'આજે સવારે એ દશ કોશ છેટેના એક ગામ ગયા છે. ત્યાંના જમીનદાર સાથે સોદો પાકો કરીને કાલ રાત સુધીમાં પાછા આવી જશે અને ત્યારે . . .'

'બસ બસ !' અઝીમા ડૂસ્કાં રોકી લાંબો હાથ કરતી ડોશીને વિનવે છે: 'મારી બદકિસ્મતીને શું કામ ઉઘાડી પાડે છે.'

'એટલા માટે કે બચપણથી જેને મેં ઉછેરી છે એને હું કમોતે મરવા દેવા માગતી નથી.' ડોશીએ મક્કમપણે કહેવા માંડ્યું: 'હજૂર ! એણે ઝેરનો પ્યાલો ઘોળી રાખ્યો છે. નાર્મદ ખાવિંદ પાછો આવે એ પહેલાં તેણે ઝેર પીને ખુદકુશી કરવાના કસમ લીધા છે.'

'પણ તેમાં મને અહીં શું કામ બોલાવ્યો ?' અમીરે અઝીમાને જ પૂછ્યું: 'હું તમારી માશૂક છું એમ કહેવાનો મતલબ શું ?'

પણ અઝીમા જવાબ આપવાને બદલે ભાંગી પડી હોય તેમ નીચે બેસી ધ્રૂસકે ધ્રૂસકે રડવા લાગી.

'અરે તું કાંઈ બોલીશ કે બધું મારી પાસે જ બોલાવવાનું છે તારે ?' ડોશી અઝીમાનું રૂદન સહી ન શકતી હોય તેમ ઠપકો આપતી હતી: 'કોઈ હમદર્દીથી તારો હાથ પકડવા આવ્યું છે ત્યારે જબાન સીવી લઈશ તો મર્યા પછી ખુદા પણ માફ નહીં કરે તને.'

અઝીમાના ડૂસ્કાં એકાએક અટકી ગયાં. ઊંચે જોયા વિના તે આંખો લૂછવા લાગી એટલે બુઢ્ઢી દાઈ ત્યાંથી હઠી ગઈ. ધીમા પગલે અમીર અઝીમાની લગોલગ જઈને ઊભો. બેચાર પળ ખામોશી છવાયેલી રહી, પછી અઝીમા ગળું ખંખેરીને કહેવા લાગી :

'પાંચ છ દિવસ પહેલાં મેં આપને એક બે વાર ઘર પાસેથી જતા જોયા હતા. ત્યારે તમે ઘોડા પર સવાર થઈને જતા હતા. મારા ખાવિંદનો મારા પર સખ્ત જાપ્તો છે. બારી કે ઝરૂખામાંથી કોઈના પર નજર નાખવાની મને મનાઈ ફરમાવવામાં આવી છે. છતાં પરદા પાછળથી કોઈકવાર નજર નાખી લઉં છું. તમને મેં જોયા અને જિગરમાં એક તૂફાન જાગી ઊઠ્યું. શું કામ એ તો ખબર નથી, પણ બચપણમાં હું સહેલીઓ સાથે ઘર-ઘરની રમત રમતી ત્યારે મારા ઘરવાળા તરીકે મેં જે જુવાનની મનમાં ધારણા કરી હતી બસ એવા જ તમે મને દેખાયા ...'

એ નિસાસો નાખવા થોડું રોકાઈ. અમીરના જિગરમાં જોહરાએ લીધેલું સ્થાન ડગમગવા લાગ્યું.

'તમે પરદેશી છો, તમારી કોઈ પિછાણ નથી. હું કોઈની બીબી બની ચૂકી છું એ બધું જાણતી હોવા છતાં એક વાર તમને ઘરમાં બોલાવી મારી કથની સંભળાવવાની બેચેની જાગી ઊઠી. ચાર દિવસ મારી બાંદીને સવારથી સાંજ લગી ઝરૂખામાં કે રસ્તા પર તમારો ભેટો કરવા ઊભી રાખી પણ તમે દેખાયા નહીં ત્યારે હતાશ થઈને જિંદગીનો અંત લાવવાનો ફેંસલો કરી નાખ્યો, પણ કાલ રાત્રે ...'

એ ફરી અટકી એટલે અમીરની જિજ્ઞાસા ઉછળી: 'કાલ રાત્રે શું થયું ?'

'તમે નહીં માનો, પણ મરતાં પહેલાં કાંઈ જ મનમાં નથી રાખવું ... રાતે સપનામાં કોઈ ફરિશ્તો આવીને મને કહી ગયો કે જે જુવાનને જોયો છે એ જ તારો હમસફર છે, તારો એની સાથે જરૂર મેળાપ થવાનો છે.'

અમીરને બહુ વિચિત્ર લાગી એ વાત. છતાં અઝીમાના એક એક બોલમાં સચ્ચાઈનો રણકો હતો. બનાવટ કે કપટનો આક્ષેપ કરીને તે આઘાત પહોંચાડવા



માગતો નહોતો. પણ જોહરાના ખ્યાલે તેને ઉલઝનમાં નાખી દીધો. શું તકદીર તેની સાથે કોઈ ખેલ ખેલી રહ્યું છે !

'આપ કેમ ખામોશ છો ?' અઝીમાએ પહેલાવાર તેની સુરાઈ જેવી ગરદન ઊંચકીને અમીર સામે જોયું. એ નજરમાં ઊભરાતું દર્દ અમીરના દિલમાં સોંસરવું ઊતરી ગયું. શું જવાબ આપવો એની ગડમથલમાં હતો ત્યાં અઝીમાએ તેના બંને પગ પકડી લીધા અને આજીજી કરતી હોય તેમ બોલી ઊઠી :

'આપને હું મૂંઝવણમાં મુકવા નથી માગતી. કદાચ તમારા ઘરમાં પણ કોઈ બીબી હશે. મારે તમારી હમદર્દીનો ગલત લાભ નથી ઉઠાવવો, છતાં મારી એક વાત કબૂલ રાખવાનું કહ્યા વગર નથી રહી શકતી.'

'શું ?'

'ઝેરનો પ્યાલો પીને હું તમારા કદમોમાં ઢળી જવા માંગું છું, અહીંથી કબર સુધી તો તમારો સાથ મળશે.'

અને ચમત્કાર થયો હોય તેમ અમીરની બધી ઉલઝન શમી ગઈ. નીચા નમીને તેણે પગમાં પડેલી અઝીમાનું બાવડું પકડી લીધું. એ સ્પર્શે શરીરમાં ચેતનની ઝણઝણાટી પ્રસરાવી દીધી. છતાં અઝીમાએ ઊંચે જોયું નહીં એટલે બીજો હાથ એની હડપચી પર ટેકવીને ધીમે ધીમે તેણે અઝીમાનું મુખ ઊંચુ કર્યું. હવે અમીરની નજરોમાં છલકાતો પ્યાર અઝીમાની આંખોમાં ઊતરવા લાગ્યો. ધીમે ધીમે એના હોઠ કંપ્યા ... મરવા માગતી એ ખૂબસુરત યુવતીના મુખ પર જિંદગીનું સ્મિત ફરકવા લાગ્યું.

અને અમીરે પ્યાર ભર્યા એક ઝાટકા સાથે તેને ઊભી કરી પોતાની છાતી સરસી ચાંપી દીધી. બે પાંચ પળોની એ ભીંસમાં અમીરના દિલમાંથી જોહરાનો રહ્યો-સહ્યો ખ્યાલ પણ કચડાઈ ગયો :

'અઝીમા, બે અજાણ્યા દિલ એક થઈ ગયા છે, તું હવે મારી મલ્કા બની ગઈ છે, અને હું તારો ગુલામ ...'

અઝીમાએ તેના હોઠ પર પોતાની નાજુક આંગળીના ટેરવા દાબી દીધાઃ 'નહીં, હું તો તમારી બાંદી બનીને મરતાં સુધી સાથ આપવા માગું છું.'

અમીરે તેના આંગળા ચૂસી લીધા. પેલી શરમાઈને દૂર હઠી ગઈ. પહેલીવાર સાંપડેલી પુરુષની છાતીની હુંફે તેના અંગેઅંગમાં જ્વાળા પ્રગટાવી દીધી હતી.

'તું તૈયાર હો તો હમણાં જ તને મારી સાથે ઊઠાવી જવા માગું છું.'

સાંભળીને અઝીમા ચોંકી. આસમાનની ઉડાનમાંથી જાણે એકાએક ધરતી પર પછડાટ ખાધી હોય એમ ધ્રૂજી ઊઠી.

'પણ ... તમે મને ક્યાં લઈ જશો ? એ આવશે તો હો હા કરી મૂકશે. આપણે બંને પકડાઈ જશું ... મારે ખાતર તમે બદનામ થઈ જશો.'

અમીરને તેની વાત વ્યાજબી લાગી. અઝીમા ઉપર મુકેલો વિશ્વાસ વધુ દ્રઢ બન્યો. બાપની મંજૂરી વિના અત્યારે તેને ઘેર લઈ જવાનુંય શક્ય નહોતું. તો પછી શું કરવું ?

'કાલ સાંજ સુધીમાં અમે શહેર છોડી જવાના છીએ. ત્યારે તું સાથે આવવા તૈયાર છે ?'

'તમારે મને પૂછવાનું નહીં, હુકમ કરવાનો છે. માત્ર એટલું જોજો કે આપણે બૂરી રીતે ફસાઈ ન જઈએ. તમે તો મરદ છો, કદાચ બધાનો સામનો કરી શકશો પણ હું એક લાચાર ઓરત ... બદનામીનો બોજ નહીં ઉઠાવી શકું.'

'અહીંથી નીકળી ગયા બાદ આપણને કોઈ રોકી નહીં શકે અને હિન્દુસ્તાન પહોંચી ગયા પછી તો તારી હયાતીનો સુધ્ધાં ખ્યાલ નહિ આવે.'

કોઈ ઉપાય શોધવા અમીર થોડીવાર લટાર મારવા લાગ્યો, તેને અઝીમાની બુઠ્ઠી દાઈ યાદ આવી. જોહરાને નસાડવામાં જેમ પેલી બુઠ્ઠીએ મદદ કરી હતી તેમ આ જો સાથ આપે તો જરૂર રસ્તો નીકળે.

'અઝીમા, તારી દાઈ પર તને પૂરો ભરોસો છે ?'

પેલી તેના આ સવાલનો મતલબ પામી ગઈ. દાઈનો પોતાને ખ્યાલ કેમ નહીં આવ્યો ?

'એના ભરોસે તો જીવી રહી છું, મારા મહેબૂબ ...'

મહેબૂબનું સંબોધન અમીરને ગુલુની યાદનો ચટકો ભરી ગયું. ગુલુની જેમ હવે આને ગુમાવવી નથી એવો મક્કમ ફેંસલો થઈ ગયો :

'તો બોલાવ એને.'

અઝીમાએ સાદ પાડ્યો: 'કુલ્સુ જરા અહીં આવ તો ... જલદી !'

બુઠ્ઠી દાઈ જાણે રાહ જ જોતી હોત તેમ હોંકારો દીધા વિના દોડી આવી.

બંનેના મુખ પર નજર નાખતાં જ એ પામી ગઈ કે દિલના તાર મળી ગયા છે. બાકીની વાત અમીરે કહી દીધી :

'જુઓ અમ્મા ?' અમીરને સમજાયું નહિ કે પોતે તેને આવા સંબોધનથી કેમ બોલાવી ? દાઈને પણ તેનું અમ્મા કહેવું ગમ્યું હોય તેમ આંખોમાં લાગણી ચમકી ગઈ.

'હું અઝીમાને અહીંથી ઉઠાવી જવા માંગું છું, તેની સાથે શાદી કરીને એને હું હિન્દુસ્તાન લઈ જવા ચાહું છું.'

બુઢ્ઢી તો ડઘાઈ ગઈ. તેના કરચલીવાળા ચહેરા પર ભય ફફડતો દેખાયો. અઝીમા તરફ તેણે ધારદાર નજર નાખી, પછી અમીર સામે જોયું :

'જનાબ, વગર ઓળખાણે આવું સાહસ કરવા મારું મન માનતું નથી.'

'તો પછી અહીં શું કામ બોલાવ્યો ?' અમીર જરા આવેશમાં બોલી ગયો: 'અઝીમાને તેની દર્દનાક કથની સંભળાવવા માટે શું કામ કહ્યું તમે ?'

'હું તો એને મોતના ઇરાદામાંથી પાછી વાળવા માગતી હતી. તમારી હમદર્દી એને જીવવા માટે જોશ આપે એટલા ખાતર . . .'

'પણ હું કાલ સાંજે આ શહેરમાં નહીં હોઉં ફરી વાર આ ઘરમાં આવવાનો મને સમય નહીં મળે.'

બુઢ્ઢી વિચારમાં પડી ગઈ ત્યારે અઝીમા યાચનાભરી આંખે તેને વિનવવા લાગી: 'દાઈ, તેં હંમેશા મારું સુખ જોયું છે. મારા દુ:ખે તું દુ:ખી થઈ છે. શું જિંદગીભરની રાહત આપવા માટે તું સાથ નહીં આપે ?'

અમીરને દાઈની ખામોશી ખટકી, અધીરપણે તેણે કહ્યું: 'કાલે અમે ગોલકોન્ડા તરફ રવાના થઈએ છીએ. તું અઝીમાને ગામ બહાર લઈ આવ પછી તારું કામ પૂરૂં થશે.' થોડીવાર રોકાઈને તેણે બંનેને ચોંકાવ્યા: 'પાંચ મિનિટમાં ફેંસલો કરી લે. નહીંતર હું મારો રસ્તો પકડી લઉં છું.'

બે મિનિટ કોઈ કાંઈ બોલ્યું નહીં. બુઢ્ઢી ઊંડા વિચારમાં પડી ગઈ હતી.

'હજૂર, તમે ખરેખર અઝીમા સાથે શાદી કરવાના છો ?'

'પાક પયગમ્બરના કસમ ખાઈને કહું છું કે હવે અઝીમા સાથે શાદી કરતાં મને કોઈ રોકી શકશે નહીં.'

અમીરના જુસ્સાએ ધારી અસર ઉપજાવી. દાઈના ચહેરા પર ખુશાલી ફરકવા લાગી: 'તો તો હું અઝીમાને ખાતર ગમે તેવું સાહસ ખેડવા તૈયાર છું.'

અઝીમા દોડીને તેને વળગી પડી: 'મારી પ્યારી દાઈ . . . મને ખાતરી જ હતી કે મને જાનથી વધુ ચાહે છે.'

અઝીમાની પાંપણોમાં ટીંગાતાં ખુશીનાં આંસુ હળવેકથી લૂછીને એ બબડી: 'ગોલકોન્ડાના રસ્તે હુસૈનશાહ વલ્લીની દરગાહ આવે છે ને ?'

અઝીમાનો આનંદ છલકાઈ ઊઠ્યો: 'અરે હા, દાઈ, હું બિમારીમાંથી સાજી થાઉં પછી મને દરગાહે લઈ જવાની તેં માનતા માની હતી તે યાદ છે ? તો પછી કાલે જ આપણે દરગાહ પર જઈને માનતા પૂરી કરીએ તો કેમ ?'

અમીર આટલામાં બધું સમજી ગયો: 'બરાબર છે, આપણે દરગાહે ભેગા થઈએ. હું તારા માટે જનાના સવારી તૈયાર રાખીશ.'

'પણ તમે જરૂર આવશો તો ખરા ને ?' દાઈએ ફરી અમીરને ચકાસી જોયો: 'આ બિચારીના દિલને આઘાત લાગે એવું કાંઈ ન કરશો ભાઈસાબ.'

બુઢ્ઢીના આ ઉચાટમાં અઝીમા માટેની તેની લાગણી કળાતી હતી એટલે અમીરે એના બોલવા પર ખોટું ન લગાડ્યું: 'હું પણ તમને એ જ કહેવા માંગું છું દાઈમા, કોઈપણ સંજોગોમાં તમે વાયદો પાળજો. મારા દિલનો પણ ખ્યાલ કરજો.'

અમીરને સમજાતું નહોતું કે આટલી ઝડપથી પોતે અઝીમા તરફ કેમ ખેંચાઈ ગયો ? પોતે જોહરાની જુદાઈનો ઘાવ રુઝાવવા માગતો હતો કે પછી મહોબ્બતમાં પાછો પડ્યો તેની નાલેશી ભૂંસી નાખવા આ પરાક્રમ કરવા માગતો હતો ?

'હવે હું જાઉં, મારા વાલિદ રાહ જોતા હશે, હજુ ઊપડવાની તૈયારી કરવાની છે.' અમીરે કહ્યું પણ જવા માટે પગ ઉપાડ્યા નહીં. અઝીમાના ખૂબસુરત ચહેરા પરથી તે નજર હટાવી શકતો નહોતો. આ મોહક આંખો, આ માદક હોઠો, સંગેમરમર જેવું આ મુલાયમ બદન . . . બે જ ડગલાં છેટે છે છતાં એક આખો દિવસ હજુ આડો છે.

અઝીમા તરફ તેણે લાગણીભર્યો હાથ લંબાવ્યો, બીજી જ ઘડીએ અઝીમાનો નાજુક હાથ તેના પંજામાં સમાઈ ગયો બન્નેની કાયામાં એક આવેગ ઉછળી આવ્યો. બુઢ્ઢી દાઈની હાજરી વિસરાઈ ગઈ અને અઝીમા અમીરના સીનામાં ભીંસાઈ ગઈ.

કદી વિખૂટાં પડવા ન માગતાં બે દર્દભર્યા દિલનું એ મિલન હતું.

*

અઝીમાને ઘેરથી નીકળેલા અમીરના પગ ધરતી પર ઠહેરતા નહોતા. સમસ્ત દુનિયા જીતીને આવ્યો હોય એવા જોશમાં તે ઘર તરફ ધસી જતો હતો. સૌથી પહેલાં બદ્રીનાથને આ નવા પરાક્રમની જાણ કરવી હતી. અઝીમાને નસાડી જવામાં તેનો સાથ માગવો હતો. પણ બદ્રીનો ભેટો ક્યાં કરવો ? સરાઈ તો બધા સવારે જ ખાલી કરી ગયા હતા. હૈદ્રાબાદ છોડતાં પહેલાં ટોળીને ત્રણચાર ટુકડીમાં વહેંચી દેવામાં આવેલી. પોતે જોહરાની તલાશમાં નીકળી ગયો. હોવાથી કોણે ક્યાં મુકામ કર્યો છે તેની ખબર નહોતી. ઘેર જઈ બાપ પાસેથી પત્તો મેળવવો પડશે.

બાપુને અઝીમાની જાણ કરવી કે કાલ સવાર સુધી બધું બરાબર વિચારીને કહેવું ? એવી ઉલઝનમાં એ ઘેર પહોંચ્યો ત્યારે ઈસ્માઈલને બદલે લમણે હાથ દઈ બેઠેલો બદ્રી જ દેખાયો.

'સારું થયું તું આવી ગયો.' બદ્રીએ કહ્યું ત્યારે અમીર ખુશખબરી આપવા જતો હતો કે સારું થયું તું અહીંયા મળી ગયો. પણ બદ્રીએ મોકો જ ન આપ્યો :

'ભારે ઉપાધિ થઈ.' હસમુખા બદ્રીનો અવાજ તરડાઈ ગયો: 'સરફરોઝ તેના સાથીઓ સહિત પકડાઈ ગયો.'

'કોણ ખાન !' હવે અમીરનો સાદ પણ ફાટી ગયો: 'ક્યારે પકડાયો ? કેમ કરતાં પકડાયો ?'

'આજ બપોરે પકડાયો. બીજા છ જણા પણ સાથે ઝડપાઈ ગયા છે. એક આદમી આઘોપાછો હતો એટલે બચી ગયો. નાસીને તે મને ખબર આપી ગયો. અને હું અહીં દોડી આવ્યો.'

શ્વાસભેર બદ્રી કહેતો હતો. અમીર વચ્ચે બોલવા જતો હતો તેને રોકીને તેણે કહી દીધું: 'હવે આપણે તત્કાલ અહીંથી નાસી છૂટવું જોઈએ.'

'નાસી છૂટવું !' અમીરથી એ ખ્યાલ સહેવાયો નહીં. અઝીમાને આપેલો વાયદો હજુ તાજો જ હતો: 'શું કામ ?'

'તને ખબર નથી અમીર પકડાયેલા ગુન્હેગાર પર આ લોકો એવો સિતમ ગુજારે છે કે ભલભલા એકરાર કરી બેસે છે. આપણા નામ-ઠામ આપી દીધા તો

આપણેય ઝડપાઈ જવાના.'

બદ્રીનો ભયભીત ચહેરો જોઈને અમીર વિચારમાં પડી ગયો. ઠગ પકડાઈ જાય એવું ભાગ્યે જ બને છે. પકડાયતો સાથીઓના નામ તે આપતો નથી એવું તેણે સાંભળેલું: હવે શું કરવું ? બાપુ આવે ત્યાં સુધીમાં તેણે કાંઈક ફેંસલો કરી લેવાનો હતો. પોતે અઝીમાને લીધા વિના કોઈ હિસાબે હૈદ્રાબાદ છોડવા માગતો નહોતો.

'બદ્રી, તું મને વિગતથી કહે ... આપણે કોઈ છટકબારી શોધવી પડશે.'

'શું વાત કરવી' બદ્રીએ કપાળ પર હાથ પછાડ્યો: 'ખાનનો મિજાજ તું જાણે છે. તે ક્યારેક સમજ્યા વિના ખતરો ગળામાં લઈ લે છે. ઠગનો વારસો જૂનો વારસો મળ્યો છે. હોશિયાર આદમી છે છતાં બેવકૂફી કરી બેસે છે. નહીંતર આજે તે તમારા બાપુની જેમ જમાદાર બની ગયો હોત.'

'બદ્રી, મારે તેનો ભૂતકાળ નથી જાણવો. મને આજની વાત કર અને તે પણ બહુ ટૂંકામાં.'

અમીર જાણે તેનો સરદાર હોય એવી ઢબે બોલ્યો છતાં બદ્રી જરાય ક્રોચવાયો નહીં. તેને અમીરની સ્વસ્થતા પર તાજ્જુબી થતી હતી. જેની પહેલી જ સફર છે એવો આ જુવાન પકડાઈ જવાની વાતથી જરાપણ ભયભીત થયો નથી તેમાં તેની ખુમારી હતી કે બિનઅનુભવી બાલીશતા ?

'સાંભળ અમીર ! બદ્રીએ તેના ગોળમટોળ પેટ પર ખંજવાળતાં કહેવા માંડ્યું: 'સરફરોઝને બે મુસાફરો ભેટી ગયા જે ઔરંગાબાદ જવા માગતા હતા. ખાન તેમને વિશ્વાસમાં લઈ પોતાની સરાઈમાં ખેંચી ગયો. પેલા લોકો પાસે સામાનમાં બે વજનદાર પેટીઓ હતી એટલે ખાને ગમે તેવું જોખમ ખેડવાનો ફેંસલો કરી લીધો. કાલ સવારે તે એમની જગ્યામાં એમને ખતમ કરી આપણી સાથે સફરમાં જોડાઈ જવાની તેની ગણતરી હતી ...'

'પણ શું ?'

'પેલા મુસાફરોને બીજા કોઈ ઓળખીતા સોદાગરો મળી ગયા. જે થોડા દિવસ પછી ઔરંગાબાદ જવાના હતા. તેમણે પેલા બંનેને થોડા દિવસ રોકાઈ જઈ પોતાની સાથે જ સફર કરવા સમજાવી લીધા. પોતાના હાથમાંથી આવો માલદાર શિકાર ઝૂંટકાઈ જાય તે ખાનથી સહેવાયું નહીં. તે લાલસને વશમાં રાખી શક્યો નહીં. તેણે સરાઈમાં જ બંનેના ગળામાં રૂમાલ પરોવી દીધા. એમની લાશો

વાડામાં જ દફનાવી દીધી. તેણે માનેલું કે સવાર પહેલાં પોતાના સાથીઓને લઈ સરાઈ છોડી જશે એટલે કોઈને વહેમ નહીં જાય.'

'પછી ?' આટલું પૂછતાં અમીરનો શ્વાસ અધ્ધર ચડી ગયો.

'પછી શું ?' બદ્રી અમીરની સામે જોઈ ન શક્યો: 'જે નહોતું ધાર્યું તે બની ગયું. પેલા બે મુસાફરોનો એક ઓળખીતો તેને મળવા સરાઈ પર આવી ચડ્યો. ખાને તેને સમજાવ્યું કે એ બંને બહાર ગયા છે ... ખાને માનેલું કે પેલો થોડીવાર બેસીને ચાલ્યો જશે પણ તેના નસીબ વાંકા હતા. ઘણીવાર લગી રાહ જોવા છતાં વેપારીઓ ન આવ્યા ત્યારે તેને કંઈક વહેમ ગયો. તે દોડીને બીજા બેચાર જણને બોલાવી લાવ્યો જે પેલા મુસાફરો હતા. ખાને મૂર્ખાઈ એ કરી કે લૂંટના માલમાંથી મોતીની કિંમતી માળા ડોકમાં પહેરી લીધી હતી. મુસાફરોના એક ઓળખીતાએ આ માળા જોઈ. બીજી કેટલીક ચીજોય ઓળખાઈ ગઈ. ખાન મીઠાશથી વાતો કરી પેલા લોકોને ભરમાવવાની કોશિશો કરતો રહ્યો પણ એટલીવારમાં કોટવાલીમાં ખબર પહોંચી ગઈ હતી. સિપાહીઓ આવી પહોંચ્યા ત્યારે ખાન કે તેના સાથીદારો પાસે છટકવા માટે કોઈ રસ્તો રહ્યો નહોતો. એકમાત્ર હિંમતખાન બચી ગયો.'

'ઓહ !' અમીરે રોકી રાખેલો શ્વાસ નિસાસો બનીને બહાર નીકળી ગયો: 'મામલો બહુ ગંભીર છે.'

'એટલે હું નાસી છૂટવાની વાત કરતો હતો.' બદ્રીએ માન્યું કે હવે અમીર પણ ગભરાઈ જશે અને પોતાની વાતમાં સંમત થશે.

'ખાનની બેદરકારી માફ ન કરી શકાય એવી છે.' કહીને અમીર કાંઈક વિચારમાં પડી ગયો.

'એમાં એના એકલાનો વાંક નથી.' બદ્રી આવેશમાં બોલી ગયો: 'તારા બાપુ સરાઈ છોડી જવાની અધીરાઈમાં શુકન જોવાની પણ પરવા ન કરી એનું આ પરિણામ આવ્યું.'

'અમીરની આંખો પહોળી થઈ: 'બાજી બગડે છે ત્યારે આવાં બહાનાં કાઢવાનો કોઈ અર્થ નથી બદ્રી ! શુકન જોઈને નીકળ્યા હોત તો પણ થવાનું હોત તે થઈને જ રહેત.'

'તને તો શુકનનો હજુ પરચો નથી અમીર, પણ અફસોસ છે કે તારા બાપનેય એનું કેમ ભાન રહ્યું નહીં.'

બદ્રીએ બાપુને બદલે બાપ શબ્દ વાપર્યો તે અમીરને હાડોહાડ લાગી આવ્યું. તેનો મિજાજ છટક્યો: 'બદ્રી, ખબરદાર મારા બાપુ માટે કાંઈ અજુગતું બોલ્યો છે તો.'

પણ બદ્રી દલીલ કરવામાં ભાગ્યે જ ઉશ્કેરાઈ જતો. એને અમીરની તુમાખી માટે હમદર્દી જાગી. તેના ખભા પર હાથ મૂકી સમજાવ્યું: 'જો અમીર, ઠગ થવું અને શુકનમાં શ્રદ્ધા ન રાખવી એ ખુવારી વહોરી લેવા જેવું છે. આજે ભલે તને ન સમજાય પણ એક વાર તું જરૂર પસ્તાઈશ.'

'ત્યારની વાત ત્યારે.' અમીર મક્કમપણે બોલી તો ગયો છતાં પસ્તાવાની વાત પર તેનું દિલ થડકી ગયું હતું: 'તું અને મારા બાપુ શુકન જોવા હોય તે જુઓ ... હું તો ખાનને છોડાવવાની તૈયારી કરું છું.'

'હેં ?' બદ્રી ચોંક્યો: 'એ બેવકૂફ માટે આપણા બધાની બરબાદી નોતરી લેવી છે તારે.'

'ના બધાની નહીં.' અમીરે ધારદાર અવાજે કહ્યું: 'ફના થઈ શકે એવા પાંચ-સાત બહાદુર માણસોની મારે જરૂર છે, બાકીના તમે લોકો શહેર છોડીને જઈ શકો છો.'

'એટલે !' બદ્રીને અમીરની ખુમારીએ છંછેડી મૂક્યો: 'આ સાહસમાં તું મને પણ સાથે રાખવા માગતો નથી ?'

અમીરે વગર વિચાર્યે જવાબ આપી દીધો: 'શુકનમાં નહીં માનનારો મારા જેવા બિનઅનુભવી જવાનને તું સાથ આપીશ ?'

બદ્રી જવાબ આપવા જાય ત્યાં કોઈના પગરવ સંભળાયા. ઈસ્માઈલને જોઈને બંને ટટ્ટાર થઈ ગયા. છતાં એમના ચહેરા પર ફરકતી ચિંતા ઈસ્માઈલની ચકોર નજરથી છાની રહી નહી.

'શું ઝઘડો ચાલે છે તમારો ?'

'ઝઘડો નથી ચાલતો સરદાર !' બદ્રીનો અવાજ બોદો બની ગયો: 'એક આફત આવી પડી છે.'

ઈસ્માઈલ બદ્રીની વાત સાંભળતો ગયો તેમ તેમ તેની છાતી ભીંસાવા માંડી. હૈદ્રાબાદ છોડી જવાની પોતાની અધીરાઈ કેવી ખતરનાક નીવડી છે એ જાણીને

પસીનો વળવા લાગ્યો. અમીરની અસલિયતનો ભેદ ઉઘાડો ન પડી જાય એ માટે તેણે કેટકેટલા દાવ નાખ્યા છતાં કુદરત તેને હંફાવી-હરાવીને જ છોડવાની છે કે શું?

બદ્રીએ જ્યારે શુકનનો દોષ દેખાડ્યો ત્યારે પોતાની ગલતી કબૂલી લીધી: 'સાચી વાત છે બદ્રી, દેવી આપણા પર કોપાયમાન થયા છે.'

'છતાં હજુ બાજી સુધારી શકાય છે.' બદ્રીએ દિલાસો આપતાં કહ્યું: 'આપણે ફરી શુકન જોઈએ.'

'શેને માટે ?'

ઈસ્માઈલે પૂછ્યું બદ્રીએ પણ જવાબ તો અમીરે આપ્યો: 'ખાન અને બીજા સાથીઓને છોડાવવા માટે.'

'એ કઈ રીતે બને ?' ઈસ્માઈલનો ગભરાટ શમ્યો નહોતો: 'ખાન પુરાવા સાથે પકડાયો છે. રાત લગીમાં કદાચ પેલા મુસાફરોની લાશ પણ કોટવાલને હાથ લાગી જશે.'

'પણ ત્યાર પહેલાં તો આપણે ખાનને છોડાવી લઈશું.' અમીર આત્મવિશ્વાસ સાથે બાપુને કહેતો હતો: 'જે કામ રૂમાલથી નથી થતું તે કામ તલવારથી થઈ શકે છે બાપુ !'

ઈસ્માઈલ જુવાન દીકરા સામે તાકી રહ્યો. અમીર જો આ કામ માથે લે તો . . . આગળ વિચારી ન શક્યો એ.

'બાપુ તમે અને બદ્રી પેલાં શુકન જોઈ લો. તમને અનુકૂળ શુકન મળે તો મારી વાત સાંભળજો.'

ઈસ્માઈલ ઉલઝનમાં પડ્યો, પણ બદ્રીને એ પ્રસ્તાવ ગમી ગયો: 'હા એ બરાબર છે, ચાલો આપણે પાછળ વાડામાં જઈને દેવીનો સંકેત સાંભળીએ.'

ઘણીવાર સુધી અમીર સામે જોઈ લીધા પછી ઈસ્માઈલ ભારે પગલે બદ્રીની પાછળ પાછળ ગયો. ફરી એકવાર તેને થયું: 'બધાને માટે પકડાઈ જવાનો ભય ઊભો થાય છે તો પછી શા માટે અમીરને તેના પઠાણ ચાચાને સોંપી ન દેવો ? શુકન મળ્યા પછી મારે ફેંસલો કરવો જ પડશે . . .'

*

૩૩

'અમીર, બેટા અમીર !' ઈસ્માઈલ વાડામાંથી જોશભેર દોડી આવ્યો: 'શુકન સારાં મળ્યાં. દેવી થોડા ખફા થયા છે, પણ હરકત નહીં આવે.'

હાંફતાં હાંફતાં કહી રહેલા બાપ સામે અમીર અચરજથી જોઈ રહ્યો: 'એમાં આટલા બધા આનંદમાં આવી જવાની શી જરૂર હતી ?'

પણ ઈસ્માઈલની ખુશીનો ખરો ભેદ અમીર ક્યાં જાણતો હતો ? શુકન અનુકૂળ ન મળ્યાં હોય, આફતમાંથી ઊગરી જવાનો સંકેત ન સાંપડ્યો હોત તો સામે ઊભેલા આદમી તેનો બાપ મટી જવાનો હતો એવું અનુમાન સુધ્ધાં બેખબર અમીરને ક્યાંથી હોય ?

'તું મારી સામે આમ વિચિત્રપણે શું જોઈ રહ્યો છે ?' ઈસ્માઈલને હવે સમજાયું કે પોતાનો વધુ પડતો આવેશ અમીરને બેહૂદો લાગ્યો છે. ઝડપથી તેણે ચહેરા પરના ભાવ પલટાવી નાખ્યા: 'અમીર મારી ખુશીનો ખ્યાલ તને નહીં આવે, તારી આ પહેલી સફર છે. આજ સુધી અણધાર્યા ફાયદા હાંસલ કર્યા છે. શિવપુરી પાછા ફરીશું અને જમાનાના ખાધેલ ઠગ તારા સાહસોની દાસ્તાન સાંભળશે ત્યારે એમની આંખો પહોળી થઈ જશે એવા ખ્યાલોમાં હું શુકનની પરવા કરવાનું પણ વિસારી ગયો હતો. આ સફર હેમખેમ પૂરી થાય તો જ તને મારો હોદ્દો મળવાનો ...તેમાં આ આફતે મને ગભરાવી મૂક્યો હતો. હવે મારી ખુશીનું કારણ તને સમજાશે.'

અમીરના ચહેરા પરની તંગ રેખાઓ ધીમે ધીમે સ્મિતમાં ફેરવાતી ગઈ: 'બાપુ, મેં તમારી ખુશીનું કારણ ક્યાં પૂછ્યું હતું ?' જેને પોતાની તાકાતમાં

વિશ્વાસ હોય છે તેને હંમેશાં સારાં જ શુકન મળવાના. તમે અને બદ્રી વાડામાં ગયાં ત્યાર પહેલાંનો મેં ખાનને છોડાવવાનો ફેંસલો કરી લીધો છે.'

'હા સરદાર !' બદ્રીએ બાપ-બેટાને ચમકાવ્યા: 'તમારા બહાદુર બેટાની હિંમતથી જ મારો અર્ધો ભય ઊડી ગયો હતો. તેમાં સારાં શુકને તદ્દન નિર્ભય બનાવી દીધો.'

વારંવાર થઈ રહેલા શુકનના ઉલ્લેખથી અમીરને અણગમો જાગ્યો: 'બદ્રી, હવે આપણે મૂળ કામે લાગી જઈએ. ગિરફતાર થયેલો ખાન અત્યારે ક્યાં હશે ?'

'નાની કોટવાળીમાં.'

'તેને જેલખાનામાં ક્યારે લઈ જશે ?'

'પહેલાં તો અપરાધીને કોટવાલ પાસે હાજર કરવામાં આવે છે. તેના ગુન્હા વિશે પૂછપરછ કરી લીધા પછી જ એમને જેલખાનામાં ભરતી કરશે.'

'તને ખાતરી છે કે ખાન અને તેના સાથીઓને હજુ કોટવાલ પાસે નથી ગઈ ગયા ?'

'હા, હું તપાસ કરી આવ્યો.' બદ્રી કોઈ ઉપરીને જવાબ આપતો હોય તેમ કહી રહ્યો હતો: 'બપોર પછી પકડાયેલા ગુન્હેગારોની પૂછતાછ કોટવાલને ત્યાં મધરાત લગી ચાલે છે.'

'કઈ જગ્યાએ ?'

'મોટી કોટવાળીમાં.'

ઈસ્માઈલ હવે ખામોશ ન રહી શક્યો :

'પણ અમીર, તું આ બધું પૂછીને શું કરવા માગે છે ?'

'આપણા સાથીઓને કોટવાળ લગી પહોંચવા ન દેવાનો વ્યૂહ વિચારી રહ્યો છું.' અમીરે બાપની મંજૂરી લેવાની વિધિમાં પડ્યા વિના જ વાતનો દોર પોતાના હાથમાં લઈ લીધો: 'બદ્રી, તું જલદી ઉપડ . . . આ કામમાં મારી પડખે ઊભા રહે અને મોતની પરવા ન રાખે એવા પાંચ છ તલવારબાજોને કોટવાલની કોઠી તરફ રવાના કરી દે.'

મોતનું નામ સાંભળીને ઈસ્માઈલ વધુ ભડક્યો. છ સાત સાથીઓને બચાવવા જતાં બીજા એટલાના જાન જોખમમાં મૂકવાનું ડહાપણભર્યું ન લાગ્યું.

એ કરતાંય વધારે વસમું તો ખુદ અમીર આ સાહસની સરદારી લે તે એને કહ્યું :

'અમીર-બદ્રી ! શુકન સારા મળ્યા એનો અર્થ એવો નહીં કે વધારે આફત વહોરી લેવી ?'

બંને ચોંક્યા. ઈસ્માઈલ વધુ ચોખવટ કરવી કે નહીં તેની ગડમથલમાં થૂંક ગળે ઉતારવા રોકાયો.

'બાપુ, વધારે આફત વહોરી ન લેવા માટે તો મેં આ ઉપાય વિચાર્યો છે.' અમીર સમજી ગયો કે બાપને દીકરાના જાનની ફિકર થવા માંડી હતી. અનેક સાથીઓ કરતાં દીકરાનો જાન વધુ વહાલો કરે એ આદમી સાચો સરદાર ન ગણાય. બદ્રીની હાજરીમાં તે બાપનું જરાય હીણું દેખાવા દેવા માગતો નહોતો એટલે વાતને સિફતથી વળાંક આપી દીધો.

'બાપુ, બદ્રીનો ઈરાદો પહેલાં નાસી છૂટવાનો જ હતો. એ કહેતો હતો કે કોટવાલ આપણા સાથીઓ પર એવો સિતમ ગુજારી બધી કબૂલાત મેળવી લેશે અને આપણે બધા ઝડપાઈ જશું . . . પણ નાસી જવામાં તો આપણે જોખમ વધારી રહ્યા છીએ.'

'કઈ રીતે ?' ઈસ્માઈલે ઠાવકાઈથી પૂછી લીધું.

અમીરને એ ગમ્યું: 'રાત તો પડવા આવી છે. બે ચાર કે છ કલાકમાં પકડાયેલાઓને કોટવાલ પાસે લઈ જશે. જો સિતમ ગુજારવાની શરૂઆત ત્યારે જ થઈ જાય તો સવાર સુધીમાં એકાદો ઢીલો-પોચો આદમી પાણીમાં બેસી જવાનો . . . કહો, નાસી છૂટવા માટે આપણી પાસે પૂરતો સમય છે ? એક રાતમાં આપણે આટલા બધા સામાન સાથે કેટલો પંથ કાપી શકવાના ? ઘોડેસવાર સિપાહીઓ આપણો પીછો કરે તો કાલ બપોર લગીમાં આપણને આંબી જાય . . આપણી તલાશી લેવાય તો અપરાધી ઠરાવવા માટે ઘણા પૂરાવાઓ તેમને મળી આવે.'

બદ્રી અને ઈસ્માઈલ અમીરની આ અગમચેતી પર છક્ક થઈ ગયા. નાસી જવાના વિચાર પર ઈસ્માઈલે ભોંઠપ અનુભવી પણ તે કળાઈ ન જાય એટલે ખુશ થવાનો દેખાવ કર્યો: 'વાહ, અમીર, આટલું બધું ઝીણવટથી તેં ક્યારે વિચારી નાખ્યું ?'

'તમે શુકન જોવામાં પડ્યા હતા ત્યારે !' અમીરે બદ્રી સામે ધારદાર નજરે

જોતાં કહ્યું: 'બોલો, હવે તમને મારી યોજના ગળે ઊતરે છે ?'

'પણ તો પછી એમાં શું કામ મોખરે ન રહું ?' હજુય ઈસ્માઈલ અમીરને આ કામમાં આગળ થવા દેવા માગતો નહોતો ? 'અમીર, સરદાર તરીકે મારે સૌથી વધુ જોખમ ઉઠાવવું જોઈએ.'

'પણ તમને કાંઈ થાય ...' અમીર થોથવાતો બોલ્યો: 'તો સરદાર વિનાની ટોળી શું કરે ?'

'અને તને કાંઈ થાય તો ...' આટલું બોલતાં જ ઈસ્માઈલને પોતાની ભૂલ સમજાઈ ગઈ. તેણે માત્ર અમીરનો જ વિચાર કર્યો તે ઠીક ન દેખાયું એટલે વાક્ય સુધારી લીધું: 'તમને લોકોને કાંઈ થયું તો આફતમાં ઉમેરો થવાનો ...'

'ના બાપુ, હમણાં જ તમે બંનેએ દેવીનાં શુકન જોયા, પછી દલીલમાં વખત શું કામ બગાડવો ! તમે જાણો છો, તલવારબાજીમાં હું પાછો નહિ પડું. બદ્રી, તું જલદી ઊપડી જા. બાપુને હું સમજાવી લઉં છું.'

બદ્રીએ સંમતિ માટે ઈસ્માઈલ સામે જોયું પણ સરદાર તરફથી ઈનકાર ન થયો એટલે એને મંજૂરી માની લઈ ને ઊપડી ગયો.

એકલા પડ્યા પછી થોડીવાર લગી બાપ-દીકરો લાગણી નીતરતી નજરે પરસ્પરને જોતા રહ્યા. અમીરને ખાતરી હતી કે બાપુ એને હવે રોકશે છતાં 'હા' પડાવવા માટે તેણે આખરી દલીલ રજૂ કરી :

'તમે ચાહો છો કે હું ઝડપથી ઊંચી પાયરી હાંસલ કરું ... પણ સાહસ કરવાનો મોકો આવે છે ત્યારે ફિકરમાં પડી જાવ છો. બાપુ, એ બંને વાત ક્યાંથી બને ?'

જવાબમાં ઈસ્માઈલે દીકરાને છાતી સરસો ચાંપી દીધો હેતાળ હાથે તેની પીઠ પસવારીને ગળગળા અવાજે કહ્યું: 'બેટા, તું મારી મગરૂરી છો તેમ મારી મજબૂરી પણ તું જ છો ...' તેની છાતીમાં ડૂમો ભરાઈ આવ્યો, પાંપણો પલળવા માંડી: 'તને આગળ વધારવાની મારી તમન્ના બધા જાણે છે, પણ તારા માટેની મારી બેચેની તો ખુદા જ જાણે છે.'

'બસ, તો એ ખુદાને સહારે મને સાહસિક બનવા દો.' અમીરે લાગણી પર અંકુશ મૂકતાં ઉમેર્યું : 'હું જે કરીશ તેમાં તમારી દુઆ મારી સાથે જ હશે.'

બાપથી અલગ થઈ ગરદન સહેજ ઝૂકાવી, જમણા હાથે તસ્લીમ કરી અમીર નજર છાતરીને ચાલી નીકળ્યો. જતાં જતાં કહેતો ગયો: 'તમે આપણો સામાન અને ઉતારો બદલવાનો બંદોબસ્ત કરી લેજો.'

ભલે ... એમ કહેવું હતું ઈસ્માઈલને પણ રૂંધાતા ગળાએ સાથ ન આપ્યો. બારીમાંથી ડોકાઈને તેણે જઈ રહેલા દીકરાને નજર ભરીને જોઈ લેવાની કોશિશ કરી પણ અમાસના ઊતરતાં અંધારાં અને આંખોમાં ઊભરાતાં આંસુ આડે આવ્યાં. તેનું અંતર પોકારી ઊઠ્યું :

'યા ખુદા મારા પાપનો પડછાયો મારા બેટાની જિંદગી પર ન પડે એટલી દુઆ કરજે.'

મોટી કોટવાલીનું મકાન સાંકડી ગલીમાં હતું. શહેરની વસ્તીના પ્રમાણમાં ચોકીદારોની સંખ્યા ઓછી હોવાથી દરેક શેરીના નાકે દરવાજા આવેલા. મધરાતે એ બંધ થઈ જતા જેથી ચોરીના બનાવો ઓછા બને. પ્રજાનું રક્ષણ અને કાયદાનો અમલ અમલદારોના મિજાજ મુજબ થતો, પકડાય તે ચોર અને છટકી જાય તે શાહુકાર ... એવો કારભાર ચાલતો હતો.

એ શેરીમાં બેત્રણ ચક્કર લગાવી અમીરે ચોકસાઈ કરવા માંડી. દુકાનો બંધ થઈ ચૂકી હતી. તંબોલી (પાન-સોપારીવાળા) ની એક હાટડી ઉઘાડી હતી. શેરીનું પાછલું નાકું આંબલીના ઝાડ પાસે પડતું હતું. જ્યાં માણસની અવરજવર સાંજ પછી ઓછી થઈ જતી. તંબોલી પાસેથી જાણવા મળ્યું કે એ આંબલીમાં ઓરતનું ભૂત રહે છે. ક્યારેક જુવાન માણસને ભરખી પણ જાય છે ... અમીર પરદેશી હોવાથી તેને ચેતવણી પણ મળી: 'તમે એ બાજુ ન જતા નહીંતર ...'

'નહીંતર પેલી બાઈ મને વળગશે ?' અમીરથી હસી જવાયું: 'કારણ કે હું જુવાન છું.'

'જુવાન અને ખૂબસુરત પણ છો.' તંબોલીએ ધારદાર સૂડાથી સોપારી વેતરતાં કહ્યું: 'ત્યાં વરસો પહેલાં કોઈ નવાબની હવેલી હતી. બુઢાપામાં એણે પરી જેવી એક ખુબસૂરત છોકરી સાથે શાદી કરેલી-કહે છે કે નવાબની પહેલી બીબીનો બેટો જુવાન હતો. તેની સાથે પેલીનું દિલ લાગી ગયું. નવાબને વહેમ ગયો. તેણે દીકરાને ઘેરથી કાઢી મૂક્યો અને જુવાન બીબીને બહુ બૂરી રીતે મારી નાખી, બસ, ત્યારથી તેનું પ્રેત આંબલીમાં રહે છે. રોજ રાતે પેલા નવાબની છાતી પર આવીને

ચડી બેસતું તેને પજવતું: 'હું તને ચેનથી નહીં જીવવા દઉં . . . અને ખરેખર નવાબના પાછલા દિવસો હડકાયા કૂતરાની જેમ વીત્યા.'

તંબોલીની વાતમાં અમીર ઊંડે ઊતરે એ પહેલાં દૂરથી આવતા બદ્રી પર તેની નજર પડી. તેણે સિફતથી વાત આટોપી લીધી: 'જનાબ સારું થયું તમે મને આંબલીના ભૂતની જાણ કરી દીધી. નહીંતર આજે આવી બનત.' કહીને એ ત્યાંથી સરકી ગયો.

બદ્રી પર તેણે થોડો રોષ ઠાલવ્યો: 'કેટલી વાર લગાડી ? બધા ક્યાં છે ? કોણ કોણ છે ?'

બદ્રી ઉશ્કેરવાનું શીખ્યો જ નહોતો. અમીરની અધીરાઈ પણ સમજતો હતો: 'બધા મળીને છ સાથીઓ છે - હિંમતખાં, પીરખાં, મોતીરામ, બીજા બે અને હું . . . અમે નાની કેટવાલીમાં ફરી તપાસ કરી આવ્યા. એ લોકોને ત્યાંથી ખસેડ્યા નથી અને હજુ કલાક વાર તો નીકળી જશે.'

અમીરે અંધારામાં જોયું તો તંબોલી એની હાટ બંધ કરતો હતો: 'બદ્રી આ તંબોલીએ મને એક મજેદાર બાતમી આપી. કહે છે કે શેરીના પેલા છેડે આંબલીમાં ભૂત થાય છે.'

'અને તારા સ્વભાવ પ્રમાણે તેં એની વાતને હસી કાઢી એમ જ કહેવું છે ને તારે.' બદ્રીએ અમીરને આ જ વાત બહુ ખટકતી. દેવીના શુકનમાં ન માનનારો ભૂતપ્રેતમાંય ન માને એવું તેણે અનુમાન કરી લીધું: 'પ્રેતની વાત મજેદાર કે હસી કાઢવા જેવી નથી હોતી અમીર !'

'હું ક્યાં હસી કાઢું છું. ઊલટાના મને તો એમાં સારા શુકન દેખાય છે.'

બદ્રીની આંખો પહોળી થઈ. અમીરે તરત સુધારો પણ કર્યો: 'શુકન એટલે કે મોકો . . . જો સિપાહીઓ ખાનને એ તરફથી લઈ આવે તો આપણે એમને સહેલાઈથી ભડકાવી શકશું.'

'અને આ રસ્તેથી આવે તો ?' બદ્રીએ અમીર સામે ખંધુ હસીને પૂછ્યું. પણ અમીર પાસે તેનો જવાબ તૈયાર હતો: 'તો આપણે નાસી છૂટવા માટે આંબલીનો રસ્તો પકડશું . . . એક તો અંધારું છે અને ત્યાં માણસોની અવરજવર હશે નહીં.'

બદ્રીના મનમાં ઘડ તો બેઠી છતાં તેને સૌથી મોટી એક બ્હીક હતી: 'સિપાહી

પાસે બંદૂક હોય છે એનો આપણે વિચાર કરવો જોઈએ.'

'આપણે એમને બંદૂક ફોડવાનો મોકો જ નહીં આપીએ. ફોડશે તોય અંધારામાં નિશાન ચૂકવી દેશું.'

'પણ ધડાકો થાય તો આખો મહોલ્લો જાગી ઊઠે.'

બદ્રીની એ વાત પર અમીર દાઢી ખંજવાળવા લાગ્યો. એટલામાં પીરખાં આવ્યો: 'હિંમતખાને પેલા નાકે રાખ્યો છે, હું સામેનું નાકું દાબીને ઊભો રહું ?'

અમીર અને બદ્રી સંકેતથી એકબીજા સામે જોવા લાગ્યા. પીરખાંને આંબલીવાળી વાત કરવી ન જોઈએ એવી સંતલસ કરી લીધી. ભૂતનું નામ સાંભળીને જ એ બુઢ્ઢો ભડકી જશે.

'અને મોતીરામ ક્યાં છે ?' અમીરને મોતીરામની કુનેહ પર વધુ ભરોસો હતો.

'અને હું નાની કોટવાલી પાસે રાખીને આવ્યો છું.' મહત્ત્વની વાત કહેવાની રહી ગઈ હોય તેમ બદ્રી બોલી ઊઠ્યો: 'સિપાહીઓ આપણા લોકોને અહીં લઈ આવે તે અગાઉ આપણને જાણ કરવાનું તેને સોંપ્યું છે.'

'એ કામ તેં બહું સારું કર્યું.' અમીરને હવે ધરપત થઈ: 'મોતીરામ ભારે ચાલાક છે. કેટલા સિપાહીઓ છે, સાથે કેવાં હથિયારો છે તે જાણી લીધા પછી હલ્લો કરવામાં વધુ ફાવટ રહેશે.'

*

કલાકને બદલે સવા કલાક રાહ જોવી પડી. અમીરનો જુસ્સો વધતી જતી ઠંડીની જેમ ટાઢો પડવા માંડ્યો: 'કદાચ હવે એમને નહીં લાવે તો ! આખી બાજી ઊંધી વળી જશે. તેણે સાથીઓને શેરીમાં જુદીજુદી જગ્યાએ ગોઠવી દીધા હતા. પોતે ઊંચા ઓટલાવાળા એક મકાન નીચે લપાવાનો હતો. મધરાત પહેલાં તો તેમણે અહીંથી કોઈપણ હિસાબે નીકળી જવું પડે. નહીંતર શેરીના બંને બાજુના નાકા બંધ થઈ જાય અને સાથીઓને છોડાવવાને બદલે પોતે જ પૂરાઈ જાય. મહોલ્લાવાળાઓ જંપી ગયા હતા, બધે સોપો પડી ગયો હતો. અચાનક એક ઘરમાં કોઈક છોકરું રડી ઊઠ્યું અને અમીર ભડક્યો. છોકરાની ચીસે તેને આંબલીવાળા ભૂતની યાદ અપાવી. ભૂતપ્રેતમાં ન માનતો હોવા છતાં પોતે ભડકી ગયો એ માટે અમીરે જાતને ઠપકો આપ્યો. છતાં તેની અસરમાંથી એ જલદી મુક્ત થઈ શક્યો

નહીં. મોતીરામે અંધારામાં પાછળથી તેના ખભા પર હાથ મૂક્યો ત્યારે એના અંગેઅંગમાં ધ્રુજારી વ્યાપી ગઈ. પાછળ જોવાની હિંમત કર્યા વિના ભાંગ્યાતૂટ્યા અવાજે એ માંડ માંડ પૂછી શક્યોઃ 'કો . . ણ ?'

'અરે . . . હું છું અમીરમિયાં !' મોતીરામે આટલું કહ્યું ત્યાં અમીરને ઝાટકો લાગ્યો હોય તેમ પાછળ ફરી ગયો. કપાળ પરનો પસીનો લૂછવાને બહાને તેણે ઝડપથી મોં પરના ભાવ છુપાવી દીધાઃ 'મને એમ કે . . .' એટલું કહીને તેણે વાત બદલી નાખીઃ 'શું ખબર લાવ્યો ?'

'એ લોકો આવી રહ્યા છે.' મોતીરામ હાંફતો હતો તે અમીરના ધ્યાનમાં હવે આવ્યુંઃ 'હું દોડીને આવ્યો છું. પાંચ દસ મિનિટમાં એ લોકો આવી પહોંચશે.'

અમીર ટટ્ટાર થઈ ગયોઃ 'કેટલા સિપાઈઓ છે.'

'બાર-તેર.' મોતીરામે બીજી માહિતી પણ વગર પૂછ્યે આપવા માંડીઃ 'આપણા સાથીઓને બાવડે દોરડાં બાંધ્યાં છે. તેનો છેડો પકડીને એક સિપાહી આગળ ચાલે છે. તેની બાજુમાં એક બંદૂકવાળો છે. બીજા સિપાહી આપણા સાથીઓને ઘેરીને ચાલે છે. જાપ્તો કડક દેખાય છે.'

'ભલે, તું સામેના મકાનની દીવાલ સરસો છુપાઈ જા.' અમીરે તેને હડસેલતાં કહ્યુંઃ 'હું હુમલો કરું એટલે તારે પાછળથી ત્રાટકવાનું છે.'


એટલામાં દૂરથી આવતા માણસોના પગલાંનો અવાજ સંભળાયો. અમીર ઝડપભેર પોતાની જગ્યાએ ગોઠવાઈ ગયો. સિસોટી મારીને તેણે બદ્રીને સાવધ કરી દીધો.

નજીક આવતાં પગલાંએ અમીરના દિલમાં ખળભળાટ મચાવી દીધો. જાણે એ બધા પોતાની છાતી પર ચાલી રહ્યા હોય એવો બોજ વરતાવા લાગ્યો. ઝનૂનની ગરમીનો પસીનો વળવા માંડ્યો. ઉત્તેજનાથી નસો તંગ થવા લાગી. ધીમે ધીમે ભીંતના છેડે માથું સરકાવી નજર કરી. ટોળું આવતું દેખાયું, કોઈ કાંઈ બોલ્યું નહોતું. માત્ર પગલાંના અવાજ વજનદાર થતા જતા હતા.

અમીર અર્ધો ઊભો થઈ ગયો. તલવારની મૂઠ પર રાખેલો જમણો હાથ ક્યારનોય સળવળી રહ્યો હતો. પસીનાથી ભીની થયેલી બે હથેળી તેણે કુરતા પર ઘસીને કોરી કરી નાખી. છેલ્લી બે પાંચ પળોમાં કોણ જાણે ક્યાંથી પણ તેના શરીરમાં સાવજ જેવી તાકાત ઊભરાઈ આવી ! સામે આટલા બધા સિપાહીઓ છે તે ભુલાઈ

જવાયું . . . આકાશમાંથી અણધારી વીજળી ત્રાટકે તેમ ઉઘાડી તલવારે અમીરે વીસ-બાવીસ જણાના એ ટોળામાં 'યા ખુદા !' ના પોકાર સાથે ઝંપલાવ્યું બરાબર એ જ વખતે સામી બાજુએથી બદ્રી પણ ધસી આવ્યો.

અમીરની તલવાર મોખરાના સિપાઈ પર વિંઝાણી ત્યાં તો પેલા લોકોને ખબર સુધ્ધાં ન પડી કે અચાનક શું બની ગયું છે ! બદ્રીના એક હાથમાં તલવાર અને બીજા હાથમાં છુરી હતી. બંદૂકધારી સિપાહીના ખભા પર છુરી ભોંકાય એ



રીતે એ કૂદ્યો હતો. પાછળથી મોતીરામે પણ તલવારની અણીથી એક સિપાહીને જખમી કરી દીધો.

ખાને અમીરને કૂદતો જોયો ત્યારથી જ તે જોશમાં આવી ગયો હતો. બંને બાવડા દોરડાથી જકડાયેલા હતા એટલે પગની આંટી મારીને તેણે બાજુના સિપાહીને મોં ભરિયા નીચે ઢાળી દીધો. એણે પડતાં પડતાં ચીસ પાડવાનો પ્રયાસ કર્યો ત્યાં અમીરની તલવારે તેની પીઠ ઉતરડી નાંખી.

'જે કોઈ અવાજ કરશે તેની ગરદન ઝાટકી નાખીશ.' તલવાર ઘૂમાવતા અમીરે સિપાહીઓને ચેતવ્યા. પછી ખાનના બાવડે બાંધેલું દોરડું વાઢી નાખ્યું: 'તું ઝટપટ બીજાને છૂટા કરવા માંડ.'

અમીરે આંખના પલકારામાં ત્રણચાર સિપાહીઓને જખમી કરીને ઢાળી દીધા એ જોઈને બીજાઓની હિંમત ફસકી ગઈ છતાં મહોલ્લાવાળા કોઈ બહાર ડોકાયા નહિ. પારકી પંચાતમાં પડીએ તો લેવાદેવા વિના ફૂટાઈ મરીએ એવી બીકે બધા ઘરમાં જ ભરાઈ રહેવાનું પસંદ કરતા.

જખ્મી થયેલો બંદૂકધારી સિપાહી ખૂણામાં પડ્યો હતો. પણ હજુ હોંશમાં હતો. કેદીઓની હેરફેરની જિમ્મેદારી તેના પર હતી. એક પછી એક નાસી જતા સિપાહીઓને જોઈ તેના દાંત ભીંસાયા: 'બુઝદિલ સુવ્વરો સામનો કર્યા વિના ભાગી છૂટે છે. હવે પાંચ દશ મિનિટમાં મામલો ખતમ થઈ જવાનો. ગફલતનો ઈલજામ મારા પર આવવાનો. કદાચ કેદીઓને ભગાડી જવામાં મારો હાથ છે એવો આરોપ મૂકી મારા ઉપર જ કોટવાલ સિત્તમ ગુજારશે.

નજીક પડેલી બંદૂક પર તેણે નજર સ્થિર કરી. ડાબા ખભા પર ઝખમ થયો હતો પણ બંદૂક ચલાવવા માટે જમણો હાથ કાફી હતો. હિંમત એકઠી કરીને તે બંદૂક તરફ સરકવા લાગ્યો.

અમીર સાથીઓને કહી રહ્યો હતો. બધા આંબલીવાળા રસ્તે નાસી છૂટો.' પણ ખાનને હજુ ત્રણ સાથીઓના બાવડે બાંધેલા દોરડા છોડવાના બાકી હતા. એમને છૂટા કર્યા વિના નાસવાનું ફાવે તેમ નહોતું. અમીરે ગુસ્સે થઈને કહ્યું: 'તું દૂર હઠ, હું તલવારથી ઝાટકો મારું છું.'

અમીરે બે જણના ખભા વચ્ચે સાવધાનીથી તલવાર વીંઝીને એકને તો છૂટો કર્યો, પણ બીજાને છોડાવવા જાય ત્યાં બદ્રીએ તેને ચેતવ્યો: 'અમીર, ખબરદાર,

પાછળ બંદૂક ...'

તલવાર ઉગામેલો અમીરનો હાથ એક પળ માટે અધ્ધર રહી ગયો. તેના જમણા પગની પીંડી પર બંદૂકની નાળ અડી ચૂકી હતી. જમીન પર કોણી ટેક્વી સિપાહી બંદૂક્નો ઘોડો દબાવવા જતો હતો. બદ્રીએ તેને રોકવા છુરીનો ઘા કર્યો પણ અંધારામાં એ નિશાન ચૂકી ગયો છતાં તેને કારણે બંદૂકનો ઘોડો દબાવવામાં થયેલા વિલંબનો લાગ અમીરે સાધી લીધો.

હવામાં ઉગામેલી તલવાર પાછું જોયા વિના જ તેણે ઝાટકા સાથે પીઠ પાછળ ઘૂમાવી. ઘચાક કરતો અવાજ સંભળાય ... બંદૂક પકડેલું સિપાહીનું કાંડું જમણા હાથથી અલગ થઈને ઊડી પડ્યું. અમીરે પાછળ ફરીને જોયું તો સિપાહી જમીન પર તરફડતો હતો.

બદ્રી કૂદીને તેના પાસે આવ્યો: 'હવે આપણે બે જ બાકી રહ્યા છીએ.' એમ કહ્યું ત્યારે તેને ખ્યાલ આવ્યો કે મેદાન સાફ થઈ ગયું હતું. સાંકડી શેરીમાં છ સાત જખમી સિપાહીઓ કણસતા પડ્યા હતા.

નાસી ગયેલા સિપાહીઓ મદદ લઈને આવી પહોંચે તો ફસાઈ જવાનું જોખમ છે તેનો અમીરને ખ્યાલ આવ્યો. છતાં નીકળી જતાં પહેલાં પેલી બંદૂક લેવાનું ચૂક્યો નહીં. બંદૂક્નો એ પહેલવહેલો સ્પર્શ તેને એટલો રોમાંચક લાગ્યો કે એ બંદૂકના હાથા પર પેલા સિપાહીની કપાઈ ગયેલા કાંડાની મુઠ્ઠી સજ્જડપણે વળગેલી હતી તેનો ખ્યાલ સુધ્ધાં ન રહ્યો ! કમર પર બાંધેલ ભેટમાં બંદૂક ખોસી દઈ એ બદ્રી પાછળ નાસવા લાગ્યો. પેલી આંબલી પાસે પહોંચ્યો ત્યારે તેના પગ અચાનક થંભી ગયાં :

'બદ્રી ! જરા થોભી જા.'

'શું થયું ?' મહામહેનતે પગને રોકતાં તેણે આઘેથી જ પૂછ્યું. નાસવાના જોશમાં બદ્રી ભૂતવાળી વાત વિસરી ગયો હતો.

'જરા જો તો ... મારી કમરમાં ...' અમીર બંદૂક્વાળા પડખે બંને હાથ દાબી ઉચાટભર્યા અવાજે કહેતો હતો એથી બદ્રીને ફટકો પડ્યો: 'અણીને વખતે વળી શું ઉપાધિ આવી પડી !

તે નજીક પહોંચ્યો એટલે અમીરે તેનો હાથ પકડી પોતાના પડખા પર દબાવ્યો: 'અહીં જો તો, ઘા વાગ્યો નથી છતાં ગરમ લોહી નીકળતું હોય એવું કેમ

લાગે છે ?'

બદ્રીએ ખાતરી કરવા માટે પોતાનો હાથ અંદર સરકાવ્યો. તેની આંગળીનાં ટેરવાં પણ ભીના થયા. ખૂન વહેતું હોય એવું લાગ્યું. ફરતો ફરતો તેને હાથ બંદૂકના ઘોડા પાસે ગયો. પેલા સિપાહીની મુઠ્ઠીને સ્પર્શ થયો ત્યારે એ ચોંક્યો: 'આ શું છે !' એવું બબડીને તેણે ઝાટકા સાથે એ ચીજને બહાર ખેંચી કાઢી. એજ વખતે આંબલીની ડાલીઓ પવનથી હલી ઊઠી ખળભળાટ થયો.

'કેમ મૂંગો થઈ ગયો બદ્રી ?' અમીરે બદ્રીના ધ્રૂજતા હાથ જોયા: 'અંદરથી તેં શું કાઢ્યું ?'

પણ કપાયેલું કાંડું જોઈને બદ્રીના હોશ ઊડી ગયા. ટાઢ ચડી હોય તેમ દાંતની ડાબલીઓ ધ્રૂજવા માંડી. હાથમાં પકડેલી એ બિહામણી ચીજ ફેંકી દેવાની ઈચ્છા હોવા છતાં. તેનાથી એમ થઈ શક્યું નહિ ત્યારે 'ભૂ . . . ત' એવી રાડ પાડીને તે ઊભી પૂંછડીએ નાઠો.

એને રોકવા માટે અમીર બૂમ પાડવા ગયો પણ તેની જીભ સુકાઈ ગઈ હતી. પગ જાણે જમીન સાથે જડાઈ ગયા હોય તેમ એ ત્યાં જ ઊભો રહી ગયો. કમરામાંથી બંદૂક કાઢીને જોયું તો લોહી સિવાય ભડકી જવા જેવું તેને કાંઈ દેખાયું નહિ. ગરદન ઊંચી કરી તો આંબલીમાં પણ ભૂતનું નામનિશાન નહોતું. તો પછી બદ્રીને ભૂત વળગ્યું હોય તેમ નાસ્યો કેમ ?'

એ જ વખતે શેરીના બીજે છેડે દોડ્યા આવતા સિપાહીઓના પગલાં સંભળાયા ત્યારે અમીરને ભાન થયું કે તેણે નાસી છૂટવાનું છે.

*

૩૪

પ્યારા બેટાની હિફાજત માટે ખુદાની બંદગી કરતો ઈસ્માઈલ આંખો મીંચીને ઘૂંટણભેર બેઠો હતો. ખુદાતાલાની દુઆ માટે પહોળી થયેલી હથેળીમાં પસીનાની ચિકાશ વરતાવા લાગી હતી. પરવરદિગારના ખ્યાલમાં લીન થઈ જવાની કોશિશમાં વારેવારે ખલેલ પડતી હતી. રાત ખામોશ હતી, ચારે તરફ સન્નાટો હતો છતાં ભીતરનો કોલાહલ કનડગત કરતો રહ્યો. ધ્યાન ઉપરવાળામાં રોકાયું હતું, પણ કાન કમાડ પર મંડાયાં હતાં. આંખો મીંચેલી હતી છતાં સામે ધરી રાખેલી હથેલીની એક લકીર બંધ પાંપણોની આરપાર ભોંકાતી હતી. ખુદાને યાદ કરવા જતાં જે ભૂલી જવાનું હતું તે યાદ આવી જતું હતું.

શિવપુરીથી સવારી ઊપડી તે પહેલાં એક ઠગ પંડિતની નજર તેની હથેલી પર પડી અને પંડિતે ઈસ્માઈલનું કાંડું પકડી લીધેલું: 'હરકત ન હોય તો મને તમારી બેચાર રેખાઓ જોઈ લેવા દો.'

કિસ્મતનો ભેદ જાણવાની કુરાનમાં મના ફરમાવી હોવા છતાં ઈસ્માઈલ જિજ્ઞાસાને રોકી ન શક્યો: 'બેલાશક જુઓ પંડિતજી . . . અને જોઈને જે કહેવું હોય તે બેધડક કહેજો પણ ખરા.'

એક રેખાં પર પંડિતનું ધ્યાન બહુ વાર લગી સ્થિર થઈ ગયું. ખુદ તેના મુખની રેખા તણાવા લાગી ત્યારે ઈસ્માઈલનો હાથ સહેજ ધ્રૂજ્યો હતો: 'ચિંતા કરવા જેવું કાંઈ છે ?'

'વિસ્મય પામવા જેવું છે.' પંડિતનો અવાજ ઘોઘરો બની ગયો: 'હાથની રેખા સૂચવે છે કે તમારા તકદીરમાં દીકરાનું સુખ નથી.'

આંચકો લાગ્યો હોય તેમ ઈસ્માઈલ હાથ પાછો ખેંચી લેવા જતો હતો પણ પંડિતનું કથન હજુ અધૂરું હતું. ગૂંચવણમાં પડ્યો હોય તેમ તેણે વાક્ય પૂરું કર્યું: 'છતાં તમારે દેવ જેવો દેખાવડો જુવાન દીકરો છે !'

'એટલી તમારી જ્યોતિષ વિદ્યા કાચી પંડિતજી !' પોતે અપરાધી હોવા છતાં તેણે પંડિત પર આક્ષેપ કર્યો: 'અમે લોકો એટલે તો લકીરો પર ભરોસો રાખતા નથી.'

'ઈસ્માઈલ મિયાં તમારે મારા માટે જે કહેવું હોય તે કહો પણ વિદ્યાને ઉતારી ન પાડો. દેવીના સોગંદ સાથે કહું છું, આજ લગી મારું ભાખેલું ખોટું નથી પડ્યું.'

'તો માની લો કે ખોટું પડવાની હવે શરૂઆત થાય છે.' મજાકના ઢંગમાં ઈસ્માઈલે કહી દીધું અને પંડિત છંછેડાઈ ગયા. ધારદાર નજરે તેણે ઈસ્માઈલ સામે જોયું :

'તો મિયાં, પૂછું એનો જવાબ આપો.'

'શું ?' ઈસ્માઈલ થથરી ઊઠ્યો. અમીર વિષે જો કાંઈ પૂછે તો ત્યાંથી ઊઠીને ચાલતો થઈ જવાનો તેણે ફેંસલો કરી લીધો: 'શું પૂછવું છે તમારે ?'

'મનુષ્યની આવરદા કોના હાથમાં !'

'ઓહ !' ઈસ્માઈલે ધરપત અનુભવતાં કહ્યું: 'એમાં પૂછવા જેવું શું છે. ઈન્સાનની આવરદા ખુદા સિવાય બીજા કોના હાથમાં હોય ?'

'ખુદ ઈન્સાનના જ હાથમાં હોય છે ઈસ્માઈલમિયાં !' પંડિત જુસ્સાભેર બોલી ગયા: 'રેખા જુઓ, એમાં તમારી આવરદા હું વાંચી શકું છું.'

'તો બોલી નાખો, અચકાવ છો શેના ?' ઈસ્માઈલે બેપરવાહીથી કહ્યું: 'કાળજું સાબૂત રાખીને હું સાંભળી લઈશ.'

'તો સાંભળો.' પંડિત એક નિસાસો નાખી લીધો: 'આ રેખા તો બહુ લાંબી નથી.'

'હં' ઈસ્માઈલની લાપરવાહી ગાયબ થઈ ગઈ પણ પોતે સાબૂત રહેવાની ખાતરી આપી હતી તે યાદ આવતાં પરાણે મોં મલકાવવું પડ્યું: 'પંચાવને તો પહોંચી ગયો હોઈશ. અમીરને પરણાવવા સિવાય કોઈ ખ્વાહિશ નથી. કહો, એટલી લાંબી

તો છે ને આવરદા ?'

'દીકરાની તો કોઈ રેખા આમાં છે નહીં એટલે એ તો કેમ કહી શકું.' પંડિતે ઈસ્માઈલની હથેળી પરથી હાથ હઠાવી લેતાં કહ્યું: 'છતાં મોત કુદરતી નથી એટલું જરૂર ભાખીશ.'

પંડિત જયોતિષનો પાકો જાણકાર છે એની તો ઈસ્માઈલની પહેલી વાત જ પરથી ખાતરી થઈ ગઈ હતી. એ વિના તે કઈ રીતે કહી શકે કે તમારા તકદીરમાં દીકરાનું સુખ લખાયું નથી ! તો પછી આવરદા અંગેની એની આગાહી કેમ ખોટી ઠરે ?

'પંડિતજી મોત એટલે ... મોત કુદરતી અકુરતી એ તો બધું કુદરતના હાથમાં છે.' એ જરા ખચકાયો. મનનો થડકો છુપાવીને પૂછવાની કોશિશ કરી: 'કહી શકો તો એટલું બતાવો કે મોત વખતે મારો બેટો હાજર હશે કે નહીં ?

આસ્થા સાથે આ સવાલ પૂછ્યો હતો એ પંડિત સમજી ગયા. તેણે ચેતવણી ઉચ્ચારી: 'મનમાં જે ઊગે છે એ જ હું કહી શકું છું. સાવચેત રહેજો. જેને તમે તમારો માનતા હશો એ જ આદમી તમારા મૃત્યુનું નિમિત્ત બનવાનો.'

જાગતે રહના ! રસ્તા પરથી ચોકીદારે આલબેલ પોકારી અને ઈસ્માઈલ ધ્રૂજી ઊઠ્યો. મીંચેલી આંખો ઊઘડી ગઈ. સફરની શરૂઆતમાં એક પંડિતે કરેલી આગાહીના ભણકારા અત્યારે કેમ કાન પર અફળાતા હતા ? ખુદાની બંદગીમાં ખુલ્લી કરેલી હથેળીની પેલી લકીર કેમ વારેવારે નજરમાં ભોંકાતી હતી ? સરફરોઝખાનને છોડાવવા ગયેલો અમીર હજુ કેમ પાછો ફર્યો નહીં ? જેને હું મારો માનું છું એ મારા મોતનો નિમિત્ત બનવાનો-કોણ ? સરફરોઝ ...બદ્રીનાથ કે... કે ખુદ અમીર જ ?

નહીં ! નહીં, પંડિતની વિદ્યા જૂઠ્ઠી છે, એની આગાહી ખોટી પડવાની છે. કિસ્મતનો ભેદ ખુદા સિવાય કોઈ જ જાણતું નથી ...

ત્યાં બારણે ટકોરા થયા ... ઈસ્માઈલનો ચહેરો ઝગમગી ઊઠ્યો. આ ટકોરા તેના ખ્યાલાતની સાક્ષી પુરાવે છે. આવી ગયો ... અમીર સલામત આવી પહોંચ્યો. ઝાટકા સાથે તે ઊઠવા ગયો, પણ બે-ત્રણ કલાક લગી ઘૂંટણભેર બેસી રહેવાથી પગમાં ખાલી ચડી ગઈ હતી. ઊઠવામાં વાર લાગી. સાંકળ ખખડી. ધીમો સાદ સંભળાયો: 'બાપુ !

અને ઈસ્માઈલના પગની ખાલી ઊતરી ગઈ. શરીરમાં જોશ વરતાયું. દોડીને તેણે બારણું ઉઘાડ્યું. ના, એ ખ્વાબ નહોતું, સચ્ચાઈ હતી. પ્યારો બેટો સામે હસતો ઊભો હતો. આંખે ઝળઝળિયાં આવી ગયાં. બંને હાથે દીકરાને બાથમાં ખેંચી લીધો. હેતથી વાંસો પંપાળ્યો, બંને ગાલ પર બોસો ભર્યો પણ અમીરના જમણા પડખા પર ફરતા હાથમાં ભીનાશ વરતાઈ કે ઈસ્માઈલને ફડકો પડ્યો: 'તને ઈજા થઈ લાગે છે.'

લોહીથી ખરડાયેલાં કપડાં જોઈને તે વધુ ગભરાયો: 'શું થયું અમીર ?'

'કાંઈ નથી થયું બાપુ !' અમીર શ્વાસ ખાવા રોકાયો. ઈસ્માઈલ તેને ફાનસ તરફ ખેંચી ગયો: 'મને જોવા દે.'

પણ જખમને બદલે બંદૂક જોઈને તેને ઉશ્કેરાટ આશ્ચર્યમાં પલટાઈ ગયો: આ બંદૂક ક્યાંથી ?' સરફરોઝનું શું થયું ? તારા કપડાં લોહીથી ખરડાયા ?' ઈસ્માઈલ એકી શ્વાસે સવાલો પૂછવા લાગ્યો.

'બધું જ કહું છું બાપુ !' અમીરને હતું કે બાપને નિરાંતે માંડીને વાત કરીશ. પણ માણસને પરિણામ જાણવાની અધીરાઈ એટલી બધી હોય છે કે વિગતે વાત સાંભળવાની સબૂરી રાખી શકતો નથી, એટલે બાપને ધરપત આપવા અમીરે કામિયાબીની ખુશાલી વ્યક્ત કરી દેવી પડી: 'આસાનીથી કામ પાર પડી ગયું, આપણા બધા જ સાથીઓ છૂટી ગયા અને સિપાહીની આ બંદૂક ઉઠાવી લાવ્યો તે વધારામાં.'

દીકરાના એક એક શબ્દ પર ઈસ્માઈલની ખુશાલી ઉછળતી હતી. કામિયાબીને બદલે બેટો સલામત પાછો આવે તો પણ ખુદાની મહેર માની હતી તેણે . . . પણ આ તો અજબ ચમત્કાર કરીને આવ્યો હતો ! અમીર અત્યારે તેને ખરેખર ફરિશ્તા જેવો લાગ્યો. બહુ વાર લગી જોયા પછી તેને થયું કે દીકરાને પોતાની નજર લાગી જશે !

'શાબાશીના બોલ પણ ઓછા પડે એવું પરાક્રમ તું કરી આવ્યો અમીર !' તેના અવાજમાં ભીનાશ વધવા લાગી: 'આજ તો તું માગે તે આપવા તૈયાર છું. બરદાસ્ત ન થઈ શકે એટલો બધો ખુશીનો બોજ લાગે છે બેટા . . . કાંઈક માગીને તેને હલકો કર જલદી !'

અમીર મીઠું હસ્યો: 'બસ તમે જે કહ્યું એમાં બધું જ આવી ગયું. સાહસ

કરવાનો મેં મોકો માગ્યો અને તમે આપ્યો.'

'નહીં બેટા, બાપુનું દિલ ઓલાદને ક્યારેક એવું આપવા ઝંખે છે જેની યાદ જિંદગીભર જળવાઈ રહે.'

'એવું તો ...' ક્હેતાં જ અમીર અટકી ગયો અઝીમા યાદ આવી: હજુ બાપને એ વાત ક્હી નથી. એમની મંજૂરી વિના જ અઝીમાને નસાડી જવાનો પોતે વાયદો કરી આવ્યો છે. જિંદગીભર યાદ રહી જાય એવી માગણી આના સિવાય બીજી કઈ હોઈ શકે ?

'કેમ અટકી ગયો ?' ઈસ્માઈલ અમીરના ચહેરા પરથી કળી ગયો કે માગવા જેવું કાંઈક એના મનમાં ઊગ્યું છે: 'તને બાપ પર ભરોસો નથી ? માંગેલું નહીં મળે એવી શંકા છે ?'

'નહીં નહીં.' અમીર ત્વરાથી બોલી ગયો: 'વગર માગ્યે જેની પાસેથી બધું જ મળ્યું છે તેના પર ભરોસો કેમ ન હોય, પણ ..'

'પણ-બણ નહીં.' ઈસ્માઈલની ધીરજ ખૂટી ગઈ: 'તું છૂપાવે છે તો તને મારા કસમ છે !'

'બા ... પુ' ગળગળો થઈ ગયો અમીર: 'કસમ આપીને તમે મને શરમિંદો કરી દીધો. એક અજાણી ઓરત સાથે જિંદગીભરનો નાતો જોડવાની મંજૂરી માગું તો ...'

'અજાણી ઓરત?' ઈસ્માઈલનો અવાજ થથરી ગયો: 'જિંદગીભરનો નાતો?'

પાંચદસ પળ ખામોશી છવાઈ ગઈ. ઈસ્માઈલને સૌથી પહેલાં અમીરની બહેન યાદ આવી. જિંદગીભરના નાતાનો તેણે એવો અર્થ કર્યો ... તો શું અમીર બધું જાણી ચૂક્યો હશે ?'

'આજે સાંજે જોહરાની તલાશમાં ગયો હતો અને અચાનક એની મુલાકાત થઈ ગઈ'

'કોની ?' ઈસ્માઈલ બેબાકળો બની ગયો.

'પૂરું સાંભળ્યા પહેલાં જ તમે તો ઉશ્કેરાઈ ગયા બાપુ !'

દીકરાના એ શબ્દોએ ઈસ્માઈલને ભોંઠો પાડ્યો. તેણે નજર ફેરવી લીધી:

'તું કટકે કટકે વાત કરીને મારી ઉલઝન વધારે છે.'

'એનું નામ અઝીમા છે. બેહદ ખૂબસુરત છે. મારી સાથે શાદી કરવા તૈયાર છે. કાલે હું એને ભગાડી લાવવા માગું છું અને એ માટે તમારી મંજૂરી જોઈએ છે.'

ઈસ્માઈલ ફાટી આંખે સાંભળી રહ્યો. પોતે કેવું ગલત ધારી બેઠો હતો ! રાહતનો દમ લીધો તેણે . . .

અમીરે બધી વાત કરી ત્યાં સુધી તેણે ચૂપચાપ સાંભળ્યા કર્યું. દીકરો ગમે તેની સાથે શાદી કરી બેસે એવો તેણે સ્વપ્નેય ખ્યાલ કર્યો નહોતો. છતાં અત્યારે એ સોદો તેને બહુ આકરો ન લાગ્યો. જોહરાની જુદાઈ અમીરના દિલ પરથી હઠી જતી હોય તો માગણી મંજૂર રાખવામાં જ મજા હતી.

'બેટા, એ આપણા ઘરની વહુ બનવાને લાયક હોય તો મને વાંધો નથી' કહીને તે અમીર સામે મલક્યો: 'એ જોહરા જેવી ખૂબસુરત છે ?'

'જોહરાને ભુલાવી દે એટલી બધી . . .' અમીર કહી તો ગયો પણ પછી શરમાઈને નીચું જોવું પડ્યું તેને.

'એ શાદીસુદા છે છતાં પણ તું . . .'

'નામર્દ સાથેની શાદી એ શાદી ન ગણાય બાપુ !' અમીરે દલીલ કરી: 'મારા ઈનકારમાં એની બરબાદી હતી. હું નહીં જાઉં તો એ ઝેર ગટગટાવી જવાની'

'તો પછી એ જ વખતે કેમ ન ઉપાડી લાવ્યો ?'

મંજૂરી આપવી છે તો પછી કસર શું કામ કરવી એવા ઈરાદાથી તેણે પૂછેલું પણ અમીરે બહુ ઠાવકાઈથી જવાબ આપ્યો: 'જો ઉપાડી લાવ્યો હોત તો પછી અત્યારે તમારી પાસે માગવા જેવું શું રહેત ?'

દીકરાની ચાલાકી પર બાપ આફરિન થઈ ગયો. વધુ ઉમળકાથી તેણે છાતીએ વળગાડ્યો: 'જા તારી પસંદગી પર મારી મંજૂરી સાથે દુઆ પણ છે-બસ !'

અમીરની ખુશાલી આંસુ બનીને વહેવા લાગી. એ આંસુમાં જોહરા અને ગુલુની યાદ તણાઈ ગઈ.

અઝીમાના ખ્વાબમાં રાત ક્યાં વીતી ગઈ તેની ખબર ન રહી. વહેલી સવારે એક વિચિત્ર સપનાંએ તેને જગાડી દીધો: કોલ આપ્યા મુજબ અઝીમા દરગાહે

આવી પહોંચી હતી. નસાડી જતાં પહેલાં પોતે એને દરગાહ પર નજર ચડાવવા લઈ ગયો. મુલ્લાંએ જોડી સલામત રહે એવી દુઆ આપી. ત્યારે અઝીમાના ચહેરા પરથી સહેજ બુરખો હઠી ગયો અને મુલ્લાંએ રાડ પાડી: 'આ તો મારી બીબી છે !' અમીર ભડકી ગયો, અઝીમા બેહોશ થઈને પટકાઈ પડી. લોકોને એકઠા કરવા મુલ્લાંએ બૂમાબૂમ કરી મૂકી, અમીરે મ્યાનમાંથી તલવાર ખેંચી કાઢી અને કોઈ આવી પહોંચે એ પહેલાં મુલ્લાંની ગરદન ધડથી અલગ કરી દીધી. પછી બેહોશ અઝીમાને ઘોડા પર નાખી તે નાસી છૂટ્યો ... પણ લોકો 'પકડો ... પકડો' ના પોકારો પાડતા પાછળ પડ્યા છે. હવે શું કરવું ?

'શેનું શું કરવું છે અમીર ?' કોઈએ તેને ઢંઢોળ્યો અને આંખો ઊઘડી ગઈ સફાળો બેઠો થઈ ગયો. સામે બદ્રી મલકાતો દેખાયો !

અમીરની જુસ્સાભેર બીડાયેલી મુઠ્ઠી ઉઘાડતાં વાર લાગી. ગભરાટથી હજુય છાતી થડકતી હતી.

બદ્રી તેની સામે ધારી ધારીને જોતો હતો: 'પેલી આંબલીવાળી ડાકણ તો વળગી નથી ને ?'

'ડાકણ ?' અમીરને રાતને ઘટના યાદ આવી: 'વાહ રે બદ્રી ભૂતથી ભડકીને તો તું ભાગ્યો હતો અને અત્યારે મારી મજાક ઉડાવે છે !'

'યાર, રાતે તો મારા મોતિયા મરી ગયેલા. સિપાહીના પંજાએ મને ભરમાવી દીધો.' બદ્રીએ નિખાલસપણે એકરાર કર્યો: 'પણ અમીર તું સવારની નીંદરમાં શેનો લવારો કરતો'તો ?'

'એ પણ એક વળગાડની જ વાત છે. તને પછી કહું છું. પહેલાં એ વાત કર કે સરફરોઝ તેની ટોળી સાથે શહેર બહાર નીકળી ગયો કે નહીં ?'

'હા એમને રવાના કરીને જ આવ્યો છું સરફરોઝ તો તારી બહાદુરી પર એવો ફિદા થઈ ગયો છે કે વારંવાર બબડતો હતો: 'હવે પછી દરેક સફર હું અમીરની સાથે જ ખેડવાનો.'

'પણ જો એ આવાં જોખમો ઊભાં કરવાનો હોય તો બીજીવાર બાપુ તેને સાથે જ નહિ લે.'

એ જ વખતે ઈસ્માઈલ નમાજ પઢીને કમરામાં દાખલ થયો: 'બદ્રી, તેં ઉપડવા માટેની શુકન વિધિ બરાબર કરી લીધી ?'

'હા, શુકન બહુ સારાં થયાં છે.' શુકનની વાત આવી એટલે નમાજ પઢવાને બહાને અમીર ત્યાંથી ઊઠી ગયો, એ પાછો આવ્યો ત્યાં સુધીમાં ઈસ્માઈલ અને બદ્રી વચ્ચે બધું ગોઠવાઈ ગયું હતું અને બદ્રી અમીરને પોતાની સાથે રાખવા માટે ઈસ્માઈલની રજા માગતો હતો.

'નહીં બદ્રી ! અમીરે તેને ભડકાવ્યો: 'હું તમારા બધાથી અલગ નીકળવાનો છું. બાપુ સાથે મારે વાત થઈ ગઈ છે. એક પીરખાં અને બીજા બે માણસોને મારે સાથે રાખવા પડશે.'

'એટલે હજી કોઈ સાહસ બાકી રહ્યું છે ?'

'હાં !' એટલું કહીને અમીર અટકી ગયો. ઈસ્માઈલને બે જુવાનિયાઓની વાતમાં વચ્ચે આવવાનું અજુગતું લાગ્યું એટલે એ હઠી ગયો. ત્યાં સુધી બદ્રી અચરજથી અમીર સામે તાકી રહ્યો હતો.

'પેલી વળગણને ઉઠાવી લાવવાની છે !

'હેં !' બદ્રી ખરેખર ભડકી ગયો: 'કોને જોહરાને ?' પોતાના દિલમાંથી જોહરા નીકળી ગઈ છતાં બદ્રીએ તેને યાદ કરાવી એ અમીરને ખટક્યું. બદ્રીએ અગાઉ ઓરતને પાણી પીવાના કૂવા સાથે સરખાવી હતી ત્યારે પોતે તેની હાંસી ઉડાવેલી એ યાદ આવ્યું. ચાર જ દિવસમાં જોહરાનું સ્થાન બીજીએ લઈ લીધું છે તે કહેતાં સંકોચ જાગ્યો.

'અત્યારે એ કહેવાનો વખત નથી.' તેણે વાત ઉડાવી દીધી: 'હજુ સુધી તૈયારી કરવાની છે. ઝનાના સવારી માટે એક ગાડી ગોતી કાઢવાની છે. એ પહેલાં આપણે ગામમાં જઈને કાલ રાતવાળા કિસ્સાની હિલચાલ પણ જાણી લેવી જોઈએ. આપણા સાથીઓ નાસી છુટ્યા તેના શું પડઘા પડ્યા એ જરા જોઈ લઈએ.

અને હાથ પકડીને તે બદ્રીને બહાર ખેંચી ગયો. અમીરનું વર્તન તેનું કૌતુક વધારતું જતું હતું. ચાર મિનાર વટાવ્યા પછી જોહરાના ઘરનું પછવાડું આવતાં અમીરથી અનાયાસ ઊંચે જોવાઈ ગયું જો ત્યાં જોહરા ઊભી હોય તો એક તિરસ્કારભરી નજર ફેંકવાનો ઈરાદો હતો ... પણ બારી બંધ દેખાઈ ત્યારે ન સમજાય એવો નિસાસો નીકળી ગયો.

પછી કોણ જાણે શું કામ, તેની સામે પડતાં મકાનની બારીમાં તેનાથી જોવાઈ ગયું. ઉઘાડી ખિડકીમાં પઠાણની પેલી 'છોકરી' ડોકાતી હતી. અમીર સાથે નજર

મળી ત્યારે મીઠું હસી. કુદરતી રીતે જ અમીરથી પણ હસી જવાયું.

'તું આ વળગણની વાત કરતો હતો ?' બદ્રીએ તેના બાવડે ચીંટિયો ભર્યો: 'છે તો તારા જેવી ખૂબસુરત !'

અમીરને ત્યાંથી ધ્યાન ખસેડી લેવું પડ્યું. બદ્રીની નજરમાં પોતે ઇશ્કીટટ્ટુ પુરવાર થઈ જશે એવી દેહશતથી તેણે ઝડપ વધારી: 'યાર તું ભળતીસળતી વાત નહીં કર !' આટલું કહીને અવાજમાં હમદર્દી સાથે તેણે ઉમેર્યું: 'એ બિચારીની દાસ્તાન તો દર્દભરી છે.'

'યાર કહેવું પડે.' બદ્રી મજાકના ઢંગમાં બોલી ગયો: 'તું જ્યાં જ્યાંથી પસાર થાય છે ત્યાં કોઈને કોઈ દાસ્તાન તારી રાહ જોતી હોય છે. વધુ વખત જો આ શહેરમાં રહે તો બધી જ જુવાન છોકરીઓને પાગલ બનાવી દે.'

આમ કહેતી વખતે બદ્રીને ક્યાં ખબર હતી કે આ મજાકમાં અમીરની સગી બહેનને જ તેણે સંડોવી દીધી હતી !

*

ફજલ નામના ગાડીવાન સાથે પટ્ટનચેરૂ સુધીની જનાના સવારીનું ભાડું ઠરાવી અમીર હુસેનશાહ વલ્લીની દરગાહ તરફ રવાના થયો. પીરખાં અને બીજા બે સાથીઓ સિવાયની આની ટોળી તેનાથી આગળ ઊપડી ચૂકી હતી. બદ્રીએ છૂટા પડતી વખતે કહેલું: 'જોજે હાથમાં આવેલું પંખી ફરી ઊડી ન જાય ...'

'એનો જવાબ પટ્ટનચેરૂમાં તને આપીશ.' અમીરે આત્મવિશ્વાસભેર કહ્યું હતું: 'તારી ભાભી અને મારી બીબીનું મોં તને ત્યાં દેખાડું છું કે નહીં એ જોજે.'

પણ દરગાહ તરફ જઈ રહ્યો હતો ત્યારે ખરેખર તેના મનમાં ઉચાટ ઉછળતો હતો. આ વખતે પણ હું ખાલી હાથે પાછો ફરું તો ? એક જ વારની મુલાકાતમાં વાયદાની આપ-લે તો થઈ ગઈ, પણ અઝીમાએ પાછળથી વિચાર બદલી નાખ્યો હોય તો ? કદાચ એ ન આવી શકી તો !

દરેક 'તો' તેને કનડતો હતો. હવે આ માત્ર પ્યારનો જ સવાલ નહોતો રહ્યો પોતાની ઇજ્જતનો પણ તેના પર મદાર હતો. બધી કોશિશો બાદ અઝીમાય છટકી જાય તો છેવટે ...

છેવટે શું ?

ત્યાં આંચકા સાથે અટકી જવું પડ્યું અમીરને ... સવારે ખિડકીમાં જોયેલી પેલી પઠાણી છોકરીની મીઠી મુશ્કાન યાદ આવી ગઈ. 'યાર તારા જેવી ખૂબસુરત છે !' બદ્રીના એ શબ્દો કાનમાં ગુંજવા લાગ્યાં ... અમારી સામે શું કામ હસી હશે ?

વિચારો ફંટાવા લાગ્યા અઝીમા ન મળે તો દિલને તસલ્લી આપવા માટે પહેલેથી જ કોઈ ઉપાય વિચારી લેવાની વેતરણમાં એ પડી ગયો. ધારી ધારીને તે પેલી પઠાણી છોકરીને યાદ કરતો હતો. એના સ્મિતનો પોતે ખોટો અંદાજ તો નથી બાંધ્યો ને ? ખાનદાન ઘરની છોકરી એમ રસ્તે ચાલ્યા જતાં જુવાન સામે ફૂલ જેવું સ્મિત ફેંકે નહીં. મારા બાપના હાથે જેનાં મા-બાપ ખતમ થયાં એને જ હું ઉઠાવી લાવું તો ?

'નહીં અમીર, મન પર લગામ રાખ !' અંદરથી પડઘો સંભળાયો: 'વિશ્વાસ રાખ કે અઝીમા આવશે.'

જાણે બેલગામ મનને સજા કરતો હોય તેમ ઝનૂનમાં તેણે ઘોડાને ચાબુક ફટકારી પુરપાટ દોડાવી મૂક્યો. હુશેનશાહ વલીની દરગાહનો સફેદ ગુંબજ અને સોનેરી નકશીવાળા મિનાર દેખાયા ત્યાં લગી તેણે અઝીમા સિવાય બીજા કોઈના ખ્યાલને મનમાં દાખલ જ થવા ન દીધા.

ઘોડાને એક ઝાડ સાથે બાંધી અમીર દરગાહમાં દાખલ થયો. અઝીમા વહેલી આવીને કદાચ પીરસા'બની કબ્ર પાસે તેની રાહ જોતી હશે એમ માની ત્યાં પહોંચી ગયો. પણ ત્યાં બે બુઢ્ઢી ઓરતો દુઆ માગતી દેખાઈ. દરગાહના મુલ્લાને જોઈને તેને સવારે જોયેલું સપનું યાદ આવ્યું. ના, આવો બુઢ્ઢો મુલ્લા અઝીમાનો ખાવિંદ ન હોય ... પેલા મુલ્લાને વહેમ ન પડે એટલે તેણે બહાનું બતાવ્યું: 'મારી બીબી બીમારીમાંથી સાજી થઈ એટલે મન્નત પૂરી કરવા આવ્યા છીએ. જનાના સવારી પાછળ આવે છે.'

'બહુ ખુશીની વાત છે. મુલ્લાએ આદત મુજબ કહ્યું 'પીરસા'બની દુઆથી કોઈની મન્નત ખાલી નથી જતી.'

અમીર હસીને ત્યાંથી છટકી ગયો. કદાચ મુલ્લા આગળ પાછળના ચમત્કારોની કહાની સંભળાવવા બેસી જશે એવી તેને બીક લાગી.

પાછળ રહી ગયેલો પીરખાં અને બે સાથીઓ આવી પહોંચ્યા હતા. જનાના

સવારીનો ફજલ પણ ગાડું છોડતો હતો છતાં અઝીમાનું કોઈ નિશાન ફરકતું નહોતું ! માશુકા વહેલી આવશે એમ માનીને આશક અધીરો થાય છે. પછી સમયસર આવશે એવી ધરપત આપીને મનને મનાવે છે . . . પણ સમય વીતી જાય છે ત્યારે બધાં જ બહાનાં દિલાસા માટે ઓછાં પડતા હોય છે.

ઊંચા નીચા થતાં અમીરની નજરે દૂરથી આવતી એક પરદાવાળી બગી દેખાઈ. કદાચ એ બગીમાં આવતી હશે . . . પણ બગીમાંથી એક પઠાણને ઉતરતાં જોયો ત્યારે દિલને ધક્કો લાગ્યો.' તેની પાછળ બુરખામાં એક જુવાન અને એક બુઠ્ઠી લાગતી ઓરત પણ નીચે ઉતરતાં દેખાણી.

અમીર ત્યાંથી નજર હઠાવી લેવા જતો હતો ત્યાં તેને કાંઈક વહેમ ગયો. જુવાન બુરખાવાળી તેને જોઈને જાણે આંચકો લાગ્યો હોય તેમ આગળ વધતી અટકી ગઈ હતી. કુતૂહલથી તે એની હિલચાલ જોવા રોકાયો ત્યારે પઠાણે તેની સામે કરડાકીથી આંખો કાઢી.

એક વિચાર તેના દિમાગમાં ઝબકી ગયો: આ પેલો પઠાણ તો નહીં હોય ! સાથે ` ની બીબી અને ભત્રીજી હશે ? જનાના તરફ ધારી ધારીને જોવા માટે પઠાણ ઝઘડો કરી બેસશે એવી બહીક લાગી એટલે વાત વાળી લેવા માટે નજીક આવ્યો ત્યારે આતુરતાથી પૂછી બેઠો: 'તમારી પાછળ કોઈ જનાના સવારી આવતી દીઠી તમે ?'

પઠાણ કુણો પડ્યો હોય તેમ જરા મલક્યો: 'હા બે સવારી અમે રસ્તામાં જોયેલી. અમારી બગી એમનાથી આગળ નીકળી ગઈ.'

'તો તો સારું.' અમીરે ધરપત અનુભવી: 'હું મારી બીબીની રાહ જોઉં છું.'

પઠાણ તો હસીને ચાલતો તેની પડખે ચાલતી પેલી જુવાન બુરખાવાળી એ વાક્ય પર ચોંકી હોય તેમ સહેજ વાર ઊભી રહી ગઈ. ગરદન મરડીને તેણે બુરખાની જાળીમાંથી અમીર સામે જોયું ન જોયું અને મરદની બહીકે ફરી ચાલવા માંડી.

પણ હવે તેના પર ધ્યાન આપવાની શી જરૂર ? અઝીમાની સવારી આવી જ રહી છે.

ફરી બે જનાના સવારી આવી એટલે અમીર બીજું બધું જ ભૂલીને એ તરફ જવા લાગ્યો. પણ બંને સવારી 'પરાયી' છે એનો ખ્યાલ આવતાં પગ પાછાં

પડી ગયા. પહેલી સવારીમાં ત્રણ ગાવાવાળીઓ હતી, જેમાંથી એકનો અવાજ બંધ થઈ ગયો હોવાથી પીરની માનતા માનેલી તે હવે સારી થઈને પૂરી કરવા આવેલી. બીજી સવારીમાં એમની સાથેની ત્રણ બુઢ્ઢીઓ હતી જેમના ચહેરા પર બુરખો નહોતો.

'રસ્તામાં તમે કોઈ જનાના સવારી જોઈ?' અમીર ધબકતા દિલે પૂછી બેઠો.

'હા, એક સવારી રસ્તામાં અટકી પડી'તી' જવાબ મળ્યો: 'ગાડીનું એક પૈડું નીકળી ગયેલું.'

'આટલું સાંભળતાં અમીરના ચહેરા પર ચિંતા ઘેરાવા લાગી એટલે બુઢ્ઢીએ ઉમેર્યું: 'ફિકર ન કરશો, કોઈને ઈજા થઈ નથી. હમણાં જ આવી પહોંચશે.' આટલું કહેતાં જ અમીરનો ચહેરો મલકી ઊઠ્યો એટલે બુઢ્ઢી વગર પૂછ્યે કહી દીધું: 'તમારી બીબી ખરેખર બેહદ ખૂબસુરત છે. ખુદા તમારી જોડી સલામત રાખે.'

અઝીમાની તારીફ થતી સાંભળીને અમીરને પોતાની પસંદગી પર મગરૂરી ઊપજી. નજર ખેંચીને તે રસ્તા પર દૂર દૂર જોવા લાગ્યો અને આખરે અઝીમાની જનાના સવારી આવી પહોંચી.

અમીરે સામી દોટ મૂકી. ગાડી ઊભી રહે તે પહેલાં તેણે પરદો હઠાવી લીધો, અઝીમાની દાઈ ભડકી: 'અરે અરે, જનાબ આમ જાહેરમાં અધીરાઈ ન દેખાડો.'

'બે કલાકથી ઈન્તેજાર કરું છું.' કહીને તેણે અઝીમાનું કાંડું પકડી લીધું. અને ગાલ ચૂમી લેવા માટે જરા ઝૂકવા ગયો ત્યાં અઝીમા આઘી ખસી ગઈ: 'જરા સબૂરી રાખો. હવે હું ક્યાં ચાલી જવાની છું . . . હજુ આપણે સંભાળીને વરતવાનું છે.'

મિયાં-બીબીની માફક બંનેએ પીરની કબર પર હાર ચડાવ્યાં, પૈસા મૂક્યાં, બંદગી કરી અને દુઆ માંગી . . . આ બધી ક્રિયા પઠાણ સાથેની પેલી ઓરત બુરખાની જાળીમાંથી ઉદાસ નજરે નિહાળતી હતી. ક્યારેક નિસાસો નાખતી, ક્યારેક નીચેનો હોઠ કરડી લેતી.

છૂટા હાથે ખેરાત કરીને અમીર અઝીમા સાથે દરગાહની બહાર નીકળ્યો ત્યારે પેલી ઓરત પણ થોડું અંતર રાખી પાછળ પાછળ ચાલતી હતી.

અઝીમા ગાડીમાં બેઠી, તેની દાઈ અને દાસી પણ અંદર ગઈ. ગાડીનો પરદો

બંધ કરી અમીર પણ ઘોડા પર સવાર થયો.

અમીરની આગળ વધતી સવારીનો પેલી ઓરત ત્યાં ઊભાં ઊભાં જ વ્યથાભરી નજરે પીછો કરતી રહી. મુખ પરનો પરદો ક્યારે હટી ગયો તેનોય તેને ખ્યાલ ન રહ્યો. તેની એક જ ઇચ્છા હતી. એકવાર અમીર પાછળ ફરીને જુએ-બસ એક જ વાર . . .

પણ અમીરની નજર જીવનની નવી મંઝિલ તરફ આગળ વધતી હતી ત્યારે પાછળ જોવાની તેને શું જરૂર ?

અમીર દેખાતો બંધ થયો અને પેલીની આંખે અંધારાં આવવા લાગ્યાં. પગ કંપી ઊઠ્યા. અને એ નીચે ફસડાઈ પડી.

પઠાણ દોડી આવ્યો, સાથેની બુઢ્ઢી ઓરત પણ ચીસ પાડતી આવી પહોંચી.

થોડી વારે એ હોશમાં આવી ત્યારે પેલી બુઢ્ઢીના શબ્દો તેના કાને અફળાયા, ‘જોહરા તું તો મા થવાની છે ! પીરની દુઆ અહીં પગ મૂકતાં જ ફળી . . .’

અને જોહરાની નજર સામે અમીરની આકૃતિનું એક નાનકડું સ્વરૂપ તરવરવા લાગ્યું. તેના પેટમાં અમીરના સહવાસનું બીજ રોપાઈ ચૂક્યું હતું.